શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# હરિલીલામૃત

# ૧

www.neelkanthvarni.com

# -: અનુક્રમણિકા :-

## ॥ શ્રી હરિલીલામૃતમ્ ॥

## ભાગ-૧



**કળશ : ૧**

***ગ્રંથોત્પત્તિ, ગોંડલના રાજાઓનું આખ્યાન, વૃત્તપુરી વર્ણન.***


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | ગ્રંથકર્તાએ ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગલમૂર્તિ ઈષ્ટદેવ શ્રીહરિના ગુણ મહિમાનું સ્મરણ કરીને તથા આ ન્યાયને ગુરુપરંપરા અને સંતોનું ગુણાનું સ્મરણ કરીને કરેલું નમસ્કારરૂપ મંગલાચરણ તથા ગ્રંથગ્રથનમાં ઉપયોગી બુદ્ધિયોગની પ્રાર્થના. | ૧ |
| ૨ | શ્રોતા વાઘજીભાઇ અને વક્તા ભૂમાનંમુનિનો મેળાપ. હરિજનોએ ગ્રંથ કરવાની કરેલી આચાર્યશ્રીને પ્રાર્થના તથા પ્રસંગાત્ આચાર્યશ્રીએ કહેલી સંપ્રદાયના ગ્રંથોની યાદી વગેરે. | ૯ |
| ૩ | ગ્રંથ કરવા મોટા મુનિઓ તથા કોઠારીઓ વગેરેની | ૧૭ |
| ૪ | આચાર્યશ્રીએ લીધેલી સંમતિ તથા સહાય. | ૨૪ |
| ૫ | શ્રોતા-વક્તાનો ભાવિ સમાગમ, ગ્રંથનિર્માણ સ્થાનના પ્રસંગની વરતાલના વિસ્તૃત અદ્ભૂત મહિમાનું વર્ણન. | ૨૮ |
| ૬ | શ્રોતા અભેસિંહના ગ્રામવંશાદિના વર્ણન પ્રસંગથી યાદવવંશી ગોંડળના ભક્ત રાજાઓના વંશનું વર્ણન. દેવાજી રાજાએ ગોંડળમાં શ્રીજીની કરેલી પધરામણી તથા પ્રસાદી સ્થાનનું વર્ણન. | ૩૫ |
| ૭ | ગોંડળમાં એક કુકર્મી વેરાગીનો શ્રીજીએ કરેલો પરાભવ, હરિજનોએ કરેલી શ્રીજીની પધરામણી, જેઠા મહારાજને શ્રીજીએ આપેલું બુદ્ધિયોગનું વરદાન તથા રાજાને કન્યા રક્ષણનો કરેલો ઉપદેશ વગેરે. | ૪૪ |
| ૮ | નથુજીથી આરંભીને ભાણાભાઇ પર્યંત ગોંડળના ભક્ત રાજાઓનું આખ્યાન. | ૫૦ |
| ૯ | સંગ્રામજી સાથે મોંઘીબાઇનો વિવાહ, પુત્ર પૃથુભાના મરણથી શોકાતુર થયેલા સંગ્રામજીને ગુણાતીતાનંદ | ૫૬ |

મુનિએ સાંત્વન આપ્યું.

૧૦ ગુણાતીતાનંદમુનિના આશીર્વાદથી મોંઘીબાઈને ભગવત્સિંહ પુત્રની પ્રાપ્તિ, મોંઘીબાઈની પ્રેરણાથી સંગ્રામજીએ મુનિ દ્વારા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજીની શિખરબદ્ધ મંદિર કરવાની સંમતિ મેળવી કરેલું ખાતમુહૂર્ત તથા મુનિનો અક્ષરવાસ. ૬૩

૧૧ સંગ્રામજી પત્નિ તથા પુત્ર સાથે વરતાલમાં દર્શને આવ્યા, સંગ્રામજીનો અક્ષરવાસ. મોંઘીબાઈએ મંદિર પૂર્ણ કરાવ્યું, પ્રતિષ્ઠા માટે શ્રી ભગવત્પ્રસાદજી ગોંડળમાં સપરિવાર પધાર્યા વગેરે. ૬૯

૧૨ સપરિવાર આચાર્યશ્રીનું કરેલું રાજસન્માન તથા મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ. ૭૫

૧૩ ગણોદના રાજા અભેસિંહ તથા અચિંત્યાનંદ વર્ણીનો વરતાલમાં થયેલો મેળાપ. વરતાલના મહિમાનું વર્ણન. ૮૩

૧૪ વરતાલ મંદિરની અંદરના પ્રસાદીના સ્થાનોનું ચરિત્ર સાથે વર્ણન. ૮૯

૧૫ મંદિરની આસપાસના હરિમંડપ, નારાયણ મહોલ, ૯૬
૧૬ જ્ઞાનકુપ, ધર્મશાળા વગેરે પ્રસાદી સ્થાનોનું વર્ણન. ૧૦૨






૧૭ મંદિર થકી બહાર ગામનાં પ્રસાદીનાં ઘરો વગેરેનું વર્ણન. ૧૦૮

૧૮ ગામ બહારનાં તથા સીમનાં પ્રસાદીનાં જ્ઞાનબાગ, ૧૧૫
૧૯ વિશાળા બાગ, તળાવ, કૂવા, ખેતર વગેરે સ્થાનોનું વર્ણન. ૧૨૧

૨૦ શ્રીહરિએ સ્વહસ્તે જે જે સ્થળે મૂર્તિઓ સ્થાપી તેમજ ઉનાના ગણેશ શેઠ આદિ ભક્તોને લાલજીની મૂર્તિ પૂજવા આપી તેનું વર્ણન. ૧૨૬




## કળશ : ૨

## *બાળલીલા વર્ણન*

| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | ધર્મ ભક્તિનો પ્રાદુર્ભાવ, તેમનો વિવાહ, રામપ્રતાપજીનો જન્મ તથા શ્રીહરિનો ભક્તિમાતાના ગર્ભમાં આવિર્ભાવ. | ૧૩૩ |
| ૨ | આવિર્ભાવ સમયે ધર્મઘેર આવેલા બ્રહ્માદિ દેવતાઓને | ૧૪૦ |

| | | |
|---|---|---|
| | શ્રીહરિએ તેજોદર્શન સાથે કરાવેલું દિવ્ય સ્વરૂપનું દર્શન તથા તેમણે કરેલી સ્તુતિ. | |
| ૩ | ભક્તિ-ધર્મે કરેલી શ્રીહરિની સ્તુતિ, તેમને આપેલું દિવ્ય રૂપે દર્શન, શ્રીહરિનો પુત્રરૂપે પ્રાદુર્ભાવ તથા ધર્મઘેર આવેલી નારીઓએ ગાયેલો માંગલિક ધોળ. | ૧૪૬ |
| ૪ | કાળીદત્તે પ્રેરેલી કોટરા કૃત્યાએ કરેલું બાળરૂપ હરિનું હરણ, ઉદાસી ભક્તિ માતાએ કરેલો કરુણ વિલાપ, ધર્મદેવે ભક્તિને કરેલો ધૈર્યોપદેશ. | ૧૫૮ |
| ૫ | ભક્તિએ કરેલી સ્તુતિથી આવેલા હનુમાનજીનો કૃત્યાનો કરેલો પરાજય. | ૧૬૯ |
| ૬ | સુવાસિનીને શ્રીહરિએ બે બાળરૂપે આપેલું દર્શન તથા નારાયણ સરોવરે આવેલા બ્રહ્માદિક દેવોએ કરેલી સ્તુતિ. | ૧૭૬ |
| ૭ | સુવાસિનીને પારણામાં અનંતરૂપે આપેલું દર્શન, પારણાનો ધોળ, શ્રીહરિના બોલાવવાથી આવેલા ચન્દ્રે કરેલી સ્તુતિ. | ૧૮૨ |
| ૮ | કાળીદત્તે કરેલો ઉપદ્રવ, લીલા દર્શનાર્થે આવેલા દેવોની સ્તુતિ તથા શ્રીહરિએ કરેલો કાળીદત્તનો નાશ વગેરે. | ૧૮૯ |







| | | |
|---|---|---|
| ૯ | અસુરોના ઉપદ્રવથી ભયભીત થયેલા ધર્મદેવ સહકુટુંબ અયોધ્યા આવ્યા. | ૧૯૬ |
| ૧૦ | ભક્તિમાતાની પ્રાર્થનાથી તેમને શ્રીહરિએ બતાવેલાં સ્વર્ગાદિ ધામો. | ૨૦૪ |
| ૧૧ | ભક્તિમાતાને અક્ષરધામનું તેના વર્ણન સાથે કરાવેલું દર્શન. | ૨૧૦ |
| ૧૨ | અયોધ્યાવાસીનો શ્રીજી વિષે પ્રેમ તથા રામપ્રતાપજીને મંદિરોમાં અનેક દિવ્યરૂપે આપેલાં દર્શન. | ૨૨૧ |
| ૧૩ | ભાભી સુવાસિનીની અંગૂઠી ચોરવારૂપ દિવ્ય બાળચરિત્ર. | ૨૨૮ |
| ૧૪ | સુવાસિની સાથે તરગામ ગયેલા શ્રીહરિના બાળલીલાનાં ચરિત્રોનું વર્ણન. | ૨૩૪ |
| ૧૫ | તરગામમાં ખાંપા તલાવડીમાં કરેલી શ્રીહરિની જળલીલા તથા ફરતાં ગામોમાં વિચરણ. | ૨૩૯ |
| ૧૬ | આંબલિયા ગામમાં ઈચ્છારામજીના વિવાહનું વાગ્દાન તથા વિવાહનો ધોળ વગેરે. | ૨૪૫ |

૧૭ શ્રીહરિમાં રહેલી ચોસઠ કળાનું વર્ણન. ૨૫૬

૧૮ શ્રીહરિનો ઉપવીત સંસ્કાર, પિતા થકી કરેલો વિદ્યાભ્યાસ. શ્રીજીએ માતાપિતાને આપેલી દિવ્ય ગતિ, વૈરાગ્ય વેગથી ઘરનો ત્યાગ કરી વન વિચરણ આદર્યુ, તથા વનમાં આવેલા દેવો અને તીર્થોએ કરેલી સ્તુતિ. ૨૬૩




## કળશ : ૩

## *માંગરોળપર્યંત વનવિચરણ.*


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | શ્રીહરિના વિરહથી ઇચ્છારામ, રામપ્રતાપ તથા સુવાસિનીએ કરેલો વિલાપ. શ્રીજીની પ્રેરણાથી છપૈયામાં આવેલા હનુમાનજીએ કરેલી તેમની સાંત્વના. | ૨૭૦ |
| ૨ | શ્રીહરિના વનવાસથી દેવાદિ ચરાચર પ્રાણીઓને થયેલા હર્ષનું વર્ણન તથા વર્ષાઋતુનું વર્ણન. | ૨૮૨ |
| ૩ | હિમાલય તરફ જતાં, વનમાં વિચરતાં નૈમિષારણ્યમાં દર્શનાતુર મુનિઓને આપેલું દર્શનદાન. શ્રીપુર ગામમાં બાવાના મઠ આગળ આવેલા વાઘને કરાવેલી સમાધિ. આ જોઇને વિસ્મિત થયેલા બાવાને શ્રીજીએ આપેલો વૈરાગ્યોપદેશ. હરદ્વાર થઇ બદરી-કેદાર આવવું. | ૨૮૭ |
| ૪ | બદરીનારાયણે શ્રીજીનું કરેલું પૂજન, સન્માન તથા ત્યાં વિપ્રાદિકને વેશે આવેલા ઉદાસી ચાર યુગને આપેલું ધર્મસ્થાપનરૂપ વરદાન. | ૨૯૪ |
| ૫ | હિમગિરી પાર મહાહ્રદને કાંઠે સિદ્ધ યોગીઓને તથા તેમના શિષ્ય રાજાને કરેલો જ્ઞાનોપદેશ. પુલહાશ્રમમાં ઉગ્ર તપ. નેપાળ દેશમાં એક ગામના રાજાએ માગેલી સુવર્ણ સિદ્ધિનો નિષેધ. તે રાજાએ માનેલા ભોંયરામાં રહેતા અને બાર માસે બહાર નીકળતા ખાધા પીધા વિના કેવળ માનથી જ જીવન ગાળનારા ખોટા ગુરુનું પોકળ છતું કર્યું. ત્યાંથી બુટોલ પત્તનમાં આવી શ્રીહરિએ તેના રાજા મહાદત્ત તથા તેની ભગિની મૈયાનો કરેલો મોક્ષ. | ૩૦૦ |
| ૬ | મહાવનમાં ગોપાળ યોગીને કૃતાર્થ કર્યા. આદિવારાહ થઇ,એક ખાખીની જમાત ભેળા ચાલતાં આવેલા ગામના રાજાના પેટનું દરદ મટાડી તેને સુબોધ આપ્યો. તે રાજાએ કેદમાં પૂરેલા ભેખધારીઓની કરાવેલી મુક્તિ. તથા બંગ દેશમાં સીરપુર પધારવું. | ૩૦૬ |

૭ સીરપુરમાં સિદ્ધવલ્લભરાજા, ગોપાળદાસ સેવક અને એક તૈલંગી વિપ્રનું કાર્ય કરી, સિદ્ધોને સાથે લઈ કામાક્ષી પાસે આવેલા એક ગામના વામી અભિમાની પિબેકનો પરાભવ કર્યો. નવલખા પર્વતમાં રહેલા નવલાખ યોગીઓને કૃતાર્થ કર્યા. બાળવા કુંડ ગંગાસાગર સંગમ થઈ કપિલાશ્રમમાં પધાર્યા. અહીં કપિલમુનિએ પૃથ્વીનો પોકાર સાંભળી શ્રીહરિની કરેલી સ્તુતિ. ૩૧૨

૮ આગળ ચાલતાં આવેલા એક ગામમાં મળેલા જયરામદાસ (જિજ્ઞાસાનંદ)ને દિવ્ય ચરિત્ર બતાવ્યું. જયરામદાસની સાથે પુરુષોત્તમપુરીમાં શ્રીજીનું પધારવું. ૩૨૦

૯ પુરુષોત્તમ પુરીમાં અસુરોનો પરસ્પર સંહાર. પુરીમાં ભાવિ થનાર ગ્રંથ વિષે કહીને, આગળ ચાલ્યાં. એક રાજમાં રાજાને કહેલાં દૈવી આસુરી જીવનાં લક્ષણ. ત્યાં જ આવેલા અડબંગ વૈરાગીના બધા જ શાલિગ્રામનું ગંડકી નદીમાં જવારૂપ શ્રીહરિનું અદ્‌ભૂત ચરિત્ર. તે રાજાએ કરેલો બે હજાર અસુરનો સંહાર વગેરે... ૩૨૬

૧૦ જયરામદાસમાંથી જિજ્ઞાસાનંદ મુનિ થયાનું આખ્યાન. ૩૩૨

૧૧ આદિકૂર્મ થઈ માનસપુરમાં સત્રધર્મા રાજાનો મોક્ષ કર્યો. તે દ્વારા અસુર સંહાર કરી તૈલંગ દેશમાં વેંકટાદ્રિ પધાર્યા. વનમાં મળેલા રાક્ષસનો રાક્ષસ દેહ છોડાવી જેતપુરમાં રતાબસીયા નામે જન્મ આપી, ભક્ત કરી કરેલો મોક્ષ વગેરે. ૩૩૬

૧૨ કૃતઘ્ની સેવકરામનું આખ્યાન. કાંચીપુરી, શ્રીરંગ, સેતુબંધ, રામેશ્વર, સુંદરરાજ થઈ વચમાં આવેલા વનમાં થયેલો શિવપાર્વતીનો મેળાપ. મળેલા એક ખલ ગુરુના ગુણનું વર્ણન વગેરે. ૩૪૨

૧૩ દૂધાધારીના આખ્યાન પ્રસંગે શ્રીહરિએ કહેલા સંત-અસંતના ગુણનું વર્ણન વગેરે. ૩૪૮

૧૪ ભૂતપુરી, કુમારિકા, ક્ષેત્ર, પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ, મલયાચળ, સાક્ષીગોપાળ, કિષ્કિન્ધા, પંપાસરોવર, પંઢરપુર, જનાબાદ, બુરાનપુર, માલેગામ, દંડકારણ્ય, નાસિક, ત્ર્યંબક થઈ તાપી, નર્મદા ઉતરી શ્રીહરિનું મહી નદી પ્રત્યે આવવું. ૩૫૪

૧૫ મહી કાંઠે શ્રીજીને મળેલા નાવલીના પટેલ લાલદાસના પુત્ર કશીયાભાઈનું આખ્યાન. તથા તેમને કુસંગ દોષથી અભિમત થયેલા અદ્વૈત મતનું ભગવદાનંદ મુનિએ કરેલું ખંડન વગેરે. ૩૫૯

| | | |
|---|---|---|
| ૧૬ | નાવલીમાં શ્રીરઘુવીરજી મહારાજની સંતો સાથે થયેલી પધરામણીનું વર્ણન. તથા તેમણે ત્યાગીઓ પાસે રેશમી પાટીઓનો ત્યાગ કરાવ્યાનું વર્ણન વગેરે. | ૩૬૪ |
| ૧૭ | બામણગામ, ડાકોર, ઉમરેઠ, વડતાલ થઇ બોચાસણ, ખંભાત થઇ શ્રીહરિની બુધેજમાં પધરામણી. | ૩૬૮ |
| ૧૮ | ગોરાડમાં બીજલ કોળીને અદ્‌ભુત દિવ્ય ચરિત્ર બતાવ્યું. વડગામ થઇ માર્ગમાં ચાલતાં મળેલા માછીમાર લાખા કોળીને અદ્‌ભૂત ચરિત્ર બતાવી ધોલેરા પધારવું. | ૩૭૫ |
| ૧૯ | વાગડ, ભીમનાથ, બરવાળા, શિહોર, ભાવનગર થઇ કુકડમાં ભગવત્‌સિંહ રાજાને આપેલાં દર્શન. | ૩૮૨ |
| ૨૦ | મુક્ત ભગવત્‌સિંહનું શ્રીહરિ પ્રદર્શિત પ્રતાપગર્ભિત કહેલું આખ્યાન. | ૩૮૭ |
| ૨૧ | દિયોર પધારેલા શ્રીહરિના ઉપદેશથી આશ્રિત થયેલા ભાવસાર મૂળજી ભક્તનું કહેલું આખ્યાન. | ૩૯૩ |
| ૨૨ | નાના ગોપનાથ, પિપરલા, તળાજા, ગોપનાથ થઇ મહુવા પધારવું તથા ત્યાંના શેઠ પીતાંબરનું આખ્યાન. | ૩૯૮ |







| | | |
|---|---|---|
| ૨૩ | પિપાવાવ્ય થઇ ધાતરડી નદીને કાંઠે તમરાના વૃક્ષ તળે આત્માનંદ મુનિના કરેલા ઉત્તર સંસ્કારના સ્થાને પધાર્યા. શીમર ગામ પધારી ત્યાંના લોભમૂર્તિ વાણિયાને શ્રીજીએ આપેલો ઉપદેશ. | ૪૦૪ |
| ૨૪ | તુલસીશામ, ગુપ્તપ્રયાગ, ઊના થઇ લોઢવામાં લખુ ચારણને ત્યાં પધાર્યા. આત્માનંદમુનિ તથા રામાનંદ મુનિનું વૃતાંત. પ્રભાસ થઇ જુનાગઢ પધાર્યા. | ૪૧૧ |
| ૨૫ | ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી ત્યાંથી પીપલાણામાં નૃસિંહ મહેતાને ત્યાં પધારી દિવ્ય ચમત્કાર બનાવ્યો. | ૪૧૮ |
| ૨૬ | આખા થઇ મઢડા પધારી ત્યાંના નિષ્કામી જેઠા મેરનું | ૪૨૫ |
| ૨૭ | મોક્ષ કાર્ય કર્યું. માંગરોળના ગોરધનભાઇનું આખ્યાન. ગુરુદ્રવ્ય-અપહરણથી યમપુરીમાં થયેલી તેમની ફોઇ પૂતળીબાનું આખ્યાન. શ્રીહરિએ ગુરુદ્રવ્ય હરણમાં દોષ દર્શાવી તેમ ન કરવાનો આપેલો ઉપદેશ. શ્રીહરિનું લોજપુર તરફ પધારવું. | ૪૩૨ |

# નિવેદન

આ ભાતીગળ ભૂમિમાં ભાતભાતના પ્રદેશ અને સંસ્કૃતિઓ છે, પણ તેમાં સૌથી શિરમોર ભારતીય હિંદુ સંસ્કૃતિ છે. કારણ કે પરમેશ્વરના સાક્ષાત્ અવતારનું સદ્‌ભાગ્ય માત્ર ભારતની ધરતીના લલાટે જ લખાયું છે. માટે આ ભૂમિ અને સંસ્કૃતિ મહાન છે.

ભગવાન શા માટે અવતરે છે ? તેનો સ્પષ્ટ હેતુ જણાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણીના પાંચમા વચનામૃતમાં કહે છે કે, “પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પુરા કરવા એજ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે.”

ભગવાન શ્રી સ્વામિનારાયણના માત્ર ૪૯ વર્ષના જીવન તરફ નજર નાંખીએ તો તેમના દરેક ચરિત્રો પાછળ તેમની ભક્તવત્સલતા નીતરે છે. દરેક ચરિત્રોમાં ભક્તોને લાડ લડાવવા, આનંદ આપવો અને તેનું કલ્યાણરૂપી કાર્ય સિદ્ધ કરવું તે જ નજરે દેખાય છે. અને હા...ભગવાનના ચરિત્રો સુખ-શાંતિ અને આનંદનો છલકાતો મહાસાગર છે, અમૃતનો દરિયો છે. ભગવાનના પ્રત્યેક ચરિત્ર દિવ્ય છે. એમાં જ શાંતિ અને પરમપદ છે. જ્ઞાન, વૈરાગ્ય, જગતના નાશવંતપણાની વાતો, નિષ્ઠાની ખુમારી, ઉપાસનાની શુદ્ધિ, આજ્ઞા પાળવાનું બળ, ભક્તિ, મહિમા, શ્રદ્ધા આ બધુ ચરિત્રોમાં સમાયેલું છે. તેથી જ દેહભાવ ટળે, આપત્તિ સમયે દ્રઢ આશરો રાખવાનું બળ મળે, અને ભગવાન અને સંતોને રાજી કરવાની તમન્ના જાગે છે. ટુંકમાં કહીએ તો આખો આધ્યાત્મિક માર્ગ હરિ અને હરિજનના ચરિત્રોમાં સમાય જાય છે. અને શ્રીજી મહારાજનું તો વરદાન છે કે, આપણે હરિ ચરિત્રોમાં મન ગૂંચવી મેલીએ તો તે આપણને અક્ષરમુક્તોની પંક્તિમાં બેસાડી દે. આ સનાતન સત્ય છે. તેથી જ હરિચરિત્રામૃત સાગર ગ્રંથના પ્રારંભમાં સદ્.આધારાનંદસ્વામી લખે છે,





**हरि के चरित्र महा रसरुपा, एसो ग्रंथ करन ही अनुपा ।**
**अनंत कोटि ब्रह्मांड के सुखा, हरिचरित्र आगे सब लुखा ॥**
**अमृत आगे अन्य रस जोइ, फिके से फिके से लगत ही सोइ ।**
**हरि के चरित्र हरि सम जाना, यह दोनु मे भिन्न न माना॥**
(૧-૧૦/૪૭-૫૦)

હરિ અને હરિના ચરિત્રો બન્ને એક જ છે. અને તેથી જ તેમાં અમૃતનો આસ્વાદ છે. સંસાર રૂપી ખારા સમુદ્રમાં તે મીઠી વીરડી સમાન છે. અશાંતિ કે ઉદ્વેગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે. મુક્તાનંદસ્વામી કે સ્વરુપાનંદસ્વામીને પણ અશાંતિ નિવારવા માટે સ્વયં શ્રીજીએ નિજ ચરિત્રોનું રસપાન જ બતાવ્યું હતું. ભવજળ પાર ઉતરવાનો સુગમ રસ્તો હરિ ચરિત્ર છે.

**ભવજળ પાર ઉતરવા જાણો મારા ચરિત્ર છે ઝહાજ,**
**માટે સૌને સંભારવા એમ શ્રીમુખે કહે મહારાજ.**

વચનામૃત મ.૩૫ માં તો શ્રીજી મહારાજ આજ્ઞા આપતા કહે છે કે, “તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો, તે અમે જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત બાઇ-ભાઇ સર્વે ભેગા થયા હોય ને અમે કીર્તન ગવરાવ્યા હોય ને વાતો કરી હોય ને અમારી પૂજા થઇ હોય એ આદિક જે અમારા ચરિત્ર લીલા તેને કહેવા ને સાંભળવા ને તેનું મનમાં ચિંતવન કરવું અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઇ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. મોક્ષનો આ રાજમાર્ગ છે. જે હરિલીલામૃત ગ્રંથની પ્રત્યેક પંક્તિઓમાં ઝીલાયો છે.

આ ગ્રંથ માત્ર વાચક બનીને નહિ વાંચતા, તેના પ્રત્યેક પ્રસંગોના એક પાત્ર બની વાંચી શકાય તો તેનો પરિપૂર્ણ આનંદ અને દિવ્ય અનુભૂતિ આપણે પણ કરી શકીએ. આધ્યાત્મિક ઉંચાઇ પામવાની આ સરળ રીત છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ચરિત્રોને જાણવા માણવાની સુવર્ણ તક આ ગ્રંથ પુરી પાડે છે. શ્રીહરિની કરૂણાભીની નજરના કામણ, હેતાળ

હૈયાની હૂંફ, ભક્તોના દુઃખ નિવારવાની તત્પરતા, ઉદારતા અને ભક્ત કાજે કાંઈક કરી છુટવાની તમન્નાઓ તથા જીવ પ્રાણી માત્ર પ્રત્યેની અનહદ દયા, કરૂણા અને સહાનુભૂતિ જેવા શ્રીજીના અનંત કલ્યાણકારી ગુણોનું સુંદર દર્શન આ ગ્રંથ કરાવે છે.

વેદોક્તિ છે, " स एकाकी न रमते " આ ન્યાયે શ્રીહરિમાં ઓતપ્રોત અને શરીરવત્ શ્રીજીની મૂર્તિમાં ડૂબી રહેલા અનેક સંતો-ભક્તોના અદ્‌ભૂત પ્રેરક પ્રસંગો આમાં ગુંથાયેલા છે. ભક્તોની ઉચ્ચત્તમ આધ્યાત્મિક સ્થિતિ, સર્વોત્તમ સમજણ, સર્વોપરી નિષ્ઠા, ખરી ખુમારી, ધર્મ નિયમની ટેક, શિર સાટે પક્ષ, આત્મનાસહ સર્વસ્વ સમર્પણ અને પુરુષોત્તમનો ખરો મહિમા તથા કેફ ચઢાવતા અનેક રોમાંચક પ્રસંગો આપણને આધ્યાત્મિક બળ તથા શ્રેષ્ઠ ભક્તોની પંક્તિમાં ભળવાનું દૈવત આપે છે. તથા ગમે તેવા વિકટ દેશકાળમાં પણ શિર સાટે સત્સંગ અને ભક્તિને જાળવી રાખવાનું હૈયામાં જોમ પ્રગટાવે છે.

અપાર મહિમાવંતો આ ગ્રંથ પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીને અતિ પ્રિય છે. પૂ.સ્વામીશ્રીએ શિબિરો જેવા ઉત્તમ કાર્યક્રમોમાં આ ગ્રંથની કથા કરેલી છે. જેનો લાભ અત્યારે કેસેટ દ્વારા અનેક ભક્તો લે છે. તેમાં સંતોના સંગીત સાથે પૂ.ભજનપ્રકાશદાસજી સ્વામી તબલાનો તાલ આપતા હોય અને પૂ.સ્વામીશ્રી પ્રેમભીના હૃદયે હરિલીલામૃત ગ્રંથની કથા કરતા હોય ત્યારે અનેકને પ્રેમ સમાધિ થવા લાગે છે. જે તે પ્રસંગરૂપ પ્રભુ પોતાની સાથે જ લીલા કરતા હોય તેવી ઘણા ભક્તોને અનુભૂતિ થાય છે. મોક્ષમાર્ગમાં આ ગ્રંથ અતિ ઉપયોગી અને અખંડવૃત્તિ રાખવામાં અતિ મદદરૂપ થશે એવી ઈચ્છાથી પૂ.સ્વામીશ્રીના શિષ્ય અ.નિ.પૂ.શ્રી ભજનપ્રકાશદાસજી સ્વામીની પૂણ્યસ્મૃતિમાં આ ગ્રંથ પ્રકાશિત કરતા અતિ આનંદ અનુભવીએ છીએ. આશા છે ગુજરાતી લીપીમાં આ ગ્રંથનું પ્રકાશન કરવાથી સર્વે સંતો-ભક્તો અમારી ઉપર પ્રસન્ન થશે. એજ.....

***- સાધુ ઘનશ્યામજીવનદાસ.***

*(કો.શ્રી સ્વા. મંદિર કારેલીબાગ-વડોદરા)*





# પૂર્વભૂમિકા

**यत्संकल्पात् तपति तपनो वातिवातः समीन्धेः ।**
**वह्निर्धते धरणिरुदधिर्लंघते नैववेलाम् ॥**
**सोऽयम् श्रीमान् निखिलजगताम् अन्तरात्मावतीर्णो ।**
**धर्मं रक्षन् दिशतुकुशलं स्वामिनारायणो नः ॥**

પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રરૂપી અમૃતનો મહાકુંભ એટલે શ્રી હરિલીલામૃત.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલ ગાદીના ત્રીજા પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી વિહારી લાલજી મહારાજે આ હરિલીલામૃત ગ્રંથ સમગ્ર સત્સંગ સમાજને અર્પણ કરી સંપ્રદાયની એક અજોડ અને અવિસ્મરણીય સેવા કરી છે.

આ ગ્રંથસર્જનની કથા કંઈક આવી છે. અસંખ્ય લોકોના અંતર ઉજાળી, અનેકના ચિત્ત સ્વમૂર્તિમાં ખેંચી, શ્રીજી સ્વધામ પધાર્યા. તેમના પ્રાયઃ દિવ્ય તથા માનુષી ચરિત્રો તે સમયના મહાન પરમહંસોએ ગ્રથોમાં ગુંથ્યા. પરંતુ તેમાં મોટા ભાગના ગ્રંથો સંસ્કૃત હોવાથી સર્વે ભક્તોને તે જાણવા અને માણવા કઠીન હતા. તેથી એક સમયે રામનવમીના દિવસે વડતાલધામે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વિશાળ સભા ભરીને વિરાજમાન હતા,ત્યારે ભાવિક ભક્તોએ આચાર્યશ્રીને પ્રાર્થના કરી કે, શ્રીજી મહારાજના દિવ્ય ચરિત્રોનો એક ગુજરાતી ભાષામાં ગ્રંથ રચવા કૃપા કરો. સદ્‌ગ્રંથોની રચના કરવી તે આચાર્યપદનું એક કર્તવ્ય છે. ગુજરાતી ભાષામાં અમુક ગ્રંથો રચાયા છે, છતાં વિસ્તારભય તેમજ અન્ય કારણોને લીધે તમામ ચરિત્રોનો તેમાં સમાવેશ થઇ શક્યો નથી. વળી અત્યારે શ્રીજીને મળેલા અને જે તે ચરિત્રોના સાક્ષીરૂપ ઘણાક સંતો-ભક્તો સંપ્રદાયમાં છે. ભવિષ્યમાં આ સંતો-ભક્તોના ધામ ગમન બાદ એ લીલા ચરિત્રો અપ્રાપ્ય બની જશે.

માટે આપ કૃપા કરી સાક્ષીભૂત સંતો-ભક્તો પાસેથી ચરિત્રો લખાવી સારી રીતે ગ્રંથમાં ગુંથો તો સંપ્રદાયનું બહુ મોટું કાર્ય થશે.

**હરિભક્તોએ પ્રાર્થના કીધી, વિહારીલાલે સાંભળી લીધી ।**
**રચ્યો હરિલીલામૃત ગ્રંથ, જેમાં પ્રગટ છે મોક્ષનો પંથ ॥**

ભક્તોની પ્રાર્થના આચાર્યશ્રીએ સ્વીકારી. ગ્રંથ નિર્માણ માટે તત્કાલીન શ્રીજીના કૃપાપાત્ર નવ સંતો-મહંતોની મીટીંગ કરી. જેના નામ તથા પરીચય આ ગ્રંથના કળશ-૧ વિશ્રામ-૩ માં છે.

આ નવે નવ સંતો-મહંતોએ શ્રીજી તથા તેમને મળેલા સદ્‌ગુરુઓને સેવી, સમાગમ કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. તે સર્વે સંતોએ આ ગ્રંથ રચવામાં મહારાજશ્રીને ખૂબ સાથ સહકાર આપ્યો. ગ્રંથ રચવાનું કાર્ય નિશ્ચિત થયું. ત્યારબાદ આચાર્યશ્રીએ ખૂબ જહેમત ઉઠાવી ગામડે ગામડે ફરી સંતો-ભક્તો દ્વારા તમામ હરિચરિત્રો એકત્રિત કર્યા, કરાવ્યા. હકિકતમાં રહેલા અમુક દોષો નિવાર્યા. વડીલ સંતો સાથે વિમર્શ કરી ચુંટેલા ચરિત્રો,આખ્યાનોનો કરેલો સંગ્રહ એટલે જ હરિની લીલા રૂપી અમૃતથી છલકતા સાગર સમો “હરિલીલામૃત” ગ્રંથ. આ ગ્રંથ રચનામાં આદિથી અંત સુધી આચાર્યશ્રી એ દિલ રેડી કાર્ય કર્યું. સુજ્ઞ સંતો-ભક્તોએ પણ અમુલ્ય પ્રદાન આપ્યું.

આ ગ્રંથ પદ્યમાં રચવો કે ગદ્યમાં એ અંગે ચર્ચા થતા અંતે નિર્ણય આવ્યો કે પદ્યાત્મક ગ્રંથની રચના કરવી. તે કાર્ય એમ સુગમ ન હતું. એટલે આચાર્યશ્રીએ એકઠા કરેલા ચરિત્રોને પદ્ય સ્વરુપે ગુજરાતી ભાષામાં ગુંથવા કવિસમ્રાટ શ્રી દલપતરામને પસંદ કર્યા. દલપતરામ પાસે પુરુષોત્તમ ચરિત્ર નામનો ગ્રંથ વ્રજભાષામાં રચાવ્યો હતો. તેથી દલપતરામે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રોનો ગુજરાતી ભાષામાં પદ્યગ્રંથ લખી આપવાની આચાર્યશ્રીની આજ્ઞાને અદ્ધરથી ઝીલી લીધી.

આજ ગ્રંથમાં કળશ આઠ વિશ્રામ ૫૬ માં કવિવર દલપતરામ પોતે





આઠ વર્ષની વયે પિતાની સાથે સંવત્ ૧૮૮૫ ના ફાગણ સુદ આઠમે શ્રીજીને મળ્યા હતા. તે વાત લખે છે. ગઢડામાં વસંત પંચમીનો સમૈયો કરીને શ્રીજીએ જુનાગઢમાં શિવરાત્રીનો સમૈયો કર્યો. અને ત્યાંથી ગઢપુર પધાર્યા.

**સુદી ફાગણિ અષ્ટમી જ્યારે । પાછા ગઢપુરમાં આવ્યા ત્યારે ॥**

**શાર્દુલવિક્રિડિત :-**

**શ્રીમાળી સત્સંગી ડોશી તણું, ત્યાં વર્ષી હતું તે દિને;**
**શ્રીમાળી દ્વિજ સાતસેં જન મળ્યા, સર્વે નમ્યા શ્રીજીને.**
**ત્યારે ત્યાં દલપતરામ સ્વપિતા, સાથે નમ્યો નાથને;**
**પૂરા વત્સય આઠની ઉંમરમાં, જોડ્યા હતા હાથને.**

આમ, આ ગ્રંથમાં કવિ દલપતરામ શ્રીજીના દર્શન પામ્યા હતા. તે પોતે જ લખ્યું છે. અને આ દર્શન લાભ થયો ત્યારથી તેમના અંતરમાં શ્રીજી મહારાજની મનોહરમૂર્તિ કંડારાય ગઇ હતી. તે જીવનના અંતિમ શ્વાસ સુધી તે મૂર્તિ તેમને અખંડ યાદ રહી હતી. તેમને કાવ્યદીક્ષા સદ્‌ગુરુ શ્રી દેવાનંદસ્વામીએ આપી હતી. આ મહાન સંતે કાવ્ય અલંકારોની સાથો સાથ સહજાનંદીય સંસ્કારોના બીજ પણ ઉંડા રોપ્યા હતા. તેથી જ તેઓ અનેક રાજ રજવાડામાં ફર્યા, તેમાં અનેક વિરોધોમાં પણ તેમણે શિર સાટે સત્સંગ રાખ્યો હતો.

વડતાલ ધામે હરિમંડપમાં રહી કવિશ્વરે હરિલીલામૃત ગ્રંથ રચવાનો પ્રારંભ કર્યો. કહેવાય છે કે, છેલ્લે છેલ્લે તો તેમના બંને નેત્રો નિસ્તેજ થઇ ગયા હતા. ત્યારે કોઇ એક વ્યક્તિ નિર્ધારીત ચરિત્રો સંભળાવે. દલપતરામ તેમનું શ્રવણ કરી તરત જ શ્રીજી કૃપાથી તેનું પદ્યમાં રૂપાંતર કરી બોલવા લાગે... જાણે કે તેમના મુખેથી દિવ્ય ચરિત્રોની કાવ્યગંગા રેલાય અને સાથે રહેલા લહિયાઓ તેને કાગળ પર લખી લેતા... વૃદ્ધવસ્થાને કારણે એક સ્થળે અખંડ બેસી ન શકાય તેથી તેઓ વડતાલના ભૂમાનંદસ્વામીએ બંધાવેલા પવિત્ર સભામંડપમાં દોરડુ બંધાવી તેને આધારે ચાલતા જાય અને

ગ્રંથને કાવ્યમાં ગુંથતા જાય. લહીયા સાથે લખતા જાય. આમ શરીરના અંગો પુરો સાથ આપતા ન હતા છતાં તેમણે આ સેવાકાર્યમાં હિંમત રાખી રંચમાત્ર પણ ઓટ આવવા દીધી ન હતી.

ઈ.સ.૧૮૮૪ થી ૧૮૯૪ આમ દસ વર્ષે કટકે કટકે જેમ જેમ આ મહાન ગ્રંથ રચાતો ગયો, તેમ તેમ સુજ્ઞ વક્તા, આચાર્યશ્રી તથા સુજ્ઞ સત્સંગમંડળ આગળ વાંચતા જતા હતા. આ ગ્રંથમાં અધ્યાયે અધ્યાયે ઢાળ આવતા, વલણ આવતા, ક્યાંક પદ્યગીત આવતા, ક્યાંક ચિત્રમય પ્રબંધ આવતા. એ પદોમાં કરૂણભાવ, વનવર્ણનનો અદ્‌ભૂત રસ, બાવાજોગીની જમાતોનો રૌદ્રરસ અને સહુની ઉપર આકાશ મંડળ સમો છવાતો "સદ્ધર્મનો ચંદરવો." તેથી જ આચાર્યશ્રી અને સંતો-ભક્તો સાંભળી અતિ આનંદ પામતા.

વિ.સં.૧૯૫૫ માં આ ગ્રંથ અક્ષરશઃ પૂર્ણ કરી તેમણે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને સમર્પિત કર્યો ત્યારે સૌના અંતરે અનુભવાયું કે આ ગ્રંથની પંક્તિએ પંક્તિ જાણે કવિ દલપતરામના હૃદયે રહી સ્વયં શ્રીહરિએ જ લખી છે. નિષ્ઠાવાન, સેવાભાવી અને સત્સંગપ્રેમી, વળી તે સમયમાં સંપ્રદાયના અજોડ કવિ હોવા છતાં નામનાની કામના છોડી અખંડ સેવા કરનાર કવિશ્વર શ્રી દલપતરામને લાખો લાખો ધન્યવાદ છે.

આ ગ્રંથ રચવામાં કવિએ પોતાનું અંતર રેડી દીધું છે. ખૂબ નિષ્ઠા અને ભક્તિભાવ સાથે તેમણે આ ગ્રંથરૂપી મહાન પુષ્પ પુરુષોત્તમના ચરણાર્વિંદમાં અર્પી અનેક સંતો-ભક્તો અને આચાર્યશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવ્યું છે. સાથો સાથ ગુજરાતી સાહિત્યમાં પણ એક અદ્‌ભૂત પ્રદાન કર્યું છે. ગ્રંથનું શબ્દસૌષ્ઠવ, પદલાલિત્ય, છંદ, અલંકારો, દષ્ટાંતો, ઉપમાઓ વગેરે આ ગ્રંથને ભાષાકીય દષ્ટિએ સમૃદ્ધ બનાવે છે. સત્સંગરત્ન કવિશ્વર દલપતરામના સુપુત્ર કવિવર ન્હાનાલાલ કહેતા કે, "કળિયુગમાં અધર્મ ઉથાપી સદ્ધર્મ સ્થાપનનો, અર્ધી સદીની વિજય વાર્તાનો, સરયુના નિર્મળ





નીરથી ગુજરાતને બ્રહ્મભીનો કરવાનો અને શ્રીજી ચરિત્રની દિગ્વિજયની વાર્તાનો આ હરિલીલામૃત મહાગ્રંથ છે." ૧૯ મી સદીના પ્રથમ ત્રણ પ્રહરની ગુર્જર દેશની લોકકથા જાણવાના જીજ્ઞાસુએ પણ સાંપ્રદાયીક આ ગ્રંથ અવશ્ય વાંચવો પડશે.

આ ગ્રંથમાત્ર કાવ્યશાસ્ત્રની દષ્ટિએ જ સારો છે તેમ નહિ, પરંતુ આના પ્રત્યેક વિશ્રામોમાં ગીતાનો ગલિતાર્થ, ઉપનિષદનો અર્ક અને વેદ, ભાગવત તથા વચનામૃતનો સાર સમાયેલો છે. વળી, શ્રીહરિના સર્વાવતારી, સર્વોપરી સ્વરૂપનું આમાં છડેચોક ગાન કર્યું છે, જે ઉપાસના શુદ્ધિ માટે અતિ અગત્યનું છે અને તેથીજ આ પૂર્વભૂમિકાને અંતે તેને જાણવા માણવા માટે કેટલીક સપ્રમાણ ચુંટેલી પંક્તિઓ રજુ કરી છે.

આ મહાન ગ્રંથના કુલ ૧૦ કળશ અને ૩૩૨ વિશ્રામ છે. ગ્રંથ પૂર્ણ થતા જ ટૂંક કાળમાં ગ્રંથ રચયિતા આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વિ.સં.૧૯૫૫ માં અક્ષરવાસ થયા. અગ્રણીઓને કરેલી ભલામણ મુજબ પાછળથી સાત વર્ષે ૧૯૬૩ માં તત્કાલિન આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ અને મુખ્ય કોઠારીશ્રી ગોવર્ધનદાસે વિદ્વાન સંતોની સહાયતાથી રાજકોટમાં સુંદર મોટા ટાઈપમાં બાળબોધ લીપીમાં બે ભાગમાં પ્રસિદ્ધ કર્યો હતો.

ત્યાર પછી સત્સંગમાં અવાર નવાર આ ગ્રંથ પ્રસિદ્ધ થતો રહ્યો છે. પણ, છેલ્લા ઘણાં સમયથી આ ગ્રંથ ગુજરાતી લીપીમાં છપાય એવી સત્સંગ સમાજની સતત માંગ હતી. આ માગણીને ધ્યાનમાં લેવામાં આવી અને જેને પ્રગટપ્રભુની પ્રાપ્તિ અને તેમાં ડુબી જવું એ મંજીલ છે, પ્રભુપ્યારા સંતો-ભક્તોની પ્રસન્નતા એ જ જેમને આનંદ છે અને અખંડવૃત્તિનું જેમને અતુટ તાન છે, ગોપાળાનંદસ્વામી જેવી સ્થિતિ જેમનું અંતિમ લક્ષ્ય છે, એવા પ્રભુપ્રેમી સંત પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી,તેમના શિષ્ય સાધુ ભજનપ્રકાશસ્વામી યુવાન વયેજ વિદેશની ભૂમિમાં "આ મને શ્રીજી

મહારાજ તેડવા આવ્યા છે." એમ કહી તા.૨૬ જૂન ૨૦૦૪ના રોજ સ્વધામ સિધાવ્યા. તે પૂ.ભજપ્રકાશસ્વામીની પુણ્યસ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કારેલીબાગ વડોદરા દ્વારા સર્વ પ્રથમવાર આ ગ્રંથને ગુજરાતી લીપીમાં ભક્ત પ્રસન્નતાર્થે પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. પંક્તિબદ્ધ ગુજરાતીમાં કરવાથી ગ્રંથનું કદ વધી ગયું છે, માટે તેને ચાર ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

**ભાગ : ૧, કળશ : ૧,૨,૩**

**ભાગ : ૨, કળશ : ૪,૫,૬**

**ભાગ : ૩, કળશ : ૭**

**ભાગ : ૪, કળશ : ૮,૯,૧૦**

છંદ ચોપાઈને છુટા પાડી પંક્તિબદ્ધ રજુ કરવાથી ગ્રંથની શોભા ઘણી વધી છે. અને અદ્યતન કોમ્પ્યુટરાઈઝડ્ ટાઈપ કરવાથી અક્ષરો અતિ સુંદર થયા છે. તેથી વાંચન કે પાઠ કરવામાં અતિ સરળ થયું છે. વળી, પંક્તિઓની સળંગતા, ગીચતાને લીધે વાંચનમાં થતી મુશ્કેલીઓને દૂર કરવાનો પણ પ્રામાણિક પ્રયાસ કર્યો છે. છતા તમામ શબ્દ જોડણી મૂળ આવૃત્તિ મુજબ જ રાખેલ છે. છંદભંગ ન થાય એ માટે રચયિતાએ જોડણીમાં જે કાંઈ છૂટછાટ લીધી છે. તે પણ આ આવૃત્તિમાં યથાવત રાખેલ છે.

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલાચરિત્રોથી ભરપુર આ મહાગ્રંથ અક્ષરનિવાસી પ.પૂ.ભજનપ્રકાશદાસજીસ્વામીની પૂણ્યસ્મૃતિમાં સમસ્ત સત્સંગ સમાજને ભેટ ધરતા આનંદ અનુભવીએ છીએ. આશા છે કે આ ગ્રંથ ભક્તોને ભગવાનનો ભેટો કરાવવામાં અને ભગવાનમાં અખંડવૃત્તિ રાખવામાં અનુપમ આશીર્વાદ રૂપ બની રહેશે. એજ અભ્યર્થના.....

***- સાધુ ઈશ્વરચરણદાસ.***





# પ્રસ્તાવના

**વસંતતિલકા-** **શ્રીધર્મનંદ સુખકંદ હરે મુકુંદ,**
**વંદૂ સદા તવ વિભો ચરણારવિંદ;**
**પ્રસ્તાવના હરિલીલામૃત ગ્રંથ કેરી,**
**હું આદરું ઉર રતી ધરીને ઘણેરી.**

(હું વિહારીલાલજી આચાર્ય શ્રીહરિલીલામૃત ગ્રંથની પ્રસ્તાવના લખું છું.)

પ્રસ્તાવના, પીઠિકા અને ઉપોદ્ઘાત, એટલાં પ્રસ્તાવનાનાં નામ છે, તેમાં ગ્રંથની ઉત્પત્તિ, ગ્રંથની રચના, ગ્રંથનું તાત્પર્ય તથા ગ્રંથ રચવાની ફલેચ્છા ઈત્યાદિકનું વિવેચન હોય છે.

આ ગ્રંથની ઉત્પત્તિ એવી રીતે થઈ છે કે, ઉદ્ધવનો અવતાર એવા શ્રીરામાનંદ સ્વામી તેમણે શ્રીઉદ્ધવ સંપ્રદાયની ગાદીના આચાર્યની પદવી શ્રીસહજાનંદ સ્વામીને સંવત્ ૧૮૫૭ અઢારસોને સત્તાવનની સાલમાં કારતક સુદિ ૧૧ ને દિવસે જેતપુર ગામમાં આપી. તે પદવી શ્રીસહજાનંદસ્વામીએ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીને તથા આચાર્યશ્રી રઘુવીરજીને સંવત્ ૧૮૮૨ અઢારસોને બ્યાશીના કારતક સુદિ ૧૧ ને દિવસ વરતાલમાં આપી. તે પદવી શ્રીરઘુવીરજી મહારાજે સંવત્ ૧૯૧૩ ઓગણીસોને તેરની સાલમાં કારતક સુદિ ૧૫ ને દિવસે ભગવત્પ્રસાદજી મહારાજને આપી. પછી સંવત્ ૧૯૩૫ ઓગણીસોને પાત્રીસની સાલમાં શ્રાવણ વદિ ૮ ને દિવસ શ્રીભગવત્પ્રસાદજી મહારાજે તે ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યની પદવી મને આપી. ત્યારપછી કેટલાક દિવસ વીત્યે કેટલાક મોટા-મોટા હરિભક્તોએ અમને કહ્યું કે, શ્રીજી મહારાજના ચરિત્રના સંસ્કૃતમાં તથા વ્રજભાષામાં તથા ગુજરાતી ભાષામાં ઘણા ગ્રંથો થયા છે. તો પણ શ્રીજી મહારાજની લીલા અપાર છે. તેમાંની કેટલીક લીલાની વાતો વૃદ્ધ સાધુઓ તથા હરિભક્તો કરે છે. તે વાતો બધી એકઠી કરાવીને, અમને બાઈ-ભાઈ સૌને સમજણ પડે એવી ગુજરાતી

ભાષામાં એક સારો ગ્રંથ આપ રચી આપો તો ઘણું સારું. તે કહેવું સાંભળીને મેં વિચાર કર્યો કે, સંપ્રદાય સંબંધી ગ્રંથ રચવા તે આચાર્યનું મુખ્ય કામ છે, પણ પ્રાકૃત ભાષામાં ગ્રંથ રચવાનું કહે છે તો તે પ્રાકૃત ભાષામાં ગ્રંથ રચવાનું આચાર્ય પદવી ધરાવનારને યોગ્ય છે કે નહિ ? તે વિચારતાં વેદનું અંગ જે પાણિનીય શિક્ષા કહેવાય છે તેના એક શ્લોકનું મને સ્મરણ થયું,

**त्रिषष्टिश्चतु:षष्टिर्वा वर्णा: संभवतो मता: ।**
**प्राकृते संस्कृते चापि स्वयं प्रोक्ता: स्वयंभुवा ।।**

અર્થ : ત્રેસઠ અથવા ચોસઠ અક્ષર સંભવથી માનેલા છે, તે પ્રાકૃત ભાષાને વિષે તથા સંસ્કૃતને વિષે પોતે બ્રહ્માએ ઉચ્ચારણ કરેલા છે. જ્યારે બ્રહ્માએ પ્રાકૃત ભાષામાં અક્ષરોચ્ચાર કરેલા છે. તો આચાર્યને પ્રાકૃત ભાષા ઉચ્ચારણ કરવાની કાંઇ અડચણ નથી. વળી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના સત્યાવીશમાં અધ્યાયમાં કહ્યું છે કે,

**स्तवैरुच्चावचै: स्तोत्रै: पौराणै: प्राकृतैरपि ।**
**स्तुत्वा प्रसीद भगवन्निति वंदेत दंडवत् ।।२।।**

**અર્થ :** ઉંચે સ્વરે પુરાણમાં કહેલાં સ્તવનથી અથવા પ્રાકૃત સ્તોત્રથી પણ પરમેશ્વરની સ્તુતિ કરીને કહેવું કે, "હે ભગવન્ ! તમે પ્રસન્ન થજો." પછી દંડવત્ નમસ્કાર કરવો. એ વચન આચાર્યોને તથા શિષ્યોને સૌને વાસ્તે છે, પણ કોઇ શાસ્ત્રમાં એવું લખ્યું નથી કે, આચાર્યે પ્રાકૃત વાણી બોલવી જ નહિ અથવા પ્રાકૃત ગ્રંથ કરવા નહિ. પ્રાકૃત વાણી બોલવી કે કાગળમાં લખવી તે બે બરોબર છે. તેમજ થોડું લખ્યું હોય તે કાગળ લખ્યો કહેવાય અને ઝાઝાં પાનાં લખેલાં હોય તે ગદ્યાત્મક ગ્રંથ કહેવાય અને તે જો છંદ પ્રબંધમાં લખેલાં હોય તો પદ્યાત્મક ગ્રંથ કહેવાય. માટે થોડું લખેલું કે ઝાઝું લખેલું તે બરોબર છે ને થોડું બોલવા લખવામાં બાધ નથી તો ઝાઝું બોલવા લખવામાં પણ બાધ નથી. જે સમે ભરતખંડમાં સર્વે મનુષ્યો સંસ્કૃત બોલતા હતા ને સમજતા હતા, એવા સમયમાં કોઇ આચાર્ય એવો નિયમ રાખે કે મારે પ્રાકૃત વાણી





બોલવી જ નહિ અથવા પ્રાકૃત ગ્રંથ કરવા નહિ તો તેવો નિયમ રાખી શકાય; પણ આ સમયમાં એવો નિયમ રાખે તો તેનાથી સર્વે મનુષ્યોને ઉપદેશ કરી શકાય નહિ અને ધર્મ-જ્ઞાન સંબંધી વાર્તા સમજાવી શકાય જ નહિ. માટે આ સમયના આચાર્યો ગમે તેવા વિદ્વાન હોય તો પણ પ્રાચીન આચાર્યના રચેલા ગ્રંથ અથવા પોતાના રચેલા સંસ્કૃત ગ્રંથ વાંચીને તેનો અર્થ પ્રાકૃત ભાષામાં સમજાવે ત્યારે જ ઘણા શિષ્યોના સમજવામાં આવે છે, નહિ તો સમજાતું નથી. એટલા સારુ શ્રીપરમેશ્વરનો અવતાર જે શ્રીસહજાનંદ સ્વામી તેઓ પણ પ્રાકૃત વાણીમાં ઉપદેશ કરતા હતા. તે વચનોનો સંગ્રહ કરેલો તે વચનામૃત નામે મોટો ગ્રંથ છે. અને વળી શ્રીજી મહારાજે કહ્યું છે કે, રેંટીયા કાંતનારી ડોશીયો પણ સમજી શકે એવા જ ગ્રંથો અમારા સંપ્રદાયના થવા જોઇએ. તે વચન સંભારીને આ પ્રાકૃત ગ્રંથ રચવાનો મેં આરંભ કર્યો તે નિર્દોષ છે એમ હું ધારું છું. મેં સંસ્કૃત ગ્રંથ કેટલાક કર્યા છે ને બીજા પણ કરવાની મારી ઇચ્છા છે તે પરમેશ્વર જોગવાઇ મેળવશે ત્યારે હું કરીશ.

હવે ગ્રંથ રચના વિષે કહું છું જે પ્રગટ પ્રભુની લીલાની કથા ભક્તજનને અમૃત જેવી લાગે છે તથા તે કથામૃતનું પાન કરનારને માથેથી પુનર્જન્મ મટી જાય છે. માટે આ ગ્રંથનું નામ હરિલીલામૃત રાખ્યું છે. જેમ અમૃતનો ઘુંટડો મોંમાં લઇને ગળે ઉતારવો અને પછીથી બીજો ઘુંટડો ભરવો, એ બે ઘુંટડાનો જે અંતરાય કાળ તેનું નામ વિશ્રામ કહેવાય. તેમજ આ હરિલીલામૃતની કથામૃતનું થોડુંક પાન કરીને પછી તેનું મનન કરવું તે રુપી વિશ્રામ છે. એટલે અધ્યાયને ઠેકાણે આમાં વિશ્રામ નામ રાખેલું છે. એવા કેટલાક વિશ્રામ મળીને એક પ્રકરણ થાય છે. તે પ્રકરણનું નામ આ ગ્રંથમાં કળશ રાખેલું છે.

આખા ગ્રંથના દશ કળશ છે તેની વિગત જે,

હરિભક્તોનાં વચન સાંભળીને આ ગ્રંથ રચવાનો મેં પ્રારંભ કર્યો ત્યારે મંદિરો સંબંધી કામ કાજ બધા પોતાને માથે લઇને મને નિશ્ચિંત ગ્રંથ રચવાનો અવકાશ આપ્યો એવા પરમ ભગવદીય પાંચ કોઠારીઓએ કયા-કયા કુળમાં

જન્મ ધર્યો અને કેવી રીતે વૈરાગ્ય પામીને સાંખ્યયોગી થઈને મંદિરમાં આવીને રહ્યા, તેનું વર્ણન આ ગ્રંથના પ્રથમ કળશમાં છે. તથા પ્રખ્યાત નામાંકિત વર્ણીરાજ અચિંત્યાનંદજી, જેઓએ હરિસંભવ આદિક સંસ્કૃત ગ્રંથો ઘણા રચેલા છે. તેઓએ પરમ સત્સંગી મહાધર્મનિષ્ઠ એવા સૌરાષ્ટ્ર દેશમાં ગણોદપુરના રાજા અભયસિંહજીને હરિલીલામૃતનું પાન કરાવ્યું છે, અર્થાત્ આ ગ્રંથમાં ઉપર લખેલા વર્ણીરાજનો ને રાજા અભયસિંહજીનો સંવાદ છે. તે અભયસિંહજી ગોંડલના ભાયાત હતા. તે ગોંડલના રાજાઓમાં કેટલાક રાજાઓ પરમ ભગવદીય થઈ ગયા છે ને તે જાદવવંશી છે. માટે તેની કથા સાંભળનારના અંતઃકરણને પવિત્ર કરે એવી છે તે માટે તેનું કથામૃત પણ આ ગ્રંથના પ્રથમ કળશમાં છે ને તે કળશના વિશ્રામ વિશ છે. ॥૧॥

વિકરાળ કળીકાળમાં અક્ષરધામના નિવાસી શ્રીપૂર્ણપુરુષોત્તમ ભગવાનને શા કારણથી મનુષ્ય દેહ ધરવો પડ્યો તે તથા ધર્મ, ભક્તિ ને મરીચ્યાદિક ઋષિઓએ જન્મ ધર્યા તથા શ્રી પરમેશ્વરનો પ્રાદુર્ભાવ જે સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદી ૯ ના દિવસે છપૈયામાં જન્મ થયો. ત્યાંની અઢી વર્ષની લીલા અને તે પછી સંવત્ ૧૮૩૯ ના આસો સુદી ૯ ના રોજ અયોધ્યામાં આવ્યા ને ત્યાં રહ્યા થકા જે જે બાળ લીલા કરી તથા માતા-પિતાને દિવ્ય ગતિ આપી ને અગિયાર વર્ષ ને ત્રણ માસ ને એક દિવસની વય થતાં સગાં કુટુંબીઓનો ત્યાગ કરીને સંવત્ ૧૮૪૯ ના અષાઢ સુદિ ૧૦ ને દિવસ વનમાં ચાલી નીકળ્યા. એટલું લીલામૃત બીજા કળશમાં છે ને તેના વિશ્રામ અઢાર છે. ॥૨॥

બ્રહ્મચારીને વેષે શ્રીજીમહારાજ બદ્રી-કેદાર થઈને શ્વેતગિરિ જે હિમાલય તેમાં થઈને, પુલહાશ્રમમાં જઈ ત્યાં ઉગ્ર તપ કરીને બંગાળમાં સિરપુરમાં જઈને પોતાનો પ્રતાપ જણાવ્યો; ત્યાંથી કપિલાશ્રમમાં આવ્યા ને પછી પુરુષોત્તમપુરીમાં જઈને અસુરોનો નાશ કર્યો, ને ત્યાંથી શિવકાંચી, વિષ્ણુકાંચી થઈને સેતુબંધરામેશ્વર આવ્યા, ને ત્યાંથી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરીને તાપી,





નર્મદા, મહી, સાબરમતી નદી ઉલંઘીને ભીમનાથ પધાર્યા. ત્યાંથી ભાવનગર, મહુવા થઈ પ્રભાસ પાટણ પધાર્યા. પછી ગિરનાર થઈ માંગરોળ થઈને સંવત્ ૧૮૫૬ ના શ્રાવણ વદિ ૬ ને દિવસે લોજગામે પધાર્યા. એટલું લીલામૃત ત્રીજા કળશમાં છે ને તેના વિશ્રામ સત્યાવીશ છે. ॥૩॥

લોજમાં રામાનંદસ્વામીના શિષ્ય મુક્તાનંદસ્વામી હતા. તેમની પાસે શ્રીજી મહારાજ રહ્યા, ને ત્યાંના સાધુઓને અષ્ટાંગયોગની કળા શીખવી તથા બીજો કેટલોક ચમત્કાર દેખાડ્યો, ત્યારે મુક્તાનંદ સ્વામીએ રામાનંદસ્વામીને ભુજ કાગળ લખ્યો. તેથી શ્રીરામાનંદસ્વામી સંવત્ ૧૮૫૬ ના જ્યેષ્ઠ વદિ ૧૨ ના રોજ પીપલાણે આવ્યા ને ત્યાં નરસિંહ મહેતાને ઘેર શ્રીજી મહારાજને સંવત્ ૧૮૫૭ ના કારતક સુદિ ૧૧ ને દિવસ વૈષ્ણવી દીક્ષા આપી. તે રામાનંદસ્વામી ઉદ્ધવનો અવતાર હતા. તેમને તથા મરીચ્યાદિક ઋષિઓને બદ્રીકાશ્રમમાં દુર્વાસાએ શાપ દીધો હતો, તેથી તેમણે મનુષ્યનો દેહ ધારણ કર્યો હતો, ને તે રામાનંદસ્વામીએ આત્માનંદસ્વામી પાસે દીક્ષા લીધી હતી. પણ મનમાં શાંતિ થઈ નહિ. તેથી સદ્‌ગુરૂની શોધ કરવા તોતાદ્રી પર્વતમાં ગયા. ત્યાં શ્રીરામાનુજાચાર્યથી દીક્ષા પામી લોજ આવ્યા ને ઉદ્ધવી સંપ્રદાય વિસ્તાર્યો. તેમણે શ્રીજી મહારાજને પોતાની ગાદીનો પટ્ટાભિષેક જેતપુર ગામમાં સંવત્ ૧૮૫૮ ના કારતક સુદિ ૧૧ ને દિવસે કર્યો ને પોતે દિવ્ય ગતિ પામ્યા. એટલું લીલામૃત ચોથા કળશમાં છે ને તેના વિશ્રામ એકત્રીશ છે. ॥૪॥

પછી શ્રીજી મહારાજે પોતાનું ઐશ્વર્ય જણાવવા સારુ સમાધિનું પ્રકરણ ચલાવ્યું ને સોરઠમાં વિચર્યા, ને ધોરાજીમાં નાસ્તિક મતનું ખંડન કર્યુ ને માંગરોળમાં જઈને દેવી ભક્ત મગ્નીરામ મહા અભિમાની હતો, તેને પોતાનો પ્રતાપ દેખાડીને શિષ્ય કર્યો. પછી આખે, પીપલાણે ઓઝત નદીને કાંઠે છ માસ પર્યંત વિષ્ણુયાગ કર્યો. પછી શ્રીજી મહારાજ વરતાલ તથા અમદાવાદ થઈને કચ્છમાં પધાર્યા, ને ત્યાંથી સોરઠમાં આવીને કંડોરડામાં

ચોરાશી કરી. સરધારમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ત્યાં માંચે ભક્તે સ્તુતિ કર્યાથી કારીયાણી પધાર્યા. ત્યાંથી અભય રાજાની વિનંતિ સાંભળીને ગઢપુરમાં જઇને સ્થિતિ કરી. એટલું લીલામૃત પાંચમા કળશમાં છે ને તેના વિશ્રામ અઠ્ઠાવીશ છે. ॥૫॥

શ્રીજી મહારાજે ગઢડામાં દાદાખાચરના દરબારમાં રહીને શ્રીવાસુદેવનારાયણની પ્રતિમા સ્થાપી. પછી કેટલા પ્રકારથી દેવના અપરાધ થાય છે અને દેવનું ચોરી ખાનાર કેવી રીતે ભૂતનો દેહ પામે છે તે વિષે નૃસિંહાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું, તથા વ્રતોત્સવ નિર્ણય કહ્યો. પછી ચરોતરમાં વિચર્યા ને પાછા ગઢડે પધાર્યા અને ભૂગોળ વિષે તથા બ્રહ્માના આયુષ્યનું નિરુપણ કર્યુ અને ઉન્મત્તગંગાને વિષે જે સહસ્ત્રધારા તેનો મહિમા કહ્યો અને પછી ધોરાજી જઇ ફૂલદોલનો મોટો ઉત્સવ કર્યો, ને જુનાગઢમાં રામનવમીનો સમૈયો કર્યો, ને ત્યાંથી કરિયાણામાં અદ્‌ભૂત લીલા કરી પછી ભાદરે જઇને કાઠી આદિ સરદારોને સાધુ થઇને આવવાની આજ્ઞા કરી. ત્યાંથી ગઢડે આવીને સારંગપુર, ભીમનાથમાં ચમત્કારી લીલા કરી. ઇત્યાદિક લીલામૃત છઠ્ઠા કળશમાં છે ને તેના વિશ્રામ ઓગણત્રીશ છે. ॥૬॥

જેતલપુરમાં યજ્ઞ કર્યા અને ખોખરા મેમદાવાદમાં લોલંગર નામે બાવાનો મદ હર્યો તથા ડભાણમાં મોટો યજ્ઞ કર્યો. તેમાં ઘણું ઐશ્વર્ય દેખાડ્યું અને તે પછી ગઢડામાં વાસુદેવની જોડે ભક્તિ ધર્મની સ્થાપના કરી તથા ગઢપુરનું માહાત્મ્ય કહ્યું. પછી વૌઠામાં સમૈયો કર્યો. પછી ધર્મપુર જઇને લીલા કરી. પછી વરતાલમાં ફુલદોલનો મોટો ઉત્સવ કર્યો ને મુગટ ધારણ કર્યો, ને બીજા પણ મોટા મોટા સમૈયા ત્યાં કર્યા, તથા ચરોત્તરમાં આમ્રરસોત્સવ કર્યો અને વેદાંતાચાર્યનો પરાજય કર્યો અને જેતલપુરમાં એક રાક્ષસને સદ્‌ગતિ આપી અને લોયામાં શાકોત્સવ કર્યો. ઇત્યાદિક લીલામૃત સાતમા કળશમાં છે ને તેના વિશ્રામ ૮૩ છે. ॥૭॥

અમદાવાદ, વરતાલ, ભૂજ, ધોલેરા, જુનાગઢ, ગઢડા આદિકમાં





શિખરબદ્ધ મોટા-મોટા મંદિરો કરાવીને તેમાં પોતાની ને પોતાના અવતારોની મૂર્તિઓ સ્થાપી તથા પોતાના બે દત્તપુત્રોને આચાર્ય સ્થાપીને દેશ વિભાગ કરી આપ્યા તથા સયાજી મહારાજાના તેડાવ્યાથી વડોદરે જઇ આવ્યા અને શિક્ષાપત્રી રચી તથા સુરતમાં વિચરીને અરદેશર બહાદુરને પુજવા સારુ પાઘ આપી. ત્યાંથી આવીને દાદાખાચરને ભટવદર પરણાવી આવ્યા. પછી સચ્ચિદાનંદસ્વામી દ્વારકાથી ગોમતી આદિક તીર્થ સહિત દ્વારકેશને લાવ્યા. તેની વૃત્તાલયમાં સ્થાપના કરી. એટલું લીલામૃત આઠમા કળશમાં છે ને તેના વિશ્રામ ૬૩ છે. ॥૮॥

વરતાલમાં ફૂલદોલનો ઉત્સવ કરીને ભાવનગર પધાર્યા ને ગઢડામાં રામનવમીનો સમૈયો કર્યો ને ચોમાસુ રહ્યા પછી વરતાલ પ્રબોધિની કરી આવીને મુંબઇના ગવરનર સાહેબે તેડાવ્યાથી શ્રીજી મહારાજ રાજકોટ પધાર્યા. ત્યાં પોતાનો પ્રતાપ જણાવીને પાછા ગઢડે આવ્યા અને આચાર્ય હસ્તક રણછોડજીની મૂર્તિ વરતાલમાં પધરાવી. એટલું લીલામૃત નવમા કળશમાં છે ને તેના વિશ્રામ ૧૩ છે. ॥૯॥

અક્ષરમુક્તોએ આવીને શ્રીજી મહારાજને ધામમાં પધારવાની પ્રાર્થના કરવાથી શ્રીજીએ ધામમાં જવા સારુ આ જગતથી ઉદાસીપણું દેખાડ્યું અને શરીરે મંદવાડ જણાવ્યો ને શ્રીરઘુવીરજી મહારાજને પોતાને પહેરવાની પાદુકાઓ આપીને કહ્યું કે, અમારા દેહોત્સર્ગના સ્થાને આ પાદુકાઓ સ્થાપન કરજો ને સૌ ધીરજ રાખજો. અમે પ્રત્યક્ષ છીએ. આમ, કહીને પોતે સંવત્ ૧૮૮૬ ના જ્યેષ્ઠ સુદિ ૧૦ ના દિવસે અંતર્ધાન થયા ને દત્તપુત્રોએ ઉત્તરકાર્ય કર્યુ અને વળી દાદાખાચર આદિકને અતિ શોકાતુર જાણીને પ્રત્યક્ષ દર્શન દિધા તથા કેટલાક ગામોમાં પણ દર્શન દીધાં અને શ્રીરઘુવીરજી મહારાજે દેહોત્સર્ગ સ્થાનને ઠેકાણે મંદિર કરી પાદુકાઓ સ્થાપી ને વરતાલમાં જ્ઞાનયજ્ઞ કર્યો. પછી બંને ગાદીના આચાર્યોએ જે જે ગામમાં મોટાં મંદિરો કરાવી મૂર્તિયો સ્થાપી તથા ગોપાળાનંદસ્વામીએ સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા

અને માણજ ગામના શ્રીમંત પાટીદારે વરતાલમાં વિષ્ણુયાગ કર્યો તે તથા આ ગ્રંથની ફલશ્રુતિ, ઈત્યાદિક લીલામૃત દશમા કળશમાં છે ને તેના વિશ્રામ ૨૦ છે. એ રીતે દસ કળશના ૩૩૨ વિશ્રામ છે.

**ગ્રંથનો તાત્પર્યાર્થ :-** આ ગ્રંથ નિષ્પક્ષપાતથી અને શુદ્ધ અંતઃકરણથી જે કોઇ વાંચશે અથવા સાંભળશે અને વિચાર કરશે તો તેના મનને નિશ્ચય થશે કે, સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે અને અસંખ્ય જીવોના કલ્યાણને વાસ્તે અને વેદ ધર્મ પ્રવર્તાવવાને અર્થે તેમણે મનુષ્ય દેહ ધારણ કર્યો છે.

બીજું શાસ્ત્રમાં કહ્યું છે કે, બે પ્રકારના જીવ છે. એક દૈવી સંપત્તિના અને બીજા આસુરી સંપત્તિના જીવ છે. જેમ હરણનું કે ગાયનું બચ્ચું જન્મતાંજ સ્વાભાવિક રીતે પોતાની માને ધાવવા વળગે છે, તેમજ દૈવી સંપત્તિના જીવ હોય તેના મનનું વલણ સ્વાભાવિક રીતે ઈશ્વર તરફ ને સદ્ધર્મ તરફ હોય છે અને સદ્‌ગુરૂનો તેને થોડોક ઉપદેશ મળે તો પણ તેને તરત તે વાતની ઘેડ બેસી જાય છે અને આસુરી સંપત્તિના જીવ હોય તેના મનનું વલણ અધર્મ તરફ ને નાસ્તિકભાવ તરફ સ્વાભાવિક રીતે હોય છે. કદાપી તેને સત્સંગનો ઘણો જોગ થાય અને તે સત્સંગી હોય તો પણ તેને ઉપર ઉપરથી સત્સંગનો રંગ લાગે, પણ અંતઃકરણમાં નાસ્તિક જેવો રહે તથા તેના મનમાં કુતર્ક ઘણા થાય. માટે શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે કહ્યું કે, આસુરી સંપત્તિના જીવ હોય તેને આ શિક્ષાપત્રી આપવી નહિ. તેમજ હરિલીલામૃત ગ્રંથ પણ આસુરી સંપત્તિના જીવને આપવા યોગ્ય નથી, તો પણ તે ગ્રંથની ઘણી પ્રવૃત્તિ થવાથી એવા આસુરી જીવના હાથમાં પણ આ પુસ્તક ગયા વગર રહેશે નહિ, તેથી તે વાંચીને કુતર્ક કરશે. એવા નાસ્તિક લોકો પોતાની નજરે દેખે અથવા પોતાની બુદ્ધિ પહોંચે એટલી જ વાત સાચી માને છે. પણ ભગવાનના અદ્‌ભુત ચરિત્રની વાત તેઓ માનતા નથી. પણ તેઓ વિચાર કરતા નથી કે, માણસમાં કેટલી શક્તિ પરમેશ્વરે મુકેલી છે તે પણ આગળથી કળી શકાતું નથી. જેમ





કે, વિજળીના તાર, આગગાડી થયાં ન હોતાં ત્યારે કોઇ એવી વાત કરે કે, એક દિવસમાં બસો અઢીસો ગાઉની મુસાફરી કરી શકે અથવા પા ઘડીમાં હજાર ગાઉ સંદેશા પહોંચાડી શકાય એવી જુક્તિ માણસ કરી શકે. તો તે વાત કોઇ માને નહિ, પણ તે વાત આજ આપણે નજરે જોઇએ છીએ. તો પરમેશ્વર અદ્‌ભુત ચરિત્ર કરે તેમાં શું આશ્ચર્ય છે ? તથાપિ કુતર્ક કરનારા એવી વાત માની શકે નહિ અને દૈવી સંપત્તિના જીવ હોય તેઓને પણ ભમાવે, માટે એવા પવિત્ર આત્માવાળાએ વિચાર કરવો કે, સ્વામિનારાયણમાં કેવું સામર્થ્ય હતું. સામર્થ્ય બે પ્રકારનું છે. એક માયિક સામર્થ્ય અને બીજું ઈશ્વરી સામર્થ્ય. તેમાં માયિક સામર્થ્ય શરીરના બળથી તથા ધનના બળથી તથા ચતુરાઈથી કરેલા કામ ઉપરથી જણાય છે. જેમ કે, આખી પૃથ્વીનું રાજ્ય મેળવવું ને ઘણાં માણસોને પોતાના તાબેદાર કરી લેવાં અથવા ચતુરાઈથી ચમત્કારી કારીગરી બનાવવી તે માયિક સામર્થ્યથી થાય છે; પણ લાખો માણસોનાં મન પોતાને વશ કરી લેવાં તે તો ઈશ્વરી સામર્થ્યથી જ થાય છે.

માણસ પોતાના મનને વશ કરી શકતો નથી, તેથી તેનું મન તેને અવળે રસ્તે ખેંચી જાય છે. તેથી ચોરી, વ્યભિચાર વિગેરે નઠારું કામ કરીને કેદમાં જાય છે, આબરુ ખુવે છે, ત્યારે તેના મનમાં ઘણો પસ્તાવો થાય છે ને સોગન ખાય છે કે, હવેથી મારે આવું કામ કરવું નહિ. તોપણ ફરીથી તેનું મન તેને એવે અવળે રસ્તે ખેંચી જાય છે. તો લાખો માણસના મનને વશ કરીને નિયમમાં રાખી શકે તે તો ઈશ્વર જ કરી શકે, અંગ્રેજ સરકાર હજારો રૂપીયાના પગાર આપે છે. તો પણ જો તે એવું કહે કે, હું પરમેશ્વર છું ને મારા નામની માળા ફેરવો તો તે વાત કોઇનું મન કબુલ કરશે નહિ. લાખો માણસ ખરા અંતઃકરણથી એવી સાક્ષી પુરે કે આ મહત્પુરૂષ પરમેશ્વરનો અવતાર છે. તો તે પરમેશ્વરનો અવતાર હોવો જ જોઇએ અને જો લાખો માણસનાં અંતઃકરણ એવું કબુલ કરે કે આ પરમેશ્વર તો નથી, પણ પરમેશ્વર પાસેથી આવેલો કોઇ મુક્ત છે તો જરૂર તે પરમેશ્વર પાસેથી જ આવેલા હોવો જોઇએ. પરમેશ્વરના

અવતાર પવિત્ર ભરતખંડમાં જ થાય છે. તથાપિ બીજા દેશોનાં માણસો ઉપર પરમેશ્વરની દયા જણાય છે. તેથી જે દેશમાં માણસોનો ભક્ષ કરે એવાં માણસો હોય તેવા દેશમાં પણ પોતાના કોઇ મુક્તને મોકલીને તેઓને કાંઇક ધર્મને રસ્તે ચડાવે છે. આજ પૃથ્વી ઉપર મોટા-મોટા ઘણા દેશ છે અને કરોડો માણસની વસ્તી છે. પણ કોઇ ઠેકાણાના એવા સમાચાર સાંભળવામાં આવતા નથી કે અમુક દેશમાં એક પુરુષ એવો છે કે લાખો માણસોના અંતઃકરણ કબુલ કરે છે કે તે પરમેશ્વરની પાસેથી આવેલો છે અથવા તે પરમેશ્વરનો અવતાર છે. એવા અવતાર તો ઘણે વર્ષે કોઇક જ ઠેકાણે થાય છે. અને તેનું ઐશ્વર્ય એવું હોય છે કે, માણસોથી બની શકે નહિ એવું કામ તે કરે છે.

ભગવાન સ્વામિનારાયણે સંવત્ ૧૮૩૭ ની સાલમાં છપૈયામાં જન્મ ધર્યો અને આશરે અગિયાર વર્ષની ઉંમર થતાં ઘરનો ત્યાગ કરીને સાત વર્ષ સુધી તીર્થોમાં ફરીને સંવત્ ૧૮૫૬ અઢારસો ને છપ્પનની સાલમાં સોરઠ દેશમાં લોજ ગામમાં આવ્યા. અને સંવત્ ૧૮૮૬ ની સાલમાં અંતર્ધાન થયા. કચ્છ, સોરઠ ને ગુજરાતમાં ત્રીસ વર્ષ રહ્યા. તેમાં એવાં મોટાં-મોટાં કામ કર્યા કે તે પ્રત્યેક કામ કરતાં બીજાને ત્રીશ ત્રીશ વર્ષ લાગે. પોતે સોરઠમાં આવ્યા ત્યારે એકલા હતા અને કોપીન ને તુંબડીભર હતા. પણ લાખો રૂપીયાનાં મોટાં મોટાં મંદિરો કર્યા અને હજારો રૂપિયા ખર્ચીને મોટા મોટા યજ્ઞ કર્યા અને તેમની હયાતીમાં સંસ્કૃત ને પ્રાકૃત એટલા તો ગ્રંથ રચાયા છે કે જો એક એક અધ્યાયની કથા રોજ વંચાય તો ત્રિશ વર્ષે પુરા વંચાઇ રહે નહિ. અને જ્યારે તેમણે દેહ મુક્યો ત્યારે આશરે બે હજાર સાધુ હતા. તેમાં દેવાનંદસ્વામી ને પદ્મનાભાનંદસ્વામી જેવા કેટલાક સંન્યાસીઓ મોટા બ્રહ્મજ્ઞાની હતા, તે પોતાનો મત છોડીને શ્રીજી મહારાજના આશ્રિત થયા. તથા કેટલાક કબીરીયા સાધુ તથા રામગલોલા જેવા મોટા જમાતધારી ખાખીઓ તથા રામાનંદી અને જૈન મતવાળાઓ પોતપોતાનો મત છોડીને સાધુ થયેલા છે. અને બોટાદના ભગાદોશી જે વિશા શ્રીમાળી વાણિયા જે હડહડતા ઢુંઢીયા હતા, તે





શ્રીજી મહારાજથી જ્ઞાનોપદેશ સાંભળીને તથા તેમનું અપરિમિત ઐશ્વર્ય જોઇને અંતે પોતાનો મત તજીને શ્રીજી મહારાજના અનન્ય આશ્રિત થયા. તેમજ બીજા ઘણા જૈન મતવાળા તથા વૈષ્ણવ મતવાળા ધંધુકાના વીશા મોઢવાણીયા હેમરાજ શાહ તથા ઠાસરાના નાગર વાણીયાઓ પણ શ્રીજી મહારાજને ખરા અંતઃકરણથી પોતાના ઈષ્ટદેવ માનવા લાગ્યા અને સુરતના ખાનબહાદુર અરદેશર કોટવાલ ઘણા હોશીયાર હતા. તેઓ શ્રીજી મહારાજની પાઘને પૂજતા હતા. અદ્યાપિ પર્યંત તે પાઘ તેમના ઘેર પૂજાય છે અને શ્રીજી મહારાજના નામની માળા ફેરવતા હતા. ખોજા અને મુમના તથા હસનભાઇ જેવા વહોરા લોકો વગેરે કેટલાક મુસલમાનો પણ પોતાનો મત છોડીને સ્વામિનારાયણનું ભજન કરતા હતા અને હજી પણ કરે છે. સ્વામિનારાયણે ભોળા લોકોને શિષ્ય કર્યા એમ નથી. પણ વડોદરાના શોભારામ શાસ્ત્રી તથા ત્ર્યંબકનાથ શાસ્ત્રી તથા રાજવૈદ્ય રામચંદ્ર તથા હરિશ્ચંદ્ર તથા અમોદના ભટ્ટ દીનાનાથ તથા લક્ષ્મીનાથ તથા શીયાણીના શિવરામ ભટ્ટ જેવા મોટા મોટા વિદ્વાનોના અંતઃકરણમાં પોતાનું પરમેશ્વરપણુ મનાવ્યું. અને આ વખતમાં કેટલાક પોતાની સ્ત્રી સાથે ટંટો થવાથી, ભૂખે મરવાથી બાવા થઇ જાય છે તે વાત જુદી છે. પણ સારું કુટુંબ છતાં ને સારો વૈભવ છતાં સ્વામિનારાયણના ઉપદેશથી વૈરાગ્ય પામીને ઘણા પુરૂષ ત્યાગી થયા છે.

એક સમયે સ્વામિનારાયણે ભુજમાં રહીને કેટલાક કાઠી તાલુકદારોને તથા ગરાશિયા વિગેરેને એવી આજ્ઞાના કાગળો લખ્યા કે, તમારે મુછો મુંડાવી ભગવાં પેરી સાધુ થઇ અમારી પાસે કચ્છમાં આવવું. તો તે આજ્ઞા માનીને તે જાગીરદારો સાધુ થઇને તેમની પાસે ગયા. આ વાત ઘણી પ્રસિદ્ધ છે છાની નથી. અને માણસોના મન ઉપર એટલી બધી સત્તા ચલાવવી તે પરમેશ્વર વિના બીજાથી બની શકે નહિ. જીવુબાઇ, લાડુબાઇ, રાજબાઇ આદિક રાજાની કુંવરીઓ તથા બીજી કેટલીક બાઇઓ સ્વામિનારાયણના ઉપદેશથી પંદર વર્ષની ઉંમરમાં સંસાર સુખ હરામ જેવું કરીને મોટા યોગીની પેઠે વરતતી. તે

શું સ્વામિનારાયણનું થોડું ઐશ્વર્ય છે ?

માણસને પોતપોતાના બાપદાદાનો ધર્મ એટલો સંમત હોય છે કે મરવાનું કબુલ કરે પણ ધર્મ છોડવાનું કબુલ કરે નહિ. દિલ્લીના એક બાદશાહે બે લાખ હિંદુઓને એક હારે ઉભા રાખીને ઉઘાડી તરવાર ઉગામીને કહ્યું કે, આ પલાવનો[1] નવાલો[2] ભરો નહિ તો માથું કાપી નાખશું. પછી જેઓએ નવાલો ભર્યો નહિ તેઓનાં માથાં કાપી નાંખ્યાં. તે માથા કપાતાં જોઈને પણ ઘણા હિંદુઓએ મરવાનું કબુલ કર્યુ. પણ ધર્મ છોડવાનું કબુલ કર્યુ નહિ. અને લાખ હિંદુઓનાં માથાં કાપી નાંખ્યાં. એવો ત્રાસ જોઈને કેટલાક મુસલમાનો થયા ખરાં, પણ ખરા અંતઃકરણથી થયા નહિ. તેઓ ખોજા, મુમના અને મોલેસલામ કહેવાય છે. કાચી બુદ્ધિવાળા એક બે જણ કાંઇ સ્વાર્થને લીધે ધર્મ છોડે તે વાત જુદી છે. પણ એક પુરુષ લાખો માણસના અંતઃકરણને વશ કરે તો તે ઈશ્વરી સત્તા કહેવાય. જેમ ફોજદાર, મામલતદાર, મુનસફ, જજ, કલેક્ટર વિગેરે સરકારી કામ કરનારા સરકાર કહેવાય છે, તેમજ ઈશ્વરી સત્તા જેનામાં થોડી કે વધારે જોવામાં આવે તેને ઈશ્વર કહેવાનો હિંદુ શાસ્ત્રમાં ચાલ છે. સ્વામિનારાયણને દેહ મુક્યાને સાઠ વર્ષ થઈ ગયા તોપણ હજી કોઇ કોઇ ઠેકાણે એવો ચમત્કાર જોવામાં આવે છે કે, જ્યારે કોઇ સત્સંગી દેહ મુકે છે ત્યારે સ્વામિનારાયણ તેને તેડવા આવે છે અને મરણ પથારીએ સુતેલો માણસ એવું બોલે છે કે, “મને સ્વામિનારાયણ તેડવા આવ્યા છે.” વળી કોઇ વખતે તો તેના પાડોશી સત્સંગી ન હોય તેમને પણ તે સ્વામિનારાયણ તથા તેમના સાધુ દેખાય છે તે શું થોડી વાત છે ? કેટલાક પ્રતિપક્ષી એવુ બોલે છે કે, એ તો મરનાર ઢોંગ કરે છે પણ ડાહ્યા માણસે વિચાર કરવો કે મરનાર માણસને કેટલી પીડા થાય છે, ત્યારે જીવ નીકળે છે. ગમે તેવો પાપી હોય તેને પણ તે વખતે પાપનો પસ્તાવો થાય છે ને કોઈની સાથે લડ્યો હોય તે માફી માંગે છે. એવી અવસ્થામાં કોઇને ઢોંગ કરવાનું સુજે ખરું ? ઇત્યાદિ સ્વામિનારાયણના ચમત્કારી ચરિત્ર આ ગ્રંથમાં વરણવેલાં છે તે સાંભળીને





સાંભળનારને નિશ્ચય થાય કે સ્વામિનારાયણ સાક્ષાત્ પરમેશ્વર છે, એ જ આ ગ્રંથનું તાત્પર્ય છે.

આ ગ્રંથ રચવાની ફલેચ્છા એવી છે કે, માણસો પરમેશ્વરનો મહિમા સમજીને તેની ભક્તિ કરે અને તે પરમેશ્વરને પ્રસન્ન કરવા સારુ સદ્ધર્મ પાળે તો શાસ્ત્રમાં કહ્યું છે કે, ધર્મે સહિત ભક્તિ કરે તેને આ લોકમાં તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય. તે એવી રીતે કે ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ તથા મદ્યપાનાદિક વ્યસન કરવું નહિ, કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ તથા અંતઃકરણથી ને દેહથી સ્વચ્છ રહેવું. જો એવો સદાચાર પાળે તો તેના શરીરમાં રોગ થાય નહિ, આળસ આવે નહિ, બુદ્ધિ બગડે નહિ. તેથી આ લોકમાં તેને સુખ તથા યશ મળે. વળી માત-પિતાની, ગુરુની, સંતની સેવા કરવી, પરોપકાર કરવો ને સર્વ પ્રાણી પર દયા રાખવી. જો એવી રીતે આપણે વરતીએ તો આ લોકમાં આપણને તથા બીજાઓને સુખ થાય અને પરમેશ્વર પ્રસન્ન થઈને પરલોકમાં અક્ષય સુખ આપે. રાજાના ડરથી માણસો ઉપરથી સારી ચાલ ચાલે પણ છાની રીતે તે ચોરી આદિકનું પાપ કરે, પણ જો પરમેશ્વર ઉપર તેની આસ્તા હોય તો તેના ડરથી છાનુ છપનું પણ પાપ કરે નહિ અને જાણે કે હું આંખ્યો મીંચીને મનમાં સંકલ્પ વડે પાપ કરીશ તે પણ પરમેશ્વર જાણશે.

કોઈ કહેશે કે, બીજા અવતારો થઇ ગયા અને તેમણે ગીતા આદિકમાં ધર્મ કહેલા છે. માટે તે પ્રમાણે પાળશે તો શું તેનુ કલ્યાણ નહિ થાય ? તો તેનું એમ છે જે જ્યારે સત્પુરૂષના ઉપદેશરૂપી બાણથી જેનું અંતઃકરણ વિંધાઈ ગયું હોય અને ઈશ્વર ઉપર ખરેખરી આસ્તા બેઠી હોય ત્યારે જ તેનાથી ધર્મ પાળી શકાય છે. જેમ સૂરજ અસ્ત થયા પછી કેટલોક કાળ જતાં અંધારું થઈ જાય છે. તેમજ ભગવાનનો અવતાર થઇ ગયા પછી કેટલેક કાળે શાસ્ત્ર તો તેનાં તે હોય છે. તોપણ તેથી કાંઇ અસર થતી નથી અને અધર્મનું ઘણું જોર વ્યાપે છે. ત્યારે ભગવાને ફરીથી અવતાર લેવો પડે છે. તે ગીમાં કહ્યું કે,

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।**

**અર્થ :** "હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મ ઝાંખો પડી જાય છે અને અધર્મનો ઉપાડો થાય છે ત્યારે હું જન્મ ધરું છું." કોઈ માણસ પોતાના મન વડે ઠેરાવ કરે કે, હું ધર્મ પાળીશ અને પરમેશ્વરને રાજી કરીશ. પણ તે માણસના મનના વિચાર સ્થિર રહેતા નથી અને તેના મનમાં તર્ક-વિતર્ક થયા કરે છે. માટે ભગવાને અવતાર ધરેલો હોય તેના પરાક્રમ સાંભળીને જો ખરેખરી આસ્થા બેસે તો જ તેનાથી ધર્મ પાળી શકાય. ધર્મ વિના ભક્તિ નિષ્ફળ છે ને ભક્તિ વિના ધર્મ નિષ્ફળ છે. તે વાત સ્વામિનારાયણે સ્પષ્ટ રીતે સમજાવી છે. અને તેનો પ્રત્યક્ષ દાખલો જુવો કે, સ્વામિનારાયણના આશ્રયથી તેના સાધુઓ કેવો ધર્મ પાળે છે ! ભાંગ, તમાકુ આદિક કોઈ પ્રકારનું વ્યસન કરતા નથી. અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે અને ધનનો સ્પર્શ કરતા નથી. એજ રીતે શંકરસ્વામીએ પણ સંન્યાસીઓના ધર્મ કહેલા છે પણ તે સંન્યાસીઓ આજ પાળી શકતા નથી અને ઉપર કહેલા સાધુઓ પાળે છે. તે સ્વામિનારાયણના પ્રતાપથી પાળી શકે છે એમ જાણવું. એજ રીતે તેમના ખરેખરા આશ્રિત ગૃહસ્થો છે તે પણ સ્વામિનારાયણને પ્રસન્ન કરવા સારુ દઢ ધર્મ પાળે છે, માટે એવા ઘણા લોકો સત્સંગી થાઓ અને આ લોકમાં તથા પરલોકમાં સુખ પામો એ જ આ ગ્રંથ રચવાની અમારી ફલેચ્છા છે. આ ગ્રંથમાં કાંઈ ભૂલ ચૂક રહી ગઈ હોય તો વિદ્વાન લોકો સુધારી લેશો. કહ્યું છે કે,

**शास्त्रकर्ताऽभवद्व्यासो लेखको गणनायकः ।**
**तयोश्च चलिता बुधिर्मनुष्याणां तु का कथा ।।**

**અર્થ :-** વ્યાસજી શાસ્ત્ર કરતા હતા અને ગણપતી લખતા હતા, તે બેઉમાં ભૂલ આવી, તો માણસની શી વાત કહેવી ?

***- ધ.ધૂ.આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ.***





## સનાતન ધર્મધુરંધર આચાર્ય ચુડામણિ

## શ્રી વિહારી લાલજી મહારાજનું જીવન

**પગે લાગું માંગુ વરદ તવ પાસે વર સદા,**
**તમારી માયાથી મન નવ થશો ક્ષોભિત કદા;**
**અહંતા આ લોકે તન ધન વિષે તો નવ થશો,**
**તમારા અંઘ્રીમાં મુજમન સુખે સતત વસો.**
**તમારા ભક્તોનો અવગુણ ન આવે ઉર વિષે,**
**તમારી આજ્ઞાઓ કદિ પણ ઉલ્લંઘી નવ દિસે;**
**તમારા સંતોનું સતત મુજથી સેવન થજો,**
**તમારા ભક્તોમાં હરિવર સદા હેત જ હજો.**

(ક.૧૦, વિ.૨૦)

જેમણે હરિલીલામૃત જેવો મહાગ્રંથ સત્સંગને ભેટ ધર્યો. શ્રીહરિની તમામ પ્રસાદિની વસ્તુઓનો સંગ્રહ કરી સર્વે જનોને દર્શન થાય તેવી વ્યવસ્થા કરી. ગઢપુર લક્ષ્મીવાડીએ શ્રીજી સમાધિ સ્થાને સ્મૃતિ મંદિર બંધાવી આપ્યું. મહાન પ્રસાદિભૂત તીર્થરાજ ગોમતીના ત્રણ દિશામાં ઘાટ રાજુલાથી પથ્થર મંગાવી બંધાવ્યા.

આ સંપ્રદાયના ચાર અજોડ કાર્યો કર્યા છતાં જેઓ ગદ્ગદ્ભાવે પ્રભુ પાસે માંગતા રહ્યા, "હે નાથ ! આપની માયામાં ક્યારેય મારુ મન ક્ષોભ ન પામે. આ લોક કે તન-ધનમાં ક્યાંય અહંભાવ ન થાય. ક્યારેય ભક્તોનો અવગુણ ન આવે. આજ્ઞા બહાર પગ ન મુકીએ. તમારા ભક્તોમાં ગાઢ પ્રીતિ થાય, સદાય સંતોની સેવા થાય અને આપના ચરણાર્વિંદમાં મુજ મન ગુલતાન રહો." આવા નમ્રતાના નિધિ સમા આચાર્ય પ્રવર શ્રી વિહારીલાલજી મહારાજને અમારા કોટી કોટી પ્રણામ....

આ કળિકાળમાં સર્વે જીવોનું આત્યંતિક કલ્યાણ સરળ અને સુલભ બને એવા હેતુથી અતિ કરૂણા કરી શ્રીજી મહારાજે આ સંપ્રદાયની સ્થાપના કરી. કરોડોના કલ્યાણની વાટ વહેતી મુકી. સેંકડો સંતો-પરમહંસો, લાખોહરિભક્તો, ગગનચુંબી મહામંદિરો, સત્શાસ્ત્રો વગેરે મહાન વારસો સમાજને ભેટ આપ્યો. અને અનંત મુમુક્ષુઓનું બ્રહ્માંડ રહે ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ ચાલુ રહે એવું સુંદર આયોજન કર્યું.

શ્રીહરિ પોતાના સગા-સબંધિઓથી અત્યંત વિરક્ત અને નિસ્પૃહ હતા. તેમને સંબંધિમાં લેશમાત્ર પ્રીતિ ન હતી. છતા તત્કાલિન મુક્તાનંદાદિક ઉદાર સાધુઓની વિનંતી અને આગ્રહને આધિન થઇ શ્રીજીએ ધર્મકુળમાં સંપ્રદાયના વ્યવહાર કાર્યના સંચાલન માટે આચાર્યપદની સ્થાપના કરી. આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આ બંને આચાર્યશ્રીઓ અત્યંત ગુણિયલ અને આચાર્યપદને શોભાવનાર મહાપુરુષો હતા. તેઓ હંમેશા સત્સંગ પરાયણ જીવન જીવતા. મોટા સદ્‌ગુરુઓ સાથે અનહદ પ્રેમ રાખતા, નિત્ય કથા શ્રવણ કરતા. આમ પોતાની આગવી આધ્યાત્મિક પ્રતિભાથી એ બંને આચાર્યશ્રીઓએ તમામ સંતો-ભક્તોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને સંપ્રદાયમાં અતિશય આદર અને પ્રીતિનું પાત્ર બન્યા હતા. તેમાં વડતાલ ગાદીના તૃતિય આચાર્ય એટલે ધર્મકુળભૂષણ શ્રી વિહારીલાલજી મહારાજ.

તેમનો જન્મ અયોધ્યા પાસે મોસાળ દુબોલી ગામે વિ.સં.૧૯૦૮ ચૈત્ર વદી અમાસના દિવસે થયો હતો. પિતાનું નામ કૃષ્ણપ્રસાદજી અને માતાનું નામ ચતુરાસીદેવી હતું. જન્મ બાદ સં.૧૯૧૫ માં ચૈત્રી પૂર્ણિમાના સમૈયે તેમના માતા-પિતા આ તેજસ્વી બાળક સાથે વડતાલ પધાર્યા હતા. ભાવિ અર્થના વિજ્ઞાતા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા મોટા મોટા સદ્‌ગુરુઓ આ તેજસ્વી બાળકને જોઇને પ્રસન્ન થયા. શ્રી રઘુવીરજી મહારાજે કહ્યું, આ બાળકને સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી પાસે લઇ જાઓ. તેમના



આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજનું જીવનચરિત્ર

આશીર્વાદ અપાવો તથા તેમની પાસે વર્તમાન ધરાવો. આચાર્યશ્રીની ઇચ્છા મુજબ બાળ વિહારીલાલજીને ગુણાતીતાનંદસ્વામી પાસે લાવ્યા. સ્વામીએ તેમને વર્તમાન ધરાવી કંઠી બાંધી આશીર્વાદ આપ્યા.

વિ.સં.૧૯૧૬ માં મહા સુદ પાંચમને દિવસે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે બાળ વિહારીલાલજી મહારાજને યજ્ઞોપવિત તથા વૈષ્ણવી દીક્ષા આપી. તેઓ ઘણીવાર સદ્.શ્રી ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા જતા અને સ્વામીની વાણીથી તેમના તમામ સંશયો નષ્ટ થયા અને શ્રીજી મહારાજના અતિ પ્રીતિપાત્ર તેઓ બન્યા હતા. આ વાતને વર્ણવતા ખુદ આચાર્યશ્રી જ હરિલીલામૃતના પ્રારંભમાં સ્વામીને વંદના કરતા કહે છે,

**મને સત્સંગીના નિયમ શુભ આપી સુખી કર્યો,**
**દયા આણી વાણી વદી શુભ વળી સંશય હર્યો;**
**કર્યો એવો જેવો વૃષકુળપતિને મન ગમુ,**
**ગુણાતીતાનંદ સકળ ગુણકંદ નમું નમું.**

રઘુવીરજી મહારાજને વિહારીલાલજી મહારાજ ઉપર અતિ અમીદૃષ્ટિ હતી. તેથી સદા તેમને પોતાની પાસે રાખ્યા અને વિદ્યાભ્યાસ કરાવ્યો. અભ્યાસમાં અતિ તેજસ્વી આ બાળકે ઉમરેઠના વિદ્વાન વિષ્ણુરામ પાસે વેદાભ્યાસ કર્યો તથા પંડિત ભોળાનાથ તથા શાસ્ત્રી શ્રી માધવદાસ પાસે વ્યાકરણ, કાવ્ય, પુરાણ, વેદાંત, ગીતા, ભાગવત આદિક ધર્મશાસ્ત્રોનો á BÒãÖ »Óä“कर्तव्य सत्शास्त्राभ्यास आदरात् ” આ શ્રીજીની શિક્ષાપત્રીની આજ્ઞાને સાર્થક કરી અને અભ્યાસની સાથોસાથ સંતોનો સંગ કરીને સંતોને આદર થકી માનવા આ આજ્ઞાને પણ સાર્થક કરી. બાલ્યાવસ્થાથી જ સદ્‌વિદ્યા સાથે સંતસમાગમથી મેળવેલ વિનય, વિવેક, શ્રદ્ધા, સદ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સેવા જેવા મહાન ગુણોથી તત્કાલીન મહાન સદ્‌ગુરુઓ અને આચાર્યશ્રીની ખૂબ પ્રસન્નતા મેળવી.

રઘુવીરજી મહારાજ નિર્વંશ હતા. તેથી તેમના અનુગામી આચાર્ય તરીકે

પોતાના મોટાભાઈ બદરીનાથના પુત્ર ભગવત્પ્રસાદજી મહારાજની આચાર્ય તરીકે નિયુક્તિ કરી. વિ.સં.૧૯૨૨ માં શ્રી વિહારીલાલજીના પિતા કૃષ્ણપ્રસાદજી અચાનક અક્ષરવાસી થયા. તેથી પિતામહ ગોપાળજીએ તેમના લગ્ન કરાવ્યા. ત્યારબાદ તેઓ આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજની સાથે જ રહ્યા. સદ્ગુણો અને સેવાથી તેમને ખૂબ પ્રસન્ન કર્યા. તેઓ પણ નિર્વંશ હોવાથી શ્રી વિહારીલાલજી મહારાજને પોતાના દત્તકપુત્ર તરીકે લઈને વિ.સં.૧૯૩૫ શ્રાવણ વદ આઠમને દિવસે તેમને આચાર્યપદે નિયુક્ત કર્યા. ત્યારબાદ બે જ દિવસમાં શ્રાવણવદ દશમના રોજ આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અક્ષરવાસી થયા.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ અત્યંત વિદ્યાપ્રેમી અને સંતોના સંગી હતા. તેમનામાં શ્રીજી મહારાજે સત્સંગિજીવનમાં તથા શિક્ષાપત્રીમાં કહેલા આચાર્યપદને શોભાવનારા તમામ ધર્મો, સદ્ગુણો અને સમજણ હતી. તેથી તમામ સંતો-ભક્તોની ટૂંક કાળમાં પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ગાદીએ બેઠા બાદ તેમણે પ્રથમ મહત્વનું કાર્ય, ભગવત્પ્રસાદજી મહારાજે વડતાલમાં સ્થાપેલી પાઠશાળામાં સુધારા વધારા કરી તેમાં સંપ્રદાયના સંતોને વધુ વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરી. તેવી જ રીતે ગઢપુરમાં પણ પાઠશાળાની સ્થાપના કરી વિદ્યા ઉત્તેજનનું કાર્ય કર્યું. વડોદરાના પ્રસિદ્ધ શાસ્ત્રી ત્ર્યંબકનાથજી તેમના પુત્ર શાસ્ત્રી બદ્રિનાથજી વગેરે પાસે સંતોને ઉંડો વિદ્યાભ્યાસ કરાવ્યો. ત્યારબાદ જુનાગઢના પ્રસિદ્ધ પંડિત મટુશાસ્ત્રી પાસે સંતોને વ્યાકરણ, કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. એવા અન્ય વિદ્વાનો ઈન્દોરના પ્રસિદ્ધ વિદ્વાન ગોપાળશાસ્ત્રી, દ્રાવિડદેશના રામાનુજ સંપ્રદાયના પંડિત શાસ્ત્રી કૃષ્ણાચાર્ય વગેરે વિદ્વાનો શોધીને તેમને સંપ્રદાયની સેવા માટે પ્રેર્યા. ગોપાળશાસ્ત્રીની હયાતીબાદ પાઠશાળાના અધ્યક્ષ તરીકે મધ્વ સંપ્રદાયના મહાન પંડિત શ્રી રંગાચાર્યને નિયુક્ત કર્યા. આમ "પ્રવર્તનીયા સદ્વિદ્યા" શિક્ષાપત્રીનો આદેશ તેમણે યથાર્થ ઝીલ્યો હતો.





## આચાર્યશ્રીની લાક્ષણિકતા :-

શ્રીજી મહારાજ સમયે ૨૦૦૦ ઉપરાંત સંતો હતા. છતા જેનું વર્તન વાતો કરે અને જેનું જીવન ઉપદેશ આપતું હોય એવા સમજુ, જ્ઞાની અને વર્તનવાળા સંતોને જ સદા સાથે રાખતા અને ઘણીવાર કહેતા કે,"જે એમ સમજતો હોય કે આપણે તો બધાય સાધુ સરખા છે, કેને સારો નરસો કહીએ ? તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો." (ગ.મ.૬૦) આ વિવેક આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજને ખૂબ જ હતો. કેમ જે, તેમનું જીવન અતિ પવિત્ર હતું. વળી, પોતે સત્શાસ્ત્રોના વ્યસની હતા અને નાનપણથી જ સાચા સંતોના સંગી હતા. સ્મૃતિમાં એમ કહ્યું છે કે,

**आचिनोति च शास्त्रार्थानाचरे स्थापयत्यपि ।**
**स्वयमाचरते यस्मादाचार्यस्तेन चोच्यते ॥**

શાસ્ત્રોના રહસ્યોને પ્રથમ સમજી પોતાના જીવનમાં ઉતારે પછી શિષ્યોને તે પ્રમાણે વર્તાવે તેને આચાર્ય કહેવાય. શ્રીજી મહારાજમાં આ ખાસ ગુણ હતો. પ્રથમ પોતાના જીવનમાં ઉતારી પછી જ અન્યને ઉપદેશ આપતા. આ શ્રીહરિનો બેઠો ગુણ આચાર્યશ્રીમાં હતો. વળી, શ્રીહરિ વિશેષતા વર્ણવતા કહે છે કે,

**આચાર્ય ધર્મ થકી જ શોભે, શોભે નહિ દ્રવ્ય વિશેષ લોભે,**
**આચાર્ય જો વૈભવથી મનાય, તો સર્વ શ્રીમંત જનો પૂજાય.**
**માહાત્મ્ય જાણો વળી સંત કેરુ, હું જાણું છું તેહ તણું ઘણેરુ.**
**સંત પ્રતાપે સત્સંગ થાય, સંત પ્રતાપે શુભ સંપ્રદાય.**
**કહે મળી સદ્ગુરુ પંચ સંત, કે પંચ સત્સંગી સુબુદ્ધિમંત,**
**તે વાતને અંતર માની લેવી, ક્રિયા સદાયે કરવી જ એવી.**

**(હ.લી.ક.૮ ,વિ.૪૭)**

સમર્થ થકા જરણા કરવી તે મોટી સામર્થી છે. ગાદીએ બેઠા પછી પૂ.વિહારીલાલજી મહારાજે સંપ્રદાયના અનેક મોટા મોટા કાર્યો કર્યા પરંતુ

સદૈવ મોટા સંતો-ભક્તોને સાથે રાખી સહુના દિલ જીતીને કાર્યો કર્યા હતા. તેથી જ તેમનું જીવન જોઇને મોટા મોટા પણ ખેંચાઈ આવતા અને ગુણ લઇને જ જતા. અને તત્કાલિન જુદા જુદા રાજ્યોના રાજાઓમાં પણ તેઓ ખૂબ આદર સન્માન પામ્યા હતા. વિ.સં.૧૯૪૪ માં મુંબઇના બ્રિટિશ ગવર્નર લોર્ડ રે વડતાલ ખાસ દર્શનાર્થે આવ્યા ત્યારે તેઓ પણ પૂ.આચાર્ય મહારાજને મળીને સંપ્રદાયની ઉંડી છાપ લઇને ગયા હતા. આવું તેમનું પ્રતિભા સંપન્ન વ્યક્તિત્ત્વ હતું.

સંપ્રદાયના ત્યાગી સંતોની સેવામાં પણ તેઓશ્રી સદા તત્પર રહેતા અડધી રાતે ઉઠીને માંદા સંતોની ખબર લેવી, સેવા કરવી કરાવવી આવી તેમનામાં નમ્રતા હતી. રોગાતૂર ત્યાગી-ગૃહી માટે એક હોસ્પિટલ પણ બંધાવી હતી. વળી, સાંખ્યયોગી બહેનો માટે વારે વારે શ્રીહરિ જ્યાં ઉતારો કરતા તે વાસણ સુથારના પ્રસાદીના ઘરમાં સુંદર હવેલી બંધાવી આપી હતી.

પોતે વિદ્યા વ્યસની, વિદ્વાનોને લાડ લડાવનારા અને સંતોને સુખ આપનારા હતા. આચાર્ય પદને શોભાડનારા શમ-દમાદિક સર્વે સદ્‌ગુણો તેમનામાં હતા. આધ્યાત્મિક ગ્રંથોના સિદ્ધાંતો તથા રહસ્યોને સમજવાની અને બીજાને સમજાવવાની અપૂર્વ બુદ્ધિ પ્રતિભા તેમને પૂર્વ જન્મની હતી. યાદ શક્તિ પણ અનુપમ હતી. એકવાર કોઇ સંતો-ભક્તોનું નામ જાણ્યું હોય તો વર્ષો પછી તે સંત-ભક્ત મળવા આવે ત્યારે તેમને તેનું નામ લઇને બોલાવતા. તેથી તે ચકિત થઇ જતા. અતિ મિતભાષી અને મધુરભાષી હતા. સ્વભાવ એવો મૃદુલ અને સરળ હતો કે, તેમની સમીપે જવામાં કે સ્વપરિચય આપવામાં કોઇને ભય કે સંકોચ લાગતો નહિ. તેમની દયાળુતા, વિશાળતા, ઉદારતા, નિર્દોષતા અને નિખાલસતા પણ ઉદાહરણીય હતી. તેમણે ક્યારેય કોઇનો દ્રોહ થાય કે અભાવ-અવગુણ આવે તેવું વર્તન કર્યુ નથી. સદૈવ દતાત્રેયની પેઠે ગુણગ્રાહી બનીને સત્ય





પ્રધાન જીવ્યા હતા. પોતાનું જીવન પણ અતિ સાદુ, રજોગુણ વિનાનું અને સત્સંગિજીવન પ્રમાણે હતું. ધૈર્ય અને ક્ષમાશક્તિ પણ દ્રઢ હતી. ઉચ્ચ સ્થાને હોય, અકારણ ઘણા આક્ષેપો તથા વિક્ષેપો આવતા. છતાં તેઓ દઢ ધૈર્ય ધારી રાગ-દ્વેષથી પર રહ્યા હતા. જે અન્યને માટે આદર્શરૂપ છે. શરીરે સહજ પુષ્ટ અને શ્યામવાને હતા. સર્વે અવયવો અતિ રમણીય અને સુંદર હતા. તેમને બે ધર્મ પત્નીઓ હતી.

**સત્સંગ વિચરણ :-**

પૂ.પાદ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ સત્સંગપ્રેમી અને સત્સંગ વર્ધક હતા. તેથી જ તેમને ગઢપુર, રાજકોટ, વડતાલ વગેરે સ્થળોએ સત્સંગિજીવનનો અપાર મહિમા સમજી તેની પારાયણો કરાવી હતી. વડતાલ, રાજકોટ વગેરે સ્થળોએ મોટા વિષ્ણુયાગ કરાવ્યા હતા. તેમજ જુનાગઢ મંદિર ઉપર કળશ ચડાવ્યા. ધોલેરામાં પ્રસાદીની જગ્યા ઉપર બેઠક બનાવી તેના ઉપર ચરણાર્વિંદ પધરાવ્યા. સુરત, ભરૂચ વગેરે મંદિરોમાં વિશેષ દેવોની પ્રતિષ્ઠાઓ કરી તથા અન્ય સ્થળોએ પણ મંદિરો બંધાવી મૂર્તિઓ પધરાવી. ભાવી ભક્તોના કલ્યાણ માટે શ્રીહરિએ કરેલ મંદિર નિર્માણકાર્યનું પ્રોત્સાહન આપ્યું હતું. વળી, ગઢપુરમાં લક્ષ્મીબાગમાં શ્રીહરિના અંતિમ સંસ્કાર થયા હતા તે સ્થળે મંદિર બંધાવી પ્રશંસનીય પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો હતો. આમ, સંપ્રદાયના વિસ્તાર માટે ખૂબ યોગદાન આપ્યું હતું. વળી, સત્સંગ વિચરણ કરી અનેક મંદિરો બંધાવ્યા તેમાં ભક્તોના કલ્યાણ માટે મૂર્તિઓ પધરાવી. અંતે શ્રીજીએ સ્વયં ખોદાવેલી મહા પ્રસાદીભૂત ગોમતી સરોવરનું રાજુલાથી મજબુત પથ્થરો મંગાવી જંગી ખર્ચે લાંબા સમય સુધી રહે એવા મજબુત ત્રણ બાજુ ઘાટ બંધાવ્યા. તેમજ ઘણા સ્થળે સ્મરણીય પૂર્તકર્મો કરાવ્યા.

પાઠશાળાઓ સ્થાપી સદ્‌વિદ્યાનું દાન કર્યુ. વળી, તેમનું અમુલ્ય પ્રદાન એ હતુ કે, શ્રીજી મહારાજની પ્રસાદીભૂત તમામ દિવ્ય વસ્તુઓનો

અપાર મહિમા જાણી, ગામડે ગામડે ફરી મહા મહેનત કરી ઘણા રૂપિયાનો ખર્ચ કરી મોટો સંગ્રહ કર્યો. આ કાર્યમાં ઘણા ધનલોભી સત્સંગીઓ તેમની ટીકા પણ કરતા, તેની પરવા કર્યા વિના ભાવી ભક્તોના સુખાર્થે અને દર્શનાર્થે તમામ પ્રસાદીની વસ્તુઓ એકત્રીત કરી તે સુરક્ષિત રહે તેવું અક્ષરભુવન બંધાવવાની રચના કરી. આ તેમની સદા પ્રશંસનીય અને સ્મરણીય સેવા સત્સંગ સમાજ ક્યારેય નહિ ભુલે.

**સદ્ગ્રંથોની રચના :-**

સદ્ગ્રંથોથી જ સંપ્રદાયની પુષ્ટી થાય છે,

**કદિ દેશ તો ઉજ્જડ થાય, કદિ મંદિરો તો પડી જાય;**
**પણ ગ્રંથ અચળ રહેનાર, સંપ્રદાયનો એ છે આધાર.**

સંપ્રદાયનું અમુલ્ય સાહિત્ય રચવા તથા રચાવવામાં તેઓ સદા તત્પર રહેતા. તેમણે સંપ્રદાય શુદ્ધિ, દીક્ષા પદ્ધતિ, ઉન્મત્ત ગંગા માહાત્મ્ય, સત્સંગિજીવનની સંક્ષિપ્ત ભાવ પ્રબોધીની ટીકા, શ્રીમદ્ ભાગવતગીતાની સરળ ગુજરાતી ટીકા, આચાર્ય ચન્દ્રોદય, કિર્તન કૌસ્તુભમાળા વગેરે સંસ્કૃત-પ્રાકૃત સદ્ગ્રંથો રચેલા અને શ્રીઅચિંત્યાનંદ વર્ણી વગેરે પાસે પણ રચાવેલા છે. વળી, તેઓનો અમુલ્ય પ્રદાન સમો મહામૂલો ગ્રંથ એટલે હરિલીલામૃત. વળી, આ ગ્રંથ આજેય સંપ્રદાયમાં ઘરોઘર અને મંદિરોમાં ભક્તિ ભાવપૂર્વક ગવાય છે. આવો ગ્રંથ રચાવતા આચાર્યશ્રી સ્વયં શાસ્ત્રોના અભ્યાસમાં અખંડ નિમગ્ન રહેતા અને તમામ સાંપ્રદાયિક પ્રવૃત્તિને પણ ગૌણ કરી હરિચરિત્રમાં ગુલતાન રહેતા ત્યારે આ ગ્રંથ રચાયો છે. આ પણ તેમનું બહુ મોટું પ્રદાન છે. તેઓએ જીવન પર્યંત સંસ્કૃત-પ્રાકૃત વગેરે ગ્રંથો રચવા-રચાવતા, સંતો પાસે લખાવતા, સંશોધન કરાવવું, છપાવવા વગેરે કાર્ય ભાવિ ભક્તોના કલ્યાણ માટે અતિ જહેમત ઉઠાવી કર્યુ હતું. અને આ કાર્યમાં સદૈવ તેમણે સુજ્ઞ અને વિદ્વાન સંતોને સાથે રાખ્યા હતા.

વિ.સં.૧૯૫૫ માં સત્સંગની સેવા કરતા કરતા તેમની જીવનયાત્રા





અંતિમ આરે પહોંચી. તે વર્ષે દુષ્કાળ હતો. તેથી શ્રીહરિની આજ્ઞા મુજબ ગરીબોને ખૂબ અન્નાદિકનું દાન કરાવ્યું હતું. શ્રાવણ સુદ પુનમને દિવસ તેઓ બિમાર પડ્યા. મુંબઇ તથા અન્ય શહેરોના પ્રતિષ્ઠિત ડોક્ટરોની દવાથી પણ આરામ ન જણાતા અંતે સર્વેમાંથી વૈરાગ્ય પામી મૃત્યુ સમય સમીપ જાણી તત્કાલીન મહાન સદ્ગુરૂઓ, બુદ્ધિમાન સત્સંગીઓ અને કોઠારી શ્રી ગોરવધનભાઈને અંતિમ ભલામણો કરી. પોતે નિર્વંશ હોવાથી વડતાલ ગાદીનું વીલ કોઠારીને કરી ટ્રસ્ટીઓના હાથમાં તેમને વ્યવહાર સોંપ્યો. અને પોતાના કાકા પાંડે નારણદત્તના સુપુત્ર લક્ષ્મીપ્રસાદજીને દત્તક લઈ સ્વસ્થાને બેસાડવાની વ્યવસ્થા કરી અને લક્ષ્મીપ્રસાદજી ઉંમરલાયક થાય ત્યારે તેમને વ્યવહાર સોંપવાનું જણાવ્યું. ઉપરાંત હરિલીલામૃત ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરવો. ગોમતી સરોવરનો ઉગમણો ઘાટ અધૂરો છે તેનું નિર્માણ કરવું તથા પોતે એકત્ર કરેલી પ્રસાદીની વસ્તુઓના સહુને દર્શન થાય તે રીતે અક્ષરભુવન પૂર્ણ કરી ત્યાં મુકવી. સંપ્રદાયના ઉપરોક્ત કાર્યમાં પૂર્ણ સહયોગ આપવાની પોતાની બંને પત્નિઓને ભલામણ કરી. આમ, અંતિમ શ્વાસ સુધી સંપ્રદાયની અણમોલ સેવા કરી અંતે ભગવદ્ સ્મૃતિ સાથે વિ.સં.૧૯૫૫ ના ભાદરવા સુદ ૮ ના રોજ તેઓ ક્ષરદેહનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા.

***- સાધુ અચ્યુતદાસ.***

## પ.પૂ.શ્રી ભજનપ્રકાશદાસજીસ્વામીનું જીવન

### સ્વામિનારાયણ સંપ્રદાય એટલે :-

સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સંતરૂપી રત્નોની ખાણ. સદ્‌ગુણોથી મ્હેંકતા સંતોનો ખીલેલો બાગ, મોક્ષાતુર ને અમૃત સમાન જ્ઞાન આપતુ મોક્ષનું પરબ. હૈયાને શાંતિ આપતું અને સુખીયા કરતું કલ્પવૃક્ષ, થાકેલા ને વિશ્રાંતી તથા ભુખ્યાને મુક્તિના મીઠા ફળ આપતું સદાવ્રત.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલના ૧૯ માં વચનામૃતમાં સ્વમુખે કહ્યું છે કે, "આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી પર વિચરતા હોય. તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. અને એ જીવનું પરમ કલ્યાણ થાય છે.

આપણે મહાભાગ્યશાળી છીએ, જેથી મનુષ્ય જન્મ મળ્યો. તે સમયે ભગવાન શ્રીહરિ જેવા સંતની વાત કરે છે એવા અખંડ ભગવાન પરાયણ સંતોનો જોગ થયો છે. પ્રભુ પ્રાપ્ત અનેક સમર્થ સંતોએ આ સંપ્રદાય અને સત્સંગની શાન વધારી છે. કંઈક આવા જ પ્રકારના સંતત્વની અનુભૂતિ કરાવનાર સંત એટલે અ.નિ.શ્રી ભજનપ્રકાશદાસજીસ્વામી, કે જેમની ત્યાગાશ્રમની ફક્ત તેર વર્ષની સફળ જીવન યાત્રા આજે અનંત મુમુક્ષુઓને આદર્શરૂપ છે. ભગવાન ભજવા અને ભજાવવા, પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ કરવી અને કરાવવી આ એમની મંઝીલ હતી. આ તેમની મંઝીલે હસતા હસતા સહજતાથી પહોંચેલા વિરલ સંત એટલે પૂજ્ય ભજનપ્રકાશદાસજીસ્વામી.

### અશોકનો જન્મ અને બાળપણ :-

સોરઠની પવિત્ર ભૂમિમાં અમરેલી જીલ્લાના સાવરકુંડલા ગામે તા.૧૦/૬/૧૯૭૪ સંવત્ ૨૦૩૦ જેઠ વદ પાંચમના દિને આ મુક્તાત્માનું પ્રાગટ્ય





થયું. પિતા ડાયાલાલ અને માતા દેવુબેને તેમનું નામ અશોક કુમાર આપ્યું. તેમને ત્રણ બહેનો અને એક ભાઈ હતા. સત્સંગી કુટુંબમાં જન્મ થતાં પૂર્વના સંસ્કાર ખીલવા લાગ્યા. મંદિરમાં આવતા અનેક સંતોની પણ કૃપા દૃષ્ટિ આ તેજસ્વી કુમાર પર હતી. નાનપણથી જ તેઓ મંદિરે સત્સંગ મંડળમાં જતાં. અશોક તબલા વગાડતો અને મધૂર વાણીએ ભજન લલકારતો, "જગત મેં જીવના થોરા; ન ભૂલે દેખી તન ગોરા." નાનપણથી જ આ કીર્તન તેમને અતિ પ્રિય હતું. અને તેથી જ સંસારમાં તેઓ જળકમળવત્ સદા નિર્લેપ રહ્યાં. નાનકડા અશોકને સંતો બહુ ગમતા અને ધૂન-ભજન કથા-વાર્તામાં એમને ખૂબ મજા આવતી.

### ધંધાર્થે મુંબઈ :-

છ ધોરણ સુધી અભ્યાસ કરી પિતાશ્રીની ઈચ્છાથી ધંધાર્થે સોળવર્ષની વયે મુંબઈ ગયા. ટુંક સમયમાં તેઓ સફળ થઈને એક હીરાની ફેક્ટરીમાં મેનેજર તરીકે કામે લાગી ગયા. ત્યાં દહિંસરમાં પ્રવિણભગત ઓળીયા સત્સંગમાં કથા કરતા. તેમના યોગે તેઓને ઘણુ બળ મળ્યુ. ત્યારબાદ કો.મુકેશભાઈ તથા બાલુભાઈ વિગેરે સત્સંગીઓના યોગમાં આવતા સેવા, સ્નેહ, સંયમ અને ભક્તિમય દિવ્ય વાતાવરણમાં તેમના અંતરમાં વૈરાગ્યનો કેસરીયો રંગ ઘૂંટાવા લાગ્યો અને પ્રભુ મિલનની તાલાવેલી જાગી. પરંતુ સત્સંગમાં સાંભળ્યું હતુ અને શાસ્ત્રમાં વાંચ્યુ હતુ કે, સાચા સંતનો યોગ થયા વિના અને તેઓને સાચા ભાવે જીવ સોંપી, મન-કર્મ-વચને તેઓની આજ્ઞા પાળ્યા વિના વાસના બળે નહિ, સ્વભાવ પણ ટળે નહિ ને મોક્ષ થાય નહીં.

### સદ્‌ગુરુની શોધમાં :-

એવામા કોઈના દ્વારા ગવાતા આ શબ્દો તેમના કાને પડ્યા.

*ભેટો કરાવે ભગવંતનો, સંગ કરજો એવા સંતનો.*
*વ્હાલ ભરી કરે વાત વ્હાલાની, હોંસ ભરેલા હૈયે,*
*કરુણા દગથી જીવને જુએ, મોક્ષ કરે સહુ જંતનો..સંગ કરજો.*

આ શબ્દોએ અશોકનું હૃદય ખળભળાવી નાખ્યું અને પ્રભુમિલનની તાલાવેલીને કારણે તેમનું અંતર પોકારવા લાગ્યું,

*કરુ ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશજી;*
*કોઈ રે ઉગારે મને કાળથી, સોંપુ તેને આ શિશજી.*

**સદ્‌ગુરુની પ્રાપ્તિ :–**

એવા સત્‌પુરૂષનો યોગ તેમને સત્તર વર્ષની ઉંમરે થયો. પૂ.પાદ સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી-કુંડળવાળાની મુંબઇ બોરીવલ્લી ખાતે સત્સંગિજીવનની પારાયણ યોજાણી. ત્યાં તેમને સ્વામીશ્રીની પ્રથમ મુલાકાત થઇ. ગોપાળાનંદસ્વામીની વાતોમાં કહ્યું છે કે, મુમુક્ષુ હોય તે જ સત્‌પુરૂષને ઓળખી શકે અને તેમને જીવ સમર્પી શકે. આ મુમુક્ષુએ સત્‌પુરૂષને યથાર્થ ઓળખી લીધા અને સદ્‌ગુરુએ પણ તેમનું હિર પારખ્યું. અંતરમાં પ્રભુ મિલનની તીવ્ર ઝંખના હતી અને તે કાર્ય સિદ્ધ કરાવી આપે એવા પ્રગટ સંતનો ભેટો થતાં તેમનું અંતર મન નાચી ઉઠ્યુ. પૂર્વના પુણ્ય ઉદય થયાં. આ મુમુક્ષુએ દઢ નિર્ણય કર્યો, અનંત જન્મ માયા માટે જીવ્યા અને મર્યા. હવે આ એક જન્મ ભગવાન માટે જીવવું છે. અને ભગવાન માટે મરવું છે. મરતાં પહેલા કોઇપણ ભોગે ભગવાનને પામવું છે, પામવું છે ને પામવું જ છે. તે માટે સદ્‌ગુરૂની કૃપા અનિવાર્ય છે. માટે મન, કર્મ, વચને સત્પુરૂષના વેચાણ થઇ, તેમની આજ્ઞામાં રહી તેમના રાજીપા દ્વારા ભગવાનને ભેટ્યે બેડો પાર. આ લગનીએ તેમના તમામ સંસારી બંધન તોડી નાખ્યાં.

**ગૃહત્યાગ :–**

અને તે કથાની અંતે જ સ્વામીશ્રી સાથે વડતાલ પધાર્યા. તેમના સંબંધીઓને જાણ થતાં બે-ત્રણ વાર ઘેર તેડી ગયા. પરંતુ જગસુખ તેમના માટે ઝેર બની ચુક્યુ હતું. તેથી ગૃહત્યાગ સમયે સંબંધીજનોએ લીધેલી કસોટીઓ સામે તેઓ મેરૂની જેમ અડગ રહ્યા. આખરે સર્પ કાંચળી ઉતારે તેમ સંસારનો તમામ મોહ ત્યાગી સદ્‌ગુરુના શિષ્ય બની શ્રીહરિને જીવન





સમર્પિત કર્યુ.

તેઓ ભગવાનને ભેટવા માટે ભગવો ભેખ પહેરવા તત્પર બન્યાં. તે સમયે પૂ.પાદ સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી રાણપુર તાલુકાના બગડ ગામે ભજન-ભક્તિ દ્વારા શ્રીહરિની સાધના-આરાધનામાં તલ્લીન હતા. ત્યાં પૂર્વાશ્રમના વેશે (પૂ.અખીલસ્વામી અને પૂ.ભજનસ્વામી) આ બંને મુમુક્ષુઓ પૂ.સ્વામીશ્રીને મળ્યાં. સ્વામીએ તેમના વૈરાગ્ય અને સમજણની કસોટી કરી કહ્યું, અહિં તો અનેક પ્રકારના દુઃખો સહન કરવા પડશે. લોકોના માન-અપમાન સહન કરવા પડશે. એક ભગવાન સિવાય કોઇ જગતના સુખ ચાખવા નહીં મળે. મંજુર હોય તો પાર્ષદ કરીએ. પૂ.સ્વામીશ્રીની તમામ વાતો આ બંને ભક્તોએ હલક્તા હૈયે સ્વીકારી.

**સંત બન્યા :–**

પૂ.સ્વામીશ્રીએ રાજી થઇ ત્યાં જ આ બંને મુમુક્ષુઓને મુંડન કરાવી સફેદ કપડા આપીને પાર્ષદો બનાવ્યા.

પાર્ષદ બન્યા બાદ એક વર્ષ સુધી ખોપાળામાં રહી કેસેટની સેવા સંભાળી. ત્યારબાદ તેમની યોગ્યતાની ચકાસણી કરતા સાધુ થવાને પાત્ર જણાતા પૂ.જ્ઞાનજીવનદાસજીસ્વામીએ વડતાલ ધામે સંવત્ ૨૦૪૮ ચૈત્ર સુદ એકાદશી તા.૧૩/૪/૧૯૯૨ ના રોજ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસેથી ભાગવતી મહાદીક્ષા અપાવી અને સાધુ ભજનપ્રકાશદાસજીસ્વામી એવું સાર્થક નામ પાડ્યું.

સરળતા, નિર્માનીતા, આત્મીયતા, મોટાની અનુવૃત્તિ, બાળકની જેમ નિરાગ્રહીપણે હળવાફુલ બની સૌમાં ભળી જવુ અને જેમ કહે તેમ કરવું, આ ગુણોતો તેમને જન્મ જાત હતા. “સદા હસતુ મુખડું, નિરાળું, નિર્દોષ, વ્યક્તિત્વ બાળક જેવો કોમળ અને મૃદુલ સ્વભાવ, સ્ત્રી-ધનનો ત્યાગ, નિષ્કપટપણુ ને સરળતા તો ઉડીને આંખે વળગે એવા અને કેવળ શ્રીજીની પ્રસન્નતા માટે જ સર્વે શ્વાસ લેતા. આટલું આ સંતની ઓળખ માટે પુરતું છે.”

**વિદ્યાભ્યાસ :-**

તેમની સંગીતમાં રૂચી પારખી તબલાનો અભ્યાસ તેમના ગુરુ જ્ઞાનજીવનદાસજીસ્વામીએ ચાલુ કરાવ્યો. તબલા શીખતાં ત્યારે શ્રીજી અને પોતાના વ્હાલા ગુરુજી અને સંતોને રાજી કરવા આઠથી દસ કલાક પ્રેક્ટીશ કરતા. સતત પ્રેક્ટીશ લાંબો સમય ચાલે. તેથી ક્યારેય થાકને કારણે ઉંઘ આવે તો ઉભા થાય અને ઘણીવાર તો પાણીની ડોલમાં માથુ બોળે. પરંતુ આળશ કરી સુઇ ન જતાં. દેહભાવ ત્યાગ કરી રાજી કરવા ખૂબ મહેનત કરતાં.

ખોપાળા પૂ.ભજનસ્વામીની શ્રદ્ધાંજલી સભામાં તેમના સહ અધ્યાયી વરાછા સુરતના પૂ.નિર્ગુણદાસજીસ્વામીએ કહ્યું કે, ભજનસ્વામીનો અમે સર્વે સંતો વડતાલ સ્વામીના આસને સાથે ભણતા ત્યારે મને એક પ્રસંગ યાદ છે. જે પ્રસંગ મારા જીવનને ખરેખર સ્પર્શી ગયો હતો.

**સંતવશ કે સ્વભાવવશ :-**

આ સત્સંગમાં બે પ્રકારના ભક્તો છે. (૧) સ્વભાવવશ, (૨) સંતવશ. જે સ્વભાવ વશ હોય તેને સાચી વાત કહેતાં પણ મોટા સંતો અચકાય. જ્યારે સંતવશ હોય તેને મોટા સંત વઢતા-ટોક્તાં રંચમાત્ર અચકાય નહીં. પૂ.ભજનપ્રકાશ સ્વામી સંતવશ ભક્ત હતાં. અને તેથી જ ટૂંક કાળમાં ભગવાનને વશ કરી શક્યા હતા. અને મોટા-મોટા યોગીઓને તથા સાધુ સંતોને પણ દુર્લભ એવા સાધુતાના સદ્‌ગુણો પામ્યા હતાં.

તેઓ કાયમ કહેતાં કે, **આપણે મન ગમતું કામ કરીએ તે સ્વભાવ અને ડાપણનો ડોડ મુકી મોટા સંતોની મરજીમાં ભળી તે જેમ કહે તેમ કરીએ તેનું નામ સેવા.** તેઓ જીવ્યાં ત્યાં સુધી મનને મારી દેહાભિમાનને દૂર કરી જેમ સંતો કહે તેમજ કરતાં. તેઓએ જીવ્યાં ત્યાં સુધી પોતાના ગુરૂજી કે મોટા સંતોની આજ્ઞા જ નહી, પણ મરજી પણ ક્યારેય લોપી નથી એટલા તે અહમ્ શૂન્ય હતા.





**માત્ર ભગવાન માટે :-**

એકવાર સુરત પ.ભ.બાબુભાઇ કાનજીભાઇના મકાન “હરિસ્મૃતિ” માં એક મહિનાનો કથા-વાર્તાનો કાર્યક્રમ હતો. મંડળના ઘણા સંતો ત્યાં હતાં. તેમાં એક દિવસ પૂ.પાદ શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામીએ સર્વે સંતોને બોલાવીને કહ્યું કે, “જે સાધુ કેવળ ભગવાન અને મોટા સંતોને પ્રસન્ન કરવા માટે જ ભણ્યા હોય, સંગીત શીખ્યાં હોય, કથા-વાર્તા કરતા હોય કે વાંજીત્ર વગાડતા હોય એવા સાધુ ઉંચી આંગળી કરો. ખોટું બોલે તેને ભગવાનના સોગંદ છે.” ત્યારે પૂ.ભજનસ્વામીએ આંગળી ઉંચી કરી કહ્યું હતું કે, **“વ્હાલા ! ગુરુજી, હું કેવળ મહારાજને રાજી કરવા તબલા શીખ્યો છું અને તેમની પ્રસન્નતા માટે જ વગાડું છું. મને બીજી કોઇ ઇચ્છા કે સંકલ્પ નથી.”** અને આ વાતના સર્વ સંતો સાક્ષી છે.

**વિશ્વાસ તથા પ્રસન્નતાનું પાત્ર :-**

સત્પુરુષના વચનમાં વિશ્વાસ એજ મોક્ષબુદ્ધિ છે. વિશ્વાસ આધ્યાત્મિક માર્ગનો શ્વાસ છે અને પ્રસન્નતા પરમેશ્વરને પામ્યાનો રાજમાર્ગ છે. તેથી સહુ કોઇના મનમાં ઇચ્છા રહે કે હું સૌ કોઇનો વિશ્વાસ અને પ્રસન્નતાનું પાત્ર બનું. પણ તે થાય કેમ ? તો શ્રીજી ગ.અં.૧૪ માં કહે છે,

(૧) અતિશય માંદો થાય અને તે મંદવાડમાં ચાકરી પણ સારી પેઠે ન થઇ હોય તો પણ કોઇનો અવગુણ ન લે અને પોતે પણ મુંઝાય નહિ.

(૨) વાંક વિના પણ પરમેશ્વર અને સંત તે પોતાનું અતિશય અપમાન કરે તો પણ કોઇનો અવગુણ ન લે તેનો પરમેશ્વરને અને સંતને વિશ્વાસ આવે.

આ વચનામૃતમાં કહ્યા મુજબ પૂ.સ્વામીનો સ્વભાવ હતો. તેમને વિના વાંકે વડીલ સંતો વઢે ટોકે કે અપમાન કરે છતાં તેઓ ક્યારેય મુંઝાતા નહિ. ઉલટું તેમને જેમ જેમ વઢે તેમ તેમ હેત વધતું. આ કામ ઘણુ કઠણ છે.

**શ્રીજી અને સંતોના સુખ માટે જીવ્યા :-**

માણસમાત્રનો સ્વભાવ પોતાના અસ્તિત્વને ટકાવવું અને તેનો ફેલાવો

કરવો એવો હોય છે. પોતાના સંપૂર્ણ અસ્તિત્વને ઈશ્વરમાં હોમી દેવું આ મુક્તનું લક્ષણ છે. પોતાને સુખ અને આનંદ લેવાની ઈચ્છા રહે તે સકામભક્ત અને **જે શ્રીહરિ અને તેના લાડીલાઓના સુખ અને આનંદ માટે જીવે અને તેમના આનંદ માટે પોતાનું અસ્તિત્વ પણ યા હોમ કરી દે તે નિષ્કામભક્ત કહેવાય.** તેઓ આખી જીંદગી પોતાના સુખ માટે નહિ પણ શ્રીજી અને સંતોના સુખ માટે જીવ્યા હતા.

મોટા ઉત્સવો હોય કે પૂ.સ્વામીશ્રીની સેવામાં હોય ત્યારે ઘણીવાર રાત્રે માત્ર બે-ત્રણ કલાકની જ ઉંઘ થાય છતાં થાક્યા-કંટાળ્યા વિના જેમ પોતાના સ્વામીને સુખ થાય એમ જ કરતા રહેતા.

### નિર્વાસનિકપણુ અને મુમુક્ષુતા :-

પૂ.ભજનપ્રકાશસ્વામી એવા નિર્વાસનિક સંત હતા કે, જીવ્યાં ત્યાં સુધી તેમના ગુરુજીની ક્યારેય એકપણ આજ્ઞા કે મરજી લોપી નથી. અને તેથી જ તેના સમગ્ર જીવનમાં એક પણ ભૂલ પડી નથી.

પોતે તબલામાં આર્ટીસ્ટ થયાં અને પૂ.પાદ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી સાથે મોટા-મોટા કથા-પારાયણો કે ઉત્સવોમાં દેશ-વિદેશમાં તબલા વગાડતા અને તબલાના તાલે હજારો ભક્તોને નચાવી શકતા અને ભગવાનની મૂર્તિમાં ડુબાડી શકતા એવા પોતે સંગીતજ્ઞ હતા.

### પાયાનો પથ્થર :-

પૂ.સ્વામી તબલાના તાલે હજારો ભક્તોને નચાવી શકે એવા કુશળ હતાં. છતાં બીજી જ ક્ષણે તેને વાસણ માંજવા, ભંડાર ધોવા કે સંડાસ-બાથરૂમ સાફ કરવા એમને મન સહજ હતું. તેઓને ઉપસવું હોત તો એમની કળા, બુદ્ધિ ને આવડતને કારણે ઘણી તકો હતી. છતાં મોટા થાવાનો કોઈપણ ડોડ કે વાસના તેઓમાં ન હતા. પોતાના ગુરૂ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીથી થતાં સત્સંગ કાર્યમાં પાયામાં છૂપાયેલા પથ્થર જેમ જ પોતાનું જીવન રાખ્યું હતું. આને કહેવાય પાયાનો પથ્થર.પાયાના પથ્થર રહેવુ એ નાની સુની વાત





નથી. પરંતુ ભજનસ્વામીને મન એ સાવ સહજ હતું. આ જ તેની સાચી સાધુતા અને મહાનતા હતી. અને આ મહાગુણથી તેઓ પોતાના ગુરુજીના હૈયાના નિતરતા રાજીપાથી તરબોળ રહેતા અને તેમણે મંડળના સર્વે સંતો-પાર્ષદો અને હરિભક્તોના દિલ જીતી લીધા હતા.

### " હું તો મુક્ત જ છું. " :-

છેલ્લી વિદેશ યાત્રા વખતે તા.૧૨/૬/૨૦૦૪ લંડનથી અમેરીકા જતાં પૂ.કૃષ્ણપ્રિયસ્વામી અને પૂ.ભજનસ્વામી બાજુ બાજુની સીટમાં બેઠા હતાં. ત્યારે વાર્તાના પ્રસંગે પૂ.કૃષ્ણપ્રિયસ્વામીએ કહ્યું કે, "ભગવાનના જે સાચા ભક્તો પૃથ્વી ઉપર આવે છે તેના બે કારણ હોય છે. એક કારણ તો એ જે ભક્તમાં કાંઈ ખામી હોય, તેને ટાળવા ભગવાન જ્યાં એવા મોટા સત્પુરૂષ કે પોતાનો અવતાર હોય ત્યાં જન્મ આપે છે. બીજુ કારણ એ કે કોઈ વાસના ન હોય છતાં બીજાના કલ્યાણ માટે હરિ ઈચ્છાથી મોટા મોટા નંદ સંતોની જેમ આવે. તેમ આપણો કયાં હેતુથી જન્મ છે તે તપાસી જે ખામીને કારણે આપણે જન્મ આવ્યો હોય તે ખામી વહેલી તકે ટાળી નાખવી જોઈએ. માટે તમારો જન્મ શા માટે છે ? તે કહો." ત્યારે ભજનસ્વામી થોડી વાર નેત્ર મીંચી વિચારીને બોલ્યા, "સ્વામી ! મને મારામાં કોઈ વાસના કે ઈચ્છા જણાતી નથી. હું તો મુક્ત જ છું એમ સદા રહ્યા કરે છે. છતાં ભગવાને મને અહિં શા માટે મોકલ્યો હશે ? તે મને સમજાતુ નથી." આમ, તે સદા આત્મરામ અને પૂર્ણકામપણે વર્તતા હતાં.

### અમેરીકા સત્સંગ વિચરણ :-

વડોદરા કારેલીબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશ્વવ્યાપી ભવ્યાતિભવ્ય **"પ્રીતમ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ"** માં તા.૩૦/૪ થી ૬/૫/૨૦૦૪ સુધી અમૃતાનંદથી ઘુઘવતા મહાસુખને માણી સમગ્ર સંતો-ભક્તોના અંતર આનંદથી નીતરતા હતા તથા વડતાલ પીઠાધિપતિ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે સ્થપાયેલા શ્રી ઘનશ્યામ મહારાજના

દર્શનથી સહુના હૈયા ટાઢા બોળ થયા હતા. વળી, જીંદગીની સુવર્ણતક જેવી સંતોની સત્સંગ ગંગામાં તરબોળ રાખતી તા.૯/૫ થી ૨૯/૫/૦૪ સુધીની ઉત્તર ભારતની ૨૧ દિવસની યાત્રા સંતમંડળ એવમ્ NRI હરિભક્તગણ સાથે પૂર્ણ કરી.

પૂ.પાદ સદ્‌ગુરૂ શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામીએ અમેરીકાના ન્યુજર્સી સ્થિત નૂતન સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામના **"વડતાલ વિહારી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ"**માં પૂ.સ્વામીશ્રી સાથે પૂ.ઈશ્વરચરણદાસજી સ્વામી, પૂ.કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, પૂ.નિરંજનદાસજી સ્વામી, પૂ.પવિત્રજીવનદાસજી સ્વામી, પૂ.ભજનપ્રકાશદાસજી સ્વામી, પૂ.સનાતનદાસજી સ્વામી. આટલા સંતમંડળ સાથે તા.૬/૬/૦૪ રવિવારે વડોદરા કારેલીબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિદાય સભા દ્વારા વિદાય લઇ તા.૧૩/૬/૦૪ ના રોજ અમેરીકા પહોંચ્યા. ત્યાં પ.ભ.શ્રી ભાઇલાલભાઇ કંડારીવાળાને ઘેર ઉતારો રાખ્યો. ન્યુજર્સી મંદિરમાં કાર્યરત અગાઉ મોકલેલા સંતમંડળને મળી તે સત્સંગના કાર્યમાં પૂ.પાદ સ્વામીશ્રી વગેરે સંતો ભળ્યા.

આજુબાજુના વિસ્તારમાં ભક્તોની સાથે સત્સંગ વિચરણ માટે પૂ.સ્વામીશ્રી સમંડળ નીકળ્યા. બોસ્ટન ખાતે યોજાયેલા તા.૨૪/૬ થી ૨૮/૬/૦૪ પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ માટે લોવેલ આવ્યા. પ.ભ.શ્રી મુકુંદભાઇ નટુભાઇ પટેલને ઘેર ઉતારો કર્યો. અને કથાના મધ્ય દિવસે મધ્યાહ્નકાળે સહુના હૈયા કકળાવી નાખે તેવી અને આજ પૂર્વે સંતો માટે વિદેશની ધરતીમાં ક્યારેય ન ઘટેલી ઘટના ઘટી.

હરિભક્તો ઠાકોરજીની સાથે સંતોની રોજ પધરામણીઓ કરાવતા હતા. તે અનુસાર ૨૬/૬/૦૪ ના રોજ પધરામણીએ જવા માટે સંતોના અલગ-અલગ બે મંડળોની વ્યવસ્થા કરી. એક ગાડીમાં પ.ભ.શ્રી જયંતિભાઇ નારવાળા પૂ.મુનીસ્વામી તથા પૂ.ઈશ્વરચરણદાસજીસ્વામી આદિ સંતો-ભક્તોને સાથે લઇ નીકળ્યા. બીજી ગાડીમાં પૂ.જ્ઞાનજીવનદાસજીસ્વામી





સંતો સાથે પધરામણીમાં જવા તૈયાર થઇને આવ્યા. પણ વિચાર બદલાતા બોલ્યા, "હું ત્યાં અગાઉ બે વાર પધરામણીએ ગયેલો છું. માટે અત્યારે નહિં આવુ તો ચાલશે. તમે જઇ આવો." તેથી પ.ભ.શ્રી મુકુંદભાઇ પોતાની ગાડીમાં પૂ.સ્વરૂપજીવનસ્વામી, પૂ.ભજનપ્રકાશસ્વામી, પા.ગિરીશભગત અને તેમના પુત્ર પ્રતિક તથા સંતોની સેવામાં સાથે આવેલ મહેશભાઇ લેકજેક્શનવાળાના પુત્ર મિતેશને લઇને રવાના થયા. ગઢાળીના શ્રી પ્રવિણભાઇ ધીયા વગેરે બે ભક્તોને ઘેર પધરામણી કરી, તેમના વેવાઇ કીરીટભાઇ માલવીયાને ઘેર પધરામણીએ જતા હતા.

**અચાનક અકસ્માત :-**

રસ્તે જતાં ગાડીમાં ગોપાળાનંદસ્વામીની વાતો પૂ.ભજનસ્વામી વાંચતા હતા અને લાલાને (પ્રતિકને) સમજાવવા સારૂ તેમના તરફ સીટમાં બેસી લાલાને સમજાવતા હતા. દિવસના ૧૧.૩૦ વાગ્યાનો સમય હતો. એ જ વખતે તેની સામે કાળસ્વરૂપે આવતા ટ્રકને માત્ર એક ભજનસ્વામીએ જ જોયો. અને તેઓ તરત જ શ્રીજીને સંભારીને આંખો બંધ કરી ગયા. તે પાછળ બેઠેલા મિતેશે જોયુ હતું. એક જ ક્ષણમાં અકસ્માત સર્જાયો. તેથી ટૂંક સમયમાં નજીકમાં આવેલ સેંટ જોસેફ હોસ્પિટલમાં સર્વે ઈજાગ્રસ્તને દાખલ કરાયા. તેની જાણ થતા પૂ.સ્વામીશ્રી (ગુરૂજી) વગેરે સંતો તત્કાળ ત્યાં પહોંચ્યા. સર્વેની ખબર કાઢી. ભજનસ્વામીની તબિયત અત્યંત નાજુક હોવાથી પૂ.પાદ સ્વામીશ્રીએ તેમના શરીરે હાથ ફેરવી મસ્તકે જમણો હાથ મુકી, શરીર ઠંડુ પડતુ જણાતા પ્રભુને પ્રાર્થના કરી, **"હે મહારાજ ! અમે તો તમોને સુખ ને આનંદ આપવા આ સત્સંગરૂપી બગીચો તૈયાર કર્યો છે. તમારી સેવામાં ભજનસ્વામીની જરૂર હોય તો સુખેથી આપ તેમને તેડી જજો. તમારી મરજી હોય તેમ કરજો, તેમાં અમે રાજી રહેશું."** એમ પ્રાર્થના કરી.

## છેલ્લે ત્રણવાર બોલ્યા :-

કીરીટભાઇ માલવીયાએ વિગતવાર વાત કરતા જણાવ્યું કે, "પૂ.ભજનપ્રકાશસ્વામીનું બી.પી.મશીનમાં હાઇ ૭૫ અને લો ૩૫ દેખાતું હતું. એ જ વખતે તેઓ ભાનમાં આવીને એકદમ ચોખ્ખા શબ્દોમાં બોલ્યા, "આ શ્રીજી મહારાજ મને તેડવા આવ્યા છે. તેમની સાથે હું ધામમાં જાઉં છું." ત્યારે મેં કહ્યું કે, "સ્વામી ! તમને તો બહું નથી વાગ્યું, બીજા સંતોને તમારાથી વધારે વાગ્યું છે." ત્યારે ભજનસ્વામી બોલ્યા કે, "મારુ પુરુ થઇ ગયુ છે ને આ શ્રીજી મહારાજ મને તેડવા આવ્યા છે ને હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું." ત્યારે વળી મેં કહ્યું, "ના, ના સ્વામી !" ફરી પાછું ભજનસ્વામી એનું એ ત્રીજીવાર બોલ્યા ને દેહ છોડ્યો અને સદા શ્રીજી મહારાજની સમીપની સેવામાં પહોંચી ગયા. આમ, અમેરીકામાં સંવત્ ૨૦૬૦ના અષાઢ સુદ આઠમ તા.૨૬/૬/૨૦૦૪ શનિવારે દિવસના ૨.૩૦ કલાકે નશ્વર લોકનો ત્યાગ કરી અખંડ શ્રીજીના આનંદમાં પહોંચી ગયા.

***મરના મરના સબ કહે, મર ન જાને કોઈ;***
***એકબાર ઐસા મરીએ, ફીર જન્મ ન હોય.***

વિશ્વમાં તમામ મરે છે, પણ ફરીને જન્મ ન થાય તેમ મરવું તે મૃત્યુ પણ મંગલકારી છે. પૂ.ભજનસ્વામીએ સહુને જીવતાય શીખવ્યુ છે અને મરતા પણ શીખવ્યું છે.

## છેલ્લે પત્ર સ્નેહનો :-

ટૂંક કાળમાં સાધુતાના સર્વે સદ્ગુણો પ્રાપ્ત કરી અખંડ પ્રભુ પ્રાપ્તિના કેફમાં મસ્ત રહેતા. અનેક સંતોના આદર્શ બની ચુક્યા હતા. સ્વને ભૂલી સંતો-ભક્તોના સુખને ઇચ્છવું તે ભક્તિની પરાકાષ્ઠા છે. પૂ.ભજનસ્વામી આવી ઉત્તમ ભક્તિવાળા હતા. અને તેથી જ તેમણે પોતાના ગુરુ પૂ.પાદ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામીના ૪૪ માં જન્મદિન નિમિત્તે તા.૨૫/૬/૦૪ ના રોજ પત્ર લખી પ્રાર્થના કરી તેનો ભાવ આવો હતો કે,





"હે ભગવાન ! મારા ગુરુજીનાં તમામ દુઃખો મને આપો. અને મારો આત્મા સુધાનો તમામ આનંદ, સુખ તેમને આપો. અને મને મારા હું ને ભુલવાડી માત્ર આપની જ અનુભૂતિ કરાવો. એ જ અભ્યર્થના.." આવો ઉત્તમ ભક્તિ સભર પત્ર અંતે પોતાના ગુરૂદેવને આપ્યો હતો.

## અંતિમ વિધિ :-

પૂ.સ્વામીનાં પ્રફુલ્લિત અને કોમળ શરીરને તેમનાં ગુરૂજીએ ચંદનની અર્ચા કરી, પુષ્પહાર અર્પિત કર્યો.થોડીવાર ધૂન-કીર્તન બાદ પ્રત્યેક પરિસ્થિતીમાં સ્થિતપ્રજ્ઞ અને હર્ષ-શોકથી પર રહેલા પૂ.સ્વામીશ્રીને જોઇને પૂ.ભજનસ્વામીને ત્યાંજ શ્રદ્ધાંજલિ અર્પતા પ્રસિદ્ધ કથાકાર પ.પૂ.જગતપ્રકાશદાસજીસ્વામી-ડભાણવાળાએ જણાવ્યું હતું કે, પૂ.જ્ઞાનસ્વામીએ જ્ઞાનને કેવળ કહ્યું જ નથી પણ જીવનમાં યથાર્થ પચાવ્યું છે, તો જ આ સ્થિતિમાં આમ સ્વસ્થ રહી શકે.ત્યારબાદ તુલસી, ચંદનનાં કાષ્ટ અને ગાયનું ઘી તેમજ શ્રીફળ અર્પી પૂ.ગુરુજીના હસ્તે અંતિમ સંસ્કાર સંપન્ન થયો હતો.

***- સાધુ બ્રહ્મપ્રકાશદાસ.***

# ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતાની હરિલીલામૃતમાંથી ચુટેલ પંક્તિઓ

### જન્મોત્સવ સમયે કરેલ સમૂહ સ્તુતિ

એમ થાય અવતાર જે ઘણા, અક્ષરેશ અવતારી તે તણા;
સર્વકારણ તણા જ કારણ, આદિકૃષ્ણ શુભનામ ધારણ.
(૨-૧-૫૫)

### જન્મ સમયે શ્રીહરિના સ્વરૂપનું વર્ણન

છે આપ એ અક્ષરધામના પતિ, કીધી તથાપી કરુણા અહો અતિ;
જે પુત્રભાવે અમને જણાય છે, સર્વોપરી ઈશ્વર તે ગણાય છે.
(૨-૨-૩૪)

### જન્મ સમયે ધર્મદેવને શ્રીહરિએ નિજસ્વરૂપની કરેલ વાત

જે આદિરૂપ મુજ અક્ષરધામમાંય, તે રુપથી જ તમને વરદત્ત ત્યાંય;
થૈ પુત્ર અત્ર તવ રક્ષણ હું કરીશ, ભૂભાર ખળનો ક્ષય આદરીશ.
(૨-૩-૨૪)

### મૂળ માયાએ ભક્તિમાતાને તેના લોકમાં કહેલ ઘનશ્યામનો મહિમા

માયા કહે તે પુરુષ પ્રધાન, પ્રત્યેક બ્રહ્માંડ તણા નિદાન;
અસંખ્ય તે પુત્ર બધા અમારા, સૌ દાસ દાસી સુતના તમારા.
(૨-૧૦-૫૭)

હું મૂળમાયા પ્રકૃતિ ગણાઉં, આ મૂળ પુરૂષની પત્નિ થાઉં;
અનેક બ્રહ્માંડ તણા નિદાન, કહે અમોને શ્રુતિ શાસ્ત્રવાન્.
(૨-૧૦-૫૮)

આ શ્રીહરિ જે સુત છે તમારા, સદા નિયંતા પ્રભુ તે અમારા;
એની જ આજ્ઞા ધરિયે અમે તો, છે કૃષ્ણ સર્વેશ્વર આપ એ તો.
(૨-૧૦-૬૦)

જે કૃષ્ણ આદી અવતાર થાય, તે સર્વનું કારણ આ ગણાય;





એ છે પ્રતાપી પરમાત્મા પોતે, જાણી શકે શું કુમતી જનો તે.
(૨-૧૦-૬૧)

એ છે પુરુષોત્તમ પાપહારી, ક્ષરાક્ષરોથી છબી એની ન્યારી;
જેનો નિયંતા નથી કોઈ જાણો, સ્વતંત્ર તે આ સુતને પ્રમાણો.
(૨-૧૦-૬૨)

### ઘનશ્યામે સમાધિમાં ભક્તિમાતાને દેખાડેલ અક્ષરધામ

કોટાનકોટિ રવિ ચંદ્રતણો પ્રકાશ, ખદ્યોત તુલ્ય ન જણાય જ જેની પાસ;
જેને સદૈવ શ્રુતિ બ્રહ્મપુરી કહે છે, મુક્તો અનંત પણ અક્ષર જ્યાં રહે છે.
(૨-૧૧-૨)

જે ધામમાં ન જડ વસ્તુ કશી જણાય, ચૈતન્યનાં જ તરુ વેલી તમામ ત્યાંય;
પ્રાકાર દ્વાર પણ ચિન્મય તેહ ઠાર, આકાર રંગ પલટે પલમાં અપાર.
(૨-૧૧-૨૦)

### અક્ષર તથા અક્ષરમુક્તોની સામર્થી અને સ્વરૂપ વર્ણન

તે મુક્તો જ્યાં ગતિ કરે તહિં જૈ શકાય, આવર્ણ આડું કશુંયે કદિયે ન થાય;
બ્રહ્માંડ કોટિ પણ તે નજરે નિહાળે, જાણે થવાનું થયું તે પણ સર્વ કાળે.
(૨-૧૧-૨૧)

તે મુક્ત સર્વ વળી જાણ સમર્થ કેવા, બ્રહ્માંડ કોટિ ઉપજાવી શકે જ એવા;
આજ્ઞા થકી અવતરે જઇ લોકમાંય, પૂજાય આપ પુરુષોત્તમ તુલ્ય ત્યાંય.
(૨-૧૧-૨૨)

બ્રહ્માંડ કોટિ રજ તુલ્ય જહાં ઉડે છે, એવું કહ્યું પ્રથમ અક્ષરધામ એ છે;
એવું સમર્થ નહિ અક્ષરધામ એક, એવા સમર્થ વળી મુક્ત તહાં અનેક.
(૨-૧૧-૨૩)

તે સર્વ મુક્ત પુરૂષોત્તમના ઉપાસી, રાધાજી લક્ષ્મી સમ શક્તિ અનંત દાસી;
સેવે સદૈવ પ્રભુના પદ ચિત્તધારી, પામે ન પાર હરિનો મહિમા વિચારી.
(૨-૧૧-૨૪)

તે ધામ દેખિ નજરે સતિ ભક્તિમાત, આશ્ચર્ય પામી હરખ્યાં ઉરમાં અઘાત;
દેખી સમુદ્ર મનમાં સર તુચ્છ લાગે, ધામો બીજા અલ્પ અક્ષરધામ આગે.
(૨-૧૧-૨૭)

ત્યાં તો દિઠા હરિતણા અવતાર સર્વે, મત્સ્યાદિ જે થઇ ગયા જગમધ્ય પૂર્વે;
તેઓ મળી સ્તુતિ કરે ઘનશ્યામ કેરી, થૈ દીન પાવ પ્રણમે હરિરુપ હેરી.
(૨-૧૧-૫૨)

**વનવિચરણ સમયે બદ્રિકાશ્રમમાં વર્ણીની નરનારાયણદેવે કરેલ સ્તુતિ**

એવે અવસરે બદરીનાથે, પૂરા હેતથી પોતાને હાથે;
ધર્મપુત્રનું પૂજન કીધું, ધૂપ દીપને નૈવેદ્ય દીધું.
(૩-૪-૨)

પછી આરતી હરિની ઉતારી, સ્તુતિ સ્નેહ સહિત ઉચારી;
અહો અક્ષરપતિ મહારાજ, ધર્યુ તન ધર્મસ્થાપન કાજ.
(૩-૪-૩)

**રામાનંદસ્વામીએ ભૂજમાં લાલજી સુથારને કહેલ શ્રીહરિની સર્વોપરીતા**

કહે લાલજી મોટા તે કેવા, દત્તાત્રિ કે ઋષભદેવ જેવા;
કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન.
(૪-૩-૪૧)

જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;
આ છે અવતારના અવતારી, ઘણું શું કહીયે વિસ્તારી.
(૪-૩-૪૨)

**દુર્વાસાના શ્રાપ બાદ નરનારાયણદેવને સમાધિમાં**
**અક્ષરાધીપતિએ પોતે અવતાર ધરવાની કહેલ વાત**

પછી ઋષિ વિચર્યા મહેશવાસ, વૃષ મરીચ્યાદિ થયા ઘણા ઉદાસ;
પછી પ્રભુ બદરીશ જ્ઞાનવાન, ધર્યું નિજ મૂળસ્વરૂપ કેરું ધ્યાન.
(૪-૮-૨૬)





વચન સુપુરુષોત્તમે ઉચાર્યું, જનમ ધર્યાનું અમે જ આજ ધાર્યું;
મિષ ઋષિવર શાપનો પ્રમાણો, મુજ રુચિ હેતુ જરુર સર્વ જાણો.
(૪-૮-૨૭)

બહુ મુજ કળઅંશ જન્મ લીધા, નહિ બહુ જીવ અનન્ય મુક્ત કીધા;
અતિ કળિબળ આજ ટાળી દૈશ, સકળ કળા ધરિ હું જ જન્મ લૈશ.
(૪-૮-૨૮)

વૃષમુનિ સહુને સુધૈર્ય આપો, કહિ મુજ વાત ઉદાસિ સર્વ કાપો;
વળી વૃષપ્રતિ બોલજો વિશેષે, તવ ગૃહ કૃષ્ણ અનાદિ જન્મ લેશે.
(૪-૮-૨૯)

**જેતપુરમાં પટ્ટાભિષેક સમયે પ્રધાનપુરુષે કરેલી શ્રીહરિની સ્તુતિ**

જાણે ન જેમ જળજંતુ સમુદ્રપાર, લૈયે ન તેમ તવ અંત અમે લગાર;
સર્વાવતાર અવતારી તમે પ્રભુ છો, અનંત શ્રેય કરવા જનમ્યા વિભૂ છો.
(૪-૨૬-૨૦)

હે સર્વસદ્ગુણનિધિ અવતારી આપ, સર્વે થકી અધિક આપ તણો પ્રતાપ.
સર્વાવતાર તમસાથ ગતી કરે છે, શ્રી ચક્રવર્તી સહ જેમ નૃપો ફરે છે.
(૪-૨૬-૨૩,૨૪)

**ગઢપુરમાં ગોપાળાનંદસ્વામીની ઇચ્છાથી સર્વે ભક્તોને**
**શ્રીહરિએ અવતારોના કરાવેલ દર્શન.**

નૃસિંહ પ્રહ્લાદ વળી નૃપાળ, ચોથા વળી વામનજી દયાલ;
પ્રેમે કરી શ્રીહરિને પ્રણામ, ઉભા કરે છે સ્તુતિ એહ ઠામ.
(૪-૨૯-૧૭)

નૃસિંહ ને વામન એમ ગાય, સર્વેતણા સ્વામી તમે સદાય;
તમારી આજ્ઞા વશવર્તિ છૈયે, જે કામ સોંપો કરી તેહ દૈયે.
(૪-૨૯-૧૮)

પ્રસિદ્ધ છે જે પુરુષ પ્રધાન, સેવે સદા સેવકની સમાન;

બીજાની તો શી ગણતી ગણાય, તમે જ સર્વેશ્વર છો સદાય.
(૪-૨૯-૧૯)
જે જે બીજા સૌ અવતાર થાય, તમો વિષે લીન થતા જણાય;
તમે બીજામાં નહિ લીન થાઓ, સર્વાવતારી જ તમે ગણાઓ.
(૪-૨૯-૨૦)

**શીતળદાસને સમાધિમાં શ્રીહરિએ નિજસ્વરૂપનો કરાવેલો સર્વોપરી નિશ્ચય**

કર્યો એવો સંકલ્પ તે, જ્યારે સુફલ ન થયો લેશ;
ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ.
(૫-૩-૨૬)
શીતળદાસે ધારિયું, સ્વામી આ છે સહજાનંદ;
તે પુરુષોત્તમ હોય તો, મારા થાય સ્વરૂપનાં વૃંદ.
(૫-૩-૨૭)
તે સમે શીતળદાસનાં, ત્યાં તો રુપ થયાં અગણીત;
અનંત મુક્તની એક ક્ષણમાં, પૂજા કરી ધરી પ્રીત.
(૫-૩-૨૮)
સર્વ અવતારના અવતારી, સર્વોપરી વિશ્વવિહારી;
હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુપાસ.
(૫-૩-૩૧)
જાણો ઉદ્ધવ છે મારું નામ, કહે શ્રીહરિ તે કરું કામ;
સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય.
(૫-૩-૩૨)
એવી વાત કરી જેહવાર, થયા લીન બધા અવતાર;
સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.
(૫-૩-૩૩)





પુરુષોત્તમ પોતે પધારે, તેની રીત જુદી હોય ત્યારે;
નહિ ભક્ત અભક્ત પ્રમાણ, કરે સંકલ્પથી જ કલ્યાણ.
(૫-૬-૧૨)

**કીડીયારાના ઉદ્ધાર બાદ અગતરાઇના ભીમભાઇ આદિકને કહેલ નિજ સર્વોપરીતાની વાત**

તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે;
અવતાર અને અવતારી, એની એટલી રીત છે ન્યારી.
(૫-૬-૧૩)
એવી વાત સુણી નરનારી, જાણ્યા અવતારના અવતારી;
એવી લીલા ત્યાં કીધી અપાર, આ તો એમાં થકી કહ્યો સાર.
(૫-૬-૧૫)

**સમાધિમાં વિવિધરૂપે દર્શન આપી સર્વે ભક્તોને પોતાનો કરાવેલ નિશ્ચય**

અવતારના અવતારી, જાણ્યા તે શ્રીહરિ બ્રહ્મચારી;
પછી પોત પોતા તણે ઘેર, ગયા સૌ જન તે શુભપેર.
(૫-૭-૬૨)

**ઝાંઝમેરના અંબારામ વિપ્રને સમાધિમાં કરાવેલ નિજસ્વરૂપના દર્શન**

દીઠા ત્યાં એજ ધર્મકુમાર, સેવે અક્ષરમુક્ત અપાર;
જોયા ચોવિશે ત્યાં અવતાર, તે તો હરિની સેવા સજનાર.
(૫-૧૫-૫)

**ગઢપુરમાં એભલ પરિવારને સ્વપ્નમાં મુક્તોએ કહેલો મહારાજનો મહિમા**

બીજા જે હરિના અવતાર, દીઠા અન્ય વિમાન મોઝાર;
તહાં મુક્ત બોલ્યા તત્કાળ, સાંભળો ભાગ્યશાળી ભૂપાળ.
ઘણા જન્મનું પુણ્ય તમારું, આજ ઉદય થયું અતિ સારું;
સર્વ અવતારના અવતારી, સર્વોપરી જે સુખકારી.

સૌના ઈશ્વર સૌના નિયંતા, જે છે અતિશય ઐશ્વર્યવંતા;
જેનું ધ્યાન શિવાદિક ધારે, તે તો ઘેર પધાર્યા તમારે.
(૫-૨૬-૩૮,૩૯,૪૦)

**બ્રહ્માનંદસ્વામીએ નજરે જોઇ વર્ણવેલ શ્રીજી મહિમા**

ઉંડો મર્મ એમાં હતો જેહ, બ્રહ્માનંદે જાણી લીધો તેહ;
કરતા વાત પરોક્ષ સદાય, આજ સ્પષ્ટ કહ્યો મહિમાંય.
(૬-૧૫-૩૦)

તમે અક્ષરધામના ધામી, સર્વોપરી સર્વના સ્વામી;
સર્વ અવતારના અવતારી, સૌથી સમરથ છો સુખકારી.
(૬-૧૫-૩૩)

**શ્રીજીએ સંતોને પોતા જેવી જ મૂર્તિ લાવવા આજ્ઞા કરી,**
**પણ કોઇ જગ્યાએ તેવી મૂર્તિ ન મળી. કારણ કે**

કૃષ્ણાદિ અવતાર જેહ હરિના તે તો ઘણા થાય છે,
તેના અંગ અવેવ તુલ્ય પ્રતિમા સર્વત્ર દેખાય છે,
જે છે અક્ષરવાસી કોઈ સમયે આવ્યા નથી આ સ્થળે,
તો તેના તન તુલ્ય દિવ્ય મૂર્તિ બ્રહ્માંડમાં ક્યાં મળે ?
(૮-૬૧-૩૮)

**ગઢપુરમાં સ્વધામગમન સમયે અક્ષરમુક્તોએ કરેલી શ્રીહરિની સ્તુતિ**

બ્રહ્માંડ કોટિ પ્રભુ છે તવ રોમકૂપે,
ભાસે સદૈવ તમમાં પરમાણુ રૂપે,
બ્રહ્મેશ વિષ્ણુ તવ સેવક છે અનેક,
રાજાધિરાજ સર્વોપરી આપ એક.
(૧૦-૧-૩૫)

જે દિવ્ય કામ અવતાર થકી કરાય,
તે કામ આજ તવ સેવકનાથી થાય,





એવો પ્રતાપ પ્રભુ આપ તણો અપાર,
વંદુ પ્રભુજી પદ પંકજ વારંવાર.
(૧૦-૧-૩૭)

આપ પ્રતાપ થકી કોઈક વૃષ્ટિ લાવે,
કોઈ સમાધિ નજરે જનને કરાવે,
જાણે પરાયુ મન અંતરજામી જેમ,
કોઈ થકી જમચરો ડરી જાય એમ.
(૧૦-૧-૩૮)

ઐશ્વર્ય એમ તવ દાસ વિષે જણાય,
સામર્થ્ય આપ તણું કેમ કરી કળાય,
થાકે કહી નિગમ નેતિ કહે મુંઝાઈ,
જાણી અગમ્ય હરખે ગુણગાન ગાઈ.
(૧૦-૧-૪૦)

મત્સ્યાદિ જન્મ તમમાંથી થતાં જણાય,
અંતે તમારી છબીમાં વળી લીન થાય,
બ્રહ્માંડ માંહિ અવતાર થયા અમાપ,
તે સર્વના પ્રભુ તમે અવતારી આપ.
(૧૦-૧-૩૬)

## -: ગ્રંથના પ્રત્યેક કળશના સંક્ષેપાર્થ મંગળ શ્લોકો :-

જન્મ્યા કૌશળ દેશ વેષ બટુનો લૈ તીર્થ માંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો ને યજ્ઞ મોટા કર્યા,
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી સંક્ષેપમાં ઉચ્ચરી....૧

વંદૂ શ્રીહરિકૃષ્ણ ધર્મ સદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળિદત્ત ખળનો જેણે પરાજે કર્યો;
કીધાં બાળચરિત્ર અદ્ભુત અતિ જૈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ્ય દિવ્યા ગતિ....૨

વંદૂ શ્રીવરણીન્દ્ર વેષ ધરીને જે તીર્થમાં જૈ ફર્યા,
દૈવીને નિજજ્ઞાનદાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા;
હીમાદ્રી પુરુષોત્તમાખ્ય પુરી જૈ શ્રીસેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જૈ રહ્યા....૩

વંદૂ જે હરિ લોજ માંહી શિખવી અષ્ટાંગયોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો તે પીપળાણે મળ્યા;
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાય તણી તો જૈ જેતપુરે દીધી....૪

વંદૂ જે હરિએ પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતા તણો;
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડીયાં દષ્ટિયે,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધા કૃપાદષ્ટિયે....૫





વંદૂ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા રંગે રુડા શામમાં;
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરિને દુર્ગાખ્ય પૂરે રહ્યા,
જેને આ જગ માંહી દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા....૬


જેણે જેતલપત્તને મખ કર્યો લાચાર લોલંગરો,
કીધો જજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો;
જૈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવિને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવિને....૭

જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયાં આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જુદા કહી આપિયા;
કીધો સુરતમાં વિજે વળી કર્યો વિ'વાહ રાજા તણો,
વન્દૂ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો....૮

વૃત્તાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય પૂરે હરિ,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે જૈ કાર્તિકી ત્યાં કરી;
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી....૯

આવ્યા અક્ષરમુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનું ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું;
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીળા અદ્ભૂતકારી કૃષ્ણ હરિને વંદૂ સદા સર્વદા...૧૦

श्री स्वामिनारायणो विजयतेतराम्




# ॥ श्रीहरिलीलामृतम् ॥

**अथ ग्रंथोत्पत्तिर्नामः प्रथमकलशप्रारंभः ॥**

**શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ :**

શ્રીમાનક્ષરનાયકોઽખિલગુરુઃ ષડ્ભિર્ભગૈઃ સંયુતઃ,
સર્વેશોઽખિલકારણં યદપરો નાસ્તીશિતા કોપિ વા;
લીનત્વં સમુપાગતેઽથ નિખિલે માયાપરે પૂરુષે,
સોઽસ્મિંસ્તિષ્ઠતિ મે શુભં ચ કુરુતાત્સ્વીયૈઃ સમં ક્રીડતિ. ૧
શ્રીદિવ્યાંબરધારિણં જનમનઃસન્તોષવિસ્તારિણં,
ભક્તાશર્મવિદારિણં મનસિજવ્યામોહસંહારિણમ્;
ધર્મારિક્ષયકારિણં શ્રુતિમુનિત્યક્તાક[1]સંવારિણં,
તં ધ્યાયામ્યવતારિણં મુહુરહં શ્રીસ્વામિનારાયણમ્. ૨
યોઽસંખ્યાસુભૃતાં નિજાક્ષરપદપ્રસ્થાપનાય ક્ષિતૌ,
જાતઃ પ્રાજ્યદયાસુધાર્દ્રહૃદયઃ સ્વેચ્છાધૃતન્રાકૃતિ;
આત્મીયૈશ્ચરિતૈર્બહૂંશ્ચ સુખયન્ પ્રાણિવ્રજાન્ સાદરં,
તં વન્દે સુમુદેષ્ટદેવસહજાનન્દાહ્વયં સ્વામિનમ્. ૩



૧.અક = દુઃખ અથવા પાપ

વિશ્વોત્પત્તિમુખક્રિયાસુ યમયન્પાદ્માંશ્ચવિષ્ણૂઞ્છિવાન્,
સક્તઃ ક્વાપિ ન તાસુ દિવ્યવિભવઃ કારુણ્યપૂર્ણેક્ષણઃ;
દેહ્યાત્મીયવિબોધિનીં તતમતિં વાણીશિતા મે મુદા,
સર્વેશોક્ષરધામનિ સ્વકવૃતઃ સંરાજસે ત્વં સદા. ૪
દિવ્યાનેકગુણૈકરત્નસદનં સર્વાદિમીશેશ્વરં;
સચ્ચિત્સૌખ્યમયાકૃતિં તનુધરૈર્વેદૈઃ સ્તુતં સન્નતૈઃ;
નૈકબ્રહ્મશિવાદિગીતયશસં યસ્મૈ સુરાદ્યા બલિં,
સામન્તા ઇવ ચક્રવર્તિનમિહ ધ્યાયેઽર્પયન્તિ પ્રભુમ્. ૫

**દોહરો :**

શ્રીપુરુષોત્તમ પ્રગટ પ્રભુ, ભુવન સકળના ભૂપ,
સહજાનંદ સમર્થ હરિ, નમો મહામુનિરૂપ. ૧

**પ્રમાણિકાવૃત્ત :**

નમો મહામુનીશ્વરં, અધીશ્વરાધિ ઈશ્વરમ્;
અનેકઅંડકારણં, સુધર્મ-ધૂર્વિધારણમ્. ૨
સદા સુબોધદાયકં, નમો મુનીન્દ્રનાયકમ્;
કુપાત્રતાનિકંદનં, ભજામિ ભક્તિનંદનમ્. ૩
અધર્મતા ઉચ્છેદનં, ભવાબ્ધિ ભીતિભેદનમ્;
સુશાસ્ત્રરીતિ-શોધનં, યથાર્થબોધ-બોધનમ્. ૪
સુમોક્ષમાર્ગમંડનં, ખલત્વપંથખંડનમ્;
વ્રતાલયે વિરાજિતં, ભજામિ પૂર્ણભ્રાજિતમ્[1]. ૫
સુભક્ત-સંઘ પૂજિતં, ખગેશ[2] કીર્તિકૂજિતમ્;
સદા સ્વદાસપાલકં, ભજામિ ધર્મબાલકમ્. ૬



૧.પ્રકાશિત ૨.ગરૂડ



અનંત સંત અર્ચિતં, સુચંદનાદિચર્ચિતમ્;
સુપુષ્પહારશોભિતં, સુગંધ-ભૃંગલોભિતમ્. ૭
શિરઃકિરીટધારિણં, નમામિ કષ્ટહારિણમ્;
મનો ગિરા ક્રિયા મુદા, નમામિ સ્વામિનં સદા. ૮
અહો પ્રભુ સ્તુતિ કરું, સુ એટલી ઇચ્છા ધરું;
તવાંઘ્રિ[1]ની સ્મૃતિ રહે, વિહારીલાલજી કહે. ૯

**ઉપજાતિવૃત્ત :**

રહો સ્મૃતિ અંતરમાં તમારી, અખંડ ઈચ્છા ઉર એ જ ધારી;
ચરિત્ર ચાહી ઉચરું તમારાં, સદા હરો સંકટ જે અમારાં. ૧૦
વિઘ્નો નિવાર્યા વૃષ ભક્તિ કેરાં, હર્યા મુનીવૃંદ તણાં ઘણેરાં;
જે વિપ્ર હસ્તિતણું દાન લીધું, તેનું તમે પાપ નિવારી દીધું. ૧૧
કૃત્યા થકી ભક્ત લીધો ઉગારી, તેવી રીતે પીડ હરો અમારી;
પરસ્પરે દૈત્ય લડી મરાવ્યા, એવી રીતે સંત સુખી કરાવ્યા. ૧૨
ઘણા જનોનાં અતિ કષ્ટ કાપ્યાં, અહો કૃપાળો સુખ સદ્ય આપ્યાં;
ડુબી જતાં નાવ તમે જ તાર્યા, સંભારતાં માણસને ઉગાર્યા. ૧૩
મહી નદીમાં કરુણા કરીને, ઉગારી લીધા રઘુવીરજીને;
સંભારતાં એમ જ સદ્ય આવો, અહો દયાળો દુઃખથી બચાવો. ૧૪
નાજાશિરે જ્યાં જસદણ ભૂપે, કરી પ્રતિજ્ઞા થઇ ક્રોધ રૂપે;
તમે જઇ દર્શન સદ્ય દીધું, તે ભક્તનું સંકટ નાશ કીધું. ૧૫
વડોદરામાં મુનિ મુક્ત જ્યારે, જીત્યા સભા જૈ નૃપ પાસ ત્યારે;
સહાયતા ત્યાં પણ સદ્ય કીધી, હૈયા વિષે અદ્‌ભુત હામ દીધી. ૧૬
હતા શિશુ શ્રીભગવત્પ્રસાદ, પડ્યા રથેથી ઉપજ્યો વિષાદ[2];



૧.તમારા ચરણ ૨.દુઃખ-પીડા

તમે જ તેને પણ ઝીલિ લીધા, ઘણા જનોને સુખી એમ કીધા. ૧૭
આ ગ્રંથનો પંથ પુરો ન જાણું, આશા તમારી ઉર એક આણું;
વિઘ્નો બધાં દૂર કરો દયાળ, માગે મુખે એ જ વિહારીલાલ. ૧૮

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વંદૂ રામપ્રતાપ ભ્રાત હરિના જે આપ નિષ્પાપ છે,
શ્રીસંકર્ષણ જેહને જન કહે એવા જ તે આપ છે;
જેણે શ્રીહરિની સમીપ રહિને લાવો લીધો છે ઘણો,
જેનામાં શુચિતા તથા સુજનતા સર્વે દિસે સદ્‌ગુણો. ૧૯
ઈચ્છારામજી શ્યામના અનુજે[1] જે તેને નમું નેહથી,
રૂડો ઉત્તમ ગ્રંથ એહ રચવા જુક્તિ જડે જેહથી;
જેના વંશ વિષે ધર્યો જનમ મેં એ પાસ માગું અહો,
શ્રદ્ધા જેવી જણાઈ ગ્રંથ રચતાં તે અંત સુધી રહો. ૨૦

**દોહરો દ્વિઅર્થી :**

જનમ્યા કૌશળ દેશમાં, દ્વિજાતિ કુળમાં ધીર;
વિદેશગત વધુ ભ્રાત જુત, વંદૂ તે રઘુવીર. ૨૧

**વસંતતિલકાવૃત્ત :**

જેને મહાપ્રભુજીએ પદ આપ આપ્યું,
જેનું વિશેષ જનમાં યશ વિશ્વ વ્યાપ્યું;
જેણે પ્રસન્ન પરિપૂર્ણ કર્યા હરિને,
વંદૂ સદા સદગુરૂ રઘુવીરજીને. ૨૨
આચાર્યધર્મ બહુ મર્મ સુકર્મ જાણે,
સુજ્ઞાનવાન અભિમાન ઉરે ન આણે;



૧.નાનોભાઈ



દેતા વિશેષ ઉપદેશ કૃપા કરીને,
વંદૂ સદા સદગુરૂ રઘુવીરજીને. ૨૩
જેણે મને નિજ કને રથમાં લઈને,
કીધાં પ્રયાણ સુખ સૌ વિધિનાં દઈને;
દીધી શિખામણ સુધાસમ ઉચ્ચરીને,
વંદૂ સદા સદગુરૂ રઘુવીરજીને. ૨૪

**માલિનીવૃત્ત :**

હરિ ચરિત તણો છે જાણીયે ગ્રંથ જેહ,
સુખકર હરિલીલાકલ્પતર્વાખ્ય તેહ;
રચિત રસિક જેણે પૂર્ણ પ્રેમે કરીને,
વિનય સહિત વંદૂ શ્રીરઘુવીરજીને. ૨૫

**ભુજંગપ્રયાતવૃત્ત :**

કૃપાસિંધુયે મસ્તકે હાથ થાપ્યો,
દયા આણીને ઉત્તરાખંડ આપ્યો;
ઉરે એહના સદ્‌ગુણો આણી યાદ,
નમું પ્રેમથી શ્રીઅયોધ્યાપ્રસાદ. ૨૬
રચ્યું મૂળિમાં ધામ ઉદ્દામે[1] જેણે,
તથા શ્રીછપૈયે કર્યું ધામ તેણે;
દઈ બોધ સૌનો મટાડ્યો વિષાદ,
નમું પ્રેમથી શ્રીઅયોધ્યાપ્રસાદ. ૨૭

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જે વીરો ત્રણથી કનિષ્ઠ વયમાં શ્રેષ્ઠત્વ વિદ્યા વિષે,



૧.મજબુત,પ્રંચડ

દેવાચાર્ય સમાન થાય ગણના દક્ષત્વે[1] એવું દિસે;
જેની પંડિતતા સદા વિનયદા દીઠી નહીં ગર્વદા,
સીતારામ સુનામ ધામ ગુણના વંદૂ મુદા સર્વદા. ૨૮
વંદુ શ્રીભગવત્પ્રસાદ ભગવદ્ભક્તિપ્રયુક્તઃ સદા,
શાસ્ત્રજ્ઞાનસમર્થ અર્થ સઘળા જાણે જણાવે મુદા;
જેણે ગ્રંથ રચ્યો રુડો અતિ હરીલીલાપ્રદીપાખ્ય છે,
શ્રીમદ્ભગવતોપરી વળી કરી ટીકાન્વયાર્થાખ્ય છે. ૨૯
ગાંભીર્યાદિ ગુણો ન થાય ગણના સૌજન્યતા[2] શી કહું,
કામ ક્રોધ તથા ન લોભ મનમાં સંસાર જાણે સહું;
દેવાચાર્યસમાન શુદ્ધ વચનો મીઠાં મુખે ઉચ્ચરે,
વંદૂ શ્રીભગવત્પ્રસાદ પિતરં જેનાથી સ્વેચ્છા સરે. ૩૦

**વસંતતિલકાવૃત્ત :**

ગોપાળજીતનુજ કૃષ્ણપ્રસાદ નામ,
ભાષ્યાદિ કાવ્ય વળી શાસ્ત્ર તણા સુધામ;
ધર્માન્વયે રવિસમાન વિરાજમાન,
વંદૂ સદૈવ સદબુદ્ધિ તણા નિધાન. ૩૧

**શિખરિણીવૃત્ત :**

મુકુંદાનંદાખ્ય પ્રગટ પ્રભુના પૂજક સદા,
નમું તેને નિત્યે મહતગુરુ જાણી મનમુદા[3];
વિરાજે વર્ણીન્દ્ર પ્રમુખ હરિના સેવક વિષે,
કૃપાકારી ભારી અનઘ[4] અવિકારી દિલ દિસે. ૩૨
નમું મુક્તાનંદ પ્રભુપદ તણા સેવક સદા,



૧.હોંશિયારપણુ ૨.સજ્જનતા ૩.આનંદથી ૪.નિષ્પાપ



મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા;
કરે વાર્તા જ્યારે સુરસરિત[1] ધારા સમ વહે,
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે. ૩૩

**સ્રગ્ધરાવૃત્ત :**

સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને,
શોધી વેદાંતતત્ત્વો સકળ ગૃહિ લીધાં જેમ સિંધુથી રત્ને;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણતજન તણી ટાળી કીધી સમાધિ,
ગોપાળાનંદ સ્વામી સકળગુણનિધિ વંદુ માયા અબાધિ. ૩૪
જેને શ્રીભક્તિપુત્રે નિજજન બહુના ઉપરી આપ કીધા,
બંને આચાર્યકેરા ઉપરી કરી વળી હાથમાં હાથ દીધા;
જેનો સદ્બોધ પામી વટપુર[2]પતિયે સાર લીધો ધરીને,
ગોપાળાનંદ સ્વામી સકળગુણનિધિ વંદુ પ્રેમે કરીને. ૩૫

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

બ્રહ્માનંદમુનિ કવિ અતિભલા જે શીઘ્ર કાવ્યો કરે,
હેતે હાસ્ય રસે હસાવી હરિને ધ્યાને છબી તે ધરે;
જેને શ્યામ સખાસમાન ગણિને રાખે સમીપે સદા,
એવા બ્રહ્મમુનિ મુનીન્દ્ર[3] પદને વંદૂ જ વંદૂ મુદા. ૩૬
નિત્યાનંદ મુનીન્દ્ર ચંદ્ર પ્રણમું જે શાસ્ત્ર સર્વજ્ઞ છે,
જેણે શ્રીહરિ પાસ શાસ્ત્ર ઉચર્યા સર્વોપરી સુજ્ઞ છે;
જેની ભક્તિ અભંગ અંગ ગણિને રીઝ્યા મહારાજ છે,
ટીકાઓ કરી શ્રેષ્ઠ શાસ્ત્ર ઉપરી પ્રખ્યાત એ આજ છે. ૩૭
જેણે જીતી સભા અનેક પુરમાં વિદ્વજ્જનોની વડી,



૧. ગંગા ૨.સયાજીરાવ ગાયકવાડ ૩..મુનીઓમાં શ્રેષ્ઠ

દેવાચાર્ય સમાનતાની ઉપમા જેને[૧] જુઓ છે જડી;
જે પ્રત્યક્ષ પ્રભુ તણી સુનવધા ભક્તિતણું પાત્ર છે,
જેને એક અનન્ય ઇષ્ટ ઉરમાં શ્રીસ્વામિજી માત્ર છે. ૩૮

**શિખરિણીવૃત્ત :**

સ્વરૂપે તો પોતે ત્રિગુણપર વૃત્તિ ધરી રહે,
કરે વાર્તા એવી સુણી કદી નહીં સંશય રહે;
જુઓ જીતી જેણે મનમથે[૨] અમર્ષાદિકે[૩] ચમૂ[૪],
ગુણાતીતાનંદ સકળ ગુણકંદે[૫] નમુ નમુ. ૩૯
મને સત્સંગીના નિયમ શુભ આપી સુખી કર્યો,
દયા આણી વાણી વદિ શુભ વળી સંશય હર્યો;
કર્યો એવો જેવો વૃષકુળપતિને મન ગમું,
ગુણાતીતાનંદ સકળ ગુણકંદ નમુ નમુ. ૪૦
સદા શ્રીજી પાસે રહી રહી રહસ્યો સુણી લિધાં,
દયા આણી વાણી વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં મહતગુણવંતં મુનિવરં,
શુકાનંદસ્વામી પ્રણમું પ્રતિપન્ન[૬] પ્રિયકરં. ૪૧

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

ભોળાનાથ ભલાજ ભક્ત હરિના શાસ્ત્રી સુશાણા ઘણા,
રૈક જ્ઞાતિ સુજાણ શાસ્ત્ર સઘળાં તત્ત્વજ્ઞ તત્ત્વો તણા;
સારો શાંત સ્વભાવ ભાવ પ્રભુમાં જે મુજ વિદ્યાગુરુ,
તેને નિત્ય પ્રણામ પ્રેમ ધરીને બે હાથ જોડી કરું. ૪૨



૧.લોકો એને દેવાચાર્ય જેવા કહે છે ૨.કામ ૩.ક્રોધ-ઈર્ષા આદિક ૪.સેના ૫.ગુણોના મૂળ ૬.શરણાગત



**વૈતાલીયવૃત્ત :**

કરુણા શુભ સંતની મળે, મનના સર્વ મનોરથો ફળે;
મુનિ સૌ પદ વંદના કરું, હરિલીલામૃત ગ્રંથ આદરું. ૪૩

***ઈતિ શ્રી વિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે***
***પ્રથમકલશે મંગલાચરણનામ પ્રથમો વિશ્રામઃ ॥૧॥***

**અથ ગ્રંથોત્પત્તિકથનમ્ : શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો લૈ તીર્થ માંહિ ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો ને યજ્ઞ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યાં ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી સંક્ષેપ એ ઉચ્ચરી. ૧
શ્રી વૃત્તાલયમાં અચિંત્યમુનિએ રાજા અભેસિંહને,
જે લીલામૃત કૃષ્ણનું કરી કૃપા પાયું[૧] પમાયું જને;
તે વર્ણીવરને નમું વળી નમું તે ભૂપતિ હંસને,
તેના પૂર્વજ જે થયા હરિજનો વંદૂ જદુવંશને. ૨
નિત્યાનંદ તણા સુશિષ્ય સુમતિ જ્ઞાતા જનો સૌ કહે,
ભૂમાનંદમુનિ ભલા ભગવદી વૃત્તાલયે તે રહે;
સાધૂતા ગુણ શ્રેષ્ઠ શ્રીહરિ તણી લીલા સદા ઉચ્ચરે,
બેસીને દઢ આસને પ્રભુ તણું જે ધ્યાન નિત્યે ધરે. ૩
તાપે ગ્રીષ્મ ને તપ્યાં તન અતિ એવા અરણ્યે ચરા[૨],
ગંગા નીર તરંગથી તન વિષે તે શાંતિ પામે ખરા;
તે રીતે ત્રણ તાપથી તપિત જે આવે જનો આદરે,
ભૂમાનંદમુનિની વાણી સરિતા તે તાપ તેના હરે. ૪



૧.એના દ્વારા લોકોને મળ્યું ૨.વનમાં ફરનાર

જૈ બેઠા હરિમંડપે હરિ તણા તે ધ્યાનમાં એકદા,
પાટીદાર વસો નિવાસી જન જે તે આવિયા ત્યાં તદા;
જેના તાત અમીન દાસ તુલસી સદ્ભાગ્યશાળી હતા,
એવા વાઘજીભાઇ આ સમયમાં સત્સંગમાં છે છતા. ૫

શ્રીજી નિર્મિત ધર્મસેતુ પર જે પ્રીતિ સુરીતિ કરે,
શ્રીજી સ્થાપિત દેવ ગાદિપતિનો જે પક્ષ પક્કો ધરે;
જેણે મુખ્ય ગુણાતીતાખ્ય મુનિનો સત્સંગ જઇને કર્યો,
સદ્ભક્તિશ્રવણાખ્યમાં પૃથુસમો સદ્ભાવ જેણે ધર્યો. ૬

**ઉપજાતિ :**

તે વાઘજીભાઇ વિવેકી સારા, પ્રીતે હરિમંડપમાં પધાર્યા;
ભૂમાખ્ય મોટા મુનિને નિહાળી, લાગ્યા પગે મસ્તક નેણ ઢાળી. ૭
ત્યાં ધ્યાનમાંથી મુનિ તેહ જાગ્યા, પ્રેમે લળી વાઘજી પાય લાગ્યા;
હરિ સુલીલામૃત ગ્રંથ કેરી, કથા વખાણી મુનિએ ઘણેરી. ૮
બોલ્યા તહાં વાઘજીભાઇ વાણી, અહો કૃપાનાથ કૃપા સુ આણી;
પૂછું હવે ઉત્તર એહ આપો, સમર્થ છો સંશય સર્વ કાપો. ૯
હરિ સુલીલામૃત ગ્રંથ નામ, કેણે રચ્યો છે રહી કેહ ઠામ ?
તે ગ્રંથ કેરી ઉતપત્તિ જેહ, તમે કહો હે મુનિરાજ તેહ. ૧૦
ઈચ્છા મને છે અતિ જાણવાની, સારાંશ એનો ઉર આણવાની;
કહે મુનિ સાંભળ ભક્તરાજ, એ ગ્રંથ ઉત્પત્તિ સુણાવું આજ. ૧૧
તે ગ્રંથમાં છે પ્રભુનાં ચરિત્ર, શ્રોતા જનો થાય સુણી પવિત્ર;
શ્રીધર્મપુત્રે રઘુવીરજીને, આચાર્ય કીધા કરુણા કરીને. ૧૨
તેણે વળી જાણી ગતપ્રમાદ, આચાર્ય કીધા ભગવત્પ્રસાદ;





એણે પછી આણી ઉરે વહાલ, સ્થાપ્યા નિજસ્થાન વિહારીલાલ. ૧૩
તે એકદા સંતતણે સમાજે, આંહી સભામંડપમાં બિરાજે;
તારા વિષે શોભિત ચંદ્ર જેમ, શોભે સભામાં વૃષવંશી તેમ. ૧૪
તિથિ હતી રામ જયંતિ જ્યારે, આવ્યા હતા સંઘ અનેક ત્યારે;
ભાવીક તે ભક્ત બધા મળીને, આચાર્ય પાસે ઉચર્યા લળીને. ૧૫

**રથોદ્ધતા :**

હે દયાળુ દિલમાં દયા કરો, આ અમારી વિનતિ ઉરે ધરો;
ગ્રંથ ધર્મસુતની લીલા તણા, વાંચવા ઉર ઉમંગ છે ઘણા. ૧૬
જે ચરિત્ર પ્રગટ પ્રભુ તણાં, છે લખેલ ગિરવાણ[1]માં ઘણાં;
તે ન વાંચી શકિયે ભણ્યા વિના, કેમ શાંતિ ધરિયે સુણ્યા વિના. ૧૭
જેમ મિષ્ટ ફળ પેટીમાં ભરે, તાળું વાસી પછી આગળે ધરે;
જો ન હોય જન કુંચિદાર તો, લૈ શકે ન ફળ તે લગાર તો. ૧૮
તેમ શાસ્ત્રી જન વાંચીને કહે, તોજ સર્વજન સાંભળી લહે;
હોય ગ્રંથ શુભ દેશિ વાણીમાં, જ્ઞાન પ્રાપ્ત બહુ થાય પ્રાણીમાં. ૧૯
દેશિ વાણી સઉ જેવી ડાળિયો, મૂળ તેહ ગિરવાણ વાણીયો;
ધૂળમાં તરુ સમસ્ત મૂળ છે, ડાળમાં ફળ તથા સુફૂલ છે. ૨૦
સંપ્રદાયતણી શુદ્ધિ નામનો, ગ્રંથ સંસ્કૃત વિશેષ કામનો;
છે રચ્યો ગુરુ તમે કૃપા કરી, વાસુદેવ ભટ નામને ધરી. ૨૧
ગ્રંથ પ્રાકૃતલીલા[2] સુસંગ્રહ, છે રચ્યો શુભ તમે દયા સહ;
કૃત્ય આપ કરવાનું છે કર્યું, ધન્ય દેશિકપણું[3] તમે ધર્યું. ૨૨

**ચોપાઈ :**

સુણી બોલ્યા આચાર્ય ઉમંગી, તમે સાંભળો સૌ સત્સંગી;



૧.સંસ્કૃત ૨.માનુષી લીલા ૩.ગુરૂપણું

ગ્રંથ છે ઘણા તે શું ગણાવું, સંખ્યા મુખ્ય ગ્રંથની સુણાવું. ૨૩
સત્સંગિજીવન શુભ નામ, ગ્રંથ ગીર્વાણ છે સુખધામ;
રચનાર શતાનંદ સ્વામી, નથી તેમાં રહી કાંઇ ખામી. ૨૪
ધર્મશાસ્ત્ર ગણાય છે સારું, લીલા પ્રગટ તણી કહેનારું;
પૂરા પ્રકરણ છે પાંચ જેમાં, સુણો શ્લોકની સંખ્યા છે તેમાં. ૨૫
યથાવૃત્ત[1] પ્રમાણે કહીશ, સાડા સોળ હજાર પચીશ;
પણ લેખક ગણતી પ્રમાણે, શ્લોક સત્તર સહસ્ત્ર સૌ જાણે. ૨૬
વળી એથી અધિક તો ગણાય, સાતસેં ને સત્યાવીશ થાય;
હરિલીલાકલ્પતરૂ જેહ, રઘુવીરજી રચનાર તેહ. ૨૭
આખા ગ્રંથના સ્કંધ છે બાર, વૃત્ત ઓગણત્રીસ હજાર;
એ થકી વળી ઉપર જે છે, પૂરેપૂરા પોણા ત્રણસેં છે. ૨૮
પણ લેખક ગણતી પ્રકાર, તેના શ્લોક તેત્રીસ હજાર;
એકત્રીસ બસેં ઉપરાંત, તેમાં ભાસે નહીં કાંઇ ભ્રાંત. ૨૯
એના માહાત્મ્યના જે અધ્યાય, ચૌદનો ગ્રંથ જૂદો જણાય;
શ્લોક લેખક સંખ્યા ગણીશ, સાતસેં ને ઉપર ઓગણીશ. ૩૦
હરિવાક્યસુધાસિંધુ જેહ, શતાનંદે રચ્યો ગ્રંથ તેહ;
વચનામૃત તેહનાં ગણી, કહું સંખ્યા સુણો તેહ તણી. ૩૧
ગઢડે ઉચર્યા અવિનાશી, એકસો ઉપરાંત ચોરાશી;
જાણો સારંગપુરનાં અઢાર, કારિયાણી તણાં કહું બાર. ૩૨
છે અઢાર લોયાનાં વિખ્યાત, ગામ પંચાળાનાં ગણો સાત;
વરતાલ તણાં વીશ જાણો, ત્રણ શ્રીપુરનાં ઉર આણો. ૩૩
બધાં બાસઠ ને શત બેય, સંખ્યા સર્વ મળી એવી છેય;



૧.શ્લોક



શ્લોક નાના મોટા નિરધાર, દશ ઓછા છે આઠ હજાર. ૩૪
શ્લોક લેખક સંખ્યા કહીશ, આઠ સહસ્ત્ર શત એકત્રીસ;
ગ્રંથ હરિદિગ્વિજય છે સાર, નિત્યાનંદમુનિ રચનાર. ૩૫
એના અધ્યાય નામ હુલાસ, પૂરી સંખ્યા ઓગણપચાસ;
છસેં નવ તથા ત્રણ હજાર, તેમાં વૃત્તનો છે નિરધાર. ૩૬
શ્લોક લેખકના જ પ્રમાણો, સવા ચાર હજાર છે જાણો;
વળી રઘુવીરજી મહારાજે, ગ્રંથ કીધો છે નિજજન કાજે. ૩૭
દુર્ગપુરના માહાત્મ્યનો ગ્રંથ, તે છે પાવન મોક્ષનો પંથ;
હરિવાક્યસુધા સિંધુ તણી, રચી છે ટીકા ઉત્તમ ઘણી. ૩૮
સર્વમંગળનું ભાષ્ય કીધું, તે તો શિષ્યોને જીવન દીધું;
ભલા શ્રીભગવતપ્રસાદ, તેના ગ્રંથ કહું કરી યાદ. ૩૯
એક તો હરિલીલાપ્રદીપ, રચ્યો છે રમાનાથ સમીપ;
અન્વયાર્થપ્રકાશિકા નામ, ભાગવત પર ટીકા ઉદ્દામ[1]. ૪૦
હરિલીલાકલ્પતરુકેરી, રચી છે ટીકા રુડી ઘણેરી;
હરિનો દિગ્વિજય છે ગ્રંથ, સજી તેની ટીકા શુદ્ધ પંથ. ૪૧
વળી સદ્ગુરૂ ગોપાળાનંદે, ઘણા ગ્રંથ રચ્યા ગુણવૃંદે;
ભગવદ્ગીતા ને ઈશાવાસ્ય, ભલાં તેનાં કરેલાં છે ભાષ્ય. ૪૨
સ્કંધ બીજો અગ્યારમો દશમો, ભાગવતનો છે ભણવાને વસમો;
તેની ટીકા સુગમ કરી દીધી, વ્યાસસુત્ર તણી ટીકા કીધી. ૪૩
શ્રુતિશાસ્ત્ર ઉપર દૃષ્ટિ સાંધી, વિષ્ણુયાગની પદ્ધતિ બાંધી;
ઝાલાવાડમાં શીયાણી ગામ, ભલા ત્યાં હતા ભટ શિવરામ. ૪૪
ગ્રંથ સત્સંગિજીવન માંય, પાંચમું પ્રકરણ છે જ્યાંય;



૧.અસાધારણ-ગંભીર

શિવરામને શ્રીહરિ કેરો, સારો સંવાદ દિસે ઘણેરો. ૪૫
થયા તેહ પછી બ્રહ્મચારી, અખંડાનંદ સંજ્ઞા છે ધારી;
એહ વર્ણી તથા ગુણવૃંદ, સાધુ સોમપ્રકાશાનંદ. ૪૬
જેને ભક્તિસુતે કહ્યા ભાઇ, સાધુ એવા તે જન સુખદાઇ;
રઘુવીરજીને પ્રભુ જ્યારે, પદ આપ્યું આચારજ ત્યારે. ૪૭
અખંડાનંદ સોમપ્રકાશ, મુક્યા જમણી ને ડાબી પાસ;
રચ્યો વર્ણીયે ગ્રંથ પવિત્ર, તેનું નામ છે હરિચરિત્ર. ૪૮
તેની ટીકા છે મન અભિરામ, તેનું તત્વાર્થબોધિની નામ;
તે તો ગોપાળજી સુત જેહ, રચી કૃષ્ણપ્રસાદે તો તેહ. ૪૯
જ્યારે હરિયે આચારજ થાપી, ગાદી અવધ્યપ્રસાદને આપી;
વર્ણી વાસુદેવાનંદનામી, સાધુ માહાનુભાવાનંદસ્વામી. ૫૦
ભુજ દક્ષિણે[૧] ને વામે[૨] સ્થાને, મુક્યા તે સમે શ્રી ભગવાને;
આચારજજી અયોધ્યાપ્રસાદે, શ્રુતિ શાસ્ત્ર તણી મરજાદે. ૫૧
ટીકા સત્સંગિજીવન તણી, રચી તે પણ છે શુભ ઘણી;
વર્ણી વાસુદેવાનંદે સીધ, ગ્રંથ સત્સંગિભૂષણ કીધ. ૫૨
તેની ટીકા તે વળી વાંચીયે, કરી કેશવપ્રસાદજીયે;
ટીકા સત્સંગિજીવન તણી, હેતુ નામે છે ઉત્તમ ઘણી. ૫૩
રચનાર શુકાનંદસ્વામી, નથી તેમાં કશી પણ ખામી;
ચૈતન્યાનંદસ્વામીયે જેમ, રચ્યો જ્ઞાનવિલાસ છે તેમ. ૫૪
સીતારામજીભાઇયે સત્ય, રચ્યો શ્રીહરિઆજ્ઞામૃત;
વ્યાસસૂત્રતણું બીજું ભાષ્ય, મુક્તાનંદે કર્યું છે પ્રકાશ. ૫૫
ભાષ્ય શાંડિલસૂત્ર જ તણું, નિત્યાનંદે કર્યું શુભ ઘણું;



૧.જમણું ૨.ડાબુ



હરિસંભવાદિક રચ્યા જેહ, અચિંત્યાનંદવર્ણીયે એહ. ૫૬
યોગાનંદ થયા કવિરાજ, ગ્રંથો તેણે રચ્યા જનકાજ;
એ તો સંસ્કૃત ગ્રંથ ગણાવ્યા, મને જે કાંઇ સાંભરી આવ્યા. ૫૭
ગ્રંથ પ્રાકૃતનો નથી પાર, મુક્તાનંદ આદિક રચનાર;
બ્રહ્માનંદ પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદે રાખી ન ખામી. ૫૮
ગણતાં કેટલાક ગણાવું, જીભથી કેમ પાર જણાવું;
નિત્ય એક અધ્યાય વંચાવે, શત વર્ષે નહિ પાર આવે. ૫૯

**ઇન્દ્રવંશા :**

સત્સંગી સર્વે વળી બોલિયા ફરી,
છોજી કૃપાનાથ સુણો કૃપા કરી;
આખ્યાન બીજાય અનેક છે સહી,
તે ગ્રંથમાં ક્યાંઇ લખેલ છે નહીં. ૬૦
જે વૃદ્ધ ભક્તો હમણાં હયાત છે,
તેને મુખે એવી અનેક વાત છે;
જ્યારે જનો તે હરિધામમાં જશે,
આખ્યાન એ સર્વે અદર્શ તો થશે. ૬૧
અદ્‌ભૂત લીલા વળી એકઠી કરો,
તે સર્વ તે ગ્રંથ વિષે તમે ધરો;
તે ગ્રંથ ભાષા ભલી ગુર્જરી વિષે,
ગુંથાય તો સર્વ જનો ખુશી થશે. ૬૨
આચાર્ય જે જે પૂરવે થઇ ગયા,
તે ગ્રંથ તેના મતના રચી ગયા;

જેનાથી ગ્રંથો વધતા રચાય છે,
આચાર્ય તો ઉત્તમ તે ગણાય છે. ૬૩
આ લોકમાં ઊંચી ઘણી ઈમારતો,
સારી રચે છે બહુ સાહુકાર તો;
સદ્‌ગ્રંથ મોટા નિજ સંપ્રદાયના,
આચાર્ય સાધારણથી રચાય ના. ૬૪
હીરાતણું મૂલ ઝવેરી જાણશે,
બીજા જનો કંકરે[1] તે પ્રમાણશે;
ગ્રંથોનુ માહાત્મ્ય પુરું પ્રવીણને,
તે તુચ્છ લાગે જન બુદ્ધિહીણને. ૬૫
પુષ્ટિ વધે ગ્રંથથી સંપ્રદાયની,
છે એ જ રીતિ જગમાં સદાયની;
જે પંથના ગ્રંથ નહીં પ્રકાસશે,
ભફ્ફાકિયા પંથ સમાન ભાસશે. ૬૬
આ જે કરી પ્રાકૃતે[2] ગ્રંથ માગણી,
તે તો દયાળુ તમને ભલા ગણી;
જાણે ન જે સંસ્કૃત નારી ને નરો,
તે સર્વ માટે ઉપકાર તો કરો. ૬૭
કૂવાનું પાણી ગુણવાને[3] પામશે,
નિરાશિ થૈને ગુણહીન તો જશે;
ગંગા ગુણી નિર્ગુણીને નહીં ગણે,
દે સર્વને નીર દયાપણે ઘણે. ૬૮



૧.કાંકરા ૨.ગુજરાતી ભાષા ૩.દોરીવાળો



તેવી દયા દિલ ધરો તમે બહુ,
સ્વશિષ્ય જાણો ન ભણ્યા ભણ્યા સહુ;
એવો રચો ગ્રંથ અપૂર્વ રંગથી,
જે ગ્રંથ વાંચે જન સૌ ઉમંગથી. ૬૯

**પુષ્પિતાગ્રા :**

કરી સુવિનતિ એવી એહ કાળે,સુણી મન માંહિ ધરી વિહારીલાલે;
નિજજન હિત ચિત્તમાં વિચાર્યું, દઢ કરી ગ્રંથ રચ્યાનું કામ ધાર્યું. ૭૦

***ઈતિ શ્રી વિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે ગ્રંથરચનાર્થે હરિભક્તકૃત આચાર્યવિનતિનામ દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**ઉપજાતિ :**

કહે ભૂમાનંદ મુનીન્દ્ર મુક્ત, હે વાઘજીભાઈ સુણો સુભક્ત;
વિહારીલાલે મનમાં વિચારી, બોલાવિયા સદ્‌ગુરૂ બુદ્ધિ સારી. ૧
તેનાં કહું નિરમળ શુદ્ધ નામ, તથા કહું સદ્‌ગુણ એહ ઠામ;
આચાર્ય પાસે મુનિ એહ આવ્યા, જોતાં ભલા અંતર માંહિ ભાવ્યા. ૨

**સ્રગ્ધરા :**

જ્ઞાની ધ્યાની અમાની મુનિશિરમણિ શ્રી અદ્‌ભુતાનંદસ્વામી,
જેણે કામાદિ જીત્યા તજી તનમમતા તીવ્ર વૈરાગ્ય પામી;
સારી સેવા સજીને સમય સમયમાં શ્રીજીને રાજી કીધાં,
પામ્યા હાર પ્રસાદી ચરણ હરિ તણા છાતિમાં ચાંપિ લીધા. ૩
ગોપાળાનંદ કેરા સુગુણી મુનિ હતા શિષ્ય સારા અનેક,
તે સૌમાં મુખ્ય તે તો સકળ જન કહે પુરુષાનંદ એક;

જેણે કાંઇ જુદાઇ લવ સમ ન ગણી શ્રી રઘુવીર સાથે,
સાચું સખ્યત્વ તેથી સતત મન ધર્યું તેહ ધર્માધિનાથે. ૪

**શિખરિણી :**

અનંતાનંદાખ્ય પ્રભુપદ તણા પૂજક સદા,
વડા તે વર્ણીન્દ્ર પ્રગટ હરિવાર્તાકર મુદા;
મુકુંદાનંદે તો નિજ સકળ શિષ્યોપરી ભણ્યા,
વિહારીલાલે તે સ્વમત પૂછવા ઉત્તમ ગણ્યા. ૫

**સ્રગ્ધરાઃ**

વિજ્ઞાનાનંદસ્વામી વિદુષજનમણી[1] હું હતો તેહ પાસ,
નિષ્કામાનંદ વર્ણી અતિ શુભમતિમાન્ બાળમુકુંદદાસ;
આવ્યા ત્યાં આઠમા તો પરમ નિપુણ જે કૃષ્ણજીવનદાસ,
આચાર્યે માન આપ્યું મધુર વચનથી આપ બેસારી પાસ. ૬

**ઉપજાતિ :**

ભક્તિ મળી વલ્લભદાસ નામ, જે સાધુ છે સદ્ગુણના સુધામ;
ચૈતન્ય આનંદમુનીન્દ્ર કેરા, તે શિષ્ય સારા મતિમાન્ ઘણેરા. ૭
લાગ્યા ભલા તે રઘુવીરજીને, મહાંત કીધા ગુણી તે મુનીને;
સદૈવ કાળે સત્સંગ કેરો, મમત્વ રાખે મનમાં ઘણેરો. ૮
સેવ્યા ઘણા સદ્ગુરુ સ્નેહ આણી, તેથી થઇ તેની વિશુદ્ધ વાણી;
તે સંતને ગ્રંથ વિચાર કાળે, બોલાવિયા પાસ વિહારીલાલે. ૯
કેવા દિસે તે નવ સંત સાથ, જેવા વિરાજે નવ યોગિનાથ;
તેમાં વિરાજે વૃષવંશિભૂપ, જેવા વિદેહી નૃપતિ અનૂપ. ૧૦



૧.વિદ્વાનોમાં શ્રેષ્ઠ



**વૈતાલીય :**

મુનિ તે નવને તહાં સહી, વૃષવંશે બધી વારતા કહી;
શુભ પ્રાકૃત ગ્રંથ તો ખરો, હરિભક્તો મુજને કહે કરો. ૧૧
કરું પ્રાકૃત કે ન આ સમે, ઉચરો શાસ્ત્રપ્રમાણ તે તમે;
સુણી વર્ણી સુસંત બોલિયા, ન કરો એમ કહે જે ભોળિયા[1]. ૧૨
ધર્માધિપતિપણું ધરી, સમઝાવે મત પ્રાકૃતે કરી;
વળી ભાગવતે લખ્યું દિસે, શુભ એકાદશકંધને વિષે. ૧૩
સ્તુતિ પ્રાકૃત સંસ્કૃતે કરી, કરવાથી દિલ રીઝશે હરિ;
વળી વાંચી જુવો સુધિયની , શુભ શિક્ષા મુનિ પાણિનીયની[2]. ૧૪
શુભ પ્રાકૃત સંસ્કૃતે ધર્યા, વરણોચ્ચાર સ્વયંભુયે[3] કર્યા;
નથી પ્રાકૃતની નિષિદ્ધતા, લખી કોઇ મુનિયે પ્રસિદ્ધતા. ૧૫
વચનામૃત વિઠ્ઠલેશનાં, વ્રજભાષાકૃત છે સ્વદેશનાં;
જડ પ્રાકૃતને નિષેધશે, પણ પોતે મુખ બોલતો હશે. ૧૬
જન જે વિદુષો ન નિંદશે, ખળ નિંદે કદી તેથી શું થશે;
સુખથી શુભ ગ્રંથ આદરો, હરિભક્તો ખુશી થાય તે કરો. ૧૭
સુણી તે વૃષગાદીના પતિ, મુદ પામ્યા નિજ અંતરે અતિ;
પછી મુખ્ય સુકારભારીને, વળી પૂછ્યું મનમાં વિચારીને. ૧૮

**ઉપજાતિ :**

મુખ્યત્વ ગોવર્ધનદાસ નામ, છે ઠાસરા તેહનું જન્મઠામ;
વિખ્યાત છે નાગર વૈશ્ય નાતે, છે રાજનીતિ શુભ જાણ જાતે. ૧૯
પિતાતણું નામ દયાળજી છે, ભ્રાતા વડા મોહનલાલજી છે;
છે ભાઇ બીજો પણ કૃષ્ણદાસ, ત્રીજોય પીતાબંર તેની પાસ. ૨૦



૧.ભોળા,ઓછા બુદ્ધિવાળા ૨.સંસ્કૃત ભાષાના આચાર્ય એક ઋષિ ૩.બ્રહ્મા

ચતુર્થ તો જાદવજી ગણાય, તે પાંચ ભાઇ સુખિયા સદાય;
બે બેન તેમાં પણ એમ જાણો, સુભાગ્યશાળી નવલ પ્રમાણો. ૨૧
જે ઠાસરાના જન બાપુભાઇ, તેની સુપત્નિ સતિ તે ગણાઇ;
સત્સંગી બાઇ કઠલાલ કેરી, વાતો પ્રભુ કેરી કરે ઘણેરી. ૨૨
તે એક કાળે અવલેંજ આવી, સત્સંગની વાત ઘણી સુણાવી;
તે સાંભળીને નવલે વિચાર્યું, દાસત્વ શ્રીજીતણું દિલ ધાર્યું. ૨૩
તે નાત કેરા જન જે બધાય, સત્સંગનો દ્વેષ કરે સદાય;
તે કારણે ગુપ્ત ભજે હરિને, પિતા પતિ આદિકથી ડરીને. ૨૪
તેણે પ્રતિજ્ઞા કરી એવી આપે, જો પુત્ર પામું પ્રભુને પ્રતાપે;
તો શ્રીહરિને ચરણે લગાડું, તે પુત્રને અન્ન પછી જમાડું. ૨૫
દયાનિધિ સ્વામી દયા કરે છે, મનોરથો ભક્ત તણા પુરે છે;
તે બાઇ પોતે શુભ પુત્ર પામી, ખુશી થવા માંહિ રહી ન ખામી. ૨૬
ખુશી થયું એ થકી આખું ગામ, માયે ધર્યું માધવલાલ નામ;
ભાળી ભલો એવું ભવિષ્ય ભાસે, પરાક્રમી પુત્ર પ્રવિણ થાસે. ૨૭
મોટા થયા માધવલાલભાઇ, પિતા થકી કીર્તિ કરી સવાઇ;
અંગ્રેજ લોકો પણ માન આપે, રાજા ઘણા વેણ નહીં ઉથાપે. ૨૮
કર્યો ભલો ભૂપતિ કારભાર, સત્સંગમાં પ્રીતિ ધરી અપાર;
રહ્યાં ગૃહસ્થાશ્રમમાં સદાય, તથાપિ જુદા જળકંજ[1] ન્યાય. ૨૯
હવે કહું વાત દયાળજીની, તેણે લીધી આશ્રયતા હરિની;
સુપત્નિ તેની અવલ પ્રમાણી, તેણે પતિને કહી એવી વાણી. ૩૦
સત્સંગી થાતાં ભય છે અપાર, મુકે મળી સૌ ઘર નાતબાર;
સત્સંગ છાનો મન માંહિ રાખો, કંઠી તથા તીલક કાઢી નાખો. ૩૧



૧.જળમાં કમળ



મારું કહ્યું સ્વામી જરૂર માનો, નૈ તો મહાક્લેશ નક્કી થવાનો;
બોલ્યા સુણી શેઠ દયાળદાસ, તમે ન રાખો તૃણમાત્ર ત્રાસ. ૩૨

**સત્સંગ દૃઢ રાખવા વિષે :**

સર્વે થકી શ્રીહરિ છે સમર્થ, બીજા તણી બીક બધાની વ્યર્થ;
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય, તથાપિ સત્સંગ નહીં તજાય. ૩૩
ફણીન્દ્રને તો મણિ પ્રિય લાગે, તે જીવતાં તો કદીયે ન ત્યાગે;
સત્સંગ કીધો નિજ શીશ સાટે, નહીં તજુ નાતતણે ઉચાટે. ૩૪
પૂર્વે કર્યો છે સતસંગ જેણે, તજ્યો નથી તે ભય પામી તેણે;
પ્રહલાદને દુઃખ અપાર દીધું, સત્સંગ માટે સહુ સાંખી લીધું. ૩૫
વિભીષણે જો સતસંગ કીધો, તે ભ્રાત બીકે નહીં ત્યાગી દીધો;
ડર્યો નહીં દૈહિક દુઃખ માટે, સત્સંગ રાખ્યો નિજ શીશ સાટે. ૩૬
નારી સતી જે પતિને વરે છે, તે ત્યાગ શું તે પતિનો કરે છે ?
મેં શ્રીહરિને તન ચિત્ત તેમ, અર્પી દીધું તે લઉં પાછું કેમ ? ૩૭
જો કોઇ રાજા કદી કાંધ[1] મારે, જો લોક ધિક્કાર ઘણા ઉચારે;
સંબંધિ સર્વે પ્રતિકૂળ થાય, તથાપિ સત્સંગ નહીં તજાય. ૩૮
જેને જણાણો વ્યવહાર ખોટો, સત્સંગમાં માલ ગણ્યો જ મોટો;
તે જ્ઞાતિ માટે નહીં કંઠી તોડે, બદામ[2] માટે મણિ કોણ છોડે. ૩૯
જેણે સુધાપાન કર્યું જ લેશ, તે થાય પ્રત્યેક રગે પ્રવેશ;
પછી ભલે મસ્તક જો કપાય, તથાપિ પીધું ન પીધું ન થાય. ૪૦
એવી જ રીતે સતસંગ રંગ, વ્યાપી રહ્યો અંતર બાહ્ય અંગ;
આત્મા વિષે તો અતિરંગ ભાસે, શરીર જાતાં પણ તે ન જાશે. ૪૧
ફરે કદાપિ બહુ દેશ કાળ, દશે દિશે દર્શિત દુઃખ ઝાળ;



૧.મારી નાંખવું ૨.પૈસો

જો દૈવિ માયા મુજને ડગાવે, ડગું નહીં હું કદીયે ડગાવ્યે. ૪૨
સતી પતિસંગ બળે જઇને, નાસે નહીં દુઃખિત તે થઇને;
તેવી રીતે દુઃખ અથાગ થાય, તથાપિ સત્સંગ નહીં તજાય. ૪૩
મેરૂ ચળે ભૂમિ ફણીન્દ્ર મૂકે, કે વેદ વાણી વિધિદેવ[1] ચૂકે;
ભાનૂ ઉદે પશ્ચિમ પાસ થાય, તથાપિ સત્સંગ નહીં તજાય. ૪૪
ધીરાં રહી ધીરજ ચિત્ત ધારો, સત્સંગ કેરો મહિમા વિચારો;
સારું ચણાવે ઘર શ્રેષ્ઠ ઘાટે, તજાય શું મચ્છર દુઃખ માટે ? ૪૫

**રથોદ્ધતા :**

શેઠ ચાર સુતને વરાવિયા, તે ગૃહસ્થ કરીને ઠરાવિયા;
પાંચમે પરણવાનિ ના કહી, બ્રહ્મચર્ય ધરીને રહ્યાં સહી. ૪૬
કૃષ્ણદાસ સુત જે બીજો કહ્યો, પ્રેમચંદ સુત તેહનો થયો;
શુદ્ધચિત્ત સતસંગ તો ધર્યો, થૈ વકીલ જય ધર્મનો કર્યો. ૪૭
રીઝિયા શ્રીભગવત્પ્રસાદજી, અદ્‌ભુતાખ્ય મુનિ અપ્રમાદજી;
જે પવિત્ર પછી નંદજી કહ્યા, એહ આદિક પ્રસન્ન સૌ થયા. ૪૮
તે પછી પણ પ્રધાન તે થયા, બાબીપાસ[2] વડશિણોરમાં રહ્યાં;
કૃષ્ણભક્તિ ભલી ભાતથી કરે, ધર્મપક્ષ શિરસાટ તે ધરે. ૪૯
જાદવાખ્ય સુત જેહ ચારમો, તે થયો નવર[3] બીજી વારમો;
સ્ત્રી મુવા પછી વિરાગ આવિયો, સાંખ્યયોગ નિજ ચિત્ત ભાવિયો. ૫૦
ત્યાગમાર્ગ ધરવા રુચી ધરી, તાત કેરી સ્તુતિ બે સુતે કરી;
તાત આવી વરતાલમાં સિધા, વીર બેય રઘુવીરને દિધા. ૫૧
હાથ જોડી કરી શેઠ વિનતિ, બેય પુત્ર વિતરાગિ છે અતિ;
ત્યાગમાર્ગ તણી રૂચી લાવિયા, તેથી લાવી તમને ભળાવિયા. ૫૨



૧.બ્રહ્મા ૨.મુસ્લીમ રાજાનો એક પ્રકાર ૩.બીજીવાર લગ્ન ન કર્યા,સાંખ્યયોગી રહ્યો



એવી વાણી કહી ઘેર તે ગયા, સાંખ્યયોગી સુત બેય તો થયા;
ધન્યભાગ્ય સુત ને પિતાતણું, શું માહાત્મ્ય મુખથી કહું ઘણું ! ૫૩
વિક્રમાર્ક શક વર્ષ સંભવે, ઓગણીશ શત ઊપરે નવે;
બેય ભાઇ વરતાલ આવિયા, ભક્તરાજ ગુરુચિત્ત ભાવિયા. ૫૪

**ઉપજાતિ :**

શ્રીજી તણા જાદવજી સુદાસ, રહ્યાં ગુણાતીત મુનીન્દ્ર પાસ;
થોડેક કાળે પ્રભુને ભજીને, મોક્ષે ગયા તે તનને તજીને. ૫૫
બીજાનું ગોવર્ધનદાસ નામ, તે તો રહ્યાં શ્રીવરતાલ ધામ;
પોતા તણી પુંજિ સમસ્ત જેહ, સત્સંગમાં વાવરી દીધી તેહ. ૫૬
સંતો જમાડ્યા વળી વસ્ત્ર કીધાં, ચાંદી તણાં પાત્ર રચાવી દીધાં;
તે પાત્ર અર્પ્યા રઘુવીરજીને, પ્રસન્ન કીધા પ્રભુને ભજીને. ૫૭
નિષ્કામ નિઃસ્વાદ નિરાભિમાન, સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન;
સ્વાચાર્યનો પક્ષ પ્રસિદ્ધ સાચે, પેખ્યા અસાધારણ ગુણ પાંચે. ૫૮
શ્રીલક્ષ્મીનારાયણદેવ કેરાં, છે મંદિરો દેશ વિષે ઘણેરાં;
તે સર્વના ઉપરી કારભારી, તેને જ કીધા મતિ જોઇ સારી. ૫૯
આચાર્યજી શ્રીરઘુવીર જેહ, સ્વપુત્ર તુલ્યે ગણતા જ તેહ;
અનન્યદાસત્વ નિહાળી અંગ, વિશ્વાસ રાખ્યો ઉરમાં અભંગ. ૬૦
પછી થયા શ્રીભગવત્પ્રસાદ, તેણેય રાખ્યા ગુણ સર્વ યાદ;
તેથી જ ગોવર્ધનદાસ કેરો, વિશ્વાસ રાખ્યો હૃદયે ઘણેરો. ૬૧
કહે ભૂમાનંદ મુનીન્દ્ર વાણી, સુણો કહું તે ઉર નેહ આણી;
દયાળજી કેરું કુટુંબ કેવું, સુભક્ત સર્વે વ્રજવાસી જેવું. ૬૨
પ્રત્યક્ષ કેરો મહિમા ન જાણે, પરોક્ષને લોક પછી વખાણે;

એવી જ છે આ જગકેરી રીત, જ્ઞાની કરે ચાહિ વિચાર ચિત્ત. ૬૩
આખ્યાન આવાં હરિભક્ત કેરાં, કથા પ્રસંગે સુણિયે ઘણેરાં;
તો વાસના અંતરમાંથી તૂટે, સંસારનાં બંધન છેક છૂટે. ૬૪
પ્રત્યક્ષ જ્યાં શ્રીહરિ હોય જ્યારે, એવા દિસે ભક્ત અનેક ત્યારે;
પછી પુરો પુણ્ય પ્રતાપ જેને, તેવા તણું દર્શન થાય તેને. ૬૫

**પુષ્પિતાગ્રા :**

પરમ પુનિત આ કથા પ્રસંગ, હરિજન કીર્તિ કથાનું એહ અંગ;
સુણી જન મન સદ્ય શુદ્ધ થાય, પ્રભુ મહિમા પણ એ થકી જણાય. ૬૬

***ઈતિ શ્રી વિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે કથાપ્રસંગે ઠાસરાનિવાસી દયાળદાસાખ્યાનકથનનામ તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**ઉપજાતિ :**

કહે ભૂમાનંદ ઘણે વહાલે, વળી મહારાજ વિહારીલાલે;
અંબાઈદાસાખ્ય સુભક્ત જેહ, કોઠારી તેડ્યા નિજ પાસ તેહ. ૧
ખેડા તણા તે પણ પાટિદાર, જ્યારે હતા વર્ષ વયે અઢાર;
વૈરાગ્ય પામી ઘરબાર ત્યાગી, વૃત્તાલયે આવી વસ્યા સુભાગી. ૨
અઢારસેં ઉપર તો અઠાશી, જ્યારે ભલી વિક્રમ સાલ ભાસી;
આચાર્યજી શ્રીરઘુવીરજીયે, તથા દયા કીધી બધા મુનિયે. ૩
વૃત્તાલના મંદિરનો ઉદાર[૧], ભળાવિ દીધો કુલ કારભાર;
તે કામ તેણે નિજશીશ લીધું, વખાણવા લાયક તેહ કીધું. ૪
કોઠારી ત્રીજા પણ તે પ્રમાણ, જે ભીમજીભાઇ ભલા સુજાણ;
તે મૂળ તો મોઢ વણિક નાતે, રહ્યાં સદા નૈષ્ઠિક આપ જાતે. ૫



૧.મોટો



તેણે ધર્યો જન્મ શિહોરમાંય, વશી રહ્યાં ષોડશ વર્ષ ત્યાંય;
તે ઓગણીસેં ત્રણ કેરી સાલે, ત્યાગી થયા સત્વર તેહ કાળે. ૬
છે ભાલ માંહિ અણિયાળી ગામ, ત્યાં વાણિયા મોઢ વસે સુઠામ;
થયા પુંજાભાઈ ભલાજ ભક્ત, શ્રીજી છતાં તેહ થયા વિરક્ત. ૭
સમગ્ર પુંજી ઘરની લઈને, પોતે પછી દુર્ગપુરે જઇને;
શ્રીજીપદે અર્પણ સર્વ કીધું, ત્યાગી થવાનું પણ માંગી લીધું. ૮
પ્રસન્ન થૈને વૃષવંશિ રાજ, સોંપ્યું બધું મંદિર કેરું કાજ;
જ્યારે પછી શ્રીજી ગયા સ્વધામ, તથાપિ શેઠે કર્યું તેહ કામ. ૯
ત્યાગી થવા ભીમજીભાઇ આવ્યા, તે શેઠના શિષ્ય તહાં ઠરાવ્યા;
જ્યારે પુંજાશેઠ ગયા સુધામ, તેનું કરે ભીમજીભાઇ કામ. ૧૦
તેને વળી ગ્રંથ વિચાર કાળે, બોલાવિયા પાસ વિહારીલાલે;
ચતુર્થ કોઠારી સુલક્ષ્મીદાસ, સંક્ષેપ એનો કહું ઇતિહાસ. ૧૧
છે જન્મભૂમિ વઢવાણ માંય, શ્રીમાળીની નાત દશા ગણાય;
પછી થયા તે સતસંગી કેમ, કહું હવે કારણ તેનું જેમ. ૧૨

**શાલિની :**

ભીમો વોરો શેઠ સત્સંગી સારા, શીયાણીમાં વાસ તે રાખનારા;
જેને ધર્મ પ્રાણ કરતાં વહાલો, તેને પુત્ર પ્રાપ્ત તે શેઠ લાલો. ૧૩
લક્ષ્મીદાસે તે તણો સંગ કીધો, ત્યારે તેને નિત્ય સદ્બોધ દીધો;
શ્રીજી કેરા ત્યાં થયા તે ઉપાસી, કાયા માયાથી થયા તે ઉદાસી. ૧૪
લક્ષ્મીદાસે ગેહથી[૧] નેહ તોડ્યો, સાચા સંતો તેહમાં નેહ જોડ્યો;
ધોલેરામાં શ્રીરઘુવીર આવ્યા, ત્યાં બે મિત્રો દર્શનાર્થે સિધાવ્યા. ૧૫
ત્યારે તે આચાર્યને શેઠ લાલે, સોંપ્યા લક્ષ્મી સત્તરા કેરી સાલે;



૧. ઘરથી

રાખ્યા જાણી તેહ સત્સંગી સારા, તે તો સૌને થૈ પડ્યા પૂર્ણ પ્યારા. ૧૬
ધોલેરાના ધામનો કારભાર, સોંપ્યો સર્વે તેહને તેહ વાર;
ત્યાં થૈ આવ્યો એક બીજો બનાવ, તે તો સર્વે સાંભળો ધારી ભાવ. ૧૭
જૂને[1] દુર્ગે જે હતા કાશીરામ, કર્તા તે કોઠારી કેરું સુકામ;
થોડાં વર્ષો તે કર્યો કારભાર, આયુર્દા[2]નો આવિયો ત્યાં જ પાર. ૧૮
દેહ ત્યાગીને ગયા કાશિરામ, લક્ષ્મીદાસે કિધું તેનુંય કામ;
ધોલેરાનું કામ તો મુખ્ય કર્તા, જૂનાણા[3]ના કામમાં દષ્ટિ ધર્તા. ૧૯
તોયે ચિત્તે માન તેણે ન આણ્યું, ભક્તિ માટે દેહ છે એમ જાણ્યું;
એવા લક્ષ્મીદાસને ગ્રંથકાળે, બોલાવ્યા આચાર્ય વિહારીલાલે. ૨૦

**ઉપજાતિ :**

છે પાંચમા મંત્રી સુભક્ત જીવો, જે વૈશ્ય શ્રીમાળી વિષે સુદીવો;
ગઢાળીમાં જન્મ ધરી રહેલો, જેના પિતા સજ્જન શેઠ ઘેલો. ૨૧
સંસારમાંથી થઇને વિયોગી, રહ્યાં મુનિમાં થઇ સાંખ્યજોગી;
તે વારતા તો કહિ મેં ઉમંગે, કહું બીજી વાત કથાપ્રસંગે. ૨૨
ભાઇ ભલા શ્રીરઘુવીરકેરા, ગોપાળજી નામ ગુણી ઘણેરા;
તેને કહ્યું પૂર્ણ કૃપા કરીને, શ્રીજી સ્વયં દુર્ગપુરે ઠરીને. ૨૩
રહો તમે જૈ સરવાર દેશ, તમો વડે કાર્ય થશે વિશેષ;
સંબંધિયોની કરી પૂરી આશ, સંભાળજો ગામ તથા ગરાસ. ૨૪
આજ્ઞા હરિની મન માની લૈને, રહ્યા પછી તે સરવાર જઇને;
સંભાળિયા ગામ તથા ગરાસ, સંબંધિ સૌની કરી પૂરી આશ. ૨૫

**વૈતાલીય :**

ગત સંવત ઓગણીશસેં, ઉપરી વર્ષ સુસોળમું દિસે;



૧.જૂનાગઢ ૨.આયુષ ૩.જૂનાગઢ



શુભ ત્યાં સુધી કામ ત્યાં તણું, કરતાં કામ વધી પડ્યું ઘણું. ૨૬
પછી તેની સહાયતા વિષે, રઘુવીરે નિરધારી તે દિશે;
ગુણ અંતર માંહિ આણિયો, જન જીવો અતિ યોગ્ય જાણિયો. ૨૭
કરુણા કરી મોકલ્યો તહાં, જન જીવે જશ મેળવ્યો જહાં;
સ્વજનો વૃષવંશિના ઘણા, જશ બોલે જીભથી જિવા તણા. ૨૮
વૃષવંશિ વિહારીલાલજી, રચવા ગ્રંથ ભલો વિશાળજી;
નિજચિત્ત વિચાર આણિયા, પૂછવા લાયક પાંચ જાણિયા. ૨૯
પૂછી વાત પ્રધાન પાંચને, મન જાણે ખૂબ ખોંચખાંચને;
કહી તેહ બધી કથા ગણી, હરિભક્તે કરી જેહ માગણી. ૩૦
સુણી કામ નવીન ગ્રંથનું, હિતકારી પ્રભુભક્તિ પંથનું;
હૃદયે જન રાજી તે થયા, કર જોડી પ્રતિઉત્તરો કહ્યા. ૩૧
કરુણાનિધિ છો કૃપા કરો, અતિસારો ગુરુ[1] ગ્રંથ આદરો;
રચવા શુભ ગ્રંથ આ મતે, ધર્માચાર્ય તણુંજ કામ તે. ૩૨
હરિના જન વૃદ્ધ જ્યાં વસે, જન જો ત્યાં તમપાસથી જસે;
લખી વાત અપૂર્વ લાવશે, હરિલીલાની જનો લખાવશે. ૩૩
શુભમાં કદી કાંઇ દ્રવ્યનો, વ્યય જો થાય ગણાય સવ્ય[2]નો;
અપસવ્ય કહે ન કોઇયે, જબરા ગ્રંથ જરૂર જોઇએ. ૩૪
તટ તીરથના બનાવવા, અથવા ગ્રંથ નવા રચાવવા;
હરિ કે મુનિકાજ વાવરે, ધન તે ધન્ય મુનીન્દ્ર ઉચ્ચરે. ૩૫
ઉચર્યા સુણીને વિહારીજી, શુભ છે ધન્ય મતિ તમારીજી;
ગુણિતા ગણિ જાણી ગ્રંથની, અતિ જેથી શુભ પુષ્ટિ પંથની. ૩૬
પણ સૌ મળી એટલું કરો, સઘળું કાર્ય બીજું તમે ધરો;



૧.મોટો, વિશાળ ૨.સવળું

મનવૃત્તિ અખંડ જો ધરું, શુભ તો ગ્રંથ અપૂર્વ આદરું. ૩૭
સુણી મંત્રી કહે સુણો તમે, કરિયે કામ ત્રિપેઢીથી અમે;
કરશું વળી એ જ રીતથી, સુખથી ગ્રંથ રચો સપ્રીતથી. ૩૮
સુણી રાજી વિહારીજી થયા, રચિયો ગ્રંથ દિલે ધરી દયા;
શુભ વર્ણન ગ્રંથમાં ધર્યું, સહુ પેલું વરતાલનું કર્યું. ૩૯
સુણજો મન શાંતના સજી, કહું છું તે વળી ભાઇ વાઘજી;
વરણી નૃપનો સમાગમ, વરતાલે જ થયો કહું ત્યમ. ૪૦

**પુષ્પિતાગ્રા :**

કહી શુભ ઉતપત્તિ ગ્રંથકેરી, શ્રવણ કર્યાથી સુશાંતિ દે ઘણેરી;
વરણન વરતાલ કેરું થાશે, પરમ પવિત્ર સુગ્રંથ જ્યાં રચાશે. ૪૧

*ઈતિ શ્રી વિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે*
*ગ્રંથોત્પત્તિકથનનામ ચતુર્થો વિશ્રામઃ ॥૪॥*

**ઉપજાતિ :**

કહે ભૂમાનંદ સુણો સુભક્ત, એકાગ્ર રાખી મન ઈંદ્રિયુક્ત;
સંવાદ વર્ણીન્દ્ર નરેંદ્ર કેરો, જે સ્થાન મધ્યે પ્રગટ્યો ઘણેરો. ૧
તે સ્થાનનું વર્ણન તેહ કાળે, કર્યું મહારાજ વિહારીલાલે;
તે હું હવેથી તમને સુણાવું, સુણાવવા અંગ ઉમંગ લાવું. ૨

**ઉપજાતિ : વરતાલનું વર્ણન :**

આચાર્ય બોલ્યા હરિભક્ત પાસ, સુણો તમે સૌ હરિકૃષ્ણદાસ;
વૃત્તાલનું વર્ણન હું કરૂં છું, મોટો મહીમા મનમાં ધરૂં છું. ૩
શી વર્ણવું વૃતપુરીની શોભા, જે દેખવા દૃષ્ટિ દિસે સલોભા;





શ્રીલક્ષ્મીનારાયણ જ્યાં વસે છે, તેથી જ સર્વોત્તમ તે દિસે છે. ૪
વસ્યા જહાં અક્ષરના નિવાસી, તે તુલ્યતા કોણ કહેજ કાશી;
માહાત્મ્ય તેનું મનમાં વિચારે, દ્વારાવતીને વળતી વિસારે. ૫
નક્ષત્ર કોઇ રવિતુલ્ય નાજાવે, મેરૂ સમો પર્વત ના કહાવે;
ચિંતામણિથી ધન સર્વ છોટું, સર્વેથી વૃત્તાલય તીર્થ મોટું. ૬
ગંગા રહી ગોમતિને સ્વરૂપે, ભાનુસુતા[1] દૈવત જ્ઞાનકૂપે;
સરસ્વતી ગોપિતળાવ ભાવે, ત્રિવેણીનું તત્ત્વ ધનાતળાવે. ૭
એ ચાર જે ગોમતિતીર્થ આદિ, પ્રત્યક્ષ કૃષ્ણે કરી છે પ્રસાદિ;
તેથી મહિમા અતિશ્રેષ્ઠ એનો, વિસ્તારથી ભેદ કહીશ તેનો. ૮
જુવો વળી ઉત્તમ તીર્થ જેહ, તડાગ છે ટાડણ નામ તેહ;
શ્રીભક્તિપુત્રે બહુ વાર સ્નાન, જેમા કર્યું જાહ્નવિ[2] તે સમાન. ૯

**ઈન્દ્રવંશા :**

શ્રીનાથનું મંદિર શોભિતું ઘણું, વેગે કરૂં વર્ણન આજ તે તણું;
પ્રાકારનું પૂરવ દ્વાર શ્રીધરે, જોવા નિશાનાથ[3] દિનેશ[4] સંચરે. ૧૦
વિઘ્નેશ સામા હનુમાન ત્યાં રહે, ભક્તો તણાં સંકટ ભાંગવા ચહે;
ભૂતાદિ ચૂડેલ ડરે જ દૂરથી, વેગેથી નાસે વળગાડ ઉરથી. ૧૧

**ઉપજાતિ :**

શ્રીભક્તિપુત્રે કરુણા કરીને, તે મૂર્તિયો સ્થાપી કરે ધરીને;
તેથી ઘણું દૈવત તેહમાં છે, આશ્ચર્ય મોટાં બહુ એહમાં છે. ૧૨
અગ્નિખૂણે મંદિરથી દિસે છે, અખંડ નારાયણમોલ એ છે;
જહાં બીરાજી અઘના[5] અરીયે, શિક્ષાની પત્રી રચિ શ્રીહરીયે. ૧૩
અહો નિહાળો શુભ નિંબ એહ, જનમ્યો હશે શું વટવંસિ તેહ;



૧. યમુના તથા તાપી ૨. ગંગા ૩. ચંદ્ર ૪. સુર્ય ૫.પાપના દુશ્મન ભગવાન

અસંખ્ય બ્રહ્માંડ તણા નિવાસ, પ્રત્યક્ષ બેઠા પ્રભુ જેની પાસ. ૧૪

**મંદિરનું વર્ણન :**

દેવાલયે જે શિખરો દિસે છે, શું શૃંગ[1] હિમાચલનાં જ એ છે;
ધોળી ભલી ધન્ય ધજા વિરાજે, વિદ્યુલ્લતા[2] ચંચળતાથી લાજે. ૧૫
ધજા ફરુકે સમશ્યાથી જેમ, બોલાવતી હોય સમીપ તેમ;
આવો અહિં સૌ જનને કહે છે, કલ્યાણ તો આજ અહિં રહે છે. ૧૬
પૂર્વાભિ છે મંદિરદ્વાર એહ, મુખ્યત્વ તેમાં ત્રણ ખંડ તેહ;
સિંહાસનો રુક્મ[3] તણાં વિરાજે, તે દેખી ગોલોક નિવાસ લાજે. ૧૭
જુઓ રુડો ઉત્તરખંડ જયાંય, રુડી દિસે છે ત્રણ મૂર્તિ ત્યાંય;
શ્રીધર્મભક્તિ વળી વાસુદેવ, ટાળે જનોનાં દુઃખ તર્તખેવ. ૧૮
ભલો જુવો મધ્યમખંડ ભાઈ, વિશેષ તેમાં છબી છે છવાઈ;
જ્યાં લક્ષ્મીનારાયણ છે ઉભાય, પાસે રુડા છે રણછોડરાય. ૧૯
જુવો વળી દક્ષિણ ખંડધારી, રાધાજી વૃંદાવનના વિહારી;
તેની જ જોડે હરિકૃષ્ણ રાજે, શૈય્યા જુદા ખંડ વિષે જ છાજે. ૨૦
જો મત્સ્ય માર્તંડ[4] સુકૂર્મ રૂપ, શ્રીશેષશાયી નરસિંહ ભૂપ;
વરાહની મૂર્તિ મનોજ્ઞ ભાસે, તે મૂર્તિયો મંડપમાં પ્રકાસે. ૨૧
જો ધર્મવંશીતણી આ હવેલી, રુડી રીતે છે રચના રચેલી;
છે ઈન્દ્રના વૈભવતુલ્ય તેમાં, સર્વે પ્રકારે સુખસાજ જેમાં. ૨૨
હતી તહાં શીતળ નિંબ છાંય, પૂર્વે પ્રભુ ત્યાં કરતા સભાય;
તે સ્થાનમાં તે થઈ છે હવેલી, વંદે મહર્ષિ મુનિ માન મેલી. ૨૩
જો સંતનું આશ્રમ શુદ્ધ આ છે, ભલું વિશાળાશ્રમ તુલ્ય ભાસે;
નિરન્નમુકતો સમ સાધુ સારા, યોગી વસે સાધન સાધનારા. ૨૪



૧.શિખર ૨.વિજળીની વાંકીચુકી રેખા ૩. સોનુ ૪.સૂર્ય



સિદ્ધાસને કોઈ કરે સમાધિ, પદ્માસને કોઈ તજે ઉપાધિ;
કોઈક ઊંચા કર બે કરીને, જપે પ્રભુ એક પગે ઠરીને. ૨૫
કોઇ હરિના ગુણ ઉચ્ચરે છે, કોઈ જનોને ઉપદેશ દે છે;
બ્રહ્માંડ ને પિંડ થકી વિરકત, ભલા પ્રભુના જ અનન્યભક્ત. ૨૬

**વૈતાલીય :**

તપસી તપસા તહાં કરે, પ્રભુતા શ્રીપ્રભુની દિલે ધરે;
રસના રસ નામ લે નહીં, ધનને બંધન તે ગણે સહી. ૨૭
દુઃખમાં દુઃખ માનીલે નહી, સુખને તે સુખ ના ગણે સહી;
હરિ હે હરિ નામ ભાખતા, તનથી પ્રીત નથી જ રાખતા. ૨૮

**ઉપજાતિ :**

કોઇ ભણે શાબ્દિક શાસ્ત્ર શુદ્ધ, કોઈ ભણી ન્યાય બને સુબુદ્ધ;
વેદાંત નિર્ભ્રાંતિ[1] ભણે ભણાવે, પુરાણ કોઈક સુણે સુણાવે. ૨૯
કોઈ મુનિ શુદ્ધ સતાર વીણ, ઈત્યાદિ વાજિંત્ર વિષે પ્રવીણ;
વાજિંત્ર લૈ ગાન શરૂ કર્યું છે, જાણે મુનિ નારદ તુંબરુ છે. ૩૦
ષડ્જાદિ સાતે સ્વરભેદ જાણે, ત્રિગ્રામની રીત પુરી પ્રમાણે;
છે મૂર્છનાઓ વળી એકવીશ, છ રાગ ને રાગણી જાણ ત્રીશ. ૩૧
જો તુંબિપાત્રો લટકે ઘણેરાં, ભવાબ્ધિનાં નાવ મુમુક્ષુ કેરાં;
કાં તો અખંડામૃત આપનારાં, કમંડલું અક્ષરથી ઉતાર્યા. ૩૨
ભલો સભામંડપ પશ્ચિમે છે, શું યજ્ઞશાળા અદભૂત એ છે;
માહાત્મ્ય તેનું કહી શું શકાય, જ્યાં જ્ઞાનનો જજ્ઞ અખંડ થાય. ૩૩
રુડો હરિમંડપ નૈરુતે છે, પ્રસાદીનું સ્થાન પવિત્ર એ છે;
જહાં બીરાજી જનને પ્રબોધિ, શિક્ષાની પત્રી ઘનશ્યામ શોધિ. ૩૪



૧.શુદ્ધ જ્ઞાનવાળુ

આંહી વસે નૈષ્ઠિક વર્ણિવૃંદ, ભણે ભલા ઋગ્યજુ સામ છંદ;
ત્રિકાળ સંધ્યા વળી વૈશ્વદેવ, ગાયત્રીનો જાપ જપ્યાની ટેવ. ૩૫
મંદિરથી ઉત્તરમાં ઉદામે[૧], આરામે[૨] નારાયણબાગ નામ;
વિરાજિયા જ્યાં વૃષવંશ રાજ, સાથે લઈ સંત તણો સમાજ. ૩૬
તેમાં અમે મંદિર છે કરાવ્યું, ભલું સુભક્તો મન માંહિ ભાવ્યું;
નિહાળતાં તેની કૃતિ નવિની, સ્મૃતિ કરાવે રઘુવીરજીની. ૩૭
ત્યાંથી વળી ઉત્તરમાં અનૂપ, છે ગોમતી તીર્થ તડાગરૂપ;
દ્વારાવતીથી અહિં એહ આવ્યાં, જે સચ્ચિદાનંદ મુનીન્દ્ર લાવ્યા. ૩૮
જુઓ બની બેઠક પૂર્વ તીરે, લીલા કરી જયાં નરદેવ વીરે;
વસંતમાં રંગ બહુ રમ્યા છે, જ્ઞાની જનોના મનમાં ગમ્યા છે. ૩૯
સોપાન શોભે સુઘડેલ સારાં, પવિત્ર મુક્તિપદ આપનારાં;
સ્થળે સ્થળે ત્યાં બહુ તીર્થ થાન, ભાવે કરે સ્નાન સુભાગ્યવાન. ૪૦
ગંગાથી છે નિર્મળ નીર જેમાં, પેખ્યાં ઘણાં પદ્મ પવિત્ર તેમાં;
હંસો વસે માનસરોવરે છે, તે દેખી સંદેહ દિલે ધરે છે. ૪૧
નિરન્નમુક્તો મુનિવેશ ધારી, કરે સદા સ્નાન અહીં પધારી;
નાયા જહાં અક્ષરના નિવાસી, તે તુલ્ય શું થાય પ્રયાગ કાશી. ૪૨
સ્ત્રીયો ભરે નીર તડાગ[૩] તીરે, તેનાં પડે છે પ્રતિબિંબ નીરે;
શું નાગકન્યા મહિમા વિચારી, પાતાળમાંથી અહિયાં પધારી. ૪૩
પાણી ભરી કાવડ કોઈ લાવે, શું તીર્થવાસી કરી તીર્થ આવે;
આ તીર્થને અન્ય તુલાથી તોલે, આ તીર્થનું પુણ્ય બહુત્વ બોલે. ૪૪
ત્યાંથી વળી વાયુદિશા વિભાગ, રુડો દિસે છે રઘુવીર બાગ;
જહાં બિરાજી જગદીશ આપ, પુરો જણાવ્યો જનને પ્રતાપ. ૪૫



૧.મહાન, મોટું ૨.શાંત ૩.તળાવ,સરોવર



**વૈતાલીય :**

સદળી[૧] કદળી[૨] વળી ફળી, ન ફળી વેત્ર લતા[૩] નહી દળી[૪];
અકળીત કળી મળી મળી, લતિકા લુંબિ રહી લળી લળી. ૪૬
ફળ દાડમ દાડિમી વિષે, રસદાયી રસદાર તે દિસે;
દશનાકૃતિ[૫] કૃષ્ણની હવી, કળી તેની કળી શું શકે કવિ. ૪૭
કમળો વિમળો સ્થળો તણાં, સુદિશે ને વિદિશે દિસે ઘણાં;
કળના કળનાર શું કરે, હઠિલાની હઠિલાઈને હરે. ૪૮
નિરખી નિરખી ઉદ્યાનને, કહું સૃષ્ટિ સ્રજ સૃષ્ટિવાનને;
અર્જતા[૬] અજ[૭] તારી ધન્ય છે, રચના આ રચનાથી અન્ય છે. ૪૯
બહુ ઉદભવ ઉદ્ભીજો ધરે, ગણના ત્યાં ગણનાર શી કરે;
નજરો નજરે નિહાળતાં, ન વળે દૃષ્ટિ તહાંથી વાળતાં. ૫૦
ચકવા ચકવી તહાં ઠરે, ચરવાનું ચરવા હરે ફરે;
સુર માનવ માનવા સહી, ખગજાતિ ખગ જાણવા નહીં. ૫૧

**ઉપજાતિ :**

અશોક[૮] ને અંબ[૯] કદંબ છાજે, દ્રાક્ષાલતા ને કદળી વિરાજે;
શીતાફળી જામફળી અપાર, બકુલ[૧૦] જંબુફળ ને અનાર[૧૧]. ૫૨
નારંગી પૂંગીફળી[૧૨] અંજીરો છે, અખોડ[૧૩] એલાફળ[૧૪] જંબીરો[૧૫] છે;
બદામડી ને પનસો[૧૬] બહૂ છે, લવિંગ શોભામય તે સહુ છે. ૫૩
ચંપા જુઈ ચંદનવૃક્ષ ચારુ, ગુલાબ ને જાઈ વિશેષ ધારુ;
સુકર્ણિકા[૧૭] પુષ્કળ પારિજાત, ભલાં દિસે પુષ્પ અનેક ભાત. ૫૪
ભૃંગાવળી[૧૮] ત્યાં ભમતી ભમે છે, અનેક પુષ્પો થકી ગંધ લે છે;
જાણે લીધો શ્રી હરિનો સુવાસ, ભમે બિચારા ધરી એવી આશ. ૫૫



૧.જાડી ૨.કેળ ૩.નેતરનો છોડ ૪.જાડી ૫.દાંત ૬.સર્જનકાર્ય ૭.બ્રહ્મા ૮.આસોપાલવ ૯.આંબો ૧૦.બોરસલીવૃક્ષ ૧૧.દાડમવૃક્ષ ૧૨.સોપારી વૃક્ષ ૧૩.અખરોટવૃક્ષ ૧૪.એલાયચી ૧૫.બીજોરૂ કે લીંબુનું વૃક્ષ ૧૬.ફણસો ૧૭.કરેણ ૧૮.ભમરાઓ

વૃક્ષોપરે કુંદલતા[1] છવાઈ, જાણે શિરે પુષ્પ પછેડી છાઈ;
તે ભાળીને ભક્ત ઉમંગ લાવે, શ્રીજીની મૂર્તિ સ્ફુરી ઊર આવે. ૫૬
જે વૃક્ષ પામ્યાં પ્રભુનો પ્રસંગ, ફૂલ્યાં તહાં શબ્દ કરે સુભૃંગ;
પ્રભુ ન ભેટ્યા વનમાં વસે છે, શું તે જનોને તરુઓ હસે છે. ૫૭
શુકાદિ[2] પક્ષી સ્વર શુદ્ધ બોલે, શી ઉપમા શોભિત તેની તોલે;
જાણે મુનિમંડળ ઠીક ઠાઠ, પ્રેમે પઢે છે શ્રુતિ સામ પાઠ. ૫૮
સ્વર્ગાદિનાં સૌ સુખ સ્વલ્પ જાણી, માહાત્મ્ય મોટું અહિંનું પ્રમાણી;
આશ્ચર્ય પક્ષી ઉર માંહિ લાવે, માટે બહુ મસ્તકને ધુણાવે. ૫૯
ઊંચે સ્વરે મોર મુખે ઉચારે, તેનું કવિ કારણ એમ ધારે;
છે સ્નેહ તેને ઘનશ્યામ સંગે, માટે રટે નામ મહા ઉમંગે. ૬૦
વાડી વિષે હર્મ્ય[3] દિસે વિશાળ, શું બ્રહ્મવિદ્યા તણી તે નિશાળ;
વૈકુંઠથી એક નિવાસ લાવી, જાણે મુકયો છે મહિમા ઠરાવી. ૬૧
પુરીથી ઈશાન પ્રદેશ ભાગ, જ્યાં છે વિશાળાખ્ય વિશાળ બાગ;
જેના ફળો શ્રીહરિજી જમ્યા છે, વિરાજીને ત્યાં જનને ગમ્યા છે. ૬૨
પુરી થકી પૂર્વ તડાગ તીર, દેરી વિષે છે હનુમાન વીર;
જહાં મહારાજ વિરાજિયા છે, પ્રસાદીની પાવન તે જગ્યા છે. ૬૩
મહાપ્રભુ મજ્જન ત્યાં કર્યું છે, સુતીર્થ તેથી જ તહાં ઠર્યું છે;
પવિત્ર જે પુષ્કર તીર્થરાજ, આવી વસ્યું શું અહિયાં જ આજ ! ૬૪
જ્યારે સમૈયો જનનો ભરાય, ત્યારે જનો તે પુરમાં ન માય;
સમુદ્રમાં ભર્તિ ભરાય જેમ, ચારે દિશે સંઘ છવાય તેમ. ૬૫
નાવા મળીને જનજૂથ જાય, ઊંચે સ્વરે કીર્તન તેહ ગાય;
શબ્દોથી ભૂગોળ ખગોળ ગાજે, જોવા વિમાને સુરવૃંદ છાજે. ૬૬



૧.મોગરાનો છોડ ૨.પોપટ આદિક ૩.મહેલ, હવેલી



જાતિ જુદી દેશ જુદા વિશેષ, ભાષા જુદી ને વળી ભિન્ન વેષ;
શું નાટકી નાટક વેષ લાવ્યા, પોતા તણા વેષ ભલા ભજાવ્યા. ૬૭
ભાળો પુરીથી વળી પૂર્વભાગ, બન્યો બહુ સુંદર જ્ઞાનબાગ;
મુનીશ જયાં શીશ કિરીટ ધાર્યો, તે ભૂમિકાનો મહિમા વધાર્યો. ૬૮
છે હોજ બે વિશ્વપ્રસિદ્ધ જેહ, રંગે ભરાવી હરિરાય તેહ;
હોળી રમ્યા ત્યાં જન સાથ હેતે, લીલા કરી કૃષ્ણ કૃપાનિકેતે[1]. ૬૯
અહીં હતો અદ્ભુત આંમલો જે, સુભાગ્યશાળી સઉથી ભલો તે;
જે નાથને જોગી જનો ન ભાળે, હેતે હિંચ્યા તે હરિ જેની ડાળે. ૭૦
જ્યાં પીજવાસી શિવલાલ આવી, બહૂ રુડી બેઠક છે રચાવી;
સત્સંગના સંઘ અસંખ્ય આવે, નારી નરો મસ્તક ત્યાં નમાવે. ૭૧

**પુષ્પિતાગ્રા :**

વૃષજે[2] ચરિત વર્ણવા વિચારી, વૃષજ સદંઘ્રિ-સરોજ ચિત્ત ધારી;
પ્રથમ કથન યોગ્ય જે વિચાર્યું, વરણન વૃત્તપુરીતણું ઉચાર્યું. ૭૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમ કળશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે વૃત્તપુરી વર્ણનનામ પંચમો વિશ્રામઃ ॥૫॥***

**દોહરા :**

શ્રોતા સત્સંગી સુણો, વદે વિહારીલાલ;
વર્ણી ભૂપ સંવાદ શુભ, કહું હવે આ કાળ. ૧
વળી તે વાઘજીભાઈ પ્રતિ, ભાખે ભૂમાનંદ;
સુણતાં સુંદર તે કથા, ઉપજે ઉર આનંદ. ૨
જ્ઞાનબાગમાં એક દિન, વર્ણી અચિંત્યાનંદ;



૧.કૃપાનું સ્થાન ૨.ધર્મપુત્ર શ્રીહરિ

ધર્મ તનુજનું ધ્યાન ધરી, બેઠા કરૂણાકંદ. ૩

**વર્ણીન્દ્રગુણકથન : શિખરિણી :**

અચિંત્યાનંદાખ્ય પ્રવર વરણીના ગુણ કહું,
ભલા યોગાભ્યાસી જગ થકી ઉદાસી દિલ બહું;
કર્યા કાવ્યો કેવાં સુખકર સુધાસાગર સમાં,
સદા રાખી વૃત્તિ પ્રગટ પ્રભુ કેરા ભજનમાં. ૪
કરે વાર્તા જ્યારે અમૃતરસ ત્યારે મુખ ઝરે,
વિરાગી ને ત્યાગી સકળ શ્રુતિના અર્થ ઉચરે;
સદાચારી સારી મતિ સુહિતકારી સહુ તણી,
મુખી વિદ્વાનોના સકળ મુનિયોના શિરમણી. ૫
વળી તે વર્ણીને બહુબહુ વખાણ્યા નરવીરે,
સ્વહસ્તે બેસાર્યા વટનગરમાં મેંગળ[1]શિરે;
કહે શ્રીજી પોતે અધિક વરષો જેમ જ જશે,
અમારા શિષ્યોમાં સુરતરુ[2] સમા આ બટુ થશે. ૬
પછી નિત્યાનંદે ગુણજલધિ ગોપાળમુનિયે,
ગુણાતીતાનંદે રઘુવીરજી આચારજજીયે;
અચિંત્યાનંદાખ્ય સુરતરુ ઉછેર્યું શુભ સમે,
પછી પોષ્યું પાળ્યું ભગવતપ્રસાદે વળી અમે. ૭

**દોહરો :**

વળી એ જ વર્ણીન્દ્રનું, કહું બીજું આ ઠામ;
કવિવર કૃષ્ણાનંદજી, નિર્મળ છે ઉપનામ. ૮



૧. હાથી ઉપર ૨.કલ્પવૃક્ષ



**શ્રોતા-આગમનકથન : ઉપજાતિ :**

તે બ્રહ્મચારીની સમીપમાંય, આવ્યા અભેસિંહ નરેશ ત્યાંય;
તે કોણ કયાંના કુળ કોણ એનું, કરૂં હવે વર્ણન કાંઇ તેનું. ૯
પવિત્ર છે જાદવવંશ જેહ, જેમાં ધર્યો શ્રીહરિયે સ્વદેહ;
માર્યો મથુરાપતિ કંસ મામો, સૌરાષ્ટ્ર આવ્યા કરી તેહ કામો. ૧૦
દ્વારામતીમાં જનને વસાવ્યા, અંતે બધા જાદવને મરાવ્યા;
ઓખા[1] તણો નંદન વજ્રનાભ[2], તેને મળ્યો ત્યાં નૃપગાદિ લાભ. ૧૧
તેના પછી ભૂપ થયા અપાર, કહું બધા તો બહુ થાય વાર;
ભૂપો થયા ગોંડળ ગાદિ કેરા, તેમાં હરિભક્ત ભલા ઘણેરા. ૧૨
પ્રભાતમાં નામ મુખે ભણાય, તો પ્રાણી તે પૂર્ણ પવિત્ર થાય;
તે માટ વ્યાસાદિ લખી ઘણેરી, વંશાવળીયો હરિભક્ત કેરી. ૧૩
કુંભોજી જે ગોંડળ ગાદિકેરા, સ્વામી થયા સજ્જન તે ઘણેરા;
બે પુત્ર તેના સદ્‌બુદ્ધિ ધામ, સંગ્રામ સાંગોજી પવિત્ર નામ. ૧૪
સંગ્રામજીને મળી ગાદિ જ્યારે, સુકોટડા ગામ સુખેથી ત્યારે;
સાંગાજીને સ્નેહ સહીત દીધું, પોતે સુખે શ્રેષ્ઠ સ્વરાજ્ય કીધું. ૧૫
સાંગા તણો વંશ વધ્યો સુજેહ, સાંગાણી સંજ્ઞાથી ગણાય તેહ;
હાલોજી સંગ્રામ તણા સુપુત્ર, તેણે વધાર્યુ વળી રાજ્યતંત્ર. ૧૬
હોથીજી ભારોજી નથુજી જાણો, હાલાજીના ભાઇ ત્રણે પ્રમાણો;
તે ભઇયોને મળિયો ગરાસ, નથુજીનો વંશ કરું પ્રકાશ. ૧૭
ડોસોજી સંતાન નથુજી કેરા, તત્પુત્ર દાદોજી શુચિ[3] ઘણેરા;
તેનું ખરું નામજ તેજમાલ, તેના થયા સામતસિંહ લાલ. ૧૮
તત્પુત્ર સદ્‌ભાવિક માનસિંહ, કદી ન તે જાય કુપંથ દીહ;



૧. અનિરુદ્ધની પત્નિ ઉષા ૨.શ્રીકૃષ્ણભગવાનનો પૌત્ર ૩.પ્રામાણિક,પવિત્ર

ગોપાળસ્વામી ઉપદેશ દીધો, યથાર્થ તે અંતર ધારી લીધો. ૧૯
સત્સંગનો રંગ અભંગ લાગ્યો, સુભક્તિનો અંગ ઉમંગ જાગ્યો;
ગુણાતીતાનંદ તણી કૃપાય, અપાર જેના ઉપરે ગણાય. ૨૦
નિત્યાખ્યનંદે પણ નેહ આણી, સત્સંગમાં જેની મતિ વખાણી;
પવિત્ર તેની પુરી મેંગણી છે, મધુ[1]પુરીથી શુચિ મેં ગણી છે. ૨૧
જ્યાં ભક્ત મોટા નૃપ માનસિંહ, નહી બીજો તેહ સમાન સિંહ;
જેવા થયા ખાચર સોમ સૂરા, એવા થયા ભક્ત નહી અધૂરા. ૨૨
હરિલીલાકલ્પતરુ કહીયે, રુડો રચ્યો છે રઘુવીરજીયે;
તેમાં શુકાનંદ નરેશ માન, સંવાદ છે તે નૃપનો નિદાન. ૨૩
હાલાજીનો વંશ હવે કહીશ, જેમાં થયા ભક્ત ભલા મહીશ;
ગાદીપતિ ગોંડળમાં બિરાજે, સુકીર્તિ તેની જગ માંહિ છાજે. ૨૪
કુંભોજી હાલાજી તણા કુમાર, પરાક્રમી તેહ થયા અપાર;
સુણ્યાથી જેનું શૂરવીર નામે, સૌરાષ્ટ્રના સૌ નૃપ ત્રાસ પામે. ૨૫
શત્રુની સામે નિજશસ્ત્ર ધાર્યું, પોતા તણું રાજ્ય ઘણું વધાર્યું;
તે ભીમ ને અર્જુનની સમાન, પામ્યો પુરૂં શૂરપણાનું માન. ૨૬
પ્રજા બધી પુત્ર સમાન પાળી, કુદષ્ટિયે તો પરસ્ત્રી ન ભાળી;
દાતાર ઝુઝાર[2] ગણાય એવો, નહી બીજો કોઈ કુંભોજી જેવો. ૨૭
કુંભો સુધા સદ્‌ગુણનો જ કુંભ, કુંભો થયો એક જ આમ થંભ;
કુંભો દિસે દુર્જનનો જ કાળ, કુંભો ગણે લોક ગરીબ પાળ. ૨૮
કુંભોજીનો પુત્ર પવિત્ર સારો, સંગ્રામ સંગ્રામ સુજીતનારો;
સંગ્રામજીના સુત ચાર જેહ, મૂળુજી દેવોજી હઠીજી તેહ. ૨૯
ચતુર્થ તો પુત્ર પ્રવીણ સારા, શ્રીભાવસિંહ પ્રભુ સેવનારા;



૧.મથુરાથી ૨.લડવૈયો, યોદ્ધો



મૂળુજી પામ્યા શુભ પુત્ર બેય, હાલોજી ને દાજી બીજા કહેય. ૩૦
હાલાજીનો વંશ વધ્યો ન લેશ, તેના પછી દાજી થયા નરેશ;
અઢારસેં છપ્પન કેરી સાલે, દાજી ગયા સ્વર્ગ વિષે સુકાળે. ૩૧
દેવાજી કાકો પછી ગાદિ પામ્યા, જેના જનોમાં જશ ખૂબ જામ્યા;
દેવાજીના બે લઘુ ભાઈ ખાસ, તે બેયને ત્યાં મળિયો ગરાસ. ૩૨
ઘણાજ શાણા હઠિસિંહ જાણી, દેવાજીયે અંતર પ્રીત આણી;
સેનાપતિનું પદ શ્રેષ્ઠ દૈને, રાખ્યા સ્વરાજ્યે દિલ રાજી થૈને. ૩૩

**શાર્દૂલવિક્રીડિત :**

શાણા તે હઠિભાઈયે ભલી રીતે રાજ્યે સુધારો કર્યો,
રાજા રૈયત સર્વને પ્રિય ઘણો તેથી જ તે તો ઠર્યો;
સાથે સ્વલ્પ સુસૈન્ય લૈ સ્થિતિ કરી ધોરાજી મધ્યે જઇ,
રામાનંદગુરૂ તણી સુગમથી ત્યાં પ્રાપ્તિ તેને થઈ. ૩૪
સત્સંગી થઈને પછી નૃપતિને સત્સંગી સારા કર્યા,
રામાનંદ પધારી ગોંડળ વિષે સંદેહ સર્વે હર્યા;
રાજાયે સત્કાર સારી રીતથી સ્નેહે કર્યો સ્વામીનો,
જાણ્યો ત્યાં મહિમા ઘણો સુગુરુનો નિર્લોભી નિષ્કામીનો. ૩૫
જ્યારે સંવત તો અઢાર શતને અઠ્ઠાવનામાં વળી,
શ્રીજીને ગુરુ સ્વામીયે નિજ તણી ગાદી સમર્પી ભલી;
ત્યારે તે હઠિસિંહને નૃપતિયે ત્યાં મોકલ્યા અશ્વ દૈ,
તેણે ઉત્તમ અશ્વ તેહ હરિને ભાવે કર્યો ભેટ જૈ. ૩૬
રામાનંદ ગયા સ્વધામ પછીથી સાઠ્યા તણી સાલમાં,
મોડા ગામ વિષે પ્રબોધિની કરી વાલાજીયે વાલમાં;

ત્યાંથી કૃષ્ણ ગયા સુગોંડલ વિષે પોતે રુડી પેર ત્યાં,
ઉતારો જઇને કર્યો સુકડીયા રત્ના તણે ઘેર ત્યાં. ૩૭
તે તો વર્ષ વિતી ગયા પછી વળી ધોરાજીમાં શ્રીજીને,
તેડાવ્યા હઠીભાઇયે વળી તહાં પૂજા કરી રીઝિને;
દેવોજી દરબાર પ્યાર ધરીને તેણેય તેડાવિયા,
તેથી ગોંડળમાં મહાપ્રભુ બીજી વારે તહાં આવિયા. ૩૮

**ઉપજાતિ :**

શ્રીમોંઘિબા વાસ જહાં કરે છે, જ્યાં નિત્ય દેવાર્ચન આદરે છે;
હતી તહાં આગળ અશ્વશાળા, ત્યાં ઊતર્યા ધીમત ધર્મલાલા. ૩૯
તેના ગુરૂ તે પણ સંચરેલા, તે સ્થાનકે તે પણ ઊતરેલા;
તે કારણે તે દરબારમાંય, પવિત્ર પૃથ્વી ગણતાં ગણાય. ૪૦
જે સંત મોટા મુનિમુક્ત જેવા, ગયેલ ત્યાં તો ઘણીવાર એવા;
દેવાજીયે આદર માન દીધું, પ્રેમે કરી પૂજન આપ કીધું. ૪૧
ધોરાજીમાં એક સમે ધરેશ, સંભાળવાને વિચર્યા સ્વદેશ;
મહાપ્રભુજી કરીને મહેર, આવ્યા વકાભાઇ ખીમાણી ઘેર. ૪૨
તે વાત દેવાજી નરેશ જાણી, ઈચ્છા ઉરે દર્શન કેરી આણી;
ખીમાણીને ઘેર કહાવ્યું રાયે, હું આવું છું દર્શન કાજ ત્યાંયે. ૪૩
અધીશ આવ્યા તણી વાત જાણી, ચિંતા કરી ચિત્ત વિષે ખીમાણી;
જો ઘેર મારે નૃપતિ પધારે, તો ભેટ દેવી પડશે જ ભારે. ૪૪
તે વાત જાણી વદતાં ગિરામાં, મહાપ્રભુ ત્યાંથી ગયા પરામાં;
કુંભાર ભીમો હરિભક્ત જૂનો, હતો તહાં શિષ્ય વડા ગુરૂનો. ૪૫
ત્યાં તેહના આંગણમાં મજાની, છાયા હતી પારસ પીપળાની;





ઓટો હતો તે ફરતો વિશાળ, ત્યાં ઊતર્યા જૈ વૃષભક્તિ લાલ. ૪૬
વિરાજીયા ત્યાં ગુણ પાથરીને, વિચાર એવો મનમાં કરીને;
આવે અહી ભૂપતિ શુદ્ધ ભાવે, માની હશે તો નહિ આંહી આવે. ૪૭
શ્રીજી તણાં દર્શનકાજ ધારી, દેવોજી ચાલ્યા સજીને સવારી;
સાથે લીધી બેરખ આરબોની[૧], લીધી ભલી મંડળી મંત્રીયોની. ૪૮
ઊંચે સ્વરે આરબ ઉચ્ચરે છે, બહાર તે બંદુકના કરે છે;
દિસે ભલી નોબત ને નિશાન, કહે છડીદાર મહેરબાન. ૪૯
ખીમાણીના વાસ સમીપ આવ્યા, ત્યાં સાંભળ્યું શ્રીહરિ તો સિધાવ્યા;
કુંભારને ઘેર જઇ બિરાજ્યા, જવાની ઈચ્છા કરી ત્યાંય રાજા. ૫૦
પ્રધાન બોલ્યો કરી પૂર્ણ પ્રીતિ, સુણો મહારાજ સુરાજ્ય નીતિ;
કુંભાર જેવા હલકા ગણાય, તેવા તણે ઘેર ન જાય રાય. ૫૧
રાજા કહે શ્રીહરિ જ્યાં બિરાજે, જિજ્ઞાસુ તે સ્થાન જતાં ન લાજે;
જશું પ્રભુને મળવા અમે તો, ન આવશો ત્યાં તમને ગમે તો. ૫૨
પછી ન બોલ્યા મુખથી પ્રધાન, ગયા સહુ છે હરિ જેહ સ્થાન;
સૌએ પ્રભુ પાવ કર્યા પ્રણામ, આશીષ આપી પ્રભુ પૂર્ણકામ. ૫૩
ત્યાં ઓટલા ઉપર રાય બેઠા, બેઠા બીજા તો જન તેથી હેઠા;
માટી તણો ગંજ હતો જહાંય, બેઠા જઇ મંત્રીજનો તહાંય. ૫૪

**માલિની :**

કરી હરિ શુભ વાર્તા જે સુણ્યાની અગત્ય,
જગત સકળ મિથ્યા એક છે ઈશ સત્ય;
સુણી નરપતિ ચિત્તે વાત તે સર્વ ધારી,
વચન અમૃત જેવાં કૃષ્ણનાં કષ્ટહારી. ૫૫



૧.અરબસ્તાની સૈનિકો

નૃપતિસુત નથુજી અન્ય કાનોજી નામ,
જુગલ જણ મળીને આવિયા એહ ઠામ;
પ્રભુપદ પ્રણમીને બાપુની પાસ બેઠા,
સુણી વચન હરિનાં તેહને ચિત્ત પેઠાં. ૫૬
નૃપતિ ધન મગાવ્યું એકસો ને પચાસ,
નિજ કર લઈ મુકયું કૃષ્ણના પાવ પાસ;
નૃપસુત નથુજીને પાણીની પ્યાસ લાગી,
પ્રભુની સમીપ પેખ્યું પાણી તે લીધું માગી. ૫૭
શુભ ભુજપુર કેરી મૃત્તિકાની કઠારી,
કમંડળ પણ તેવું તે વિષે શીત વારી;
નૃપસુત જળ પીધું ઠંડું તે ખૂબ જાણ્યું,
પછી નરપતિ પુત્રે પાત્ર પ્રીતે વખાણ્યું. ૫૮
નથી જ સરસ થાતાં પાત્ર આ ઠામ એવાં,
સલિલ બહુ ઠરે છે શોભિતાં વાહ કેવાં;
સુણી હરિ શુભ સ્નેહે પાત્રરૂપી પ્રસાદી !
નરપતિ સુતને તે આપી પોતાની યાદી. ૫૯
પછી હરિની રજા લૈ રાય ચાલ્યા સુપેર,
પ્રભુજી પણ પધાર્યા ક્ષત્રિ ખીમાણી ઘેર;
ધન નૃપતિ ધરેલું તે હરિયે ન લીધું,
ગરીબ જન હતા જે તેહને વેંચી દીધું. ૬૦
વૃષસુત હરિકૃષ્ણે કીધું એવું ચરિત્ર,
શ્રવણ ધરી સુણે તો થાય પાપી પવિત્ર;





ઘણી વખત પધાર્યા ગોંડળે વિશ્વઈશ,
વિગત સહિત વાર્તા તે હવે હું કહીશ. ૬૧

**ઉપજાતિ :**

કહે વૃષાચાર્ય વિહારીલાલ, સુણો સુભક્તો ધરીને વહાલ;
મહાપ્રભુ ગોંડળમાં પધારી, જ્યાં જ્યાં રહ્યા તે કહું છું વિચારી. ૬૨
ગુણાતીતાનંદ મુખે સુણેલી, તે વાત મેં અંતરમાં ધરેલી;
હવે કહું આજ પ્રસંગ પામી, શ્રીધર્મના પુત્ર પદે પ્રણામી. ૬૩
દેવાજીયે એક સમે વિચારી, તેડાવિયા ગોંડળમાં મુરારી;
સાધુ તથા પાર્ષદ સર્વ સાથ, પધારિયા ત્યાં વૃષ વંશ નાથ. ૬૪
દેવોજી રાજા સનમુખ આવ્યા, પ્રેમે પ્રભુને પુર માંહિ લાવ્યા;
છે બાગ જ્યાં પીપળ પારકસ્ય[૧], ત્યાં ઊતર્યા શ્રીહરિ જૈ અવશ્ય. ૬૫
જ્યાં બંગલો આજ જણાય સારો, તે ઠામ કીધો હરિયે ઉતારો;
છે પીપળો ત્યાં નિજ અશ્વ રાખ્યા, તે પીપળાના ગુણ શુદ્ધ ભાખ્યા. ૬૬
સભા ભરીને હરિ ત્યાં બિરાજ્યા, સ્વજ્ઞાન દેવા જનને નિવાજ્યા;
નાવાની ઈચ્છા થઈ શ્રીહરિને, નાયા કૂવા અંદર ઊતરીને. ૬૭
એ તો કૂવાનો મહિમા અપાર, જેમાં કર્યું સ્નાન જગદ્વિહાર;
કમંડળુ શું અજનું ધર્યું છે, સુધા સમાને જળ જ્યાં ભર્યું છે. ૬૮
બ્રહ્માંડ સૌ કૃષ્ણ સ્વરૂપમાં છે, તીર્થો બધાં તેમજ કૂપમાં છે;
કૂવો પુરાં પુણ્ય કરી જ જામ્યો, પ્રભુની નાભી ઉપમત્વ[૨] પામ્યો. ૬૯
શ્રીકૃષ્ણ પાદોદક કૂપ જાણ્યો, મોટા મુનિએ મહિમા વખાણ્યો;
માહાત્મ્ય જાણી જળપાન થાય, તો પ્રાણીનાં પાતક સર્વ જાય. ૭૦
તે બાગ મધ્યે ફરી ઠામઠામ, પવિત્ર ભૂમિ કરી પૂર્ણકામ;



૧.આનંદ દાયક ૨.સરખામણી

ભલાં ભૂમિનાં અતિ ભાગ્ય ભાઇ, પ્રભુ પદે ચિહ્નિત જે જણાઇ. ૭૧

**પુષ્પિતાગ્રા :**

પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે;
પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય. ૭૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્રવાઘજીભાઈ સંવાદે ગોંડળપુરે શ્રીહરિ પ્રસાદીસ્થાનનિરૂપણનામ ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥***

**ઉપજાતિ :**

દેવાજીયે હેત વિશેષ કીધું, સૌ સંતને ભોજન મિષ્ટ દીધું;
વૃંતાક ત્યાં મિષ્ટ વિશેષ ધારી, કર્યો સુશાકોત્સવ શ્રીમુરારી. ૧

**શિખરિણી :**

મંગાવ્યાં તે ટાંણે વસુ[1] મણ સુવૃંતાક હરિયે,
તથા ઘી તે તુલ્યે વસુ મણ નહી ન્યૂન જરિયે;
મસાલો રૂપાળો તજ લવિંગ એલાયચી તથા,
વઘાર્યું તે સારૂં સરસપણે[2]ની શી કહું કથા. ૨
હરિદ્રા[3]ને સાટે ધરમકુંવરે કેસર ધર્યું,
સ્વહસ્તે સંભાળી કદી નવ કરેલા સમ કર્યું;
જથો જાવંત્રીનો ભલી વળી ભુકી જાયફળની,
સુગંધી ફેલાઇ સકળ પુરમાં તે સકળની. ૩
ઉડીને આકાશે પરિમળ[4] પહોંચ્યો સ્વરગમાં,
પ્રશંસા તેથી થૈ સુરપતિ સુરોના વરગમાં;
સ્વહાથે શ્રીનાથે સુખદ પિરસ્યું સંત સહુને,



૧. આઠ ૨.સ્વાદિષ્ટ,રસદાર ૩.હળદર ૪.સુગંધ



જમાડ્યા જુક્તિથી ભલી વિધિ બીજા ભક્ત બહુને. ૪

**ઉપજાતિ :**

દેવોજી ત્યાં દર્શન કાજ આવ્યા, સાથે ભલા ચાર કુમાર લાવ્યા;
નાથોજી કાનોજી સુમોતિભાઈ, સંજ્ઞા બીજી ચંદ્રસિંહે ગણાઈ. ૫
છે ભાણભાઇ સુચતુર્થ નામ, બેઠા પ્રભુને કરી સૌ પ્રણામ;
પૂછ્યું પ્રભુ આપ કુમાર આ છે, રાજા કહે તે સુત આપના છે. ૬
ત્યાં મોતિભાઈ વળી ભાણભાઈ, બે શીશ મૂક્યો કર સુખદાઇ;
આ બે કહ્યું સેવક છે અમારા, આ બે બીજા તે સુત છે તમારા. ૭
તે બોલનો મર્મ પ્રભુજ જાણે, જાણે ન બીજા જન તેહ ટાણે;
જેને કહ્યું શ્રીહરિયે અમારા, તે તો થયા બે સતસંગી સારા. ૮
પ્રસાદી દૈ તે સહુને જમાડ્યા, વાતો કરી મોદ ઘણા પમાડ્યા;
હેતે હરીને મન માંહિ ધાર્યા, સપુત્ર રાજા પુરમાં પધાર્યા. ૯
સભા બીજે રોજ ભરાઈ જ્યારે, ભૂપાળ આવ્યા પ્રભુ પાસ ત્યારે;
વેરાગી આવ્યો નરનાથ યુક્ત, છે નામ જેનું વળી દેવમુક્ત. ૧૦
પાખંડી પાખંડ ચલાવતો તે, આચાર્યનો ઢોંગ ધરાવતો તે ;
નહિ ભણેલો અભિમાન ભારે, પોતા તણો પંથ નવો વધારે. ૧૧
શ્રીજી તણા સંત જ નંદ જેમ, તે ઢોંગિના સંત જ મુકત તેમ;
શ્રીમુક્ત ધીમુક્ત શ્રીરામમુક્ત, વૈરાગ્યમુક્ત પ્રભુમુક્ત યુક્ત. ૧૨
આવ્યા જનો જે નરપાળ સાથે, સૌને દીધું માન મુનીન્દ્ર નાથે;
પાખંડીને શબ્દ ભલા સુણાવી, બેસારિયો આસન ત્યાં નખાવી. ૧૩
કર્તા હતા વાત કૃપાનિધાન, તે સુણતા સૌ થઇ સાવધાન;
પાખંડી બોલ્યો અભિમાન આણી, નથી તમારી સમજાતી વાણી. ૧૪

કરે સુવાર્તા મુનિમુક્ત કાંઈ, તો જાણીયે કાંઈક સારમાંઈ;
બોલ્યા સુણીને મુનિમુક્ત સોય, પ્રભુની વાણી શ્રુતિતુલ્ય હોય. ૧૫
બ્રહ્માદિને દુર્ગમ અર્થ એનો, શું જાણીયે પામર પ્રાણી તેનો;
એવી રીતે માર્મિક વેણ મારી, પછી રહ્યા મૌન મુનિ વિચારી. ૧૬
ત્યાં શ્રીજીયે વાત વળી ઉચારી, પાખંડી બોલ્યો અભિમાન ધારી;
હું જે પૂછું ઉત્તર એહ આપો, સર્વે તણા સંશય આપ કાપો. ૧૭
એવું કહીને બહુ પ્રશ્ન કીધા, તે શ્રીજીયે ઉત્તર સર્વ દીધા;
શાસ્ત્રો તણી સાક્ષી અનેક આપી, તેણે ન માન્યુ જરીયે તથાપી. ૧૮
પાખંડી બોલ્યો પ્રભુ સામું એમ, તમે ધર્યો ધર્મ નવિન કેમ ?
ખોટા તમે છો નથી સત્યવાદી, અમે ધર્યો ધર્મ ખરો અનાદિ. ૧૯
બોલ્યા સુણી શ્રીજી ભવિષ્યવેત્તા, શું મર્મમાં ઉત્તર હોય દેતા;
ખોટો ખરો ધર્મ પ્રસિદ્ધ થાશે, છ માસ મધ્યે સઘળું જણાશે. ૨૦
દેવાજી ભૂપે પણ તેહ ઠાર, તેનેજ દીધો ઠપકો અપાર;
તે સાંભળી ઊઠી ગયો અધર્મી, જણાઈ આવ્યો પછી તે કુકર્મી. ૨૧
પાપિષ્ઠ તે એક પરસ્ત્રી લૈને, નાશી ગયો વિહ્વળ ચિત્ત થૈને;
રહ્યો ન કાંઈ ઈતબારે[1] એનો, તુટી પડયો તે પછી પંથ તેનો. ૨૨
હવે કહું શ્રીહરિની કથાય, ત્રીજે દિને ત્યાં વૃષવંશિ રાય;
સારું અરીઠા તણું ઝાડ જોઇ, જમ્યા સ્વહસ્તે કરી ત્યાં રસોઈ. ૨૩
અષ્ટાંગના સાધન કેરી રીત, સુસંતને શ્રીહરિ નિત્ય નિત્ય;
સ્નેહે કરી શીખવતા સદાય, એકાંતમાં સાધન તેહ થાય. ૨૪
તે બાગમાં તો બહુ લોક આવે, તેથી જ ત્યાં શીખવતાં ન ફાવે;
બોલ્યા મહીનાથ સમીપ માવો, એકાંત જગ્યા અમને બતાવો. ૨૫



૧.વિશ્વાસ



રાયે કહ્યું શ્રીહરિની હજૂર, આંહી થકી છે અધ ગાઉ દૂર;
આશાપુરીનું શુભ સ્થાન જેહ, આ ગામથી ઉત્તર માંહી તેહ. ૨૬
એકાંત જગ્યા અતિ એહ સારી, એવું સુણી ત્યાં વિચર્યા મુરારી;
રાજા તણા આગ્રહથી નિવાસ, કર્યો તહાં શ્રીહરિ યુગ્મ[1] માસ. ૨૭
તહાં રહીને નિજભક્ત ઘેર, જતા હતા શ્રીહરિ રૂડી પેર;
તે તો પધારે પધરામણીમાં, જ્યાં હોય શ્રદ્ધા ઘરના ધણીમાં. ૨૮
ત્યાં ગોંડળી નામ નદી કિનારે, પ્રણામીનું મંદિર જેહ ઠારે;
કુંભાર કેરું ઘર તેની પાસ, રહ્યા હતા ત્યાં હરિ રાત વાસ. ૨૯
અજો તથા જે હરભંમ નામ, તે બેયને ઘેર પધારી શ્યામ;
તેઓ તણે ઘેર જમ્યા મુરારી, તેની સુજાતિ કડીયાની ધારી. ૩૦
મેરાઇ રત્નો વળી એક વીરો, સત્સંગમાં શોભિત જેમ હીરો;
પ્રસન્ન તેને પ્રભુજી થઇને, તેઓ તણે ઘેર જમ્યા જઇને. ૩૧
સુજાતિ જાણો કણબી જ જેની, સુસાખ્ય તો કોટડિયાની તેની;
તેને ઘરે જૈ શુભ ભાવ જોઇ, જમ્યા પ્રભુ ત્યાં કરીને રસોઈ. ૩૨
છે ગામમાં દેવપરું જહાંય, જોધો રહે એક સુતાર ત્યાંય;
તેને ઘરે કૃષ્ણ ઝુલ્યા હિંડોળે, સુભાગ્યશાળી નહિ તેની તોલે. ૩૩
સુતાર જેકર્મણ નામ જેનું, છે તે પરામાં ઘરબાર તેનું;
તેને ઘરે શ્રીપ્રભુજી પધાર્યા, હૈયા વિષે હર્ષ ઘણા વધાર્યા. ૩૪
નદી ભલી ઉત્તરમાંથી આવે, પ્રવાહ તો દક્ષિણમાં સિધાવે;
વસેલ છે પશ્ચિમ તીર ગામ, ગુણી ભલું ગોંડળ જેનું નામ. ૩૫
તેને કિનારે પણ ઠામ ઠામ, કરેલ છે મજ્જન મેઘશ્યામ;
છે નામ નારાયણહૃદ જ્યાંય, છે હાથિયો પથ્થર એક ત્યાંય. ૩૬



૧. બે

નાવા ગયા શ્રીહરિ ઝાઝી વાર, માહાત્મ્ય એનું ગણીયે અપાર;
ત્યાંથી વળી દક્ષિણ ભાગમાંય, જનો કહે ખળખળિયો સુ ત્યાંય. ૩૭
મહાપ્રભુ મજ્જન ત્યાં કર્યું છે, સંધ્યાદિ નિત્યાર્ચન આચર્યું છે;
ત્યાંથી વળી દક્ષિણ ભાગ લાગ, છે શ્રીહરિ મંદિરનો સુબાગ. ૩૮
સંગ્રામજી ભૂપ થયા સુજાણ, દેવાર્થ તેણેજ દીધો પ્રમાણ;
ત્યાં છે ભલો જે નદીનો કિનારો, નાયેલ છે ત્યાં વૃષનો દુલારો. ૩૯
બહુ સ્થળો પાવન તો કર્યા છે, સ્મૃતિ પ્રમાણે અહિં ઊચર્યા છે;
વિશેષ તો સ્થાન કથાપ્રસંગે, કહીશ તે હું અદકે[1] ઉમંગે. ૪૦
શ્રીગોડ ત્યાં બ્રાહ્મણ એક જેઠો, તે બુદ્ધિમાં તો જન સૌથી હેઠો;
તથાપિ સત્સંગી ઘણોજ સારો, દેવાજીને તે દિલ પૂર્ણ પ્યારો. ૪૧
શ્રીજીતણે કાજ તપાસી જોઈ, રસાળી તે તો કરતો રસોઈ;
તેને પૂછયું શ્રી પ્રભુયે પ્રભાતે, સત્સંગી છે કોણ તમારી નાતે ? ૪૨
વિપ્રે કહ્યું કષ્ટ ઘણું સહું છું, શ્રીગોડમધ્યે હરિભક્ત હું છું;
શ્રીજી કહે સિંહ ઘણા ન હોય, અરણ્યમાં એક જ હોય કોય. ૪૩
વિપ્રે કહ્યું જે કહું વાત સાચી, છે મારી બુદ્ધિ પ્રભુ છેક કાચી;
કોઈ કરે વાદ વિવાદ આવી, તો તેહને હું ન શકું હઠાવી. ૪૪
એવું સુણી અંતર ધારી લીધું, દયા કરીને વરદાન દીધું;
સરસ્વતી તુજ મુખે વસાશે, વિવાદ મધ્યે તુજ જીત થાશે. ૪૫
પછી થયો ભાષણકારી કેવો, પૂરો મહાપંડિત હોય જેવો;
છ શાસ્ત્રવેત્તા કદી કોય હોય, તે વિપ્રને જીતી શકે ન તોય. ૪૬
જે જેઠિયો નામથી ઓળખાતો, જેઠો મહારાજ પછી ગણાતો;
ઘણા ઘણાને જઈ બોધ દીધા, સારા જનોને સતસંગી કીધા. ૪૭



[1] ખૂબ,ઘણા



એવા પ્રભુના પરચા અપાર, પ્રખ્યાત છે ભૂતળ ઠારઠાર;
તથાપિ જે આસુર સંપદાના, તેણે પ્રભુને પ્રભુજી ન માન્યા. ૪૮
મહાપ્રભુ ગોંડળમાં બિરાજી, કર્યા જનોને બહુ રાજી રાજી;
દેવાજી ભૂપાળ થયા કૃતાર્થ, સાધી લીધા સર્વપ્રકાર સ્વાર્થ. ૪૯
પછી પ્રભુ ત્યાંથી થયા વિદાય, તેથી થયા દિલ ઉદાસી રાય;
તેને દિલે સાંતવના કરાવે, મુક્યું મુનિ મંડળ એક માવે. ૫૦
વળી હઠીભાઈ કરી સુપ્યાર, તેડાવિયા ત્યાં હરિ ચોથી વાર;
પોતા તણા ત્યાં દરબારમાંય, આપ્યો ઉતારો નિજવાસ જ્યાંય. ૫૧
સંતો તથા પાર્ષદ વર્ણી સાથ, જમ્યા તહાં શ્રીવૃષવંશ નાથ;
છે પશ્ચિમાભિમુખ ગોખ ત્યાંય, બીરાજીયા શ્રીહરિ તેહ માંય. ૫૨
સંતે સજી પશ્ચિમમાં સભાય, સૌને પ્રભુ સન્મુખ ત્યાં જણાય;
મેડી વિષે રાજજનો ભરાયા, તેને પ્રભુ સન્મુખ ત્યાં જણાયા. ૫૩
પ્રશ્નો જનો બેય દિશે પૂછે છે, બન્ને મુખે ઉત્તર કૃષ્ણ દે છે;
કળા હરિની ન કળેજ કોય, આશ્ચર્ય બ્રહ્માદિકનેય હોય. ૫૪
કહે પ્રભુજી હઠીસિંહ પાસ, ક્ષત્રિ કરે પુત્રી તણો વિનાશ;
તે ચાલતો બંધ તમે કરાવો, સાંખે નહી ઈશ અધર્મ આવો. ૫૫
પુત્રી હણ્યાનું અતિ પાપ મોટું, ખરૂં કહું છું નહિ લેશ ખોટું;
ગરીબ શર્ણાગત બાળ જેહ, તેને હણે તો નહિ ક્ષત્રિ તેહ. ૫૬
ક્ષત્રિ વિષે જાદવ વંશ શ્રેષ્ઠ, તેને ન શોભે અતિ કામ નેષ્ટ;
અમારી જો વાત નહિં મનાય, મનાવશે કોઈ બલિષ્ઠ રાય. ૫૭
બોલ્યા હઠીસિંહજી જોડી પાણિ, માની અમે નાથ તમારી વાણી;
બીજા ભરેલા બહુ સ્વાભિમાને, તે તો કદી વાત ધરે ન કાને. ૫૮

શ્રીજી કહે આપ કહ્યું ખરું છે, સાધુપણું આજ અમે ધર્યું છે;
માટે નહીં શસ્ત્ર કરે ધરાય, અન્ય પ્રકારે જ થશે ઉપાય. ૫૯
પછી પ્રભુ ગોંડળથી પધાર્યા, ઘણા જનોના મન અર્થ સાર્યા;
સંકલ્પ જે શ્રીહરિ ચિત્ત કીધ, કાળે કરી તેહ થયો સુસિદ્ધ. ૬૦

**પુષ્પિતાગ્રા :**

જદુકુળ જનને સુબોધ દૈને, નિજ સતસંગી કર્યા ઘણાક જઈને;
હરિજન થઈને સુતા ન મારી, ધરમસુતે અબળા ઘણી ઉગારી. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનન્દમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે ગોંડળપુરે શ્રીહરિદેવાજી નૃપતિપ્રતિ કન્યારક્ષણોપદેશકરણનામ સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**ઉપજાતિ :**

દેવોજી તો દેવ સમાન રાજા, તે ગાદિયે વર્ષ ઘણાં વિરાજ્યા;
અઢારસેં ને અડસઠ્ઠ સાલે, વૈકુંઠમાં વાસ કર્યો નૃપાળે. ૧
પામ્યા નથુજી પછી રાજપાટ, તેનેજ દેવા સિરપાવ માટ;
મહાપ્રભુ ગોંડળમાં પધારી, કૈલાસ બાગે ઉતર્યા વિચારી. ૨
જૈ ભૂપને યોગ્ય સુભેટ દીધી, ભૂપે ભલી ત્યાં બરદાશ કીધી;
સુભાગ્ય તે ગોંડળનાં વિચિત્ર, જે પાંચમીવાર કર્યું પવિત્ર. ૩
ગયા પ્રભુ ગોંડળ છઠ્ઠીવાર, પ્રસંગ તે હું કહું એહ ઠાર;
એકોનશીતેર તણો દુકાળ, થશે વિચાર્યું વૃષભક્તિલાલ. ૪
સ્વભક્તને ધાન્ય ભરી રખાવા, સ્વયં હરિ સોરઠમાં સિધાવ્યા;
ચાલ્યા પ્રભુ દૂર્ગપુરીથી જ્યાંય, ગયા રહ્યું ગોંડળ કોશ ત્યાંય. ૫
ચાલ્યા તહાંથી જ સીધા જુનાણે, તે કોઇયે ગોંડળમાં ન જાણે;





સુતાર કચ્છી જન દેવરામ, છે ગોંડળે તેનું નિવાસ ઠામ. ૬
તેને ઘરે પ્રસ્તુત[1] કાંઈ આવ્યું, વિપ્રાર્થ ત્યાં ભોજન તો કરાવ્યું;
તૈયાર થૈ શુદ્ધ રસોઈ સારી, કહે પતિ આગળ તેની નારી. ૭
રસોઈ તો એવી રુડી જણાય, જમે પ્રભુ તોય પ્રસન્ન થાય;
શું જાણીયે શ્રીહરિ તો વસે કયાં? , શું જાણીયે આ સમયે હશે કયાં? ૮

**પુષ્પિતાગ્રા :**

અખિલ ભુવન નાથ કયાંથી આવે, નિજ જનના સુમનોરથો પુરાવે;
પ્રિય અતિશુભ ક્યાંથી ભાગ્યા એવાં, વ્રજ વસનારી ઋષિની નારી જેવાં. ૯
વૃષકુળપતિ જો સમીપ હોય, લઈ જઈ ત્યાંય જમાડું થાળ તોય;
મુજ મન હરિકાજ આજ એવું, પ્રભુ ન મળે મુખ અન્ન તો ન લેવું. ૧૦
મુજ મન દઢ જો હશે જ ભાવ, જરુર પધારી જમે મુનીન્દ્ર માવ;
ધરી મુજ મન એક ટેક એહ, પ્રભુ ન મળે તજવો જ એહ દેહ. ૧૧
વૃષકુળપતિ જાણી એહ વાત, લઈ નિજસંગ સુસંત મૂર્તિ સાત;
અવર સકળ સંઘ છોડી દીધો, પ્રિયજન ઘેર જવા સુપંથ લીધો. ૧૨
હરિવર જઈ દેવરામ ઘેર, દરશન દીધ કૃપા કરી સુપેર;
કહી ઘરધણી નાથ કયાંથી આવ્યા, તવ પતની મનભાવ તાણી લાવ્યા. ૧૩
મુનિ સહ હરિ ત્યાં જમ્યા રસોઇ, નિજ જનનો અતિશ્રેષ્ઠ ભાવ જોઈ;
પછી ઘર થકી દક્ષણાદિ પાસ, પ્રભુ વિચર્યા વળી દેવરામદાસ. ૧૪
વળી કહી મુખ વાણી મેઘશ્યામ, શુભ થળ આંહિ થશે સુશ્રેષ્ઠ ધામ;
જનક જનનિ સાથ મૂર્તિ મારી, અચળ થશે હરિકૃષ્ણ નામ ધારી. ૧૫
કહી વળી હરિભક્તને કહેજો, વરસ સુધીનું વિચારી અન્ન લેજો;
સુરપતિ મન કોપ છે કરેલો, નહિ વરસે નહિ થાય નીર રેલો. ૧૬



૧.શુભ અવસર

પછી હરિ નિજસંઘમાં પધાર્યા, સ્વજનતણે મન હર્ષ ત્યાં વધાર્યા;
વિચરી વિચરીને સુરાષ્ટ્રમાંય, હરિજન પાસ રખાવ્યું અન્ન ત્યાંય. ૧૭

**ઉપજાતિ :**

કહું વળી ગોંડળની કથાય, રહ્યાજ બે વર્ષ નથુજી રાય;
શીત્તેરની સાલ વિષે જ તેહ, સ્વર્ગે સિધાવ્યા તજીને સ્વદેહ. ૧૮
કાનોજી બેઠા પછી રાજપાટે, નથુજીના તે લઘુ ભ્રાત માટે;
તે સાત વર્ષે સ્વરગે સિધાવ્યા, મોતીજી ગાદીપર આપ આવ્યા. ૧૯

**શિખરિણી :**

સુકર્મી ને ધર્મી રિપુસમ અધર્મી જન તણા,
કરે ચૂરાચૂરા રિપુદળન શૂરા પણ ઘણા;
પિતા માતા ભ્રાતા સમ નિજપ્રજાના સુખકરા,
ભલા મોતીભાઈ નરપતિ સુક્ષત્રિકુળ ખરા. ૨૦
સુશાણા કેજાવાણા અધિક વખણાણા જન વિષે,
સુઅંગી સત્સંગી દિન નિશ ઉંમંગી મન દિસે;
દુઃખી પ્રાણી જાણી તરત અતિ આણી ઉર દયા,
હરે પીડા એવા કરણ નૃપ જેવા નૃપ થયા. ૨૧
મુનિ મુક્તાનંદે પ્રથમ વયમાં તે નૃપતિને,
કરાવેલી પોતે પ્રગટ પ્રભુમાં પૂર્ણ રતિને;
હતા જેઠો વિપ્ર પ્રથમ પ્રભુ જેને વર દિધો,
નૃપાળે તેને તો નિજસમીપ બોલાવી જ લિધો. ૨૨
કહ્યું જા તું ભાઈ મુજ સુગુરુ જયાં મુકત મુનિ છે,
પૂછી આવો એવું મુજપ્રતિ શી આજ્ઞા ગુરુની છે;





કહી જેઠે જૈને મુનિસમીપ તે વાત સઘળી,
મુનિ મુકતાનંદે સુણી શુભ દિયો ઉત્તર વળી. ૨૩
તમે રાજા પાસે દ્વિજવર જઇ એટલું કહો,
સુણો મોતી મોતી વીજળી ઝબકારે વિણી લહો;
પછી જૈને વિપ્રે નરપતિ કને એમ જ કહ્યું,
સુણી શાણે રાણે સમજી લીધું જે હારદ રહ્યું. ૨૪
જનોને જીવ્યાનું વીજળી ઝબકારા સમ ગણ્યું,
પ્રભુને તેડ્યાનું વચન મુનિયે માર્મિક ભણ્યું;
લીધું એવું જાણી નરપતિ વિચાર્યું મન વળી,
પ્રભુને તેડાવું પદ શિર નમાવું લળી લળી. ૨૫
કહ્યું મંત્રી પ્રત્યે વૃષતનુજને કાગળ લખો,
લખો રાધાલક્ષ્મીપતિ સુઉપમા નૂન્ય ન રખો;
સુણી મંત્રી બોલ્યો ન લખું ઉપમા તે મનુષને,
ગમે તો મંત્રીના પદથકી રજા દ્યો નૃપ મને. ૨૬

**ઉપજાતિ :**

સુણી ચડી ભૂપતિ ચિત્ત રીસ, પ્રહાર કીધો નિજમંત્રી શીશ;
તેને કર્યો નોકરીમાંથી દૂર, કર્યો બીજો મંત્રી તહાં હજૂર. ૨૭
કહ્યા પ્રમાણે ઉપમા લખાવી, પત્રી પ્રભુ આગળ્ય મોકલાવી;
વિવેક સાથે વિનતિ કરીને, તેડાવિયા ગોંડલમાં હરિને. ૨૮
આવ્યા પ્રભુ પાર્ષદ સંત લૈને, મોતીજીયે ત્યાં સન્મુખ જઈને;
કર્યો હરિનો સતકાર સારો, આપ્યો ભલો તે પુરમાં ઉતારો. ૨૯
સંતો તથા કાઠીજનો સહીત, જમ્યા રસોઇ હરિ રૂડી રીત;

અસ્વારી સાથે નરનાથ આવ્યા, અનેક વાજિંત્ર વિચિત્ર લાવ્યા. ૩૦
કહ્યું પ્રભુને મુજ અર્થ સારો, મહાપ્રભુ રાજગૃહે પધારો;
પછી પધાર્યા દરબારમાંય, ચોપાટ[1] છે ચારુ વિશાળ ત્યાંય. ૩૧
પૂજા પ્રભુની કરી ત્યાં નૃપાળે, અર્ચા કરી કેસરની કપાળે;
અમૂલ્ય વસ્ત્રાભરણો ધરાવ્યાં, સુપુષ્પ ચંપાદિકનાં ચડાવ્યાં. ૩૨
ધર્યા પ્રભુ આગળ દીપ ધૂપ, મિઠાઈ મેવા અરપ્યા અનૂપ;
સંધ્યા સમો આરતીનો વિચારી, મોતીજીયે આરતી ત્યાં ઉતારી. ૩૩
નારાયણાખ્ય ધ્વનિ સંત કીધી, સર્વે જનોયે પણ ઝીલી લીધી;
સ્તુતિ હરિની સકળે ઉચ્ચારી, છબી લીધી અંતરમાં ઉતારી. ૩૪
વાર્તા કરી શ્રીહરિયે બિરાજી, સુણી થયા તે જન સર્વ રાજી;
માગ્યું નૃપાળે વરદાન એવું, પ્રભુજી મારા મનમાં રહેવું. ૩૫
તથાસ્તુ બોલી પ્રભુજી સિધાવ્યા, હતો ઉતારો તહિં સર્વ આવ્યા;
બીજે દિને લૈ જન સર્વ સંગ, નાવા પધાર્યા નદીયે શ્રીરંગ. ૩૬
નાહ્યા હરિ ને હરિભક્ત સંત, થૈ તે નદી પાવન પુણ્યવંત;
તીર્થો થયાં તોયે[2] તણે તરંગે, તે કૃષ્ણ કે કૃષ્ણજન પ્રસંગે. ૩૭
ત્યાંથી ઉતારે મુનિનાથ આવ્યા, બે ચાર દાડા રહિને સિધાવ્યા;
સુભાગ્ય તે ગોંડલનાં અપાર, જહાં પધાર્યા પ્રભુ ઝાઝીવાર. ૩૮
મોતીજી રાજા હરિભક્ત કેવા, જનો કહે સૌ જનકાદિ જેવા;
જાણે થયું આરતી ટાણું જ્યારે, ચોપાટમાં ધુન્ય કરેજ ત્યારે. ૩૯
જે બોલતાં ધુન્ય દિલે લજાય, તેને કરે ત્યાંથી તદા વિદાય;
શ્રીજી તણા સંત મળે સુઠામ, પ્રેમે કરે દંડવત પ્રણામ. ૪૦
પોતે ધરેલા નિયમો ન મૂકે, માળા પૂજા ચિત્ત થકી ન ચૂકે;



૧.ઓસરી ૨.પાણી



શ્રી સ્વામિનારાયણ નામ લેતાં, લાજે ન સૌ લોક વચ્ચે કહેતાં. ૪૧
અઢારસેં વર્ષ સતાણુવામાં, મોક્ષે સિધાવ્યા નૃપ તે સમામાં;
રાજા થયા તે પછી ભાણભાઈ, સુકીર્તિ તેની પણ તેવી છાઈ. ૪૨
ગોપાળસ્વામી ગુણવંત જેહ, ગુરુ કર્યા ગોંડળનાથ તેહ;
તેડાવીને તે મુનિને નૃપાળે, વાતો સુણી તેહ તણી ત્રિકાળે. ૪૩
જ્યાં બાગ છે પીપળ પારકસ્ય, ગયા તહાં તે ગુરુ સાથ શિષ્ય;
સ્વામી કહે આંહિ હરિ જમ્યા છે, આ બાગમાં તો સઘળે ભમ્યા છે. ૪૪
આ કૂપમાં મજ્જન આચર્યું છે, સંધ્યાદિ સત્કર્મ અહીં કર્યું છે;
શ્રીજીની લીળા સ્મરણાર્થ કામ, દેરી કરાવો શુભ એહ ઠામ. ૪૫
રાયે પછી દેરી રુડી રચાવી, તે માંહિ થાપ્યાં પગલાં ઘડાવી;
દેશી વિદેશી જનસંઘ આવે, તે દેરીને મસ્તક તો નમાવે. ૪૬
લીલા પ્રભુની પછી પૂછી લે છે, તે સાંભળી અંતરમાં ધરે છે;
તે ભૂમિનાં ભાગ્ય ભલાં વખાણે, માહાત્મ્ય મોટું મન માંહિ જાણે. ૪૭
ગોપાળસ્વામી વળી ભૂપ પાસ, વિશેષ કીધું વચન પ્રકાશ;
તમે હરિમંદિર તો કરાવો, સુસંતને ઉતરવા ઠરાવો. ૪૮
સુતાર કચ્છી જન દેવરામ, નિવાસથી દક્ષિણ દીશ ઠામ;
જગ્યા હતી મંદિર ત્યાં કરાવ્યું, ભક્તો તણાં અંતર માંહિ ભાવ્યું. ૪૯
ભાણાજીયે ભાવ ભલો સજીને, આચાર્યજી શ્રીરઘુવીરજીને;
તેડાવી તેની સજી સારી સેવા, આ લોકમાં લાભ અલભ્ય લેવા. ૫૦
ગુણાતીતાનંદ મુનીન્દ્ર પાસ, વાતો સુણી ચિત્ત ધરી હુલાસ;
વિશુદ્ધ આત્મા મુનિનંદ જેહ, તેડાવિયા ગોંડળ માંહિ તેહ. ૫૧
તે સાધુ શ્રી ભાગવત પ્રવીણ, કથા સુણાવી કૃત ભ્રાંતિ હીણ;

તે ભૂપતિના સુત સુખદાઈ, સંગ્રામજી ને વળી મુળુભાઇ. ૫૨
ભલા થયા બેય પ્રવીણ પૂરાં, ધર્મીપણા માંહિ નહી અધૂરા;
જ્યાં ઓગણીસે પર વર્ષ સાત, થયાં વળી વિક્રમનાં વિખ્યાત. ૫૩
સ્વર્ગે સિધાવ્યા શુભ ભાણા રાજા, સંગ્રામજી ગાદિ વિષે બિરાજ્યા;
જેણે જનોમાં જશ ખૂબ લીધો, સદૈવ સારા જન સંગ કીધો. ૫૪

**પુષ્પિતાગ્રા :**

જદુ કુળ હરિભક્તની કથાય, ગુણ ગણિ કોઇ સુણે ભણે સુગાય;
પરમ પુનિત ચિત્ત તેનું થાશે, પ્રગટ પ્રભુ તણી ભક્તિ તે ચહાશે. ૫૫

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનન્દમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે ગોંડળપતિ ભાણાભાઈ ભૂપાળપર્યંત વૃત્તાંતકથનં નામા અષ્ટમો વિશ્રામ : ॥૮॥***

**ઉપજાતિ :**

સંગ્રામજી ગોંડળ રાજ્યકાર, તેના થયા શ્રીપથુભા કુમાર;
રાણી હતી તે સરગે સિધાવી, કહ્યું પ્રધાને નૃપ પાસ આવી. ૧
રાજા તણી નીતિ રુડા કવિયે, રચેલી છે જે જસુ રામજીયે;
અષ્ટાંગ તો રાજ્ય તણાં ગણાવ્યાં, ન હોય તો ખંડિત તે જણાવ્યાં. ૨
રાજા તથા રાણી તથા કુમાર, પ્રધાન સેના વસતી સુમાર;
વજીર શાણો સુકવિપ્રસંગ, આઠે કહ્યાં રાજ્ય તણાં સુઅંગ. ૩
રાણી વિના રાજ્ય રુડું ન દિસે, શું આપ આગે ઉચરું અતીશે;
માટે વરો ઉત્તમ એક રાણી, જે રાજની નીતિ સુજાણ શાણી. ૪
ઝાલા મીણાપુર તણા પતિ છે, સુનામ જેનું સુરતાનજી છે;
છે મોંઘિબા નામ ભલી કુમારી, પવિત્ર ગંગાજળ તુલ્ય સારી. ૫





તે સાથ ભૂપે પછી લગ્ન કીધું, સુમંત્રીનું વાયક[1] માની લીધું;
રુડા ચુડા ગામ તણા નિવાસી, ઔદીચ નાતે સુમતિ પ્રકાશી. ૬

**વૈતાલીય :**

હરજીવન નામ જે હતા, અતિશાણા ધરમિષ્ઠ તે છતા;
પટરાણીની સાથ આવિયા, નૃપ સંગ્રામ દિલે સુભાવિયા. ૭
મતિમાન વિશેષ જાણીયા, નિજમંત્રી પછી તો પ્રમાણીયા;
હરિભકત થયા નરેશ તે, મુનિ કેરો સુણી ઊપદેશ તે. ૮

**શખરિણી :**

ગુણાતીતાનંદ પ્રગટ પ્રભુના પૂજક સદા,
નૃપે તેડાવીને હરિ તણી સુવાર્તા સુણી મુદા;
ગુરૂ કીધા પોતે નિયમ ધરી કંઠી પણ ધરી,
સુભાવેથી ભક્તિ પ્રગટ પ્રભુ કેરી બહુ કરી. ૯
થયા ચારે પુત્રો હરજીવનના તે પણ કહું,
ભલા ભક્તો સારા સમજણ્ય વળી ઉત્તમ બહુ;
વડા તો જેભાઈ અવર સુત તો માધવજી છે,
ત્રીજા તો તેમાં છે નરસિંહ તથા કેશવજી છે. ૧૦
થયાં ભક્તિવાળાં કુશળ કુંવરી ધર્મપુરીમાં,
થયાં મોંઘીબાઈ હરિજન સુ તેવાં સ્વપુરમાં;
સુરાણી ને રાજા સચિવ શુભ સુદ્ધાં ત્રણ મળી,
થયાં સત્સંગી તે સરસ પયમાં સાકર ભળી. ૧૧
ઘણે ફેરે તેડ્યા રઘુવીરજી આચારજ તહાં,
જઇ પૂજા લીધી ભગવતપ્રસાદે પણ જહાં;



૧.વચન

શુકાનંદાદિને પણ નિજપુરે આદર દઈ,
પૂજ્યા પ્રીતે રીતે સુગુણ નિજચિત્તે ધરી લઈ. ૧૨
વિત્યાં વર્ષો કાંઇ કુંવર પથુભા સ્વર્ગજ ગયો,
રુદેમાં રાજાને વિરહ દુઃખ અગ્નિ અતિ થયો;
તજ્યું ખાવું પીવું સુત વીણ ન જીવું મુખ કહે,
નિસાસા નાખીને રુદન કરી નેત્રે જળ વહે. ૧૩
દવે હર્જીવને નૃપ મન વિષે શાંતિ જ થવા,
ગુણાતીતાનંદ પ્રમુખ મુનિ તેડ્યા દુઃખ જવા;
મુનિયે ત્યાં આવી સુરીત સમઝાવી બહુ કહ્યું,
તથાપિ રાજાને હ્રદય દુઃખ તો તેમજ રહ્યું. ૧૪

**જગત નાશવંત વિષે : વૈતાલીય :**

નૃપ તેં દુઃખ તો બહુ સહ્યું, સુણ આ વાત ગુણાતીતે કહ્યું;
મરવું જનનો સ્વભાવ છે, જનમ્યો ત્યાંથી નક્કી ઠરાવ છે. ૧૫
અચળ સ્થિતિ તો ન કોઈને, કરવું શું અતિ રોઈ રોઈને;
જગ આ જળનો પ્રવાહ છે, વહિ જાતો અતિશે અથાહ છે. ૧૬
બહુ રે બહુ કલ્પ થૈ ગયા, પણ કોઈ નથી કોઈના થયા;
ન સગો સુત તુજ દેહનો, નહિ તું કાંઈ સપિંડ તેહનો. ૧૭
ધરીને ધન જેમ હાથમાં, મુજનું છે કહી સર્વ સાથમાં;
પણ તે નહિ એમ ધારવું, વિચરે સર્વ થળે વિચારવું. ૧૮
જનનું તન માટીનો ઘડો, નથી તે કાળ અખંડ આપડો;
રજથી ઉપજ્યો જ મૂળમાં, વળી અંતે મળી જાય ધૂળમાં. ૧૯
તન છે જળ ઝાંઝવા તણું, સ્થિર તે તો ન રહે કદી ઘણું;





નહિ મોહિત થાવું જોઈને, નહિ કલ્પાંત કરો જ રોઈને. ૨૦
જગ સ્વપ્ન સમાન જાણવું, ગણિ સાચું ઉરમાં ન આણવું;
ભવમાં પ્રભુ ભક્તિ સત્ય છે, સઘળી અન્ય ક્રિયા અસત્ય છે. ૨૧
સ્વપને મળી રિદ્ધિ સિદ્ધિ તે, સ્વપનામાં પછી ખોઈ દીધી તે;
થઈ જાગ્રત જો કુટે રુવે, જન તેની વડી મૂર્ખતા જુવે. ૨૨
ગત વિક્રમ ભોજ ભૂપતિ, ન રહ્યો લંકપુરી તણો પતિ;
પૃથિવી પણ નાશ પામશે, શશી સૂર્યાદિ વિનાશ થૈ જશે. ૨૩
ન રહે અજ ઈન્દ્ર કોઈયે, ન રહે જેહ વિરાટ જોઈયે;
બહુવાર થયા અને ગયા, સ્થિર તો કોઇ સદૈવ ના રહ્યા. ૨૪
હતી આયુષ લક્ષ વર્ષની, નહિ સીમા મનના [1]અમર્ષની;
પણ તે પળમાં વહિ ગયા, નવ જાણે જન કોઇ ક્યાં થયા. ૨૫
પગ પર્વત ઠેલી પાડતા, નભ તારા નખથી ઉખાડતા;
કરી અંજળી સિંધુ પી જતા, નવ જાણે જન કોઈ ક્યાં હતા. ૨૬
જનની જનકાદિ જેહ છે, તનના જન્મ થકી જ તેહ છે;
તન તો અગણિત તેં ધર્યા, પણ તે સત્ય સપિંડ કયાં ઠર્યા. ૨૭
ચતુરે ચિત્તમાં વિચારવું, સત તો આત્મસ્વરૂપ ધારવું;
તન તત્ત્વ તણાં જ થાય છે, ઉપજે ને લય પામી જાય છે. ૨૮
જળબુદ્‌બુદ જેમ ઊપજે, ક્ષણમાં આકૃતિ તેહ તો તજે;
તન તેમ જ થાય જાય છે, મન મિથ્યા સુત તે મનાય છે. ૨૯
રજ નીર પ્રવાહને વડે, મળી જામે વળી તે જુદી પડે;
સુત ને જનકાદિ તે રીતે, મળી જામે વળી જોગ તે વિતે. ૩૦
જગમાં જન ભૂમિ ઊપરે, પળમાં તો બહુ ઊપજે મરે;



૧.જોર, દઢ નિશ્ચય

તવિ ઉપર ધાણિ ફૂટતી, બહુ દિસે તનુ તેમ છૂટતી. ૩૧
ફુલવાડી વિષે જણાય છે, ફૂલડાં નિત્ય નવાં ફુલાય છે;
કળિયો ખિલીને ખરી પડે, પછી તે તો નહિં દષ્ટિયે ચડે. ૩૨
નભ ઈન્દ્રધનુષ દેખીયે, પળ વીત્યા પછી તે ન પેખીયે;
વળી વાદળ કેરિ છાંયડી, પળમાં જાય ટકે નહીં ઘડી. ૩૩
નિજનું તન એવું જોઇને, શિદ રોવું પછી અન્ય કોઈને;
વર પાછળ જેમ જાન છે, નિજ કાયા પછી સૌ નિદાન[1] છે. ૩૪
જન ઉદ્‌ભવ નાશ થાય છે, રુચિ જેવી પ્રભુની જણાય છે;
પ્રભુની રુચિમાં ખુશી થવું, પ્રભુ સામું નહિ વેર બાંધવું. ૩૫
ફલ કર્મનું આપશે હરિ, નહિ ઓછું અદકું કરે જરી;
જન જો મઠને જ વાવશે, શુભ ચોખા પછી ક્યાંથી ચાવશે. ૩૬
તન ઉદ્‌ભવ પૂર્વ ક્યાં હતું, વળી અંતે નહિ તે રહે છતું;
વચલે વખતે જણાય છે, સપના તુલ્ય અદર્શ થાય છે. ૩૭
ઘટ ને કથરોટ કોડિયાં, મૃત્તિકાનાં ઘડિ નામ જોડિયાં;
ફુટતાં સહુ નામ તે ટળે, પરિણામે મૃતિકા વિષે મળે. ૩૮
તનની ગતિ એવી જાણવી, સ્થિરતાની નહિ આશ આણવી;
જનનાં તન આ અનિત્ય છે, અસલી એ જ અનાદિ રીત છે. ૩૯
શિશુ જાય જુવાન જાય છે, ઘરડાનું પણ મૃત્યુ થાય છે;
વળી કોઈક ગર્ભથી ગળે, પણ નક્કી કશી રીત ના મળે. ૪૦
જગ સર્વ ચવેણું કાળનું, નહિ તેને દુઃખ વૃદ્ધ બાળનું;
મુખ ભક્ષણ સર્વનું કરે, દિલમાં લેશ નહીં દયા ધરે. ૪૧
અવની નભ બેય જાણવાં, પડ ઘંટી સમ તે પ્રમાણવાં;



૧.અવસાન



કણ તુલ્ય જીવો જણાય છે, વળી ઓરાય વળી દળાય છે. ૪૨
સગરાખ્ય નરેશના છતા, સુત તો સાઠ હજાર જે હતા;
સઘળા મૃત એક કાળમાં, ઉગર્યા કોઇ ન કાળ ઝાળમાં. ૪૩
વિકરાળ જ કાળ ઝાળ છે, સઘળે વ્યાપિ રહી વિશાળ છે;
જન દેવ અદેવ જોઈયે, પણ અંતે ઉગરે ન કોઇયે. ૪૪
નિજનું કરી જે મનાય છે, ક્ષય થાતાં દિલ દુઃખ થાય છે;
મમતા મનમાં ન હોય તો, દિલમાં દુઃખ ધરે ન કોઇ તો. ૪૫
સુત જન્મ સમે સુજોષીયે, ગ્રહ જોયા હરિભટ્ટ હોંશિયે;
ગ્રહનું ફળ જાણીયું અરે, મુખ જોતાં સુત કે પિતા મરે. ૪૬
પછી તે દ્વિજ કાશિયે જઈ, લીધ સન્યાસ ઉદાસ તો થઈ;
સુત ષોડશ વર્ષનો થયો, રમવા બાલક મંડળે ગયો? ૪૭
રમતાં દડી વાગી ડોશીને, દિધિ ગાળો રમનાર જોષીને;
કહ્યું કે ઉનમત્ત તૂં થયો, પણ જૈ જો તુજ બાપ કયાં ગયો. ૪૮
ન રહ્યું સુણી ચિત્ત ધારણે, સુત ચાલ્યો પિતુ શોધ કારણે;
જનની કલ્પાંત જ્યાં કર્યો, સુતની સાથ પડોશી સંચર્યો. ૪૯
શત પંચક કોશ જ્યાં ગયા, રજની વાસ સુગામમાં રહ્યા;
ઉતર્યા ભય ભ્રાંતિ ટાળિને, મઠ સન્યાસી તણો નિહાળિને. ૫૦
સુત કોગળિયું જ આવિયું, મન સન્યાસી તણું ડરાવિયું;
લઠ[1] લૈ જતિ તેહ ઊઠિયો, જણ બે શીશ વિશેષ રૂઠિયો. ૫૧
મઠ બાહિર મારી કાઢિયો, સુખથી વાશિ કમાડ પોઢિયો;
પછી તે સુત ત્યાં ગયો મરી, નહિ સંન્યાસી દયા દિલે ધરી. ૫૨
જળ રે જળ બોલતો મુવો, નહિ પાસે નદી કે નહી કુવો;



૧. લાકડી

જતિયે નહિ નીર આપિયું, મન કીધું અતિ ક્રુર પાપિયું. ૫૩
નભમાં રવિ દેવ ઊગિયો, દ્વિજ રોવા અતિશે જ લાગિયો;
મળિને જનજૂથ પૂછિયું, પછી વૃત્તાંત દ્વિજેન્દ્ર ભાખિયું. ૫૪
નિજ પુત્રનું નામ સાંભળ્યું, જતિનું ધૈર્ય બધું પછી ટળ્યું;
કુટિ છાતિ વિશેષ રોઈને, જન આશ્ચર્ય ધરે જ જોઈને. ૫૫
નિજનો ન ગણ્યો જ જ્યાં સુધી, દિલમાં દુઃખ થયું ન ત્યાં સુધી;
નિજનો સુત જ્યાંથી જાણીયો, પ્રજળ્યો પૂર્ણ પિડાથી પ્રાણીયો. ૫૬
મમતા મનમાંથી જો તજે, સુખ શાંતિ જન તો સદા સજે;
મમતા દૂઃખ કેરું મૂલ છે, મમતામાં જ સહસ્ત્ર શૂલે[1] છે. ૫૭
નૃપ વાત બીજી કહું વળી, કરજો ચિત્ત વિચાર સાંભળી;
કદી ભૂષણ કોઈનું ભલું, ધરવા માગી લીધા થકી મળ્યું. ૫૮
પછી પાછું જરૂર માંગશે, સમઝુને નહિ દુઃખ લાગશે;
પ્રભુયે સુત ઊછીનો દીધો, વળી પાછો મરજી થકી લીધો. ૫૯
દિલમાં નહિ દુઃખ આંણવું, પરનું દ્રવ્ય હતું પ્રમાણવું;
હતું જેહનું તેહને ગયું, નથી તે કાંઈ અયોગ્ય તો થયું. ૬૦
ઉપદેશ સુ એ રીતે કર્યો, મુનિયે શોક નરેશનો હર્યો;
મુનિના વચનો વિચારીને, સુખ પામ્યા નૃપ ધૈર્ય ધારીને. ૬૧

**પુષ્પિતાગ્રા :**

નૃપસુત ગત મૃત્યુની ગતિને, કૃત ઉપદેશ મુનીશ ભૂપતિને;
સુણી જન મન માંહિ જો વિચારે, ધીરજ ધરે વળી શોક સૌ વિસારે. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમ કલશે ભૂમાનંદમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે રાજકુમારમરણેગુણાતીતાનંદ***



૧.પીડા,દુઃખ



***સ્વામીકૃત ધૈર્યોપદેશનામા નવમો વિશ્રામઃ ॥૯॥***

**ઉપજાતિ :**

ગુણાતીતાનંદ મુનીન્દ્ર સાથે, પ્રીતિ કરી ગોંડળ રાજ્યનાથે;
સુણે કથા કૃષ્ણની તેહ ઠામ, સંગ્રામજી છે શુભ જેનું નામ. ૧
તે તો મુનિ જીર્ણગઢે રહેતા, દૈવી જનોને ઉપદેશ દેતા;
તેડાવતા ગોંડળનાથ જ્યારે, પધારતા ગોંડળ માંહિ ત્યારે. ૨
વર્ણી અચિંતાખ્ય સુજાણ જેહ, તેને કદી મોકલતા જ તેહ;
સંગ્રામજીને સુકથા સુણાવે, સત્સંગ કેરી દઢતા કરાવે. ૩
શ્રીમોંઘિબાએ વળી એક ટાણે, તેડ્યા ગુણાતીત ગુરુ પ્રમાણે;
પૂજા કરાવી નિજનાથ પાસ, જણાવી પોતા તણી જેહ આશ. ૪
મને મુનિ આશીરવાદ આપે, સુપુત્ર પામું મુનિને પ્રતાપે;
પતિ મુખે તે સતિયે કહાવ્યું, બોલ્યા મુનિ તે નૃપ ચિત્ત ભાવ્યું. ૫
સુપુત્ર થાશે ભગવત્પ્રતાપે, પ્રસન્ન થાશો પતિ પત્નિ આપે;
વિતી ગયા તે પછી બાર માસ, તે મોંઘિબાની થઈ પૂર્ણ આશ. ૬
શ્રી વિક્રમાર્કે શત ઓગણીશ, વર્ષો થયાં ઊપર એકવીશ;
શ્રીમોંઘિબા પુણ્ય ઉદે અપાર, જે ઈશ્વરે એક દીધો કુમાર. ૭
ગુરૂ ગુણાતીત મુનીન્દ્ર જેહ, તેડાવિયા જીર્ણગઢેથી તેહ;
મુનીન્દ્ર તે ગોંડળ ગામ આવ્યા, ભૂપાળના અંતર માંહિ ભાવ્યા. ૮
ભૂપે કહ્યું હે મુનિ હેત લાવો, આ પુત્રનું નામ તમે ઠરાવો;
મુનિ કહે શ્રી ભગવત્સપ્રસાદ, તેનું રહે નામ સદૈવ યાદ. ૯
તે શ્રીહરિની શુભ ગાદીયે છે, ગુરૂ અમારા પણ આજ એ છે;
મારું કહ્યું જો મન માંહિ લાવો, તો નામ રુડું ભગવત્ ધરાવો. ૧૦

પાડયું પછી ઉત્તમ નામ એવું, સિંહાંત ક્ષત્રિકુળ યોગ્ય જેવું;
રહ્યા ઘણા વાસર ત્યાં મુનીશ, સેવા ભલી નિત્ય સજે મહીશ. ૧૧
વિચાર સારો ઉપજ્યો સતિને, પ્રેમે કહ્યો તે નિજના પતિને;
કરાવિયે ઉદ્ધવસંપ્રદાનું, સુધામ ત્રણ્યે શિખરો ભલાનું. ૧૨
કરાવવા દેવ નિવાસ જેહ, રાજા તણો ધર્મ અનાદિ એહ;
તેનું વળી ખર્ચ નભે હંમેશ, આજીવિકા એવી કરો નરેશ. ૧૩
થયા ભલા ઉન્નડભૂપ નામ, કરાવિયું દુર્ગપુરે સુધામ;
ભલા ઝીણાભાઈ નરેશ જેહ, કરી ગયા જીર્ણગઢે જ તેહ. ૧૪
જુવો વળી જ્યાં ધવળાખ્ય ગામ, તહાં પુંજાભાઈ કર્યું સુધામ;
એવું ભલું મંદિર તો કરાવો, મળે ફરી ક્યાં થકી જોગ આવો. ૧૫
આચાર્ય સંતો સહુ સાથ લાવી, કરે પ્રતિષ્ઠા નિજહાથ આવી;
તો મારી ઈચ્છા પરિપૂર્ણ થાય, એવું સુણીને ઉચર્યા સુરાય. ૧૬
તમે કહી તે બહુ સારી વાત, એ કામમાં પુણ્ય દિસે અઘાત;
જઈ ગુણાતીત મુનિ સમીપે, કહીશ હું એમ કહ્યું મહીપે. ૧૭
કહી મુનિને જઈ વાત જ્યારે, બોલ્યા મુનિ તે થઈ રાજી ત્યારે;
હે રાય વૃત્તાલય હું જઈશ, આ વાત આચારજને કહીશ. ૧૮
એવું કહી જીર્ણગઢે સિધાવ્યા, તે વાતને માસ ઘણા વિતાવ્યા;
રાજા તથા રાણી પ્રધાન ત્યારે, લખ્યો ફરી કાગળ તેહ વારે. ૧૯
અહો મુનિ કેમ લગાડી વાર ?, ક્યારે થશે મંદિર એહ ઠાર ?
ઈત્યાદિ વાક્યો લખીયાં વિચારી, લખે ભલો માધવજી સુધારી. ૨૦
ભાણેજ હર્જીવન મંત્રી કેરો, લૈ પત્ર જેશંકરને જ પ્રેર્યો;
ઘણા સમાચાર મુખે કહાવ્યા, લૈ પત્ર તે જીરણદુર્ગ આવ્યા. ૨૧





મુનિ ગુણાતીત સમીપ જઈને, કહ્યા સમાચાર સુપત્ર દૈને;
તે સ્વામીયે પત્ર લખાવી આપ્યો, આશા દઈ સર્વ ઉચાટ કાપ્યો. ૨૨
ત્રેવીશમી સાલ થઈ જ જ્યારે, ચોખો હતો ચૈતર માસ ત્યારે;
ગુણાતીતાનંદ મુનીન્દ્ર જેહ, પોતે પધાર્યા વરતાલ તેહ. ૨૩
જે વાત થૈ ગોંડળમધ્ય સારી, આચાર્ય પાસે સઘળી ઉચારી;
ઈચ્છા ધરે છે ઉર રાણી રાય, શ્રી ગોંડળે મંદિર મોટું થાય. ૨૪
કરે પ્રતિષ્ઠા ભગવત્પ્રસાદ, તો ઉપજે અંતર માંહિ સ્વાદ;
વસે વળી વર્ણી તથા સુસંત, તો કીર્તિ વ્યાપે નૃપની દિગંત. ૨૫
કથા તથા કીર્તન નિત્ય થાય, જે સાંભળ્યાથી અઘ સર્વ જાય;
આજ્ઞા કરો તો કરીયે સુધામ, હું આજ આવ્યો અહિં એ જ કામ. ૨૬
આચારજીએ સુણી વાણી એહ, સુણાવવા હર્ષની વાત તેહ;
બોલાવીયા શ્રેષ્ઠ મહાંત સંત, તથા ગૃહસ્થો પણ બુદ્ધિમંત. ૨૭

**શિખરિણી :**

શુકાનંદસ્વામી પરમ સુપવિત્રાનંદયતી,
તથાડદ્ભૂતાનંદ પ્રમુખ પુરુષાનંદ સુમતી;
વિવેકી જે વર્ણી નિગમવિદ નારાયણ કહું,
તથા ત્યાં તેડાવ્યા બટુ સુમતિ બીજા પણ બહુ. ૨૮
હતો તેમાં હુંય મુનિજન મળ્યું મંડળ તહાં,
કહું કોઠારીમાં પ્રમુખ ગણિ ગોવર્ધન જહાં;
હતા અંબૈદાસે વળી હસનભાઈ પણ મળ્યા,
વળી કોઠારી જે હરિજન જગજ્જીવન ભલા. ૨૯
હતા લક્ષ્મીદાસે ધવલપુરના મંદિર તણા,

તથા કાશીરામે જીરણગઢના ઉત્તમ ઘણા;
ગૃહસ્થો તેડાવ્યા હરિજન ભલા તે પણ કહું,
સુણી આજ્ઞા એવી સદન થકી આવ્યા જન સહુ. ૩૦
ભલા ભોલાનાથ પ્રગટ પ્રભુનાં શાસ્ત્ર સુચવે,
પુરાણો ને શાસ્ત્રો અખિલ ઈતિહાસો અનુભવે;
તહાં તે તેડાવ્યા ભગવતપ્રસાદે નિજભણી,
વળી બીજા ભક્તો નિજસમીપ તેડ્યા ગુણી ગણી. ૩૧

**ઉપજાતિ :**

વસો નિવાસી જન પાટીદાર, ભાઈ ભલા જે તુલસી ઉદાર;
ચતુર્દવે નામ ભલા ચતુર, જાણે ભલી જુક્તિ બધી જરૂર. ૩૨
શ્રીસંજીવાડા શુભ નામ ગામ, બારોટ ત્યાંના પ્રભુદાસ નામ;
પ્રહ્‌લાદ જેવા પ્રભુભક્ત સારા, સુસ્નેહ શ્રીજીપદ ધારનારા. ૩૩
વડોદરા પત્તનવાસી જેહ, સુભક્ત રામેશ્વરભાઈ તેહ;
શ્રીપીજવાસી શિવલાલભાઈ, સુબુદ્ધિ જેની જનમાં જણાઈ. ૩૪
કહું કૃપારામ રુડા ઘણેરા, નિવાસી તે તો નડિયાદ કેરા;
બીજા કૃપાશંકર જેનું નામ, આણંદમાં જેનું નિવાસ ઠામ. ૩૫
બોટાદના દોશિ ભગો સુભક્ત, સંસારથી અંતરમાં વિરક્ત;
બોલાવી ઈત્યાદિક આપ પાસ, આચારજે વાત કરી પ્રકાશ. ૩૬
રાજી થયા સૌ જન સાંભળીને, આપ્યો અભિપ્રાય સહુ મળીને;
જો થાય ત્યાં મંદિર શ્રેષ્ઠ એહ, તો જાણવું ઉત્તમ કામ તેહ. ૩૭
આચાર્ય બોલ્યા સહુના અધીશ, ગુણાતીતાનંદ સુણો મુનીશ;
તમે જઈ મંદિર ત્યાં કરાવો, પછી પ્રતિષ્ઠા કરવા કહાવો. ૩૮





આવી અમે ત્યાં કરશું પ્રતિષ્ઠા, સાથે લઈ સંતજનો વરિષ્ઠા;
પછી મુનિ ત્યાંથી રજા લઈને, પોતે રહ્યા જીર્ણગઢે જઈને. ૩૯
આસો શુદી સાતમ ત્રેવિશાની, નક્કી કરી ગોંડળમાં જવાની;
અતી રુડું મંદિર તે કરાવા, સ્વામી થયા સજ્જ તહાં સિધાવા. ૪૦

**માલિની :**

રઘુવિરચરણાખ્યો દાસ છે જેનું નામ,
સુપરત કરી તેને જીર્ણદુર્ગાખ્ય ધામ;
સકળ વળી તહાંનું કામ તેને ભળાવ્યું,
નિજતન તજવાનું તે ન તેને જણાવ્યુ. ૪૧

**ઉપજાતિ :**

સ્વશિષ્ય જે બાલમુકુંદદાસ, તેનેય રાખ્યા વળી આપ પાસ;
જે કૃષ્ણસેવા યુત દાસ નામ, વર્ણી અચિંત્યાખ્ય સુબુદ્ધિધામ. ૪૨
ત્રણે તણાં મંડળ સાથ લૈને, રહ્યા મુનિ ગોંડળ ગામ જઈને;
પ્રધાન રાજા મુનિયે મળીને, સંતો કહે તે પણ સાંભળીને. ૪૩
ઠરાવીયું મંદિરનું પ્રમાણ, ઠરાવી જગ્યા મુનિયે સુજાણ;
સુસંતને સુપ્રત સર્વ કીધી, કર્યાની જગ્યા પણ ચિંધિ દીધી. ૪૪
ભૂપાળ કેરો બહુ ભાળી ભાવ, નક્કી કર્યો મંદિરનો ઠરાવ;
રાજી થયા ભૂપ તથા પ્રધાન, જાણ્યું ફળ્યું સંતનું વાક્યદાન. ૪૫

**વૈતાલીય :**

દિન ત્યાં દસરા તણો થયો, અતિ આનંદ છવાઈને રહ્યો;
દરબાર વિષે નરેશ્વરે, મુનિ તેડ્યા અતિમાન આદરે. ૪૬
કરી પૂજન પૂર્ણ પ્રીતથી, સ્તુતિ ઉચ્ચારી સુશિષ્ય રીતથી;

મુનિને ચરણે સુલાગિને, પ્રભુભક્તિ મુખ લીધી માગિને. ૪૭
દશમી દિન એ રીતે ગયો, દિન એકાદશીનો પછી થયો;
નૃપને નૃપના પ્રધાનને, મુનિયે વાત કહી ધીમાનને. ૪૮
સુણજો સહુ સાવધાન થૈ, સમઝી લ્યો શુભ જ્ઞાનવાન થૈ;
નિરધાર નથી શરીરનો, ભરુંસો શો કદી ઓસ[૧] નીરનો. ૪૯
વયમાં પણ વૃદ્ધ હું થયો, નજરે કાળ ઘણો વહી ગયો;
કરું હું કદી ત્યાગ દેહનો, કરશો શોક તમે ન તેહનો. ૫૦
તન ઊપર વસ્ત્ર જેમ છે, તન આત્મા થકી ભિન્ન તેમ છે;
તનનો કદી ત્યાગ તે કરે, પણ આત્મા કદીયે નહિં મરે. ૫૧
મુજનું તન તેહ હું નહીં, પણ હું આત્મસ્વરૂપ છું સહી;
તન હું તજી જાઉં જાહરે, કરશો શોક નહીં જ તાહરે. ૫૨
હરિમંદિર તો રચાવજો, શુભ સામાન બધો મંગાવજો;
વરણી મુનિ આંહિ જેહ છે, કરવા મંદિર કામ તેહ છે. ૫૩
કરશે શુભ તે અહીં રહી, ચિત ચિંતા લવ લાવશો નહીં;
મુજનો નહિ શોક રાખવો, દુઃખનો શબ્દ નહી જ દાખવો. ૫૪
પછી હાથ પગે મુકાવિયા, જન સૌને નિયમો રખાવિયા;
પછી દ્વાદશી દિન આવિયો, તનમાં તાવ જરા જણાવિયો. ૫૫
તિથિ થૈ વળી જ્યાં ત્રયોદશી, દિન વીત્યો અરધી ગઈ નિશી;
હરિનું ધરી ધ્યાન અંતરે, વિચર્યા અક્ષરમાં સ્વતંતરે. ૫૬
જનને મન શોક તો થયો, પણ આજ્ઞા સ્મરતાં મટી ગયો;
પછી મંદિર કેરૂં કામ તે, કરવા માંડ્યું મળી તમામ તે. ૫૭
પૃથવી પથરા કઢાવિયા, ઉપયોગી બહુ વસ્તુ લાવિયા;



૧. ઝાકળનું જળ



ગત વત્સર એક તો વહી, થઈ ચોવીશમી સાલ તો સહી. ૫૮
મહિનો શુભ માઘ જે સમે, કરીયું ખાત મુહૂર્ત તે સમે;
કરી સુપ્રત મુખ્ય તો બહુ, વરણીરાજ અચિંત્યને સહુ. ૫૯

**પુષ્પિતાગ્રા :**

હરિજન સંગરામસિંહ રાજા, જદુવંશી જશસિંધુ કેરી માજા;
નિજપુર હરિનું કરાવ્યું ધામ, ગણિ મનમાં અતિ પુણ્યકેરૂં કામ. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર વાઘજીભાઈ સંવાદે ગોંડળપુરે રાજાકૃત હરિમંદિરખાતમુહૂર્તનિરૂપણનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥***

**ઉપજાતિ :**

પચીશમી સાલ વિષે વિચાર્યું, વૈશાખ વૃત્તાલ જવાનું ધાર્યું;
રાણી તથા રાજકુમાર લૈને, ચાલ્યા ધરાધીશ્વર સજ્જ થૈને. ૧
સાથે લીધા સુજ્ઞ દવે પ્રધાન, સેના સજી વાસવ[૧]ની સમાન;
દેવાજી પાસે હઠીસિંહ જેમ, સંગ્રામજી પાસ સદૈવ તેમ. ૨
હતા અભેસિંહ ગણોદવાળા, સલાહકારી સુમતિ વિશાળા;
થોડા દિને તે વરતાલ્ય આવ્યા, સારી જગોયે સહુને વસાવ્યા. ૩
શ્રીલક્ષ્મીનારાયણ આદિ કેરી, મૂર્તિ ચમત્કારી દીઠી ઘણેરી;
પ્રેમે નૃપાળે કરીને પ્રણામ, અમૂલ્ય ભેટ્યો ધરી એહ ઠામ. ૪
તહાં પગે કુંવરને લગાડ્યા, ઉચાટ સર્વે મનના મટાડ્યા;
હતા જહાં શ્રીભગવત્પ્રસાદ, રાજા ગયા ત્યાં તજીને પ્રમાદ. ૫
પ્રેમે કર્યા દંડવત પ્રણામ, બેઠા સમીપે નૃપ સંગરામ;
સંતો સહુને પણ શીશ નામી, રાખી નહી નમ્રપણાની ખામી. ૬



૧. ઈન્દ્ર

સ્વપુત્રને શીખવી સારી રીત, પગે લગાડ્યા સહુને સપ્રીત;
વળી ઉચ્ચારી વિનતી અગર્વે, આશ્ચર્ય પામ્યા હરિભક્ત સર્વે. ૭
નિવાસ કીધો નૃપ દોઢ માસ, સુણ્યો સદા જ્ઞાન તણો વિલાસ;
આચાર્ય સંતો સહુને રીઝાવ્યા, પછી સુવૃત્તાલયથી સિધાવ્યા. ૮
છવીસમી વિક્રમ સાલ આવી, રાજા વસ્યા સ્વર્ગ વિષે સિધાવી;
થયા જનો સૌ અતિશે ઉદાસી, રાણી તથા રૈયત દાસ દાસી. ૯
સંગ્રામજી સાર્થક દેહ કીધો, આ લોકમાં લાભ અલભ્ય લીધો;
જે થોડું જીવે પણ ધર્મ સાધે, તો સ્વર્ગમાં આયુષ તેની વાધે. ૧૦
જીવે ઘણું ને ન સજે સુઅર્થ, તો વર્ષ તેનાં શત જાય વ્યર્થ;
નાણું કમાવા પરદેશ જાય, બેશી રહે તો દિન વ્યર્થ થાય. ૧૧
મનુષ્યનો જન્મ સુધર્મ કાજ, એવું કહે શાસ્ત્ર મુનિ સમાજ;
આયુષ્ય જે મોજ વિષે ગુમાવે, એ તો અલેખે નહિ અર્થ આવે. ૧૨
વિચાર કીધો વળી મોંઘિબાયે, મને કહ્યું છે મુજ નાથરાયે;
કરાવજો મંદિર એહ પૂરું, ન રાખશો તે જરીયે અધૂરું. ૧૩
મનોર્થ પૂરો કરવો પતિનો, તે ધર્મ છે પુત્ર તથા સતિનો;
એવું વિચારી મનમાં ઠરાવ્યું, સુકામ તો મંદિરનું ચલાવ્યું. ૧૪
અઠ્ઠાવિશાની શુભ સાલ આવી, પુરુ કર્યુ મંદિર તે ચણાવી;
મુહૂર્ત સારું પછી જોવરાવ્યું, મહા શુદી તેરશ દિન આવ્યું. ૧૫
કંકોતરી યુક્તિ કરી લખાવી, આચાર્ય પાસે પછી મોકલાવી;
તે તો લખી રાજકુમાર નામે, જે વાંચતાં તે ગુરુ હર્ષ પામે. ૧૬
એવું લખ્યું જે ગુરુ સદ્ય આવો, સાથે ઘણા સંત સુભક્ત લાવો;
શ્રીધર્મ ભક્તિ હરિકૃષ્ણ કેરી, તે લાવજો મૂર્તિ ભલી ઘણેરી. ૧૭





રાધા તથા કૃષ્ણની મૂર્તિ જોડે, આવો લઈને દિન કાંઈ થોડે;
મુહૂર્તથી તો દશ દિન આદી, આવો લઈને દ્વિજ વેદવાદી. ૧૮
ભાણેજ જે મંત્રી તણા ગણાય, નામે હરીશંકર તે લખાય;
અસ્વાર સાથે શુભ એક લૈને, સુપત્રી આપી વરતાલ જઈને. ૧૯
વંચાવી કંકોતરી જેહ વાર, આચાર્યજી રાજી થયા અપાર;
વળી થયા સર્વ પ્રસન્ન સંત, સત્સંગી સૌ રાજી થયા અનંત. ૨૦
તૈયારી કીધી પછી ત્યાં જવાની, મૂર્તિ લીધી ત્યાં ત્રણ્ય થાપવાની;
શ્રીધર્મ ભક્તિ હરિકૃષ્ણ જેહ, ધાતુ તણી તો ત્રણ મૂર્તિ તેહ. ૨૧
ઋગ્વેદવાદી ઉમરેઠ વાસી, અનન્ય જે શ્રીહરિના ઉપાસી;
શ્રીલક્ષ્મીનારાયણદેવ જયારે, સ્થાપ્યા પ્રતિષ્ઠા કરી તેહ વારે. ૨૨
સુવેદમૂર્તિ હરિભાઈ જેહ, ક્રિયા કરાવી રહિ પાસ તેહ;
આચાર્ય બે ને વળી ગાદિ આપી, હતા હરીભાઈ સ્વયં તદાપી. ૨૩
તેના સુપુત્ર દ્વિજ વિષ્ણુદત્ત, તેડાવિયા તે ગણિ વિપ્ર સત્ય;
સુવેદમૂર્તિ વળી વિપ્ર ઘેલો, હતો સુબે કાર્ય વિષે પહેલો. ૨૪
તેના થયા પુત્ર હરિપ્રસાદ, જેને ઘણી શ્રૌત[1]ક્રિયાની યાદ;
તેડાવિયા ગોંડળ લૈ જવાને, તેડાવિયા વિપ્ર વળી બીજાને. ૨૫
સુપૂજવા લાયક લક્ષ્મીદત્ત, ગુણજ્ઞ ગંગાદત્ત વિપ્ર સત્ય;
ઈત્યાદિ લીધા દ્વિજ વેદવાદી, સાધુ લીધા અદ્‌ભુતાનંદ આદી. ૨૬
લીધો મને ત્યાં પણ તેહ સંગે, તથા પવિત્રાખ્ય મુનિ ઉમંગે;
શૂન્યાતીતાનંદ મુનિ સુજાણ, સુપુરુષાનંદ મુનિ પ્રમાણ. ૨૭
વડોદરાના મુનિ જે મહાંત, પ્રજ્ઞાનઆનંદ સ્વભાવ શાંત;
વિજ્ઞાનઆનંદ તથા પ્રભૂતા, આનંદસંજ્ઞા ગુણમાં ગુરૂતા. ૨૮



૧.વેદોક્ત કર્મકાંડ

નિષ્કામ આનંદ વિવેકી વર્ણી, કહે સહુ ઉત્તમ જેની કર્ણી;
ઈત્યાદિ જે ઉત્તમ બ્રહ્મચારી, સાથે લિધા ધર્મ પ્રવર્ત ધારી. ૨૯

**શાલિની :**

શાસ્ત્રી ભોલાનાથને સાથ લીધા, તેની સેવામાં સુવિદ્યાર્થી દીધા;
તે શાસ્ત્રી તો છે સભાજીત શાણા, ભૂમાં દેવાચાર્ય[૧] તુલ્યે ગણાણા. ૩૦

**ઉપજાતિ :**

શ્રીધર્મવંશી નર નારી જેહ, હતા સુવૃત્તાલય માંહિ તેહ;
તે સર્વને તો નિજસાથ લીધા, પછી મળી સર્વ પ્રયાણ કીધાં. ૩૧
શ્રીદેવકૃષ્ણાખ્ય ગૃહસ્થ વ્યાસ, જેનો સદા ગાંફ વિષે નિવાસ;
તે સંઘ સાથે ખુશીથી સિધાવ્યા, આચાર્યજી શ્રી ગઢપુર આવ્યા. ૩૨

**શાર્દૂલવિક્રીડિત :**

સિદ્ધાનંદમુનિ તથા સદગુરૂ ગોવિંદ સ્વામી વળી,
સાધુ અન્ય અનૂપમાખ્ય વરણી આનંદ ચાલ્યા મળી;
વર્ણી એક અનંતનામ કહિયે તેનેય સાથે લીધા,
ભક્તિવલ્લભદાસ સાધુજનને તૈયાર ત્યાંથી કીધા. ૩૩
સાધુ શ્રીઘનશ્યામદાસ વિચર્યા તે સંઘના સંગમાં,
સાધુ શ્રીમધુસુદનાખ્ય વિચર્યા ઉત્સાહથી અંગમાં;
કોઠારી હરિભાઇ દુર્ગપુરના સાથે લીધા સ્નેહથી,
મોનોભક્ત સુસંઘ સંગ વિચર્યા સંતો રીઝ્યા તેહથી. ૩૪
દાદાખાચરના સુપુત્ર કહિયે તે બેય બોલાવિયા,
શાણા ભીમજીભાઈ ગોંડળ જવા સાથે જ સીધાવિયા;
રાધાકૃષ્ણ તણી સુજોડ પ્રતિમા ત્યાંથી પ્રસાદી તણી,



૧.બૃહસ્પતિ



લીધી ત્યાં જઈ થાપવા સુભગે[૧] તે શોભે અતીશે ઘણી. ૩૫

**ઉપજાતિ :**

સુમંડળી ઉત્સવિયાની જેહ, સાથે લીધી દુર્ગપુરેથી તેહ;
મુખ્યે જગન્નાથજી નામ જેનું, મહાપ્રભુમાં દઢ ચિત્ત તેનું. ૩૬
ઓઝા શ્રીમાળી દ્વિજ વેલજી છે, જેણે પ્રભુભક્તિ ભલી સજી છે;
સુશેઠ ગોવર્ધનદાસ નામ, વણિક બીજા વળી વીશરામ. ૩૭
સત્સંગી સારા વળી શેઠ ફૂલો, વિચાર જેના મનમાં અમૂલો;
કલ્યાણને જીવણ નામ જેહ, કંદોઇ બે કૃષ્ણઉપાસી તેહ. ૩૮
સુતારમાં કેશવભાઈ જીવો, તથા પુરૂષોત્તમ વંશ દીવો;
સુતાર ત્રીજા રણછોડ નામ, જેને ઘણા વલ્લભ મેઘશ્યામ. ૩૯
હરિ તથા માવજી ને ઝવેર, પ્રભુ ભજે કાનજી રૂડીપેર;
કહું ભલા ભાવિક ભાવસાર, તે એક તો ઠાકરશી ઉદાર. ૪૦
ખોજા સુ નારાયણ જેનું નામ, જેનું પ્રભુમાં મન અષ્ટ જામ;
ઈત્યાદિ આચારજ સાથ ચાલ્યા, તે સંઘમાં સારી રીતે મહાલ્યા. ૪૧
બોટાદના વાસી ભલા ઘણેરા, સુપુત્ર દોશી શિવલાલ કેરા;
તે એક તો કેશવલાલ નામ, બીજા છગનલાલ સુબુદ્ધિધામ. ૪૨
ત્રીજા ભલા જે હરિલાલભાઇ, ભક્તો વિષે જેની ઘણી ભલાઇ;
મહાપ્રભુના જન શેઠ મોતી, જેણે લીધો છે સતસંગ ગોતી. ૪૩
ભલા હકૂભાઈ સુકર્મકારી, સુપુત્ર નારાયણ નામધારી;
સુભક્ત ભાવિક ભલા ભવાન, પારેખ તો રામજી બુદ્ધિમાન. ૪૪
પારેખ મોટા જન મૂળચંદ, જેઠો સુસોની પ્રિયનંદ નંદ;
મેરાઈ બોઘો પણ સંગ આવ્યા, આચાર્યજી એવી રીતે સિધાવ્યા. ૪૫



૧-સુંદર

આવે હરિભક્ત તણાં સુગામ, આઠે દશે કોશ[1] કરે વિરામ;
આચાર્ય આવ્યા તણી વાત જાણી, રાજી થયાં રાજકુમાર રાણી. ૪૬
ચાલ્યા સુણી રાજકુમાર સામા, વાજે વડા ઢોલ તથા દદામા[2];
ત્રાંસાં ત્રુઇ ને શરણાઇ સારી, વાજિંત્ર વાજે સજી જ્યાં સવારી. ૪૭
સજી લીધા સૌ સરદાર સાથે, ભાલા ભલા છે શૂરવીર હાથે;
મેના રથો પાલખી હાથી ઘોડા, ઘણાક લીધા સજીને સજોડા. ૪૮
સાથે લીધી બેરખ આરબોની, સેના ઘણી સાથ સિપાઇયોની;
પ્રધાનના પુત્ર તથા પ્રધાન, પૌત્રો વળી બુદ્ધિ તણા નિધાન. ૪૯
તેઓ તણાં નામ હવે ગણાવું, સાથે લીધા તે સરવે સુણાવું;
છે વંશ તો પુણ્ય પવિત્ર તેનો, સત્સંગમાં રંગ અભંગ એનો. ૫૦

**વૈતાલીય :**

હરજીવન જે પ્રધાન છે, સુત ચારે સદબુદ્ધિમાન છે;
જયભાઇ વડા સહુ થકી, ત્રણના પુત્ર કહું હવે નકી. ૫૧
સુત માધવજી તણા કહું, કરુણાશંકર સદ્‌ગુણી બહુ;
નરસિંહ તણા તનૂજ તે, સુજટાશંકર તો કહું જ તે. ૫૨
સુત કેશવલાલજી તણા, ગવરીશંકર છે ભલા ઘણા;
ભગિનીસુત જે દિવાનના, શુભ જેશંકર કૂપ જ્ઞાનના. ૫૩
હરિશંકર કાશીરામ છે, પ્રિય જેને પ્રભુ મેઘશ્યામ છે;
વળી ગોંડળવાસી જે બહુ, જન ચાલ્યા મળી મુખ્ય તે કહું. ૫૪
હરિભક્ત ખવાસ નાનજી, સુત તેનો કુરજી ધીમાનજી;
વળી સાજણ તે ખવાસ છે, ઉર જેને પ્રભુની જ આશ છે. ૫૫
દ્વિજ વલ્લભરામ નામ છે, મતિના પ્રાણજીવન્ન ધામ છે;



૧. એક કોશ = બે ગાઉ = છ કીલો મીટર(હાલનું માપ) ૨.મોટો ઢોલ



હરિભક્ત ભલા મુરારજી, વળી વીરેશ્વર છે ઉદારજી. ૫૬
દ્વિજ એક બહુ ભલા જ છે, અંબારામ સુભક્તરાજ છે;
ભલી ભક્તિ પ્રભુ તણી કરે, ચિત્તમાં શ્રીહરિને સદા ધરે. ૫૭
કચરો પ્રભુરામજી કહું, કડિયા ભક્ત ભલા હવે લહું;
હરિભક્ત ભલા જ દામજી, વળી નારાયણભક્ત નામજી. ૫૮

**ઉપજાતિ :**

આણંદ જેઠો વિશરામ બેય, છે કાનજી રામજી ભક્ત તેય;
છે શેઠ તો ખીમજી ભક્ત સારા, પંચાણ સોની પ્રભુ સેવનારા. ૫૯
સોની બીજા તો મુળજી પ્રમાણો, લુવાર મુખ્યે રણછોડ જાણો;
ઈત્યાદિ સત્સંગી ઘણા ઘણાય, ગણાવતાં ગ્રંથ વિશેષ થાય. ૬૦
આચાર્યજી ગોંડળ પાસ આવ્યા, સામૈયું શ્રીરાજકુમાર લાવ્યા;
પ્રેમે કર્યું પૂજન તેહ ઠામ, સૌયે કર્યા દંડવત પ્રણામ. ૬૧

**પુષ્પિતાગ્રા :**

નૃપસુત હરિભક્ત ને પ્રધાન, મુદિત થયા સહુ પામી દર્શદાન;
હરિજન મનનો સુહર્ષ જોઇ, વરણન કેમ કરી શકે જ કોઇ. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે આચાર્યશ્રીભગવત્પ્રસાદજી ગોંડળપુરગમનનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥***

**ઉપજાતિ :**

સર્વોપરી ઉત્તમ હાથી એક, અંબાડીયે નંગ જડ્યાં અનેક;
બિરાજીયા ત્યાં ભગવત્પ્રસાદ, ત્યારે થયો ત્યાં જયશબ્દ નાદ. ૧
કરે શિરે ચામર નંદકૃષ્ણા[1], જેને નહી આ જગકેરી તૃષ્ણા;



૧,અચિંત્યાનંદ બ્રહ્મચારી

તથા બિરાજ્યા શુભ તાવેંદાને[1], પ્રભુપ્રસાદ પ્રભુ રાખી ધ્યાને. ૨
હોદો ભલો હાથી તણો વિશાળ, વિરાજીયા ત્યાંજ વિહારીલાલ;
તે પાસ નારાયણસુપ્રસાદ, વિરાજીયા સર્વ તજી વિષાદ. ૩
મેના[2] રથો પાલખીમાં સુસંત, વિરાજીયા જે મુનિયો મહંત;
આચાર્યની ને નૃપપુત્ર કેરી, અસ્વારી શોભે મળીને ઘણેરી. ૪
ત્રિવેણિકા સાગર પ્રાપ્ત જેમ, પ્રવેશ કીધો પુર મધ્ય તેમ;
શ્વેતાંબરી જે જન છે અથાહ, તે જાણીયે ગંગ તણો પ્રવાહ. ૫
કૃષ્ણાંબરી પોલિસના સિપાઇ, તે જાણિયે શું જમુના વહાઇ;
રક્તાંબરી સંત અનંત જેહ, સરસ્વતી નીર સમાન તેહ. ૬
સ્વારી તણું વર્ણન શું વખાણું, ધર્મિષ્ઠ છે ઉત્તમ તેથી જાણું;
મળ્યા હરિભક્ત મુનિ અપાર, શોભે ઘણા ત્યાં નૃપના સવાર. ૭

**હરિગીત છંદ :**

અસવાર સંગ અપાર જનની લાર[3] લાંબી થાય છે,
ગુણ ગાય વાજાં વાય જય જય થાય પુરમાં જાય છે;
વાજે સુડંકા જોધ[4] વંકા[5] ઉર અશંકા ધારી છે,
[6]અમરેંદ્ર કે સુ[7]નરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૮

ગજ અગ્ર પાળા શસ્ત્રવાળા દિલ દયાળા છે ઘણા,
બંદૂક છોડે ચાલી જોડે માન મોડે અરિ તણાં;
બોકાની વાળી બહુ રુપાળી ભાળી ખળ ભયકારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૯

ગણનાથ જેવા તરુણ તેવા ઈભ[8] એવા મન હરે,
ઉનમત્ત અંગે શ્યામ રંગે અતિ ઉમંગે સંચરે;



૧.ખુરશીના ઘાટની પાલખી ૨.એક પ્રકારની પાલખી ૩.લાંબી હાર ૪.સૈનિકો ૫.બહાદુર,શૂરવીર
૬.ઈન્દ્ર ૭.રાજા ૮.હાથી



મન મોહકારી સૂંઢ ભારી સારી તે શણગારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૦

ઘૂમે સુઘોડા થૈ સજોડા છે અછોડા હેમના,
ઝાંઝર સુઝમકે ઘરણી ધમકે ચરણ ઠમકે તેમના;
ગળ માળતી તન ઢાલની બહુ ચાલની બલિહારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૧

રવિઅશ્વ સારો પણ બિચારો દેખી હાર્યો દૂરથી,
નિર્ખવા ઢૂકે ચાલ ચૂકે માન મૂકે ઉરથી;
મુખવાણિયે શું વખાણિયે ગતિ જાણિયે ઉરગારી[1] છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૨

સોનેરી સાજે શુભ વિરાજે અંગ તાજે બની રહે,
સહુયે વખાણ્યા રત્ન જાણ્યા ક્યાંથી આણ્યા આ કહે;
રિપુ સૈન્ય ભંજન ગર્વગંજન સ્વામીરંજન કારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૩

વાજિંત્ર વાજે વૃષ્ટિ કાજે મેઘ ગાજે જે રીતે,
ભાલા સુભલકે ખડગ ઝળકે તડિત[2] ચળકે તે રીતે;
મળી વાટ ઘાટ ઉચાટ તજીને નિરખતાં નરનારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૪

છડીદાર વારંવાર જય ઉચ્ચાર ભક્ત લાખો કરે,
ભૂસ્વર્ગના અરિવર્ગ અધરમ સર્ગ સુણી ઉરમાં ડરે;
શું મેઘ જાણી મોર વાણી તાણીને ઉચ્ચારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૫



૧. ગરુડ ૨. વિજળી

ગુણવંત જ્ઞાની નિરભિમાની સંત ધ્યાની સંચરે,
વ્રત બૃહદ[૧] ધારી બ્રહ્મચારી નિર્વિકારી પરવરે;
ગંભીર મન સુસ્થીર ફળ કે નીરના આહારી છે,
અમરેંદ્ર કે સુનરેંદ્ર આચાર્યેન્દ્રની અસવારી છે. ૧૬

**ઉપજાતિ :**

અસ્વારી સારી પુરમાં પધારી, ઉત્કંઠતા સૌ જનની વધારી;
નારી નરો સૌ લળી પાય લાગે, આશીષ આચાર્ય સમીપ માગે. ૧૭
છે પૌત્ર સાક્ષાત પ્રભુજી કેરા, નિહાળી લોકો હરખ્યા ઘણેરા;
સંતો મહાંતો સનકાદિ જેવા, ક્યાંથી મળે આ કળિ માંહિ એવા. ૧૮
માહાત્મ્ય એવું મન માંહિ જાણી, નમે પ્રજા પૂરણ પ્રેમ આણી;
કોઇ કહે આપ ભલે પધાર્યા, અત્યંત આનંદ ઉરે વધાર્યા. ૧૯
કૈલાસ નામે શુભ બાગ જ્યાં છે, સારી જગ્યા તેની સમીપ ત્યાં છે;
તૈયાર ત્યાં તંબુ ઉભા કરેલા, ત્યાં ગાદિયો ને તકિયા ધરેલા. ૨૦
ત્યાં સર્વને મંત્રી દીધો ઉતારો, લાગ્યો સહૂના મન માંહિ સારો;
રાજી થયાં અંતર રાજમાત, દીધાં ભલાં ભોજન ભાત ભાત. ૨૧
રુડી રીતે તે ગઇ વીતિ રાત, બીજે દિને જ્યાં પ્રગટ્યું પ્રભાત;
પ્રભુ તણા મંદિરની સમીપે, રચાવિયો મંડપ ત્યાં મહીપે. ૨૨
સુવેદવાદી દ્વિજ ત્યાં પધારી, શોભા સજાવી વળી સૌથી સારી;
કરાવિયો ત્યાં શુભ પદ્મકુંડ, બેઠા દ્વિજો જાપ જપે અખંડ. ૨૩
કોઇ કરે પાઠ સુશાસ્ત્ર કેરા, વર્યા દ્વિજો ત્યાં વરુણે ઘણેરા;
ઘી ખાંડ સામાન ઘણા મંગાવ્યા, પક્વાન્નના ગંજ તહાં કરાવ્યા. ૨૪
ત્રયોદશી માઘસુદી સુઆવી, તિથિ પ્રતિષ્ઠા તણી તે સુહાવી;



૧.બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર



આચારજે મંડપમાં પધારી, કરી ક્રિયા સૌ નિગમાનુસારી. ૨૫
દ્વિજો મળી આશીરવાદ દીધો, વેદોક્ત મંત્રો ભણી હોમ કીધો;
મધ્યાહ્નથી પૂર્વ મુહૂર્ત જાણી, સુણી દ્વિજોની શુભ વેદવાણી. ૨૬
આચાર્યજીયે કરી પૂર્ણ પ્યાર, સ્વહસ્ત થાપી પ્રતિમા ઉદાર;
છે પશ્ચિમાભિમુખનું રુપાળું, મંદિર તે તો ત્રણ શીખરાળું. ૨૭
સુધર્મ ભક્તિ હરિકૃષ્ણ જેહ, સ્થાપ્યા સુમધ્યાલય માંહિ તેહ;
વળી દિશા દક્ષિણ ખંડ જ્યાંય, સ્થાપ્યા સુરાધાયુત કૃષ્ણ ત્યાંય. ૨૮
સજ્યા પ્રસાદીની સુશોભમાન, થાપી ભલી ઉત્તર ભાગ થાન;
વાજીંત્ર વાજે બહુ તેહ ટાણે, છોડાવી તોપો પણ તે પ્રમાણે. ૨૯
ઉત્સાહ એવો અતિ મોંઘિબાનો, ઉત્સાહ એવોજ બધી પ્રજાનો;
શ્રીમોંઘિબા દર્શન કાજ આવ્યાં, કુમારને ત્યાં નિજ સાથ લાવ્યાં. ૩૦
પ્રધાન આવ્યા પરિવાર સંગ, સૌને વધ્યો અંગ ઘણો ઉમંગ;
મધ્યાલયે શ્રી ભગવત્પ્રસાદે, યામ્યાલયે[૧] તેમ પ્રભુપ્રસાદે. ૩૧
સજ્યાલયે લાલ વિહારીલાલે, ઉતારી ત્યાં આરતી એહ કાળે;
આચારજીયે સ્તુતિ દેવ કેરી, ઉચ્ચારી ત્યાં પ્રીતિ ધરી ઘણેરી. ૩૨

**દોધક :**

જે જગનાયક દાયક મુક્તિ, જે પુરુષોત્તમ ઉત્તમ ઉક્તિ;
મુક્ત અધીશ મુનીશ મુરારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૩
જે મહિધારણ વારણ[૨] ત્રાતા, દુષ્ટ વિદારણ સન્મતિ દાતા;
જે વૃષનંદન ચંદન ધારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૪
ઈશ્વરના પણ ઈશ્વર આપે, પાપ ટળે પ્રભુ આપ પ્રતાપે;
જે મધુસૂદન જે મદનારી[૩], જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૫



૧-દક્ષિણબાજુ ૨-ગજેન્દ્ર(હાથી) ૩-અંતઃશત્રુ કામના શત્રુ એવા શ્રીહરિ

અક્ષરથી પર અક્ષરધામી, સ્વામી સ્વતંતર અંતરજામી;
જે અવિકારી અહો અસુરારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૬
જે અઘખંડન મંડન ધર્મ, જે ખળદંડન કર્તૃ સુકર્મ;
નિત્ય ભજે ભવ ને ભવનારી[૧], જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૭
જે અખિલેશ્વર જે અવિનાશી, જે પરમેશ્વર પૂર્ણ પ્રકાશી;
જે ભવભીતિ વિભંજન[૨] ભારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૮
જે ગુણગાયકના સુખરાશી, જે ગુણદાયક ગોંડળવાસી;
આપ કરો સુસહાય અમારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૩૯
જે નટ નાગર જે બહુનામી, જે સુખસાગર જે સુખધામી;
જે જગદીશ્વર વિશ્વવિહારી, જે હરિકૃષ્ણ સદા સુખકારી. ૪૦

**ઉપજાતિ :**

સ્તુતિ કરી એવી રીતે હુલાસે, આચાર્ય બોલ્યા સહુ શિષ્ય પાસે;
શ્રીજી પધાર્યા અહિં ઝાઝીવાર, ધાર્યું હતું મંદિર એહ ઠાર. ૪૧
શ્રીજીની ઈચ્છાથકી આ થયું છે, શ્રીમોંઘિબાનું વચને રહ્યું છે;
સંગ્રામજીયે રુચિ ધારી લીધી, તે મોંઘિબાયે પરિપૂર્ણ કીધી. ૪૨
તે બાઈનાં ધન્ય પિતા સુમાતા, છે ધન્ય બુદ્ધિ વળી ધન્ય જ્ઞાતા;
આ કામ કીધું પરમાર્થ કેરું, તે બાઈને પુણ્ય થશે ઘણેરું. ૪૩
આ મંદિરે ઈશ્વરભક્તિ થાશે, સંતો સદા કીર્તન ગાન ગાશે;
થશે વળી જે તપ જાપ ધ્યાને, તે પુણ્યનો અંશ સુમોંઘિબાને. ૪૪
લે રાજની ઊપજ જેમ રાય, આ પુણ્યની તેમ થશે સદાય;
આ ક્ષેત્ર કેરો મહિમા ગણાશે, જતે દિને શ્રેષ્ઠ ઘણો જણાશે. ૪૫
જે જે સ્થળે શ્રીહરિ વિચર્યા છે, માહાત્મ્ય તેનું મુનિ ઉચ્ચર્યા છે;



૧.પાર્વતી ૨.ભાંગનાર



જાત્રા કરે જે જન એહ ઠામે, તે તો પુરાં ચાર પદાર્થ પામે. ૪૬
સુણો કહું તે સતસંગી સર્વ, ભલું પ્રતિષ્ઠાતણું આજ પર્વ;
માટે હવેથી પ્રતિવર્ષ આજ, કરો ભલો ઉત્સવ દેવકાજ. ૪૭
રાજા તણી વાર્ષિક ગાંઠધારી, જમે રમે સજ્જ કરે સવારી;
સદા કરો ઉત્સવ એવી રીત્યે, ધરો ભલા ભોગ નવીન પ્રીતે. ૪૮
ત્રયોદશી માઘ શુદીની જ્યારે, બંધાવવાં તોરણ સર્વદ્વારે;
દિવાળીથી ઉત્તમ પર્વ જાણી, ભક્તિ કરો અંગે ઉમંગ આણી. ૪૯
બોલ્યા જનો આપ બતાવ્યું જેમ, થશે સદા ઉત્સવ આંહિ તેમ;
વર્ણી અચિંતાખ્ય પ્રતિ વિચારી, આચાર્ય બોલ્યા અતિ નેહ ધારી. ૫૦
તમે કર્યો છે શ્રમ પૂર્ણ આમાં, છો સદ્‌ગુરુ ઉત્તમ આ સમામાં;
ગુણાતીતે દીધી મહાંતતાઈ, શોભાવી તે તો સહુથી સવાઈ. ૫૧
શ્રીજી છતાંના બટુ વાસુદેવ, કરે જુનાણે પ્રતિમાની સેવ;
તેના ઈશાનંદ સુશિષ્ય જેહ, આંહીજ રાખો ગુરુશિષ્ય તેહ. ૫૨
તમે જુનાણે પ્રભુવાત ભાખો, પ્રસન્ન થાશે સતસંગ આખો;
આજ્ઞા સુણીને શિર ધારી લીધી, કહ્યા પ્રમાણે સ્થિતિ સર્વ કીધી. ૫૩
શ્રીમોંઘિબાયે ભલી ભેટ લાવી, પ્રેમે પ્રભુ આગળ્ય તે ધરાવી;
વસ્ત્રો તથા ભૂષણનો ન પાર, મોતી હિરા હેમ તણા સુહાર. ૫૪
આવ્યા હતા કોઈક રાય રાણા, આવ્યા હતા જે સરદાર શાણા;
સૌયે પ્રભુ આગળ ભેટ ધારી, તેનાં કહું નામ હવે વિચારી. ૫૫
રાજા અભેસિંહજી લોધિકાના, બીજા અભેસિંહ ગણોદમાના;
તથા જુણોભાઈ તહાં નિવાસી, તથા પથોભાઈ પ્રભુ ઉપાસી. ૫૬
નરેશ શ્રીમાધવસિંહ નામ, જેનો સદા મેંગણીમાં મુકામ;

તેણે ભલી ભેંટ ધનાદિ ધારી, સારો સમો તે ચિતમાં વિચારી. ૫૭
પંચાલયે વાસ સુદાજીભાઇ, છે મોતિભાઈ પણ ત્યાં સદાઈ;
ભાણોજી વાગુદડમાં વસે છે, મદાર માંખાવડમાં દિસે છે. ૫૮
બાવો તથા જે અમરો સુનામ, જેનું સદા દુર્ગપુરે સુધામ;
શ્રીગાંફના વ્યાસ સુબુદ્ધિમાન, છે દેવકૃષ્ણાખ્ય વિવેકવાન. ૫૯
બોટાદના જે હરિભક્ત આવ્યા, ઈત્યાદિ સર્વે ભલી ભેટ લાવ્યા;
તે દેવની આગળ્ય ત્યાં ધરાવી, ભારે ભલો અંતર ભાવ લાવી. ૬૦
શ્રીમોંઘિબાયે ધરી ભાવ ત્યાંય, આચાર્ય તેડ્યા દરબારમાંય;
પૂજા કુમારે ભલીપેર કીધી, ભાવે ભલી ભેટ અમૂલ્ય દીધી. ૬૧
સંતોની પૂજા કરી સારી રીતે, ઓઢાડિયાં વસ્ત્ર પવિત્ર પ્રીતે;
મંદિરનું ખર્ચ નભે સદાય, જીવાઇ એવી કરી આપી ત્યાંય. ૬૨
તે દિવસે રાજકુમાર માયે, ચોરાશી કીધી ભલી ભાત ત્યાંયે;
દેશી વિદેશી દ્વિજને જમાડ્યા, સંતોષ સંતો સહુને પમાડ્યા. ૬૩
જમાડીયા સૌ હરિભક્ત પાળા, જમ્યા જનો સૌ દરબારવાળા;
કુમાર હસ્તે બહુ દાન દીધાં, વિદ્વદ્ દ્વિજોનાં સનમાન કીધાં. ૬૪
પછીથી ચાલી પધરામણીયો, સત્સંગીને ઘેર થઇ ઘણીયો;
સ્વગેહ તેડ્યા પ્રથમ પ્રધાને, સન્માન કીધું શુભ ભેટ દાને. ૬૫
પછી મહારાજ કરી મહેર, પધારીયા સૌ જન ઘેર ઘેર;
આનંદ સૌના ઉરમાં વધાર્યા, પછી સહુ ગોંડળથી પધાર્યા. ૬૬
જ્યાં જામરાજા તણી રાજધાની, ત્યાં સંચર્યા સજ્જન સુખદાની;
પછી કર્યો જીર્ણગઢે પ્રવાસ, આવી કર્યો આ વરતાલ વાસ. ૬૭





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ભગવતગુરુ ગોંડળે પધારી, પ્રભુ મૂરતી શુભ થાપી મોક્ષકારી;
વરણન કરી તે કથા સુણાવી, સુણી સતસંગી સમસ્ત ચિત્ત ભાવી. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે ગોંડળપુરે મૂર્તિપ્રતિષ્ઠાપન કથાનિરૂપણનામા દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥***

**પૂર્વછાયો :**

ભૂમાનંદ મુનિ કહે, સુણો સ્નેહથી વાઘજીભાઈ;
હરિલીલામૃત ગ્રંથની, ઉતપતિ કહું સુખદાઈ. ૧

**ચોપાઈ :**

કથા વક્તા શ્રીઅચિંત્યાનંદ, જે છે વર્ણી મંડળમાં ચંદ;
શ્રોતા ભક્ત અભેસિંહરાય, તેની જાણવા મૂળ કથાય. ૨
કહ્યું ગોંડળનું આખ્યાન, જે છે જાણવા જોગ્ય નિદાન;
જદુવંશમાં રાજાઓ જેહ, થયા સત્સંગી મેં કહ્યા તેહ. ૩
થયા ગોંડળના જે રાજાજી, જેનું નામ ભલું જ દેવાજી;
તેના ભાઈ હઠીસિંહ નામ, ભાવસિંહ બીજા અભિરામ. ૪
હઠીસિંહનો વંશ વખાણું, સુત નોંધણજી એક જાણું;
થયા પુત્ર તે રવોજી તેના, મોટા પુત્ર, વખતસિંહ જેના. ૫
છોટા દોલતસિંહજી જાણો, મોટાના હરિભાઈ પ્રમાણો;
હઠીસિંહનો વંશ વખાણ્યો, ભાવસિંહજીનો હવે જાણો. ૬
ખેંગાભાઇ તથા મોડભાઇ, ત્રીજા ભગવાનજી પણ ન્યાયી;
ભાવસિંહના તે ત્રણ પુત્ર, સતસંગી સઉ ઘરસૂત્ર. ૭

ખેંગાજીના કુંવર સુખદાઈ, અભેસિંહ તથા વજુભાઈ;
અભેસિંહ તણા સુત જેહ, નામે ભગવતસિંહજી તેહ. ૮
મોડભાઈ તણા જુણોભાઈ, તેના કુંવર કહું હરખાઈ;
રામસિંહ હરિસિંહ નામ, તેને વાલા ઘણા ઘનશ્યામ. ૯
ભગવાનજીના પથોભાઈ, ત્રણ કુંવર તેના કહું ગાઈ;
એક અમરસિંહજી ભણિજે, બીજા તો રત્નસિંહ ગણિજે. ૧૦
નારસિંહજી ત્રીજાનું નામ, ત્રણે કુંવર તે સદ્‌ગુણ ધામ;
સુત ખેંગારજીના વિખ્યાત, અભેસિંહ તણી સુણો વાત. ૧૧

**પૂર્વછાયો :**

લાયક છે હાલારમાં, એક ગણોદ ગુણીયલ ગામ;
ભાદર ભલી ભાગીરથી, સરિતા વહે તે ઠામ. ૧૨

**ચોપાઈ :**

જેમાં નાહ્યા છે શ્રીમહારાજ, સાથે લઈ સઉ સંતસમાજ;
માટે તીર્થ ગણાય છે તેહ, જાણે મર્મ હરિજન જેહ. ૧૩
વળી પુરમાં પધાર્યા છે નાથ, સંત મંડળને લઈ સાથ;
અભેસિંહજી નામ અનૂપ, ભલા તે તો ગણોદના ભૂપ. ૧૪
જાતે જે કહ્યા જાદવવંશી, કોઈ ઉત્તમ દેવના અંશી;
કાં તો મુક્તે લીધો અવતાર, એમ ધારે દેખી નરનાર. ૧૫
જાણે રાજાની નીતિની રીત, પ્રભુ પ્રગટ પદે પુરી પ્રીત;
ધરે એક પગે ઉભા ધ્યાન, મોટા મુનિવર સિદ્ધસમાન. ૧૬
કથા શ્રવણ કરે શુભ રીતે, પૃથુરાય પ્રમાણે તે પ્રીતે;
રહે અંતર જગથી ઉદાસી, જેવા જાણીયે જોગ અભ્યાસી. ૧૭





ધન વાવરે સત્સંગ અર્થે, કોડી એક ન વાવરે વ્યર્થે;
મળ્યા તેને ગુણાતીતાનંદ, ઉપદેશ કર્યો સુખકંદ. ૧૮
ચડ્યો સત્સંગનો બહુ રંગ, જેમ સાકર દૂધ પ્રસંગ;
એક દિવસ શ્રી ગોપાળાનંદ, સાથે લૈને મુનિતણું વૃંદ. ૧૯
ગયા ચાહિને ગામ ગણોદ, ઊપજ્યો નૃપને મન મોદ;
પધરાવીયા દરબારમાંય, પ્રેમે પૂજી જમાડીયા ત્યાંય. ૨૦
પછી ચોપાટમાં સભા ભરી, સ્વામીયે પ્રભુવારતા કરી;
વાત સ્વામીયે ભૂપને કહી, વરતાલ ગયા છો કે નહી ? ૨૧
ત્યારે ભૂપ કહે કહું છુંય, વરતાલ ગયો નથી હુંય;
સુણીને સ્વામી બોલિયા એમ, એવી ભૂલ કરી તમે કેમ ? ૨૨
શિક્ષાપત્રી તો વાંચો છો નિત્ય, તેનો અર્થ વિચાર્યો ન ચિત્ત;
સતસંગી જે જન કહેવાય, તે તો દ્વારિકા તીરથે જાય. ૨૩
તે તો દ્વારિકાના દેવ જેહ, વરતાલે આવી વશ્યા તેહ;
તહાં ગોમતીમાં કરી સ્નાન, છાપો લેવી કહે ભગવાન. ૨૪
છાપો બીજે લેવાનું જ ક્યાંઈ, નથી સત્સંગના ગ્રંથમાંઈ;
નિજ બે છબી પોતાને હાથે, પધરાવી ત્યાં વૃષકુળનાથે. ૨૫
છબી પોતાની મંદિરમાંઈ, પધરાવી નથી બીજે કયાંઈ;
રામનવમી પ્રબોધની જેહ, એવા શ્રેષ્ઠ સમૈયા બે તેહ. ૨૬
વર્ષોવર્ષ આવીને સદાય, કરતા હરિ વરતાલમાંય;
ઉદ્ધવી સંપ્રદાયના જેહ, વરતાલે કરે તીર્થ તેહ. ૨૭
અતિ ઉગ્ર માહાત્મ્ય છે એવું, નથી તીરથ વરતાલ જેવું;
માટે સર્વ કુટુંબ સહિત, કરો જાત્રા જઇ રુડી રીત. ૨૮

અભેસિંહે ધાર્યું એહ કાળ, જાત્રા કરવા જાવું વરતાલ;
સજી સંઘને થયા તૈયાર, સાથે સંચર્યા બહુ નર નાર. ૨૯
એક રાણી રુડાં કસલિબા, બીજી રાણીનું નામ અજીબા;
રામબા કુંવરીતણું નામ, સાથે સંચર્યા જાત્રાને કામ. ૩૦
ભલા ભગવતસિંહ કુમાર, તાતતુલ્ય તે ભક્ત ઉદાર;
સિંહના સુત સિંહ જ થાય, તેવો દાખલો સત્ય દેખાય. ૩૧
ભક્ત ભગવતસિંહ ગણાયા, બાળાપણ થકી બહુ વખણાયા;
સારા તે સુતને લીધા સાથે, વરતાલ જતાં નરનાથે. ૩૨
જુણોભાઈ હરિભક્ત જેહ, થયા તૈયાર જાત્રાયે તેહ;
કેશાબા તેની રાણી પવિત્ર, રામસિંહ હરિસિંહ પુત્ર. ૩૩
અભેસિંહે લીધાં સહુ સંગે, ચાલી રૈયત કોઈ ઉમંગે;
ભૂપે સારી સજી અસવારી, અસ્ત્ર શસ્ત્ર લીધાં અંગે ધારી. ૩૪
ઘણા હણહણે ચંચળ ઘોડા, રથ પાળા ને ઊંટ સજોડા;
જાણે જીતવા શત્રુ કુસંગ, ભૂપે સેના સજી ચતુરંગ. ૩૫
એમ કરતા મુકામ મુકામ, આવ્યા ભૂપતિ વરતાલ ધામ;
ત્યારે રઘુવીરજી મહારાજે, સારી બરદાશ કરવા કાજે. ૩૬
દાસ ગોવરધન તેડ્યા પાસ, બીજા કોઠારી અંબાઈદાસ;
કહ્યું સારો ઉતારો જ દેજો, તમે હાજર બે જણ રહેજો. ૩૭
લખ્યું છે શિક્ષાપત્રીમાં એવું, દેવું માન જેને ઘટે જેવું;
માટે જો તે વચન ન લોપાય, શ્રીજી મહારાજ રાજી તો થાય. ૩૮
એવું સાંભળી બોલ્યા કોઠારી, અમે માનશું આજ્ઞા તમારી;
પણ બાઈયો આવી છે જેહ, ઉતરી છે હવેલીમાં તેહ. ૩૯





હવેલીમાં અમે ન જવાય, માટે શી રીતે બરદાશ થાય ?
ભલા ભક્ત છે શામળભાઈ, જાય છે તે તો હવેલી માંઈ. ૪૦
એ છે ઈન્દ્રિયજીત અતિશે, સનકાદિક સરખા તે દિસે;
માટે તેને સમીપ બોલાવો, હવેલીતણું કામ ભળાવો. ૪૧
દરબાર તણે જ ઉતારે, કામે જાવું પડે વારે વારે;
જોશી ઉમરેઠના વિષ્ણુરામ, તમે તેને સોંપો તેહ કામ. ૪૨
અમે રાખશું પૂરો તપાસ, સારી રીતે થશે બરદાશ;
રઘુવીરજીને વાત ભાવી, કહી બે જણનેય બોલાવી. ૪૩
સુણી પામિયા સર્વ હુલાસ, સૌની સારી કરી બરદાશ;
ભૂપ મંદિર માંહિ પધાર્યા, આપી સારો ઉતારો ઉતાર્યા. ૪૪
કર્યા દર્શન દેવનાં પ્રિતે, સભામાં ગયા કુંવર સહિતે;
શોભે ભૂપનો તો સાદો વેષ, ધર્યા ભૂષણ કુંવરે વિશેષ. ૪૫
રઘુવીરજીને લાગ્યા પાય, ઉર માંહિ ઉમંગ ન માય;
દિસે કેવા મુનિમાં નરેશ, મુનિમંડળમાં મિથિલેશ. ૪૬
હરિ ચરિતની ચરચા કીધી, પછી આજ્ઞા તે સર્વની લીધી;
ગોમતીમાં જઈ કર્યું સ્નાન, દીધાં બ્રાહ્મણને બહુ દાન. ૪૭
જ્ઞાનબાગે ગયા ગુણવૃંદ, જ્યાં છે વર્ણી શ્રીઅચિંત્યાનંદ;
રૂડી જગ્યા પ્રસાદીની જોઈ, રુદે રાજી થયા સહુ કોઈ. ૪૮

**પૂર્વછાયો :**

વર્ણી સમીપે સંચરી, પ્રેમે કર્યો નરેશે પ્રણામ;
ત્યારે તે જાગ્યા ધ્યાનથી, મહા નૈષ્ઠિક જે નિષ્કામ. ૪૯

**ચોપાઈ :**

વળી રાજાયે કીધો પ્રણામ, ત્યારે બોલાવિયા લઈ નામ;
વળી વર્ણીયે આશીષ દીધી, પછી ભગવતવારતા કીધી. ૫૦
પછી બોલ્યા અભેસિંહ ભૂપ, સુણો વર્ણી સદા સુખરૂપ;
મને સ્વામીશ્રી ગોપાળાનંદ, મળ્યા સાથે લઈ મુનિવૃંદ. ૫૧
વરતાલનો મહિમા વખાણ્યો, અમે સાંભળી અંતરે આણ્યો;
સાથે લૈને કુટુંબ સમાજ, વરતાલે આવ્યા અમે આજ. ૫૨
વરતાલ તણો મહિમાય, વળી છે સુણવાની ઈચ્છાય;
દયાસિંધુ દયા દીલ ધરો, મહિમા આંહી કેરો ઉચ્ચરો. ૫૩
સુણી બોલિયા વરણીરાય, સુણો વરતાલનો મહિમાય;
ગુરુશ્રી ગોપાળાનંદજી છે, જેનાં ઈશ્વર દર્શન ઇચ્છે. ૫૪
તેણે મહિમા કહ્યો મુજપાસ, તે હું આજ કહું સહુલ્લાસ;
બ્રહ્મા ઉચ્ચરે છે મુખ ચારે, શેષ ઉચ્ચરે વદન હજારે. ૫૫
મહિમા તણો પાર ન પામે, નેતિ નેતિ કહીને વિરામે;
વાલો અક્ષર ધામના વાસી, વિચર્યા છે જહાં અવિનાશી. ૫૬
ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ;
ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર. ૫૭
વરતાલે કરી લીલા જેવી, બીજે ક્યાંઈ કરી નથી એવી;
ધર્યો મણિમય મુગટ માથે, લીધી હેતથી મોરલી હાથે. ૫૮
હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે;
સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા. ૫૯
ઘણીવાર બોલ્યા ઘનશ્યામ, મને વાલું છે વરતાલ ધામ;





દ્વારિકાપતિ રણછોડરાય, વસ્યા આવીને વરતાલ માંય. ૬૦
એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે;
ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય. ૬૧
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, તીર્થ કરવાને આવે છે તેવા;
આવે પુરુષપ્રધાનસંયુક્ત, આવે અક્ષરધામના મુક્ત. ૬૨
ધરી આવે તે તો દિવ્ય દેહ, જન દેખે સમાધિસ્થ જેહ;
હસ્તિ પગલામાં સૌનાં સમાય, તીર્થ વરતાલ તેમ ગણાય. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદી મુખ શેષ સહસ્ર કલ્પ ગાય;
વૃષસુતતણી મુખ્ય ગાદિ જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે. ૬૪

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયતીર્થ માહાત્મ્યકથન નામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥***

**પૂર્વછાયો :**

ભૂપ કહે બ્રહ્મચારીને, અહો વિચક્ષણ વરણીશ;
સ્થાન કહો વરતાલનાં, જહાં જહાં ફર્યા જગદીશ. ૧
ક્યાં ક્યાં કૃષ્ણ બિરાજીયા ?, ક્યાં જમ્યા સભા ભરી ક્યાંય?
આવી પ્રસાદી ક્યાં રહી ?, કહો જે જે ક્રિયા કરી જ્યાંય. ૨

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો ભૂપ, તમે પૂછિયો પ્રશ્ન અનૂપ;
ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી, વાલા તમને છે વિશ્વવિહારી. ૩
વરતાલ માંહિ જે જે સ્થાને, કરી ભિન્ન ક્રિયા ભગવાને;

તે હું સંક્ષેપે તમને સુણાવું, બધાં સ્થાન શી રીતે બતાવું ? ૪
કૃપાસિંધુ શ્રીધર્મકુમાર, વરતાલ આવ્યા ઘણીવાર;
ગામમાં સીમમાં સર્વ ઠામ, ઘણીવાર ફર્યા ઘનશ્યામ. ૫
સ્થળ જે જે પ્રસિદ્ધ હું જાણું, તમ આગળ તેહ વખાણું;
કહ્યાં છે તે ફરી કહેવાશે, પુનરુક્તિ તો તેથકી થાશે. ૬
પણ કૃષ્ણકથા કહેવાય, પુનરુક્તિનો બાધ ન થાય;
મોટું મંદિર છે આજ જ્યાંય, પહેલાં બદરી હતી ત્યાંય. ૭
ધર્મપુત્રે ધરા શુચિ ધારી, ઘણીવાર સભા સજી સારી;
તહાં ઓરડો કરી તતખેવ, સ્થાપ્યા નર ને નારાયણ દેવ. ૮
ત્યારે ત્યાં થકી પશ્ચિમ પાસ, રહેતા ભાઈ શ્રીરામદાસ;
હતી બે ઓરડી તેહ ઠાર, વાલો બેઠા તેમાં ઘણીવાર. ૯
માંડ્યું મંદિર ચણાવાને જ્યારે, દેવ નર ને નારાયણ ત્યારે;
ઓરડા માંહિથી તો ઉઠાવ્યા, એક ઓરડીમાં પધરાવ્યા. ૧૦
ચાલે ચણવાનું કામ જે દાડે, સતસંગીયો ઈંટો ઉપાડે;
ભક્તિ ભાવ ધરી કરે સંત, મનમાં સૌને મમત અંત્યત. ૧૧
શ્રીજી પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઇ ઉમંગ આવે;
મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ. ૧૨
ગણી સંતે તે તો સાડત્રીશ, પડદીમાં ચણી પાંતરીશ;
એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે. ૧૩
ત્રણે ખંડમાં મૂર્તિયો માટે, કર્યા સિંહાસનો શુભ ઘાટે;
બેઠા તેમાં પ્રથમ વૃષલાલ, સ્થિર થૈને જમ્યા તહાં થાળ. ૧૪
ત્રણે ખંડના ઉમરા માથે, બેસી વાત કરી જન સાથે;





વચલે ઉમરે તો વિશેષ, આપે બેઠા છે શ્રીઅક્ષરેશ. ૧૫
એક અવસરે આનંદસ્વામી, આવ્યા શ્રીપુરથી મુદ પામી;
અન્નકુટનો સામાન લાવ્યા, દેવને ભલા ભોગ ધરાવ્યા. ૧૬
મધ્ય ભાગ ને ઉત્તર ભાગ, એ બે ખંડ વચ્ચે રહે માગ;
તહાં બેસીને ધર્મકુમાર, અન્નકુટ જમ્યા કરી પ્યાર. ૧૭
એ જ કોળી[૧] વિષે અવિનાશી, ઘણીવાર બેઠા સુખરાશી;
મધ્યમંડપનું જહાં દીપે, તહાં કૂર્મના વદન સમીપે. ૧૮
કૃત ગોમય ગોવરધન, પૂજા કીધી છે જગજીવન;
વારાહાદિક જે અવતાર, પ્રતિમા છે મંદિર મોઝાર. ૧૯
તેની પ્રત્યેક ઓરડીમાંય, બિરાજ્યા છે પ્રગટ પ્રભુ ત્યાંય;
દેવ નૃસિંહ શીશ અગાશી, બેઠા ત્યાં જઇ શ્રીઅવિનાશી. ૨૦
નથુભક્ત પિતા હરિભાઈ, બેને દીધાં ચરણ હરખાઈ;
ઠાઠ શિખર ત્રણે તણો કીધો, પાયો ઘૂમટનો પૂરી લીધો. ૨૧
તહાં સૌનાં ગારાળાં શરીર, પેખી પ્રેમે મળ્યા નરવીર;
દક્ષિણાદું મંદિરતણું દ્વાર, તહાં બેસીને ધર્મકુમાર. ૨૨
ભક્તિ સંતો તણી ભલી ભાળી, હૈયે ચરણ દીધાં વનમાળી;
રુપચોકી ઉગમણી છે જ્યાંય, એક દિવસ વિરાજીયા ત્યાંય. ૨૩
સાધુ ભગવદાનંદ આદિક, ભણનારા બોલાવ્યા અધિક;
સૌને શ્રીમુખેથી સાક્ષાત, સંભળાવી ત્યાં અદભુત વાત. ૨૪
ધ્યાને ધરવાને આત્મસ્વરૂપ, અમે જગ્યા કરાવી અનૂપ;
નામ રાખ્યું નારાયણમહેલ, જાણી એકાંત રુડો રચેલ. ૨૫
આપ્યો રામપ્રતાપને એહ, ધ્યાન ધરવાને કારણે તેહ;



૧.મંદિરમાં દેવની અને ઘુંમટની વચ્ચેનો જાળીની અંદરનો ભાગ.

હરિમંડપ ત્યારે કરાવ્યો, ધ્યાન ધરવા તે સર્વને ફાવ્યો. ૨૬
મોટા સંત તથા હરિભક્ત, ધરે ધ્યાન વિષયથી વિરક્ત;
બીજા અક્ષરધામના મુક્ત, આવી ધ્યાન ધરે પ્રીતિયુક્ત. ૨૭
અમે તેઓને પૂછિયું જયારે, બોલ્યા મુક્ત મગન થઈ ત્યારે;
અતિ ઉત્તમ એહ જગ્યા છે, એને અક્ષરને એકતા છે. ૨૮
આંહિ રૂપ તમારું છે જેહ, દિસે ત્યાં પણ તેહનું તેહ;
આવી આ સ્થળે એટલા સારુ, ધ્યાન તો અમે ધરીયે તમારું. ૨૯
કહે કૃષ્ણ સુણો ભણનારા, કહું કલ્યાણ કાજે તમારા;
ધ્યાન ધરજો તમે જઈ ત્યાંય, મનોવૃત્તી રાખી મુજમાંય. ૩૦

**પૂર્વછાયો :**

એવું સુણીને ઉચર્યા, ભગવદાનંદ ભણનાર;
અખંડવૃત્તી આપમાં, કેમ રાખિયે ધર્મકુમાર ? ૩૧
વૃત્તિ જો તમમાં રાખિયે, ભણવાનું ભૂલી જવાય;
જો ભણવામાં રાખિયે, ત્યારે ધ્યાન અખંડ ન થાય. ૩૨
શ્રીજી કહે તમે સાંભળો, જેમ પાણી ભરે પાણીયાર;
પગ ધરે છે પાંવઠે[1], ધરે કુંભ કુવા મોઝાર. ૩૩
ઘટ ઉપર ને પગ ભણી, મનવૃત્તિ રાખે બે ઠામ;
ધ્યાનતણું ભણવાતણું, તેમ કરવું તમારે કામ. ૩૪

**વિદ્યા ભણવા વિષે : શાર્દૂલક્રીડિતવૃત :**

શ્રીજી સ્વામી કહે સુસંત અમને વિદ્યા ભણે તે ગમે,
માટે સ્નેહ સમેત નિત્ય ભણજો વિદ્યા વિશેષે તમે;
પુષ્ટી સતત સંપ્રદાય તણી તો વિદ્વાનથી થાય છે,



૧.કૂવાની ચારેબાજુની પાળી



જો વિદ્વાન ન હોય સાધુજન તો તે પંથ નિંદાય છે. ૩૫
આવે વાદિજનો વિવાદ કરવા જો તે ભણેલા હશે,
શાસ્ત્રજ્ઞાન વિના સુશાંતિ મનની તેની શી રીતે થશે;
સેનામાં સરદાર હોય સરસા તો સૈન્ય તે જીતશે,
તે રીતે જય સંપ્રદાય તણી તો શાસ્ત્રી જનોથી થશે. ૩૬
તે માટે વિદ્વાન સંત જનને વાલા વિશેષે ગણું,
માનું પ્રાણસમાન સ્નેહી મનમાં તેથી કહું શું ઘણું;
જેને બુદ્ધિ વિશેષ હોય મુનિ તે ગીર્વાણ વાણી ભણો,
બીજા પ્રાકૃત ગ્રંથનો જ કરજો અભ્યાસ નિત્યે ઘણો. ૩૭
પુષ્ટિ શ્રીસતસંગની જ કરવા ધારી હૃદે ધારણા,
જો કાવ્યાદિ અનેક ગ્રંથ ભણશો તેની નથી વારણા[1];
તે તો કીર્તનભક્તિ તુલ્ય મનમાં માનીશ હુંતો મુદા,
છાંડી આળસ અંગથી સુજન સદ્વિદ્યા ભણો સર્વદા. ૩૮

**ઉપજાતિવૃત :**

સુણી થયા સૌ ભણનાર રાજી, બોલી ઉઠ્યા ગંભિરતાથી ગાજી;
પ્રસન્નતા નાથ થવા તમારી, વિદ્યા વિશેષે ભણશું મુરારી. ૩૯
એવે સમે મુક્ત મુનિ પધાર્યા, એણે વળી શબ્દ ભલા ઉચાર્યા;
હું જ્ઞાન ગીર્વાણતણું ધરું છું, ભાષા તણું કાવ્ય વળી કરું છું. ૪૦

**શ્લોક :**

ગીર્વાણવાણીષુ વિશેષબુદ્ધિસ્તથાપિ ભાષારસલોલુપોઽહમ્ ।
યથા ત્વમર્ત્યા અમૃતેષુ સત્સુ, ગંગોદકે સન્તિ સદૈવ લુબ્ધાઃ ॥ ૪૧



૧.હરકત

**અર્થ :**

ગીર્વાણ વાણી રસ જાણ હું છું, તથાપિ ભાષાકવિતા કરું છું;
સુધા છતાં સ્વર્ગનિવાસી જેમ, કરે સુગંગોદક પાન તેમ. ૪૨
બોલ્યા સુણીને વૃષવંશરાય, જેની રુચી પ્રાકૃતમાં જણાય;
તે તો સજે પ્રાકૃત ગ્રંથ સારા, કે કીર્તનો તે પ્રિય ભક્ત મારા. ૪૩

**ચોપાઈ :**

સુણો ભૂપ ધરીને ઉમંગ, કથા મેં કહી પામી પ્રસંગ;
હવે જગ્યાઓ બીજી બતાવું, કથા ચાલતી તેહ ચલાવું. ૪૪
ધર્મદેવથી પૂર્વે છે બારી, તેહ સ્થાને બિરાજી મુરારી;
કરી છે સંત પ્રત્યે જે વાત, વચનામૃતમાં છે વિખ્યાત. ૪૫
જ્યાં છે ઉગમણી રૂપચોકી, જેની શોભા દિસે છે અલોકી;
તેનો દક્ષિણાદો પરથાર, ત્યાં બિરાજીને ધર્મકુમાર. ૪૬
આપ્યા મિસ્ત્રીયોને સરપાવ, કહું નામ સુણો ધરી ભાવ;
પુરુષોત્તમ ને દામોદર, જેહનાં વટપુર માંહિ ઘર. ૪૭
કહું બીજા કુબેર શ્રીપુરના, ત્રણે શિલ્પી શ્રીહરિ હજુરના;
કડાં કંઠિયો પાઘડી શાલ, આપ્યાં રાજી થઇ તતકાળ. ૪૮
ત્યાંજ તેથી નિચા પરથારે, પ્રભુ બેઠા સભા સજી ભારે;
બેઠા ગોપાળજી તહાં આવી, તેને શ્યામે સમાધિ કરાવી. ૪૯
રઘુવીરજીના વડા ભ્રાત, મોટા મુક્ત તે તો સાક્ષાત;
રુપચોકી ઉત્તર તણી ધારો, તેની નીચે ખૂણો પડે સારો. ૫૦
રૂપચોકીથી પૂર્વ દિશાય, બહુ બેસતા ત્યાં હરિરાય;
ચાલતું તે જોવા જતા કામ, પાછા બેસતા આવી એ ઠામ. ૫૧





છત્રી મંદિર પાછળ જે છે, જગ્યા પરમ પ્રસાદીની તે છે;
હતો પ્રથમ ત્યાં સુંદર ઓટો, મહિમા તેનો જાણવો મોટો. ૫૨
તહાં બેસતા શ્રીઘનશ્યામ, નીચે બેસતા સંત તમામ;
વસોના જન જે વાલાભાઇ, તેની પત્નિ તો અવલબાઈ. ૫૩
મળી બેય ત્યાં દર્શને આવ્યાં, બહુનામીયે હેતે બોલાવ્યાં;
બોલ્યાં બાઇ હે ગરીબ નિવાજ !, મારે પુત્ર નથી મહારાજ. ૫૪
સુણી બોલ્યા અખિલ આધાર, આપું તમને હું પુત્ર તૈયાર;
એમ બોલીને શ્રીઅવિનાશ, તેનો ભત્રીજો જે હતો પાસ. ૫૫
ત્રણ વર્ષનો તુલસીદાસ, તેને તેડ્યો કરી મંદ હાસ;
વાલાભાઈને ખોળે બેસાર્યો, બાઈ અવલનો શોક નિવાર્યો. ૫૬
કહ્યું બાઇ આ પુત્ર તમારો, સતસંગી થશે બહુ સારો;
એનું પાલન પોષણ કરજો, પુત્રભાવ એના પર ધરજો. ૫૭
એવું સાંભળીને રાજી થયાં, આજ્ઞા શીશ ધરી ઘેર ગયાં;
સુણો ભૂપ કહે બ્રહ્માચારી, તેની વાત કહું બીજી સારી. ૫૮
સાલ અઠોતેરા તણી જ્યારે, વાલા ભાઈયે ધર્યું વ્રત ત્યારે;
જ્યારે દ્વાદશીનો દિન આવે, પારણાં સંત સૌને કરાવે. ૫૯
વસોમાં હોય મંડળ જેવું, દ્વાદશી દિન પારણું દેવું;
તુલસીભાઇયે પણ તેહ, વ્રત રાખ્યું સદા ધરી સ્નેહ. ૬૦

**પુષ્પિતાગ્રા :**

પ્રભુપદ રજ હોય જેહ ઠામ, સતત વસે જઈ તીર્થ ત્યાં તમામ;
અગમ નિગમ સર્વ એમ ગાય, પરમ પવિત્ર સુપૃથ્વી તે ગણાય. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે***

***અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે શ્રીહરિપ્રસાદીસ્થાનનિરૂપણનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥***

**પૂર્વછાયો :**

હે નૃપ જે ઓટો કહ્યો, મોટા મંદિર પાછળ ઠાર;
સભા સજીને બિરાજતા, બહુવાર ત્યાં જગદાધાર. ૧

**ચોપાઈ :**

સાલ પંચોતેરા તણી જ્યારે, એક ઓરડામાં તેહ વારે;
નરનારાયણ પધરાવ્યા, પ્રબોધનીયે ફરી હરિ આવ્યા. ૨
થયોજાતો ત્યારે સમૈયો સારો, આવ્યાજાતા હરિભક્ત હજારો;
ત્યારે ઓટા ઉપર હરિ બેઠા, બેઠા સંત હરિજન હેઠા. ૩
બોલ્યા શ્રીમુખે શ્રીમહારાજ, સુણો હરિજન સંત સમાજ;
અમે કરતા સમૈયા જ્યારે, લખી પત્ર તેડાવતા ત્યારે. ૪
કર્યો આજ થકી નિરધાર, કરવા સમૈયા બે આ ઠાર;
હરિનૌમી પ્રબોધિની જ્યારે, આંહિ આવજો સૌ જન ત્યારે. ૫
સુણી હરિજન સૌ ખુશી થયા, દીનબંધુ તણી દીઠી દયા;
વસો નિવાસી તુલસીદાસ, આવ્યા શ્રીપરમેશ્વર પાસ. ૬
તેના પુત્ર જે વાઘજીભાઈ, તેની ઉંમર તો લઘુતાઈ;
તેડ્યા વાંસજીભાઈયે તેને, હરિચરણે લગાડિયા એને. ૭
રુપૈયો એક ભેટ મુકાવ્યો, હરિનો શિર હાથ ધરાવ્યો;
કેના પુત્ર પૂછ્યું સુખદાઈ, ત્યારે બોલિયા ગોકળભાઈ. ૮
તે તો સોજિતરાના નિવાસી, પોતે પ્રગટ પ્રભુના ઉપાસી;
અહો નાથ પ્રણત પ્રતિપાળ, તુલસીભાઈનો આ છે બાળ. ૯





કહે કૃષ્ણ તે તો સારો થાશે, તાતતુલ્ય તે ભક્ત ગણાશે;
સુણી રાજી થયા સર્વે જન, પછી સૌ ગયા આપ સદન. ૧૦
હવે સ્થાન બીજા તણી વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;
મંદિરે છે પ્રદક્ષિણા જેહ, જાણો પ્રભુપદ અંકિત એહ. ૧૧
એક માસ સુધી રુડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે;
નિજદાસને શિક્ષણ કામ, કરે એવી ક્રિયા ઘનશ્યામ. ૧૨
નારાયણ નામનો મોલ જે છે, અતિ પરમ પ્રસાદીનો તે છે;
પ્રભુ તેમાં રહી પૂરી પ્રીતે, શિક્ષાપત્રી રચી શુભ રીતે. ૧૩
બંગલાની ઓશરીયે બિરાજી, સૌને રંગ છાંટ્યો થઈ રાજી;
મોલ આગળ ચોક રહેલો, તે તો છે પ્રભુચરણ અંકેલો. ૧૪
દેવાલય થકી દક્ષિણ ભાગ, જોઈ શ્રીહરિયે સારી જાગ્ય;
બોલ્યા શ્રીમુખે શ્રીહરિ ત્યાંઇ, થાશે અક્ષરભુવન આંઇ. ૧૫
મારી પ્રસાદી વસ્તુ અપાર, સ્થપાશે એહ ભુવન મોઝાર;
નર નારીયો દરશન કરશે, મારી મૂર્તિને અંતર ધરશે. ૧૬
હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય;
પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિયે કરાવ્યો. ૧૭
જગ્યા તે છે પ્રસાદિની સહી, શિક્ષાપત્રી શોધી તહાં રહી;
હરિમંડપમાં એક વાર, બિરાજ્યા હતા ધર્મકુમાર. ૧૮
ત્યાં તો અવધ્યપ્રસાદજી આવ્યા, રઘુવીર આવ્યા મન ભાવ્યા;
જન બેયને પૂછિયું ત્યારે, તમે દેશમાંથી આવ્યા જ્યારે. ૧૯
ઉતર્યા મહીનો કીયો આરો ?, એ તો વાત તમારી ઉચ્ચારો;
કહે અવધ્યપ્રસાદ હે શામ !, હું તો ઉતર્યો બામણગામ. ૨૦

પછી બોલિયા શ્રીરઘુવીર, ઉતર્યો હુંય પણ તેહ તીર;
મને સંકટ પડિયું અપાર, નોતી જીવ્યાની આશા લગાર. ૨૧
નદીમધ્ય હું આવિયો જ્યારે, લાગ્યો તરત તણાવાને ત્યારે;
કર્યું સ્મરણ મેં ત્યાં તો તમારું, એક નાવ આવ્યું મુજ સારુ. ૨૨
મને ઝાલી લીધો કર્ણધારે, પછી મુક્યો ઉતારી આ આરે;
તેનું મેં પૂછિયું નામ ઠામ, કહે નામતણું શું છે કામ ? ૨૩
પછી ત્યાં થકી નાવ તે ગયું, જોતાં જોતાંમાં અદરશ થયું;
હસી બોલિયા સુંદર શામ, કર્યું એ તો અમે આવી કામ. ૨૪
સુણી બેયનાં મન મુદ પામ્યાં, ધન્ય ધન્ય કહી શિર નામ્યાં;
એહ જગ્યાનો મહિમા અપાર, ભૂપ શું કહું વારંવાર. ૨૫
હરિમંડપ થકી ઉત્તરમાં, જ્ઞાનકૂપ છે ચોક સુંદરમાં;
તહાં સુધી હતી જે હવેલી, બેય માળની રુડી રચેલી. ૨૬
તે હવેલીમાં સર્વ ઠેકાણે, વિચર્યા હરિ સૌ જન જાણે;
નીચે ઓરડા ત્યાં હતા બેય, બેશી તેમાં પ્રભુ જમ્યા છેય. ૨૭
બાઈ જમનાં વસોનાં નિવાસી, પોતે પ્રગટ પ્રભુનાં ઉપાસી;
ગંગાબાઇ જેતલપુર તણાં, રુડી કરતાં રસોઈ બે જણાં. ૨૮
અતિ હેતે આરોગતા નાથ, કોઇ સમય સખાપણ સાથ;
કૂવાથી વળી ઉત્તર ભાગ, તેર કદમસુધી હતો માગ. ૨૯
સભામંડપ થળ અડકેલી, ત્રણ માળની હતી હવેલી;
બ્રહ્માનંદમુનિયે કરાવી, ભાળી શ્રીહરિને મન ભાવી. ૩૦
ઉષ્ણકાળ સમા માટે એમાં, જળ હોજ કર્યા હતા તેમાં;
તે હવેલીમાં કરતા શયન, પરમેશ્વર પ્રાણજીવન. ૩૧





હેઠે ઓરડે કડિયા હીરાજી, કરતા પ્રતિમાઓને તાજી;
મત્સ્ય કચ્છ નૃસિંહાદિ જેહ, અવતારની મૂર્તિયો તેહ. ૩૨
નાખી ખુરશી બિરાજતા નાથ, મૂર્તિ ઉપર ફેરવે હાથ;
જોઇ તે કડિયાતણું કાજ, હૃદે રાજી થતા મહારાજ. ૩૩
ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ;
ભાઇ રામદાસે નિજહાથ, નવરાવ્યા કૂપોદકે નાથ. ૩૪
ચરણામૃત તે બધું લઇ, જ્ઞાનકૂપમાં નાખિયું જઇ;
ધન્ય ધન્ય કહું જ્ઞાનકૂપ, એ તો ઉત્તમ તીર્થ અનૂપ. ૩૫
હરિયે દત્તપુત્રોને જ્યારે, બેય આચારજો કર્યા ત્યારે;
હવેલી કહી બે માળી જેહ, તેનો ઉગમણો ચોક તેહ. ૩૬
તહાં પાટયો બે સરસ ઢળાવી, ગાદી આચાર્ય બેની ઠરાવી;
સ્થાપ્યા દક્ષિણે શ્રીરઘુવીર, સામા અવધ્યપ્રસાદજી ધીર. ૩૭
વેદમંત્રે કરી અભિષેક, વેંચી આપીયા દેશ પ્રત્યેક;
પોતપોતાના દેશના જન, કરે આચાર્ય કેરું પૂજન. ૩૮
માળ બેની હવેલી ઉપર, કઠોડામાં બેઠા હરિવર;
પૂજા થાય તે નજરે નિહાળે, પ્રભુ દિસે પ્રસન્ન તે કાળે. ૩૯
એહ પૃથ્વીનો અતિ મહિમાય, કહું શું તુજ આગળ રાય;
દીક્ષા જન્મભૂમિ હરિવરની, પીપળાણાની ને જેતપરની. ૪૦
આચાર્યોનું દીક્ષા જન્મસ્થાન, તેમ માનવું એહ નિદાન;
એક ક્યારા વિષે છોડ બેય,દઢ વાવેલા જેમ દિસેય. ૪૧
એક ઉત્તરમાં વધી જાય, બિજો દક્ષિણ માંહિ ફેલાય;
મૂળ બેયનું તો એક ક્યારો, સમજે એમ સમજુ જે સારો. ૪૨

બેય દેશમાં સતસંગ થાય, તેનું મૂળ આ સ્થાન ગણાય;
બેય દેશ તણા જન જેહ, ગણે ઉત્તમ આ સ્થાન એહ. ૪૩
ગામ માણજના પાટીદાર, મુળજીભાઈ ભક્ત ઉદાર;
તેણે કરાવ્યો છે તહાં ઓટો, તેનો જાણવો મહિમા મોટો. ૪૪
જેને સતસંગની વાત ભાવી, તે તો જાત્રા કરે અહીં આવી;
જાણે માહાત્મ્ય મનમાં સહી, તે તો આવ્યા વિના રહે નહી. ૪૫
જ્ઞાનકૂપથી ઉત્તર માંય, એક દિન પાટ ઉપર ત્યાંય;
બિરાજ્યા હતા શ્રીબહુનામી, સહજાનંદ અંતજામી. ૪૬
અન્નકૂટ તણો દિન જાણી, મળ્યા સંતોને સારંગપાણી;
રુપચોકી ઉગમણી વિશાળ, તેથી ઉત્તરમાં એક કાળ. ૪૭
હરિભક્ત હીરાજી શલાટ, ઘડે હનુમાન મૂર્તિનો ઘાટ;
જોવા આવ્યા ત્યાં ધર્મદુલારો, કહ્યું ઘાટ ઘડ્યો ઘણો સારો. ૪૮
પ્રભુ થૈને પ્રસન્ન અપાર, આપ્યો પુષ્પપ્રસાદિનો હાર;
વળી તે મૂરતીના હૃદયમાં, ચાંપ્યા ચરણ બે તેહ સમયમાં. ૪૯
તહાં બોલિયા મસ્તક નામી, અક્ષરાનંદ આનંદસ્વામી;
નારાયણમોલ નીચેનો ભાગ, તહાં ઓરડો ઓપે અથાગ. ૫૦
પુતળાં હીરાભક્તે બનાવ્યાં, તે તો તે ઓરડામાં મુકાવ્યાં;
રાસમંડળનાં પુતળાં છે, સિંહ વાઘનાં રૂપ રચ્યાં છે. ૫૧
કોઈ મંડપમાં મુકવાનાં, કોઇ મંદિરમાં ચણવાનાં;
દિસે ઘાટ ઘડ્યો ઘણો સારો, જગજીવન જોવા પધારો. ૫૨
પછી જોવા ગયા મુનિભૂપ, જોયાં રાસમંડળ તણાં રૂપ;
કોઈના કરમાં શોભે તાલ, કોઇ પાસે છે વીણા વિશાલ. ૫૩





કરમાં ધર્યું કોયે મૃદંગ, કોઇયે તો ઉપંગ[1] કે ચંગ[2];
લીધું ભૂંગળ કોઇયે બજાવા, કોઇયે વાંસળી કૃષ્ણ રીઝાવા. ૫૪
જોઇ રાજી થયા મહારાજ, કહ્યું સારું છે શિલ્પનું કાજ;
જોતાં ખામી કશી નથી એમાં, જીવમાત્ર નથી એક તેમાં. ૫૫
હોય જો જીવ પુતળાં વિષે, શિલ્પી સ્રષ્ટામાં શો ભેદ દિસે;
કવિ શિખાઉ રસ લાવી જાણે, કોણ સારા કવિને વખાણે. ૫૬
હાસ્યમૂર્તિ બ્રહ્માનંદસ્વામી, આવી બોલ્યા પગે શિર નામી;
આંહિ જો કોઈ ઈશ્વર આવે, તો આ પુતળામાં પ્રાણ લાવે. ૫૭
માંસનાં પુતળાંને રમાડે, કેમ પથ્થરનાં ન જીવાડે;
પણ જો કરુણા ઉર આણે, એવી લીલા દેખાડે આ ટાણે. ૫૮
એવાં સાંભળી મર્મવચન, મંદ મંદ હસ્યા ભગવન;
હતી નેતરની છડી હાથે, પુતળાંને અડાડી તે નાથે. ૫૯
જીવતાં થઇ નાચવા લાગ્યાં, વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યા;
સુણી જોવા આવ્યા ઘણા જન, થયા નિરખીને મનમાં મગન. ૬૦
એવી લીલા કરી એ ઠેકાણે, મોટા મોટા મુનિજન જાણે;
એહ સ્થાનનો મહિમા અપાર, શું વખાણું હું વારમવાર. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પરમ પુનિત પૃથ્વી પૃથ્વીપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ;
પુનિત સુપુરી સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે પ્રસાદિ-સ્થાનવર્ણનનિરૂપણનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥***



૧.વાજુ, ૨.ઘંટ, ટોકરો

**પૂર્વછાયો :**

વળી કહું વરતાલમાં, પ્રભુ પ્રસાદીનાં જે સ્થાન;
સુણો અભેસિંહ સ્નેહથી, હરિકૃષ્ણ કથા ધરી કાન. ૧

**ચોપાઈ :**

ગામ માણજના પાટીદાર, નામે ગોવિંદદાસ ઉદાર;
ધર્મવંત બીજા ધોરિભાઇ, ગામ પીપલગ ગયા ચાઇ. ૨
તહાં તેના સગાનો નિવાસ, તેનું નામ તો શ્રીધરદાસ;
સતસંગી હતા તે તો સહી, તેણે સતસંગની વાત કહી. ૩
ત્યારે ત્રણે જણા મળી સંગ, આવ્યા વરતાલે આણી ઉમંગ;
નારાયણમોલનો ઓરડો છે, તેની આગળ ચોક રુડો છે. ૪
તહાં ખુરશીયે ઘનશ્યામ, પોતે બેઠેલા પૂરણકામ;
જઇ ત્રણે જણા પગે લાગ્યા, છબી જોતાં જ સંશય ભાંગ્યા. ૫
થયાં દર્શનથી મન શાંત, તથા ભાંગી ગઇ મન ભ્રાંત;
નિશ્ચે જાણ્યા એ તો અવિનાશ, ત્યારે બોલિયા ગોવિંદદાસ. ૬

**વસંતતિલકાવૃત :**

હે કૃષ્ણ તીર્થ કરવા બહુ હું ફર્યો છું,
કાશી પ્રયાગ મથુરા પુર સંચર્યો છું;
દ્વારામતિ જઈ સ્વગેહ વળી વિરામ્યો,
કોઈ સ્થળે મન વિષે નહિ શાંતિ પામ્યો. ૭
જાત્રા કરી અધિક સંશય તો ન જાય,
કલ્યાણનો સુદઢ નિશ્ચય તો ન થાય;
ક્યાં જાઉં કેમ કરી મુક્તિ અરે પમાય ?





એવા ઉચાટ ઉર માંહિ રહે સદાય. ૮
તીર્થાટનાદિ વળી યજ્ઞ તણી સમાપ્તિ,
તે સર્વનું ફલ પ્રભો તવ પાવપ્રાપ્તિ;
જેને તમે પ્રગટ મૂર્તિ મળ્યા મહેશ,
તેને કશુંય કરવું રહિયું ન શેષ. ૯
જૈને મળે સરિત જેહ સમુદ્રમાંઇ,
તેને બીજે સ્થળ જવાનું રહ્યું ન ક્યાંઇ;
જો આપના ચરણને જન કોઇ પામે,
એથી નથી અધિક ઉત્તમ કોઇ ઠામે. ૧૦

**ચોપાઈ :**

એમ બોલિયા ગોવિંદભાઇ, દયા લાવો દિલે સુખદાઈ;
વર્તમાન નિયમ મને આપો, મને આપનો આશ્રિત થાપો. ૧૧
પછી પ્રભુયે નિયમ તેને આપ્યા, મંત્ર આપીને આશ્રિત થાપ્યા;
સતસંગી થયા ધોરીભાઇ, શ્યામે દીક્ષા દીધી સુખદાઈ. ૧૨
વળી બોલિયા ધર્મદુલારા, પુત્ર પૌત્ર જે થાશે તમારા;
સારાં સારાં તે કરશે કામ, રહે જેથી જગતમાં નામ. ૧૩
કર્યું કૃષ્ણે ત્યાં એવું ચરિત્ર, માટે તે સ્થળ પરમ પવિત્ર;
મંદિરેથી તે પૂર્વ દિશાની, હતી બારી જવા આવવાની. ૧૪
તહાં મારગ મોટો મુકાવ્યો, કૃષ્ણે તહાં દરવાજો કરાવ્યો;
ગણનાથ તથા હનુમાન, નિજ હાથે થાપ્યા એહ સ્થાન. ૧૫
દરવાજાથી ઉત્તર માંય, લીલો લીંબડો છે એક ત્યાંય;
સજી શ્યામે સભા ઘણીવાર, તહાં આપ્યા છે પરચા અપાર. ૧૬

તહાં વાતો કરી વળી જેહ, વચનામૃત માંહિ છે તેહ;
રુડું બુરાનપુર છે નામ, ગામ સાવદા ને માલેગામ. ૧૭
ધુળિયા ધુવા ને બરૈ જાણો, લખનોર શહેર પ્રમાણો;
ત્યાંના હરિજનનો એહ ઠાર, કર્યો પોશાગ લૈ અંગિકાર. ૧૮
લીંબડાથી પશ્ચિમ દિશ જોઈ, સીતારામને દીધી જનોઈ;
દિશા મંદિરથી તો ઈશાન, ધર્મકુળની હવેલી તે સ્થાન. ૧૯
તે હવેલીને મંદિર પાસે, ઘણું પાણી ભરાયું ચોમાસે;
પ્રભુ તેમાં ફર્યા એક વાર, ત્યારે વિવરે[1] પડ્યું તેહ ઠાર. ૨૦
તેમાં નીર ગયું તે સમાઇ, ત્યારે બોલ્યા સદા સુખદાઇ;
અમારું ચરણોદક જાણી, શેષનાગે પીધું તે તો પાણી. ૨૧
અભેસિંહ સુણો ધરી પ્યાર, સભામંડપ છે જેહ ઠાર;
તહાં તો એક ખેતર હતું, સંઘને ત્યાં ઉતરવાનું થતું. ૨૨
જૂનાગઢ ને વડોદરા કેરા, ઉતર્યા હતા ભક્ત ઘણેરા;
તેહ જગ્યા વિષે બહુવાર, જમ્યા છે જઇ ધર્મકુમાર. ૨૩
તેથી પૃથ્વી પ્રસાદીની થૈ છે, ધ્યાનીના ધ્યાનમાં રહી ગૈ છે;
સભામંડપને વામ ભાગે, કૂવો સંતનો સુંદર લાગે. ૨૪
ત્યાંથી વાયુની દીશ મોઝાર, એક કોઠો હતો એહ ઠાર;
લખે શુકમુનિ શાસ્ત્રોનો લેખ, હરિ રાખતા જૈ દેખરેખ. ૨૫
સંત કૂવાથી પશ્ચિમમાંય, હતો સંતનો ભંડાર ત્યાંય;
તેની ઓસરીયે પ્રભુ આવી, ધર્મ ભક્તિની મૂર્તિ ઓપાવી[2]. ૨૬
નારાયણજી જે સારા સુતાર, એહ મૂરતિના ઓપનાર;
કોઠા પૂરવ પશ્ચિમકેરા, બેય શોભિત સરસ ઘણેરા. ૨૭



૧.કાણું, ભોંણ ૨.ઘસીને ચળકાટ મારતી કરી



ધર્મશાળા બે વચ્ચે ચણાવી, ભાળી ભક્તજનો મન ભાવી;
તહાં સંતની પંક્તિયો થાય, પ્રભુ પોતે પીરસવા જાય. ૨૮
મછીયાવ તણા દરબાર, બાપુભાઈ જે દિલના ઉદાર;
શેવદળ ગાડાં બે ભરી લાવ્યા, તેથી સંતોને તૃપ્ત કરાવ્યા. ૨૯
ત્યારેપણ તેહ ધર્મશાળામાં, પ્રભુયે પીરસ્યું તે સમામાં;
ગામ ધૂવા તથા બરૈ નામ, ત્યાંના ભક્ત લુવાર તે ઠામ. ૩૦
ધર્મશાળાને પશ્ચિમ ભાગે, તેણે પૂજ્યા પ્રભુ અનુરાગે;
માથે મંડિલ મોટું બંધાવ્યું, વળી વાંકડું તે તો ધરાવ્યું. ૩૧
કેડે ભાથો બંધાવિયો બેશ, ધરાવ્યો નરસિંહનો વેશ;
છાશિયાની સાલે વરતાલ, છેલી વારે આવ્યા વૃષલાલ. ૩૨
હતો તે સમે કાર્તિક માસ, ઘણા દર્શને આવિયા દાસ;
વટપત્તનના હરિજન, વનમાળી ને જગજીવન. ૩૩
પ્રભુદાસ ઈશ્વર આદિ આવ્યા, તે તો સંત માટે સીધું લાવ્યા;
રુડા લાડુ જલેબી કરાવી, હરિકૃષ્ણ હાથે પીરસાવી. ૩૪
એ જ ધર્મશાળાની મોઝાર, પંગતિ થઈજાતી તેહ વાર;
પછી તે હરિભક્તોયે ત્યાંય, પૂજ્યા પ્રેમસહિત હરિરાય. ૩૫
હેમ માદળીયું પહેરાવ્યું, લક્ષ્મીવરને હરિયે ધરાવ્યું;
એવી લીલા કરી બહુવાર, તેથી તે સ્થળ મહિમા અપાર. ૩૬
ધન્ય ધન્ય તે ધર્મશાળાને, વાજાલો વિચર્યા બહુ એહ સ્થાને;
ચારસેંય અને છન્નુંવાર, ફર્યા ત્યાં પ્રભુ પંક્તિ મોઝાર. ૩૭
પૂર્વ કોઠા માંહિ મુક્તાનંદ, રહેતા ઉર ધારી આનંદ;
ઘણી વાર તહાં ઘનશ્યામ, પોતે વિચર્યા છે પૂરણકામ. ૩૮

**પૂર્વછાયો :**

એ જ ઉગમણા બૂર્જથી, દક્ષિણાદિ દિશે હતું દ્વાર;
ત્યાં સંતને આવતાં જતાં, અડચણ પડી ઘણી વાર. ૩૯
ત્યારે સંતને જવા આવવા, વૃષનંદને કરીને વિચાર;
ત્યાં દરવાજો બીજો કર્યો, એવા કૃષ્ણ કૃપાળુ અપાર. ૪૦

**ચોપાઈ :**

દ્વાર આગળ ઓરડો જે છે, જેમાં પુસ્તક સંતોનાં રે'છે;
તે ઠેકાણે તો લીંબડો હતો, અતિસુંદર તેહ શોભતો. ૪૧
તહાં કાંકરીનો હતો ગંજ, બેસતા બહુ ત્યાં ભયભંજ;
ડેલું ગાડીયોનું જ્યાં છે આજ, સભા ત્યાં ભરતા મહારાજ. ૪૨
આજ કોઠાર છે જેહ ઠાર, હતું મેદાન ત્યાં કોઈવાર;
સભા ભરતા ભલી ભગવાન, સંત ગાતા ત્યાં સંગીત ગાન. ૪૩
દેવો આવતા બેસી વિમાન, પુષ્પવૃષ્ટિ થતી તેહ સ્થાન;
અહો ભાગ્ય અહો મહાભાગ્ય, એવી જગમાં જડે નહિ જાગ્ય. ૪૪
આજ છે અન્નની ખળી જ્યાંય, ત્રણ્ય ઓરડા તો હતા ત્યાંય;
રહેતા સંત માંદા તે ઠાર, જતા જોવાને જગદાધાર. ૪૫
ધર્મકુળની હવેલી મોઝાર, એક કૂપ છે આજ જે ઠાર;
હતો લીંબડો ત્યાં શુભ એક, કરી લીલા ત્યાં હરિયે અનેક. ૪૬
સભા સજતા તહાં ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
જમના બાઈએ એકવાર, શેલડી સુધારી કરી પ્યાર. ૪૭
ભ્રાતપુત્ર ચતુર દવે નામ, મોકલી તે સાથે તેહ ઠામ;
ભલો ભાવ તે ભક્તનો ભાળી, જમ્યા શેલડી ત્યાં વનમાળી. ૪૮





ખડકી હવેલીની છે જ્યાંય, બીજો લીબડો પણ હતો ત્યાંય;
સભા ત્યાં સજતા કદી શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ. ૪૯
હવેલીની જગ્યા પાસે નક્કી, ચુનો પીલવાની હતી ચક્કી;
આવી બેસતા ત્યાં ઘનશ્યામ, જોતા જે ચાલતું તેહ કામ. ૫૦
પદ અંકિત એ સ્થળ એથી, ધરે ધ્યાનમાં મુનિજન તેથી;
પૂર્વ ચોક જે મંદિર કેરો, પ્રસાદીનો છે તે તો ઘણેરો. ૫૧
તહાં પૂરી હતી દીપમાળ, જોઈ રાજી થતા વૃષલાલ;
સ્થાપ્યા લક્ષ્મીનારાયણ જ્યારે, યજ્ઞકુંડ કર્યો હતો ત્યારે. ૫૨
મોટો યજ્ઞ કર્યો મુનિનાથે, હૂતદ્રવ્ય હોમ્યાં નિજહાથે;
એવી લીલા કરી એહ ઠામ, કોટિ જીવ ઉદ્ધારવા કામ. ૫૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, કથા મેં કહી છે સુખકારી;
જગ્યા જે જે છે મંદિર પાસ, જ્યાં જ્યાં બેઠા ફર્યા અવિનાશ. ૫૪
મેં તો સંક્ષેપમાં વાત કહી, હશે બીજી ઘણી બાકી રહી;
જન જાત્રાયે આવે નિદાન, તેણે જાણવાં એટલાં સ્થાન. ૫૫
તે તે સ્થળની લીલાને સંભારી, નમે પ્રેમ સહિત નરનારી;
જે જે જગ્યામાં જૈ ન શકાય, તેને વંદન દૂરથી થાય. ૫૬
જેમ જન દેવદર્શન કરે, અંગોઅંગ અંતરમાં ન ધરે;
તે તો દર્શન નવ કહેવાય, લેશમાત્ર તેનું ફળ થાય. ૫૭
તેમ જાત્રાયે જે સ્થળ જાવું, ત્યાંના સ્થાનથી જાણીતા થાવું;
પૂછી કારણ ત્યાં નમે જ્યારે, થાય જાત્રા તો પૂરણ ત્યારે. ૫૮
નહી તો પશુ તીર્થમાં જાય, તેનું ફળ તેને કાંઈક થાય;
પણ જાણ્યા થકી ફળ જેવું, અણજાણ્યાને નવ થાય એવું. ૫૯

કહ્યાં સ્થાન તે તો તીર્થ અંગ, માટે જાણવાં આણી ઉમંગ;
હવે ગામ વિષે જે જે સ્થાન, ભાવે બેઠા ફર્યા ભગવાન. ૬૦
કથા તે તમને હું કહીશ, સુણજો ધરી સ્નેહ મહીશ;
ઘેર ઘેર ફર્યા ઘનશ્યામ, સ્થાન મુખ્યનાં લૈશ હું નામ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ નૃપ શુભ પામીને પ્રસંગ, પુર વરતાલ તણાં સુતીર્થ અંગ;
વૃષસુત કૃત જે પ્રસાદી સ્થાન, વરણન તેહ કરું હવે નિદાન. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે લક્ષ્મીનારાયણ - મંદિરસમીપ પ્રસાદીસ્થાન નિરૂપણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥***

**પૂર્વછાયો :**

હવે મંદિર થકી બાહરે, વળી ગામ વિષે જેહ સ્થાન;
જે જે પ્રભુની પ્રસાદીનાં, સુણો ભૂપ થઈ સાવધાન. ૧

**ચોપાઈ :**

હનુમાનના દ્વાર બહાર, દક્ષિણોત્તર ઓટલા સાર;
બહુવાર પ્રસંગને પામી, તહાં બેઠા ઉઠ્યા બહુનામી. ૨
ત્યાંથી દક્ષિણ માંહિ રહેતા, નાતે સાઠોદરા ડાહ્યા મેજાતા;
તેનું ઘર છે પ્રસાદી કેરું, પદ અંકિત પુનિત ઘણેરું. ૩
અહી મંદિર નવ હતું જ્યારે, તહાં ઉતરતા વર્ણી ત્યારે;
વળી ત્રીકમભાઈનું ફળિયું, કૃષ્ણે વિચરીને કીધું ઉજ્વળિયું. ૪
ત્યાંથી દક્ષિણમાં ધોરીભાઇ, ભાઇબાનાં છે ઘર સુખદાઈ;
તેના ફળિયામાં કૃષ્ણ ફર્યા છે, સંત વર્ણી સહિત વિચર્યા છે. ૫





ત્યાંથી પશ્ચિમમાં પછી ધારું, ઘર શામળભાઈનું સારું;
પ્રભુયે તે કર્યું છે પાવન, તેના ભાગ્ય ભલાં ધન્ય ધન્ય. ૬
વળી અંટોળદાસનું ફળિયું, પુણ્યશાળી તે જાણો પ્રબળિયું;
વસનદાસ ને દયાળદાસ, તેનો તે ફળિયામાં નિવાસ. ૭
ભાઈજી રાઈજી પાટિદાર, તેઓનાં ઘર પણ તેહ ઠાર;
મહારાજ ધરી મન મેહેર, વિચર્યા છે તે પ્રત્યેક ઘેર. ૮
હનુમાનના દ્વારથી પૂર્વે, ઘર છે એક જાણે છે સર્વે;
હતો ત્યાં શવદાસનો વાડો, કૃષ્ણ નાહ્યા છે ત્યાં કોઇ દાજાડો. ૯
બોચાસણના વાસી કાશીદાસ, જ્યારે આવતા શ્રીપ્રભુ પાસ;
શવદાસને ઘેર ઉતરતા, જમવા હરિને ત્યાં નોતરતા. ૧૦
શવદાસ તથા તેના ભ્રાત, નામે નારણદાસ વિખ્યાત;
બેયને ઘેર શ્રીબહુનામી, વિચર્યા સહજાનંદ સ્વામી. ૧૧
તેનું પામ્યા તરત ફળ તેહ, કહું આખ્યાન સાંભળો એહ;
એક દિન શવદાસ શરીરે, મંદવાડ વધ્યો ધીરે ધીરે. ૧૨
અંતકાળે લેવા જમ આવ્યા, જીવ લૈ જમપુરમાં સિધાવ્યા;
તેને જોઈ બોલ્યા ધર્મરાજ, શીદ લાવ્યા એને અહીં આજ. ૧૩
ત્યારે કિંકરે ત્યાં વાત કહી, એની આવરદા આવી રહી;
લેખું પુણ્ય ને પાપનું લેવા, અમે લાવ્યા એને તતખેવા. ૧૪
ધર્મરાય કહે સુણો દૂત, પ્રભુ પ્રગટ થયા છે અચ્યુત;
કહ્યો તેણે અહિંસાનો ધર્મ, શવદાસ સુણી લીધો મર્મ. ૧૫
શવદાસ ગયા સીમમાંય, જીવ મારતો પારધી ત્યાંય;
શવદાસે તેને સમઝાવ્યો, પાસલામાંથી મૃગને મુકાવ્યો. ૧૬

કોઈ વાટે જતા હતા સંત, તેણે જૈ કહ્યું જ્યાં ભગવંત;
સુણી બોલિયા ધર્મકુમાર, એની આયુષનો આવ્યો પાર. ૧૭
તજી દેહને સ્વર્ગમાં જાશે, જીવ ઉગર્યાનું ફળ થાશે;
કહે સંત અહો પરમેશ, એવા જનને જીવાડો વિશેષ. ૧૮

**કોણ વિશેષ જીવવા યોગ્ય તે વિષે : ઉપજાતિવૃત્ત :**

જેને દયા છે દિલમાં અપાર, ઘણા જનોનો જન પાળનાર;
જે કામ સારાં કરશે હંમેશ, એવા જનો તો જીવજો વિશેષ. ૧૯
જેના જશો આ જગમાં ગવાય, જેને જનો સૌ ચિત્તમાં ચહાય;
કાપે સદા જે પરના કલેશ, એવા જનો તો જીવજો વિશેષ. ૨૦
જે કોઈનું દીલ નહિ દુઃખાવે, કુકર્મથી અંતર લાજ લાવે;
જેનાથી થાશે કુળમાં ઉજેશ, એવા જનો તો જીવજો વિશેષ. ૨૧
જ્યાં કાંઈયે ઉત્તમ કામ થાય, ત્યાં લોક જેને સમરે સદાય;
સુકામમાં જેમ સ્મરે ગણેશ, એવા જનો તો જીવજો વિશેષ. ૨૨
કલ્યાણ સૌનું ચિત્તમાં ચહાય, કોઈ તણા શત્રુ કદી ન થાય;
જેને અદેખાઈ દિસે ન લેશે, એવા જનો તો જીવજો વિશેષ. ૨૩

**ચોપાઈ :**

જેણે પાશથી પ્રાણી મુકાવ્યો, જેને ધર્મ અહિંસાનો ભાવ્યો;
જીવ દૈવી દિસે ઘણો સારો, એનું આયુષ્ય નાથ વધારો. ૨૪
તમે સમરથ છો જગસ્વામી, ચાહો તે કરો અંતરજામી;
સ્વામી શક્તિ તમારી છે ઘણી, ઘણીનો કોઈયે નહિ ઘણી. ૨૫
ગિરિ શિખર ટિંટોડીને કાજ, જળ પ્રલય કર્યો મહારાજ;
તમે તેના ઉપર દયા આણી, જગપ્રલય કરી પાયું પાણી. ૨૬





સુણી વિનતિ બોલ્યા પરમેશ, જીવશે બાર વર્ષ વિશેષ;
એમ આયુષ ઈશ્વરે આપ્યું, કહો દૂતો તમે કેમ કાપ્યું ? ૨૭
થશો શ્રીહરિના ગુનેગાર, મૂકી આવો શરીર મોઝાર;
પછી દૂતો લઈ ગયા ત્યાંય, શબ બાંધ્યુતું ઠાઠડીમાય. ૨૮
જમે જીવને દેહમાં ઘાલ્યો, તેથી દેહ તેનો હાલ્યો ચાલ્યો;
ત્યારે સંબંધિયે બંધ છોડ્યા, હાથ સૌએ તે આગળ જોડ્યા. ૨૯
સ્વપ્નવત્ શવદાસને થયું, બધું વૃત્તાંત સર્વને કયું;
યમરાજે કહી હતી વાત, તેથી જાણ્યા પ્રભુ સાક્ષાત. ૩૦
પછી તે તો દુરગપુર ગયા, દઢ સત્સંગી ત્યાં જઈ થયા;
ભોળા લોકે તો ભ્રમણા જાણી, તેથી માની નહિ તેની વાણી. ૩૧
વળી વાસણ નામે સુતાર, પ્રસાદીનું છે એનું અગાર;
વાસુદેવ નારાયણ કેરો, જે છે ઓરડો પુનીત ઘણેરો. ૩૨
ગઢપુર માંહિ તે તો પ્રમાણો, એવું વાસણનું ઘર જાણો;
ઘણીવાર સભા સજી શ્યામ, ઘણી વાર જમ્યા તેહ ઠામ. ૩૩
નડીયાદના નાગર નામ, ગંગારામ ને મોહનરામ;
ઘેર વાસણને તે ઉતરતા, નાથને જમવા તે નોતરતા. ૩૪
તેમની બેન જે રેવાબાઈ, કરતાં રસોઈ સરસાઈ;
ભાવથી જમતા ભગવાન, તેથી ઉત્તમ છે તેહ સ્થાન. ૩૫
વળી જાદવ નામે સુતાર, જાણો તેવું જ તેનું અગાર;
નાગરાણી વડોદરા કેરાં, મોંઘીબા ત્યાં ઉતરતાં ઘણેરાં. ૩૬
ઘણીવાર તેણે તેહ સ્થાન, જમવા તેડિયા ભગવાન;
ગોર વનમાળીનું ઘર જે છે, પ્રભુજીની પ્રસાદીનું તે છે. ૩૭

પૂર્વચોક મંદિરનો છે જ્યાંય, તેનું અસલ હતું ઘર ત્યાંય;
શ્રીજીએ તેની પાસેથી લીધું, તેને બીજું ચણાવીને દીધું. ૩૮
તેની પુત્રી જે અવલબાઇ, જમાડ્યા તેણે ત્યાં સુખદાઈ;
સતસંગના સંન્યાસી જેહ, તેને ઘેર ઉતરતા તેહ. ૩૯
ધર્મશાળા વડેઉ માતાની, પ્રસાદીની છે તે નથી છાની;
મુક્તાનંદ આદિક મુનિરાય, ઘણી વાર ઉતરતા ત્યાંય. ૪૦
રહેનાર જે બુધેજ ગામ, ખોડાભાઇ હઠીભાઇ નામ;
તેઓને ધર્મશાળા મુકામે, સારો પર્ચો દિધો ઘનશ્યામે. ૪૧
એ જ ધર્મશાળા તણી પાસ, હરીભાઇ નરોત્તમદાસ;
તેઓનાં ઘર ત્યાંકણે જે છે, હરિ ચરણથી અંકિત એ છે. ૪૨
ધર્મશાળાથી દક્ષિણ પાસ, જ્યાં છે કુબેરદાસ નિવાસ;
તેના ફળિયા વિષે ઘણીવાર, વિચર્યા સંતસહિત મુરાર. ૪૩
બોચાસણથી જ્યારે આવેલા, ત્યારે શ્રીહરિ ત્યાં ઉતરેલા;
ત્યાં છે રણછોડદાસનું ઘર, તેમાં પણ ઉતર્યા હરિવર. ૪૪
રંગબાઇ તેની ઘરનારી, તેણે સેવા સજી ઘણી સારી;
વિપ્ર પાસે રસોઇ કરાવી, જમાડ્યા પ્રભુને પ્રેમ લાવી. ૪૫
રહે ત્યાં થકી પશ્ચિમ માંઇ, દલાભાઈ તથા જોરાભાઇ;
તેનું ફળિયું કર્યું છે પવિત્ર, વાલો વિચર્યા સાથે લઇ મિત્ર. ૪૬
નારાયણગર બાવાનો મઠ, પ્રસાદીનો છે તે તો ઝપટ;
ઘણીવાર બિરાજ્યા છે સ્વામી, સહજાનંદ અંતરજામી. ૪૭
ઘણીવાર જમ્યા ગિરિધારી, ઘણીવાર સભા સજી સારી;
ભાળી ગોસાઇનો ભાવ સારો, મુક્તાનંદાદિ કરતા ઉતારો. ૪૮





છ છ માસ સુધી કર્યો વાસ, કર્યો ત્યાં રહિ જ્ઞાનપ્રકાશ;
નારાયણગરજી તણા ચેલા, પરષોત્તમગરજી થયેલા. ૪૯
તેના રગનાથગર રૂપગર, સૌએ સેવ્યા સદા હરિવર;
મઠ છે રામચંદ્રગિરીનો, જાણો તે પણ છે પ્રસાદીનો. ૫૦
પ્રભુ ત્યાં જઇ પેંડા જમ્યા છે, રામચંદ્રગિરિને ગમ્યા છે;
મહાભક્ત મુળજી સુતાર, અતિચતુર તેના પુત્ર ચાર. ૫૧
પુંજો બેચર ને ત્રીજો લાલો, ચોથો અંબાઇદાસ દયાળો;
ચારેને ઘેર જે ભગવાન, કર્યા છે તે પ્રસાદીનાં સ્થાન. ૫૨
જમ્યા છે કોઈને ઘેર હરિ, કોઇને ઘેર જૈ સભા ભરી;
પગી જોબનનું ઘર જે છે, અતિ અધિક પ્રસાદીનું એ છે. ૫૩
નારાયણમોલને કહું જેવો, મહિમા તેના ઘરનો છે તેવો;
મેડીની ઉત્તરાદી જે બારી, તહાં બેસતાં ભવભયહારી. ૫૪
નીચે મેદાનમાં સભા થાતી, બ્રહ્મવિદ્યાની વાતો વંચાતી;
ઘણી લીલા કરી તે ઠેકાણે, તે તો સર્વે જૂના જન જાણે. ૫૫
સૂરજબા તથા રળિયાતબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઇ;
પગી જોબનની પુત્રી બેય, મહામુક્ત સહુ કો કહેય. ૫૬
પગી સુંદર ને પગી દલો, ત્રીજો તો શકરો પગી ભલો;
તેઓને ઘેર વિચર્યા છે હરી, કૃપાનાથ કૃપા ઉર ધરી. ૫૭
પગી જોબનના ઘરમાંય, ભક્તભીડ થતી હતી ત્યાંય;
ત્યારે ઝાલા પગી તણે ઘેર, પોઢતા પ્રભુ જૈ રુડીપેર. ૫૮
વન ફરતા આવ્યા હરિ જ્યારે, પગી જોબનભાઈએ ત્યારે;
દેવકરણ પગીતણે ગેહ, જાણી એકાંત ઊતાર્યા તેહ. ૫૯

જુહજી વખતો પગી જગતો, ઘેર તેડતા હરિને તે ભગતો;
વળી ઘર જે વજા પગી તણું, પ્રભુએ કર્યું પાવન ઘણું. ૬૦
તેની પુત્રી જે અમરબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઈ;
પગી ગુણીયલ નામે ગણેશ, તેને ઘેર જતા પરમેશ. ૬૧
રામબાઈ તેની સુતા જેહ, સાંખ્યયોગી સારાં હતાં તેહ;
બામણોલિયા ઉજમ પગી, ભજતા પ્રભુને તે ઉમંગી. ૬૨
ગંગાબાઈ જેતલપુર તણાં, વરતાલમાં આવતાં ઘણાં;
તે પગીને તે ફળિયે ઉતરતાં, મહારાજને જમવા નોતરતાં. ૬૩
ત્રણ વિપ્રના પુત્રોને જોઈ, દીધી શ્રીહરિયે ત્યાં જનોઈ;
તેહ બાળકનાં કહું નામ, જોશી ડભાણના દયારામ. ૬૪
બીજા નાગર માણસા ગામ, એનું નામ તો અનોપરામ;
ત્રીજા વડથલના વલાદરા, નામે જાદવજી દ્વિજ ખરા. ૬૫
શામે દીધી જનોઈ તે જ્યારે, કર્યો ઉત્તમ ઉત્સવ ત્યારે;
વિપ્રકેરી જમાડી ચોરાશી, ધન્ય અક્ષરધામના વાસી. ૬૬
સમૈયો જ્યારે સારો ભરાતો, ત્યારે ઉતારો ઘેર ઘેર થાતો;
જમવા પ્રભુજીને નોતરતા, ઘેર ઘેર તેથી હરિ ફરતા. ૬૭

**પુષ્પિતાગ્રા :**

પ્રભુપદ પરસ્યા વિનાનું ક્યાંઈ, નથી ઘર તો વરતાલગામ માંઈ;
પણ ઘર અતિમુખ્ય તે ગણાવ્યાં, સ્મૃતિ અનુસર સનેહથી સુણાવ્યાં. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયનૃપસંવાદે વૃત્તાલયે શ્રીહરિ-પ્રસાદીકૃતગૃહનિરૂપણનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥***





**પૂર્વછાયો :**

વળી કહું વરતાલનાં, ગામ બહાર જે જે સ્થાન;
જ્યાં વિચર્યા કે જ્યાં વસ્યા, ભક્તિતનુજ ભગવાન. ૧

**ચોપાઈ :**

ગામથી પૂર્વ દિશનું તળાવ, તેમાં નાહ્યા મનોહર માવ;
ઘણીવાર ત્યાં નટવર નાથે, જળકેળી કરી સખા સાથે. ૨
હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામશરીર;
હનુમાન પ્રસાદીના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા. ૩
સમૈયાને દિને એકવાર, આવ્યા દર્શને લોક અપાર;
હનુમાનને ધાબે બિરાજી, કૃષ્ણે દર્શન સૌને દીધાંજી. ૪
કૂવો કાંઠે તળાવને જેહ, પ્રભુની છે પ્રસાદીનો તેહ;
પ્રભુ પ્રથમ પધાર્યા જે કાળે, તે કૂવા થકી પશ્ચિમ પાળે. ૫
પોતે બેઠા હતા ધરી ધ્યાન, પગી જોબન આવ્યા તે સ્થાન;
કોઈ મોટા જોગીરાજ જાણી, ગામમાં લૈ ગયા ભાવ આણી. ૬
તે તલાવથી ખુણે ઈશાન, એક આંબો હતો શોભામાન;
અમદાવાદના હરિજને, દીધી રસોઈ ત્યાં એક દને. ૭
રંગદાર રંગોળી પુરાવી, શામહસ્તે સેવો પીરસાવી;
જમ્યા સંત તથા સહુ પાળા, પ્રભુ કીધી પવિત્ર રસાળા. ૮
એ જ આંબે હીંડોળો બંધાવી, ઝુલ્યા છે જગજીવન આવી;
ગામથી પૂર્વમાં જ્ઞાનબાગ, પ્રસાદીનો છે એ તો અથાગ. ૯
હાલ બેઠક છે જે જગ્યામાં, હતો આંબલો વાયુ દિશામાં;
ન ફળે એવી આંબલી જેહ, કહેવાય છે આંબલો એહ. ૧૦

તેની ડાળ તણી તો લંબાઈ, હતી બેઠક સુધી છવાઈ;
તેહ ડાળે હીંડોળો બંધાવી, અક્ષરાધીશ ઝુલ્યા છે આવી. ૧૧
સજીને ત્યાં સભા ઘણીવાર, બિરાજ્યા છે શ્રીધર્મકુમાર;
ચારે પાસ તે આંબલા ફરતા, ટાંગી ઝોળિયો સંત ઉતરતા. ૧૨
ત્યાંથી ઉગમણી બે આંબલિયો, ભભકાદાર દિસતી ભલિયો;
તહાં બેસીને ભક્તિનો લાલ, જમ્યા છે જગજીવન થાળ. ૧૩
ત્યાંથી પૂર્વમાં રાયણ હતી, જમ્યા થાળ ત્યાં સંતના પતિ;
ત્યાંથી પૂર્વમાં એની જ ઓળે, આંબે નાથ ઝુલ્યાતા હિંડોળે. ૧૪
જુઓ બેઠકથી પૂર્વભાગે, હોજ બે જોતાં સુંદર લાગે;
રુડો તેમાં ભરાવીને રંગ, રમ્યા શ્રીહરિ સંતને સંગ. ૧૫
હોજ પૂર્વનો સંતને આપ્યો,તેથી પશ્ચિમે પોતાનો થાપ્યો;
અગ્નિખૂણામાં બેઠક થકી, આંબા બેય રહ્યા હતા ઝુકી. ૧૬
બાંધ્યો હીંડોળો ત્યાં બહુ સારો, તેમાં ઝુલ્યા છે ધર્મદુલારો;
ફુલડોળનો દિવસ તે હતો, થયો ઉત્સવ શ્રેષ્ઠ શોભતો. ૧૭
ત્યાંથી બાવળ પશ્ચિમમાંય, માથે નોબત મૂકતા ત્યાંય;
શ્રીજી જ્યારે સભામાં પધારે, તે નોબત બજાવતા ત્યારે. ૧૮
કાં તો ઉત્સવની ઘડી આવે, ચિદાનંદ નોબત બજાવે;
આંબલા થકી નૈરૂત માંય, કેદારેશ્વર છે શિવ ત્યાંય. ૧૯
કૃપાનાથે કૃપા ઉર ધરી, તેની જગ્યા પ્રસાદીની કરી;
દિશ બેઠકથી જે ઈશાન, કૂવો મોઈડિયાનો તે સ્થાન. ૨૦
કૂવો મૂળજી પટેલ કેરો, આજ પ્રખ્યાત છે તે ઘણેરો;
વસ્ત્ર રંગવાળાં ધરી અંગે, તેમાં નાહ્યા છે નાથ ઉમંગે. ૨૧





દક્ષિણાદો બેઠક થકી ભાળો, કુવો વિખ્યાત વેરાગીવાળો;
પ્રભુકેરી પ્રસાદીનો છેય, મોટા મુનિજન એમ કહેય. ૨૨
ભલો ગામથી ઈશાન ભાગ, રુડો છે જહાં વિશાળબાગ;
હરિચરણથી અંકિત એ છે, વૃંદાવન થકી ઉત્તમ જે છે. ૨૩
લક્ષ્મીનારાયણ પધરાવ્યા, કંકોતરિયા ત્યારે મોકલાવ્યા;
ત્યારે ગાયકવાડની વતી, નારુપંત આવ્યા સેનાપતી. ૨૪
વિશાળાબાગે કીધો ઉતારો, ભાગ ભૂમિનો ભાળીને સારો;
હેતથી ત્યાં તેડાવિયા હરિ, બાગમાં પધરામણી કરી. ૨૫
હાલ મોટો કૂવો છે જે ઠામ, પધરાવિયા ત્યાં ઘનશ્યામ;
પુરા પ્રેમ વડે પૂજા કરી, હેત દેખીને રીઝિયા હરિ. ૨૬
ધન્ય ધન્ય વિશાળાબાગ, ધન્ય ધન્ય તે ભૂમિનાં ભાગ્ય;
ધ્યાની ધ્યાનમાં તેને ધરે છે, સદા તેહ સમયને સ્મરે છે. ૨૭

**ભુજંગીછંદ :**

બીજા બાગમાં ઝાડનાં ઝુંડ થાય, સમો વીતતાં તેહ સુકાઈ જાય;
શુચિ[૧] બાગમાં પુણ્યનાં બીજ વાવે, ઉગી નીકળે લક્ષધા લાભ આવે. ૨૮
ભલે હોય હેમંત કે ગ્રીષ્મ રત્ય, ફળો બારમાસી ફળે ત્યાં અમૃત્ય;
જઈ જાણીને સ્વાદ લે એહ ઠામે, ફરી જન્મ કે મૃત્યુ તે તો ન પામે. ૨૯

**ચોપાઈ :**

નરસંડા થકી એકવાર, આવતા હતા ધર્મકુમાર;
વિશાળાબાગથી પૂર્વ ભાગે, એક ખેતર સુંદર લાગે. ૩૦
વખતો જગતો પગી ભ્રાત, તેનું ખેતર તેહ વિખ્યાત;
તેનું નામ ઉમૈડાવાળું, રાયણોથી દિસે છે રૂપાળું. ૩૧



૧.પવિત્રતાના

જીજીબા વખતા તણી માય, તે તો તે અવસર હતાં ત્યાંય;
ફળ રાયણનાં તે સંઘરતાં, સૂકવીને કોકડિયો કરતાં. ૩૨
બોલ્યાં તે પ્રભુને શિર નામી, ભલે આવીયા અંતરજામી;
ક્યાંથી ભેટ કરૂં ફળ સારાં, ફળ આ તો છે ડાંસ[1] દેનારાં. ૩૩
મારા મનમાં તો છે ઘણો ભાવ, પણ શું કરું શ્રીહરિરાવ ?
એવો ભાળીને ભાવ અપાર, બોલ્યા પ્રીતમ પ્રાણ આધાર. ૩૪
લાવો તે તો છે ફળ બહુ સારાં, હવેથી સદા સારાં થનારાં;
હવે તેમાં નહિ રહે ડાંસ, દેજો લક્ષ્મીપતિને દશાંશ. ૩૫
પછી ડોશીયે તે ફળ દીધાં, કૃપાનાથે કૃપા કરી લીધાં;
ફળ રાયણનાં થયાં મીઠાં, તે તો દષ્ટિયે બહુ જને દીઠા. ૩૬
એક અવસરે શ્રી મહારાજ, રંગ ઉત્સવનું કરી કાજ;
પીપળાદે કૂવે જઇ નાહ્યા, તહાં સંતોએ હરિગુણ ગાયા. ૩૭
પ્રભુ મજ્જનનું જળ લૈને, નાંખ્યું સંતોએ કૂપમાં જઈને;
તહાં વિપ્ર બે કરતાં રસોઈ, તેણે ધાર્યું પ્રભુ સામું જોઈ. ૩૮
હોયે ઉત્તમ અન્ન જો આજ, બોલાવી જમાડું મહારાજ;
કોદરા રોટલા મઠ દાળ, જમો કેમ કહું ધર્મલાલ ? ૩૯
જાણી અંતરજામીએ વાત, વિપ્ર પાસે ગયા સાક્ષાત;
દાળ રોટલો માંગીને લીધો, ભાવ લાવીને બ્રાહ્મણે દીધો. ૪૦
જમ્યા જુગતીયે જગજીવન, માની લીધું તે ઉત્તમ અન્ન;
ભાવથી જ રીઝે ભગવાન, વિના ભાવે તજે પકવાન. ૪૧

**ભાવથી દાન કરવા વિષે : ઉપજાતિવૃત્ત :**

છે સ્વાદ તો આદર ભાવ માંહી, ઘી ગોળ કે સાકરમાં ન કાંહી;



૧.ડચૂરો, કૂચો



દે સુખડી જ્યાં શુળીયે ચડાવે, મીઠી છતાં તે જરીયે ન ભાવે. ૪૨
પ્રેમે કરીને જળ કોઈ પાય, મિષ્ટાન્નથી સ્વાદ ઘણો જણાય;
અભાવથી જો જન દૂધ આપે, તે દૂધમાં સ્વાદ કશો ન વ્યાપે. ૪૩
માગ્યા વિના દે પય તે પ્રમાણો, માગી લીધું તે જળતુલ્ય જાણો;
અત્યાગ્રહે ખેંચી લીધું નિદાન, તે જાણવું શોણિત[1]ની સમાન. ૪૪
જે ભાવથી દાન ભલું કરાય, તે દાનનું તો ફળ શ્રેષ્ઠ થાય;
આપે અભાવે વળી લોકલાજે, તે દાન તો નિષ્ફળતા જ કાજે. ૪૫
જે દાન દે કામ કશું કરાવી, દે દાન દે વસ્તુ સડેલી લાવી;
કે દાન દૈ આપ ફુલાઇ ગાજે, તે દાન તો નિષ્ફળતા જ કાજે. ૪૬

**ચોપાઈ :**

હવે સાંભળો સુજ્ઞ રાજન, પ્રસાદીનાં કહું સ્થાન અન્ય;
એક સોનારકૂઇ છે સારી, પ્રસાદીની કરી છે મુરારી. ૪૭
વળી ત્યાં છે રુડા વડ બેય, જાણો તેહ પ્રસાદીના છેય;
ઉમરેઠથી આવતા જ્યારે, વડ હેઠે ઉતરતા ત્યારે. ૪૮
એ જ કૂઇતણું જળ પીતા, તેથી જાણવી પરમ પુનિતા;
ત્યાંથી ઉત્તરે ગોપીતળાવ, તેમાં નાહ્યા મનોહર માવ. ૪૯
પૌંવા દૂધ સંતોને જમાડ્યા, વળી રાત્રિયે રાસ રમાડ્યા;
એવી લીલા કરી છે અમૂલ્ય, તેથી તે તો વૃંદાવનતુલ્ય. ૫૦
રુડી સોનારકૂઇ જે કહી, ત્યાંથી દક્ષિણમાં જુઓ સહી;
ખરી માતા છે ત્યાં ખોડિયાર, તહાં વિચર્યા છે ધર્મકુમાર. ૫૧
રંગ ઉત્સવ ગામમાં કરી, ઘોડે બેસી પધારીયા હરિ;
પગી જોબન આદિક મિત્ર, હતા સાથે તે પરમ પવિત્ર. ૫૨



૧.લોહી રૂધીર

છાંટ્યો જૈ ખોડિયારને રંગ, કર્યું રંગમાં રસબસ અંગ;
તેથી ભક્ત થઈ તે તો દેવી, તેની વાત સુણો કહું કેવી. ૫૩
કોઈ ભીલ્લે જઇ બાધા લીધી, પશુ હણવાની માનતા કીધી;
તેને સ્વપ્નમાં દેવી દેખાઈ, ક્હ્યું ભક્ત થઇ હું તો ભાઇ. ૫૪
હવે હિંસા કરે મુજ પાસ, તેનું કાઢીશ હું સત્યાનાશ;
ઈચ્છા એવી દેવી તણી જોઇ, તહાં હિંસા કરે નહિ કોઈ. ૫૫
રસ્તે આવે જતાં જોળ્ય ગામ, સરોવર શુભ ટાડણ નામ;
તેમાં સંત સખા લઇ સાથ, ઘણી વાર નાહ્યા મુનિનાથ. ૫૬
તેનો પશ્ચિમનો જે કિનારો, મધ્યભાગ કિનારાનો સારો;
ધર્મકુળ તણો પ્રથમ મેળાપ, કર્યો તે સ્થળમાં પ્રભુ આપ. ૫૭
ધર્મકુળના પુરુષ અને નાર, ગયાં આવ્યાં દેશે ઘણીવાર;
કોઈવાર મળ્યા લોયાગામે, કદી તો કારિયાણીને ઠામે. ૫૮
મળ્યા દુર્ગપુરે કોઈ વાર, જુદા મેળાપના છે પ્રકાર;
પણ પ્રથમ મેળાપ જે થયો, તે તો ટાડણને તીર કહ્યો. ૫૯
માટે તે સ્થળ માહાત્મ્ય મોટું, નથી પુષ્કરરાજથી છોટું;
પંપાસરોવર તો શા હિસાબે ?, માનસરોવરને પણ દાબે. ૬૦

**પુષ્પિતાગ્રા :**

હરિ વિચરણ ભૂમિ હોય જેહ, પરમ પવિત્ર ગણે મુનીન્દ્ર તેહ;
જપ તપ વ્રત દાન ત્યાં કરાય, ફળ અવિનાશી અનંત તેનું થાય. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયનૃપસંવાદે વૃત્તાલયે સીમ્નિશ્રીહરિ-વિચરણસ્થાનનિરૂપણનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥***





**પૂર્વછાયો :**

વળી સુણો વરતાલની, શુચિ સીમ વિષે જે સ્થાન;
જ્યાં જગજીવન વિચર્યા, ભયભંજન શ્રીભગવાન. ૧

**ચોપાઈ :**

ગામથી દિશા નૈરુતમાંય, ધના નામે તળાવ છે ત્યાંય;
હરિ ત્યાં બહુ નાહ્યા ઉમંગે, કોઇવાર રંગાયેલે અંગે. ૨
એકવાર શ્રીધર્મકુમાર, માફો જોડાવી કીધો તૈયાર;
મુક્તાનંદાદિ સદગુરુ જેહ, માવે માફામાં બેસાર્યા તેહ. ૩
શ્રીજી પોતે તો સારથી થયા, નાવા ધના તળાવે તે ગયા;
હાંક્યો અર્જુનનો રથ જેમ, હાંક્યો સંત તણો રથ તેમ. ૪
તે તળાવનું જાણવું આમ, બીજું ચંદનતળાવડી નામ;
પગી જોબને જગ્યા તે જોઇ, ઘણીવાર ત્યાં દીધી રસોઇ. ૫
શાવજી કૂવો છે વળી સારો, કરતા પ્રભુ ત્યાં તો ઉતારો;
પછી ત્યાંથી સજી અસવારી, આવતા વરતાલ મુરારી. ૬
તેની પાસેનાં ખેતર જેહ, પ્રભુચરણ અંકિત છે એહ;
સંતમંડળ પણ ત્યાં ઉતરતાં, દીનબંધુનાં દર્શન કરતાં. ૭
પધરાવ્યા લક્ષ્મીપતિ જ્યારે, પગી જોબન ભક્તે તે વારે;
શાવજીકૂવાથી તો દક્ષિણમાં, કર્યું ખેતર ભેટ તે ક્ષણમાં. ૮
પગી સાથે તે જોવાને કાજ, સંતસહિત ગયા મહારાજ;
બહુ રાજી થયા હરિ જોઇ, દીધી ત્યાં તે પગિયે રસોઇ. ૯
આખા ખેતરમાં પ્રભુ ફર્યા, અડવાણે પગે જ વિચર્યા;
વળી એમ બોલ્યા અવિનાશ, તમે સાંભળો જોબનદાસ. ૧૦

અર્પ્યું ઠાકોરને આ રુપાળું, નામ આજથી ઠાકોરવાળું;
રાજી થૈ બોલ્યા સૌ તતખેવ, જય લક્ષ્મીનારાયણદેવ. ૧૧
દિશા નૈરુત મંદિર થકી, એક વત્સાતળાવ છે નક્કી;
દુર્ગપુરે જતાં એકવાર, તહાં બેઠાજાતા ધર્મકુમાર. ૧૨
ઘણી કેરિયો ત્યાં ભેટ આવી, નાથે સંતોને દીધી વ્હેંચાવી;
એક કર્ણાપગી તણો કૂવો, બીજો અંટોળદાસનો જૂવો. ૧૩
ત્રીજો જંડિયો જે કહેવાય, ફાજીવાળો તે ચોથો ગણાય;
તેને બોરડીવાળો કહે છે, કૂવા સર્વે પ્રસાદીના એ છે. ૧૪
ગંગાજળિયો કુવો છે પ્રસિદ્ધ, પ્રભુયે તેને પાવન કીધ;
ત્યાં થકી સભામંડપ જ્યાં છે, જગ્યા સર્વે પ્રસાદીની ત્યાં છે. ૧૫
મંદિરેથી જે ઉત્તરભાગ, બન્યો જ્યાં છે નારાયણબાગ;
જુઓ જગ્યા તહાં સુધી જે છે, હરિચરણથી અંકિત એ છે. ૧૬
ગામ પટેલ આદિકે જ્યારે, આપી તે બાગની ભૂમિ[1] ત્યારે;
શ્રીજીએ કહ્યું દાદાગુરૂને, કરી બાગ શોભાવો આ ભૂને. ૧૭
પ્રભુતાનંદજી સંત જેહ, કહેવાતા દાદાગુરુ તેહ;
કૂવો ખોદાવ્યો શ્રીજીયે ત્યાંય, નાહ્યા તે જળથી હરિરાય. ૧૮
સ્નાનનું જળ તે બધું રાખ્યું, દાદાગુરુયે તે કૂપમાં નાંખ્યું;
તહાં બાગ બનાવિયો સારો, દેખી બોલિયા ધર્મદુલારો. ૧૯
આનું નામ નારાયણબાગ, નારાયણ કૂપ જાણો આ જાગ;
બાગ તે સ્થળમાં મન ભાવ્યો, પ્રભુયે પાસે રહીને કરાવ્યો. ૨૦
તેનાં ફળ પરમેશ્વર જમ્યા, જમતાં જનને મન ગમ્યા;
આજ મંદિર છે જેહ ઠામ, હતો તે સ્થળમાં તે આરામ[2]. ૨૧



૧.પૃથ્વીને ૨.બગીચો



તહાં ધર્મશાળા દિસે જ્યાંય, તેમાં ઉત્તમ ઓટો છે ત્યાંય;
તહાં બેસી જમ્યા છે જીવન, તે તો જાણે છે સૌ મુનિજન. ૨૨
નારાયણબાગની ભૂમિ જેહ, જાણો સર્વે પ્રસાદીની તેહ;
મીઠો કૂવો છે બાગ બહાર, પ્રસાદીનો સદા સુખકાર. ૨૩
ત્યાંથી વાયુની દિશા મોઝાર, હતું ધારુ તળાવ તે ઠાર;
પંચોતેરાની સાલમાં તેહ, આપ્યું ગામ પટેલોએ એહ. ૨૪
અગ્નિખૂણની આપી જમીન, અતિ પ્રેમ વિષે થઈ લીન;
પ્રભુયે તે કરી અંગિકાર, અનુકંપા કરીને અપાર. ૨૫
તે તળાવ વિષે જળ કાજે, ખોદાવ્યો વિરડો મહારાજે;
કર્યો ઓટો તળાવની પાળે, સભા ત્યાં ભરતા તેહ કાળે. ૨૬
તેથી પ્રથમ તો જ્યાં જ્ઞાનબાગ, સભા ભરતા ભાળી ભલો ભાગ;
અગન્યાએંશીનું વર્ષ આવ્યું, ત્યારે ધારુ તળાવ ખોદાવ્યું. ૨૭
હતું ઝાડ કદંબનું ત્યાંય, તેને થડ બેસતા જગરાય;
ચાલતું જે ખોદવાનું કામ, જોતા ત્યાં રહી સુંદરશામ. ૨૮

**પૂર્વછાયો :**

એક સમે અક્ષરપતિ, ભાઈ રામપ્રતાપ સહીત;
કદંબતળે ઉભા હતા, તેનું પ્રેમસખીયે કર્યું ગીત. ૨૯

**ચોપાઈ :**

મધ્યભાગ તળાવનો જ્યાંય, ઝાડ કોઠીતણું હતું ત્યાંય;
તહાં જૈ બેસતા ઘનશ્યામ, જોતા ખોદ્યાનું ચાલે તે કામ. ૩૦
તેહ જગ્યાનું માહાત્મ્ય જાણી, અતિ અંતરમાં મુદ આણી;
ભગવત્પ્રસાદે ભલી રીતે, એક ઓટો કરાવ્યો છે પ્રીતે. ૩૧

દક્ષિણાદે કાંઠે આંબા બે છે, પ્રભુજીની પ્રસાદીના તે છે;
ત્યાંથી દક્ષિણમાં બીજા બેય, આંબા તે પ્રસાદી તણા છેય. ૩૨
ગોમતી કામ ચાલતું જ્યારે, એક ઝૂંપડી ત્યાં કરી ત્યારે;
રહેતા તહાં માધવદાસ, તેમાં પોઢ્યા જમ્યા અવિનાશ. ૩૩
માટે તે અતિ ઉત્તમ સ્થાન, જહાં બેઠા ઘણું ભગવાન;
જ્યારે આવી એકાશીની સાલ, માસ ચૈત્ર વસંત રસાળ. ૩૪
સચ્ચિદાનંદ સ્વામી ત્યાં આવ્યા, દ્વારિકા થકી ગોમતી લાવ્યા;
સ્થિર ધારુતળાવમાં સ્થાપી, પ્રાપતી પ્રભુપદ તણી આપી. ૩૫
ત્યારે અદભૂત ઉત્સવ કીધો, ડંકો જીતનો દેશમાં દીધો;
તેહ દિવસથી ત્યાંજ હંમેશ, સજતા સભા શ્રીપરમેશ. ૩૬
છત્રી ગોમતીથી પૂર્વે જે છે, અતિશે જ પ્રસાદીની એ છે;
ત્યાંથી ઉત્તરમાં ખીજડો છે, દશરા દિને તેને પૂજ્યો છે. ૩૭
છત્રીથી તો આથમણે કિનારે, હતી રાયણો બે અતી ભારે;
તહાં પણ પ્રભુ બેસતા ક્યારે, કામ થાતું તળાવનું જ્યારે. ૩૮
ત્યાંથી પંદર પગલાં ઉત્તરમાં, હતી કોઠી ત્યાં તે અવસરમાં;
પ્રભુ જૈ બેસતા તેને છાંયે, પૃથ્વી કીધી પ્રસાદીની ત્યાંયે. ૩૯
ગોમતીતણે ઉત્તર તીર, એક આંબો છે ગેર ગંભીર;
બિરાજ્યા છે તહાં બહુનામી, અક્ષરાતીત અંતરજામી. ૪૦
ગોમતી થકી વાયવ્ય ભાગ, રુડો છે ત્યાં રઘુવીરબાગ;
પગી જોબન આદિક તણાં, હતાં ખેતર ત્યાંકણે ઘણાં. ૪૧
વૃષનંદન ત્યાં વિચર્યા છે, બધા ખેતરમાં તે ફર્યા છે;
બાગથી જે આથમણો છે કૂવો, ત્યાંથી પૂર્વદિશા જઈ જુઓ. ૪૨



હતો આંબો ત્યાં એક રૂપાળો, ગેર ગંભીર વિસ્તારવાળો;
તહાં વર્યાળી બાઇયે આવી, હિંદુસ્તાનની રસોઇ બનાવી. ૪૩
જમ્યા ભાવસહિત ભગવંત, જમાડ્યા વળી સર્વે સુસંત;
પોંક બાજરી આદિક કેરો, જમ્યા બાગમાં હરિ બહુ ફેરો. ૪૪
ગોમતીથી ઈશાનમાં જુવો, પગી સુંદરનો ત્યાં છે કૂવો;
જઇ નાહ્યા છે શ્રીહરિ ત્યાંય, રંગખેલ કરી ગામમાંય. ૪૫
એહ આદિક અગણિત સ્થાન, વિચર્યા છે અહિં ભગવાન;
જે જે મારી સ્મૃતિ વિષે આવ્યાં, મુખ્ય મુખ્ય મેં તમને સુણાવ્યાં. ૪૬

**યાત્રાળુના ધર્મ વિષે : ઉપજાતિવૃત્ત :**

જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ;
તે સ્થાન તો ઉત્તમ તીર્થ થાય, પવિત્ર તે તીર્થ વિષે થવાય. ૪૭
રજે જળે થાય પવિત્ર તન, માહાત્મ્યથી થાય પવિત્ર મન;
જે તીર્થયાત્રા કરવા જ જાવું, માહાત્મ્ય તેનું સુણવા ચહાવું. ૪૮
માહાત્મ્ય મધ્યે શુભ હોય જ્ઞાન, અનિત્યને નિત્ય તણું નિદાન;
તે જ્ઞાનથી તો પ્રભુભક્તિ ભાવે, વૈરાગ્ય તો અંતર માંહિ આવે. ૪૯
તો વાસના અંતરમાંથી તૂટે, તેથી જ ભારે ભવબંધ છૂટે;
તીર્થે જઇ જ્ઞાન લીધું ન લેશ, તો ગંગમાં ગર્દભનો પ્રવેશ. ૫૦
જો તીર્થ માટે ઘર છોડી ચાલે, તો બ્રહ્મચર્યાદિક વ્રત પાળે;
જો તે ન પાળે ફળ તો ન પામે, તીર્થે કરે તે દઢ પાપ જામે. ૫૧
જે અન્યક્ષેત્રે કૃત પાપ હોય, તે તીર્થ કીધાથી રહે ન કોય;
જો તીર્થમાં પાપ કદી કરાય, તે કોઈ કાળે નહિ રે છુટાય. ૫૨
તીર્થે જઈને પરઅન્ન ખાય, તેને જ તે તીર્થનું પુણ્ય જાય;

તીર્થે જવું ત્યાં જમી એકવારે, ભોંયે પથારી કરવી જ ત્યારે. ૫૩
તીર્થે જવું ત્યાં સુણવી કથાય, જવા ન દેવી ઘડિયે વૃથાય;
જઇ વળી તીરથ ભૂમિમાંઈ, ધંધો બીજો તો કરવો ન કાંઈ. ૫૪
જગ્યા પ્રસાદી વીણ જેહ હોય, જવું ન જોવા શુભ હોય તોય;
નટાદિના ખેલ તહાં ન જોવા, જો તીર્થ જઈયે નિજપાપ ખોવા. ૫૫
તીર્થે જવું સદ્ગુરુ ગોતવાને, તીર્થે જવું તે પ્રભુ પામવાને;
ત્યાં મોજ કે શોખ કરે જઇને, તે આવશે પાપ પુરું લઈને. ૫૬
તીર્થે જઈને નહિ જ્ઞાન પામ્યો, તેણે બધો કાળ વૃથા જ વામ્યો;
પ્રભુતણું જ્ઞાન તહાં પમાય, ત્યારે જ જાત્રા પરિપૂર્ણ થાય. ૫૭

**પુષ્પિતાગ્રા :**

સુણ નરપતિ વાત પૂછી જેહ, મુજ મતિ તુલ્ય કહી વિચારી તેહ;
ગણિગણિ તુજને કહ્યાં નિદાન, પુર વરતાલ તણાં પ્રસાદી સ્થાન. ૫૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે સીમ્નિશ્રીહરિ-વિચરણસ્થાનનિરૂપણનામા એકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥***

**પૂર્વછાયો :**

ભાખે અભેસિંહ ભૂપતિ, સુણો વિનતિ વરણીરાય;
ઈચ્છા અધિક ઉર ઊપજી, આપ મુખથી સુણવા કથાય. ૧

**ચોપાઈ :**

પ્રશ્ન પૂછું તે ઉત્તર આપો, મારા મન તણો સંશય કાપો;
સંપ્રદાય આ ઉદ્ધવી કેરાં, મોટાં મંદિર તો છે ઘણેરા. ૨
ધાતુ પાષાણની પ્રતિમાય, ભલી ભાસે છે મંદિર માંય;





શ્રીજીયે જ સ્વહસ્તે જે થાપી, ક્યાં ક્યાં પ્રેમીને પૂજવા આપી. ૩
અનુક્રમથી કહો મને આજ, સ્થાપી પ્રથમથી ક્યાં મહારાજ;
બોલ્યા વર્ણી રાજી થઈ બહુ, તમે સાંભળો તે હવે કહું. ૪
સ્થાપ્યા પ્રથમ તો ગઢપુર જયાંય, વાસુદેવને ઓરડામાંય;
ધર્મભક્તિ તેની જોડે સ્થાપ્યાં, એનાં ઐશ્વર્ય વિશ્વમાં વ્યાપ્યા. ૫
એ છે ઓરડો ઉત્તર દ્વારે, તેનો મહિમા મુનિ મન ધારે;
પછી વરતાલમાં પ્રભુ આવ્યા, નરનારાયણ પધરાવ્યા. ૬
અમદાવાદમાં બહુનામી, સ્થાપ્યા નર ને નારાયણ સ્વામી;
સંપ્રદાય થવા દૃઢ ધારી, સ્થાપિ મૂર્તિયો જન હિતકારી. ૭
ભુજમાં તે પછી તતખેવ, સ્થાપ્યા નર ને નારાયણ દેવ;
વરતાલ વિષે કરી ધામ, સ્થાપ્યા લક્ષ્મીનારાયણ નામ. ૮
બીજા ખંડમાં માતા-પિતાની, ત્રીજી મૂર્તિ તો સ્થાપી પોતાની;
વૃંદાવનવિહારી ખંડ ત્રીજે, જોડે રાધિકા દેવી કહીજે. ૯
પોતાની છબીને કૃષ્ણ સાથે, પધરાવી છે પોતાને હાથે;
અવરતાની મૂર્તિયો ત્યાંય, પધરાવી છે મંડપ માંય. ૧૦
મત્સ્ય કચ્છને વળી વારાહ, જન જોઈ કહે વાહવાહ;
શેષશાયી ને નરસિંહ નામ,સ્થાપી સૂર્યની મૂર્તિ તે ઠામ. ૧૧
હનુમાન તથા ગણનાથ, સ્થાપ્યા શંકર પાર્વતીસાથ;
હતા નર ને નારાયણ જેહ, તેમાંથી નારાયણ છબી તેહ. ૧૨
શિવાશાહ બુરાનપુરવાસી, તેને આપી બોલ્યા અવિનાશી;
કરાવો તમે મંદિર જ્યારે, તેમાં સ્થાપજો મૂર્તિ આ ત્યારે. ૧૩
દેશ નીમાડમાં ધરગામ, ત્યાંના પટેલ ગોવિંદ નામ;

તેને મૂર્તિ નરની તે આપી, તેણે ત્યાંના મંદિર માંહિ સ્થાપી. ૧૪
રાધિકાજી મદનમોહન, ધોલેરામાં કર્યા તે સ્થાપન;
વળી સ્થાપ્યા જૂનાગઢ માંય, દેવ રણછોડ ત્રીકમરાય. ૧૫
રાધારમણ પૂરવ દિશ ખંડે, પધરાવિયા શ્રીહરિ પંડે;
વળી મૂર્તિ સિદ્ધેશ્વર તણી, ખંડ પશ્ચિમમાં શોભે ઘણી. ૧૬
પાસે પાર્વતી ને ગણનાથ, સ્થાપ્યા છે હરિયે નિજ હાથ;
ગઢડામાં ગોપીનાથ જાણો, મધ્ય ખંડમાં તે તો પ્રમાણો. ૧૭
ભક્તિ ધર્મ વાસુદેવ જેહ, સ્થાપ્યા પશ્ચિમ ખંડમાં તેહ;
વાસુદેવ હતા ઓરડામાં, સ્થાપ્યા તે લાવી તેહ સમામાં. ૧૮
મૂર્તિ સૂર્યની સારી મંગાવી, પૂર્વ ખંડમાં તે પધરાવી;
કહી એટલી મૂર્તિ સમસ્ત, સ્થાપી શ્રીજીયે તે તો સ્વહસ્ત. ૧૯
વળી રણછોડરાયની જેહ, મૂરતિ વરતાલમાં તેહ;
છાશીયામાં રઘુવીર હાથે, સ્થપાવી તે ધરમકુળનાથે. ૨૦
જે જે મૂર્તિયો પૂજવા કાજે, આપી હરિજનને મહારાજે;
હવે તે પ્રતિમાઓ ગણાવું, ભૂપ સાંભળો તમને સુણાવું. ૨૧
રાધાકૃષ્ણની મૂર્તિયો બેય, ગંગામાને તે તો આપી છેય;
તેણે જેતલપુર નિજઘરમાં, સ્થાપી પૂજવા સહુ અવસરમાં. ૨૨
મછીયાવ તણા દરબાર, બાપુભાઈ છે નામ ઉદાર;
તેને પૂજવા લાલજી આપ્યા, લૈને તે દરબારમાં સ્થાપ્યા. ૨૩
હીમરાજશા સુંદરિયાણે, આપ્યા લાલજી જીવનપ્રાણે;
માણાવદર ગજેફરખાન, ઘણા સમઝુ ને સદગુણવાન. ૨૪
કહ્યું તેણે મયારામજીને, જઈ અરજ ઉચારો શ્રીજીને;





પ્રસાદી તણી મૂરતિ લાવો, આંહિ મંદિરમાં પધરાવો. ૨૫
ભટજીયે જઇ પ્રભુપાસ, કરી વાત તે સર્વ પ્રકાશ;
ત્યારે શ્રીજીયે લાલજી આપ્યા, લાવી માણાવદર માંહિ સ્થાપ્યા. ૨૬
ઉના ગામના શેઠ ગણેશ, જેનો પ્રભુપર પ્રેમ વિશેષ;
આવ્યા ગઢપુરમાં તેહ જ્યારે, શ્રીજી આગળ ઉચર્યા ત્યારે. ૨૭
મારે પુત્ર નથી મહારાજ, ત્યારે બોલ્યા તે રાજાધિરાજ;
નિજ વારસો જેને સોંપાય, ગણતાં તેહ પુત્ર ગણાય. ૨૮
માત તાત સુતાદિક જાણો, ભાવ સર્વ પ્રભુ માંહિ આણો;
આપું લાલજી લૈને સિધાવો, હરિમંદિર કરી પધરાવો. ૨૯
અતિવલ્લભ માનજો એને, સર્વ વારસો સોંપજો તેને;
શેઠ લાલજી લૈને સિધાવ્યા, હરિમંદિર કરી પધરાવ્યા. ૩૦
સર્વ વારસો તેહને સોંપ્યો, નિજ વંશ અચળ એ તો રોપ્યો;
રેવાશંકર શ્રીધોળકાના, તે તો સત્સંગમાં નથી છાના. ૩૧
તેણે મૂરતિયો માંગી લીધી, રાધાકૃષ્ણ તણી છબિ દીધી;
શ્રીજી ધામ ગયા પછી તેહ, સ્થાપી અવધપ્રસાદજી એહ. ૩૨

**પૂર્વછાયો :**

સુરતના સતસંગીયો, જ્યારે આવ્યા ગઢપુર ગામ;
મૂરતિયો માંગી સ્થાપવા, કહ્યું તે હરિજનનાં નામ. ૩૩

**ચોપાઈ :**

ભાઈચંદને લક્ષ્મીદાસ, ઈચ્છાબાઇ આવ્યાં પ્રભુ પાસ;
તેણે મૂરતિયો માગી જ્યારે, કૃપાનાથે કરી કૃપા ત્યારે. ૩૪
આપી પાષાણની છબિ સારી, દેવી રાધા ને રાધાવિહારી;

અમે આપ્યા છે લાલજી જેહ, તેની જોડે જ સ્થાપજો તેહ. ૩૫
આજ્ઞા તે સુણી શીશ ચડાવી, મૂર્તિ લૈને ગયા મનભાવી;
ગયા ધામમાં શ્યામશરીર, પછી આચાર્ય શ્રીરઘુવીર. ૩૬
નિત્યાનંદ ને ગોપાળાનંદ, એહ આદિ મળી મુનિવૃંદ;
છબિ સુરતમાં પધરાવી, સારું મંદિર એક કરાવી. ૩૭
હરિભક્ત વડોદરા કેરા, ગયા ગઢપુર માંહિ ઘણેરા;
તેમાં શાસ્ત્રી શોભારામ ત્યાંના, બીજા ભક્ત નારુપંત નાના. ૩૮
પ્રેમાનંદ તથા બાપુભાઈ, વૈદ રામચંદર ગયા ધાઈ;
હરિચંદ્ર ને લક્ષ્મીરામ, કાનદાસ વકીલનું નામ. ૩૯
દયારામ તંબોળી સુભક્ત, પ્રભુપદમાં વિશેષ આસક્ત;
ઈત્યાદિક જઈને પ્રભુપાસ, કરી વિનતિ અંતર ધરી આશ. ૪૦
આપો મૂર્તિ જો આપની એક, અમે હરખિયે ભક્ત અનેક;
વટપુર માંહિ સ્થાપન કરીયે, નિત્ય આરતી ધૂન્ય ઉચરીયે. ૪૧
સુણી શ્રીહરિને સ્નેહ વ્યાપ્યો, પંચ રત્નનો ગુટકો આપ્યો;
હતો વૈષ્ણવાનંદે લખેલો, ભૂમાનંદે તે રુડો રંગેલો. ૪૨
અતિ સ્નેહસહિત અવિનાશે, ઘણું રાખેલો પોતાની પાસે;
કહ્યું લ્યો આ છે ગુટકો અનૂપ, એને સમઝજો મારું સ્વરૂપ. ૪૩
એક સિંહાસને જઈ ધરજો, આરતી ધૂન્ય આગળ કરજો;
પછી તે સૌએ વટપુર જઈ, પધરાવ્યો સિંહાસને લઈ. ૪૪
નિત્ય સૌ મળી દર્શન કરે, આરતી ધૂન્ય ત્યાંજ ઉચરે;
વિત્યાં કાંઈક વર્ષ જરૂર, નારુપંત ગયા દુર્ગપુર. ૪૫
હરિને કહ્યું હે મહારાજ !, આપો ધાતુની મૂર્તિયો આજ;



કળશ - ૧ ॥ શ્રી હરિલીલામૃતમ્-૧ ॥ વિશ્રામ- ૨૦

નારાયણજી સુતાર બોલાવી, કૃષ્ણે મૂર્તિયો ઉભય કરાવી. ૪૬
નારાયણજી ચતુર્ભુજવાળી, બીજી લક્ષ્મીની મૂર્તિ રૂપાળી;
નારુપંતને દૈ રૂડીપેર, કહ્યું પૂજજો પધરાવી ઘેર. ૪૭
વળી યોગ્ય સમો આવે જ્યારે, પધરાવજો મંદિરે ત્યારે;
પંચરત્નના ગુટકાને ઠામ, પધરાવજો તે મુજ નામ. ૪૮
પુરના જનો દર્શન કરશે, સૌ આશિષ તમને ઉચરશે;
નારુપંત ગયા નિજઘેર, પૂજે નિત્ય છબિ શુભપેર. ૪૯
ગયો કાંઇ સમય ત્યારે લાવી, ગુટકો હતો ત્યાં પધરાવી;
જનો દર્શન સર્વ કરે છે, નારુપંતને આશિષ દે છે. ૫૦
આવી છાશિયાની જ્યારે સાલ, ધાર્યું ધામ જવા વૃષલાલ;
મંદવાડનું બાનું જણાવ્યું, સૌને ધીરજ ધરવા સુણાવ્યું. ૫૧
ત્યારે ખંભાતી ભક્તસમાજ, આવ્યો કૃષ્ણના દર્શન કાજ;
સદાશીવ ને માધવરામ, ભાઈશંકર ને રૂપરામ. ૫૨
લક્ષ્મીરામ ને નરભેરામ, અમથાભાઈ એકનું નામ;
ભલા કણબી તે હીરાભાઈ, મોટાં હરિજન મહાકોરબાઈ. ૫૩
ઉમૈયા ગિરજા ને દિવાળી, રામભાઈ ભલા ભાવવાળી;
ધનબાઈ તે બારોટ જાતે, બીજાં રામબા કણબીની નાતે. ૫૪
સૌયે હેતથી નિરખિયા હરી, પૂજા ત્યાં નરભેરામે કરી;
કર્યો અર્પણ ચાંદીનો થાળ, બીજા સર્વે બોલ્યા તેહ કાળ. ૫૫
તમે સુરતથી સાક્ષાત, પ્રભુ આવ્યા'તા જ્યારે ખંભાત;
થઈ અશ્વ ઉપર અસવાર, એવો કીધો હતો ત્યાં ઉચ્ચાર. ૫૬
મારું મંદિર આ ઠામ કરજો, એહ આજ્ઞા અંતર માંહિ ધરજો;

માટે મંદિર માંડ્યું કરાવા, પ્રતિમાઓ આપો પધરાવા. ૫૭
એવી વિનતી સુણી વૃષલાલે, કરી કરુણા ઘણી તેહ કાળે;
આપી પોતાની પ્રતિમા તે ઠામ, શ્યામરંગે હરિકૃષ્ણ નામ. ૫૮
નિત્યાનંદમુનિ તણે હાથ, સોંપી બોલિયા વૃષકુળનાથ;
અવકાશ પામો તમે જ્યારે, છબી લૈ જજો ખંભાત ત્યારે. ૫૯
પધરાવજો મારા વચનથી, આજ્ઞા માનજો તન ને મનથી;
આજ્ઞા એ રીતે જે ફરમાવી, મુનિયે નિજમાથે ચડાવી. ૬૦


**પુષ્પિતાગ્રા :**

હરિવર નિજહાથ મૂર્તિ સ્થાપી, નિજજનને વળી સ્થાપવાજ આપી;
સુણ નૃપ મુજ પાસ પૂછી જેહ, સકળ કથા સુખથી સુણાવી તેહ. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર અભયસિંહનૃપસંવાદે શ્રી હરિવિચરણ સ્થાન નિરૂપણનામા વિંશો વિશ્રામઃ ॥૨૦॥***

**ઈતિ શ્રી હરિલીલામૃતે ગ્રંથોત્પત્તિ નામ પ્રથમ કલશઃ સમાપ્ત ॥ ૧॥**





# ॥ श्रीहरिलीलामृतम् ॥

## बालचरित्रनाम द्वितीयकलश-प्रारंभः ॥

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વંદૂ શ્રીહરિકૃષ્ણ ધર્મસદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળિદત્ત ખળનો જેણે પરાજય કર્યો;
કીધાં બાલચરિત્ર અદ્‌ભુત અતિ જૈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ્ય દિવ્યા ગતિ. ૧

**દોહા :**

હરિલીલામૃતનો હવે, બીજો કળશ રસાળ;
કહું સુણો શ્રોતા સહુ, કહે વિહારીલાલ. ૨
કહે અચિંત્યાનંદને, અભયસિંહ ભૂપાળ;
કથા સુણાવો શુભ મને, કરુણા કરી કૃપાળ. ૩
ધર્મ ભક્તિ ને શ્રીહરિ, દેહ ધર્યા જે દેશ;
બાળલીલા બહુનામીની, વરણન કરો વિશેષ. ૪

ભાવ ભાળી ભૂપાળનો, ઉચર્યા વરણીરાજ;
સુણવા ઈચ્છો શુભ કથા, ધન્ય ભક્ત શિરતાજ. ૫
હરિચરિત્ર સુણવા તમે, ચિત્ત ધરો છો ચાહ;
તો તે કહેવા છે મને, અંતરમાં ઉત્સાહ. ૬
બીજા ગ્રંથોમાં બહુ, છે જેનો વિસ્તાર;
વિશેષ વર્ણન તેહનું, નહીં કહું આ ઠાર. ૭
અધિકપણે હું આજ તો, ઉચરીશ અપૂર્વ વાત;
વૃદ્ધ જનોના વદનથી, સુણેલી જે સાક્ષાત. ૮
જે જે સ્થાને જનમીયા, ધર્મ ભક્તિ મહારાજ;
કહું કથા હું તે વિષે, વિશેષ કહેવા કાજ. ૯
વર્ણિરાજનાં વચન સુણી, સુરસિક સુધા સમાન;
ભાવિક ભૂપતિ ભક્તનું, ચિત્ત થયું ગુલતાન. ૧૦
જેમ લોભીને ધન જડે, જડે અંધને નેણ;
તેમ કથામૃત પ્રાપ્તિ તે, દિલ લાગી સુખદેણ. ૧૧
છીપ સ્વાતિ જળ ઝીલવા, ઉંચી ઉછળે જેમ;
ઉછળે લોહ ચમકભણી, થયું ભૂપ મન તેમ. ૧૨
શંકર સમ વર્ણીય છે, ભગીરથ સમ નરનાહ[૧];
વચ્ચે કથાગંગા તણો, પ્રગટ્યો પુનિત પ્રવાહ. ૧૩
પાવન કૃષ્ણચરિત્ર જળ, ધર્મ જ્ઞાનતટ જાણ;
ભેદ ભક્તિ વૈરાગ્યના, તરંગ પ્રૌઢ પ્રમાણ. ૧૪
આખ્યાનો હરિભક્તનાં, તે લઘુ ગુરુ જળ જંત;
કમળ નામ હરિજન તણાં, હંસરૂપ ત્યાં સંત. ૧૫



૧.રાજા



ખળ[૧]ધીવર આખ્યાનના, જે વેરી વિકરાળ;
ખંડન કરવા નાંખશે, કુતર્કરૂપી જાળ. ૧૬
લઘુ સંશય તટનાં તરુ, ગુરુ સંશય ગિરિ જેહ;
પ્રવાહ સરિત કથા તણો, તોડે તતક્ષણ તેહ. ૧૭
સત્સંગીજીવન ભલો, સાગર ગ્રંથ ગણાય;
સરિતાઓ હરિચરિતની, તેમાં સર્વ સમાય. ૧૮
પાવન કરવા પતિતને, કરવા કુળ ઉદ્ધાર;
પામ્યા ગણોદના પતિ, ચરિત્ર સરિતા સાર. ૧૯

**ઉપજાતિવૃત્ત :**

કહે અચિંત્યાખ્ય સુબ્રહ્મચારી, સુણો ધરાધીશ્વર કર્ણ ધારી;
શ્રીજી તણાં જન્મચરિત્ર જેહ, સ્નેહે કહુ હું તમપાસ તેહ. ૨૦
કહું રુડો કૌશળ દેશ જેહ, તેમાં વળી ઉત્તરભાગ એહ;
અતિ ભલું એક ઈટાર ગામ, પ્રખ્યાતિ પામ્યું ધરી ધર્મધામ. ૨૧
જ્યાં વર્ણ ચારે સુખમાં વસે છે, લક્ષ્મી તણી ત્યાં લહરી લસે છે;
વિદ્વાન વિપ્રો બહુ ત્યાં નિવાસી, જાણે વસી આવી અહિં જ કાશી. ૨૨
સર્યૂતણે ઉત્તરને કિનારે, છે ગામ તે શોભિત ભવ્ય ભારે;
સાવર્ણિ ગોત્રી દ્વિજ વેદ સામ, શાખા કહું કૌથુમિ જેનું નામ. ૨૩
ત્યાં વિપ્ર છે સર્વરીયા સુજાણ, ત્રણે રુડાં છે પ્રવરો પ્રમાણ;
તે એક તો ભાર્ગવ નામ ભવ્ય, બીજાંય સાવેતસ વૈતહવ્ય. ૨૪
હતા રુડા લક્ષ્મણશર્મા જેહ, તેના સુબંસીધર પુત્ર તેહ;
તેના થયા નંદન વેદમાન, તેના થયા આત્મજ કહ્નિયાન. ૨૫
વસ્યા હતા તે મિહદાવ ગામ, રાજા તહાંનો સુરનેત્ર નામ;



૧.લુચ્ચા માછીમાર

તે ભૂપની વંશ પરંપરાથી, મનાય તે પૂજ્ય સદા પૂજ્યાથી. ૨૬
છે તેની પાંડે અવટંક ખાસી, તે વિપ્ર રાધાવરના ઉપાસી;
ભણે સદા શાસ્ત્ર શ્રૃતિ પુરાણ, સુયજ્ઞ યાગાદિકમાં સુજાણ. ૨૭
સુશીલ તેના સુત બાલશર્મા, શ્રીકૃષ્ણના સેવક શુદ્ધકર્મા;
તે વેદ ને શાસ્ત્ર વિષે પ્રવીણ, સુધર્મ ભક્તિ ગુણથી ન હીણ. ૨૮
બ્રહ્મા તણા તે દ્વિજ અંશ આપ, જીભે જપે શ્રીહરિ મંત્ર જાપ;
પવિત્ર આત્મા અતિ પુણ્યશાળી, શિષ્યો તણાં પાપ મુકે પ્રજાળી. ૨૯
પાળે સદાચાર વિચાર રાખે, અસત્ય ભાષા કદીયે ન ભાખે;
સદૈવ યજ્ઞાદિક કાર્યકારી, સર્વે વખાણે જનબુદ્ધિ સારી. ૩૦
વિદ્યા દયા શાંતિ સુશીલ લાજ, શ્રદ્ધાદિ સૌ સદ્ગુણનો સમાજ;
જેને વિષે છે જન એમ જાણે, વળી વિશેષે વિબુધો વખાણે. ૩૧
સુરત્ન રત્નાકર[1]માં વસે છે, દિનેશ[2]માં દીપ્તિ સદા દિસે છે;
કારીગરીનો નિધિ વિશ્વકર્મા, સત્કર્મનો સાગર બાળશર્મા. ૩૨
ભાર્યા ભલી ભાગ્યવતી સુનામ, તે દંપતિ વાસ ઈટાર ગામ;
ત્યાં દેવશર્મા પ્રસવ્યો સુપુત્ર, જે ધર્મનો છે અવતાર અત્ર. ૩૩
શ્રી વિક્રમાદિત્યનું વર્ષ જાણો, શાસ્ત્રાંકવારેન્દુ[3] ગણી પ્રમાણો;
પ્રબોધનીને દિન જન્મ પામ્યા, ઉત્સાહ જેથી જનમધ્ય જામ્યા. ૩૪

**તોટકવૃત્ત :**

અવતાર થયો પછી ભક્તિ તણો, જનને મન મોદ વધ્યો જ ઘણો;
વળી તે તણી વાત વિશેષ સહી, તમ પાસ ઉચ્ચારીશ તેહ અહીં. ૩૫
સરવાર વિષે છપિયા પુર છે, દશ કોશ અવધ્ય થકી દૂર છે;
સરજુ થકી ઉત્તમ શુદ્ધ દિશે, દ્વિજ આદિ વસે જન એહ વિષે. ૩૬



૧.સમુદ્ર ૨.સૂર્ય ૩.સંવત્ ૧૭૯૬



**ઉપજાતિવૃત્ત :**

ત્યાં કૃષ્ણશર્મા દ્વિજ છે સુજાણ, ભવાનિ તેની વનિતા પ્રમાણ;
પવિત્ર છે શાંડિલ ગોત્ર તેનું, છે સામવેદી કુળ શુદ્ધ જેનું. ૩૭
અઠાણુની કાર્તિક પૂર્ણમાસી, તેની સુતા થૈ શુભ રૂપરાશી;
સંધ્યાસમે તે શુભ જન્મ ધારી, મોટી થઈ વર્ષ જતાં કુમારી. ૩૮
જે કૃષ્ણશર્માની સુતા સુ એવી, ભલી કહે સૌ જન ભક્તિદેવી;
તે સાથ ધર્મે સુવિવાહ કીધો, પ્રાચીન સંબંધ વિચારી લીધો. ૩૯
માગી લીધો તે તક ભક્તિતાતે, વસ્યા છપૈયે વૃષદેવ જાતે;
જ્યારે વિત્યો તે પછી કાંઇ કાળ, તે પ્રમદાયે પ્રસવ્યો સુબાળ. ૪૦
જન્મ્યા સુસંકર્ષણ ધર્મધામ, રુડું ધર્યું રામપ્રાતપ નામ;
વળી વિત્યાં કાંઈક વર્ષ જ્યારે, જન્મ્યા ઘનશ્યામ જનેશ ત્યારે. ૪૧
વિસ્તાર તેનો ઉચરું વખાણી, સત્સંગનું જીવન એ જ જાણી;
જ્યારે થયો જન્મ મહાપ્રભુનો, ત્યારે મહામોદ વધ્યો સહુનો. ૪૨

**વસંતતિલકાવૃત્ત :**

વેદો વદે સુપુરુષોત્તમ નામ જેનું,
ઠેકાણું નિત્ય વળી અક્ષરધામ એનું;
સાકાર સત્ય શુભ સચ્ચિદહર્ષરૂપ,
બ્રહ્માદિ કોટિ ભુવનેશ્વર ભૂપભૂપ. ૪૩

**રથોદ્ધતાવૃત્ત :**

જે સદા ત્રિગુણીથી જુદા રહે, નિર્વિકારી નિગમાગમો[1] કહે;
બ્રહ્મા વિષ્ણુ શિવ આગન્યા ધરે, ઉદ્ભવ સ્થિતિ તથા પ્રલે કરે. ૪૪
દિવ્યમૂર્તિ પ્રભુ દેવદેવ છે, જે અનંત અભવી[2] અભેવ[3] છે;



૧.વેદ શાસ્ત્ર ૨.જન્મ રહિત ૩.નિર્ભય

વિશ્વકોટિ વપુમાં વળી ધરે, ઈશતા કળી શકે ન અક્ષરે. ૪૫
જે થકી ચતુર વ્યૂહ થાય છે, વાસુદેવ વિગેરે ગણાય છે;
કેશવાદિ મૂરતિ વળી કહી, ચોવિશે સરસ થાય છે સહી. ૪૬
સૂકરાદિ અવતાર જે વિભૂ, તે બધાયતણું કારણ પ્રભુ;
શ્રીનરોત્તમ પ્રમુખ નામ છે, ધ્યેય અક્ષર સુ તેનું ધામ છે. ૪૭
જે ક્ષરાક્ષર થકી જુદા સદા, છે સ્વતંત્ર પરતંત્ર ના કદા;
શ્રીસહસ્ત્રશીરષા લખાય છે, તે વિરાટ પણ તેથી થાય છે. ૪૮
સિદ્ધિ આઠ અણિમાદિ જેહ છે, દિવ્યરૂપ પદદાસી તેહ છે;
ષડ્ભગાદિ પણ સેવના કરે, કાળ જેની દ્રગ દષ્ટિથી ડરે. ૪૯
જેહનો હુકમ માનિને સદા, મારતંડ[1] નભમાં તપે મુદા;
વાયુદેવ વિચરે ચરાચરે, પૃથ્વી પાણી ઉપરે તથા તરે. ૫૦
ચોવિશે ત્રિગુણ તત્ત્વ નામ છે, સેવનાર પદ સર્વ જામ છે;
કોટિ ઈશ્વર અસંખ્ય શક્તિઓ, તે કરે નવ પ્રકાર ભક્તિઓ. ૫૧
મૂર્તિમાન શ્રૃતિ કીર્તિ ગાય છે, મુક્તકોટિ મનમાં ચહાય છે;
શેષનાગ વદનો હજારથી, કીર્તિ ગાય પરિપૂર્ણ પ્યારથી. ૫૨
ચિત્ત વાચથી અગોચરા રહે, જે પરાત્પર કવીશ્વરો કહે;
અંતરસ્થ સઉ જીવમાત્રના, સર્વદા સુખદ તો સુપાત્રના. ૫૩
ભૂમિના કણ કદી ગણિ લહે, આભના ઉડુગણો[2] ગણિ કહે;
તોય કૃષ્ણ અવતાર તે ગણી, શું શકે જ મતિ હોય જો ઘણી. ૫૪
એમ થાય અવતાર જે ઘણા, અક્ષરેશ અવતારી તે તણા;
સર્વકારણ તણા જ કારણ, આદિકૃષ્ણ શુભનામ ધારણ. ૫૫
અંડઅંડ[3] અધીશો[4] અનેક છે, સર્વ ઈશઅધિનાથ એક છે;



૧.સૂર્ય ૨.તારાનો સમુહ ૩.બ્રહ્માંડ ૪.બ્રહ્માંડના દેવ



તે કૃપાળુ કળિમાર્ગ કાપવા, આવિયા સ્વજન સૌખ્ય આપવા. ૫૬
ધર્મ ભક્તિ મુનિમુક્ત મંડળી, ઉદ્ધવાદિ લઈ આવિયા વળી;
જ્યાં પ્રવેશ વૃષને રુદે કર્યો, તેજપુંજ તન તેહને ઠર્યો. ૫૭
પ્રેમયુક્ત વૃષ દષ્ટિ જ્યાં કરી, ગર્ભ પ્રેમવતિયે લીધો ધરી;
જે જનોની ભવભીતિ ભંજન, પ્રેમીભક્ત તણું પાપગંજન. ૫૮
સચ્ચિદાદિ ગુણ જુક્ત જેહ છે, મુક્તદેવ મુનિ સ્તુત્ય તેહ છે;
ભૂમિભાર હરનાર જે હરિ, ભક્તિયે ઉદરમાં લીધા ધરી. ૫૯
રૂપ રંગ અતિ અંગઅંગમાં, ઓપિયું સખિજનો પ્રસંગમાં;
જેમ દીપમણિ કાચપાત્રમાં, તેજપુંજ પ્રસરાય રાત્રમાં. ૬૦
જેમ હેમગિરિ શ્રેષ્ઠ સૌ ગણે, તે સમાય પ્રતિબિંબ દર્પણે;
કોટિ અંડ પ્રતિરોમમાં ઠસે, તે જનિત્રિ જઠરે જુઓ વસે. ૬૧
ધન્ય ધન્ય અતિ ધર્મનારીને, રાખી લીધ ઉદરે મુરારીને;
સાધના કરી સમાધિ જો કરે, તોય મૂર્તિ મનમાં નહી ઠરે. ૬૨
જ્યાં સુગર્ભ નવ માસનો થયો, તેજપુંજ તનનો વધી ગયો;
ભાળી ભક્તિતન ભાળવા રહે, છે અદિતિ સતિ તુલ્ય સૌ કહે. ૬૩

**ઉપજાતિ :**

સ્વરૂપવાળી નહિ અન્ય એવી, આશ્ચર્ય પામે દિવવાસી[1] દેવી;
શું રૂપ રૂડું કહું કૌશલાનું, શુ રૂપ શ્રીદેવકની સુતાનું. ૬૪
નિહાળીને રૂપતણું નિધાન, કોઈ કહે દેવહુતિ સમાન;
પ્રભા પ્રભાનાથ[2] વિલોકવાને, ટકે વિશેષે દિનમાન[3] બાને. ૬૫
થશે પ્રભુ પ્રાદુરભાવ જાણી, અર્ચુ જઈ એમ ઉમંગ આણી;
પુષ્પાદિ સામગ્રી સમસ્ત લૈને, વસંત આવ્યો શુભ સજ્જ થૈને. ૬૬



૧.સ્વર્ગવાસી ૨.સૂર્ય ૩.દિવસ દરમ્યાન

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વસુ[1]મતિપર વિસ્તર્યો વસંત, અવસર એહ સુઓપિઓ અનંત;
વિગતિ સહિત વર્ણવું વખાણી, જગપતિ જન્મ સમો પવિત્ર જાણી. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ધર્મભક્તિ વિષે શ્રી હરિઆવિર્ભાવકથનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥*

**અથ શ્રીહરિજન્મસમયે વસંતાગમનવર્ણન : દ્રુતવિલંબિત :**

ઉપવને પવને ત્રિવિધી ધરી, સરસતા રસતાની બહુ કરી;
ખગ રુડાં ગરુડાદિ ગણાય છે, સુમનથી મનથી હરખાય છે. ૧
વન વિષે નવિ શેવતિયો દિસે, બહુ લસે હુલસે જન તે વિષે;
ઉચરતી ચરતી વળી કોકિલા, ઠીક થતી કથતી જશ શું ઈલા[2]. ૨
જનમતી નમતી લતિકા બહુ, અગણિતો ગણિતો ગણિ શું કહું;
અભવ સંભવ સંધિથી રાચતી, વનટકી નટકી કિશું નાચતી. ૩
ભ્રમરજી મરજી મનમાં ધરી, રવ કરે વકરે મધુતા હરી;
ભજનમાં જનમાં મલકાય છે, ખચિતથી ચિત્તથી ગુણ ગાય છે. ૪
કમળતો મળતો ગુણ સંઘરે, વિમળતા મળતા તજીને ધરે;
અમિતમાં મિતમાં જળમાં સહી, વશિ રહે શિર હેઠું કરે નહી. ૫
સકળિયો કળિયો સુપલા[3]શની, વનફુલી ન ફુલી કળિ ઘાસની;
દ્રુમલ[4]તા મળતા રિતુમાં ખિલે, પથરના થર ના કદીયે ફુલે. ૬
અસુરની સુરની સહુ સંપદા, પ્રસરવા સરવાર વિષે તદા;
વિદિશથી દિશથી વશિ નેહથી, અચળ થૈ ચળ થૈ ખળ ગેહથી. ૭
સુકવિ તો કવિતો રિતુ[5]ના કરે, રચિરચી ચિર ચિત્ત વિષે ધરે;



૧.પૃથ્વી ૨ પૃથ્વી ૩.ખાખરાની ૪.ઝાડને વળગેલો વેલો ૫.ઋતુના



વસુમતી સુમતી જન જે સજે, અચરના ચરના પતિને ભજે. ૮

**ઉપજાતિ :**

વસંતમાં સંત તથા અસંત, આનંદ પામે ઉરમાં અનંત;
ભાનુ પ્રકાશે સુખ થાય ભારી, ક્રિયા જુદી સજ્જન ને શિકારી. ૯
ભક્તિ તણા અંગનું તેજ જેહ, વસંતથી ઓપ્યું વિશેષ તેહ;
તે જેમ કાંતિ જળજાત[1] કેરી, ભાનૂ પ્રકાશે પ્રગટે ઘણેરી. ૧૦
તેવે સમે સૌ સુર વજ્રપા[2]ણિ, પ્રભુ તણો પ્રાદુરભાવ જાણી;
અ[3]જાદિ તે બેસી વિમાન આવ્યા, સુરાંગનાઓ પણ સંગ લાવ્યા. ૧૧
ગણેશ ગંગે[4]શ રમે[5]શ શેષ, જળે[6]શ જક્ષે[7]શ શશી દિનેશ;
દશે દિશાના દિગપાળ દેવ, તહાં પધાર્યા મળી તર્તખેવ. ૧૨
ત્યાં વ્યોમમાં વૃંદ વિમાન છાયાં,સુરાંગનાયે ગુણ ગીત ગાયા;
સર્વેની દૃષ્ટિ વૃષધામમાં છે, પ્રીતિ ઘણી શ્રીઘનશ્યામમાં છે. ૧૩
ત્યાં તેજનો પ્રાદુરભાવ ભાળી, નેહે રહ્યા નિર્જર[8] સૌ નિહાળી;
બાહ્યાંતરે જે સ્થિત અંધકાર, તે સર્વને તત્ક્ષણ તોડનાર. ૧૪
કોટ્[9]યર્ક અગ્નિશશી જો પ્રકાશે, તે સર્વ ખદ્યોત સમાન ભાસે;
જે તેજ છે સચ્ચિદહર્ષરૂપ, સુશાંત ને અદ્ભૂતતા અનૂપ. ૧૫
તે તેજ તો વ્યાપ્ત દશે દિશામાં, આવી શકે કેમ બધું કહ્યામાં;
ચરાચરે અક્ષરતેજ જેમ, વ્યાપી રહ્યા અંતર બાહ્ય એમ. ૧૬
સુશ્વેત ને ઘટ્ટ અબદ્ધ શુદ્ધ, આશ્ચર્યકારી ઉચરે વિબુદ્ધ;
અપાર અષ્ટાવરણોથી પાર, વ્યાપી થયું અક્ષર એકતાર. ૧૭
દેખે મુનિ સજ્જન દેવતાઓ, દિસે નહીં વિશ્વ તથા દિશાઓ;
પ્રકાશથી અંજન દૃષ્ટિ પામી, સહી શકે કેમ વિમાનગા[10]મી . ૧૮



૧.કમળ ૨.ઈન્દ્ર ૩.બ્રહ્મા ૪.શંકર ૫.વિષ્ણું ૬.વરુણ ૭.કુબેર ૮.દેવ ૯.કરોડો સૂર્ય ૧૦.દેવતાઓ

તે તેજનો મર્મ ચિત્તે વિચાર્યો, પ્રભુ તણો પ્રાદુરભાવ ધાર્યો;
સાકારનું દર્શન સદ્ય થાવા, સ્તુતિ કરી તેજ તહાં સમાવા. ૧૯
હેતે કહે સૌ સુર જોડી હાથ, અહો દયાળુ પ્રભુ દીનનાથ;
સમગ્ર આ તેજ અહીં સમાવો, અનાદિ મૂર્તિ અમ દષ્ટિ આવો. ૨૦

**પ્રહર્ષિણીવૃત્ત :**

હે સ્વામી ભુવન સમસ્ત ભૂપભૂપ,
આત્માના પરમ પવિત્ર આત્મરૂપ;
તેજસ્વી અમિત[1] તમેજ સર્વદા છો,
માયાના તિમિર[2]થી તો તમે જુદા છો. ૨૧
ચિત્તેથી મુનિજન ચાય ચાય ચાય,
સ્નેહેથી શ્રુતિગુણ ગાય ગાય ગાય;
ભક્તિથી ભવભય જાય જાય જાય,
દ્રષ્ટીથી દુઃખ દુર થાય થાય થાય. ૨૨
જો જ્યોતિ પ્રકટિત એક રોમકેરી,
તો માયા પુરુષ શકે ન તેજ હેરી;
જે મૂર્તિ નિજઉર અક્ષરે સ્મરે છે,
સાક્ષીત્વે સકળ સચેતમાં ઠરે છે. ૨૩
આ જ્યોતિ ઉદધિ[3] વિષે અનેક અંડ,
બૂડેલાં જળગત જાણીયે અખંડ;
તે વિશ્વાંતર ગત આ સહુ અમેજ,
ભાસે છે અકળિત તેજ તેજ તેજ. ૨૪
ના દિસે અવયવ ભિન્ન જે અમારા,



૧.અમાપ ૨.અંધકારથી ૩.સમુદ્ર



ના દિસે દિનમણિ[1] સોમ[2] ભોમ[3] તારા;
ના દિસે અવનિ મહાબ્ધિ[4] મેરુ એ જ,
ભાસે છે અકળિત તેજ તેજ તેજ. ૨૫
જો નેત્રે પટ ધરીયે કદાપિ કાળે,
તો સ્વાત્મા હૃદગત એ જ તેજ ભાળે;
ભ્રાંતિમાં પડી અમને ન સૂજ કાંઇ,
ભાસે છે શરણ તમારું સુખદાઇ. ૨૬
આ જ્યોતિ અકળિત પેખીને અપાર,
ભૂલ્યા સૌ સુર નર સુજીયો ન સાર;
શી રીતે સ્તુતિ કરીયે અમે તમારી ?
ના પોંચે મતિ ગતિ એ વિષે અમારી. ૨૭
હે દેવા નિજજન દીન દાસ જાણી,
આ ટાણે અધિક દયા દયાળુ આણી;
આ જ્યોતિ સકળ તમો વિષે સમાવો,
જે મૂર્તિ અજર[5] અનાદિ તે બતાવો. ૨૮

**ઈંદ્રવંશા :**

સર્વે સુરોયે સ્તુતિ એવી જ્યાં કરી, મુક્તેશ્વરે તે સ્તુતિ ચિત્તમાં ધરી;
તે તેજ સર્વે તનમાં સમાવિયું, સૌ દષ્ટિ સાકાર સ્વરૂપ આવિયું. ૨૯
જે દેવિયો દેવ મુનિ મળ્યાં તહીં, તે સર્વને ગોચર તે થયા સહી;
કેવું દીઠું રૂપ મહાપ્રભુતણું, ભાવે સુણો તે તમ આગળે ભણું. ૩૦
ગોલોકનામે સુપ્રસિદ્ધ ધામ છે, જેનું વળી અક્ષરધામ નામ છે;
જે રૂપ સાક્ષાત સદૈવ ત્યાં રહે, મૂર્તિ અનાદિ શ્રૃતિ શાસ્ત્ર સૌ કહે. ૩૧



૧.સૂર્ય ૨.ચંદ્ર ૩.પૃથ્વી ૪.મહાસાગર ૫.વૃદ્ધપણું જેને નથી એવા

બે છે ભુજા ને ધરી બંસિ હાથમાં, રાધા બિરાજે સજી રૂપ સાથમાં;
સર્વે સુરોએ પ્રભુ એમ દેખીયા, ભાવે અનન્યે નિજ ઇષ્ટ લેખીયા. ૩૨
વૃંદાવને જે વરદાન આપીયું, જ્યારે શ્રીધર્મે હરિનામ જાપીયું;
તે દંપતીયે દિલ એમ ધારીયું, તે રૂપ છે આજ અહિં પધારીયું. ૩૩
છે આપ એ અક્ષરધામના પતિ, કીધી તથાપિ કરુણા અહો અતિ;
જે પુત્રભાવે અમને જણાય છે, સર્વોપરી ઈશ્વર તે ગણાય છે. ૩૪
સર્વે સુરોને મન એમ ભાવિયા, આ તો સ્વયં અક્ષરનાથ આવિયા;
શ્રીધર્મ ભક્તિ મુનિયો સમેતને, તે પાળશે પૂરણ રાખી હેતને. ૩૫
એવું વિચારી સ્તુતિ દેવ ઉચ્ચરી, બે હાથ જોડી બહુ નમ્રતા ધરી;
હે રાજરાજેશ્વર ભક્તરંજન, શ્રીરાધિકાનાથ નમો નિરંજન. ૩૬

**પ્રમાણિકાવૃત્ત :**

નમો નમો નિરંજનં, સુરારિગર્વગંજનમ્;
નમોઽસ્તુ ભક્તવલ્લભં, દિનેશ શેષદુર્લભમ્. ૩૭
નમોઽસ્તુ આદિકારણં, અનંતઅંડધારણમ્;
નમોનમો પરાત્પરં, મુનીશ મંગલંકરમ્. ૩૮
અધર્મવંશનાશનં, સુધર્મતાપ્રકાશનમ્;
વિદારવા સુરારિને, નિમિત્ત એ જ ધારિને. ૩૯
ધર્યો મનુષ્ય દેહ છે, સુધન્ય ધર્મ ગેહ છે;
નમોઽસ્તુ પુત્ર ભક્તિના, સુસેવ્ય સર્વ શક્તિના. ૪૦
અનાદિ આપ એક છો, વિશેષણે અનેક છો;
તમારી દષ્ટિ થાય છે, સુસૃષ્ટિ આ સૃજાય છે. ૪૧
સ્વયંભુ[૧] વિષ્ણુ શંકરે, તમો થકી તનૂ ધરે;



૧.બ્રહ્મા



નિદેશ[૧]ને અનુસરે, સૃજે સ્થિતિ પ્રલે કરે. ૪૨
તમેજ સર્વશીશ છો, તમેજ ઈશઈશ છો;
સુભક્ત કષ્ટ કાપવા, અનેક સૌખ્ય આપવા. ૪૩
દિલે ઘણી ધરી દયા, અમારી દષ્ટિયે થયા;
નમામિ સંતપાલકં, ભજામિ ભક્તિબાલકમ્. ૪૪

**ઉપજાતિ :**

જે નીર પૂર્વે નરમાંથી થાય, તેથીજ તે નાર કવીન્દ્ર ગાય;
આધાર બ્રહ્માંડ ધરે અનેક, તે નારનો છે સમુદાય એક. ૪૫
તેમાં સુવો છો કરીને વિરામ, વેદોક્ત નારાયણ આપ નામ;
તે તો તમારું શુચિ એક અંગ, પ્રત્યક્ષ દીઠા પ્રભુ આ પ્રસંગ. ૪૬

**શાર્દૂલવિક્રીડિત :**

જો સ્વામી જગમધ્ય જન્મ ધરીને લીલા નવી ના કરો,
આપીને સહવાસ વાસ જનને અજ્ઞાનતા ના હરો;
શું જાણે જન વિશ્વનો અધિપતિ છે કોણ ને કયાં હશે,
કીધાથી અનુમાન થાય ભ્રમણા સૂજે ન એકે દિશે. ૪૭

**ઉપજાતિવૃત્ત :**

છે કોઈ કર્તા જગનો સદાય, વિચિત્ર સૃષ્ટિ થકી સિદ્ધ થાય;
ઘટાદિ પાત્રો નજરે જ જોઈ, જણાય કરનાર કુંભાર કોઈ. ૪૮
તથાપિ જેઓ ભ્રમમાં પડે છે, તે તો જનો પંથ જુદે ચડે છે;
કર્તારકેરો નિરધાર તેને, થતો નથી નાસ્તિક બુદ્ધિ જેને. ૪૯
ચરિત્ર જે જન્મ ધરી કરો છો, તેથી તમે સત્ય દિલે ઠરો છો;
સુણે સુણાવે જન તે ચરિત્ર, પામે મહા મોક્ષ થઈ પવિત્ર. ૫૦



૧.આજ્ઞા

ચરિત્રમાં નોય પ્રતીતિ જેને, કશો નહી નિશ્ચય થાય તેને;
છે કોણ કર્તા બની કેમ સૃષ્ટિ, જાણી શકે શું જન ચર્મદષ્ટિ. ૫૧
જ્યોતિસ્વરૂપે પ્રભુ કોઇ જાણે, સ્વાભાવિકી સૃષ્ટિ બીજા વખાણે;
કે કાળથી કર્મથી કોઇ ગાય, નિશ્ચે વિના નાસ્તિક કોઇ થાય. ૫૨
તે પાપ તેનાં કદીયે ન જાય, ભવાબ્ધિમાં તે ભટકે સદાય;
માટે પ્રભુજી અવતાર લ્યો છો, સાચું તમે જ્ઞાન તમારું ઘો છો. ૫૩
એવા તમે દેવ દિસો દયાળ, વિશ્વેશ વિશ્વાત્મક વિશ્વપાળ;
નમો નમો મંગળ મોદકારી, નમો નમો ધાર્મિક દેહધારી. ૫૪
સ્તુતિ કરી એમ કરી પ્રમાણ, ઠરી રહ્યા સૌ સુર એ જ ઠામ;
શ્રીધર્મ ભક્તિ હરિરૂપ ભાળી, સ્તુતિ કરે છે તનતાપ ટાળી. ૫૫

**પુષ્પિતાગ્રા :**

જનનિ જનક જુગ્મ જોડી પાણિ, વદિ વદિ મિષ્ટ વિવેકજુક્ત વાણી;
સ્તુતિ કરી હરિકેરી પૂર્ણ પ્રીતે, સુણ નૃપ તેહ કહીશ રૂડી રીતે. ૫૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઆવિર્ભાવસમયે બ્રહ્માદિદેવકૃતસ્તુતિવર્ણનનામા દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**દોહરો :**

ધર્મ ભક્તિ સ્તુતિ ઉચ્ચરે, પ્રેમે જોડી પાણ;
જય જય સમસ્ત જીવન, પ્રભુજી જીવનપ્રાણ. ૧

**કોકિલવૃત્ત-વેદસ્તુતિનું :**

જયજય જીવના પરમ જીવન પ્રાણ પ્રભો,
નિજજન પાળ છો વરદ વિશ્વનિવાસ વિભો;





નિજકર મોરલી ધરણ હે કરુણાયતન,
રમણીય રાધિકારમણ શ્યામ સુખાયતન. ૨
મુનિપતિ માવજી અકળ ઈશ અજેશ હરી,
નિજજનના મનોરથ પ્રપૂર્ણ દીધા જ કરી;
સદગુણના નિધિ જગદધીશ જયાધિપતિ,
તવ પદપદ્મને પ્રણમીયે પ્રિયજાણી અતિ. ૩
ભવભીત ભાંગવા ભજન ભક્ત તમારું કરે,
તવ પદ માનીને સુખદ દિલ સદૈવ ધરે;
મુનિ જન ઈંદ્રિયો વશ કરી તમને જ ભજે,
તવ પદ પામવા જગની આશ સમસ્ત તજે. ૪
જય નવ મેઘના સમ શરીર નવીન નિધી,
અમપર નેહની નજર આપ અમાપ કિધી;
નખમણિ કોટિધા રવિ શશાંક સમાન લસે,
હરિજનના સદા હૃદયમાં જ નિવાસ વસે. ૫
અજ ભવ આદિને અતિ અસહ્ય તમારી અજા,
તવ પદનાવથી તરી શકાય તરે ન ભુજા;
પરમ પવિત્ર તે ચરણ આજ દીઠાં જ અમે,
અમ પર રીઝિયા અધિક હેત ધરી જ તમે. ૬
શ્રુતિગણ સાંગ જે ચરણના ગુણ ગાય સદા,
શરણ લીધું અમે ચરણનું મન માંહિ મુદા;
તજી ન જશો કદી પ્રણતપાળ દયાળ તમે,
પદ નમી માગિયે વદનથી વર એ જ અમે, ૭

પ્રભુ તવ રૂપનો સુરથી નિર્ણય થાય નહીં,
જુગજુગ જન્મનું ધરણ એ જ નિમિત્ત અહીં;
ચરિત રુડાં કરો સ્વજનને સુખદેણ વળી,
ગુણગણ ગાય તો ભવની ભીતિ ગણાય ટળી. ૮

દઇ નિજ જ્ઞાનને જન તણી જડતાઇ હરો,
સદગુરુ સર્વના સુખદ તેથી તમે જ ઠરો;
ભ્રમણની ભીતિ સૌ જન તણી તમથી જ ટળે,
અચળ નિવાસ તો તવ સુભક્તિ થકી જ મળે. ૯

**ઉપજાતિ :**

માટે તમે સર્વ શરણ્ય એક, એવું કહે છે શ્રુતિયો અનેક;
તમે કરો છો ઉપકાર જેહ, બીજો કરી કોઈ શકે ન તેહ. ૧૦
અમે તમોથી ફળ જે પમાય, બ્રહ્માદિકે તે ફળ ના અપાય;
એવું તમારું પ્રભુ પાદપદ્મ, તેને નમું છું ગણિ સૌખ્યસદ્મ.[1] ૧૧
ઈંદ્રાદિકો જો ન શરણ્ય માંગે, તો કાળનો ત્રાસ કદી ન ભાંગે;
માટે તજી ભંગુર[2] આશ અન્ય, શરણ્ય માગે તવ તેજ ધન્ય. ૧૨
હે સર્વના સ્વામી પ્રભુ અમારા, તમો અમોને વર આપનારા;
સત્ય પ્રતિજ્ઞા પ્રભુ છે તમારી, સંપૂર્ણ ઈચ્છા કરશો અમારી. ૧૩
વ્યાપી રહ્યો છે કળિકાળ ઘોર, જણાય પાખંડી ગુરૂનું જોર;
ભૂપાળ આ કાળ થયા અધર્મિ, અન્યાયકારી કુટિલો કુકર્મિ. ૧૪
સુધર્મરક્ષા દ્વિજથી ગણાય, તે તો થયા શાક્ત કુમાર્ગ જાય;
ભૂપાળ જે રક્ષક ધર્મના છે, કોઠાર તે આજ કુકર્મના છે. ૧૫
આચાર્ય ઊંધો ઉપદેશ દે છે, ભાર્યા સુતા શિષ્યની ભોગવે છે;



૧.સુખનું ઘર ૨.નાશવંત



સંન્યાસિ થૈ સંગ્રહ દ્રવ્ય રાખે, સંસારના સ્વાદ સમગ્ર ચાખે. ૧૬
સંન્યાસિને કાંચન કોઈ આપે, તે કુંભિપાકે પડનાર પાપે;
એવું લખ્યું શંકરસ્વામી જેહ, રહ્યો નહિ લેશ સુધર્મ તેહ. ૧૭
વેદાંતવાદી ગુરુવેષ ધારી, વેદોક્ત સત્કર્મ વિનાશકારી;
કહે અહંબ્રહ્મ અધર્મિ આપ, નથી જગત્ કે નથી પુણ્ય પાપ. ૧૮
વળી વધ્યો છે બહુ કુંડપંથ, ગણે નહી તે શ્રુતિશાસ્ત્ર ગ્રંથ;
કરે કરાવે જન જારકર્મ, જમે જમાડે તજી જાતિધર્મ. ૧૯
જોયા વળી જૈન પ્રબોધ ધર્તા, તે તો કહે છે નથી વિશ્વકર્તા;
કર્મે કરીને જનમે મરે છે, જે થાય કૈવલ્ય પ્રભુ ઠરે છે. ૨૦
અધર્મરૂપે કળિકાળ વ્યાપ્યો, સુધર્મને મૂળ થકી ઉથાપ્યો;
માટે ધરો નાથ મનુષ્યરૂપ, ભૂભાર ભાંગો મુનિ ભૂપભૂપ. ૨૧

**વસંતતિલકા :**

એવી વૃષે સ્તૃતિ કરી સુણી તે કૃપાળે,
ઈચ્છા ચરિત્ર કરવા કરી એહ કાળે;
બોલ્યા મહાપ્રભુ મુખે પછી ધર્મ પાસ,
પૂર્વે દીધેલ વરદાન કર્યું પ્રકાશ. ૨૨

હે ધર્મદેવ સુણી લ્યો શુભ વાત મારી,
આ ભક્તિ પત્નિપણ પૂરવની તમારી;
વૃંદાવને મખ કરી મુખ માગી લીધું.
ત્યાં મેં પ્રસિદ્ધ તમને વરદાન દીધું. ૨૩

જે આદિરૂપ મુજ અક્ષરધામમાંય,
તે રૂપથી જ તમને વરદત્ત ત્યાંય;

થૈ પુત્ર અત્ર તવ રક્ષણ હું કરીશ,
ભૂભારરૂપ ખળનો ક્ષય આદરીશ. ૨૪

તે વાતની સ્મૃતિ થવા તમને પિતાજી,
દેખાડિયું સ્વરૂપ આ કરીને કૃપાજી;
એવું કહી ધરી સુબાળક રૂપ ત્યાંય,
પોઢ્યા પ્રભુ જનનિ પાસ પલંગમાંય. ૨૫

બાળસ્વરૂપ અતિ અદ્‌ભુત પદ્મપાણી,
પૂર્ણેન્દુવક્ત્ર[1] વળી શું કહિયે વખાણી;
દિસે દયામય નવીન સરોજનેત્ર[2],
ભાસે કપોળ શુભ ગોળ પ્રભાનું ક્ષેત્ર. ૨૬

સોળે સુચિન્હ દરશે શુચિ પાદપદ્મ,
જે છે મુનીન્દ્ર મન ભૃંગ તણું સુસદ્મ[3];
કાયાની નિર્ખિ નજરે કમનીય[4] કાંતિ,
માતા પિતા મન વિષે થઈ સદ્ય શાંતિ. ૨૭

પુત્રસ્વરૂપ નિરખે જનની પલંગે,
રોમાંચ થાય તનમાં અતિશે ઉમંગે;
ઈચ્છા થઈ પ્રભુ તણી બનવા બનાવ,
ભૂલી ગયાં તરત દંપતિ દિવ્યભાવ. ૨૮

જન્મ્યો સુપુત્ર જણ બે મળી એમ જાણ્યું,
પોતાનું ભાગ્ય વૃષભક્તિ ભલું વખાણ્યું;
નિર્ખે મનોહર સુખાબ્ધિ મુખારવિંદ,
જોઈ રહે જનનિ જેમ ચકોર ચંદ. ૨૯



૧.પૂર્ણચંદ્ર સમાન મુખ ૨.કમળ સમાન નેત્રોવાળા ૩.સારુ ઘર અથવા સારુ ઠેકાણું ૪.સુંદર



તે જેમ લોભી જનને જ જડે નિધાન[1],
દે કોઈ અંધજનને ફરી નેત્રદાન;
કે કોટિ કલ્પ તપનું ફળ પ્રાપ્ત થાય,
એવો થયો હરખ અંતરમાં ન માય. ૩૦

સંવત્પુરાણ[2] શત ઊપર સાડત્રીશે,
રૂડો વસંત ઋતુ ને મધુમાસ[3] દીસે;
છે શુક્લપક્ષ નવમી શશીવાર[4] સાર,
ત્યારે થયા પ્રગટ પ્રેમવતી કુમાર. ૩૧

નક્ષત્ર પુષ્ય પણ યોગ કહે સુકર્મા,
તેવે સમે સુત દિઠો દ્વિજ દેવશર્મા;
આનંદ એથી ઉપજ્યો ઉરમાં અપાર,
તે શારદા વરણવી ન શકે લગાર. ૩૨

જો ચૈત્રમાં વિવિધ ફૂલ ઘણાં ફુલાય,
ફુલ્યાનું કારણ જરૂર હવે જણાય;
શ્રીરામ તેમ જન્મ્યા હરિ ચૈત્રમાંય,
તે ગર્વ ચિત્ત ધરી ચૈત્ર ફુલે સદાય. ૩૩

ધારે ધિમંત જન કૌશલ દેશ ધન્ય,
એના સમાન નહિ ઉત્તમ દેશ અન્ય;
પૂર્વે જહાં પ્રગટિયા રઘુવંશિ રામ,
તે દેશમાં જનમિયા પ્રભુ ધર્મધામ. ૩૪

આવી મળી નગરની નવ સાત નારી,
શૃંગાર સ્વચ્છ શરીરે નવ સાત ધારી;



૧.ખજાનો ૨.સંવત્ ૧૮૩૭ ૩.ચૈત્ર માસ ૪.સોમવાર

પ્રત્યેક તેહ વયમાં નવ સાત વર્ષે,
ચાંદ્રી કળા વદનમાં નવ સાત દર્શે. ૩૫
શ્રીધર્મ ગેહ જુવતી જનજુથ આવે,
આનંદ મંગળ કરી ગુણ ગીત ગાવે;
જેવો સુકંઠ કલપે કવિ કોકિલાનો,
તેથી વિશેષ મધુરો સ્વર પ્રેમદાનો. ૩૬

**રાગ ધોળ : પદ : ૧**

સખી આજ આનંદ અતિ ઘણો,
કોટિ બ્રહ્માંડના કરનાર અખિલના આધાર;
પ્રગટ થયા મહાપ્રભુ.
થાય ઉત્સવ ધર્મને આંગણે,
હેતે આવ્યાં હજારો હજાર મળી નરનાર...પ્રગટ૦ ૩૭
ધન્ય ધન્ય શ્રીધર્મના ધામને,
ધન્ય ધન્ય છપૈયા ગામ જ્યાં પૂરણકામ...પ્રગટ૦
જુઓ બાળક રૂપે બન્યા પ્રભુ,
જેનું જોગી જપે નિત્ય નામ તે શ્રીઘનશ્યામ...પ્રગટ૦ ૩૮
આજ સોનાનો સૂરજ ઉગીયો,
આજ મોતીનો વરસે છે મેહ ઓપે અતિ એહ...પ્રગટ૦
મોટા મુનિજન મળીમળી આવિયા,
નમે પ્રભુપદમાં ધરી નેહ દિસે નરદેહ...પ્રગટ૦ ૩૯
દિવ્ય દેહે આવ્યાં દેવ દેવીયો,
આવ્યા ગુણનિધિ દેવ ગણેશ મહેશ સુરેશ...પ્રગટ૦





બ્રહ્મા સાવિત્રીસહિત પધારીયા,
આવ્યા દેહ ધરીને દિનેશ સજી સારો વેશ...પ્રગટ૦ ૪૦
આજ મનના મનોરથ સૌ ફળ્યા,
આજ આનંદ ઉભરાયો જાય ન મનમાં સમાય...પ્રગટ૦
સખી સુખનો સાગર આજ રેલીયો,
આજ ક્રોડ દિવાળી દેખાય શી ઉપમા અપાય...પ્રગટ૦ ૪૧
આજ તોરણ બાંધ્યાં છે ટોડલે,
ધર્યા કળશ પતાકા દ્વાર ઓપે છે અપાર...પ્રગટ૦
રુડા કેળના થંભ રોપાવીયા,
સૌએ સજીયા સરસ શણગાર હૈયે હેમહાર...પ્રગટ૦ ૪૨
આજ નાચે આકાશમાં અપ્સરા,
ગુણી ગાંધર્વ હરિગુણ ગાય હૈયે હરખાય...પ્રગટ૦
આજ દુદુંભિ વાજે છે દેવનાં,
આજ શરણાઈના શોર થાય વધામણી જાય...પ્રગટ૦ ૪૩
જે છે ક્ષર ને અક્ષરકેરા આતમા,
એને કવિ કહે કાળના કાળ પ્રણત[1] પ્રતિપાળ...પ્રગટ૦
બ્રહ્મા ભવ ને ભવાની જેને ભજે,
જે છે વિશ્વવિહારીલાલ તે દીનદયાળ...પ્રગટ૦ ૪૪

**પદ : ૨**

સખી આજની શોભા શી વર્ણવું,
મળી માનિની મંગળ ગાય વરણવ્યો ન જાય;
આનંદ અતિ ઘણો.



૧.ભક્ત, ગરીબ, શરણે આવેલ

આજ અવસર આવ્યો નવાઈનો,
આવો અવસર રહેજો સદાય માગે મુનિરાય...આનંદ૦ ૪૫
ભલાં ભાગ્ય ઉદય થયાં ભૂમિનાં,
મહારાજે કરી મોટી મેહેર થઈ લીલા લેહેર...આનંદ૦
હરિ જન્મ્યા તેથી આખા જગતમાં,
આજ શોભે છે ગામ ને શેહેર વધ્યો ઘેરઘેર...આનંદ૦ ૪૬
સારા હાથી ઘોડા શણગારીયા,
શણગારીયું સુંદર ગામ છપૈયા છે નામ...આનંદ૦
વાટ છાંટીને ફુલડાં વેરીયાં,
ઠીક ઠાઠ રચ્યો ઠામોઠામ નાચે નટવામ[1]...આનંદ૦ ૪૭
આજ જો સખી ધર્મને આંગણે,
આવ્યા આવ્યા અમર નર નાગ મળે નહીં માગ...આનંદ૦
ધર્મદેવે દીધાં દાન વિપ્રોને,
દીધાં જાચકને શેલાં પાગ અમુલ્ય અથાગ...આનંદ૦ ૪૮
આવી આશીષ આપે મુનિજનો,
ઘણું જીવજો જગદાધાર ભક્તિના કુમાર...આનંદ૦
પિતા માતાની પ્રતિમા[2] પાળજો,
વળી પાળજો સ્વજન અપાર સદા સુખકાર...આનંદ૦ ૪૯
મૂર્તિમાન ચારે વેદ આવીયા,
ગાય હરિવરના ગુણગાન સુણે સહુ કાન...આનંદ૦
આવ્યા અજ ભવ આદિ જાચક થઈ,
ચિત્તે ચાહિને દર્શનદાન ધરી હરિધ્યાન...આનંદ૦ ૫૦



૧.નટની સ્ત્રી ૨.આજ્ઞા



ભેટ ધરવા માટે ભલા ભાવથી,
કંઈક લાવે મોતી મણી માળ તે વિમળ વિશાળ...આનંદ૦
કંઈક લાવે સારાં શેલાં પાઘડી,
કંઈક લાવે છે શાલ દુશાલ મોંઘા મોંઘા માલ...આનંદ૦ ૫૧
કુળદેવને દીધાં વધામણાં,
પૂજી અરચીને માગે છે એમ રહેજો પુત્રક્ષેમ...આનંદ૦
તાતે જાતક કર્મ ભલું કર્યું,
નિર્ખિ લાલ વિહારીને જેમ જથાવિધિ તેમ...આનંદ૦ ૫૨

**પદ : ૩**

સખી અદ્‌ભુત ભાગ્ય છે આપણાં,
પુરુષોત્તમ પ્રાણ આધાર જે છે પરાપાર[1];
તે પ્રભુજી પધારીયા.
જેને નેતિ નેતિ નિગમો કહે,
જેની કીરતિ કરે છે ઉચ્ચાર જે વદનહજાર..તે પ્રભુજી૦ ૫૩
જેનાં દર્શન દુર્લભ દેવને,
ધરે શંકર જેહનું ધ્યાન કરે ગુણગાન..તે પ્રભુજી૦
જેને શારદા વર્ણવે સર્વદા,
મુનિ નારદ સનક સમાન શોભે છે નિદાન...તે પ્રભુજી૦ ૫૪
જેને અરથે જોગી જપ તપ કરે,
કરે અષ્ટાંગ જોગ અભ્યાસ વસી વનવાસ...તે પ્રભુજી૦
જોગ જજ્ઞ કરે જેને પામવા,
કોઈ સુખ તજી લે છે સંન્યાસ દિલે થૈ ઉદાસ...તે પ્રભુજી૦ ૫૫



૧.સર્વથી ઉપર

ભજે પ્રકૃતિ પુરુષ ભલા ભાવથી,
પણ સમજે નહીં જેનો સાર પામે નહિ પાર...તે પ્રભુજી૦
બ્રહ્મા વિષ્ણુ ને ભવ તે ભુલા પડે,
જેનો ન કરી શકે નિરધાર કે કેવો આકાર...તે પ્રભુજી૦ ૫૬
જેના તન એક રોમના તેજમાં,
કોટિ સૂર્ય શશી લીન થાય ન જરિયે જણાય...તે પ્રભુજી૦
છેક રોમ તણા એક છિદ્રમાં,
આવાં વિશ્વ અસંખ્ય સમાય ગણ્યાં ન ગણાય...તે પ્રભુજી૦ ૫૭
મોટા મુક્ત ભજે જેને ભાવથી,
ભજે અક્ષરપુરુષ અનેક ધરી દઢ ટેક...તે પ્રભુજી૦
જેની તુલ્ય બીજો નવ જાણીયે,
એના જેવા તો એ જ છે એક છતે જોતાં છેક...તે પ્રભુજી૦ ૫૮
જેની આજ્ઞા થકી જુઓ જગતમાં,
શશી સૂરજ ફરે છે આકાશ કરે છે પ્રકાશ...તે પ્રભુજી૦
મહાસાગર મરજાદમાં રહે,
જેને પાળ્ય નથી એકે પાસ વસે સ્થિર વાસ...તે પ્રભુજી૦ ૫૯
મેઘ વૃષ્ટિ કરે આખી સૃષ્ટિમાં,
તે તો જેહના હુકમ પ્રમાણ કરી નિરમાણ...તે પ્રભુજી૦
સુખકારી વિહારી લાલજી,
જે છે સુંદર શ્યામ સુજાણ સદા સુખખાણ...તે પ્રભુજી૦ ૬૦

**પદ : ૪**

સખી આજ વધામણી સાંભળી,





ભક્તિદેવીનાં ભાગ્ય વિશાળ પ્રગટ થયા લાલ;
ઉત્સવ આજ થાય છે.
દહીં હળદીનો રંગ છંટાય છે,
ભાવે ભરીભરી મોતીના થાળ વધાવે છે લાલ...ઉત્સવ૦ ૬૧
આજ સાકર વહેંચે છે સર્વને,
વળી વહેંચે છે ફોફળ[1] પાન કરી સનમાન...ઉત્સવ૦
કરે પુષ્પની વૃષ્ટિ આકાશથી,
મોટા સુરવર ચડીને વિમાન વડા ગુણવાન...ઉત્સવ૦ ૬૨
ધામધૂમ મચી ધર્મધામમાં,
ત્યાં તો વાજે છે તાલ મૃદંગ ઉપંગ ને ચંગ...ઉત્સવ૦
વાજે ભેરી[2] નફેરી[3] ને ભુંગળો;
વાજે શરણાઇ નોબત સંગ વધે છે ઉમંગ...ઉત્સવ૦ ૬૩
બોલે બંદિજનો[4] બિરદાવળી,
કોઇ કવિજન બોલે કવીત નવીન રચીત...ઉત્સવ૦
સૂત માગધ[5] વાંચે વંશાવળી,
ધર્મદેવ સુણે ધરી ચિત્ત આપે વળી વિત્ત...ઉત્સવ૦ ૬૪
જેજેકાર થયો આખા જગતમાં,
થયાં સજ્જનનાં મન શાંત ભાગી ગઇ ભ્રાંત...ઉત્સવ૦
ભાળી ભાગ્ય ઉદય ભક્તિમાતનો,
હતા મુનિજન જેહ મહાંત તે સમઝ્યા સિદ્ધાંત...ઉત્સવ૦ ૬૫
થયાં નિર્મળ નીર નદી તણાં,
જો આ સમે સ્વચ્છ આકાશ જુઓ ચારે પાસ...ઉત્સવ૦



૧.સોપારી ૨.દુંદુભિ,નગારું ૩.ઢોલ, ૪.ભાટ,ચારણ ૫.મગધ દેશનો વતની

અગ્નિહોત્રિ[1]ના અગ્નિ ઉજ્જ્વળ થયા,
મટ્યો ધૂમને પ્રગટ્યો પ્રકાશ ને હરખ્યો હુતાશ[2]...ઉત્સવ૦ ૬૬
લાગ્યા પાખંડી ગુરુઓ પસ્તાવવા,
પડી પાપીના પેટમાં ફાળ જાણે આવ્યો કાળ...ઉત્સવ૦
કંઈક જાણે હવે નાશી ક્યાં જશું,
ઝંપલાઉં જાણે દવઝાળ કે પેસું પાતાળ...ઉત્સવ૦ ૬૭
નટવર તણી મૂર્તિ નિહાળીને,
દૈવીને દિલે ઉપજ્યું વહાલ થયા છે નિહાલ...ઉત્સવ૦
શોભે ભગવત ભક્તિના ભુવનમાં,
પરમાત્મા પ્રણતપ્રતિપાળ વિહારી જો લાલ...ઉત્સવ૦ ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુભવ[3] થકી હે નરેશ આમ, મુદમય ઉત્સવ થાય ઠામઠામ;
હરખ હરખ વિશ્વમાં જણાય, જયજયકાર મુનીન્દ્ર દેવ ગાય. ૬૯

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર - અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-જન્મોત્સવવર્ણનનામા તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**અથ અસુરોપદ્રવકથનમ્ વસંતતિલકાવૃત :**

દૈવી જનોને દિલમાં થઈ શુદ્ધ બુદ્ધિ,
છે ઈન્દુમાં અમૃતતા થઈ તેની વૃદ્ધિ;
હર્ખ્યા મુનીન્દ્ર વળી સૌ નર નાગ દેવો,
જન્મ્યા જગત્પતિ વધ્યો અતિ હર્ષ એવો. ૧
જેઓ અધર્મિ ગુરુઓ ધન ધૂતનારા,



૧.હંમેશા અગ્નિમાં વિધિપૂર્વક હોમ કરનાર બ્રાહ્મણ ૨.અગ્નિ ૩.પ્રભુ પ્રાગટ્ય



જન્મ્યા હતા અસુરઅંશ મહા નઠારા;
શ્રીધર્મના તનુજનો અવતાર જાણી,
પામ્યા વિશેષ પરિતાપ ઉદાસી આણી. ૨
પાખંડી નાશિ ગત પર્વતની ગુફામાં,
ને કૂડપંથિ પડીયા જઈને કુવામાં;
નાસ્તિક ઝાળ દવની વચ ઝંપલાય,
વામી વિશેષ દુઃખથી વિખ ખૂબ ખાય. ૩
જે મંત્ર જંત્ર અભિચાર વિચારવાળા,
તે તો થયા વદન ને તન વર્ણ કાળા;
વેદાંત શુષ્ક મતવાદિ મુઆ બળીને,
શોધે ઉપાય વળી કોઈ ખળો મળીને. ૪
પાપી કળિ નિજ તણો પરિવાર લૈને,
ભાતુ કર્યું નિકળવા તન સજ્જ થૈને;
જે કામ ક્રોધ મદ મોહ અધર્મવંશ,
બીના બધાય હરિજન્મથી જેમ કંસ. ૫

**ઉપજાતિવૃત્ત :**

સંસ્કાર જીહ્વાપરિમાર્જનાખ્ય, બીજો સુમેધાજનનાખ્ય દાખ્ય;
તે જાતસંસ્કાર કરી કરાય, તાતે કર્યા જેમ યથાર્થ થાય. ૬
દેવો કરી દર્શન સૌ સિધાવ્યા, માંચી[1] વિષે શ્રીહરિને ધરાવ્યા;
આનંદમાં વાસર વીતિ જાય, માતા પિતાને પળમાત્ર થાય. ૭
છટ્ઠે દિને પૂજન ષષ્ઠિકાનું, કર્યાથી હૈયું હરખ્યું પિતાનું;



૧.નાના બાળકને સુવાડવાની ખાટલી,સાંગામાચી

તેવે સમે દાનવ કાળિદત્ત, પ્રસિદ્ધ જે માંત્રિકમાં પ્રમત્ત. ૮
શ્રીકૃષ્ણનો શત્રુ ગણાય એહ, લેવા થયો તત્પર વૈર તેહ;
કહે અભેસિંહ અહો સુધર્મી, એતે હતો કોણ મહા અધર્મી ? ૯

**શિખરિણીવૃત્ત :**

કહે વર્ણી વાણી અભયનૃપતિ તે કહું તને,
તમે પૂછો છો તે પ્રથમ પણ પૂછ્યું હરિજને;
નૃસિંહાનંદે તે પ્રગટ મુખવાર્તા કહી હતી,
હવે તે વાર્તા હું કરીશ તમપાસે પણ છતી. ૧૦

**ઉપજાતિવૃત્ત :**

જે કાળનામે યવન પ્રતાપી, શ્રીકૃષ્ણનો શત્રુ પ્રસિદ્ધ પાપી;
દૃષ્ટિ પડ્યાથી મુચુકુંદ કેરી, બળી મુઓ આસુર વિશ્વવેરી. ૧૧
હતો જરાસંધ તણો સુમિત્ર, તેથી થયો શ્રીહરિનો અમિત્ર;
શ્રીકૃષ્ણસાથે મથુરાં પુરીયે, જુદ્ધે ગયો તે મતિ આસુરીયે. ૧૨
આપ્યાની ઈચ્છા નહિ મુક્તિ તેને, કૃષ્ણે બતાવ્યું નહિ આસ્ય[1] એને;
માર્યા તણો અન્ય ઉપાય જાણી, નાશી ગયા રૈવતે[2] ચક્રપાણી[3]. ૧૩
મરાવિયો ત્યાં મુચુકુંદ પાસે, પામ્યો ન મુક્તિ અતિ તીવ્ર આશે[4];
તે કૃષ્ણનો ઉદ્ભવ આજ જાણી,પાપી થયો તત્પર ગર્વ આણી . ૧૪
કૃત્યાતણું સાધન મંત્ર સાધી, કર્યું વિશેષે કરવા ઉપાધી;
લૈ મદ્ય માંસી બલિદાન દીધાં, તે કોટરાદિક પ્રસન્ન કીધાં. ૧૫
કાર્યાર્થ માગી મુખબોલ લીધો, પછીથી તે અર્થ પ્રકાશ કીધો;
કહ્યું મુખે આદિક કોટરાને, હણો સુભક્તિસુત શામળાને. ૧૬
મૂર્ખે વિચાર્યું મનમાં ન એમ, કીડી થકી મેરુ પડાય કેમ ?



૧.મુખ ૨.ગિરનાર ૩.કૃષ્ણ ૪.વાસનાથી



નહી ઉલેચાય સમુદ્ર ચાંચે, કૃત્યાથી નાવે હરિ અંગ આંચે. ૧૭
છઠ્ઠીની જ્યારે ગઈ મધ્ય રાત, કૃત્યા કર્યા વેષ વિચિત્રભાત;
કોઈ તણા છે વિકરાળ દંત, જોતાં ડરે સૌ જન જીવજંત. ૧૮
તે દાંત દિસે મુશળ પ્રમાણે, કે કોઈ જોઈ હળદંત જાણે;
માથે છુટા કેશ જણાય કેવા, ઘુંચો વળેલા વડવાઈ જેવા. ૧૯
આંખ્યો દિસે નિર્જળ કૂપ જેવી, ભાસે છજું હોય ભ્રકુટિ તેવી;
શું કાન છે કે જુગ સૂપડાં છે, બે ગાલ નિસ્તોયે[1] તળાવડાં છે. ૨૦
નાસા દિસે છે નળિયા સમાને, રાતા થયા હોઠ રુધિર પાને;
ગળે ધરી આંતરડાંની માળા, બીજી વળી ખોપરીની વિશાળા. ૨૧
કોઈ કરે ખપ્પર છે લીધેલું, ત્રિશૂળ કોઈ કરમાં ધરેલું;
ગોળા પ્રમાણે બહુ પેટ મોટું, મલીન દીસે તન ખૂબ ખોટું. ૨૨
કોઈ કહે આગળ ધાઉંધાઉં, કોઈ કહે છે વળી ખાઉંખાઉં;
કીક્યારી કર્તી વૃષઘેર પેઠી, જ્યાં પુત્ર લે માત પલંગ બેઠી. ૨૩
જે મુખ્ય કૃત્યા વળી કોટરા છે, જેને નહી લેશ દિલે દયા છે;
તે શ્રીહરિને ઝડપેથી ઝાલી, આકાશમાર્ગે અતિ ઊડી ચાલી. ૨૪
તે જેમ ચિંતામણિ જે કહાવે, લૈ હાથમાંથી સમળી સિધાવે;
કે લૂંટનારો મળી વાટમાંય, લૂંટી લઈને ધન નાશી જાય. ૨૫
સમુદ્ર કોટિ ગિરિ મેરુ કોટી, ઘણી નદી સિંધુસમાન મોટી;
એવી ઘણી વસ્તુ ઘટે ભરેલી, તે પંખિણી એક લઈ ઉડેલી. ૨૬
તે ગામથી ઉત્તરભાગ માંય, છે અર્ધ ગાઉ સર એક ત્યાંય;
અત્યંત ભીતિમય ત્યાં અગાડી, છે ઝાડના ઝુંડની ઝાઝી ઝાડી. ૨૭
મુક્યો પ્રભુયે અતિ ભાર એવો, તે કોટરા સાંખિ શકે ન તેવો;



૧.પાણી વગરના સુકાયેલા

જ્યારે મહાભાર થકી મુઝાણિ, પડ્યા મૂક્યા ભૂતળ પદ્મપાણિ. ૨૮
ત્યાં પીપળાનું તરુ એક મોટું, છે તેહ મોટા વડથી ન છોટું;
પડ્યા પ્રભુ પીપળ ઝાડ પાસ, તે જોઇ પામ્યા સુર સર્વ ત્રાસ. ૨૯
એવે સમે શ્રીહરિયે જ પ્રેર્યા, આવ્યા તહાં પાર્ષદ ધામકેરા;
ઝીલી લઇ પિપ્પળની પ્રભામાં, પોઢાડીયા પુષ્પ તણી સજ્યામાં. ૩૦
સ્તુતિ કરી પાર્ષદ એમ બોલે, કૃત્યાદિ તો છે તૃણમાત્ર તોલે;
ચરિત્ર ભક્તોહિત આચરો છો, સેવાંગીકાર પ્રભુજી કરો છો. ૩૧
એવે સમે શેષ સ્વયં પધાર્યા, જોઇ પ્રભુને મનમાં ઉતાર્યા;
કેવા દીઠા શ્રીહરિ એહ ટાણે, તે શેષ પોતે વદને વખાણે. ૩૨

**શાર્દૂલવિક્રીડિત :**

સારુ સાગરતુલ્ય એહ સર છે તેમાંથી શું નીસર્યું,
તાજું કલ્પતરૂ સ્વરૂપ પણ શું આ પીપળાનું ધર્યું;
પોઢ્યા તેહ તળે પ્રભુ જળનિધિ મથ્યા થકી થાકીને,
જોતાં ભાવ જણાય એહ સરખો જો જોઇયે તાકીને. ૩૩
કાં તો અક્ષરધામ એહ તરુને રૂપે થઈને રહ્યું,
રે તું પિપ્પળ ધન્યધન્ય અતિશે સૌ દેવતાએ કહ્યું;
છે બ્રહ્માંડ અનેક જેહ હરિની છાયા અમાયા વિષે,
પોઢ્યા તે પરમેશ આજ તુજની છાયા વિષે આ દિસે. ૩૪
રે તારો મહિમા વિશેષ વધશે યાત્રા ઘણી જામશે,
જે જાત્રા કરશે જરૂર જન તે પ્રાપ્તિ ભલી પામશે;
પૂજી પર્વદિને ફરે પ્રદખણા તેના મનોર્થો ફળે,
એવું ઉચ્ચરીને અહીંદ્ર[1] વિચર્યા પાતાળ પૃથ્વીતળે. ૩૫



૧.શેષજી



**ઉપજાતિવૃત્ત :**

તે કોટરા ત્યાં ફરી પાછી આવી, ઇચ્છા હરિને હણવાની લાવી;
ત્યારે પ્રભુયે કરી ક્રૂર દષ્ટિ, ત્યાં કંપવા લાગી સમગ્ર સૃષ્ટિ. ૩૬
તે દષ્ટિ તો વજ્ર સમાન લાગી, તે કોટરા ત્યાં ભય પામી ભાગી;
આદિત્યને દેખી ઉલૂક જેમ, સંતાઇ પેસે ગઇ દુષ્ટ તેમ. ૩૭
હે ભૂપતિ સાંભળ એક વાત, કેવી સ્થિતિ તે તક ભક્તિમાત;
ઉદાસિ એને ઉપજી અમાપ, પ્રભુ વિજોગે કરતી વિલાપ. ૩૮

**ભક્તિમાતાનો વિલાપ :**

**કાવે સંદેશો વ્રજનાર રે, મથુરાના વાસી - એ રાગ છે**

**પદ : ૧**

માતા ભકિત કરે છે વિલાપ રે અરે આ તે થયું શું;
મારાં પૂર્વનાં પ્રગટીયાં પાપ રે અરે આ તે થયું શું;
મારા ઊર માંહિ ઊપજ્યો ઊતાપ રે અરે આ તે થયું શું......ટેક.
અરે દૈવ આ ક્યાં ગયો રે, પવિત્ર મારો પુત્ર;
કુળદીપક કુંવર વિના, મારું શોભે નહિં ઘરસૂત્ર રે...અરે૦ ૩૯
ક્યાં જાઉં કેને કહું રે, કોણ હરે આ કષ્ટ;
ક્યાં થકી આ આવી ચડયું, મારું ક્યાં હતું આવું અદષ્ટ[1] રે...અરે૦ ૪૦
વારી વિજોગે માછલી રે, વત્સ વિજોગે ગાય;
તનુજ વિજોગે ટળવળે, મહા દુઃખથકી તેમજ માયરે...અરે૦ ૪૧
નેણાં જેમ કીકી વિના રે, જીવ વિના જેમ કાય;
પુત્ર વિયોગે માવડી, તે તો મૃતક સમાન જણાયરે...અરે૦ ૪૨
પુત્ર વિજોગે જીવવું રે, એ તો છે ધિક અવતાર;



૧.ભાગ્ય

પ્રાણ જીવન પુત્ર તે જતાં, મારો વ્યર્થ થયો સંસાર રે...અરે૦ ૪૩
નેણાં ભરી હું નિરખતી રે, જેમ સુચંદ્ર ચકોર;
જીવનદોરી જાણતી, મારો ક્યાં ગયો ચિત્તનો ચોર રે...અરે૦ ૪૪
સ્વપનામાં સુખ સાંપડ્યું રે, વીત્યું સ્વપ્ના માંય;
દુઃખનો દરિયો રેલીયો, હવે એકે ન સૂઝે ઉપાય રે...અરે૦ ૪૫
સુત મારું દુઃખ સાંભળો રે, દિલમાં થઈને દયાળ;
માત તમારી ટળવળે, આવો વિશ્વવિહારીલાલ રે...અરે૦ ૪૬

**પદ : ૨**

અરે આ શું કર્યું તેં આજ રે અરે નિર્દય દૈવ,
તે તો કોપ કર્યો શા કાજ રે અરે નિર્દય દૈવ,
મારો ક્યાં ગયો સુખનો સમાજ રે અરે નિર્દય દૈવ.....ટેક.
અસુર ઉપદ્રવનાં અમે રે, સાંખ્યા કષ્ટ અપાર;
મેં જાણ્યું જે આવીયો, હવે સુખનો સમય આ વાર રે...અરે૦ ૪૭
આજ મને મેડી માળીયાં રે, ગમતું નથી આ ગામ;
દશ દિશ ખાવા ધાય છે, મારો ક્યાં ગયો સુત ઘનશ્યામ રે...અરે૦ ૪૮
ચંદ્ર તું ચાલે આકાશમાં રે, ચળકે છે ચારે કોર;
તું દેખતાં મારા તનુજને, કહે કોણ ચોરી ગયો ચોર રે...અરે૦ ૪૯
પવન તું પ્રત્યક્ષ દેવ છે રે, પ્રસરે છે ચારે પાસ;
દુઃખિયારી મને દેખીને, મારા પુત્રની કર તું તપાસ રે...અરે૦ ૫૦
તારા મંડળ તમે સૌ મળી રે, ઓપી રહ્યા છો આકાશ;
ખબર કહો મારા પુત્રની, મને તે વિના ઉપજે છે ત્રાસ રે...અરે૦ ૫૧
ભડકો ભાસે છે ચંદ્રમા રે, તારા અંગારા તુલ્ય;





વિંછી જેવા ચટકા ભરે, મને ચંપા ચમેલીનાં ફૂલ રે...અરે૦ ૫૨
રોજ તો રાત વહી જતી રે, ભાસતું તરત પ્રભાત;
દિવસ હવે ક્યારે ઉગશે, કયારે વીતશે વેરણ[૧] રાત રે...અરે૦ ૫૩
રે રુડા પોપટ પંખીયા રે, વિચર તું વાટ ને ઘાટ;
વિશ્વવિહારીલાલનો, લાવ્ય સંદેશો સુખને માટ રે...અરે૦ ૫૪

**પદ : ૩**

તમે કયાં ગયા કરુણાનિધાન રે મારા કુંવર કોડીલા,
હવે દ્યો મને દર્શન દાન રે મારા કુંવર કોડીલા,
આવો તનુજ કરો સ્તનપાન રે મારા કુંવર કોડીલા....ટેક.
મનડું મારું તમ વિના રે, આકુળ વ્યાકુળ થાય;
જાવા લાગ્યો છે જીવડો, હવે ધીરજ કેમ ધરાય રે...મારા૦ ૫૫
સુકૃત જન્મ સહસ્ત્રનાં રે, ઉદય થયાં અદ્‌ભુત;
સુખનિધિ ત્યારે સાંપડ્યા, તમ સરખા સુજાણ સપૂત રે...મારા૦ ૫૬
સુકૃત સૌ આવી રહ્યાં રે, કાઢીયે કેનો વાંક;
લખીયાં કર્મના લેખમાં, આવા વાંકા વિધાતાયે આંક રે...મારા૦ ૫૭
વિચારહીન વિધાતરા રે, કરે નકારાં કાજ;
આવા કપાળમાં આંકડા, એને લખતાં ન આવી લાજ રે...મારા૦ ૫૮
કાળ કર્મ માયા તણો રે, ભાસે નહિ કાંઇ ભાર;
આ તો છે કૃત્ય તમે કર્યું , જોવા ધીરજ ધર્મકુમાર રે...મારા૦ ૫૯
અતિ વિરહની વેદના રે, નહીં ખમાય આ ઠામ;
આવો અનુકંપા કરી, ઘણી થઈ છે હવે ઘનશ્યામ રે...મારા૦ ૬૦
કાચું છે મારું કાળજું રે, જાણો છો જનપ્રતિપાળ;



૧.વૈરી

ઘણી પરીક્ષા નવ કરો, આવો વિશ્વવિહારીલાલ રે...મારા૦ ૬૧

**પદ : ૪**

હવે દષ્ટિએ ક્યારે દેખીશ રે મારા બાળૂડા બાળક,
ક્યારે નેણાં ભરી નિરખીશ રે મારા બાળૂડા બાળક;
ક્યારે હૈડામાં હું હરખીશ રે મારા બાળૂડા બાળક...ટેક.
ક્યારે હું મારા કુંવરને રે, ભૂજા ભરી ભેટીશ;
ક્યારે હું મન શીતળ કરી, મારા તનના ઉતાપ મેટીશ રે...મારા૦ ૬૨
લોચન મારાં લઇ ગયું રે, કોણ આવીને બેય;
દુઃખમાં ડૂબતી દેખીને, મને કોણ લાવી હવે દેય રે...મારા૦ ૬૩
ભરદરિયામાં ભાંગીયું રે, વમળ વચ્ચે પડી વહાણ;
ખૂટીયા ખેડૂ ખારવા, હવે કેમ બચે મારા પ્રાણ રે...મારા૦ ૬૪
પાંખો વિનાની પંખણી રે, ઝૂરી ઝૂરી મરે જેમ;
પુત્ર વિજોગે હું પડી, મારું તર્ફડે છે તન તેમ રે...મારા૦ ૬૫
ઓ ભૂંડી કૃત્યા અભાગણી રે, નિર્દય અધમ અજાણ;
કેમ તેં કુંવરને લઈ જતાં, મારા પ્રથમ ન લીધા પ્રાણ રે...મારા૦ ૬૬
મેં નથી લાડ લડાવીયા રે, લાવો ન લીધો લગાર;
મનના મનોરથ માહરા, તે તો રહી ગયા મન મોઝાર રે...મારા૦ ૬૭
શાંતિ શેણે કરી ઊપજે રે, લાગી છે તનમાં લહાય;
ભાસે ચિતાસમ સેજડી, મને મંદિર ખાવાને ધાય રે...મારા૦ ૬૮
દિવસ હરખના ક્યાં ગયા રે,ક્યાંથી આવ્યો આવો કાળ;
વિશ્વવિહારીલાલજી દ્યોને દર્શન દીનદયાળ રે...મારા૦ ૬૯





**ઉપજાતિવૃત્ત :**

ભક્તિ તણી સૂણી વિલાપ વાણી, ધર્મે તહાં ધીરજ ઊર આણી;
સ્વપત્નિને ધીરજ ત્યાં ધરાવા, સુણાવ્યું ધૈર્યાષ્ટક શાંતિ થાવા. ૭૦

**ધૈર્યાષ્ટક : માલિનીવૃત્ત :**

સમજ સમજુ નારી ચિત્તમાં જો વિચારી,
વિલપી વિલપી રોયે નોય પીડા જનારી;
ચતુર જન વિવેકી ચિત્ત માંહિ વિચારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૧
સુખદુઃખ દુનિયામાં સર્વને શીશ આવે,
સ્થિતિ સરખી સદા તો કોઈની ના રહાવે;
વધઘટ દિનમાં ને સૂર્ય જો માસ બારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૨
શશીપણ નભ માંહિ જો વધે ને ઘટે છે,
કરમ લિખીત લેખો ક્યાં મટાડ્યા મટે છે;
રુદનથકી ન લાગે કષ્ટ ઓછું લગારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૩
હિમત તજી દિધાથી દુઃખ ઝાઝું જણાય,
દુઃખિત અધિક દેખી શત્રુઓ રાજી થાય;
સુર નર દુઃખ વેઠ્યાં જો પુરાણો અઢારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૪
રઘુપતિ વનવાસે જૈ વસ્યા રાજ્ય છોડી,
હરણ હવું સીતાનું તે પીડા નોય થોડી;

અધિક ધીરજ ધારી જાનકીનાથ ત્યારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૫
વળી નળ-દમયંતિ પામીયાં પૂર્ણ કષ્ટ,
ઉજડ વન વસ્યાં જૈ થૈ ભલાં રાજ્યભ્રષ્ટ;
નૃપતિ નૃપતિનારી ભોગવ્યાં દુ:ખ ભારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૬
વળી દુ:ખ બહુ વેઠ્યાં દ્રૌપદી પાંડવોએ,
પણ રુદન ન કીધું તેમણે ક્યાંઇ તોયે;
રુદન બહુ કર્યાથી કોણ કષ્ટો નિવારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૭
સુર નર મુનિ સર્વે સુખ દુ:ખો સહે છે,
વિધિકૃત વિધિ જાણી રાજી રાજી રહે છે;
વદન રુદન ટાળી તેમ રે'વું તમારે,
વિષમ સમય જાણી સુજ્ઞ તો ધૈર્ય ધારે. ૭૮

**ઉપજાતિવૃત્ત :**

આનંદમાં ગર્વ ઉરે ન થાય, વિપત્તિમાં ધીરજતા ધરાય;
એવું કહું તે પદ ચિત્ત ધારો, આવો સમો છે પણ તે જનારો. ૭૯
સંધ્યા સમે સૂરજ અસ્ત થાય, થતે પ્રભાતે વળી તે જણાય;
એવીજ રીતે સુખ દુ:ખ કેરા, આવે અને જાય દિનો ઘણેરા. ૮૦
રામે સિતા એક સમે ગુમાવી, લંકા લીધી તે પળ પાછી આવી;
જે પાંડવોએ વનવાસ કીધો, તેણે વળી દુર્ગમ દુર્ગ લીધો. ૮૧





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રિય નિજ કુળદેવ વાયુપુત્ર, સ્મરણ કરો ઉર આવશે જ અત્ર;
સુણી પતિવચનો વિચારી નારી, સ્તુતિ હનુમંત તણી તહાં ઉચારી. ૮૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર - અભયસિંહનૃપસંવાદે કૃત્યાધર્મપુત્રહરણ ભક્તિમાતાકૃતવિલાપકથનનામા ચતુર્થો વિશ્રામ: ॥૪॥***

**ઉપજાતિવૃત્ત :**

ધર્મપ્રિયા પુત્ર વિજોગ પામી, તેથી થયો ખેદ રહી ન ખામી;
કરી તહાં તો સ્તુતિ તર્તખેવ, જે જે દયાળુ હનુમંત દેવ. ૧

**અથ હનુમંતાષ્ટક: વસંતતિલકાવૃત્ત :**

જે જે દયાળુ હનુમંત પવિત્ર દેવ,
સ્નેહે સજે સકળ દેવ તમારી સેવ;
છો કષ્ટ નષ્ટ કરનાર સહાયકારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૨
સીતા તણી તરત સૂધ તમે જ લીધી,
લંકાપુરી પણ તમે જ પ્રજાળી દીધી;
લીધો વિભીષણ સુભક્ત તમે ઉગારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૩
દ્રોણાચળે પવનપુત્ર તમે સિધાવ્યા,
બુટ્ટી વિશલ્યકરણી બળવંત લાવ્યા;
પીડા તમે તરત લક્ષ્મણની નિવારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૪

ઐરાવણે વળતિ સાનુજે[1] રામ લીધા,
પાતાળમાં વિચરી ત્રાસ વિશેષ દીધા;
ત્યાં જૈ તમે ભલું પરાક્રમ કીધ ભારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૫

જે જે કરે સ્મરણ સંકટ સૌ હરો છો.
ભીતિ મટાડી બધી નિર્ભયતા કરો છો;
છોજી તમે પરમ નૈષ્ટિક બ્રહ્મચારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૬

કીધી તમે સ્થિતિ કપિધ્વજની[2] ધજામાં,
કીધો જઇ સુજય કૌરવની પ્રજામાં;
સેના સમસ્ત રિપુની રણમાં વિદારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૭

છોજી કૃપાળુ કુળદેવ તમે અમારા,
પૂજ્યાં અમે ચરણ ચિત્ત ધરી તમારાં;
માટે હરો સકળ આ વિપદા અમારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૮

આવે સમે સમરતાં તતકાળ આવો,
જ્યાં હોય ત્યાંથી મુજ બાળક તર્ત લાવો;
કૃત્યા કુપાત્ર હરી લૈ ગઇ છે નઠારી,
હે રામદૂત હનુમંત વિપત્તિહારી. ૯

**ઉપજાતિવૃત્ત :**

સ્તુતિ સુણી ત્યાં હનુમાન આવ્યા, ભક્તિ તણા તે મન માંહિ ભાવ્યા;



૧.લક્ષ્મણ સહિત ૨.અર્જુન



કપીશને સર્વ કહી સુણાવ્યું,તે સાંભળીને ઉર શૌર્ય આવ્યું. ૧૦
માતા કહે હે હનુમંત દેવ!, કૃત્યા લઇ ગૈ સુત તર્તખેવ;
તમોથી જો લાવી શકાય તેહ, લાવો જઇને મુજ બાળ એહ. ૧૧

**પૂર્વછાયો :**

અંજનિસુત એવું સુણી, ધરી ઉરમાં હરિનું ધ્યાન;
ઉચર્યા માતા આગળે, મનમાં ધરી અભિમાન. ૧૨

**ચોપાઈ :**

માતા એવું શું વચન ઉચ્ચારો, તમે શું મને નિર્બળ ધારો ?
કૃત્યા પેઠી ગમે ત્યાં હોય, પણ પકડીશ તેને હું તોય. ૧૩
કદી ગઇ હોય તે કૈલાસ, તોય ત્યાં જઇ ઉપજાવું ત્રાસ;
પૅસે સાતમે જઇ પાતાળ, તોય તેને હણું તતકાળ. ૧૪
હું તો પામ્યો છું પ્રભુનો પ્રતાપ, કરૂં કામ મોટાં તેથી આપ;
કહો તો વિંધ્યાચળને ઉખાડું, કહો તો મેરુપર્વત પાડું. ૧૫
આપ આજ્ઞા આપો જો માત, તો હું સાગર શોષું[1] સાત;
કહો તો ધરા આખી ધ્રુજાવું, કહો તો રવિરથ અટકાવું. ૧૬
કરૂં જો હું પરાક્રમ સારું, તારા આકાશ કેરા ઉતારું;
એવાં કામ કરું ભારી ભારી, ત્યારે કૃત્યા તે કોણ બિચારી. ૧૭
માતા હરખ્યાં સુણી એવી ગાથ, મૂક્યો હનુમાનને શિરે હાથ;
વળી આશિષ મુખથી ઉચ્ચારી, તારું રક્ષણ કરશે મુરારી. ૧૮
પુત્ર જાઓ કરો રુડું કામ, મને લાવી આપો ઘનશ્યામ;
વેલા આવજો હનુમંત વીર, ધારી શકતી નથી હું તો ધીર. ૧૯
જાય પળ એક કલ્પપ્રમાણ, વાર લાગશે તો જાશે પ્રાણ;



૧.ચુસી જાઉં,.સુકવી નાંખું

કહે હનુમંત ચિંતા મેલો, માતા આવીશ હું વેલોવેલો. ૨૦
એમ કહી શિર નામી સિધાવ્યા, કૃત્યા શોધતા સીમમાં આવ્યા;
હતી સીમમાં કૃત્યા રખડતી, પ્રભુ દષ્ટિથી દૂર આથડતી. ૨૧
દીઠા દષ્ટિયે હનુમાન વીર, ત્રાસ પામી તજી તન ધીર;
ત્યારે કૃત્યા જઇ તેણી વાર, લાવી સહચરી સાથે અપાર. ૨૨
યુદ્ધ કરવાને હનુમાન સાથે, અસ્ત્ર શસ્ત્ર ધર્યા બહુ હાથે;
લીધાં તોમર ને તરવાર, લીધાં કામઠાં તીર કટાર. ૨૩
હળ મુશળ ને મુદ્‌ગર લીધાં, ભાલાં બરછી કોઇયે સજ્જ કીધાં;
લીધી ભોગળ ને ભિંદિપાળ[1], કોયે લીધા કુહાડા કરાળ. ૨૪
કોઇએ ચક્ર ત્રિશૂળ ધર્યા છે, નેણ ક્રોધથી રક્ત કર્યા છે;
કોઇયે ઢાલ ધરી છે હાથે, પેહેર્યા બખતર ટોપ છે માથે. ૨૫
પીને મદિરા થઈ ઉનમત્ત, ખુશી થઇને કરે કોઇ નૃત્ય;
કંઇક મુખથી કરે કિકિયારી, ભાસે ફોજ ભયંકર ભારી. ૨૬
હનુમાને તે દૂરથી દીઠી, લાગી ક્રોધની ઉરમાં અંગીઠી;
કરી હુંકાર ને હાક મારી, પગે જોરથી પૃથવી પ્રહારી. ૨૭
ધરા ધ્રુજી ને સળકિયો શેષ, ડોલ્યો મેરુ ને જાગ્યા મહેશ;
ત્યાં તો ખળભળ્યા સાગર સાત, આખા જગમાં થયો ઉતપાત. ૨૮
ડોલ્યા દિગ્ગજ ને દિગપાળ, જાણે આવ્યો પ્રલયનો કાળ;
બીક સુર નર સર્વને લાગી, જાણે બ્રહ્માંડ પડશે ભાંગી. ૨૯
ત્યાં તો કૃત્યાઓ ક્રોધે ભરાઈ, ધીર વીરની સનમુખ ધાઈ;
કંઈકે નાખ્યાં ત્રિશૂળને તીર, કંઈકે ફેંક્યા પત્થર કપિશિર. ૩૦
કંઈકે ઘોચી શરીરમાં સાંગ્ય, કેમ વાગે જેનું વજરાંગ;



૧.વજ્ર જેવું હથિયાર



પછી હાક મારી હનુમાન, ગદા લઈને ઘૂમ્યા ગુણવાન. ૩૧
કંઈનાં માથાં ફોડ્યાં ગદા મારી, કંઇને પૂંછડાથી જ પ્રહારી;
કંઈકને પાડી ગ્રહીને કેશે, કંઇને ઉડાડી પગની ઠેશે. ૩૨
કંઇ દુષ્ટોના દાંત જ તોડ્યા, કંઈકના તો વળી ડોળા ફોડ્યા;
કાપ્યાં કંઇક નઠારીનાં નાક, એમ સૌને ચઢાવી ચાક. ૩૩
કંઈને લમણામાં માર તે લાગ્યા, કંઇક પાપિણીના પગ ભાંગ્યા;
જીવવાની રહી નહિ આશ, ત્યારે કંઇક નાઠી ધરી ત્રાસ. ૩૪
સહચરીયોને નાસતી જાણી, ત્યારે કોટરા ક્રોધે ભરાણી;
આવી હઠ કરી હનુમાન સામી, જુદ્ધ કરવામાં રાખી ન ખામી. ૩૫
જ્યારે તે પણ લડીલડી હારી, ત્યારે કર જોડી બોલી બિચારી;
મહાવીર અહો હનુમાન !, તમે છોજી બહુ બળવાન. ૩૬
જગમાં તમને કોણ જીતે, તમે સમરથ છો સહુ રીતે;
અમે તો છૈયે અબળા નારી, તમે નૈષ્ઠિક છો બ્રહ્મચારી. ૩૭
કર જોડીને કહિયે તમને, હવે જીવતી જવા દ્યો અમને;
નહિ આવીયે કદી આ સ્થાન, તેના સાક્ષી શશી ભગવાન. ૩૮
એવી વિનતિ તેણે કરી જ્યારે, કૃપા ઉપજી કપીશને ત્યારે;
દીન જાણી તેને જવા દીધી, પછી સૂધ શ્રીહરિની લીધી. ૩૯
જોતાં જોતાં જ્યાં વનમાં જાય, પુષ્પસેજે પોઢ્યા દીઠા ત્યાંય;
મુક્ત અક્ષરધામના જેહ, કરે ચમર ઉભાંઉભાં તેહ. ૪૦
હનુમાને હરિ પાસ આવી, કરી વિનતિ ત્યાં શીશ નમાવી;
બાળરૂપ હે પરમ પવિત્ર !, તમે ચરિત કરો છો વિચિત્ર. ૪૧
હોય આપની ઇચ્છા જેમ, કૃત્ય કૃત્યા કરી શકે તેમ;

હરિ આપની ઈચ્છા ન હોય, એવું કરવા સમર્થ ન કોય. ૪૨
અમે સજીયે તમારી સેવા, એવી લીલા કરો સુખ દેવા;
જય જય જય જગપતિરાય, એમ કહીને પ્રીત્યે લાગ્યા પાય. ૪૩
પછી મુક્તોએ બાળમુકુંદ, સોંપ્યા હનુમાનને સુખકંદ;
ગયા મુક્ત તે અક્ષરધામ, ચાલ્યા હનુમાન વૃષને ગામ. ૪૪
ભક્તિમાતા તો જુવે છે વાટ, નાવ્યા હનુમાન થાય ઉચાટ;
બન્ને આંખેથી આંસુ પડે છે, ઘાટ મનમાં અનેક ઘડે છે. ૪૫
હવે સુત મળવાની શી આશા ?, એવું ધારીને નાંખે નિસાસા;
મારાં ભાગ્ય જો હોય ભલાંય, રત્ન સાંપડ્યું તે શીદ જાય. ૪૬
કાં તો હનુમાન કૃત્યાથી હાર્યો, કાં તો કુંવરને કૃત્યાએ માર્યો;
કાં તો અસુરે રચી કાંઈ માયા, તેથી હનુમાન ત્યાં જ રોકાયા. ૪૭
હમણાં આવીશ કહી ગયો હર્ષે, હું તો જાણું છું વહી ગયું વર્ષે;
એણે આપી મને જૂઠી આશ, વાંદરાનો તે શો વિશ્વાસ. ૪૮
કાં તો ચાલી શક્યો નહિ લૂલો, કાં તો વાટ વિષે પડ્યો ભૂલો;
કાં તો કોઈનું કરવાને કામ, ગયો તેથી ન આવ્યો આ ઠામ. ૪૯
કોઈ તેલ સિદૂંર ચડાવે , તેનું પણ કામ કરવા સિધાવે;
એવી ચિંતા કરે માત જ્યાંય, દીઠા દૂરથી હનુમાન ત્યાંય. ૫૦
ઐરાવત તણા ઘર થકી જેમ, આવતો હોય તે દીઠો તેમ;
ધર્મતનુજને લીધા છે તેડી, જાણે આવીયો આસુરને ફેડી. ૫૧
આવી હનુમાને કુંવર તે આપ્યો, ક્લેશ ધર્મને ભક્તિનો કાપ્યો;
છીપ સ્વાતિનું જળ લે જેમ, માયે તરત લીધો સુત તેમ. ૫૨
કર્યું ચુંબન તે રૂડી રીતે, સ્તનપાન કરાવિયું પ્રીતે;





હનુમાનનાં મીઠડાં લીધાં, તેને વિવિધ વધામણાં દીધાં. ૫૩
બહુ હરખ્યા ધરમદેવ તાત, હર્ખ્યા રામપ્રતાપજી ભ્રાત;
સર્વે હરખિયા સુર નર નાગ, સૌને આનંદ ઉપજ્યો અથાગ. ૫૪
હનુમાન ગયા સ્વસ્થાન, ભાવે વંદીને શ્રીભગવાન;
હવે કોટરાની કહું વાત, તેને માથે મોટી ગઈ ઘાત. ૫૫

**ઉપજાતિવૃત્ત :**

તે કોટરા પાછી થઈ પ્રમત્ત, ગઈ જહાં છે ખળ કાળિદત્ત;
ઉચ્ચાર ક્રોધે અતિક્રુર કીધો, દાઢો દબાવી બહુ ત્રાસ દીધો. ૫૬
જે સૂર્યસામી રજને ઉડાવે, પોતાતણે મસ્તક પાછી આવે;
કૃત્યા તહાં તેમજ આવી લાગી, પામ્યો વિશેષે ભય તે અભાગી. ૫૭
કૃત્યા કહે હે ખળ દુષ્ટ પાપી !, તે ધર્મનો બાળક છે પ્રતાપી;
ન કોઈ એને હણવા સમર્થ, તે સાથ તું વેર વધાર્ય વ્યર્થ. ૫૮
આદિત્યને કેમ ઉલૂક જીતે ?, કરી શકે શું ભય કોઈ રીતે ?
ગરુડને મારી શકે ન માંખી, હારી રહે હીંમત વ્યર્થ નાંખી. ૫૯
આવ્યા મળી ત્યાં હનુમાન ભ્રાત, ત્યાં તો અમારા ઝટ જીવ જાત;
તેં મોકલી જીવ જવા અમારા, લેશું અમે સાંપ્રતે[૧] પ્રાણ તારા. ૬૦
એવું સુણીને અસુરે વિચાર્યું, થયું નહિ કામ કશુંય ધાર્યું;
કરી સ્તુતિ ત્યાં કરીને પ્રણામ, એવું નહિ સોપું કદાપિ કામ. ૬૧
કૃત્યા ગઈ ત્યાંથી કરી વિરોધ, તથાપિ દુષ્ટે ન લીધો સુબોધ;
જો ખેદ પામે બહુ ખાય ખત્તા[૨], તથાપિ માને ખળ આપ સત્તા. ૬૨
વર્ણીન્દ્રને પ્રશ્ન મહીંદ્ર[૩] પૂછે, કૃત્યાતણું છેવટ શું થયું છે ?
પ્રભુ તણો તે પણ જોગ પામી, મોક્ષે જશે કે નહિ જાય સ્વામી! ૬૩



૧.અત્યારે, હમણાં જ ૨. નુકશાની થવી ૩.રાજા

વર્ણી કહે સાંભળ ભૂમિપાળ, તેનો થશે જ્યાં તન અંતકાળ;
ત્યારે હશે તેહની બુદ્ધિ જેવી, ગતિ થશે તેની તહાંથી તેવી. ૬૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુનિત ચરિત કૃષ્ણનાં કહ્યાં મે, શ્રવણ મુમુક્ષુ કરે સુબુદ્ધિ પામે;
વળી મન ધરી સાંભળો મહીશ, હરિકૃત બાળચરિત્ર હું કહીશ. ૬૫

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કૃત્યાપરાભવ-કથનનામા પંચમો વિશ્રામઃ ॥૫॥***

**પૂર્વછાયો :**

હે અભેસિંહ સુણો હવે, કહે વર્ણી અચિંત્યાનંદ;
જે સંસ્કાર વૃષે કર્યા, તે કહું ધરી આનંદ. ૧

**ચોપાઈ :**

જાતસંસ્કાર પેહેલો જાણું, જિહ્વામાર્જન બીજો પ્રમાણું;
મેધાજનન ત્રીજો કહેવાય, તે મેં તમને કહ્યા છે રાય. ૨
ચોથો સંસ્કાર પયપાન જે છે, માસ બીજો બેસે ત્યાં કરે છે;
શુદિ દશમી ગુરુવાર જ્યારે, પયપાન કરાવિયું ત્યારે. ૩
શુદિ વૈશાખની એકાદશી, ભૃગુવારી પિતા મન વશી;
ત્યારે પારણે પોઢાડ્યો બાળ, પાંચમો સંસ્કાર નૃપાળ. ૪
વિશ્વકર્મા તે પારણું લાવ્યા, દિસે હીરા હજારો જડાવ્યા;
તેનું વર્ણન અધિક ઉમંગે, સંભળાવીશ બીજે પ્રસંગે. ૫
ચોથા માસમાં શાસ્ત્ર પ્રમાણે, કર્યું નામકરણ શુભ ટાણે;
માસ અષાઢ છે નિરધાર, વદી સાતમ ને ગુરુવાર. ૬





માસ પાંચમો તે બેઠો જ્યારે, શુદી એકાદશી આવી ત્યારે;
ભૂમિ ઉપર પ્રથમ બેસાર્યા, એમ સંસ્કાર સાત સુધાર્યા. ૭
છઠે માસે આસોશુદિ બીજે, આઠમો સંસ્કાર કહીજે;
અન્નપ્રાશન પ્રથમ કરાવ્યું, જેવું વેદે વિધાન બતાવ્યું. ૮
શરદ પૂનમ ને ગુરુવાર, કર્ણવેધ કર્યો સંસ્કાર;
આવ્યો જન્મ દિવસ વળી જ્યારે, કર્યો અદ્‌ભુત ઉત્સવ ત્યારે. ૯
ક્રિયા સર્વે તે શાસ્ત્ર પ્રકાર, કરી ને દાન દીધાં અપાર;
લેવા દાન જાચક બહુ આવ્યા, ધર્મ ભક્તિએ સૌને રીઝાવ્યા. ૧૦

**ઉપજાતિવૃત્ત :**

શ્રીદેવશર્મા તણી ભક્તિ દારા, દે છે ઘણાં દાન થઈ ઉદારા;
કરે જનો જાચક વારતા છે, સુદારતા[૧] સાથ ઉદારતા છે. ૧૧
દિધા થકી દાન વળી વિશેષ, કીર્તિ વધી ત્યાં સરવારદેશ;
ઘણા દ્વિજોની મનવૃત્તિ એવી, પોતાની કન્યા વૃષઘેર દેવી. ૧૨
દવે દ્વિજાતિ બળદેવ નામ, રહે ઠરીને તરગામ ઠામ;
તેણે સુતા નામ સુવાસનીને, દીધી પછી રામપ્રતાપજીને. ૧૩
સુપુષ્પમાં જેમ મળે સુવાસ, મળી રહે દામિનિ[૨] મેઘ પાસ;
મળી રહે સાકર દૂધ જેમ, મળી રહ્યા દંપતિ ચિત્ત તેમ. ૧૪
સુતા દવેજી બળદેવની છે, પર્ણી સુમૂર્તિ બળદેવ[૩]ની છે;
જેમાં મતિ નિર્બળ દેવની છે, દાતા મતિ શંબળ દેવની છે. ૧૫
સુવાસિની શ્રીહરિને રમાડે, જુક્તિ કરી અન્ન ભલું જમાડે;
શું રેવતી ખાંત્ય રહી અધૂરી, સ્વેચ્છા કરે છે સહુ આજ પૂરી. ૧૬
જે અક્ષરાતીત અગમ્ય જે છે, તે ધર્મના આંગણમાં રમે છે;



૧. સારી પત્નિ ૨.વિજળી ૩.રામપ્રતાપ

દોડે પડે ઢીંચણભેર ચાલે, નાસે હસે દીપક દેખી ઝાલે. ૧૭
જે જોગીના ધ્યાન વિષે ન આવે, માતા લઇ લાડ બહુ લડાવે;
સુભાગ્ય જોજ્યો પુરવાસિ કેરાં, આપે સદા સુખ પ્રભુ ઘણેરાં. ૧૮
સ્ત્રિયો લઇ જાય રમાડવાને, રમાડવા વાર મળે ન માને;
કરી તિરસ્કાર બહુ નિવારે, તથાપિ આવે જન વારવારે. ૧૯
સર્વે રહે છે મુખ સામું જોઇ, કરે નહીં ત્યાં ઘરકામ કોઇ;
કહે મળીને જન ઠામઠામ, ઘેલું કર્યું આ સુત આખું ગામ. ૨૦
મુખે થકી કિલકિલ શબ્દ બોલે, આનંદ એથી ઉપજે અતોલે;
કોઇ સમે જૈ નિજમાત આગે, મંમં કહી ભોજન મિષ્ટ માંગે. ૨૧

**પૂર્વછાયો :**

હે નરપતિ હરિ મૂર્તિમાં, આશ્ચર્ય અનેક જણાય;
વળી હરિની માયા થકી, દિવ્યભાવ ભૂલી જવાય. ૨૨

**ચોપાઇ :**

જે જે આશ્ચર્ય બાળકરૂપે, ભલાં દેખાડ્યાં વૃષકુળભૂપે;
તેનો કહેતાં ન આવે પાર, માટે તેમાંથી કહિશ લગાર. ૨૩
એક દિવસે સુવાસિની બાઇ, પારણેથી તેડ્યા સુખદાઇ;
તે તો લઇ ગયાં દૂર ખેલાવા, ભક્તિમાતા આવ્યાં ધવરાવા. ૨૪
માયે પારણું જોયું નિહાળી, તેમાં સૂતા દીઠા વનમાળી;
ધવરાવા બેઠાં પાસે જઇને, ત્યાં તો આવ્યાં સુવાસિની લૈને. ૨૫
દીઠાં બે રૂપ હરિનાં જ્યારે, પામ્યાં અદ્ભુત અચરજ ત્યારે;
હતું માતાના ખોળામાં રૂપ, બીજું તેમાં ભળી ગયું ભૂપ. ૨૬
એવાં ચરિત્ર કરે અદ્ભુત, એ છે અકળ અજર અચ્યુત[1];



૧.ખરે નહિ એવા, પરમેશ્વર



ભલો આવ્યો ભાદરવો માસ, કર્યો એકાદશી ઉપવાસ. ૨૭
ભક્તિમાતે સુવાસિની બાઇ, બીજી બહુ મળી સ્ત્રી હરખાઇ;
માતે તેડી લીધા મહારાજ, ચાલ્યાં સૌ મળી મજ્જન કાજ. ૨૮
આજ મંદિરથી પૂર્વમાંય, ભૂપ એક તળાવ છે ત્યાંય;
તેથી દક્ષિણ દિશને ઠામ, રુડું છે નારાયણસર નામ. ૨૯
જ્યારે પર્વણિ[1]નો દિન આવે, પુરવાસી ત્યાં નાવા સિધાવે;
જળઝીલણીનો દિન જાણી, ઇચ્છા નાવાની ઉરમાં આણી. ૩૦
વાટે કરતાં હરિગુણ ગાન, સર્વે નારીએ જઇ કર્યું સ્નાન;
પ્રભુને પણ ત્યાં નવરાવ્યા, સર્વે સુંદરીને મન ભાવ્યા. ૩૧
એક કમળતણું ફૂલ લાવી, નમી હાથમાં હરિને ધરાવી;
એક તેહ તળાવને તીર, અસોપાલવ ગેર ગંભીર. ૩૨
તેની શોભા દિસે ઘણી સારી, આખા વિશ્વ થકી એ તો ન્યારી;
વિશ્વકર્માએ નવરાશ લાવી, જાણે કારીગરી છે બનાવી. ૩૩
તેની શાખાની શોભા છે ભારી, જાણે સંઘાડે હોય ઉતારી;
રંગ લીલો લલિત પાંદડાંનો, કોણ જાણે એ તે રંગ ક્યાંનો. ૩૪
છાયા શીતળ તેની રહે છે, વાયુ મંદ સુગંધી વહે છે;
જઇ ત્યાં પાથર્યું પટ એક, પડ કોમળ કીધાં અનેક. ૩૫
પ્રભુને તે ઉપર પધરાવી, જલક્રીડા તે કરવા સિધાવી;
એવે અવસરે ત્યાં અણધાર્યા, બ્રહ્મા વિષ્ણુ ને રુદ્ર પધાર્યા. ૩૬
આવી ઉભા પ્રભુજીની પાસે, તેનાં રૂપ તેજોમય ભાસે;
મહાતેજનું પેખીને પૂર, પડે ઝાંખા શશાંક ને સૂર. ૩૭
એવું તેજ જોઇ સહુ બાઇ, પામી અચરજ અંતરમાંઇ;



૧.તહેવાર, પવિત્ર દિવસ

ભૂલી સર્વે શરીરનું ભાન, સ્થિતિ પામી સમાધિ સમાન. ૩૮
બ્રહ્માઆદિક ભુવનના રાય, તેણે પૂજીયા પ્રભુજીના પાય;
દિવ્ય ભૂષણ વસ્ત્ર ધરાવ્યાં, સ્નેહે ફરીફરી શીશ નમાવ્યાં. ૩૯
કર જોડીને સ્તુતિ ઉચ્ચારી, અહો શ્રીહરિ કરુણાકારી;
તમે ભૂમિનો હરવાને ભાર, લીધો અવની ઉપર અવતાર. ૪૦

**નારાચવૃત્ત :**

ધર્યું શરીર શ્રીહરિ અધર્મને ઉખાડવા,
સ્વદાસની સમસ્ત ભીતિ મૂળથી મટાડવા;
અનેક દુષ્ટ આ સમે કરે અધર્મ કર્મને,
વિદારિ ધર્મ વેદનો ચહાય કૌલધર્મને. ૪૧
કરે કુપાત્રમાત્ર ભૂત પ્રેતની ઉપાસના,
સદૈવ મદ્ય માંસ ખાય શત્રુ કૃષ્ણદાસના;
મલીન દેવના વિશેષ મંત્ર જંત્ર સાધિને,
મનુષ્યને કરે જ આધિ વ્યાધિની ઉપાધિને. ૪૨
અનેક દુષ્ટમધ્ય મુખ્ય એક કાલિદત્ત છે,
કુકર્મનો જ કૂપ પાપરૂપ તે પ્રમત્ત છે;
ડરે દિલે બધાય દેવ દેવિ દૈત્ય દાનવી,
ડરે મહેશ શેષ તેથી કોણમાત્ર માનવી. ૪૩
ઘણી થઇ હવે કૃપા કરો તમે કૃપાનિધિ,
ઘણાક કાળ તેહને તમે પ્રભુ ક્ષમા કિધી;
વિના સુશસ્ત્ર અસ્ત્ર એહ દુષ્ટને વિદારવો,
હવે જરૂર ઉર માંહિ એ વિચાર ધારવો. ૪૪





અનંત સંત એહની પીડા થકી પીડાય છે,
વિનાશકાર ત્રાસથી ઉદાસ ઉર થાય છે;
અભંગ અંગ એહનું ન ભંગ થાય કોઇયે,
મુરારી દુઃખહારી છો તમારી વાટ જોઇયે. ૪૫
તમો વિના સહાયતા અમારી આજ કો કરે,
વિદારી શ્રેષ્ઠ દુષ્ટને અમારું કષ્ટ કો હરે;
જુગે જુગે તમે જ દેવ દેવ દેહ ધારીને,
સુખી કરો સ્વદાસ ત્રાસકારી દુષ્ટ મારીને. ૪૬
તમે જ ધર્મસર્ગને અભીતિ આપનાર છો,
તમે જ કષ્ટ નષ્ટકારિ તુષ્ટિ પુષ્ટિકાર છો;
સહાયતા સ્વભક્તની કૃપાળ આ સમે કરો,
કહે સુરેશસાથ નાથ હાથ મસ્તકે ધરો. ૪૭

**ઉપજાતિવૃત્ત :**

સુણી કહે શ્રીહરિ શુદ્ધ વાણી, અહો પિનાકી[1] અજ ચક્રપાણી;
જે દુષ્ટ પીડા તમને કરે છે, તે સાધુને તો અતિ દુઃખ દે છે. ૪૮
કૃત્યા થકી તે બહુ કષ્ટ પામ્યો, તથાપિ તે પાપી નહી વિરામ્યો;
તેને ન આવી હજી કાંઇ શુદ્ધિ, વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ૪૯
જે જે હતું જોર કરી ચૂક્યો છે, મમત્વ તોયે હજી ક્યાં મૂક્યો છે;
બેઠી જવા તેની બધી સમૃદ્ધિ, વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ૫૦
દીવા વિષે અંગ પતંગ પાડે, દેખી પડે મૂરખ જેમ ખાડે;
એવી થઇ છે મતિ એની ઊંધી, વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ૫૧
થશે હવે સાંપ્રત નાશ એનો, તમે ન રાખો ભય કાંઇ તેનો;



૧.શંકર

સ્વધામ માંહિ સુખથી સિધાવો, સૌને દિલે ધીરજતા ધરાવો. ૫૨
બાળા હતી જેહ તળાવમાંય,આવી મળીને પ્રભુપાસ ત્યાંય;
પૂછ્યું સુરોને ત્રણ કોણ છોજી ? કથા તમારી અમને કહોજી. ૫૩
કહે સુરો હે કરુણાસમુદ્ર, અમે વિધાતા વળી વિષ્ણુ રુદ્ર;
સર્વેતણું સંકટ સંભળાવા ! માજી અમે શ્રીહરિપાસ આવ્યા. ૫૪
આ છે પ્રભુ અક્ષરધામવાસી, મનુષ્યનું રૂપ રહ્યા પ્રકાશી;
તે છે તમારા સુત શ્રીમુરારી, ભૂમી તણો ભાર વિનાશકારી. ૫૫
આશ્ચર્ય એવું સુણી સર્વ પામી, જાણ્યા પ્રભુને સકળેશ સ્વામી;
ગઇ હરિને લઇ ગામમાં તે, ગયા વિધાતાદિ સ્વધામમાં તે. ૫૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી પરિજન ધર્મપાસ જઇને, સકળ કથા સુકહી પ્રસન્ન થૈને;
સુણીસુણી મન માંહિ સર્વ ફૂલ્યાં, પ્રભુની અજાથી પછીથી વાત ભૂલ્યાં. ૫૭

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્ય વિરચિતે હરિલીલામૃતે દ્વતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે બાળચરિત્ર નારાયણસરે બ્રહ્માદિ આગમનવર્ણનનામા ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥***

**પૂર્વછાયો :**

ભૂપ કહે વર્ણીન્દ્રને, અનુકંપા કરો વળી આજ;
અદ્‌ભુત લીલા હરિ તણી, સંભળાવો મને મુનિરાજ. ૧

**ચોપાઈ :**

વરણીન્દ્ર કહે સુણ રાય, કહું પારણાની રચનાય;
જેમાં પોઢે છે સુંદર શામ, તે તો છે ઘણી શોભાનું ધામ. ૨
સાવ સોનાનું શોભે અથાગ, માંહિ કોતર્યા સુર નર નાગ;





માંહિ કોતર્યાં ચિત્ર વિચિત્ર, વૃક્ષ વેલી ને પુષ્પ પવિત્ર. ૩
માંહિ પર્વત મેરુ રહે છે, માંહિ સાગર સરિતા વહે છે;
હંસ પોપટ ઉપર જે છે, જાણે પક્ષી સજીવન તે છે. ૪
જોઇ ચિત્તમાં કરતા વિચાર, ભાસે બ્રહ્માંડનો જ આકાર;
મોરવાયા દિસે છે બે કેવા, ધ્રુવ ઉત્તર દક્ષિણ જેવા. ૫
દાંડી છે શિશુમાર સમાન, તેમાં હીરા છે તેજનિધાન;
શોભે ઝુમ્મર સૂરજ ચંદ, હીરા તે તો તારા તણાં વૃંદ. ૬
તેમાં પારણું પૃથ્વી અનૂપ, દોરી હીરાની શેષ સ્વરૂપ;
આખા વિશ્વના અંતરજામી, તે તો પોઢ્યા છે પારણે સ્વામી. ૭
ઊંચે નીચે તેને ચારે પાસે, મણિ માણેક જડિત પ્રકાશે;
એક સમય સુવાસિની બાઇ, લેવા હરિને ગયાં હરખાઇ. ૮
જઇ પારણામાં જોયું જ્યાંય, અતિ અચરજ દીઠું છે ત્યાંય;
ઘણા હીરામાં હરિવર કેરાં, પ્રતિબિંબ પડ્યા છે ઘણેરાં. ૯
ઊપજ્યો ઉર સંભ્રમ એવો, કયા બાળકને તેડી લેવો;
તે તો બાઇ છે બુદ્ધિનિધાન, તેણે કેમ જાણ્યા ભગવાન. ૧૦
જમણે ગાલે ટિબકડી છે જેહ, પ્રતિબિંબે ડાબે દીઠી તેહ;
તેથી સત્ય સ્વરૂપને જાણી, તેડી લીધા અતિપ્રેમ આણી. ૧૧
સુણી બોલ્યા અભેસિંહ ભૂપ, અહો આશ્ચર્ય એ તો અનૂપ;
ધન્ય ધન્ય સુવાસિની બાઇ, ધન્ય ધન્ય તેની ચતુરાઇ. ૧૨
એવો ઊંડો મરમ કોણ જાણે, બીજા તો પડે ભ્રમણાની ખાણે;
વળી વર્ણી કહે શુભ વાત, તમે સાંભળો નૃપ સાક્ષાત. ૧૩
પોઢે હરિવર પારણે જ્યારે, પ્રેમે માતા ઝુલાવે છે ત્યારે;

ગીત ગાય છે પુરની બાળ, પોઢ્યા પારણે ભક્તિનો લાલ. ૧૪

**સોનાનાં બોર ઝુલે નંદકિશોર : એ રાગ છે**

**પદ : ૧**

ભક્તિનો લાલ હરિકૃષ્ણ કૃપાળ,
પોઢ્યા પારણિયે ભક્તિનો લાલ.......ટેક.
ઝાઝાં જતન કરી માતા ઝુલાવે,
નેણાં ભરીને થાય નિરખી નિહાલ...પોઢ્યા૦ ૧૫
વારે વારે મુખ માતાજી નીરખે,
ગોરા રુડા છે ગિરધારીના ગાલ...પોઢ્યા૦ ૧૬
શોભાનું ધામ શામ સારા શોભે છે,
જેને જોતાં જાય જગની જંજાળ...પોઢ્યા૦ ૧૭
પુરની નિવાસી નારી આવી વધાવે,
મોતી ભરીને લાવી સોનાના થાળ...પોઢ્યા૦ ૧૮
મહા મનોહર માવાની મૂરતી,
જોઈ રહે છે વૃદ્ધ જુવાન બાળ...પોઢ્યા૦ ૧૯
ઝભલું પહેર્યું છે માથે મોતીની ટોપી,
રાજે છે રેશમી રૂડો રૂમાલ...પોઢ્યા૦ ૨૦
સોના રૂપાનાં શોભે રુડાં રમકડાં,
મેના પોપટ મોર ઢેલો મરાલ...પોઢ્યા૦ ૨૧
માતાપિતાને અતિ પોતાના પ્રાણથી,
વહાલા લાગે છે વિશ્વવિહારીલાલ...પોઢ્યા૦ ૨૨





**પદ : ૨**

ધર્મકુમાર અક્ષરનો આધાર,
પોઢ્યા પારણિયે ધર્મકુમાર.....ટેક.
જે છે વ્યાપક આપ સૌના અંતરમાં,
જેને કદાપિ નહિ વળગે વિકાર...પોઢ્યા૦ ૨૩
સાધી અષ્ટાંગ જોગ જોગી ન દેખે,
એ તો વસ્યા છે આવી ધર્મ અગાર...પોઢ્યા૦ ૨૪
આવો આવિર્ભાવ આજ સુધીમાં,
થયો નથી ને વળી નથી થનાર...પોઢ્યા૦ ૨૫
ભક્તિમાતા પુત્રભાવે નિહાળે,
લૂણ ઉતારે વળી વારમવાર...પોઢ્યા૦ ૨૬
ચુંબન કરીને માતા ચિત્તે હુલાસે,
હેતે લડાવે કરી હઈયાનો હાર...પોઢ્યા૦ ૨૭
આકાશમાં ચંદ્ર દેખી ચળકતો,
હઠ લઈ માત પાસ માગે મુરાર...પોઢ્યા૦ ૨૮
માતા કુંવરનું મનડું મનાવે,
અનેક જુક્તિના કરી ઉચ્ચાર...પોઢ્યા૦ ૨૯
બાળરૂપે બની લાલવિહારી,
બાળચરિત્ર એમ કરે અપાર...પોઢ્યા૦ ૩૦

**પદ : ૩**

શ્રીઘનશામ આજ ધર્મને ધામ,
શોભે પારણિયે શ્રીઘનશામ......ટેક.

પારણું લાવ્યા છે વિશ્વકર્મા કરીને,
કારીગરીનું ઘણું કીધું છે કામ...શોભે૦ ૩૧
હીરા માણેક મોતી જડિયાં પારણિયે,
રૂડું રચ્યું છે સાવ સોને તમામ...શોભે૦ ૩૨
આ લોકમાં એવું ન મળે પારણિયું,
દેતાં હજાર લાખ કરોડ દામ...શોભે૦ ૩૩
રીઝ્યા ધરમદેવ દેખી પારણિયું,
આપ્યું અલૌકિક મોટું ઇનામ...શોભે૦ ૩૪
તે પારણામાં મહાપ્રભુ ઝૂલે છે,
જે છે હરિજનોને ઠરવાનું ઠામ...શોભે૦ ૩૫
ભાવ ભલાથી ભક્તિમાતા ઝુલાવે,
પામે નહીં પલમાત્રે વિરામ...શોભે૦ ૩૬
માતાપિતાના ફળ્યા મનના મનોરથ,
પૂરી થઇ છે તેના હાઇયાની હામ...શોભે૦ ૩૭
વિહારીલાલજીની મૂર્તિ વિલોકી,
પ્રેમે કરે છે વારેવારે પ્રણામ...શોભે૦ ૩૮

**પદ : ૪**

માતાની પાસ પ્રભુ પામી હુલાસ,
પોઢ્યા પારણિયે માતાની પાસ......ટેક.
દેવાંગનાઓ દીનબધું પ્રભુને,
આપે આશીષ ચઢી આવી આકાશ...પોઢ્યા૦ ૩૯
ઉદ્ધવ આદિક નિજજનાઅંતરની,





આવ્યા છે પોતે હરિ પુરવાને આશ...પોઢ્યા૦ ૪૦
જાણે અજાણે જે હરિને જુએ છે,
તેના તો પાપ સર્વ પામે છે નાશ...પોઢ્યા૦ ૪૧
ચંપા ચંબેલી જાઇ જુઇ ને ગુલાબનાં,
સારાં ફુલોની ત્યાં પ્રસરે સુવાસ...પોઢ્યા૦ ૪૨
દશે દિશાના દિગપાળ દેવતાઓ,
એવા દિસે છે જેના દાસાનુદાસ...પોઢ્યા૦ ૪૩
કાલાંકાલાં વેણ વહાલો બોલે છે,
જેમાં સુધાથી ઘણી સારી મિઠાશ...પોઢ્યા૦ ૪૪
દાડમ કળી સમ દંતુડી દેખીયે,
હેતે કરે છે જ્યારે હરિવર હાસ...પોઢ્યા૦ ૪૫
જો જો સખી આજ ધર્મના ધામમાં,
નવલ વિહારીલાલ કરે વિલાસ...પોઢ્યા૦ ૪૬

**પૂર્વછાયો :**

ભૂપ અભેસિંહ સાંભળો, કહે વર્ણી અચિંત્યાનંદ;
કહું ચરિત્ર શ્રીકૃષ્ણનાં, ઉરમાં ધરી આનંદ. ૪૭

**ચોપાઇ :**

વર્ષ બીજા તણી કહું વાત, આવી શરદ પૂનમની રાત;
ફળિયામાં પલંગડી ઢાળી, માયે પોઢાડ્યા ત્યાં વનમાળી. ૪૮
માતા લાલને લાડ લડાવે, સામું જોઇ હસીને હસાવે;
પાસે બેઠાં સુવાસિની બાઇ, બેઠાં પરિજન પણ હરખાઇ. ૪૯
કેવા શોભે છે શ્રીવૃષનંદ, દિસે તારા વિષે જેમ ચંદ;

ચઢી આવ્યો ત્યાં ચંદ્ર આકાશે, જાણે આવ્યો છે દર્શન આશે. ૫૦
કાલુકાલુ બોલી ધર્મલાલે, માંગ્યો રમવાને ચંદ્ર તે કાળે;
માંગ્યો માતાપાસે હઠ લઈને, ત્યારે માતા બોલ્યાં ખુશી થઈને. ૫૧
નવ આવે અમારે બોલાવ્યે, તમે બોલાવો તો શશી આવે;
ભાળી ચંદ્ર સામું ભગવાન, નિજ આંગળીની કરી સાન. ૫૨
જેની ઈચ્છાના અલ્પ પ્રકાશે, કોટિ બ્રહ્માંડ ઉપજે ને નાશે;
જેની આજ્ઞાથી શેષ સુરેશ, રહે હાજર દેવ હમેશ. ૫૩
એની ઈચ્છા છે જાણીને એમ, પાસે ચંદ્ર આવે નહિ કેમ;
નરરૂપ તેજોમય ધારી, સાથે લૈને સત્યાવીશ નારી. ૫૪
વળી પોતાના પાર્ષદ લૈને, ચંદ્ર આવ્યો ચિત્તે રાજી થૈને;
ભાતભાતનાં ભૂષણ લાવી, ધર્મકુંવરને ભેટ ધરાવી. ૫૫
રામા રોહિણી આદિક જેહ, લાવી ઝભલાં ને ટોપિયો એહ;
પૂજી અર્ચિને લાગિયાં પાય, ત્યારે રીઝિયા ત્રિભુવનરાય. ૫૬
મુખે બોલિયાં શ્રી ભક્તિમાત, તમે કોણ છો તે કહો વાત ?
હું છું ચંદ્ર વસું છું આકાશે, આવ્યો છું અહિ મોક્ષની આશે. ૫૭
ઘણા દેવોનાં દર્શન કીધાં, ઘણાં તીર્થો તણાં જળ પીધાં;
રોજ રખડું છું ઠામોઠામ, પણ પામ્યો ન અક્ષરધામ. ૫૮

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

માતા હું ધરી મોક્ષ આશ મનમાં વારીધિ[1]ગર્ભે વસ્યો,
ત્યાં તીર્થોથી મળ્યો ન મોક્ષ મુજને ત્યારે હું ત્યાંથી ખશ્યો;
સેવી શંકરની જટા વળી વસ્યો વિઘ્નેશના ભાલમાં,
પામ્યો મોક્ષ નહીં રહ્યો રખડતો કલ્પો ઘણા કાળમાં. ૫૯



૧.સમુદ્રમાં, વાદળમાં



**ઉપજાતિવૃત્ત :**

આ છે પ્રભુ અક્ષરના નિવાસી, મને નહી તે કરશે નિરાશી;
હું એવી ઈચ્છા ઉરમાં ધરાવું, આ દેહ છૂટ્યે પ્રભુધામ આવું. ૬૦
એવું કહીને વળી શ્રીહરિની, સ્તુતિ કરી મુક્તિ તણા પતિની;
વાંછીત તેને વરદાન આપ્યું, ને કલ્પ કોટીતણું કષ્ટ કાપ્યું. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સહિત સકળ પત્નિ ચંદ્ર ચાલ્યો, નિજગતિનો નભ માંહિ માર્ગ ઝાલ્યો;
અગણિત હરિનાં ચરિત્ર એવાં, ભવજળ પાર કરે પવિત્ર તેવાં. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્ય વિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબાળચરિત્રે ચંદ્રઆગમનનામા સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે છે વારતા, તમે સાંભળો સુજ્ઞ નરેશ;
વર્ષ ત્રિજે ઉતારિયા, હરિના પ્રથમ શિરકેશ. ૧

**ચોપાઈ :**

વદી પાંચમ જેઠની આવી, સગાં વહાલાં ને નાત તેડાવી;
તેડ્યા કુળગુરુને પણ પ્રીતે, ચૌળ કરમ કરાવા સુરીતે. ૨
દિશા દક્ષિણમાં ગાઉ ચાર, નદી મનવર છે જેહ ઠાર;
મખોડા તીર્થમાં તહાં જઈને, ચૌળ કર્મ કર્યું રાજી થૈને. ૩
ઘેર આવીને સૌને જમાડ્યા, ઘણા દ્વિજને સંતોષ પમાડ્યા;
સૌની સરભરામાં રહ્યાં માય, ભુલ્યાં પુત્રની સંભાળ ત્યાંય. ૪
રહ્યો બે ઘડી દિવસ તે જ્યારે, આવી બાળક મંડળી ત્યારે;

વચે કોઇ કિશોર કુમાર, તેડ્યા શ્રીપ્રભુને કરી પ્યાર. ૫
રમતાં રમતાં ગયાં પુરબાર, દિશા પૂર્વના બાગ મોઝાર;
એક આંબાના વૃક્ષને તળે, બાળકૃષ્ણ બેસાર્યા તે પળે. ૬
ગયાં તરુવરનાં ફળ લેવા, જમ્યાં આંબુ જાંબુ આદિ મેવા;
લાગ્યાં રમવાને બાળ સમસ્ત, થયો એ સમે આદિત્ય અસ્ત. ૭

**ઉપજાતિવૃત્ત :**

એવા સમામાં ખળ કાળિદત્ત, સ્ત્રીને કહે વાત થઇ પ્રમત્ત;
હું આજ જાઉં હરિકૃષ્ણપાસ, નિશ્ચિત તેનો કરી આવું નાશ. ૮
નારી કહે હે પતિ પ્રાણનાથ ! જીતે ન કોઇ હરિકૃષ્ણસાથ;
છે આપણે ઘેર ઘણી સમૃદ્ધિ, તે ભોગવો એવી તજી કુબુદ્ધિ. ૯
બેઠાં જવા આ ગજ બાજ રાજ, બેઠાં જવા સૌ સુખસાજ લાજ;
હે સ્વામી ચેતો ચિત્તમાં ન ચૂકો, માનો કહ્યું મારું મમત્વ મૂકો. ૧૦
જજો ભલે આ ગજ બાજ રાજ, જજો ભલે સૌ સુખસાજ લાજ;
ભલે કદી આયુષ થાય ટૂંકું, તથાપિ હું કેમ મમત્વ મૂકું ? ૧૧
જાણ્યું સ્ત્રીએ છે વિપરીત કાળ, પડી ગળા માંહિ મમત્વ જાળ;
જો કોટિ બ્રહ્મા મળીને મનાવે, આવે સમે બુદ્ધિ ભલી ન આવે. ૧૨
સાચું કહે તેપર દ્વેષ આણે, ઊંધુ કહે તે જન મિત્ર જાણે;
પૂર્વે જવું પશ્ચિમ માંહિ જાય, માથું ફરે વાત નહીં મનાય. ૧૩
એવું ગણિ ચિત્ત કર્યું નિવૃત્ત, ચાલ્યો ત્વરાથી ખળ કાળિદત્ત;
ગઇ હતી બાળક ટોળી જ્યાંય, ગયો અધર્મિ તતકાળ ત્યાંય. ૧૪

**ચોપાઈ :**

રમતાં તે ગયાં દૂર બાળ, ભૂલ્યાં શ્રીહરિની તે સંભાળ;





ત્યાં તો દુષ્ટ કાળિદત્ત આવ્યો, પોતે બાળક વેશ બનાવ્યો. ૧૫
બાળ ભેળો તે રમવાને ભળિયો, કોઇ બાળકે એને ન કળિયો;
પછી આવ્યો પ્રભુ બેઠા ત્યાંય, મારવાની ઈચ્છા મનમાંય. ૧૬
પૂર્વ કૃત્યા ગઇ છે જે હારી, તેનું વેર રાખ્યું છે સંભારી;
રચી આસુરી માયા એ ઠાર, કર્યો કારમો ત્યાં અંધકાર. ૧૭
મેઘ આકાશમાં ચઢી આવ્યો, મોટો ગગડાટ ત્યાં તો મચાવ્યો;
થયા કારમા ત્યાં તો કડાકા, ભારે તોપના જેવા ભડાકા. ૧૮
જાણે તુટીને પડશે આભ, છૂટ્યા સિંહણિયો તણા ગાભ;
ઘણી વીજળિયો સળકે છે, જાણે અગ્નિ પ્રલયનો એ છે. ૧૯
કલ્પાંતનો[૧] પવન ગણાય, એવો વાયુ ભયંકર વાય;
જળ ઉપલે[૨] ત્યાં વરસવા લાગ્યા, ભારે વૃક્ષ ઘણાં પડી ભાંગ્યા. ૨૦
શૈલનાં શીખરો તુટી પડે, ધમકે ધરણી તેહ વડે;
પશુ પક્ષીઓનો થયો નાશ, આખા દેશમાં ઊપજ્યો ત્રાસ. ૨૧
કાળિદત્ત આકાશમાં ચડિયો, હતા કૃષ્ણ તે તરુપર પડિયો;
પડી ભાંગી આંબા તણી ડાળ, બાળકૃષ્ણને આવી ન આળ. ૨૨
ત્યારે વિકરાળ વેશ કરીને, આવ્યો દુષ્ટ તે હણવા હરીને;
કરી હરિયે તેના સામી દૃષ્ટિ, જેમ રુદ્ર દહન કરે સૃષ્ટિ. ૨૩
ત્યારે દુષ્ટ તે દાઝવા લાગ્યો, ભય પામીને ત્યાં થકી ભાગ્યો;
એને ઊંચે ચડાવે ને પાડે, જેમ બાળ દડાને પછાડે. ૨૪
વળી વૃક્ષ સાથે અથડાય, પીડા પામે કહે હાય હાય;
કાયામાં બહુ કંટક વાગે, ભચ્ચોભચ્ચ ભાલા જેવા લાગે. ૨૫
એક હાથ ગયો એનો તુટી, બેય આંખો ગઇ વળી ફુટી;



૧.પ્રલયનો ૨.વાદળ અથવા પથ્થર

મુખમાં બહુ ધૂળ ભરાણી, મૂકે પોક માંગે પાણીપાણી. ૨૬
કૃષ્ણસાથે કરે જે જે વેર, તે તો પીડા પામે આવી પેર;
મહાકષ્ટથી કાયા પીડાય, માંગે પણ ઝટ મોત ન થાય. ૨૭
બહુ ભટક્યો ઠેકાણે ઠેકાણે, પામ્યો મોત પછી તેજટાણે;
ઉડી ગઇ એની આસુરી માયા, ત્યારે તારા આકાશે દેખાયા. ૨૮
સર્વે બાળકને આવ્યું ભાન, લાગ્યા શોધવા શ્રીભગવાન;
નામ લઈને બોલાવે છે બહુ, કલપાંત કરે બાળ સહુ. ૨૯
ત્યાં તો ધર્મની દ્વાદશ નારી, શ્રદ્ધા આદિક સર્વ પધારી;
લીધા શ્રીહરિને ધવરાવા, પ્રભુ બાર રૂપે થઈ ધાવ્યા. ૩૦
એવી લીલા નિહાળવા કાજ, સુરસહિત આવ્યા સુરરાજ;
આવ્યા અજ ભવ શેષ મહેશ, આવ્યા ગિરિજા[1] ને દેવ ગણેશ. ૩૧
છાયાં વૈમાન આકાશ દીશ, પુષ્પવૃષ્ટિ કરી પ્રભુ શીશ;
સ્તુતિ કરવા લાગ્યા જોડી હાથ, નમો જે જે નિરંજન નાથ. ૩૨

**ત્રિભંગીછન્દ :**

જય નાથ નિરંજન ખળબળ ગંજન જનભય ભંજન ભગવંતા,
જયજય સુખધામા નિર્મળનામા શ્રીઘનશામા શોભંતા;
જયજય વૃષલાલા મૌક્તિકમાળા[2] કૃષ્ણકૃપાળા સુખકારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૩
જય જય મહારાજા ગરિબનિવાજા સંત સમાજા પદ સેવે,
તવ ગુણ ઉર ધારી શ્રુતિઆકારી કીર્તિ ઉચારી અજ જેવે;
આ અસુરપ્રમત્તા કાળીયદત્તા ઈતિ નિજસત્તા વિસ્તારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૪



૧.પાર્વતિ ૨.મોતીની માળા



રાવણ રણ રોળ્યો ચાણુર ચોળ્યો ગિરિવર તોળ્યો નાથ તમે,
તેથી પણ ભારી પીડ અમારી શ્યામ વિદારી આજ સમે;
મધુમાંસાહારી કૃત્યાકારી હતો સુરારી દુઃખકારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૫
ઈંદ્રાદિક દેવા કહિયે કેવા અજ ભવ જેવા ભય રાખે,
એવો મહાપાપી પ્રૌઢપ્રતાપી મંત્રો જાપી બળ ભાખે;
કર શસ્ત્ર ન ધારી આપ અઘારી દીધો વિદારી ભયભારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૬
વળી શ્યામ અમારો ભય સંહારો વિનંતી ધારો નિજ ઉરમાં,
કળિજુગ બહુ વ્યાપ્યો ધર્મ ઉથાપ્યો અધર્મ વ્યાપ્યો પુરપુરમાં;
એ પીડા અમારી હરો મુરારી હરિ તમારી બલિહારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૭
સૌ તીર્થ ફરીને ચરણ ધરીને શુદ્ધ કરીને સુખ આપો,
અસુરોની ટોળી ક્ષિતિમાં ખોળી રણમાં રોળી દુઃખ કાપો;
શ્રુતિમાર્ગ બતાવો જન સમઝાવો ધામ રચાવો મનધારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૮
આચારજ થાપો પ્રજળે પાપો અતિસુખ આપો નિજજનને,
તે કરવા સારુ તમે તમારું છે પ્રભુ ધાર્યું નરતનને;
હરિ હવે પધારો કાજ સુધારો ચિત્ત વિચારો બ્રહ્મચારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૩૯
જય અક્ષરધામી અંતરજામી અકળ અકામી મુક્તપતિ,
જય ભવજળસેતુ વૃષકુળકેતુ હરિજનહેતુ હંસગતિ;

જગથી સ્થિતિ ન્યારી નાથ તમારી ખગઉરગારી[૧] અનુચારી,
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ૪૦

**પૂર્વછાયો :**

સ્તુતિ કરીને દેવતા, વળી પ્રભુપદ કરીને પ્રણામ;
મૂર્તિ મનોહર મન ધરી, ગયા પોતપોતાને ધામ. ૪૧

**ચોપાઈ :**

નરપાળ સુણો ધરી પ્રેમ, કહું ગામ વિષે થયું જેમ;
જોતાં શ્યામ જડ્યા નહિ જ્યારે, ગયાં બાળક ગામમાં ત્યારે. ૪૨
જ્યારે જાણ્યું જે કૃષ્ણ ખોવાયા, લોકો ધર્મના ઘરભણી ધાયા;
જ્યારે જાણી ખોવાયાની વાત, રુવે પરિજન માત ને તાત. ૪૩
ભક્તિમાતા વદે મુખ વેણ, વળી આવ્યું સંકટ દુઃખદેણ;
કહ્યું બાળકે સૌ વૃત્તાંત, સુણી માતા કરે કલપાંત. ૪૪
સુખ દેખી ફૂલે જન જાતે, નવ જાણે શું થાશે પ્રભાતે;
એવી દૈવની છે ગતિ ન્યારી, કળી કોણ શકે નરનારી. ૪૫
એમ કહીને કરે પસતાવો, કહે શ્રીહરીને શોધી લાવો;
પછી સઉ નરનારી સમાજ, ચાલ્યાં કૃષ્ણને ખોળવા કાજ. ૪૬
કરી દીવીયો ફાનસે દીવા, પળ રોકાય નહિ જળ પીવા;
લીધી લાકડી કોઈએ હાથે, લીધી તરવાર કોઈએ સાથે. ૪૭
લીધાં કામઠાં ને તીર ભાલા, થઈ ચંચળ ચોંપથી ચાલ્યા;
ચાલ્યા શિથિલતને ધર્મતાત, સાથે રામપ્રતાપજી ભ્રાત. ૪૮
બીજા પરિજનનો નહીં પાર, સૌને નેણે વહે જળધાર;
ચાલ્યાં ભક્તિ સ્ત્રિયો લઈ સાથ, ઝાલ્યા બે સ્ત્રિયે માતાના હાથ. ૪૯



૧. ગરૂડ



ઘનશ્યામ અહો ઘનશ્યામ, કહી ખોળી વળ્યાં ઠામોઠામ;
ખોળે નાનાં મોટાં છુટાં પડી, થયાં આતુર સૌ તેહ ઘડી. ૫૦
કાળી રાત મળી ઘનઘોર, ત્યાં તો થઈ રહ્યો શોર બકોર;
કોઈ કોઈની નજરે ન આવે, સગાં એકબીજાને બોલાવે. ૫૧

**દોહરો એકાક્ષરી :**

કીકા કીકા કૈક કે', કીકી કીકી કોક;
કાકા કાકા કૈક કે', કાકી કાકી કોક. ૫૨

**ચોપાઈ :**

એમ બૂમો બહુ જન પાડે, કોઈ રસ્તે સીધે કોઈ આડે;
ક્યાંય દીઠા ન ધર્મકુમાર, થયાં દિલગીર સહુ નરનાર. ૫૩
આંબો ભાંગી પડેલો છે જેહ, બધા બાળકોએ દીઠો તેહ;
બોલ્યાં બાળક સૌ તેહ ઠામ, અહીં બેઠા હતા ઘનશ્યામ. ૫૪
સુણી સૌ જનને લાગ્યો ત્રાસ, મુકી કૃષ્ણ મળ્યા તણી આશ;
આવા આંબાતળે ચગદાય, તે તો બાળકે કેમ જીવાય ? ૫૫
તેવે ટાણે શ્રીહરિની મામી, જઈ ઊભી રહી આંબાસામી;
શ્રદ્ધા આદિક માતાઓ જેહ, મૂકી કૃષ્ણને ગઈ દૂર તેહ. ૫૬
મામીએ લીધા બાળમુકુંદ,અતિશે ઉર ઉપજ્યો આનંદ;
જઈને માતાને સોંપ્યો કુમાર, માયે આપિયો મોતીનો હાર. ૫૭
હર્ખ્યા માતાપિતા અને ભ્રાત, હરખ્યાં સૌ નરનારી જાત;
જેમ નેણ ગયાં ફરી પામે, ધન જેમ ગયું ફરી જામે. ૫૮
જેમ દે કોઈ જીવન દાન, વધ્યો આનંદ એ જ સમાન;
વળી વૃક્ષ તપાસિયાં ફરી, દીઠો દૈત્ય ગયેલો ત્યાં મરી. ૫૯

પૂછ્યું બાળકોને તે વૃત્તાંત, ત્યારે તેણે ભાંગી કાંઇ ભ્રાંત;
જાણ્યું સૌયે જે હરિને પ્રતાપે, મુઓ દૈત્ય તે પોતાને પાપે. ૬૦

**પૂર્વછાયો :**

દીઠું શબ જ્યારે દૈત્યનું, કાન નાક ગયેલ કપાઇ;
એક સખી સખીને કહે, એને હતાં કે ન હતાં બાઇ. ૬૧
ઉત્તર આપ્યો વિચારીને, તે તો સખી છે ચતુર સુજાણ;
નાક ને કાન જો હોય તો, શીદ આવત ખોવા પ્રાણ. ૬૨
એક સમે જ્યાંથી ઉગરે, માંડ માંડ મુકીને માન;
ફરી તે રસ્તે જાય તો, તેને જાણો નથી નાક કાન. ૬૩
ઈંદુ ઉગ્યો આકાશમાં, ત્યારે સૌ જન આવ્યાં ઘેર;
દ્વિજને ભોજન દાન તો, દીધાં પ્રભાતમાં બહુ પેર. ૬૪
વિઘ્ન વિત્યું પ્રિય પુત્રનું, મુઓ કાળીદત્ત વિકરાળ;
નિજસુતનું સામર્થ્ય તે, જાણ્યું માતપિતાએ તે કાળ. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જનનિ જનક દિવ્યભાવ દેખે, સ્મૃતિ મટી જાય સુપુત્ર સત્ય લેખે;
સુર નર મુનિ શું જુવે ચિકિત્સા, અકળ ગણાય મહાપ્રભુની ઇચ્છા. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે***
***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કાળીદત્ત-***
***વધોનામા અષ્ટમો વિશ્રામઃ ॥૮॥***

**ઉપજાતિવૃત્ત :**

અનેક વિઘ્નો અસુરે કરાવ્યાં, તે દંપતીને દિલમાં ડરાવ્યાં;
ધર્મે વિચાર્યું મન માંહિ આવું, હવે રહેવા પુર અન્ય જાવું. ૧





નીતિ વિષે ધર્મ ઘણા સુજાણ, તેથી તપાસ્યાં વચનો પ્રમાણ;
તેમાં કહ્યાં છે કવિએ ઘણેરાં, કેવાં દિસે લક્ષણ મૂર્ખકેરાં. ૨

**મૂર્ખ વિષે :**

આ કામનો શો પરિણામ થાશે, પૂર્વેથી તે કાંઇ નહીં તપાસે;
દે છે ગમે ત્યાં દગ મીંચિ દોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો. ૩
પોતા તણી શક્તિ નહી વિચારે, ખર્ચે ઘણું ફોગટ ફૂલ્ય ધારે;
તોટો[૧] ઘણો લે જઇ લાભ છોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો. ૪
વૈરી તણો જે વિશવાસ રાખે, બેઠા તણી ડાળ વિદારિ નાંખે;
વાળે બધી વાત વિષે જ ગોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો. ૫
જ્યાં જીવિકા તો ન મળેજ લેશ, જ્યાં આપના શત્રુ વસે વિશેષ;
તે વાસ છોડે નહિ જાણી ખોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો. ૬
એવાં નીતિનાં વચનો વિચારી, ધર્મે સતીને મળી વાત ધારી;
હવે અહીંની તજી છેક આશ, જઇને અયોધ્યા કરવો નિવાસ. ૭
જે મંત્ર પાણિગ્રહણે ભણે છે, સતી પતિમાં મન બે મળે છે;
જે એકને વાત ગમી જણાય, તેમાં બીજાનું મન રાજી થાય. ૮
ઠરાવ બન્ને મળીને ઠરાવ્યો, ગાડા વિષે ભાર બધો ભરાવ્યો;
જમી પ્રભાતે કરી નિત્યકર્મ, બેઠાં રથે રામપ્રતાપ ધર્મ. ૯
સુવાસિની ને સતી ભક્તિમાય, બેઠાં જુદાં બે સુખપાલમાંય;
માતાની પાસે ઘનશામ શોભે, શું વ્યોમપાસે ઘનશામ શોભે. ૧૦
ચાલ્યાં સહુ વાત થઇ પ્રકાશ, સૌ ગામનાં લોક થયાં ઉદાસ;
જાણે છપૈયાપુર દેહરૂપ, આત્મા ગયો શ્રીવૃષવંશભૂપ. ૧૧
લોકો મળી સૌ પુરબાર આવ્યાં,પ્રવાસી સૌને સ્થિર ત્યાં રખાવ્યાં;



૧.નુકશાની

સર્વે મળ્યા પૂરુષ ધર્મસાથે, હેતે કર્યુ વંદન જોડી હાથે. ૧૨
નારી નરો બાળક ગામવાસી, દિસે તહાં સૌ દિલમાં ઉદાસી;
ફરી ફરી શ્રીહરિમુખ ભાળે, સૌ આંખમાંથી બહુ આંસુ ઢાળે. ૧૩
માતાસમીપે પુરનારી આવી, વાણી વદે છે દગ નીર લાવી;
અમે અભાગી અબળા સમાજ, જશો અમોને તજી આપ આજ. ૧૪

**સખી કારતક કેમ કરી જાય મોહન મેલી ગયા- એ રાગ છે :**

માતા અમને મેલીને આજ તમે દૂર થાઓછો,
સૌના જીવન છે મહારાજ તેને તેડી જાઓ છો;
માજી જીવ વિનાની કાય કહો કેમ રહી શકે,
એ તો ગણતાં નકામી ગણાય ઝાઝા દિન નવ ટકે. ૧૫
અમને આપી અલૌકિક સુખ અધિક સુખિયાં કર્યા,
હવે દેવા ઈચ્છો છો દુઃખ અભાગી અમે ઠર્યા;
નેણે નિરખી તમારો લાલ હરખ ઉર આણિયે,
હવે જીવવામાં કાંઇ માલ અમે નવ જાણિયે. ૧૬
અમે જાણ્યું જે સુખમાં સદાય અમોને નિભાવશે,
નોતું જાણ્યું પ્રથમ અમે માય આવા દિન આવશે;
લાગે વિરહ વિજોગની લા'ય તે કેમ ટાળી નાંખિયે,
એનો શીખવો અમને ઉપાય અમે શીખી રાખિયે. ૧૭
માજી ચાલશું ચાલશું એમ વારેવારે શું કહો,
આવાં ક્રૂર થયાં તમે કેમ ઘડિક ઊભાં રહો;
સુખસાગર શામનું મુખ ફરી ક્યારે દેખશું,
ક્યારે ભાંગશે મનની ભૂખ જીવન ધન્ય લેખશું. ૧૮





અમે જાણ્યું જે જગમાં એક અમે જ સભાગિયાં,
હવે થઇ પડ્યાં છતમાં છેક અમે જ અભાગિયાં;
અમે પળ પણ પડતાં દૂર ત્યારે દુઃખિયાં થતાં,
દેતાં દૈવને ઠપકો જરૂર એવાં અધિરાં હતાં. ૧૯
અમને ઝભલાં કે ટોપીરૂપ નહીં સરજાડિયાં,
તને ધિક સત્યલોકના ભૂપ પલક જુદાં પાડિયાં;
ધન્ય મોજડીનો અવતાર રહે હરિચરણમાં,
અમને સર્જ્યાં નહીં સ્રજનાર એકે ઉપકરણમાં. ૨૦
કરી અદભૂત જેવાં કાજ મોહની જાળે પાડિયાં,
હવે મેલી ચાલ્યા મહારાજ ઊંચેથી પછાડિયાં;
આજ સુધી અમોપર ઉર ભલો રાખ્યો ભાવજી,
હવે ભરદરિયાને પૂર મેલી ચાલ્યા માવજી. ૨૧
હરિવિરહની ઝાળે આ કાય બળીને રખ્યા થજો,
તેનું કાજળ કરીને માય હરિની આંખે આંજજો;
ક્યારે આવા ગોરા રુડા ગાલ ફરી નિરખાવશે,
ક્યારે વિશ્વવિહારીલાલ અહીં ફરી આવશે. ૨૨

**પૂર્વછાયો :**

વેણ સુણી પુરવાસિનાં, માને ઉપજી દિલમાં દયાય;
બોલ મીઠામીઠા બોલીને, દીધી ધીરજ સૌને ત્યાંય. ૨૩

**ચોપાઈ :**

ધર્મે પણ સૌને ધીરજ દીધી, વાત સૌ જને સાંભળી લીધી;
કહે ધીરજ ધરો તમે ઉર, નથી જાતાં અમે દેશ દૂર. ૨૪

અમે રહેશું અયોધ્યા માંહિ, તમે આવજો કોઇ સમે ત્યાંહી;
કૃષ્ણ તમને તજી નહીં જાશે, જો જો અંતર માંહી જણાશે. ૨૫
ધર્મ પાળજો થઇ સાવધાન, વળી ધરજો આ મૂરતિનું ધ્યાન;
અમે રહીયે અયોધ્યામાં જઇ, એવી ઇચ્છા શ્રીહરિની થઇ. ૨૬
હરિભક્ત ભલા જે ગણાય, હરિ ઇચ્છા વિષે રાજી થાય;
એમ સમજીને સુખિયા થાવું, નહિ અંતરમાં અકળાવું. ૨૭
જુદા પડતાં જો મનમાં મુંઝાય, સુખ પ્રથમ લીધેલું તે જાય;
જેમ રાખે પ્રભુ તેમ રહેવું, કદી કુત્સિત કથન ન કહેવું. ૨૮
એમ સમજાવીને શોક ટાળ્યા, સર્વ પુરજનને પાછા વાળ્યા;
પ્રેમે સૌને કરીને પ્રણામ, ઠરીને રહ્યા લોક તે ઠામ. ૨૯
ધર્મ ભક્તિએ આશીષ દીધી, પછી વાટ અયોધ્યાની લીધી;
લોકે દીઠો નહીં રથ જ્યારે, ગયા પુરમાં નિરાશથી ત્યારે. ૩૦
સૌયે હરિનાં ચરિત્ર સંભારે, નિત્ય નિયમથી નામ ઉચ્ચારે;
સકુટુંબ શ્રીધર્મ સિધાવ્યા, તે તો તીર્થ મખોડે આવ્યા. ૩૧
જળપાન કરી ચાલ્યા વાટે, જઇ પહોંચિયા મીરન ઘાટે;
વળી ત્યાં કરીને વિશ્રામ, એક નાવ મગાવ્યું તે ઠામ. ૩૨
કર્ણધાર હતો દૈવી કોઇ, લીધાં પ્રભુ પદમાં ચિહ્ન જોઇ;
એણે ઓળખ્યા અંતરજામી, સ્તુતિ મનમાં કરી શિર નામી. ૩૩
ધર્મે દેખાડ્યું ભારનું ગાડું, પૂછ્યું શું લેશો નાવનું ભાડું ?
ધર્મપ્રત્યે બોલ્યો કર્ણધાર, ભાડું નહિ લઉં લઇ જાઉં પાર. ૩૪

**દોઉ ઠાડે કદમ વાકિ છૈયા- એ રાગ છે :**

ભાડું ભાડું ભાડું રે, નહીં લઉં હું નાવનું ભાડું,





પાર સામે મફત પહોચાડું રે; નહીં લઉં હું નાવનું ભાડું..ટેક.
હું કર્ણધાર છું સરજુ નદીનો,
સાચું કહી દેખાડુ રે...નહીં લઉં૦ ૩૫
આ કર્ણધાર છે ભવસાગરનો,
તે બાળને હું રમાડું રે...નહીં લઉં૦ ૩૬
ભાડાને બદલે રમાડવા દ્યો,
માનીશ મોટું સપાડું રે...નહીં લઉં૦ ૩૭
તે કર્ણધાર ને હું કર્ણધાર છું,
નામને કેમ લજાડું રે...નહીં લઉં૦ ૩૮
નાતિલે નાતનું ભાડું ન લેવું,
તે કેમ રીત મટાડું રે...નહીં લઉં૦ ૩૯
ભાડું લીધું નહીં ગુહરાજાયે,
ચાલ નવો કેમ પાડું રે...નહીં લઉં૦ ૪૦
કુટુંબસહિત હું તમને ઉતારું,
કહોતો ઉતારું ગાડું રે...નહીં લઉં૦ ૪૧
લાલ વિહારીના ધામમાં જાતાં,
આવે ન મને કાંઇ આડું રે...નહીં લઉં૦ ૪૨

**ઉપજાતિવૃત્ત :**

તે કર્ણધારે કહિયો સુમર્મ, તે સાર સર્વે સમજ્યા જ ધર્મ;
નાવે બધો ભાર પછી ભરાવ્યો, કુમાર તે નાવિકને અપાવ્યો. ૪૩
સંભાળજે સ્નેહ સહીત એને, તાતે કહ્યું તે તક એમ તેને;
શ્રીધર્મને સૌ પરિવાર સાથે, નાવે ચડાવ્યા તહિં નાવનાથે. ૪૪

સર્યૂ વિષે નાવ પછી ચલાવ્યું, ત્યાં તે નદીમાં જળપૂર આવ્યું;
જાણ્યું વૃષે જે પ્રભુપાવ ધોવા, સર્યૂ અધીરી થઇ દોષ ખોવા. ૪૫
નીરે અડાડ્યો પ્રભુપાવ જ્યારે, મટી ગયું તે જળપૂર ત્યારે;
આશ્ચર્ય પામ્યા જન સર્વ જોઇ, કરે ન એવું પ્રભુ પખી[1] કોઇ. ૪૬
સર્યૂ તણો ઘાટ પવિત્ર ભારી, જેને કહે છે જન સ્વર્ગદ્વારી;
ત્યાં નાવ આવ્યું તરી તીર જ્યારે, સામાન લૈ સૌ ઉતર્યા જે ત્યારે. ૪૭
સોંપ્યા સતીને હરિ નાવનાથે, નાવીકને ત્યાં હરિ આપ હાથે;
કરી સમશ્યા બહુ ન્યાલ કીધો, સ્વધામ દેવા કર કોલ દીધો. ૪૮
તે તીર્થમાં સ્નાન કર્યુ સહુયે, પ્રસન્ન કીધી સરિતા પ્રભુયે;
સંધ્યાદિ કરમો કરી તાત પુત્ર, દિધાં દ્વિજોને બહુ દાન તત્ર. ૪૯

**પૂર્વછાયો :**

નારી છપૈયાની તહાં, એક નાતિતી નિરમળ નીર;
તેણે છપૈયે જૈ કહ્યું, હરિ જોયા મેં સરજૂ તીર. ૫૦

**રાગ પ્રથમનો :**

તીરે તીરે તીરે રે સખી જોયા મેં સરજુ તીરે,
શ્રીહરિ શામ શરીરે રે; સખી જોયા મેં સરજુ તીરે..ટેક.
સરજુ કિનારે સુંદર શોભે,
ગિરિધર ગુણગંભીરે રે...સખી જોયા૦ ૫૧
આનંદ વળી અદકો ઉપજાવ્યો,
શીતળ મંદ સમીરે રે...સખી જોયા૦ ૫૨
માતાએ ત્યાં હરિને નવરાવ્યા,
નદીના નિરમળ નીરે રે...સખી જોયા૦ ૫૩



[1] વિના



શ્રી હરિનું માયે શરીર લુયું,
ચંપક વરણા ચીરે રે...સખી જોયા૦ ૫૪
તેમની પાસેથી લઇ વળી તેડ્યા,
રામપ્રતાપજી વીરે રે...સખી જોયા૦ ૫૫
માળણ એક છાબ ભરી લાવી,
ફળ અનાર અંજીરે રે...સખી જોયા૦ ૫૬
ભક્તિમાતાયે તે ભેટ લીધી,
પછી ચાલ્યાં ધીરે ધીરે રે...સખી જોયા૦ ૫૭
લાલ વિહારીની ટોપી ભરેલી,
માણેક મોતી ને હીરે રે...સખી જોયા૦ ૫૮

**ઉપજાતિવૃત્ત :**

હે ભૂપ ત્યાં અસ્ત દિનેશ લાગ્યા, દેવાલયોમાં બહુ ઘંટ વાગ્યા;
કોઇ કરે પૂજન સર્યૂકેરૂં, માહાત્મ્ય જાણી મનમાં ઘણેરૂં. ૫૯
શ્રીધર્મ ત્યાંથી પુરમાં સિદ્ધાવ્યા, તે રામઘાટે સકુટુંબ આવ્યા;
પરું તહાં સુંદર બર્હટા છે, જ્યાં આપની જુની ભલી અટા છે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સ્વભુવન વિચરી નિવાસ કીધો, નિજ સુતને વૃષદેવ તેડી લીધો;
સુણી બહુ વૃષશિષ્ય ચાલી આવ્યા, ભલીભલી વસ્તુ વિશેષ ભેટ લાવ્યા. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સકુટુંબ શ્રીધર્મ-અયોધ્યાગમનનામા નવમો વિશ્રામ: ॥૯॥***

**પૂર્વછાયો :**

સ્નેહે કહે અભેસિંહજી, રુડાં વચન વિચારી વિવેક;
દંતકથા લોકો તણી, તેમાં વાત સુણી છે એક. ૧

**ચોપાઈ :**

જ્યારે શામ છપૈયે રહ્યા'તા, ત્યારે ગાયોને ચારવા જાતા;
તેથી ત્યાં કહે છે ગૌઘાટ, તમે તે ન કહ્યું શા માટ? ૨
વળી ચીભડીના હતા વેલા, તેને હરિએ નિકંદ કરેલા;
લીલા તે તમે નહિ ઉચ્ચારી, તેનું કારણ કહો બ્રહ્મચારી. ૩
બ્રહ્મચારી કહે સુણ ભ્રાત, એ તો ભાસે અસંભવ વાત;
અઢી વર્ષ છપૈયે રહ્યાય, કેમ ગાયો તે ચારવા જાય. ૪
મુનિ સુવ્રતે પણ નથી ભાખ્યું, બીજા કોઇ મુનિયે નથી દાખ્યું;
તેમાં સત્ય છે કેટલી વાત, તે હું તમને કહું સાક્ષાત. ૫
એવાં નાનાં ચરિત્ર અપાર, આવે કેતાં આયુષ્યનો પાર;
માટે મેં નથી કહી તે વાત, હવે પૂછો છો તો કહું ભ્રાત. ૬
છપૈયા થકી ઉત્તરમાંય, નામે ગૌઘાટ ગામ છે ત્યાંય;
કાકા ભક્તિના દુંદ તિવારી, તે તો તે ગામના અધિકારી. ૭
તેની પુત્રી હતી એક જેહ, તેને ભક્તિ સાથે ઘણો સ્નેહ;
માટે મળવાને તેણે તેડાવ્યાં, હરિને લઇ ભક્તિ સિધાવ્યાં. ૮
રહ્યાં દિવસ તહાં ત્રણ ચાર, વધ્યો પુરો પરસ્પર પ્યાર;
ત્યાંથી ઉત્તરમાં અધકોશ, નદી બીસુહી છે નિરદોશ. ૯
તે ગૌઘાટ સમીપે વહે છે, માટે ગૌઘાટ તેને કહે છે;
એક દિવસ મળી સહુ બાઇ, ગઇ નાવાને તે નદીમાંઇ. ૧૦





કરી સ્નાન દીધાં બહુ દાન, નવરાવ્યા તહીં ભગવાન;
વર્ષ બેની ઉંમર ત્યારે હતી, પણ મૂર્તિ મનોહર અતી. ૧૧
એટલી જ છે વાત તહાંની, તે તો છેક નથી કાંઇ છાની;
તમે ચીભડીની પૂછી વાત, તે તો તરગામની લીલા ભ્રાત. ૧૨
માટે ઉચરીશ એહ પ્રસંગે, કહું બીજાં ચરિત્ર ઉમંગે;
અયોધ્યામાં રહી અઘહારી, કરે બાળલીલા બહુ સારી. ૧૩
વર્ષ પાંચમું બેઠું જે વારે, બહુ બુદ્ધિ વધી વળી ત્યારે;
પુરના જન અચરજ પામે,એ જ વાત કરે ઠામ ઠામે. ૧૪
કહે છોટો છે ધર્મકુમાર, પણ અદભુત બુદ્ધિ અપાર;
દેવદર્શને તાતની સાથે, જાય હેતથી વળગીને હાથે. ૧૫
કથા સાંભળવા ધરે કાન, સમઝુ જન વૃદ્ધસમાન;
નાવા સર્જુમાં સાથે સિધાવે, ભાળી સૌ જનને મન ભાવે. ૧૬
દેવપૂજા પિતા કરે જેમ, પ્રભુ પોતે કરે પૂજા તેમ;
બીજ ચૈત્રશુદી શુક્રવારે, તાતે અક્ષર શીખવ્યા ત્યારે. ૧૭
શિક્ષા કલ્પ ને જ્યોતિષ છંદ, વ્યાકરણ નિરુક્ત છે વંદ્ય;
ખટ વેદનાં અંગ ગણાય, ભક્તિપુત્ર તે ભાવે ભણ્યાય. ૧૮
પિતા પુત્રને પ્રેમે ભણાવે, સર્વ અર્થસહિત સમઝાવે;
મહાભાષ્ય અઢાર પુરાણ, શીખ્યા કાવ્ય ને શાસ્ત્ર સુજાણ. ૧૯

**ઉપજાતિવૃત્ત :**

સર્વે તણા છે ગુરુ સર્વજ્ઞાતા, બ્રહ્માદિકોને પણ જ્ઞાનદાતા;
તથાપિ માનુષ્ય ચરિત્ર કારી, વિદ્યા પિતાપાસ ભણ્યા મુરારી. ૨૦
વર્ણાશ્રમોના શુભ ધર્મ જેહ, શિખ્યા પિતાપાસ સમગ્ર તેહ;

સ્ત્રીયો તણા ધર્મ તણો પ્રકાર, સુણી લીધો માતમુખેથી સાર. ૨૧
એવો ચમત્કાર અપૂર્વ જાણી, લોકો વદે છે મુખ એમ વાણી;
આ બાળ છે અદ્ભુત ભાગ્યશાળી, વિદ્યાની એણે હદ ખૂબ વાળી. ૨૨
ભલે ભણે સૌ પણ રીત ન્યારી, વિદ્યા ભણે છે બહુ દેહધારી;
જેને પ્રભુની કરુણા જણાય, તેનેજ વિદ્યા ફળીભૂત થાય. ૨૩
સંસ્કાર જેને ભવ પૂર્વનો છે, ક્યાં શ્લોક તેને બહુ ગોખવો છે;
જો બીજને નીર મળ્યું જણાય, જાતિ સ્વભાવે તરુ તેવું થાય. ૨૪
જો એક વિદ્યા ભણી ભીખ માગે, લે એક સન્માન નૃપાળ આગે;
કોઇ ભણે અલ્પ ઘણું જણાય, ઘણું ભણે કિંચિત તે ગણાય. ૨૫
વર્ણી કહે છે નૃપ હે પવિત્ર, સુણો વળી અદ્ભુત સચ્ચરિત્ર;
સ્વર્ગાદિ છે સુંદર ધામ જેહ, માને બતાવ્યાં કહું વાત તેહ. ૨૬
શ્રીશ્યામને ત્યાં વળી એક કાળે, ખોળે લઈ મા મુખડું નિહાળે;
દેખી શશી સિંધુ ભરાય જેમ, વધ્યો જનેતા ઉર પ્રેમ તેમ. ૨૭
એવે સમે શ્રીહરિની ઈચ્છાયે, માહાત્મ્ય ધાર્યું મન માંહિ માયે;
બ્રહ્માદિકે જન્મ સમે સુવાણી, કહી હતી તે સ્મૃતિ સદ્ય આણી. ૨૮
કહ્યાં હરિને પછી વાક્ય એવાં, હશે સુસ્વર્ગાદિક ધામ કેવાં?
કૃપા કૃપાસાગર કાંઇ લાવો, તે ધામ સર્વે મુજને બતાવો. ૨૯
તે સાંભળી પૂરણ પ્રીત વાધિ, માને કરાવી પ્રભુએ સમાધિ;
કિશોરમૂર્તિ કરુણાનિધાન, તેજસ્વિ કોટિ સૂરજો સમાન. ૩૦
તે ચાલતી મૂર્તિ જણાઇ જેમ, ચાલ્યાં પછી પાછળ ભક્તિ તેમ;
સુરેશના ધામ વિષે સિધાવ્યા, ઈંદ્રાદિકો સન્મુખ ચાલી આવ્યા. ૩૧
તે ધામમાં જ્યાં રચના અતીશે, સુવર્ણ સિંહાસન દિવ્ય દિસે;





પૂજ્યા પ્રભુને પધરાવી ત્યાંય, ધર્યા સુદિવ્યાંબર અંગમાંય. ૩૨
અમૂલ્ય આભૂષણ તે ધરાવ્યાં, સ્નેહે ઘણે શીશ પદે નમાવ્યાં;
તે દેખી માતા મનમોદ પામ્યાં, શોભા તહાંની નિરખી વિરામ્યાં. ૩૩
ત્યાંથી જનિત્રી નિજપુત્ર સંગે, ગયાં મહર્લોક મહા ઉમંગે;
ત્યાંથી સિધાવ્યાં જનલોકમાંય, ત્યાંથી નિહાળ્યો તપલોક ત્યાંય. ૩૪
જ્યાંજ્યાં ગયાં ત્યાં પણ એ જ રીતે, પૂજ્યા સહુયે પ્રભુ પૂરી પ્રીતે;
ગયાં સતી ને સુત સત્યલોકે, છે આપ સર્વેશ્વર કોણ રોકે. ૩૫
તે મૂર્તિની પાછળ માય જાય, આવે ન એને લવ અંતરાય;
બ્રહ્મા પ્રભુને નજરે નિહાળી, આવી નમ્યા ત્યાં અભિમાન ટાળી. ૩૬
સભા સુવૈરાજ પુરૂષ કેરી, તે ધામમધ્યે વિલસે ઘણેરી;
મહા મુનિ જ્યાં સનકાદિકો છે, પ્રકાશ પૂરો પ્રસરી રહ્યો છે. ૩૭
તે પુરુષે શ્રીહરિને પ્રણામ, કર્યા નિહાળી તન મેઘશામ;
બેસારી સિંહાસન દિવ્યમાંય, પૂજા કરી પ્રેમસમેત ત્યાંય. ૩૮
અમૂલ્ય વસ્તુ બહુ ભેટ દીધી, સ્તુતિ પછી બે કર જોડી કીધી;
નમામિ નારાયણ અક્ષરેશ, નમામિ પદ્મેશ[1] પરાત્પરેશ. ૩૯

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

હે પદ્મેશ પરાત્પરા સુખકરા ભૂતેશ્વરા ભૂધરા,
વંસીવાદ્યધરા ખરા હિતકરા હે નિર્ડરા નિર્જરા[2];
સ્થાપ્યા જીવ ચરાસ્થિરા તનુધરા દેવાસુરા કિન્નરા,
વંદૂ નૌતમ નાગરા ગિરિધરા સર્વેશ્વરા શ્રીધરા. ૪૦
સ્વામી દર્શન આપના પદ તણાં ક્યાંથી અમે પામીયે,
દીધાં આજ ભલેજ દર્શન તમે સદ્ધામના ધામીયે;



૧.લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણું ૨.યુવાન, વૃદ્ધાવસ્થાએ રહિત

અર્ધી આવરદા ગઈ મુજ તણી દીઠા પ્રભુ આજ છે,
હે રાજેશ્વર રાજ આજ સઘળાં સિધ્યાં હવે કાજ છે. ૪૧
તેણે એમ નતી[1] કરી ફરી ફરી આશા ધરી આદરી,
વાણી પ્રેમ ભરી મનોજ્ઞ મધુરી ઊંચા સ્વરી ઉચ્ચરી;
પાણિ જોડ કરી પદે શિર ધરી કે એક પાવે ઠરી,
સર્વે પુરુષ સુંદરી મુદ ભરી ત્યાં દર્શને સંચરી. ૪૨

**ઉપજાતિવૃત્ત :**

આશ્ચર્ય પામ્યાં અવલોકી માય, ત્યાંથી પછી કૃષ્ણ થયા વિદાય;
ચોવીસ તત્વોતણી જ્યાં સ્થિતિ છે, તે ધામ પ્રત્યેક કરી ગતી છે. ૪૩
તત્ત્વો તણાં દૈવત મૂર્તિમાને, પૂજ્યા પ્રભુને કરી કીર્તિગાને;
પછી ગયાં જ્યાં પુરુષ પ્રધાન, થતું હતું ત્યાં હરિકીર્તિગાન. ૪૪
માતા સુણીને મન મોદ પામે, સ્વપુત્રમાં પ્રીતિ વિશેષ જામે;
તે જેમ માનુષ્ય કરે પ્રવાસ, પામે વિશેષે સુમતિ પ્રકાશ. ૪૫
પ્રધાનનાથે ઉર પ્રીતિ આણી, પૂજ્યા પ્રભુને નિજ ઈષ્ટ જાણી;
તે નારીને ભક્તિ કહે વિચારી, કહો તમે કોણ પવિત્ર નારી. ૪૬
હું છું અહો માત પ્રધાન નામ, આ સ્વામી મારા સ્થિતિ આજ ઠામ;
આ જે તમારા સુત નિર્વિનાશી[2], તેનાં અમે નિર્મિત દાસ દાસી. ૪૭
અમો સરીખાં બહુ જોડલાં છે, કોટાન કોટિ કવિયે કહ્યાં છે;
તે સર્વેનું કારણ મૂળ માયા, તેના પતિ મૂળપુરૂષ રાયા. ૪૮
આજ્ઞા તમારા સુતની પ્રમાણે, તેઓ કરે કામ સદૈવ ટાણે;
સામર્થ્ય જે છે સુતમાં તમારા, જથાર્થ તે તો નહિ જાણનારા. ૪૯
સર્વોપરી આ સુતને પ્રમાણો, જેનો નિયંતા નહિ કોઈ જાણો;



૧.નમસ્કાર, પ્રણામ ૨.જેનો નાશ નથી એવા સર્વના ઉપરી ભગવાન



પામ્યાં સુણીને અતિ મોદ માય, ગયાં પછી મૂળપુરૂષ જ્યાંય. ૫૦
તેની પ્રિયા જે પ્રકૃતિ પ્રમાણ, તે દંપતિ સર્વકળા સુજાણ;
પૂજ્યા પ્રભુને અતિ પ્રીત આણી, વદ્યા પછી સુંદર મુખ વાણી. ૫૧
ભલે પ્રભુ દર્શન આજ દીધાં, તમે કૃપાનાથ કૃતાર્થ કીધાં;
તમારું તો દર્શન ક્યાંથી થાય, જે ઈચ્છતાં કોટિક કલ્પ જાય. ૫૨
વર્ણી કહે સાંભળ ભૂમિપાળ, માયે દિઠું કૌતૂક તેહ કાળ;
અસંખ્ય જોડાં નરનારી કેરાં, તેજસ્વી ત્યાં તો નિરખ્યાં ઘણેરાં. ૫૩
સુવર્ણના થાળ કરે ધરેલા, પૂજાની સામગ્રી થકી ભરેલા;
ચારે દિસે મૂળપુરૂષ પાસે, ઉભાં રહ્યાં પૂજન કાર્ય આશે. ૫૪
બીજા વળી પાર્ષદ છે અનેક, લેખું ગણ્યાંથી ન ગણાય છેક;
સૌ ઈંદ્રથી શ્રેષ્ઠપણે જણાયા, ભક્તિ ગયાં જ્યાં હતી મૂળ માયા. ૫૫
માયા કહે હે સતિ ભક્તિમાત ! પૂછો મને જે પૂછવાની વાત;
માતા કહે આ નરયુક્ત નારી, અસંખ્ય તે કોણ કહો વિચારી ? ૫૬
માયા કહે તે પુરુષપ્રધાન, પ્રત્યેક બ્રહ્માંડ તણા નિદાન[1];
અસંખ્ય તે પુત્ર બધા અમારા, સૌ દાસ દાસી સુતના તમારા. ૫૭
હું મૂળમાયા પ્રકૃતિ ગણાઉં, આ મૂળપુરૂષની પત્નિ થાઉં;
અનેક બ્રહ્માંડ તણા નિદાન, કહે અમોને શ્રુતિશાસ્ત્રવાન. ૫૮
જોયું તમે આજ અમારું ધામ, દેખે ન તેને અજ ઈંદ્ર વામ;
અવાય આંહી નહિ દેવતાથી, આવ્યાં તમે આ હરિની કૃપાથી. ૫૯
આ શ્રીહરિ જે સુત છે તમારા, સદા નિયંતા પ્રભુ તે અમારા;
એનીજ આજ્ઞા ધરિયે અમે તો, છે કૃષ્ણ સર્વેશ્વર આપ એ તો. ૬૦
જે કૃષ્ણ આદી અવતાર થાય, તે સર્વનું કારણ આ ગણાય;



૧.મૂળ કારણ

એ છે પ્રતાપી પરમાત્મ પોતે, જાણી શકે શું કુમતિ જનો તે. ૬૧
એ છે પુરૂષોત્તમ પાપહારી, ક્ષરાક્ષરોથી છબી એની ન્યારી;
જેનો નિયંતા નથી કોઇ જાણો, સ્વતંત્ર તે આ સુતને પ્રમાણો. ૬૨
ઇત્યાદિ માહાત્મ્ય કહ્યું અતિશે, હૈયું સુણીને જનનીનું હીસે;
પછી પૂજ્યાં તે સતિ દંપતિયે, પ્રસન્ન કીધા પરમ સ્તુતિયે. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સરસ સરસ વસ્ત્ર ભૂષણો ત્યાં, મણિમય માલ દીધો વળી ઘણો ત્યાં;
લઇ સતિ સુત સાથ ત્યાંથી ચાલ્યાં, જઇ પછી અક્ષરધામમાં મહાલ્યાં. ૬૪

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ભક્તિમાતુઃ સ્વર્ગાદિધામદર્શનનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥***

**વસંતતિલકાવૃત્ત :**

વર્ણી કહે મન ધરી સુણ ભૂપ વાત,
ચાલ્યાં ગયાં સુતની મૂર્તિની સાથ માત;
જોયું જઇ અકળ અક્ષર ધામ જ્યાંય,
શોભા સમસ્ત થળથી અતિ દીઠી ત્યાંય. ૧
કોટાન કોટિ રવિ ચંદ્ર તણો પ્રકાશ,
ખદ્યોત તુલ્ય ન જણાય જ જેની પાસ;
જેને સદૈવ શ્રુતિ બ્રહ્મપુરી કહે છે,
મુક્તો અનંત પણ અક્ષર જ્યાં રહે છે. ૨
જ્યાં જૈ શકે ન કદીયે પણ કાળ માયા,
જ્યાં ક્રોધ કામ કદી લોભ નથી જણાયા;





આનંદયુક્ત દરસે ગુણ સચ્ચિદાદિ,
જે છે અનંત અવિકારી અને અનાદિ. ૩
જ્યાં જ્યોતિરૂપ વળી ચિન્મય સર્વ ચીજો,
દિસે ન પૃથ્વી પવનાદિ પદાર્થ બીજો;
અગ્નિ નહીં જળ નહીં નહિ અભ્ર[1] વ્યોમ,
તારા નહીં ઘન નહીં નહિ સૂર્ય સોમ. ૪
જ્યાં દંપતિ નહિ તથા નહિ પુત્ર માતા,
જ્યાં કર્મના કદી ન લેખ લખે વિધાતા;
જેનું જથાર્થ કદી વર્ણન ના કરાય,
વાણી તથા મુનિ તણાં મન થાકી જાય. ૫
જેનો કદાપિ શ્રુતિ પાર નથી જ લેતી,
જેને કહે નિગમ આગમ નેતિનેતિ;
જ્યાં જાય તે પુનર જન્મ કદી ન પામે,
તે વ્યાધિ આધિ તણિ બાધિ ઉપાધિ વામે. ૬
આ અષ્ટ આવરણ પૃથ્વી પ્રમુખ્ય જેહ,
છે એકથી દશગણાં વધતાં જ તેહ;
એ આઠ સર્વ મળી અંડ ગણાય એક,
તે તો જહાં રજસમાન ઉડે અનેક. ૭
શોભે તહાં અમિત ચિન્મય સૌધ[2] સારા,
જોતાં જ મુક્તજનને મુદ આપનારા;
તે સૌધ સર્વ વળી વૈભવથી ભર્યા છે,
સ્વેચ્છાથી મુક્તહિત શ્રીહરિએ કર્યા છે. ૮



૧.વાદળ ૨.મહેલ

જે મુક્ત જેમ મન માંહિ મનોર્થ ધારે,
તેવું સ્વરૂપ નિજનું બની જાય ત્યારે;
દેખી કૃપાળુ પ્રભુ થાય પ્રસન્ન માટે,
કોઇ સજે નિજસ્વરૂપ સુપાત્ર ઘાટે. ૯

કોઈક મુક્ત મણિ માણક રૂપ થાય,
કોઈક દેવતરુ તુલ્ય તહાં જણાય;
કોઇ પલંગ નવરંગ નિજાંગ ભાસે,
કોઇ ધ્વજા કળશ રૂપ ધરી પ્રકાશે. ૧૦

કોઇ ધરે સુરથ કે હય હાથીરૂપ,
કોઇ બને કનકકેરી છડી અનૂપ;
વાજિંત્ર રૂપ વળી કોઇ ધરે વિચિત્ર,
જેમાં ગવાય હરિના ગુણ કે ચરિત્ર. ૧૧

થૈ પાદુકા પ્રભુ તણા પદ કોઇ ચાય,
કોઈક છત્ર થઇ શામ શિરે છવાય;
સર્વે સ્વતંત્ર પરતંત્ર તહાં ન કોઇ,
આનન્દમગ્ન અતિશે હરિમૂર્તિ જોઇ. ૧૨

વર્ણી સુણો મહિપતિ મુખથી કહે છે,
તે સર્વ મુક્ત હરિના વશમાં રહે છે;
તારે સ્વતંત્ર સુખ કેમ ગણાય એહ,
ટાળો તમે સકળ સંશય આજ તેહ. ૧૩

વર્ણી કહે નિજ તણા મનને ગમે છે,
તેને જ પ્રાણી સરવે સુખ માની લે છે;





કોઇક કેફ કરીને અતિ ઊંઘી જાય,
તેમાં જ શ્રેષ્ઠ સુખ તે ગણશે સદાય. ૧૪

તેવી રીતે હરિ વિષે જઇ લીન થાવું,
વેદાંતિયો મન ગણે સુખ શ્રેષ્ઠ આવું;
જે કૃષ્ણના પદ ઉપાસક લક્ષ્મી જેવા,
સર્વોપરી સુખ ગણે કરી શામ સેવા. ૧૫

દૃષ્ટાંત એક વળી સાંભળ ચિત્ત રાખી,
છે રાજનીતિ કવિયે જનકાજ ભાખી;
પંડિત મૂર્ખ સુખકારણ શું કરે છે,
કેવી રીતે સમય બે જણ વાવરે છે. ૧૬

વાજિંત્ર સાથ હરિકિર્તન ઉચ્ચરીને,
કાઢે સુકાળ બુધ[1] હર્ષ દિલે ધરીને;
ઊંઘે લડે વળી કરે વ્યસનો વિશેષે,
તેમાં જ મૂર્ખ જન તો સુખ માની લેશે. ૧૭

સુતા રહી સુખ ગણે જ દરિદ્રિ જેમ,
ઇચ્છે ન ભક્ત સુખ ભક્તિરહીત તેમ;
જે ચિત્તમાં વિષયના સુખને ચહાય,
તે તો કદાપિ જન અક્ષરમાં ન જાય. ૧૮

જીવાત્મવશ્ય વરતે સુખી જેમ કાયા,
સર્વેશવશ્ય વરતે વળિ જેમ માયા;
તે આપને ન પરવશ્ય કદી પ્રમાણે,
મુક્તો સદૈવ હરિવશ્ય સ્વતંત્ર જાણે. ૧૯



૧.પંડિત, બુદ્ધિશાળી, સમજુ

જે ધામમાં ન જડ વસ્તુ કશી જણાય,
ચૈતન્યનાં જ તરુ વેલિ તમામ ત્યાંય;
પ્રાકારે[1] દ્વાર પણ ચિન્મય તેહ ઠાર,
આકાર રંગ પલટે પલમાં અપાર. ૨૦

તે મુક્ત જ્યાં ગતિ કરે તહિં જૈ શકાય,
આવર્ણ આડું કશુંયે કદીયે ન થાય;
બ્રહ્માંડ કોટિ પણ તે નજરે નિહાળે,
જાણે થવાનું થયું તે પણ સર્વ કાળે. ૨૧

તે મુક્ત સર્વ વળી જાણ સમર્થ કેવા,
બ્રહ્માંડ કોટિ ઉપજાવિ શકે જ એવા;
આજ્ઞા થકી અવતરે જઈ લોકમાંય,
પૂજાય આપ પુરુષોત્તમ તુલ્ય ત્યાંય. ૨૨

બ્રહ્માંડ કોટિ રજતુલ્ય જહાં ઉડે છે,
એવું કહ્યું પ્રથમ અક્ષરધામ એ છે;
એવું સમર્થ નહિ અક્ષરધામ એક,
એવા સમર્થ વળી મુક્ત તહાં અનેક. ૨૩

તે સર્વ મુક્ત પુરુષોત્તમના ઉપાસી,
રાધાજી લક્ષ્મીસમ શક્તિ અનંત દાસી;
સેવે સદૈવ પ્રભુના પદ ચિત્ત ધારી,
પામે ન પાર હરિનો મહિમા વિચારી. ૨૪

તે ધામમાં સકળ મુક્ત કિશોર ભાસે,
કોટ્યર્ક[2] ઈન્દુસમ તેની પ્રભા પ્રકાસે;



૧.મહેલ ૨.કરોડો સૂર્ય



સર્ખા ગણાય સહુ અક્ષરમુક્ત એહ,
દેખાય કોઈ નહિ ન્યૂન વિશેષ તેહ. ૨૫

તે ધામ માંહિ બહુ જે સુખ છે સદાય,
શેષાદિકે સકળ તે ન કહી શકાય;
ઐશ્વર્ય સર્વતણું ત્યાં કહિયે અપાર,
શું શારદા કહી શકે સકળ પ્રકાર. ૨૬

તે ધામ દેખી નજરે સતિ ભક્તિમાત,
આશ્ચર્ય પામી હરખ્યાં ઉરમાં અઘાત;
દેખી સમુદ્ર મનમાં સર તુચ્છ લાગે,
ધામો બીજાં અલપ અક્ષરધામ આગે. ૨૭

તે ધામમધ્ય વળી મંદિર એક દીઠું,
સર્વોપરી સરસ તે મન લાગ્યું મીઠું;
ચૈતન્યયુક્ત મણિના બહુ થંભ ત્યાં છે,
સંખ્યા ન થાય ગણતાં શુભ દ્વાર જ્યાં છે. ૨૮

મોતી તણાં સરસ તોરણ ત્યાં દિસે છે,
બાંધ્યા ઉલેચ મણિયો પણ તે વિષે છે;
જેનું જથાર્થ કદી વર્ણન ના કરાય,
જોતાં જ જુક્તિ જુગના જુગ વીતિ જાય. ૨૯

સિંહાસન પ્રભુ તણું વળી દીઠું એક,
જેમાં જડેલ મણિયો નિરખ્યા અનેક;
છે દ્વાર સોળ વળી થંભ છનેઉ[1] છાજે,
તે સર્વ ચિન્મય રુડી રીતના વિરાજે. ૩૦



૧.છન્નુ (૯૬)

તે ઊપરે જ ઘનડંબરે[1] છત્ર એક,
આશ્ચર્ય દેખી ઉપજે ઉરમાં અનેક;
તે છત્રમાંથી વળી ચંદન વૃષ્ટિ થાય,
તે મંદ મંદ પણ ગંધ દિશાંત જાય. ૩૧
સિંહાસને મયુર પોપટ હંસ જેહ,
બેઠા જણાય પણ અક્ષરમુક્ત એહ;
શ્રીસ્વામીને અતિ પ્રસન્ન કર્યા જ કાજ,
એવાં સ્વરૂપ ધરિયાં મળી મુક્તરાજ. ૩૨
સોપાન[2] દિવ્ય વળી ત્યાં મણિનાં જ સારાં,
જોતાં જ મુક્ત મનને મુદ આપનારાં;
સિંહાસને સરસ ગાદી અમુલ્ય જોઇ,
જેનું કહી નવ શકે કદી મૂલ કોઇ. ૩૩
ત્યાં ભક્તિયે નિરખિયા નિજપુત્ર બેઠા,
બેઠા અનેક મળી મુક્ત તહાંથી હેઠા;
કોઇ ઉભા પ્રભુસમીપ છડી ધરિને,
કોઇ કરે ચમર હાથ ધરી હરિને. ૩૪
રાધાદિ શક્તિ ઘણી ત્યાં કર ધારી ઝારી,
સેવા નિમિત્ત થઇ સજ્જ ઉભી વિચારી;
તેણે શરીર શણગાર રુડા ધર્યા છે,
કોઇ કરે કનક થાળ ફુલે ભર્યા છે. ૩૫
વાજિંત્ર માંહિ સખી કોઇ કરે સુગાન,
કોઇ કરે સરસ નૃત્ય નટીસમાન;



૧.કાળા વાદળોથી છવાયેલ આકાશ જેવું ૨.પગથીયા, દાદર



કોઇ કરે પ્રભુનું પૂજન પ્રેમ આણી,
કોઇ કરે સ્તુતિ મુખે વદી મિષ્ટ વાણી. ૩૬
જે ધર્મધેર ધરી જન્મચરિત્ર થાય,
તે કૈક તો કવિત કીર્તન જોડી ગાય;
માર્યો કુપાત્ર મહિમાં[1] ખળ કાળિદત્ત,
તે ગાય છે ગુણીજનો કરી કોઇ નૃત્ય. ૩૭
કોઇક મુક્ત પ્રભુની છબીને નિહાળે,
કોઇક પદ્મ સરખા પગને પખાળે;
જે પાવમાં સરસ ષોડશ ચિહ્ન શોભે,
તે નિર્ખવા સ્થિતિ કરી મનભ્રંગ[2] લોભે. ૩૮
નૂપૂર છે ચરણમાં ચળકીત નંગે,
પીળું ધર્યું રુચિર રેશમ વસ્ત્ર અંગે;
કેડે જડિત્ર મણિ માણક મેખળા છે,
કાંતિ સુશાંત અતિ શું શશિની કળા છે. ૩૯
નાભી ઉંડી લલિત વર્તુલ જેમ કૂપ,
તે ઊપરે વળી દિસે ત્રિવલી અનૂપ;
આવી રહી ઉદર ઉપર મોતીમાળ,
શ્રીવત્સ ચિહ્ન શુભ છે ઉર છે વિશાળ. ૪૦
કંઠે અમૂલ્ય મણિ કૌસ્તુભ છે ધરેલો,
જાણે સમુદ્ર મથવા થકી નીકળેલો;
તેનું સ્વરૂપ ધરી ત્યાં સ્થિત મુક્ત કોઇ,
વંદે સમસ્ત મળી અક્ષરમુક્ત જોઇ. ૪૧



૧.ધરતી ઉપર, પૃથ્વી પર ૨.મનરૂપી ભમરો

ભક્તો તણા ભયહરા ભુજદંડ ભાળ્યા,
ત્યાં બાજુબંધ બહુ નંગજડ્યા નિહાળ્યા;
કાંડે કડાં કનકનાં અતિ કાંતિવાળાં,
છે વેઢ વીંટી દશ આંગળિયે રુપાળાં. ૪૨

હાથેળી રક્ત જળજાત[1] સમાન ભાસે,
રેખા રુડી નિરખતાં ભવત્રાસ નાસે;
અત્યંત તેજ નિરખ્યું નખ પંક્તિકેરું,
કોટાન કોટિ શશિ સૂર્ય થકી ઘણેરું. ૪૩

ગ્રીવા[2] મનોહર દિસે શુભ શંખ જેવી,
છે હોઠ રક્ત કહું વિદ્રુમ[3] કાંતિ કેવી;
દેખી સુદંત વળી કુંદકળી[4] લજાય,
નાસા નિહાળી શુકની ઉપમા અપાય. ૪૪

જે જેની અંગ હરિને ઉપમા અપાય,
તે કોઈ કૃષ્ણતન તુલ્ય કદી ન થાય;
તે જેમ ચિત્ર રવિનું કરીને બતાવે,
આવો જણાય રવિ તે કદી તુલ્ય નાવે. ૪૫

નેત્રો નવીન કમળો કવિયો કહે છે,
ત્યાં ભ્રંગરૂપ ભમર્યો મળતી રહે છે;
જે વાંકડી ભ્રકુટિથી વળી કાળ ત્રાસે,
તે દેખીને હરિજનો મનમાં હુલાસે. ૪૬

બે કાનમાં કનક કુંડળ છે રુપાળાં,
તે તો દિસે મકર[5] બેય સમુદ્રવાળાં;



૧.કમળ ૨.ગરદન ૩.ચળકતા લાલ રંગના મણિ-પરવાળા સમાન ૪.મોગરાની કળી ૫.માછલી



તેમાં મણી સરસ મુક્ત બની રહ્યા છે,
શું પૂછવા રુચિ હરિની તહાં ગયા છે. ૪૭

બે પુષ્પગુચ્છ હરિને શ્રવણે વિરાજે,
તેની છબી રવિ શશાંક સમાન છાજે;
પાખંડિયે કુમત ભૂતળમાં ચલાવ્યા,
શું કષ્ટ તે ઉચરવા શશિ સૂર્ય આવ્યા. ૪૮

શોભે ભલું તિલક કેસર ભાલ કીધું,
તે મધ્ય ચંદ્રસમ કુંકુમ ધારી લીધું;
જાણે સદૈવ જનમંગળ છે વિચાર્યું,
તે માટ ચિહ્ન શુભ મંગળકેરું ધાર્યું. ૪૯

માથે ધર્યો મુકુટ મોરસમાન સારો,
મોતી મણિ તણી ઘણી જ જણાય હાર્યો;
પ્રત્યક્ષ મેઘ શુભ શું પ્રભુને પ્રમાણી,
આવ્યો મયુર મનમાં અતિમોદ આણી. ૫૦

તોરા ઝૂક્યા કુસુમના દરસાય કેવા,
ગંગાપ્રવાહ શિવજીની જટાથી જેવા;
એવું સ્વરૂપ સુતનું સતિયે નિહાળ્યું,
કોટાન કોટિ રતિનાથ થકી રુપાળું. ૫૧

ત્યાં તો દિઠા હરિ તણા અવતાર સર્વે,
મત્સ્યાદિ જે થઈ ગયા જગમધ્ય પૂર્વે;
તેઓ મળી સ્તુતિ કરે ઘનશ્યામ કેરી,
થૈ દીન પાવ પ્રણમે હરિરૂપ હેરી. ૫૨

સૌ લીન તે થઇ ગયા હરિતેજમાંય,
નક્ષત્ર જેમ રવિ આગળ લીન થાય;
ત્યાં વેદ ચાર નિરખ્યા વળી મૂર્તિમાન,
તે તો કરે હરિ તણા ગુણ કેરું ગાન. ૫૩
વાણી વદે સુજશની વળી શારદા ત્યાં,
ગાયે ગુણો અમિત તુંબરુ નારદા ત્યાં;
શ્રીશેષનાગ પણ આપ સહસ્ર વક્ત્ર[૧],
કીર્તિ કહે પ્રભુ તણી તજી માન તત્ર. ૫૪
જેને કહે પરમ શંકર મૂર્તિમાન,
તે નૃત્ય ત્યાં કરી કરે હરિકીર્તિ ગાન;
બ્રહ્મા ચતુર્મુખ વડે શ્રુતિયો ભણે છે,
તે સર્વ મુક્ત પણ સ્નેહ ધરી સુણે છે. ૫૫
એવા અનેક અજ ઈશ તહાં જણાય,
તે કોઈથી જ ગણતાં ગણતી ન થાય;
સૌને દયાળુ હરિદર્શન આપ દે છે,
સ્વેચ્છાથી લીન નિજ તેજ વિષે કરે છે. ૫૬
એવો અપૂર્વ મહિમા હરિનો નિહાળી,
ભારે સમૃદ્ધિ વળી અક્ષરકેરી ભાળી;
પામ્યાં અપાર મુદ ત્યાં મન માંહિ માય,
તે તો ન કોટિ કવિયોથી કહી શકાય. ૫૭
આશ્ચર્ય પામી અતિશે પુલકાય કાયા,
પ્રેમાશ્રુબિંદુ પડતા દગથી જણાયા;



૧.મોઢું



પોતા તણા તનુજનો મહિમા વિચારે,
સદ્‌ભાગ્ય તેથી નિજનાં અતિ ધન્ય ધારે. ૫૮
જાગ્યાં પછી સતિ તહાં ઉતરી સમાધી,
દેખી સ્વપુત્ર વળી ત્યાં અતિ પ્રીત વાધી;
વૃત્તાંત સર્વ કહિયું પછી ધર્મ પાસે,
તે સાંભળી તરત ધર્મ બહુ હુલાસે. ૫૯
તે દિવ્યભાવ વળી દંપતિ ભૂલી જાય,
ઈચ્છા પ્રભુની સુતભાવ વળી જણાય;
એવાં ચરિત્ર બહુ બાળપણે કર્યાં છે,
હે ભૂપતે મુજ તણા મનમાં ભર્યાં છે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુગુણ ગણતાં ન પાર આવે, કહીકહી જો જુગના જુગો ગુમાવે;
નભ ગતિ કરી કોઈ પાર જાય, પણ પ્રભુના ગુણનો ન પાર થાય. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ભક્તિમાતુઃ અક્ષરધામદર્શનનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, કહું શ્રીહરિકૃષ્ણચરિત્ર;
સાંભળતાં સુખ ઊપજે, અને તન મન થાય પવિત્ર. ૧

**ચોપાઈ :**

કહી પાંચ વરસની વ્યવસ્થા, અને ઉતરી કુમાર અવસ્થા;
છઠ્ઠા વર્ષનો આરંભ થાય, વય પૌગંડ તે કહેવાય. ૨

શુદિ વૈશાખી બીજ ગણાઇ, ત્યારે જન્મ્યા ઇચ્છારામ ભાઇ;
ગુણે જાણિયે પ્રદ્યુમ્ન જેવા, અતિ સમરથ પણ તે એવા. ૩
એની વાત પછી ઉચરીશ, હવે કૃષ્ણચરિત્ર કહીશ;
બાલરૂપ દિસે બળવંત, ગુણ ઉત્તમ ગણતાં અનંત. ૪
દેવમંદિર જ્યાં કહેવાય, હરિ ત્યાં નિત્ય દર્શને જાય;
દેખી શ્રીહરિને તે સદાય, દેવપ્રતિમા પ્રસન્ન જણાય. ૫
જ્યાંજ્યાં જાય હરિ તતખેવ, ધન્ય ભાગ્ય ગણે સહુ દેવ;
તેના પૂજક પણ રાજી થાય, હરિરૂપમાં ચિત્ત ચોરાય. ૬
ફળ ફૂલ આપે લલચાવા, જાણે નિરખીયે આવા ને આવા;
પળ એક વિયોગ ન ઇચ્છે, પ્યારા પ્રાણ બરાબર પ્રીચ્છે. ૭
દેવદર્શને આવેલા લોક, જોવા ઉભા રહે થોકેથોક;
જેમ જોઇ રહે ચંદ્ર ચકોર, એવી મૂર્તિ દિસે ચિત્તચોર. ૮
ચાલે ઉતાવળા ઘનશ્યામ, જાણે કરવાં ઘણાં હોય કામ;
વળી કોઇ કવિ કહે એમ, ચિત્તચોર ઉભો રહે કેમ. ૯
ઊંડો મર્મ તો કોઇ પ્રમાણે, બીજા ચાલ સ્વભાવિક જાણે;
જ્યાં જ્યાં બેસે જઇ હરિરાય, જોવા લોકોની ભીડ ભરાય. ૧૦
હોય ચિત્રમાં ચિતર્યા જેમ, જોવા હરિને ઉભાં રહે તેમ;
જ્યારે ચૌટામાં ચાલે મુરારી, સર્વ જોઇ રહે છે વેપારી. ૧૧
રહે ત્રાજવાં હાથમાં ઝાલી, ચાલતા જન નવ શકે ચાલી;
ભૂલે ધારણ તે તોળનારા, ઘાટ ઘડવો ભૂલે ઘડનારા. ૧૨
નામું લખનારા ભૂલે છે નામુ, સર્વ જોઇ રહે હરિ સામું;
જાય પનઘટ પર અઘહારિ[1], દેખિ ભાન ભૂલે પાણિયારી. ૧૩



૧.પાપ હરનાર હરિ



કોઇ એક ઘડો શિર ધારી, બીજો ભૂલીને ચાલે બિચારી;
કહે એક બીજીને આ ભાળો, કેવો દિસે છે કુંવર રૂપાળો. ૧૪
જાય સર્જુતટે ઘનશામ, મળે પંડિત જોવા તે ઠામ;
કરે કલ્પના કોટિ પ્રકાર, કહે વિષ્ણુ તણો અવતાર. ૧૫
કહે કોઇ આ તો ધર્મરૂપ, કહે કોઇ આ કૈલાસ ભૂપ;
કહે કોઇ આ સાક્ષાત જ્ઞાન, કાં તો વૈરાગ્ય છે મૂર્તિમાન. ૧૬
કહે કોઇ તપે દેહ ધાર્યો, કાં તો સાક્ષાત વેદ પધાર્યો;
એમ આપે જુદા અભિપ્રાય, પ્રભુ કોઇ થકી ન કળાય. ૧૭
કહે કોઇક મનમાં તપાસી, આણે ઘેલાં કર્યા પુરવાસી;
જેમ ચમક ભણી ચળે લોહ, તેમ જનમન પામે છે મોહ. ૧૮
જાણે ઘરનો ધંધો દૈયે છોડી, દષ્ટિ એમાં જ રાખિયે જોડી;
વિદ્યા ભણવી ભૂલ્યા ભણનારા, વસ્ત્ર વણવા ભૂલ્યા વણનારા. ૧૯
સોની ઘડવા ભૂલ્યા ભલા ઘાટ,એ જ વાત ચાલી હાટોહાટ;
ધર્મદેવના આંગણામાંય, ભીડ માણસની ન સમાય. ૨૦
જોવા શ્રીહરિનું મુખ આવે, પણ બાનાં તો બીજાં બતાવે;
દીવો કરવા મિશે કોઇ બાઇ, ત્રીજે પોરે[1] આવે તહાં ધાઇ. ૨૧
ભક્તિમાતા કહે અરે ઘેલી, કેમ આવિ સંધ્યાકાળ પહેલી;
કહે કોઇ આવું ગાય દોવા, જાય એવે મિશે પ્રભુ જોવા. ૨૨
કોઇ આવે છે પૂછવા વાત, એવે બાને જુએ નરભ્રાત;
હરિરૂપમાં રહે ગુલતાન, નવ ભાવે ભોજન ને પાન. ૨૩
દેવતાઓ કહે તે તપાશી, ધન્યધન્ય અવધપુરવાસી;
એના પુણ્ય તણો નહિ પાર, જુવે દિનદિન જગદાધાર. ૨૪



૧.પ્રહર(એક પ્રહર=ત્રણ કલાક-બપોરના ૧૨ થી ૩ નો સમય)

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, સુણો અદભુત લીલા એક;
રામપ્રતાજી ભાઇને, દેખાડ્યાં રૂપ અનેક. ૨૫
તે લીળા તમને કહું, એ તો દિવ્યચરિત્ર ગણાય;
જે સુણતાં જન જાતિને, અતિ અચરજ એહ જણાય. ૨૬
એક દિવસે સંધ્યાસમે, હરિદર્શન કરવા કાજ;
ગયા પછી ઘણીવાર થઇ, ઘેર આવ્યા નહીં મહારાજ. ૨૭
માતાએ રામપ્રતાપને, કહ્યું રાત વિતી એક જામ[1];
ઘોર અંધારું થયું ઘણું, કેમ આવ્યા નહીં ઘનશ્યામ ? ૨૮
જે છે ઉપદ્રવ અસુરનો, તે તો તમે જાણો છો વીર;
શોધી લાવો ઘનશામને, હું તો ધરી શકું નહિ ધીર.
મણિધરે કદી મણિ થકી, પળ એક જુદાં ન પડાય; ૨૯
જળથી જૂદી માછલી, પડી તરફડી જીવ જાય.
શ્રીઘનશામને નિરખતાં, આડી પાંપણો આવી જાય; ૩૦
ત્યારે કહું કરતારને, નથી ચતુર તું બ્રહ્માય.
નેણનો તારો માહરો, વળી મુજ હૈયાનો હાર; ૩૧
તે ઘનશામ શોધીને, તમે તેડી લાવો આ વાર.
તે સુણી રામપ્રતાપજી, તેનો કરવા ચાલ્યા તપાસ; ૩૨
જોઇ જઇ હનુમાનગઢિ, ત્યાં દિઠા શ્રીઅવિનાશ.
કથા રામાયણ તણી, ત્યાં વંચાતી હતી તે વાર; ૩૩
સાંભળવા શ્રોતા થઇ, બહુ બેઠાં હતાં નરનાર.
ભાઇ કહે ભગવાનને, ઘેર માતા જુએ છે વાટ; ૩૪



૧.પ્રહર(રાત્રીના ૯ વાગ્યા પછીનો સમય)



અત્યાર સુધી ન આવિયા, તેથી અતિ કરે છે ઉચાટ. ૩૫
ક્યારે આવ્યા છો અહિં તમે? એમ પૂછયું જેણીવાર;
સંધ્યા સમયના છે અહીં,એમ બોલ્યાં સૌ નરનાર. ૩૬
સ્નેહે કહે ઘનશામજી, જે જે દેવનાં દરશન કાજ;
નિત્ય નિયમ રાખ્યો તમે, જઇ આવો વળી અહિંયાંજ. ૩૭
એટલામાં તો થઇ જશે, આ પુરો કથાનો પ્રસંગ;
ઘેર જશું માતા કને, આપણે મળી બે સંગ. ૩૮
પછી તે રામપ્રતાપજી, ગયા ધરી હરિનું ધ્યાન;
રત્નસિંહાસન નામનું, શુભ જ્યાં છે દેવ સ્થાન. ૩૯
ત્યાં પણ શ્રીમદભાગવત, વંચાતું હતું તે વાર;
બેઠા દીઠા ઘનશામજી, વળી બીજાં ઘણાં નરનાર. ૪૦
પુછે રામપ્રતાપજી, અહીં કયારે આવ્યા મહારાજ ?
સંધ્યાસમયના છે અહીં, એમ બોલ્યો સકળ સમાજ. ૪૧
વિસ્મિત થઈને વિચારમાં, પડ્યા રામપ્રતાપજી ભ્રાત;
આ તે સ્વપન ભાસે મને, કે જાગ્રતની હશે વાત. ૪૨
ઘેર ચાલો ઘનશામજી, કહે રામપ્રતાપજી વેણ;
જઇ આવો બીજે દર્શને, એમ શામ બોલ્યા સુખદેણ. ૪૩
રામપ્રતાપજી પછી ગયા, નામે કોપભુવન સુરસ્થાન;
એક પગે ઉભા હરિ, ત્યાં તો મંત્ર જપે ધરી ધ્યાન. ૪૪
ક્યારે અહિં આવ્યા હરિ ? એમ પૂછી લોકને વાત;
સંધ્યા સમયના છે અહીં, એમ કહે સૌ જનજાત. ૪૫
વિચર્યા એમ વીશ મંદિરે, દિઠા સર્વ સ્થળે હરિરાય;

અચરજ ઉરમાં ઉપજ્યું, તે તો વરણવ્યું નવ જાય. ૪૬
રામપ્રતાપે વિચારિયું, જાઉં હનુમાનગઢી મોઝાર;
ત્યાં શ્રીહરિ છે કે નહીં, તેનો નિશ્ચય કરું નિરધાર. ૪૭
જ્યારે જોયું વળી ત્યાં જઇ, ત્યાં તો દીઠા જગદાધાર;
રામપ્રતાપજી ભાઇએ, ત્યારે કીધો ચિત્ત વિચાર. ૪૮
અક્રૂરને જમનાજીમાં, દીધાં દર્શન જુગમે[1] સ્વરૂપ;
અનેક રૂપે નારદે, દિઠા દ્વારામતિના ભૂપ. ૪૯
એ જ રીતે કરુણા કરી, મુજ ઉપર કૃષ્ણ કૃપાળ;
અનેક રૂપે આપ થઇ, દીધાં દર્શન મુજને દયાળ. ૫૦
ભાળી મોટાભાઇને, ઘનશામ કહે શુભપેર;
કથાપ્રસંગ પૂરો થયો, હવે ચાલો જૈયે નિજઘેર. ૫૧
ભાઇ બંને નિજ ભવનમાં, ત્યાંથી આવ્યા રૂડી રીત;
ભક્તિમાયે ભગવાનને, ચાંપ્યા છાતિમાં પ્રીત સહીત. ૫૨
દીધો વળી ઠપકો ઘણો, સુણો લાડકવાયા લાલ;
રાત વેળાના એકલે, ક્યાંઇ જાવું નહીં કોઇ કાળ. ૫૩
ઘણો ઉપદ્રવ અસુરનો, આજ દિસે અયોધ્યામાંય;
વેળાસર ઘેર આવવું, રાતે રોકાવું નહિ ક્યાંય. ૫૪
ચાર ઘડી[2] રજની[3] જતાં, કદી જો નહિ આવો કુમાર;
ઘરમાં નહિ દઉં પેસવા, નહિ ઉઘાડું ઘરનાં દ્વાર. ૫૫
એમ કહિને કુંવરને, વાળુ કરાવિયું તે વાર;
પછી પલંગે પોઢાડિયા, જગજીવન જગદાધાર. ૫૬
પછી પરીજન આગળે, બેસી રામપ્રતાપજી ભ્રાત;



૧.બે સ્વરૂપે ૨.૭-૩૦ વાગ્યા પછી ૩.રાત



બહુરુપે દર્શન થયાં, તે વાત કરી વિખ્યાત. ૫૭
તે સુણતાં જન સર્વને, અતિ અચરજ ઉપજ્યું ઉર;
સૌએ શ્રીઘનશામને, પુરુષોત્તમ જાણ્યા જરૂર. ૫૮
વળતી હરિયે વિચારિયું, મને જાણશે જો સર્વેશ;
તો સુખ પુત્રપણાતણું, નહિ લઇ શકે લવલેશ. ૫૯
પછી કર્યો પરમેશ્વરે, નિજમાયાનો વિસ્તાર;
ભુલી ગયાં દિવ્ય ભાવને, સૌ માત પિતા પરિવાર. ૬૦
બીજે દિને પણ રાત્રીયે, આવ્યા મોડા શ્રીમહારાજ;
માતાને વિનતી કરી, દ્વાર ઉઘાડવાને કાજ. ૬૧
પ્રેમવતી પણ પ્રેમથી, કહે કોણ બોલે છે બાર ?
જામની[1] જામ વિતી ગઇ, કોઇ હશે ચોર ચખાર. ૬૨
શ્રીહરિયે સંભળાવિયાં, નિજનામ ત્યાં રુડી રીત;
વક્ત્રોક્તિમાં વાળિયા, માયે ઉત્તર પ્રીત સહીત. ૬૩

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

માતા હું ઘનશ્યામ[2] તો વન વિષે જૈ સારી વૃષ્ટિ કરો,
માતા હું નિલકંઠ[3] તો ગિરિ ચઢી ઊંચે સ્વરે ઉચ્ચરો;
માતા હું હરિકૃષ્ણ[4] સિંહ કદીયે કાળો ન ભાળ્યો અમે,
માતા હું વૃષપુત્ર ધુર્વૃષ[5]ની તો ધારો જઇને તમે. ૬૪
હું છું ધર્મતનૂજ પુત્ર ન હતો તે ભીમના ભાઇને,
માતા હું હરિ[6] છું વસો સ્વરગમાં તો ચિત્તમાં ચાઇને;
હું છું ભક્તિતનૂજ ભક્તિ સુત તો વૈરાગ્ય ને જ્ઞાન છે,
વક્ત્રોક્તિ સુણી સ્નેહયુક્ત હૃદયે રીઝયા કૃપાવાન છે. ૬૫



૧.રાત ૨.કાળુ વાદળ ૩.મોર ૪.કાળો સિંહ ૫.બળદની ધુંસરી ૬.ઈન્દ્ર

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી ઉઠી જનની ઉઘાડી દ્વાર, નિજ ઉર સાથ લગાવીને કુમાર;
લઇ નિજ ઘરમાં કરાવ્યું વાળું, ચિંતવન યોગ્ય ચરિત્ર આ રુપાળું. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-અનેકરૂપદર્શનનામા દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥*

**પૂર્વછાયો :**

એક સમે અલબેલડે, ચોરી ભાભીની અંગુઠી જેહ;
તે લીલા તમને કહું, નરનાથ સુણો ધરી નેહ. ૧

**ચોપાઈ :**

એક સમય મળી સહુ મિત્ર, ગયા નાવાને સર્યુ પવિત્ર;
નાઇ વસ્ત્ર પવિત્ર પહેરી, દેવદર્શને ચાલ્યા લહેરી. ૨
વળી કરતા રમત રુડી પેર, પ્રભુજી આવ્યા પોતાને ઘેર;
ઘેર બીજું દીઠું નહીં કોઇ, કરતાં હતાં ભાભી રસોઇ. ૩
તેની પાસે જઇને તે સ્થાન, માગ્યું ભોજન શ્રીભગવાન;
એનાં વચન અમૃત સમાન, સુણ્યાં ભાભીયે સ્નેહથી કાન. ૪
પછી બોલ્યાં સુવાસિની બાઇ, બેસો ભોજન આપીશ ભાઇ;
થાવા આવી રસોઇ તૈયાર, પણ કાંઇક છે હજી વાર. ૫
એવાં સાંભળી વચન વિચિત્ર, ઇચ્છ્યા કરવા મનુષ્યચરિત્ર;
કહ્યું લાગી છે મુજને ભૂખ, આપો ખાવા તો ઉપજે સુખ. ૬
ત્યારે બોલ્યાં સુવાસિની બાઇ, ચણા પૌવા ખાવા આપું ભાઇ;
કહો તો આપું સુખડી સારી, આપું મગદળ જાઉં બલહારી. ૭





સુણી બોલિયા શામ શ્રી મુખ, આપો પેંડા તો ભાંગે જ ભૂખ;
બોલ્યાં સુવાસિની તેહ ઠામ, પેંડા ઘરમાં નથી ઘનશામ. ૮
પછી ભાભી સુવાસિની કેરી, એક મુદ્રિકા હરિયે હેરી;
હતી ભાભીની પાસે પડેલી, સાવ સોનાની નંગે જડેલી. ૯
લઇ મોહને વાળી છે મુઠી, ત્યારે ભાભી પકડવાને ઉઠી;
દોડ્યા શ્રીહરિ ચંચળ થૈને, ભાભી પકડે છે પાછળ જઇને. ૧૦
જે છે સર્વજગતના ત્રાતા, પરમેશ્વર નથી પકડાતા;
ભાભી અંગુઠી લેવાને તાક્યાં, પણ પાછળ દોડીને થાક્યાં. ૧૧
કહે અંગુઠી લઇને શું કરશો ? ઠાલા ચોર તમે શીદ ઠરશો;
કહે શ્રીહરિ ચૌટે જઇશ, આપી અંગુઠી પેંડા લઇશ. ૧૨
અમો મિત્રો મળીને તે જમશું, પછી રાજી થઇ ભેળા રમશું;
કહે ભાભી જશો પત[1] ખોઇ, એવું કામ કરે નહિ કોઇ. ૧૩
તમે ચોરી કરી કહેવાશે, વાત વિશ્વ વિષે તે વંચાશે;
લોક કે'શે અંગુઠીનો ચોર, નામ પાડશે નગુણો નઠોર. ૧૪
ગામોગામ આ ચોરી ગવાશે, તેથી લજ્જા તમારી તો જાશે;
આવો કરશો તમે અન્યાય, કોણ દેશે પછીથી કન્યાય. ૧૫
ભવ આખો રહેશો બ્રહ્માચારી, નિંદા કરશે ઘણાં સંસારી ?
કેશે બાળપણે ચોરી કીધી, તેથી કન્યા કોઇયે નવ દીધી. ૧૬
હસી બોલ્યા ત્યારે હરિરાય, નથી જોતી અમારે કન્યાય;
ચોરી છો[2] ગામોગામ ગવાય, તેથી લજ્જા અમારી ન જાય. ૧૭
આવાં કરું ચરિત્ર હું જ્યારે, મને સંભારે સૌ જન ત્યારે;
માટે વિચરીને ઠામોઠામ, એવાં કરવા ઇચ્છું છું હું કામ. ૧૮



૧. આબરૂ, લાજ ૨.ભલે

એવાં વચનમાં મર્મ છે જેહ, જાણે તત્ત્વજ્ઞ મુનિવર તેહ;
વળી ભાખે ભલાં તે ભોજાઇ, માનો મારું કહ્યું સુખદાઇ. ૧૯
ભાઇ ખીજશે તમને તમારા, માટે માનો દિયરજી મારા;
બહુ ખીજશે તમને બાપો, માટે સમજીને અંગુઠી આપો. ૨૦
માતાજી માર મારશે તમને, માટે આપોજી અંગુઠી અમને;
એમ કહીને પુર્યા ઘરમાંય, કર્યા બારણાં બંધ તે ત્યાંય. ૨૧
હરિને આવરણ નવ આવે, એમ વેદ પુરાણ બતાવે;
રહ્યાં બારણાં બંધ તે ઠામ, દીઠા ચોક વિષે ઘનશામ. ૨૨
લઇ મુદ્રિકા કરમાં દેખાડે, એમ ભાભીને મોહ પમાડે;
હતું જાળિયું ઘરનું એક, જોયું ભાભીયે ત્યાં જઇ છેક. ૨૩
ત્યાં તો ઘનશામને દીઠા ઘરમાં, ઊભા અંગુઠી દેખાડે કરમાં;
અતિ અચરજ ઉરમાં પમાડ્યું, ત્યારે ભાભીયે બાર ઉઘાડ્યું. ૨૪
હરિ નાઠા અંગુઠી લઇને, ભાભી પકડી શક્યા નહિ જઇને;
દિવ્યભાવથી અચરજ આવે, વળી તે હરિ માયા ભુલાવે. ૨૫
ગયા ચૌટામાં શ્રીહરિ સીધા, આપી અંગુઠીને પેંડા લીધા;
પછી મિત્રોની મંડળી મળી, ગયા વાડિયે એકાંતે વળી. ૨૬
જમ્યા ત્યાં સખા સૌ મળી સાથે, પેંડા પિરસ્યા હરિવરે હાથે;
બ્રહ્માદિકને છે દુર્લભ જેહ, જમ્યા સર્વે પ્રસાદીને તેહ. ૨૭
મન વાણી અગોચર જે છે, તે તો બાળચરિત્ર કરે છે;
જેને આગમ નિગમ વખાણે, તેને મૂર્ખ જનો નહિ જાણે. ૨૮
હઠજોગે ન દેખે હઠીલા, કરે તે પ્રભુ મનુષ્ય લીલા;
જોગી જે માટે વનમાં ભમે છે, તે તો બાળકો સાથ રમે છે. ૨૯





બેસે બાળક મંડળી મળી, આપે સર્વને ઉપદેશ વળી;
ધર્મ જ્ઞાન વૈરાગ્યની વાત, સંભળાવે હરિ સાક્ષાત. ૩૦
જન જાણે જે રમત કરે છે, પ્રભુ પૂજાવિધિ શિખવે છે;
ક્યારે કોઇને ધ્યાન ધરાવે, કોઇને તો સમાધિ કરાવે. ૩૧
તેને ગોલોક આદિક ધામ, સર્વ દેખાડે શ્રીઘનશામ;
કરે જાગીને બાળક વાત, પ્રભુ ધામની તે સાક્ષાત. ૩૨
જનો સુણવા રહે તેહ ઠામે, મોટા પંડિત અચરજ પામે;
કોઇ ટાણે રમત એવી કરે, પોતે શ્રીપુરુષોત્તમ ઠરે. ૩૩
થાય બાળક એક બ્રહ્માય, બીજો વિષ્ણુરૂપે વળી થાય;
ત્રીજો તો કહે શંકર હું છું, પ્રલેકાળમાં પ્રલય કરું છું. ૩૪
કોઇ નારદ ઉદ્ધવ નામ, કોઇ વરુણ ઠરે તેહ ઠામ;
કોઇ તો કહે હું છું ગણેશ, કોઇ તો કહે હું છું સુરેશ. ૩૫
કોઇ તો કહે હું શેષ નાગ, કહું હરિનાં ચરિત્ર અથાગ;
થાય કોઇ કુબેર ભંડારી, કોઇ સૂર્ય શશી નામ ધારી. ૩૬
થાય બાળ બીજા દેવો જેવા, સર્વ શ્રીહરિની કરે સેવા;
ઘનશામની આજ્ઞા પ્રમાણે, સહુ કામ કરે તેહ ટાણે. ૩૭
રહે આજ્ઞા વિષે તે આધીન, કરે કોઇ સ્તુતિ થઇ દીન;
કોઇ તો કહે હે મહારાજ! અમારા બ્રહ્માંડમાં આજ. ૩૮
કળિકાળ અતિ ઘણો વ્યાપ્યો, તેણે વેદનો ધર્મ ઉથાપ્યો;
ઘણા પાખંડી ચાલ્યા છે પંથ, ગૂંથ્યા મદ્યના મહિમાના ગ્રંથ. ૩૯
ગુરુઓ કરે છે વ્યભિચાર, વળી આચરે છે અનાચાર;
માટે આપ કૃપા ઉર ધારો, આજ બ્રહ્માંડ માંહિ પધારો. ૪૦

સત્ય વેદનો ધર્મ તે થાપો,અતિ ઘોર અધર્મ ઉથાપો;
સ્તુતિ એવી સુણી જગદીશ, આપે વરદાન આપે આશીશ. ૪૧
એવી રમત નિહાળવા આશે, આવે અમર ચઢીને આકાશે;
ખેલ દેખીને અચરજ પામે, પુષ્પ વૃષ્ટિ કરે તેહ ઠામે. ૪૨
એમ ઉચરે દેવો આકાશી, ધન્યધન્ય અવધપુરવાસી;
તેનાં પુણ્ય તણો નહિ પાર, ખેલે જ્યાં હરિ જગદાધાર. ૪૩
કરે ખેલ નવાનવા નિત્ય, રહે નિરખવા ઈંદુ આદિત્ય[1];
હું તે કેટલા કહી સંભળાવું, ન ગણાય ગણ્યા શું ગણાવું. ૪૪
છોટા ભાઈ છે જે ઈચ્છારામ, તેને તેડી રમાડે છે શામ;
વળી રામપ્રતાપના પુત્ર, નંદરામ છે પરમ પવિત્ર. ૪૫
પાંચ વર્ષની ઉંમર એની, પણ બુદ્ધિ સારી બહુ તેની;
ટાણે જમવાને આવે તે જ્યારે, કહે બાઈ સુવાસિની ત્યારે. ૪૬
કૃષ્ણ કાકાને બોલાવી લાવો, સાથે બે જણ જમવાને આવો;
પછી જાય તહાં નંદરામ, તેની સાથે આવે ઘનશામ. ૪૭
જેવી જોડી અશ્વિનીકુમાર, તેવી જોડ શોભે તેહ ઠાર;
ચંદ્ર સૂર્યની જોડ ગણાય, એવી જોડ તે બેની જણાય. ૪૮
બન્ને જણની છે ઉંમર મળતી, ભલી પ્રકૃતિ પણ આવે ભળતી;
તેથી ઉપજી પરસ્પર પ્રીત, સાથે રમે જમે રુડી રીત. ૪૯

**વસંતતિલકાવૃત્ત :**

જેનો સ્વભાવ મળતો વળી એક જાત,
ધર્માદિ એક મળતી વળી રીત ભાત;
તુલ્યે જણાય વયમાં મળતાં જ ચિત્ત,



૧.સૂર્ય



તો તેહ માંહિ ઉપજે પરિપૂર્ણ પ્રીત. ૫૦
હે ભૂપ એક વળી વાત ભલી સુણાવું,
છે જાણવા સરખી તે તુજને જણાવું;
એવાં ચરિત્ર હરિનાં શ્રુતિ શાસ્ત્ર ગાય,
જે સાંભળી પરમ ભક્ત પ્રસન્ન થાય. ૫૧
સુવાસિની સતિ સુભાગ્યવતી ગણાય,
જે શામનાં ચરણ ચિત્ત વિષે ચહાય;
શ્રીકૃષ્ણને કદીક મજ્જન તે કરાવે,
પ્રત્યંગ પેખી રમણીય રુદે ઠરાવે. ૫૨
ત્યાં એકદા ચરણમાં શુભ ચિહ્ન જોઈ,
જાણ્યું મહાપુરુષ આ સદભાગી કોઈ;
બે હાથ જોડી હરિની વિનતિ ઉચારી,
લેજો પ્રતાપી થઈ સુધ તમે અમારી. ૫૩
છે આપના ચરણમાં શુભ ચિહ્ન કેવાં,
રાજ્યાદિ શ્રેષ્ઠ અધિકાર મળે જ એવાં;
ત્યારે કહે હરિ કદી મળશે સુરાજ,
સોંપીશ તેહ તવ પુત્ર કરે સમાજ. ૫૪
વિદ્વાન મૂર્ખ નર છે શુભ કે નઠારો,
સંતોષી કે અધિક લાલચ રાખનારો;
દૈવી તથા અસુર અંશજ જીવ એ છે,
તે ચિહ્નથી જન પરીક્ષક જાણી લે છે. ૫૫
જો દિવ્યભાવ નિરખે મન જાદુ જાણે,

વૈરાગ્યવાન નિરખી કપટી પ્રમાણે;
વાચાળ છે બહુ કહે ઉપદેશ દેતો,
આસુરી સત્પુરુષનો નથી ગુણ લેતો. ૫૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અતિ જુગ જુગ જન્મ નાથ લે છે, કવિવર એમ પુરાણમાં કહે છે;
તદપિ નહિ જ મૂર્ખ લોક માને, મુનિમુખ વાત સુણે કદી ન કાને. ૫૭

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-મુદ્રિકાહરણનામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥***

**ઉપજાતિવૃત્ત :**

સુણો વળી પ્રીત ધરી ઘણેરી, લીલા કહું છું તરગામ કેરી;
બહુ ફર્યા છે હરિ બાળવેશે, દયા કરીને સરવાર દેશે. ૧
જ્યાં જ્યાં જઈને હરિ પાવ ધાર્યો, તેતે સ્થળોનો મહિમા વધાર્યો;
પવિત્ર તે તો પૃથિવી ગણાય, તે મર્મ દૈવી જનને જણાય. ૨
સારું વસે છે તરગામ જ્યાંય, વસે દવેજી બળદેવ ત્યાંય;
ત્યાં સાસરું રામપ્રતાપજીનું, છે જન્મનું સ્થાન સુવાસિનીનું. ૩
વિચારિયું તે બળદેવ બાપે, તેડાવું હું પુત્રી જમાઈ આપે;
મળ્યા પછી છે ષટ વર્ષ વીત્યાં, સુખી હશે કે દુઃખમાં રહી ત્યાં. ૪
મા તેની તેને મળવા ચહે છે, તેડાવવાનું મુજને કહે છે;
નાંખે નિસાસા થઈને નિરાશ, કરુંજ તેની પરિપૂર્ણ આશ. ૫
સુપુત્ર લાગે પ્રિય તો પિતાને, પુત્રી વિશેષે પ્રિય હોય માને;
જે પુત્રીકેરી મરી જાય માય, પિતા છતાં પીયર વ્યર્થ થાય. ૬





એવી ઘણી અંતર વાત આણી, લક્ષ્મીપ્રસાદાખ્ય સુપુત્ર જાણી;
કહ્યું અયોધ્યાપુરમાં સિધાવો, કુટુંબ સુદ્ધાં વૃષ તેડી લાવો. ૭
શ્રીધર્મને ભાખી પ્રણામ મારો, પ્રેમે કહેજો મળવા પધારો;
મળ્યા પછી વાસર કૈક વિત્યા, માટે કરે છે મળવાની ચિંતા. ૮
પૂરી વધે છે મળવાથી પ્રીત, સદૈવ સંસારિક એવી રીત;
મળ્યા વિના હેત નહી જણાય, સગાઈ જાતે દિન જૂની થાય. ૯
લક્ષ્મીપ્રસાદે ઉર વાત ધારી, પછી અયોધ્યાપુરમાં પધારી;
વૃત્તાંત સર્વે કહી ધર્મપાસ, વળી કર્યો ત્યાં દિન ચાર વાસ. ૧૦
એણે ઘણો આગ્રહ એમ કીધો, ત્યારે વૃષે ઉત્તર એમ દીધો;
જાઓ લઈ રામપ્રતાપજીને, સપુત્ર તે સાથ સુવાસિનીને. ૧૧
આજ્ઞા દીધી રામપ્રતાપજીને, શિક્ષા તણાં વાક્યરુડાં કહીને;
કુટુંબ લૈ સાસરિયે સિધાવો, થોડા વસી વાસર ઘેર આવો. ૧૨
જો સાસરે માસ વિશેષ જાય, તો આળસુ તેનું શરીર થાય;
જો વિષ્ણુ જૈ ક્ષીરસમુદ્ર પાસ, પોઢી રહે છે તહિં ચાર માસ. ૧૩
સન્માન લે આદ્ય દિને જમાઈ, બીજે દિને તેની નહીં નવાઈ;
જાણે ત્રીજે વાસર કેદી જાય, ચોથે દિને તો તૃણતુલ્ય થાય. ૧૪
સગાં ભલાં છે તરગામ કેવાં, દષ્ટાંત એને ન ઘટે જ એવાં;
તથાપિ ઝાઝું નહિ ત્યાં રહેવું, સુજાણને શું વધતું કહેવું. ૧૫
જો સાસરે સાસુ સુવિદ્યમાન, પામે ભલું તો જ જમાઈ માન;
સાસુ વિના સાસરિયું જ કેવું, મીઠા વિના ભોજન મોળું જેવું. ૧૬
એવી સુણી શીખ લીધી પિતાની, આજ્ઞા લીધી જૈ વળી ભક્તિ માની;
સુવાસિની ત્યાં વદિ સ્નેહભાવે, હું તો જઉં જો ઘનશામ આવે. ૧૭

ત્યાં ભક્તિમાયે કરુણા કરીને, જવાની આજ્ઞા કરી શ્રીહરિને;
માયે કહ્યું સર્વસ દ્રવ્ય મારું, પ્રત્યક્ષ તે તો ઘનશામ ધારું. ૧૮
આ મૂર્તિને દેખીશ હુંય જ્યારે, નિરાંત થાશે મુજ ચિત્ત ત્યારે;
માટે જઈને ઝટ ઘેર આવો, સંભાળી સારે શુકને સિધાવો. ૧૯
તે દંપતિયે મળી માત પાસ, એવી વળી વાણી કરી પ્રકાશ;
ત્યાં કોઇને મોકલશો અહીંથી, તેસાથ સર્વે વળશું તહીંથી. ૨૦
સુવાસિની લૈ જુગ બાળ ત્યાંય, સાથે બિરાજ્યાં સુખપાલ માંય;
સાળો બનેવી ચડી જોડ ઘોડે, સ્નેહે સિધાવ્યા સુખપાલ જોડે. ૨૧
સર્જુ નદીને તટ સ્વર્ગદ્વાર, ત્યાં નાવમાં બેસી ગયાં સુપાર;
આવ્યું જતાં શે'ર નવાબગંજ, રુડું દિસે છે અતિ ચિત્તરંજ. ૨૨
તે મારગે થૈ કરીને પ્રવાસ, કંડૈલ ગંજે કરી રાત વાસ;
બીજે દિને તો તરગામ આવ્યાં, સર્વે સગાંને સુખ ઉપજાવ્યાં. ૨૩
જમે રમે ને હરિકીર્તિ ગાય, આનંદમાં વાસર વીતિ જાય;
મહાપ્રભુનું મુખડું નિહાળી, ભાવે રહે છે પુરલોક ભાળી. ૨૪
ધનાઢ્ય છે તે બળદેવ આપે, સુકીર્તિ પામ્યા ધનને પ્રતાપે;
તે પ્રાંતમાં છે બહુ ગામ ગામ, સગાં સનેહી જન ઠામઠામ. ૨૫
મે'માનને ઉત્તમ માન દેવા, આવે જનો ભોજનનું કહેવા;
બે પક્ષસુધી બળદેવજીયે, માન્યું ન આમંત્રણ તે કદીયે. ૨૬
ત્યાં બાળકોમાં હરિ જૈ રમે છે, તે ગામનાં સૌ જનને ગમે છે;
દિસે પ્રભુની છબી ચિત્તચોર, જોવા જનોનો બહુ થાય નોર[૧]. ૨૭
સર્વે જનો જોઇ પ્રસન્ન થાય, પોતાતણે આંગણ તેડી જાય;
ત્યાં બાળની મંડળીને રમાડે, પાડોશીને હર્ષ ઘણો પમાડે. ૨૮



૧.ભીડ



તેવી રીતે તે તરગામ માંહી, ફર્યા હર્યા શામ સમર્થ ત્યાંહી;
કોઇતણે ઘેર જમ્યા જઇને, કોઇતણે ઘેર રમ્યા રહીને. ૨૯
ઘરોઘરે ને વળી વાટ ઘાટે, શેરી બજારે વળી ચોક હાટે;
પ્રસાદીની ત્યાં રજ સર્વ કીધી, પવિત્રતા અક્ષરતુલ્ય દીધી. ૩૦
હે ભૂપ ત્યાં અદ્‌ભુત એક કામ, કર્યું પ્રભુ તે કહું આજ ઠામ;
દેખાડિયો શ્રીહરિ દિવ્યભાવ, લીધો તહાંના જન શ્રેષ્ઠ લાવ. ૩૧

**રથોદ્ધતાવૃત્ત :**

વાડી રૂડી બળદેવજી તણી, ગામપાસ દિશિ નૈરુતી ભણી;
એક કાળ મળી સર્વ ત્યાં ગયા, દેખી રૂડી રચના ખુશી થયા. ૩૨
આંબુ જાંબુ કદળી અપાર છે, અંજીરો પનસ ને અનાર છે;
પુષ્પછોડ પણ ભાતભાતનાં, સાગ આદિ તરુ જાતજાતનાં. ૩૩
ત્યાં ઉજાણી કરીને સહુ જમ્યા, નંદરામ હરિ બાળમાં રમ્યાં;
જ્યાં હતી અધિક વાવી ચીભડી, ત્યાં ગયા જ ઘનશ્યામ તે ઘડી. ૩૪
તે સ્થળે મજુર નીંદતા હતા, ત્યાં કરી હરિવરે મનુષ્યતા;
ખેંચીખેંચી જડ[૧] ચીભડી તણી, નાશ કીધી તહી વેલડી[૨] ઘણી. ૩૫
તે મજૂર જન જ્યાં જુએ જઇ, દીઠી નાશ બહુ ચીભડી થઈ;
ત્રાસ પામી મનમાં મુંઝાઇને, જૈ કહ્યું તરત જ્યેષ્ઠ ભાઇને. ૩૬
જયેષ્ઠ ભાઇ અતિ રીસ આણીને, પાસ તેડી પછી પદ્મપાણિને[૩];
ત્રાસ આપી કથનો ઘણાં કહ્યાં, શ્યામ આંખથકી આંસુડાં વહ્યાં. ૩૭
લાગી લાલતણી કાય કંપવા, જીવ થીર નવ થાય જંપવા;
સત્ય વાત ઠરી જે ગુનો કર્યો, એક શબ્દ નવ જાય ઉચ્ચર્યો. ૩૮
જેની દષ્ટિથકી કાળ તો ડરે, તે પ્રભુજી ભય ભાઇનો ધરે;



૧.મૂળિયા ૨.ચીભડીના વેલા ૩.હાથમાં કમળ છે એવા ભગવાન

કેવી છે અકળ ઈશ્વરી કળા, ભૂલી જાય મુનિયો ભલાભલા. ૩૯
ભાઇ સોટી ધરી હાથ મારવા, લાગીયા હરિમુખે ઉચારવા;
મેં કશુંય નથી કામ તે કર્યું, એ મજૂર મળી જૂઠ ઉચ્ચર્યું. ૪૦
બોલિયો મજુર સાક્ષી છે સહુ, સત્ય વાત સમ ખાઇને કહું;
હોય જૂઠ કદી શબ્દ માહરો, દંડયોગ્ય નક્કી તો ઠરું ખરો. ૪૧
ભાઇ સાથ ઘનશામને લઇ, તે સ્થળે તરત જોઇયું જઇ;
અલ્પમાત્ર નુકશાન ના દિઠું, વેણ તે મજુરનું પડ્યું જુઠું. ૪૨
સૌ મજૂર મનભ્રાંતિ થૈ ગઇ, સાજી કેમ સહુ વેલિયો થઇ ?
વાત એક મજુરે તહાં કહી, બાળ દેવ નક્કી માનવી નહીં. ૪૩
સાજી થાય નહિ વેલ આપથી, તે થઇ કુંવરના પ્રતાપથી;
બોલી બોલ બહુ નમ્ર બાપડા, સૌ મજુર પ્રભુને પગે પડ્યા. ૪૪
ભ્રાંતચિત્ત ઝટ મર્મ આવિયો, દિવ્યભાવ હરિયે જણાવિયો;
ઘેર આવી બધી વારતા કહી, હર્ષમાં ન કશીયે મણા રહી. ૪૫
વાત સર્વ પસરાઇ ગામમાં, તેથી લોક બળદેવ ધામમાં;
આવીઆવી હરિને બહુ નમે, ભીડ થાય ઘરપાસ તે સમે. ૪૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર તરગામમાં રહીને, પુનિત કરી તરગામની મહીને;
અધિક ચરિત તે તને કહીશ, નરપતિ જો અતિ નેહથી સુણીશ. ૪૭

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે હરિસ્વપ્રતાપ-દર્શનનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥***





**પૂર્વછાયો :**

હે રાજા સુણ સ્નેહથી, વળી વર્ણવું બાળચરિત્ર;
તરગામમાં રહી ત્રિકમે, કરી લીલા લલિત વિચિત્ર. ૧

**ચોપાઈ :**

તરગામથી નૈરુત ભાગે, એક સારી તલાવડી લાગે;
ગંગાજળ જેવું નિરમળ નીર, તરુવર ઘણાં તેહને તીર. ૨
પ્રભુ બાળક મંડળી લઇને, જળકેળી[1] કરે તહાં જઇને;
એક દિવસ ગયા ત્યાં નાવા, બહુ બાળ આવ્યા'તા બોલાવા. ૩
પેંસી જળમાં સખા સંગ પ્રીતે, જળકેળી કરી રુડી રીતે;
કોઇ તો મત્સ્યની પેરે અંગ, ઊંડા નીરમાં મારે સળંગ. ૪
કોઇ જળકુકડી સમ થાય, મારી ડૂબકી દૂર દેખાય;
મગરી જેમ પુંછ પછાડે, તેમ બીજાને પાટુડી મારે. ૫
કોઇ કાચબા તુલ્યે વિચરે, કોઇ હાથ ઉંચા પગે તરે;
જેમ વિપ્ર કરે ઉપસ્થાને[2], શોભે તે બાળ તેહ સમાન. ૬
કોઇ દાદુર[3]ની પેરે કૂદે, કોઇ જાય તરી પથ જૂદે;
કોઇ સર્પપેરે વાંકો ચાલે, કોઇ બગસમ બીજાને ઝાલે. ૭
કોઇ હંસ બરાબર થઇ, બેસે કમળની ઉપર જઇ;
કોઇ ભમર થઇ કરે ગાન, ભાળી રીઝે છે શ્રીભગવાન. ૮
કરે હોડ[4] અનેક પ્રકાર, કોણ જળમાં રહે ઝાઝી વાર;
કોણ તરતાં આગળ વધી જાય, કોણ પકડતાં નવ પકડાય. ૯
ઉંધી ખાટલીને જ આકાર, કોઇ તો તરે છે ઝાઝી વાર;
તરે કોઇ તો પલાંઠી વાળી, થાય વિસ્મિત સૌ જન ભાળી. ૧૦



૧.પાણીમાં ખેલકૂદ, રમત ગમત કરવી ૨.સંધ્યા ઉપાસના કરવા માટેનું આસન-સ્થિતિ ૩.દેડકો ૪.હરિફાઇ

ઝાડ ઉપર ઉંચે ચડે છે, ત્યાંથી ખાઈ ગોલાંટ પડે છે;
જળકેળી તે જોવાની આશે, આવે અમર ચઢીને આકાશે. ૧૧
આવે દર્શને મુનિવર વૃંદ, લીલા નિરખીને પામે આનંદ;
કોઈ મુક્ત બની બાળ અંગ, જળ કેળી કરે હરિસંગ. ૧૨
કાળીદત્ત તણો કોઈ સગો, આવ્યો હરિસંગ કરવાને દગો;
માયા આસુરી તે જાણનારો, જંત્ર મંત્ર જાણે જાદુગારો. ૧૩
કાળીદત્તનું વાળવા વેર, પાપી આવ્યો ઝાઝું ધરી ઝેર;
જળકેળી કરે હરિ જ્યાંય, બેઠો તાકીને તે ખળ ત્યાંય. ૧૪
તરુ ઉપર બાળકો ચડે, પછી તે પાણી ઉંડામાં પડે;
ચડ્યા જે ઝાડપર પરમેશ, તેમાં પાપીએ કીધો પ્રવેશ. ૧૫
કરી ખડગના સરખો ખાંપો, કૃષ્ણકેરા સાથળમાં ચાંપ્યો;
તસુ પેઠો તે ઉરુ[૧] મોઝાર, કાઢતાં ચાલી લોહીની ધાર. ૧૬
હરિ હળવેશું ઊતર્યા હેઠા, મળી મિત્ર તરુતળે બેઠા;
પાટો બાંધી લીધો રુડી પેર,પછી સૌ મળીને ગયા ઘેર. ૧૭
જાણ્યું હરિયે અસુરનું એ કામ, તોય ક્રોધ ન કીધો તે ઠામ;
એમ ધાર્યુ શ્રીધર્મને લાલે, તેને ફળ મળશે કોઈ કાળે. ૧૮
ક્ષમાસાગરે બહુ ક્ષમા કીધી, એવો કોણ બીજો ક્ષમાનિધિ;
દશ દિવસે તે રુઝાયો ઘાય, પણ ચિ હ્ન પડી રહ્યું ત્યાંય. ૧૯
જ્યારે ચિહ્ન તે દેખતા સ્વામી, ત્યારે બોલતા અંતરજામી;
જ્યારે ચિહ્ન આ નજરે ચડે છે, ત્યારે તે તરુ સર સાંભરે છે. ૨૦

**પૂર્વછાયો :**

તરરૂપી તરગામ છે, હરિ જોવા ઉલટ્યું ત્યાંય;



૧.સાથળની અંદરનો ભાગ



ભૂપ કહે શું રત[૧] થયું, કહે વર્ણી પ્રભુ પદમાંય. ૨૧
લીલા કહી તરગામની, મેં ભાવ ધરીને ભ્રાત;
આસપાસના ગામમાં, વળી વિચર્યા તે કહું વાત. ૨૨
સ્નેહી સગાં બળદેવનાં, જેઓ રહે જુદેજુદે ગામ;
તેઓ શ્રીરામપ્રતાપને, આવે નોતરું દેવા કામ. ૨૩
ભોજન કારણ ભાવથી, સહ કુટુંબ તેડી જાય;
શ્રીહરિની છબી જોઈને, ગામોગામ વધ્યો મહિમાય. ૨૪
નામ કહું તે ગામનાં, તમે સુણો અભેસિંહ ભ્રાત;
મુંડાડીહા એક છે, બીજું બેશહું પુર પ્રખ્યાત. ૨૫
રુડું રણિયાપુર વળી, ફર્શરામ પુર છે નામ;
સુહેલવા ને વેણિપુર, વળી ચૌરી અકમા ગામ. ૨૬
ભમૈચા ને ભેટવરા, ગામ કીનકી આદિક જેહ;
ભોજન કાજ પધારીને, કર્યો પાવન પ્રભુયે તેહ. ૨૭
દક્ષિણમાં તર ગામથી, એક આંબલીયા છે ગામ;
મિત્ર વસે બળદેવના, તેનું મંછામિશર છે નામ. ૨૮
સુત તેનો શિવદીન છે, બીજો સુફળ પણ શૂરવીર;
તાતે કહ્યું તે બેયને, તેડી લાવો ઘરમકુળ ધીર. ૨૯
તે તો ગયા તરગામમાં, સૌને નોતરું દેવા કામ;
આગ્રહ ત્યાં અતિશે કર્યો, તેડી જવા આંબલીયા ગામ. ૩૦
કુટુંબ સહિત પધારિયા, રામપ્રતાપજી તે ઠામ;
ભમૈચા કિનકી થઈ ગીયા, ચૌરી આંબલીયા ગામ. ૩૧
જ્યાંજ્યાં થઈ હરિ જાય છે, વધે આનંદ ત્યાં આસપાસ;



૧.આસક્ત

સૂરજનો રથ સંચરે, ત્યાં પડે છે જેમ પ્રકાશ. ૩૨
મૂર્તિ મનોહર માવની, જોવા લોચન મન લોભાય;
માણસ કે પશુ પક્ષી પણ, છબી નિરખવા સ્થિર થાય. ૩૩
આંબલીયામાં એક દિન, સૌને રાખ્યાં રુડી રીત;
ભાવતાં ભોજન પાન દીધાં, પુરી ધરી મન પ્રીત. ૩૪
બીજે દિન સનમાન દૈ, પછી કીધાં સૌને વિદાય;
ઉત્તરમાં ખજુહા સરોવર, નાયા જઈને ત્યાંય. ૩૫
ત્યાંથી કમળ કમનીય[1] લઈ, હેતે આપ્યું હરિને હાથ;
વળી વિચરીને આવિયા, તરગામમાં સૌ સાથ. ૩૬

**ચોપાઈ :**

ભક્તિમાતાની બેન વસંતા, ભાગ્યાશાળી ભલી ગુણવંતા;
ગામ અશોકપુરમાં રહેલી, બલધી દવેને પરણેલી. ૩૭
કાંઈ સંકટ આવિયું ત્યાંય, વસ્યાં બલમપડરી માંય;
તેઓ આવિયાં તેડવા કાજ, તરગામમાં જ્યાં મહારાજ. ૩૮
બીજી બેહેન જે ચંદન નામ, તેના સાસરાનું કહું ગામ;
પ્રગણું તરહર પરમાણો, ગુદહાબરવી ગામ જાણો. ૩૯
સરદાર પાંડે તેના સ્વામી, આવ્યા તેડવા તે મુદ પામી;
ભક્તિમાત તણા જેહ ભાઈ, જેની ગેલહી સંજ્ઞા ગણાઈ. ૪૦
તેના પુત્ર જે બે કહેવાય, ગવરી અને બદરી ગણાય;
આવ્યા લોહસિસાગામ થકી, ધર્મવંશીને તડવા નકી. ૪૧
કહે સૌને શ્રીરામપ્રતાપ, અમે આવશું જાઓ જી આપ;
એમ કહીને વિદાય તે કર્યા, પછી રામપ્રતાપ સંચર્યા. ૪૨



૧.સુંદર



સાથે પત્નિને શ્રીઘનશામ, કર્યો પડરીયે પ્રથમ વિરામ;
ત્યાંથી લોહસીસે પછી ગયા, ત્યાં તો બે ત્રણ દિવસ તે રહ્યા. ૪૩
અસુરાંશ હતો તહાં એક, આળ[1] કરતો હરિને અનેક;
તેને એક સમે મુનિનાથે, પકડીને પછાડિયો હાથે. ૪૪
તેથી કાંડું તેનું ખડી ગયું, તેણે જઈને જનો પાસે કહ્યું;
વાત કોઈ થકી ન મનાય, કહે બાળકથી તે શું થાય ? ૪૫
મહિમા પ્રભુનો જેહ જાણે, તે તો વાત તે સાચી પ્રમાણે;
પછી ત્યાંથી કરીને પ્રયાણ, પડરી ગયા પાંડે સુજાણ. ૪૬
ત્યાંથી ગોંડે ગયા ગુણાગાર[2], ગયા ટેડીનદી તણે પાર;
ગુદહાબરવી ગામ ગયા, તરગામ આવી પાછા રહ્યા. ૪૭

**પૂર્વછાયો :**

ભક્તિમાતા ભગવાનને, મળવાને મન અકળાય;
વારેવારે કહે ધર્મને, હવે તેડવાને કોણ જાય ? ૪૮
તનુજ કાળુ ત્રિવાડીના, જેનું નામ રુડું વિશ્રામ;
તે મળવા વૃષદેવને, પોતે આવ્યા અવધ્યપુર ધામ. ૪૯
ભક્તિમાતા તેને કહે, તમે વિચરો મારા વીર;
તેડી લાવો તરગામથી, હરિ વિના ધરાય ન ધીર. ૫૦
રુડા રામપ્રતાપને, તેડી લાવો કુટુંબસહીત;
આવ્યાની અવધ થકી થયા છે, વાસર અધિક વ્યતીત. ૫૧

**ચોપાઈ :**

એવું સાંભળી ભક્તિના ભાઈ, બોલ્યા જઈશ હું તેડવા બાઈ;
એક સાથે લીધો સુખપાલ, ચાલ્યા વિશ્રામજી તતકાળ. ૫૨



૧.ચાળા, હેરાન ૨.શુભ ગુણોને રહેવાનું સ્થાન એવા ભગવાન

વાટે જાતાં કરે છે વિચાર, આજ ભેટશે ભક્તિકુમાર;
સુખસાગર સુંદરશામ, કેવા દેખીશ હું ઘનશામ ? ૫૩
જેની મૂર્તિ વિષે મન પ્રોઇ, જન જાતી રહે સહુ જોઇ;
મેંતો દીઠા હતા છેક છોટા, હવે તો તે થયા હશે મોટા. ૫૪
છપૈયામાં ચમત્કાર કરી, લીધાં સર્વે તણાં મન હરી;
છપૈયાના રુડા સમાચાર, મને પૂછશે ધર્મકુમાર. ૫૫
હેતે હરિને ખોળામાં ધરીશ, વળી ચુંબન ગાલે કરીશ;
આવી ઉભા રહી મુજ સામા, મને કહેશે મહાપ્રભુ મામા. ૫૬
એ છે જગદિશ જગદાધાર, એનો પામે નહીં કોઇ પાર;
જ્યારે તે પ્રભુ મુજને મળશે, મારા તાપ ત્રિવિધિના ટળશે. ૫૭
વળી જાણીશ હું તેણી વાર, મારો સુફળ થયો અવતાર;
વળી મળશે શ્રીરામપ્રતાપ, જે છે દેવ સંકર્ષણ આપ. ૫૮
હુંતો હરખાઉં છું મનમાંથી, આવા શ્રેષ્ઠ સગા મળે ક્યાંથી;
એવું વીચારતા વિશરામ, પછી તે પહોંચ્યા તરગામ. ૫૯
મળ્યા ભાવથી બેઉ ભાણેજ, એમાં ઓળખ્યા ઘનશામ એ જ;
લઇ છાતિએ તરત લગાવ્યા, આંખે પ્રેમનાં આંસુડાં આવ્યાં. ૬૦
જેમ ચિંતામણી પામે કોય, તેના હર્ષની હદ નવ હોય;
એવો ઉપજ્યો આનંદ અપાર, કહી નવ શકે વદન હજાર. ૬૧
કહે કૃષ્ણ મામા ક્યાંથી આવ્યા ? મારી સારુ કહો શું શું લાવ્યા;
હરિ અક્ષર જે ઉચરે છે, જાણે મુખ થકી મોતી ઝરે છે. ૬૨
કહે મામો અયોધ્યાથી આવ્યા, ધર્મ બાપાએ તમને તેડાવ્યા;
એમ કહી વળી છાતીમાં ચાંપી, હેતે હાથમાં સુખડી આપી. ૬૩





મળ્યા રામપ્રતાપ તે ઠામ, તેના પુત્ર મળ્યા નંદરામ;
મળ્યા બળદેવ પુત્રસહીત, ઘણી વાધી પરસ્પર પ્રીત. ૬૪
છપૈયાના પૂછ્યા સમાચાર, પૂછ્યું ક્ષેમ અયોધ્યા મોઝાર;
સગા સૌની કુશળતા જાણી, સૌયે અંતરમાં શાંતિ આણી. ૬૫
છપૈયાથી આવ્યા વિશરામ, એવી વાત ચાલી ગામોગામ;
સગાં સ્નેહી જે બળદેવકેરાં, તે તો મળવાને આવે ઘણેરાં. ૬૬
સરિતાઓ સાગર ભણી ધાય, તેમ જન બહુ તરગામ જાય;
કોઇ મળી હળી થાય વિદાય, કોઇ એકાદ દિવસ રોકાય. ૬૭
કોઇ મળવાનું બાનું બતાવે, પણ હરિમુખ નિરખવા આવે;
દર્શનીય પુરુષ કોઇ જાણે, કોઇ પૂરણ બ્રહ્મ પ્રમાણે. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર તરગામમાં બિરાજી, જનમન સર્વ કર્યા જ રાજીરાજી;
સુરવર મુનિ સર્વ એમ બોલે, નહિ તરગામ નિવાસી ભાગ્ય તોલે. ૬૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતરગ્રામતડાગે જલકેલીકરણાદિવર્ણનનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥***

**પૂર્વછાયો :**

થયું આંબલીયા ગામમાં, ઈચ્છારામનું સગપણ જેહ;
તેહ કથા તમને કહું, નરપતિ સુણો ધરી નેહ. ૧
સગા જાણી બળદેવના, વિશ્રામને મળવા કામ;
આંબલીયાથી આવિયા, જેનું મંછામિશર છે નામ. ૨
પુત્રી તેને એક વર્ષની, તેનું નામ છે વરિયાળી બાઇ;

તેના પિતાએ ઈચ્છા કરી, વૃષવંશમાં કરવા સગાઈ. ૩
ઉત્તમ કુળ વૃષદેવનું, દીઠા સગા તેના કુળવંત;
તેથી સગા કરવા તણી, ઉર ઉપજી ચાહ અત્યંત. ૪
વાત પૂછી બળદેવને, મન જાણીને નિજ મિત્ર;
તે પણ બોલ્યા તે સુણી, વૃષવંશ છે પરમ પવિત્ર. ૫
કન્યા દેવા યોગ્ય છે, માટે કરો સગાઈ શુભ પેર;
ભાગ્ય ભલાં હોય આપણાં, ત્યારે આવે એવાં સગાં ઘેર. ૬
ઉત્તમકુળના કુંવરને, દેવા ઈચ્છે ઘણા કન્યાય;
મોટો કુંવારો નવ મળે, શિશુપણ વિષે વરી જાય. ૭
તે માટે શિશુપણ વિષે, સહુ કન્યાની કરે છે સગાઈ;
લગ્ન કરે છે તે પછી, જ્યારે લગ્નલાયક થાય બાઈ. ૮
તે માટે તમે આજથી, શુભ કરવા ધાર્યું કામ;
મુજને પણ મનમાં ગમ્યું, એવું ન મળે બીજું ઠામ. ૯

**ઉપજાતિવૃત્ત :**

શ્રીમંતની જે દુહિતા ગણાય, ગરીબને ઘેર નહીં સમાય;
જે સિંધુ હીમાચળ કેરી જાઈ[1], તળાવમાં કેમ રહે સમાઈ ? ૧૦
કન્યા દિસે જેવી ગરીબ ગાય, જ્યાં દાન દે ત્યાંજ બિચારી જાય;
જોતે જઈ ત્યાં બહુ દુઃખ લે છે, દેનારને શાપ હમેશ દે છે. ૧૧
જો કોઈ સારું કુળ તો ગણાય, તથાપિ ત્યાં પુત્રી સુખી ન થાય;
સંસારમધ્યે પડી સાક્ષી એવી, તે ઘેર કન્યા કદીયે ન દેવી. ૧૨
કન્યા જુવે છે વર રૂપરેલો, માતા જુવે દ્રવ્ય પિતા ભણેલો;
સગા જુવે ઉત્તમ વંશવાન, બીજા જનો ઉત્તમ ખાન પાન. ૧૩



૧.હિમાલયની પુત્રી ગંગા



પોતા તણી કીર્તિ વધારવાને, જો બાપ નાંખે દુઃખમાં સુતાને;
તે તો પિતા પુત્રી તણો જ ઘાતી, પાપી પુરો તેની કઠોર છાતી. ૧૪
એવું સુણી સર્વ નકી કરીને, પછી પૂછ્યું રામપ્રતાપજીને;
ત્યારે કહે રામપ્રતાપ એમ, પિતાજી જાણે કહું કાંઈ કેમ. ૧૫
જો પુત્ર પામે વય વૃદ્ધ કોય, તથાપિ જો તાત હયાત હોય;
પૂછ્યા વિના કામ કરે ન કાંઈ, પડે કરે તો કદી કષ્ટમાંઈ. ૧૬

**ચોપાઈ :**

ઈચ્છા હોય જો આપના ઉરમાં, આવજોજી અયોધ્યા પુરમાં;
એવો એહને ઉત્તર દીધો, તેણે સાંભળી મન ધરી લીધો. ૧૭
જવા તે પછી પોતાને ઘેર, કરી રામપ્રતાપે સુપેર;
બળદેવને વિનતી કીધી, રજા ઘેર જવા માગી લીધી. ૧૮
વસ્ત્ર ભૂષણ દઈ લાગી પાય, સૌને બળદેવે કીધા વિદાય;
બોલ્યા મંછામિશર તેહ ઠામ, ચાલો સર્વે આંબલિયા ગામ. ૧૯
જજ્યો ત્યાં થઈને તમે ઘેર, તેમાં ઝાઝો નહીં પડે ફેર;
સમઝાવીયા સહુને આમ, ગયા તેડી આંબલીયા ગામ. ૨૦
રુડી રીતે રાખ્યા એક રાત, સૌની સેવા કરી ભલી ભાત;
થયો પ્રેમ પરસ્પર ઘણો, મંછામિશ્રને વૃષવંશ તણો. ૨૧
ધર્મવંશ છે રૂપનિધાન, જેવું રૂપ તેવા ગુણવાન;
ઘનશામનું રૂપ ઘણું છે, જેમાં જન ચિત્ત ચોરપણું છે. ૨૨
મંછામિશ્રની સ્ત્રી દેવજાની, તે તો સમજુ દિસે સોળે આની;
તેણે ચિત્તમાં વાત વિચારી, મારી છે રુડી કન્યા કુંવારી. ૨૩
આવા કુળમાં તે કન્યા દેવાય, એવાં ભાગ્ય ઉદે ક્યાંથી થાય;

કર જોડીને સ્તુતિ ઉચ્ચરી, કુળદેવની માનતા કરી. ૨૪
આવા મળશે સગા જો અમને, તો હું પ્રેમથી પૂજીશ તમને;
ચાલ્યા બીજે દિવસ મેમાન, જઇ પહોંચ્યા અવધપુર સ્થાન. ૨૫
માત તાતને સૌ જઇ મળિયા, તેથી તનમનના તાપ ટળિયા;
માયે કૃષ્ણનાં મીઠડાં લીધાં, હૈયે ચાંપીને ચુંબન કીધાં. ૨૬
ગામ આંબલીયા કેરી વાત, કહી સૌયે સુણી માત તાત;
રૂપ કન્યાનું સૌએ વખાણ્યું, રુડું રત્ન તે ઘરજોગ જાણ્યું. ૨૭
વસી થોડા વાસર વિશ્રામ, ગયા મામો તે છપૈયે ગામ;
કહ્યા શ્રીહરિના સમાચાર, સુણી હરખ્યાં સકળ નરનાર. ૨૮
હવે આંબલીયે જે રહે છે, દેવજાની પતિને કહે છે;
સ્વામી અવધપુરીમાં સિધાવો, કન્યાનું સગપણ કરી આવો. ૨૯
મંછામિશ્ર બોલ્યા તેહ ઠામ, ઘણું છે હમણા ઘરકામ;
છોને માસ પછી જ જવાતું, હાલ લગ્ન નથી વહી જાતું. ૩૦
ત્યારે ક્રોધ કરી કહે નારી, જાઓ આજ ને આજ વિચારી;
બીજાં કામ જો બગડે વિશેષ, તેની ચિંતા ન રાખવી લેશ. ૩૧

**વસંતતિલકાવૃત્ત : સ્ત્રીની હઠિલાઇ વિષે :**

જાણે ન ટાઢ તડકો ન ગણે જ વૃષ્ટિ,
જીવત્વ કોણ ગણતી ન ગણે જ સૃષ્ટિ;
શું સુખ દુઃખ કદી હાની હજાર થાય,
સ્ત્રી ધાર્યું કામ કરવા સહસા ચહાય. ૩૨
તેડાવિયા તરત ત્યાં બળદેવ મિત્ર,
બન્ને ગયા વૃષ તણા પૂરમાં પવિત્ર;





શ્રીધર્મ પાસ નમીને બળદેવ બોલ્યા,
જે જે મનોર્થ મનના તહી સર્વ ખોલ્યા. ૩૩
દેવા વિચારી દ્વિજ આ તવ ઘેર કન્યા,
છે યોગ્ય વાત સઘળી નથી કાંઇ અન્યા;
જો દૂધ સાકર ભળે વધશે મિઠાશ,
આ બાઇથી કુળ વિષે વધશે પ્રકાશ. ૩૪
એવાં અનેક વચનો કહી હા પડાવી,
શ્રી ભક્તિને વળતી વાત બધી મનાવી;
ધર્મે કહ્યું તનુજનો સુત નંદરામ,
તેની સગાઇ કરી બેશહુપૂર ગામ. ૩૫
આ પુત્ર એક ઘરમાં ઘનશામ જે છે,
સંસારથી અતિ સદૈવ વિરક્ત તે છે;
ઇચ્છાસુ રામ સુત છે વય છોટી છેક,
જેને થયું વરસ તો શુભ સાર્ધ એક. ૩૬
મંછા કહે મુજસુતા પણ તે સમાન,
છે તેજ કાજ કરીયે શુભ વાગદાન;
દેવજ્ઞ પાસ પછી શુદ્ધ મુહૂર્ત લીધું,
વાગ્દાન વેદ વિધિયે તતકાળ કીધું. ૩૭
તેડી સગાં સ્વજનનાં સનમાન કીધાં,
સૌને ગુલાબ જળ તાંબુળ આદિ દીધાં;
વાજિંત્રનાદ વૃષના ઘરપાસ થાય,
ગૌરી મળી પૂરની મંગળ ગીત ગાય. ૩૮

**ભમરા પહેલો વધાવો મારે આવિયો : એ રાગનું ધોળ**

**પદ :૧**

સજની આજ શ્રીધર્મ કેરે આંગણે,
અતી આનંદ ઉત્સવ થાય રે;
વિવા'નાં જોને વાજાં વાગે રુડાં વધાઇનાં...ટેક.
કર્યું સગપણ ઇચ્છારામભાઇનું,
રૂડી વરિયાળી નામે છે કન્યાય રે..વિવા'નાં૦ ૩૯
વેવાઇ શ્રીમંત સારા મંછામિશ્ર છે,
જેનું ગુણિયલ છે આંબલીયા ગામ રે..વિવા'નાં૦
જેવા વેવાઇ છે તેવાં વેવાણ છે,
જેનું દેવજાની છે નિર્મળ નામ રે..વિવા'નાં૦ ૪૦
ધર્મદેવનાં ભાગ્ય ધન્ય ધન્ય છે,
એ તો વિશ્વ આખામાં વખણાય રે..વિવા'નાં૦
ભાઇ રામપ્રતાપ રુદે રીઝીયા,
માતા ભક્તિનો હરખ ન માય રે..વિવા'નાં૦ ૪૧
વેવાઇ બન્ને બિરાજ્યા ઉત્તમ આસને,
પૂજ્યા પ્રેમથી ગુણનિધિ ગણનાથ રે..વિવા'નાં૦
કીધી પૂજા પરસ્પર વળી કંકુયે,
આપ્યાં હળદર ને સોપારી હાથ રે..વિવા'નાં૦ ૪૨
સસરે વરને તિલક કીધું ભાલમાં,
મુક્યું હાથમાં શ્રીફળ સોનામોર રે..વિવા'નાં૦
વેદમંત્ર ભણે છે વિપ્ર વેદીયા,





સર્વે વિધિ કરાવે કુળના ગોર રે..વિવા'નાં૦ ૪૩
સ્વસ્તિવાચન કીધુ વિપ્ર સૌ મળી,
વેદ ચારેના આપ્યા આશીર્વાદ રે..વિવા'નાં૦
મળી માનિની ગાય મધુરે સ્વરે,
સુણતાં સર્વેને લાગે સારો સ્વાદ રે..વિવા'નાં૦ ૪૪
સસરે આપી જમાઇને સોના સાંકળી,
સગાં સર્વેનું કર્યુ સનમાન રે..વિવા'નાં૦
ઘાણા ગોળ ને વેહેંચી ત્યાં સાકર વળી,
દીધાં દ્વિજને બહુ દક્ષિણા દાન રે..વિવા'નાં૦ ૪૫
ઘૂમે સારી સભામાં ઘનશામજી,
જેની ચપળ છે હંસ જેવી ચાલ રે..વિવા'નાં૦
સર્વે સાજન તેના સામું જોઇ રહે,
વાલા લાગે વિશ્વવિહારીલાલ રે..વિવા'નાં૦ ૪૬

**પદ-૨**

સજની આજની શોભા શી હું વર્ણવું,
ધૂમ મચી છે ધર્મને દરબાર રે;
નગારાં વાગે ધીન્નાં ધીન્નાં રે કડકડકડ ધીન્નાં;
ઘણા હાથીને ઘોડા શણગારિયા,
સજ્યા સર્વે જનોયે શણગાર રે...નગારાં૦ ૪૭
લીલાં તોરણ બાંધ્યાં રુડાં ટોડલે,
ધરી ધજા પતાકા ભલી ભાત રે...નગારાં૦
પૂર્યા ચોકમાં મોતી તણા સાથીયા,

જોતાં જનમન થાય રળીયાત રે...નગારાં૦ ૪૮
છજાં માળીયાં અગાશી ઉપર ચડી,
નાચે મનમાં મગન થઇ મોર રે...નગારાં૦
વાજે ઢોલ ત્રાંસાં ને ભેરી ભુંગળો,
થાય શરણાઈના અતિશે શોર રે...નગારાં૦ ૪૯
ભાટ ચારણ બોલે બિરદાવળી,
કરે ગુણીજન મળી ગુણગાન રે...નગારાં૦
નાચે આકાશમાં આવીને અપ્સરા,
તે તો તાથેઈ તાથૈ તોડે તાન રે...નગારાં૦ ૫૦
આજ તો ઉપજ્યો આનંદ આખા શહેરમાં,
આજ તો દુધડે વરસે છે મેહ રે...નગારાં૦
ભેટ લઇને ભલા જન આવે ભેટવા,
ધર્મતાત આગળ ધરે તેહરે...નગારાં૦ ૫૧
હાર તોરા ને ગજરા રુડા ગુંથીને,
લાવી માળણ ભરી મોટી છાબ રે...નગારાં૦
તેમાં ફૂલ ફોરે છે જાઈ જુઈનાં,
વળી ગુલદાવદીને ગુલાબ રે...નગારાં૦ ૫૨
લાવ્યો તંબોળી પણ પડા પાનના,
લાવ્યો દોશિંડો[૧] સારાં શેલાં પાગ રે...નગારાં૦
હીરા મોતી લઇ ઝવેરી આવિયા,
આપી મૂલ ને તે લીધાં અથાગ રે...નગારાં૦ ૫૩
આપે જ્યારે ઘરેણું ઘનશ્યામને,



૧.કાપડનો વેપારી, કાપડીયો, વાણિયો



તે તો જોઇને તજે છે તતકાળરે...નગારાં૦
માયાતીત તેથી જનોયે જાણિયા,
વિશ્વેશ્વર છે વિશ્વવિહારીલાલ રે...નગારાં૦ ૫૪

**પદ : ૩**

સજની જે હું જાણું છું તે તને કહું,
જેવા રૂડા છે ઈચ્છારામભાઇ રે;
વર કન્યા કેરી જોવા જેવી રુપાળી જોડ છે.
એક એકથી ઓછું કે અધિક નથી,
સરખી સદગુણની છે સરસાઇ રે...વર કન્યા૦ ૫૫
જેવી જોડ સૂરજ રન્નાદે[૧] તણી,
જેવી જોડ રતી ને રતીનાથ[૨] રે...વર કન્યા૦
શોભે ઈંદ્ર ઈંદ્રાણી જેમ સ્વર્ગમાં,
શોભે રોહિણી જેમ શશી સાથ રે...વર કન્યા૦ ૫૬
જેવી ઈશ્વર ને પારવતીની જોડ છે,
જોડ બ્રહ્મા સાવિત્રીની ગણાય રે...વર કન્યા૦
જોડ બુદ્ધિ ને ગુણનિધિ ગણેશની,
જોડવરુણ ને પદ્મણી જણાય રે...વર કન્યા૦ ૫૭
જેવી વિષ્ણુ ને લક્ષ્મીજીની જોડ છે,
ઈચ્છારામ ને વરિયાળીની જોડ રે...વર કન્યા૦
નવરે દિવસે બ્રહ્માયે નીપજાવીયાં,
નથી એકેમાં કાંઇ ખામી ખોડ રે...વર કન્યા૦ ૫૮
જેમ કુંદન[૩]માં હીરો જડાય છે,



૧.રાંદલ ૨.કામદેવ ૩.સોનું

શોભે બન્ને મળીને તે સદાય રે...વર કન્યા૦
જેમ જીવને કાયા બે શોભે મળી,
તેમ દંપતી મળીને દેખાય રે...વર કન્યા૦ ૫૯
આપે આશિષ સર્વે મળી સુંદરી,
જોડ રહેજો અખંડ સદા એહ રે...વર કન્યા૦
ધર્મ ભક્તિની સેવા કરજો સર્વદા,
નિત્ય રાખજો નવો નવો નેહ રે...વર કન્યા૦ ૬૦
ભલાં ભાગ્યશાળી થજો તે ભૂમિમાં,
કીર્તિ વિસ્તારજોજી દેશોદેશ રે...વર કન્યા૦
કરજો પર ઉપકાર ઘણા પ્રેમથી,
વળી વૈભવ પામજો વિશેષ રે...વર કન્યા૦ ૬૧
ત્રણે ભાઇયો તે તો ત્રિમૂર્તિ જોડ છે,
તેમાં કૃષ્ણ છે કાળકેરા કાળ રે...વર કન્યા૦
હરિ ક્ષરને અક્ષરના છે આતમા,
વા'લો એ છે વિશ્વવિહારીલાલ રે...વર કન્યા૦ ૬૨

**પદ-૨**

સજની છોડ ચંપાનો છોટો મેં દીઠો,
જેનું નામ છે રુડું ઈચ્છારામ રે;
સુહાગણ સજની વૃષની વાડીમાં ચંપો મોરીયો;
છોટાપણમાં ચંપાની પ્રસરી વાસના[1],
જેના ગુણ ગવાય આંબલીયા ગામ રે....સુહાગણ૦ ૬૩
ચંપો આવી ઉગ્યો છે અક્ષરધામથી,



૧.સુગંધ



રુડો કહીને વખાણે રાણારાય રે....સુહાગણ૦
ચંપો રૂપે ને રંગે દિસે રાજવી,
ચંપો નિરખીને હૈડું હરખાય રે....સુહાગણ૦ ૬૪
ચંપો મનમાં ગમ્યો મંચ્છા વેવાઈને,
તેણે સત્કાર કીધો સારી રીત રે....સુહાગણ૦
ચંપા જેવી વળગાડી સારી વેલડી,
તેથી દેખાશે વિશેષ શોભીત રે....સુહાગણ૦ ૬૫
ચંપો પૂરી મોટાઇ જ્યારે પામશે,
થાશે પ્રથવી આખીમાં તે પ્રખ્યાત રે....સુહાગણ૦
ચંપો ફેલાશે રુડી ગુજરાતમાં,
વળી સોરઠ માંહિ ભલી ભાત રે...સુહાગણ૦ ૬૬
સજની ચંપાના અંગથી ચંપા થશે,
જેમ દીવાથી દીવા પ્રગટાય રે...સુહાગણ૦
તેવા તેજસ્વી તેવા ગુણવાન તે,
સર્વે સદ્‌ગુણે સરખા જણાય રે...સુહાગણ૦ ૬૭
ચંપો માલિક થાશે અર્ધા મુલકનો,
કરશે કોટિક લોકનાં કલ્યાણ રે...સુહાગણ૦
એના ગુણ તો ગુંથાશે મોટા ગ્રંથોમાં,
આખા વિશ્વમાં પામશે વખાણ રે...સુહાગણ૦ ૬૮
ચંપો પૂજાશે હીરા માણક મોતીયે,
મોટા મહિપતિ દેશે મોટું માન રે...સુહાગણ૦
જે કોઇ લેશે આ ચંપાની સુવાસના,

થાસે અમર તે અક્ષરસમાન રે...સુહાગણ૰ ૬૯
સજની ભગવાન આ ચંપાના ભાઈ છે,
જે છે દીનબંધુ દીનદયાળ રે...સુહાગણ૰
પ્રેમે તે પ્રભુ આ ચંપાને પાળશે,
વા'લો જે છે વિશ્વવિહારીલાલ રે...સુહાગણ૰ ૭૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શુભ સગપણ એવી રીત કીધું, જમણ સુમિષ્ટ જમાડી માન દીધું;
પછી હળીમળીને સગાં બધાંય, નિજનિજ ગામ જવા થયાં વિદાય. ૭૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીઈચ્છારામજી-નિમિત્તવાગ્દાનકરણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥***

**પૂર્વછાયો :**

સુણો અભેસિંહ ભૂપતિ, હરિકૃષ્ણનાં ચરિત્ર વિચિત્ર;
બ્રહ્મા ભવ સનકાદિ મુનિ, સુણી કરે છે કર્ણ પવિત્ર. ૧

**ચોપાઈ :**

પ્રભુ પેખે કળા કોઈ પાસ, એનો અલ્પ કર્યાથી અભ્યાસ;
તે તો સર્વ શિખી લે છે આપ, જન આશ્ચર્ય પામે અમાપ. ૨
કળા ચોસઠ જે કહેવાય, તે તો સર્વે શિખ્યા હરિરાય;
એ છે સર્વજ્ઞ સર્વના સ્વામી, અક્ષરાતીત અંતરજામી. ૩
એ છે અનંત કળાઓનું પાત્ર, કળા ચોસઠ તે કોણમાત્ર;
જનજાતિને જાણવા કામ, કળા ચોસઠનાં કહું નામ. ૪
જ્યારે એવી કળાઓને જાણે, તેને વિશ્વના લોક વખાણે;





મોટા માણસ દે સનમાન, સુખે પામે સદા ધન ધાન. ૫
પેહેલી ગાનકળા તે ગણાય, જેથી જનમન રંજન થાય;
જન ગાઈ જાણે રુડો રાગ, ઉપજે સહુને અનુરાગ. ૬
રાગે બાળક પણ રહે છાનું, રાગે રીઝે છે મન દેવતાનું;
કળા ગાનની કલેશ હરે છે, અતિ આનંદ અંગ કરે છે. ૭
બીજી વાદ્યકળા કહેવાય, શીખે તે જન ચતુર ગણાય;
નરઘાં ને સારંગી સતાર, શીખે એવાં વાજિંત્ર અપાર. ૮
ત્રીજીનું નૃત્યકળા છે નામ, એ છે ચતુરપણાનું કામ;
પ્રભુ આગળ નાચવું ગાવું, ગમે ઈશ્વરને પણ આવું. ૯
ચોથી નાટ્યકળા ભલી ભાઈ, રહે એમાં ઘણી ચતુરાઈ;
જેમ દોર ઉપર નટ ચાલે, વળી વિવિધ રીતે અંગ વાળે. ૧૦
કળા પાંચમી આલેખ્ય કહિયે, તે તો સ્નેહસહિત શીખી લહિયે;
સારા અક્ષર લખવાનું કામ, ઉપયોગીછે તે તો તમામ. ૧૧
ભાલે તિલક રુડું કરી જાણે, વળી તેમાં વિચિત્રતા આણે;
તે તો છઠ્ઠી કળા કહેવાય, વિશેષક છેદ્ય નામ લખાય. ૧૨
કળા તાંદુળકુસુમ જે છે, બળિદાનતણું સ્થળ તે છે;
સારો સાથીયો આંગણે કરે, પાડી બુટા ભલા રંગ ભરે. ૧૩
કળા આઠમી પુષ્પાસ્તરણ, તે તો છે રુડી જનમન હરણ;
ભલી પાડીને શોભિતી ભાત, જાણે પાથરી પુષ્પની જાત. ૧૪
કરી જાણે ઉત્તમ અંગરાગ, કળા નવમી કહે સદ્ભાગ્ય;
દાંતે વસ્ત્રે ચડાવે જે રંગ, કરી લેપન શોભાવે અંગ. ૧૫
મણિભૂમિકા નામ ભણાય, કળા તે શુભ દશમી ગણાય;

તે તો કામ હીરો જડવાનું, ચતુરાઇ ઘણી એમાં માનું. ૧૬
કળા શયનરચન છે ઉત્તંગ, ચતુરાઇથી ભરવો પલંગ;
તેમાં મોર પુતળીયો પાડે, મનોરંજન કરી દેખાડે. ૧૭
જળવાદ્યકળા જન જાણે, કળા બારમી તે તો વખાણે;
કાચ પ્યાલા જળે ભર્યા જેહ, જળ તરંગ વાજું છે તેહ. ૧૮
કળા તેરમી તો જળઘાત, જળમાં તરવું સાક્ષાત;
ઉંડા પાણી તણો લાવે તાગ, ચતુરાઇ છે એ તો અથાગ. ૧૯
કળા ચૌદમી છે ચિત્રયોગ, ચિત્ર ચીતરવાનો ઉદ્યોગ;
એમાં છે અતિશે ચતુરાઇ, શીખે ચતુર મનુષ્ય ચહાઇ. ૨૦
પુષ્પગ્રંથવિકલ્પા જાણો, કળા પંદરમી તે પ્રમાણે;
પુષ્પટોપી પછેડી કરે છે, ફૂલમંડળી સારી ભરે છે. ૨૧
શેખરાપીંડ યોજન જેહ, કળા સોળમી કહિયે તેહ;
ગુંથે તોરા ને કાનના ગુચ્છ, પાઘ બાંધી જાણે વળી સ્વચ્છ. ૨૨
કળા સતરમી નેપથ્યનામ, જાણે શણગાર સજવાનું કામ;
ચક આદિક પડદા રચાય, તેમાં પણ ચતુરાઇ જણાય. ૨૩
કર્ણપત્ર તણી ચતુરાઇ, કળા એ તો અઢારમી ભાઇ;
ફૂલ પાંખડી પત્ર પ્રમાણે, કોઇ કાગળ કોતરી જાણે. ૨૪
કળા યુક્તિ સુગંધની કરવી, ઓગણીશમી એ તો ઉચરવી;
ભાતભાતનાં અત્તર બનાવે, પડો પાંદડી પણ રચિ લાવે. ૨૫
કળા વીશમી ભૂષણ ઘડવાં, સૌને મનગમતાં થઇ પડવાં;
એમાં ઓછી નથી ચતુરાઇ, ભલું ડહાપણ છે એ તો ભાઇ. ૨૬
એકવીશમી તો ઇંદ્રજાળ, કળા ન કળે તે વૃદ્ધ કે બાળ;





હોય કાંઇ ને કાંઇ દેખાડે, જનને મન મોહ પમાડે. ૨૭
કળા બાવીશમી કૌતુમાર, ક્રિયા તે તો રસાયન સાર;
મારી જાણે ભીલામાં ને પારો, મારે ધાતુ ને હિંગળો[1] સારો. ૨૮
હસ્તલાઘવ જે કહેવાય, કળા ત્રેવિશમી તે ગણાય;
હાથ ચાળવણી એવી હોય, દેખીને ન કળી શકે કોય. ૨૯
રુડી રીતે રસોઇ બનાવે, કળા ચોવીશમી તે કહાવે;
કરે વિવિધ પ્રકારના પાક, રચે સારા મશાલા ને શાક. ૩૦
ભેદ પચ્ચીશમી સુકળાના, કરી જાણે પદાર્થ પીવાના;
સારો સરબત તે કરી ધરશે, કાવો બુંદ કે ચાહનો કરશે. ૩૧
કળા છવીશમી શીવવાની, સારી રીતે શિખી રાખવાની;
સારા ચાકળા સુજની રજાઇ, શીવે પોશાગ જન સુખદાઇ. ૩૨
સુત્રક્રીડા કળા કહેવાય, સત્યાવીશમી તે તો ગણાય;
સૂત્રે[2] કરમાં ધરે સૂત્રધાર, નાચે પૂતળાં તેને આધાર. ૩૩
અઠાવિશમી પ્રહેલિકા[3] કહિયે, અર્થ સમજી ગુઢાર્થના લહિયે;
<u>જેમ ખટ પદ[4] સત્તર નેણ</u>, કહો કોણ તે શિવ સુખદેણ. ૩૪
કળા ઓગણત્રીશમી જાણો, પ્રતિમાળા તે નામ પ્રમાણો;
મોતી આદિક પ્રત્યેક માળા, તેમાં ગાંઠણ ગાંઠે રુપાળાં. ૩૫
દુર્વચક[5] તણો જોગ જે છે, કળા જાણવી ત્રીશમી તે છે;
વદે જો કોઇ મર્મની વાણી, તે તો તેનાથી ન રહે અજાણી. ૩૬
એકત્રીશમી વાંચનકળા, ગ્રંથો વાંચી જાણે ભલાભલા;
અક્ષર વાંચતાં નવ અટકાય, સદ્ય અર્થ તેનો સમઝાય. ૩૭
નાટકાખ્યાયિકાદર્શન, કળા બત્રીશમી તે પાવન;



૧.એક પ્રકારનો ક્ષાર ૨.દોરી ૩.ગુપ્ત આશયવાળુ પદ્ય બનાવવાની કળા ૪.સર્પે સહિત પોઠીયે સ્વાર થયેલા શંકર ૫.અશુદ્ધ રીતે બોલાયેલું-અનાર્ય ભાષા

હોય નાટકનાં આખ્યાન, દેખાડે તે પ્રત્યક્ષ સમાન. ૩૮
કળા કાવ્યની સમસ્યાપૂર્ણ,આવે અંતર માંહિ સ્ફૂર્ણ;
અણમળતાં ચરણ રચી આપે, તેને જે મળતાં કરી સ્થાપે. ૩૯
પટ્ટિકાવેત્રબાણવિકલ્પ, કળા તે પણ કાંઇ નથી અલ્પ;
ગુંથે નેતરના ઘણા ઘાટ, તથા તીર રચે યુદ્ધ માટ. ૪૦
કળા પાંત્રીશમી તર્કકર્મ, તેનો જાણે ચતુર જન મર્મ;
કરે તાર્કિક કામ અનેક, જેનો છેડો આવે નહિ છેક. ૪૧
કળા છત્રિશ તક્ષણકામ[1], કાઠ કોતરી જાણે તમામ;
બુટ્ટા પૂતળાં બેશ[2] બનાવે, જોતાં જોનારને મન ભાવે. ૪૨
વાસ્તુવિદ્યા કળા સાડત્રીશ, તે તો જાણવી સર્વને શીશ;
રચે મંદિર મેડી હવેલી, છજાં જાળિયાં સુંદર મેલી. ૪૩
રૂપ્યરત્નની પરીક્ષા જેહ, કળા છે આડત્રીશમી એહ;
તે તો પરખી જાણે રુપાનાણું, અશ્વ આદિક રત્ન પ્રમાણું. ૪૪
ધાતુવાદકળા જે કહી છે, એ તો ઓગણચાળીશમી છે;
સર્વે ધાતુની કરવા પરીક્ષા, શીખી રાખે તેની બધી શિક્ષા. ૪૫
કળા ચાળીસમી અભિધાન, રુડું જે મણિરાગનું જ્ઞાન;
પરીક્ષા મણિ માણેક કેરી, કરી જાણે તે કહિયે ઝવેરી. ૪૬
એકતાળીશે આકરજ્ઞાન[3], એ તો જાણે મહાબુદ્ધિમાન;
ખાણ ધાતુની કે પથરાની, પરીક્ષા જાણે એવી ધરાની. ૪૭
વૃક્ષાયુર્વેદજોગ છે જેહ, કળા કહિયે બેંતાળીશ તેહ;
ખેતી વાડીનું કામ ખચીત, જાણે ઝાડ ઉછેર્યાની રીત. ૪૮
મેષકુક્કુટલાવક યુદ્ધ, તેની રીત જાણે જન બુદ્ધ;



૧.કોતરણી, શિલ્પકળા ૨.સુંદર ૩.ખાણ



લડે અજ[1] કુકડાં ને શ્વાન, દાવ પેચે લડે તે સમાન. ૪૯
શુક સારિકાનું પ્રલાપન[2], જાણે તે કળા ચાતુર જન;
મેના પોપટને તે પઢાવે, સારી રીતે સુશબ્દ શિખાવે. ૫૦
ઉત્સાદનની કળા કહેવાય, પીસતાળીશમી તે ગણાય;
કરી સાંગડાં કેરો પ્રકાર, તેથી ઉચકે ભાર અપાર. ૫૧
કેશમાર્જનકૌશલ તેય, છેતાળીશમી તે કળા છેય;
ચોળી ઓળી માથા તણા કેશ, ગુંથી જાણે વધારી વિશેષ. ૫૨
કળા અક્ષરમુષ્ટીકથન, જન જાણે કરીને જતન;
વર્ણ ક્રમ વિના કોઇ બતાવે, આખો શ્લોક તે કહી સંભળાવે. ૫૩
મ્લેછિતક જે છે તર્ક વિતર્ક, તે તો જાણે જે જોશીનો અર્ક[3];
કળા રમળ[4]ની તે કહેવાય, વળી તાજક[5] તેમાં ગણાય. ૫૪
દેશભાષા તણો જે અભ્યાસ, કળા તે તો ઓગણપચાસ;
ઘણા દેશની ભાષાઓ જાણે, વસુધાપતિ તેને વખાણે. ૫૫
પુષ્પશકટી[6] નિમિત્તનું જ્ઞાન, જાણે તે તો કળા ગુણવાન;
પુષ્પલોબાન આદિક કેરાં, માંડી શગડી ને પાડે ઘણેરાં. ૫૬
યંત્રમાત્રિકાધારણ નામ, એકાવનમી કળા બુદ્ધિધામ;
વર્ણયંત્ર વિષે ગોઠવાય, ચિત્રકાવ્ય તેને કહેવાય. ૫૭
કળા સંવાચ્ય છે બાવનમી, જાણે તેણે જ જાણ્યું છે જનમી;
ભલું ભાષણ લાંબું ઉચારે, સુણનાર સદા તે સંભારે. ૫૮
કાવ્ય જાણે કરી માનસિક, કળા ત્રેપનમી તે તો ઠીક;
નવ દીઠું સુણ્યું કોઇ દિન, કરે વર્ણન એવું નવીન. ૫૯
કળા ચોપન અભિધાન કોશ, જાણે વાણી થાવા નિરદોષ;



૧.બકરા ૨.બોલી ૩.સત્ત્વ,કસ ૪.જ્યોતિષ વિદ્યામાં વપરાતો પાંચ ધાતુનો પાસો ૫.જ્યોતિષ સંબંધી ગ્રંથ ૬.આકાશવાણી

જેમાં સ્થિરચર નામ અનેક, એવા ગ્રંથ ભણે સવિવેક. ૬૦
કળા પિંગળ પંચાવનમી, જાણે તેને નમે નૃપ અનમી;
જાણે છંદ અનેકની જાત, ભણે પિંગળ જો ભલી ભાત. ૬૧
કળા છપ્પને ક્રિયાવિકલ્પા, સુખદાયી જો જાણિયે સ્વલ્પા;
ક્રિયા માંહિ કુશળતા હોય, કારીગર કહે જન સહુ કોય. ૬૨
કળા છળિતયોગા કહેવાય, જાણે તે છેતરાયો ન જાય;
કેવી રીતે ઠગે છે ઠગારા, તે તો જાણે કપટ કળનારા. ૬૩
કળા વસ્ત્રગોપન છે નામ, વસ્ત્ર સંકેલવાનું તે કામ;
ઘેડેઘેડ તે એવી બેસારે, બીજો થાકી તે કામથી હારે. ૬૪
વળી દ્યૂતકળા કહેવાય, એ તો ઓગણસાઠમી થાય;
શતરંજી બાજી રમી જાણે, તેમાં હારે નહીં કોઈ ટાણે. ૬૫
કળા સાઠમી આકર્ષક્રીડા, જેથી હર્ષ વધે મટે પીડા;
ખેંચે પકડે પરસ્પર મિત્ર, રમી જાણે તે રમત વિચિત્ર. ૬૬
બાળક્રીડનની કળા જેહ,એકસઠમી ગણાય છે તેહ;
મોઈ ડંડો દડી ને ભમરડી, રમી જાણે ભમાવે ચકરડી. ૬૭
વિદ્યા વૈનાયિકી જેહ જાણે, કળા બાસઠમી તે પ્રમાણે;
વસ્તુ દૂરથી ગુપ્ત મગાવે, જાણે વીર કોઈ લઈ આવે. ૬૮
વિદ્યા વૈજયિકી કહેવાય, કળા ત્રેસઠમી તે ગણાય;
સર્વ કામમાં વિજય તે પામે, વળી વિજય કરે સંગ્રામે. ૬૯
કળા વૈતાળિકા છેલી કહું, તેમાં તો ચમત્કાર છે બહુ;
અકસ્માત દે કામ બનાવી, જાણે ભૂતે કર્યું એ તો આવી. ૭૦
એક રાતમાં દેવળ ચણે, બની ન શકે મળી બહુ જણે;





કળા ચોસઠ એ તો ઉચારી, સર્વે સંસારી જન કહે સારી. ૭૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અગણિત સુકળા પ્રવિણ શામ, જગત વિચિત્ર રચ્યાં અનેક ઠામ;
અજ હરિ હરથી કળી ન જાય, અકળિત અક્ષરનાથની કળાય. ૭૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ચતુષ્ષષ્ટિ-કલાકથનનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥***

**ઉપજાતિવૃત્ત :**

હે ભૂપતિ સાંભળ સ્નેહ આણી, કહું ચરિત્રો હરિનાં વખાણી;
જે સાંભળીને સુખ સર્વ પામે, અપાર સંસાર વિકાર વામે. ૧
શ્રીશામને અષ્ટમ વર્ષ જ્યારે, આવ્યો ભલો ફાગણ માસ ત્યારે;
શુદી તિથિ તો દશમી ગણાય, દીધું હરિને ઉપવીત ત્યાંય. ૨
વિસ્તારી તે વર્ણન જો કરાય, તો ગ્રંથ આ શ્રેષ્ઠ વિશેષ થાય;
માટે નહી હું બહુ વર્ણવીશ, અપૂર્વ લીલા તુજને કહીશ. ૩
સર્વજ્ઞ છે શ્રીહરિ બ્રહ્મચારી, તથાપિ છે માનવ દેહધારી;
સર્વે જનોનું હિત ચિત્ત જાણી, વિદ્યા વિશેષે જનકે વખાણી. ૪

**વિદ્યા ભણવા વિષે :**

હે પુત્ર વિદ્યા ભણવી વિચારી, વિદ્યા ભણ્યાથી સુખ થાય ભારી;
પશુ મનુષ્યો વચ ભેદ એ છે, વિદ્યા ભલી માણસ તે ભણે છે. ૫
ભણે ગણે પંડિત તે ગણાય, ભણે નહીં તે જન મૂર્ખ થાય;
બાળાપણે જે ન ભણેજ જૈને, જરૂર પસ્તાય જુવાન થૈને. ૬
જે પત્ર નિર્જીવ દિઠે જણાય, વિદ્વાનની પાસ સજીવ થાય;

આકાશ પાતાળ ભવિષ્યવાત, કહી બતાવે જડપત્ર જાત. ૭
જે પુત્રને તાત નહીં ભણાવે, બાળાપણે લાડ ઘણાં લડાવે;
તે પુત્રનો શત્રુ પિતા ગણાય, જુવાન થાતાં સુતને જણાય. ૮
આંખો વિનાનો જન હોય જેવો, પાંખો વિનાનો વળી પંખી કેવો;
પાણી વિના કેવું સર પ્રમાણો, વિદ્યા વિનાનો જન એમ જાણો. ૯
વિદ્યા ભણે જો જન દ્રવ્યવાન, તો ભાગ્યશાળી નહિ તે સમાન;
પાંખો તથા બે પગ દોડવાના, ક્યાંથી મળે ભૂતળ બેય વાનાં. ૧૦
પક્ષી છતાં પોપટ જો ભણે છે, તો ભૂપનું તે સનમાન લે છે;
ત્યારે ભણેલો જન જેહ થાશે, તો તે કહો કેમ નહીં મનાશે. ૧૧
વિદ્યા ભણીને વિનયી ન થાય, તો તેની વિદ્યા પણ વ્યર્થ જાય;
જો ઝેર પંચામૃતમાં જણાય, તો કોઇ તેને ચિત ના ચહાય. ૧૨
અપૂર્વ વિદ્યાતણી ખાસ એ છે, વિશેષ તે વાવરતાં વધે છે;
ખર્ચે નહી સંઘરવા ચહાય, ખચીત[૧] તો તે ઝટ ખૂટી જાય. ૧૩
છે શસ્ત્રવિદ્યા વળી શાસ્ત્રવિદ્યા, એ બેયની કીર્તિ દિસે અછિદ્યા;
તથાપિ આદ્યા વય થાય ત્રીજી, ત્યારે નકામી સુખદાયી બીજી. ૧૪
ન ચોર ચોરે નૃપતિ ન લુંટે, ન ભાગ ભાઇ ખરચ્યું ન ખૂટે;
ન ભાર લાગે ન પડે જ ખોટું, છે સત્ય વિદ્યાધન સૌથી મોટું. ૧૫

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

માતા તુલ્ય સદા સુપોષણ કરે પાળે પિતાની પઠે,
કાંતાતુલ્ય વિનોદકારી વળી તે ના આપદામાં હઠે;
વિસ્તારે જશ દ્રવ્યદાન બહુ દે સન્માન આપે ઘણું,
વિદ્યા છે શુભ કલ્પવૃક્ષ સરખી શા ગુણ તેના ગણું. ૧૬



૧.અવશ્ય



**ઉપજાતિવૃત્ત :**

છે ચાર વેદો ષડ અંગ ગાય, વિદ્યા મિમાંસા વળી જાણ ન્યાય;
સદ્ધર્મ શાસ્ત્રો પછી છે પુરાણ, તે ચૌદ વિદ્યા સમઝે સુજાણ. ૧૭
શિક્ષા તથા કલ્પ નિરુક્ત છંદ, જ્યોતિષ ને વ્યાકરણ પ્રવંધ;
ષડંગ તે વેદ તણાં ગણાય, એવી રીતે સર્વ મુનીશ ગાય. ૧૮
અનેક વિદ્યા પ્રભુ આપ જાણે, તથાપિ ઈચ્છા ભણવાની આણે;
પિતાની પાસે રહીને ભણે છે, વિદ્યા તણા સદ્‌ગુણ તે ગણે છે. ૧૯
શાસ્ત્રો તણો સંગ્રહી સારસાર, રાખ્યો રચીને ગુટકો મુરાર;
કહી પિતાયે કુળધર્મ શિક્ષા, દીધી વળી વૈષ્ણવમાર્ગ દીક્ષા. ૨૦
લીધો પ્રભુ નિયમ એમ ધારી, સદા થવું નૈષ્ઠિક બ્રહ્મચારી;
તીર્થો વિષે જૈ ફરવું વિશેષ, દેવો જનોને શુભ ઊપદેશ. ૨૧
વળી વિચારી ઉર માંહિ વાત, મારે વિજોગે મુજ માત તાત;
દુઃખી થશે ને દિલમાં દઝાશે, એકે ઘડી તે જુગ જેવી જાશે. ૨૨
માતા પિતા જો ગતિ દિવ્ય પામે, તો તે પછી જાઉં પ્રવાસ કામે;
એવું ગણી ત્યાં જ થયા નિવાસી, રહે તથાપી હૃદયે ઉદાસી. ૨૩
જ્યાં સાલ આવી અડતાળિશાની, કાયા પડી ભૌતિક ભક્તિમાની;
પ્રબોધિનીનો દિન પૂર્વ જેહ, હતો તિથિમાં શનિવાર તેહ. ૨૪
શ્રીભક્તિમાતા ધરી દિવ્ય દેહ, રહ્યાં સદા શ્રીહરિ પાસ તેહ;
બે ભાઇ બીજા અતિશે રુએ છે, તે દેખી લોકો પુરના કહે છે. ૨૫
કોઇ તણીયે કદિ વિશ્વમાંય, બાળાપણામાં મરશો ન માય;
ધેનૂ મુઆથી દુઃખી વત્સ જેમ, માતા વિના બાળક દુઃખી તેમ. ૨૬
ભલે પિતા ભૂપ સમર્થ હોય, માતાની તુલ્યે ન ગણાય તોય;

માતા તણી વિશ્વ વિષે સગાઇ, સર્વોપરી શ્રેષ્ઠ સદા ગણાઇ. ૨૭
માતા વિના સર્વ હતા ઉદાસી, આવી ચતુર્થી વદિ જ્યેષ્ઠમાસી;
તાતે તજ્યો ત્યાં નિજદેહ તેહ, સેવે પ્રભુને ધરી દિવ્યદેહ. ૨૮
રુએ ઘણા રામપ્રતાપ આદિ, શિષ્યો રુવે દીક્ષિત પુરુષાદિ;
લોકો કહે છે મુખ વાણી એમ, પિતા મુએ શોક ન થાય કેમ. ૨૯
જો પુત્ર પોતે વયવૃદ્ધ હોય, ઇચ્છે પિતાનું સુખ તેહ તોય;
પિતાસ્વરૂપી શિરછત્ર જેને, સંતાપ ઓછો તન માંહિ તેને. ૩૦
જુદો કદી પુત્ર પિતાથી થાય, તથાપિ દેખી હરખે પિતાય;
જુએ શશીને નભ માંહિ જ્યારે, નિધિ[1] ખુશી થૈ ઉભરાય ત્યારે. ૩૧
પછી ઘનશ્યામ રુદે વિચારી, ઘણા જનોનું હિત ચિત્ત ધારી;
પ્રભાતમાં મજ્જનને મિશે તે, સદ્યઃ સિધાવ્યા સરજુ દિશે તે. ૩૨
ભક્તિ૯ તથા વેદ૪ વસૂ૮ શશાંક૧[2], બેઠો નવો વિક્રમ વર્ષ અંક;
અષાઢમાસી દશમી સુદીમાં , ના'યા હરી જૈ સરજુ નદીમાં. ૩૩
અગ્યાર વર્ષો ત્રણ પૂર્ણ માસ, કર્યો ગૃહે વાસર એક વાસ;
શ્રીશ્યામને ત્યાં હણવાનું ધારી, આવ્યો વળી એક મહા સુરારી. ૩૪
નાખ્યા હરિને જળપૂર માંય, શરીર તે માંહિ તણાયું ત્યાંય;
સૂએ મહાસાગર મધ્ય જેહ, પ્રભુ બુડેશું જળ માંહિ તેહ. ૩૫
ઇચ્છા હરિની હરિપ્રેરણાથી, ગુરૂડ આવ્યા હરિધામમાંથી;
ઉપાડી લીધા પ્રભુ તેહ વારે, મુક્યા ઉતારી નદી કોશ બારે[3]. ૩૬
પુષ્પાદિ પૂજા ગરુડે સુકીધી, કરી પ્રસાદી પ્રભુ પાછી દીધી;
નમી પ્રભુને પદ તેહ ઠામ, સિધાવિયા તે ગરુડ સ્વધામ. ૩૭
નાખ્યા અસુરે જળમાં હરિને, તે તો ગણે શ્યામ ગયા મરીને;



૧.સમુદ્ર ૨.૧૮૪૯ ૩.બોત્તેર કી.મી.



જે કાળના કાળ સદા કહાવે, તેને કદાપિ નહીં આંચ આવે. ૩૮
શ્રીકૃષ્ણની દષ્ટિ થકી દઝાતો, પાપી મુઓ ખૂબ પછાડ ખાતો;
પ્રભુ થકી વૈર કરી કુપાત્ર, પામ્યા ન કોઇ સુખ લેશમાત્ર. ૩૯
ચાલ્યા નદીને તટ કોશ બેય, ત્યાં એક મોટો વડ વૃક્ષ છેય;
ત્યાં બેસીને કાંઇ કર્યો વિરામ, સમગ્ર આવ્યા સુર તેહ ઠામ. ૪૦
તીર્થો નદી પર્વત મુખ્ય જેહ, આવ્યા ધરી માનવ રૂપ તેહ;
સૌએ પ્રભુને પદ શીશ ધારી, સુનમ્રતાથી વિનતિ ઉચારી. ૪૧

**અષ્ટપદી :**

સ્વજન તણા સુખસાગર, નટનાગર એ;
અમળ ઉજાગરરૂપ[1], જય ઘનશામ હરે;
સંકટ સકળ નિવારણ, જગકારણ એ;
ભવજળતારણ ભૂપ, જય ઘનશામ હરે. ૪૨
મૂર્તિ રુચિર[2] મનરોચન[3], દુઃખ મોચન એ;
સરસિજલોચન[4] શામ, જય ઘનશામ હરે;
જય નિજજન મનસ્ફૂરણ, ભયચૂરણ એ;
પ્રિયજનપૂરણકામ, જય ઘનશામ હરે. ૪૩
ઇશ્વરના પણ ઇશ્વર, જગદીશ્વર એ;
સકળ કવિશ્વર ગાય, જય ઘનશામ હરે;
જય વૃષવંશદિનંકર, અભયંકર એ;
શંકરસેવ્ય સદાય, જય ઘનશામ હરે. ૪૪
નિર્ગુણ મુનિજનનાયક, ખળઘાયક એ;
દાયક અતિ સુખદાન, જય ઘનશામ હરે;



૧.પ્રકાશિત ૨,૩.મનને ગમે એવા ૪.કમળ સમાન નેત્રોવાળા

દુર્મતિ દુર્જનદંડન, શ્રુતિમંડન એ;
ખંડન ખળગુરુમાન, જય ઘનશામ હરે. ૪૫
દહનકરણ અઘકાનન, કમળાનન[1] એ;
ગુણ ચતુરાનન[2] ગાય, જય ઘનશામ હરે;
ગુણનિધિ આપ ગિરિધર, અવનીધર એ;
શ્રીધર[3] સુખદ સદાય, જય ઘનશામ હરે. ૪૬
અરુણ[4] વરણ જુગ ચરણ છે, સત્ય શરણદ એ;
નિજજનકરણ નિહાલ, જય ઘનશામ હરે;
પરમ ધરમ ધુરધારી છો, સુખવારિદ[5] એ;
વિશ્વવિહારીલાલ, જય ઘનશામ હરે. ૪૭

**ઉપજાતિવૃત્ત :**

તીર્થો કહે હે હરિકૃષ્ણદેવ, હવે પધારો પ્રભુ તર્તખેવ;
ધરી નિજાંઘ્રી રજ શ્રીમુરારી, પવિત્રતા નાથ કરો અમારી. ૪૮
દેવળો કહે દેશ બધે પધારો, સદ્ધર્મ સર્વે સ્થળમાં વધારો;
અધર્મના પંથ પ્રભુ ઉથાપો, દુષ્ટો હણીને જનકષ્ટ કાપો. ૪૯
કહે પ્રભુ સત્વર તે કરીશ, ભૂમિ તણો ભાર હવે હરીશ;
તમે તમારે સ્થળ સૌ સિધાવો, સ્વચિત્તમાં ધૈર્ય હવે ધરાવો. ૫૦
એવું સુણી પૂજન સર્વ કીધું, નૈવેદ્ય મીઠાં ફળ આદિ દીધું;
કરી પ્રભુના પદને પ્રણામ, ગયા સુરો તીર્થ સહુ સ્વધામ. ૫૧
નિજક્રિયા ત્યાં કરીને મુરારી, આહાર કીધો ફળનો વિચારી;
સર્જુતટેતે વટવૃક્ષ પાસ, કર્યો પ્રભુયે રજની નિવાસ. ૫૨
નિત્યપ્રતિ નીરખવા હરિને, એવી પ્રતિજ્ઞા હનુમાનજીને;



૧.કમળ સમાન મુખવાળા ૨.ચતુર્મખ બ્રહ્મા ૩.લક્ષ્મીજીના પતિ ૪.લાલ રંગ ૫.સુખના વાદળ સમાન



તેથી પધાર્યા કપિ ધર્મધામ, દીઠા નહીં શ્રીહરિ તેહ ઠામ. ૫૩
જોયું પછી જ્યાં મનધ્યાન ધારી, સર્જુતટે દૂર દીઠા મુરારી;
પુરી અયોધ્યા થકી ચૌદ કોશ,ગયા હનુમાન તહાં અદોષ. ૫૪
કરી નમસ્કાર મહાપ્રભુને, સર્વેશ્વરોના ગુરુના ગુરૂને;
પછી કહ્યું હે પ્રભુ મેઘશામ ! મને બતાવો નિજ કાંઇ કામ. ૫૫
કહે હરિ મુજ સગાં સમાજ, કરતાં હશે ક્લેશ વિશેષ આજ;
મારે વિજોગે મનમાં મુંઝાશે, તમે પધારો કપિ તેહ પાસે. ૫૬
જ્યારે જઇ પશ્ચિમ દેશમાંય, બાંધીશ મોટાં શુભ ધામ ત્યાંય;
કુટુંબીયોને તહીં તેડી લૈશ, નહીં કદી છેક વિસારી દૈશ. ૫૭
એવું કહી ધીરજ આપ આપો, સગાં સહુકેરી ઉદાસી કાપો;
એવું કહીને વૃષવંશરાય, કર્યા તહાંથી કપિને વિદાય. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

રજની વિગત થૈ થયું સવાર, પછી હરિ ત્યાંથી કર્યો વળી વિહાર;
સુણ નરપતિ હું કહીશ જેહ, સ્થિતિ થઇ શામ જતાં સગાંની તેહ. ૫૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિગૃહત્યાગ-કરણનામા અષ્ટદશો વિશ્રામઃ ॥૧૮॥***

**ઈતિ શ્રીહરિલીલામૃતે બાલચરિત્રનામા દ્વિતીયકલશઃ સંપૂર્ણઃ ॥૨॥**

श्री स्वामिनारायणो विजयतेतराम्

# ॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

**वनविहारनामतृतीयकलशप्रारंभः ॥**

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વંદૂ શ્રીવરણીન્દ્રવેષ ધરીને જે તીર્થમાં જૈ ફર્યા,
દૈવીને નિજજ્ઞાનદાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા;
હીમાદ્રી પુરુષોત્તમાખ્ય પુરી જૈ શ્રીસેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જૈ રહ્યા. ૧

**ઉપજાતિવૃત્ત :**

વર્ણી કહે સાંભળ ભૂપ ભ્રાત, કહું અયોધ્યાપુર કેરી વાત;
શ્રીશામ જ્યારે ઘરથી સિધાવ્યા, પ્રભુ તણા મિત્ર પછીથી આવ્યા. ૨
જ્યારે ન જોયા ઘરમાં હરિને, જોયાં બીજાં સ્થાનક તે ફરીને;
સરિત્તટે ને સુરમંદિરોમાં, ક્રીડા કર્યાની સઘળી જગોમાં. ૩
આશા મળ્યાની મનથી તજીને, કહ્યું જઈ રામપ્રતાપજીને;
જોયું અમે સ્થાન બધે ફરીને, દીઠા નહીં કોઈ સ્થળે હરિને. ૪

તે સાંભળીને પડી પેટ ફાળ, લાગી રુદેમાં વિરહાગ્નિ ઝાળ;
ભોજાઇ ભાઇ ભયભીત થૈને, રુએ ઘણાં સાસ ઉસાસ લૈને. ૫
પછી જઇ રામપ્રતાપજીયે, જોયું પુરીમાં વળતી નદીયે;
જોઇ જઈને સહુ ફૂલવાડી, જોવા તણી સર્વ મણા મટાડી. ૬
પછી ઉદાસી થઈ ઘેર આવ્યા, પ્રભુ તણી ભાળ કશી ન લાવ્યા;
કુટુંબ સૌને ઉપજ્યો કલેશ, રહી નહી ધીરજ ચિત્ત લેશ. ૭
થયા ઉદાસી પુરવાસી લોક, સૌને થયો ચિત્ત અથાગ શોક;
રહ્યાં ઘરોઘેર સુઅન્ન રાંધ્યાં, શોકે સહુ ઊપર બાણ સાંધ્યાં. ૮
દિસે અયોધ્યાપુર આજ કેવું, આત્મા વિના હોય શરીર જેવું;
રુવે જનો બાળક ને જુવાન, વૃદ્ધો તણી તો ગઇ શુદ્ધ સાન. ૯
રુએ અતિશે વળી ભાઇ છોટા, ભાઇ ગયા ક્યાં મુજથી જ મોટા;
માતા પિતા તો ગતબાળ મેલી, મેં જાણ્યું મારો ઘનશામ બેલી. ૧૦
તે પાળશે સૌ મુજ લાડ કોડ, મનોર્થ મારા ફળશે કરોડ;
લગાડી તેણે તજતાં જ વાર, દયા ન આવી દિલમાં લગાર. ૧૧

**ઇચ્છારામભાઇનો વિલાપ :**

**લખમણા જાગને હોજી રે બંધવા બોલ દે એકવાર - એ રાગ**

**પદ : ૧**

હવે હું ક્યાં જઉં હો જી રે સુખનિધિ ક્યાં મળે ઘનશામ.....ટેક.
સગાં તજીને શ્રીહરિ ગયા તીરથ કરવા કામ,
છાતિ ફાટે તેમ છેક રુએ છે અનુજ ઈચ્છારામ..હવે હું૦ ૧૨
અધર ફરકે અને વહે છે આંખે આંસુડાની ધાર,
મુખે વિરહની વેદનાનો કરે ઘણો પોકાર..હવે હું૦ ૧૩





માતપિતા મરતાં મને હતી અંતર એવી આશ,
શ્રીહરિ લાડ લડાવશે મને રાખી પોતાની પાસ..હવે હું૦ ૧૪
આને સદા સંભાળજો એમ કહી ગયાં માત તાત,
માતા પિતાનાં વચન તે કેમ ભૂલી ગયા તમે ભ્રાંત..હવે હું૦ ૧૫
બાળપણામાં મુક્યો રખડતો દયા ન આવી દયાળ,
હે કૃષ્ણ તમને કોણ કહેશે પ્રણતજનપ્રતિપાળ..હવે હું૦ ૧૬
મુખે માગું તે આપતા ઘણો નેહ જણાવતા નાથ,
રુદન કરતો દેખતા ત્યારે ચાંપતા છાતીસાથ..હવે હું૦ ૧૭
મારી આંખે આંસુ આવતાં ત્યારે નેણે ભરતા નીર,
આજ આંસુ લૂવા આવતા નથી વાલપ કયાં ગઇ વીર..હવે હું૦ ૧૮
છેક છોટો મુને જાણીને હરિ રાખો રુદેમાં વહાલ,
મુજને લાડ લડાવવા આવો વિશ્વવિહારીલાલ..હવે હું૦ ૧૯

**પદ : ૨**

હરિ તમે કયાં ગયા હો જી રે તમ વિના ટળવળું છું હુંય....ટેક.
મુજ વિના નવ બેસતા કદી ભોજન કરવા કાજ,
હવે ભોજન કેમ ભાવશે અરે મુજ વિના મહારાજ..હરિ તમે૦ ૨૦
દર્શન કરવા દેવનાં મને તેડી જતા નિજસાથ,
કઠણ કરીને કાળજું કેમ નાશી ગયા તમે નાથ..હરિ તમે૦ ૨૧
દિવસે દિલ નથી ગોઠતું ને રાતે રહ્યું નવ જાય,
શામ વિના અતિ સુનું લાગે મને મંદિર ખાવા ધાય..હરિ તમે૦ ૨૨
સંકટ બીજાં સાંખીએ પણ આ દુઃખ અપરમપાર,
જગતમાં કેમ જીવીએ ગયો જીવનનો આધાર..હરિ તમે૦ ૨૩

મેડી મંદિરને માળિયાં વળી ચૌટા ચોક બજાર,
તમ વિના ત્રિભુવનપતિ મને ભાસે બધું ભયંકાર..હરિ તમે૦ ૨૪
રોઇ આંખો રાતી થઇને નેણનું ખૂટ્યું નીર,
દુઃખસાગરમાં ડુબતાં કરો સહાય શામશરીર..હરિ તમે૦ ૨૫
પાળી પોષી મોટો કર્યો પછી માર્યા વિરહનાં બાણ,
હે જગજીવન તમ જતાં કેમ જીવાય જીવનપ્રાણ..હરિ તમે૦ ૨૬
આગ્ય થકી અતિ આકરી લાગે વીર વિરહની ઝાળ,
ઉતાવળા આવી ઓલાવી નાંખો વિશ્વવિહારીલાલ..હરિ તમે૦ ૨૭

**પદ : ૩**

હવે હું શું કરું હો જી રે હરિ વિના કેમ મેં રહેવાય.......ટેક.
ભણકારા મને ભાઇના વાગે જાણું કરે છે સાદ,
પળેપળે પુરુષોત્તમ કેરા આવે ગુણ મને યાદ..હવે હું શું૦ ૨૮
મને મૂકી તમે બાંધવ મારા નહિ પીતા કદી નીર,
એવો અપૂરવ સ્નેહ સદાનો કેમ વિસાર્યો વીર..હવે હું શું૦ ૨૯
મેં જાણ્યું મને પરણાવશે હરિ અંગ ધરીને ઉમંગ,
નોતું જાણ્યું નીલકંઠજી આમ રંગમાં કરશો ભંગ..હવે હું શું૦ ૩૦
ભાઇ મને ભલી વિદ્યા ભણાવશે એવી હતી ઘણી આશ,
હામ હૈયાની રહી હૈયામાં કીધો અતિશે ઉદાસ..હવે હું શું૦ ૩૧
વાંક કરમના આંકનો એમાં કરી શકે શું કોય,
બાળપણે શીદ માતા મરે જો કરમમાં સુખ હોય..હવે હું શું૦ ૩૨
માત પિતા વીસર્યા હતાં મને દેખી હરિનું હેત,
તે તો હરિ મને તજી ગયા તેથી આજ થયો છું અચેત..હવે હું શું૦ ૩૩





વિવેકહીન તું દિસે વિધાતા મનમાં ન રાખે મેહેર,
વાલા વીરાનો વિજોગ લખીયો કર્યો તે કાળો કેર..હવે હું શું૦ ૩૪
કોણ જાણે હવે કેટલો જાશે વીર વિજોગે કાળ,
મને ફરીથી ક્યારે મળશે વિશ્વવિહારીલાલ..હવે હું શું૦ ૩૫

**પદ : ૪**

ધીરજ કેમ ધરું હો જી રે વિરહની વેદના ન ખમાય.....ટેક.
પાંખોવાળાં પંખીયો તમે વિચરો દેશ વિદેશ,
ભાઇ તમારો ટળવળે એમ શામને કહો સંદેશ..ધીરજ કેમ૦ ૩૬
ઉચ્ચરજો વળી એટલું જે ઘેર આવો ઘનશામ,
તમ વિના ત્રિભુવનપતિ અતિ રુએ છે ઇચ્છારામ..ધીરજ કેમ૦ ૩૭
દયા કરીને દયાનિધિ ક્યારે દેશો દર્શનદાન,
ભુજા ભીડીને ભાવથી ક્યારે ભેટશો શ્રીભગવાન..ધીરજ કેમ૦ ૩૮
વિસારતાં નવ વીસરે વાલા વાલપકેરાં વેણ,
નાથ ક્યારે નિરખાવશો રૂડાં નેહ ભરેલાં નેણ..ધીરજ કેમ૦ ૩૯
સાંભળ પોપટ પંખીયા તને આપીશ દાડમ દ્રાખ,
જૈ જગજીવન આગળે મારું દુઃખ દેખીને દાખ્ય..ધીરજ કેમ૦ ૪૦
કોઇતણું દુઃખ દેખી ન શકતા તેવી તમારી ટેવ,
આવું દુઃખ મને આપતાં કેમ કઠણ દિલ કર્યું દેવ..ધીરજ કેમ૦ ૪૧
રુદન ઇચ્છારામનું સુણી લોક કરે ત્રાયત્રાય,
નિરખીને નર નારીયો સૌ દિલથી દિલગીર થાય..ધીરજ કેમ૦ ૪૨
ભોજન જળ ભાવે નહિ રુએ વૃદ્ધ તરુણ ને બાળ,
કહે જનો નિરદય થયા કેમ વિશ્વવિહારીલાલ..ધીરજ કેમ૦ ૪૩

**ઉપજાતિવૃત્ત :**

વળી રુએ રામપ્રતાપ આપ, ઘણે પ્રકારે કરીને વિલાપ;
કહે ગયા ક્યાં ઘનશામ ભાઇ, શું તોડી ચાલ્યા પળમાં સગાઇ? ૪૪
કરતા હતા વાત વને જવાની, તથા તહાં જૈ તપસી થવાની;
હું જાણું છું જે હરિ એ જ કાજ, લીધી હશે શું વનવાટ આજ. ૪૫

**રામપ્રતાપભાઈકૃત વિલાપ : લલિતવૃત્ત :**

અરર ભાઇ રે ક્યાં તમે ગયા, દિલ થકી તજી કેમ રે દયા;
તમ વિના અમે કેમ જીવશું, નવ વિચારિયું તે તમે કશું. ૪૬
અધવચે તજ્યાં સિંધુમાં તમે, ઉગરશું હવે કેમ રે અમે;
સુખદ શામને ક્યાં હવે મળું, વિરહ આગની ઝાળમાં બળું. ૪૭
વરત વાઢિયો[૧] કૂપમાં ધરી, નવ ઘટે તને ભ્રાત હે હરી;
અધિક સુખની આશ આપીને, સુખ તણાં ગયો મૂળ કાપીને. ૪૮
સુખ તણા હતા દિન તે ગયા, દુઃખ તણા હવે સિંધુ રેલિયા;
અમપરે અરે દૈવ કોપિયો, દુઃખ તણો શિરે દર્ભ રોપિયો. ૪૯
જલધિમાં જતાં નાવ ભાંગિયું, જરુર કષ્ટ આ એવું જાગિયું;
ખુટલ થૈ પડ્યા ખેડું ખારવા, નવ રહ્યા ઉભા નાવ તારવા. ૫૦
હરિ તમે ક્રિયા એવી આચરી, કઠણ થૈ દિલે ક્રૂરતા ધરી;
અરર આવડું નોતું જાણિયું, ઉર વિષે અમે હેત આણિયું. ૫૧
પ્રિય ગણી અમે પ્રાણ સોંપિયા, તદપિ હે હરિ કેમ કોપિયા;
જળ વિના રહી મત્સ તો મરે, ધીરજ તે ધરી કેમ ઊતરે. ૫૨
નવ લઇ ગયો સાથ મુજને, તજી જતાં ગમ્યું કેમ તુજને;
કરત સેવના વાટ ઘાટમાં, પડત હું નહીં આ ઉચાટમાં. ૫૩



૧.અધવચ્ચે દગો દેવો.



અમ તણાં તમે ચિત્ત ચોરિયાં, તપિત તેલમાં આજ ઓરિયાં;
ધીરજ અંતરે કેમ આણિયે, મરણ આ થકી મિષ્ટ જાણિયે. ૫૪
વિરહવેદના કેમ રે ખમું, સુખદ શોધવા ક્યાં હવે ભમું;
પરમ શાંતિ તે કેમ પામિયે, હરિ વિના હવે ક્યાં વિરામિયે. ૫૫
દુઃખદ દૈવ રે શું તને ગમ્યું, કઇ રીતે જશે દુઃખ આ ખમ્યું;
સુખ તણાં અરે સ્વપ્ન થૈ ગયાં, સ્મરણ રૂપી તો દાહ દૈ ગયા. ૫૬
નવ મળી કદી વસ્તુ જેહને, બળતરા નહીં તેની તેહને;
પ્રથમ પ્રાપ્ત થૈ જો પછી પળે, સતત સાંભરે કાળજું બળે. ૫૭
સુત સુતા તથા નારી સાંપડે, જગતમાં હિરા મોતી તો જડે;
સરવ વસ્તુની ખામી તો ટળે, પણ અરે સગો ભાઇ ક્યાં મળે. ૫૮
વન વિષે હરિ જો ગયા હશો, વનનિવાસી ત્યાં શી રીતે થશો;
જઇ ઉજાડમાં કેમ ગોઠશે, સમ વયે સખા કોણ ત્યાં હશે. ૫૯
વય તમારી છે છોટી છેક રે, નથી ગયા કદી કોશ એક રે;
વન વિલોકીને બીક લાગશે, મૃદુલ પાવમાં ભ્રંઠ[૧] વાગશે. ૬૦
વન વિષે વસે સિંહ સિંહણો, રવિ તણો તપે તાપ ત્યાં ઘણો;
મૃદુલ પાવમાં મોજડી નથી, ફિકર તો મને થાય તેહથી. ૬૧
કઠણ કાંકરા ખૂબ ખૂંચશે, ચરણ કંટકો કોણ કાઢશે;
સમીપ હોત જો સેવકો અમે, ધરત ચાલતાં હાથ તે સમે. ૬૨
ધરત શીશ તો છત્ર શામને, કરત ચિત્તની પૂર્ણ હામને;
સરજ દૈવ જો વાદળું મને, જઇ કરું શિરે છાય કૃષ્ણને. ૬૩
અતિ સુભાગિ તો ગુટકો થયો, વળગીને ખભે સાથ તે ગયો;
વિધિ મને નહીં કેમ તેં કર્યો, અતિ અભાગિયો એથી હું ઠર્યો. ૬૪



૧.કાંઠો, ડાભડા

વિચરતાં વને થાક લાગશે, ચરણ તે સમે કોણ ચાંપશે;
સમીપ હોત હું દાસ તત્ર તો, કરત સાથરો[1] કેળપત્ર તો. ૬૫
તરસ લાગશે મુજ વીરને, તરત આપશે કોણ નીરને;
વળતી લાગશે ભૂંડી ભૂખડી, સરસ આપશે કોણ સૂખડી. ૬૬
રુદન હું કરું દિન રાતડી, નથી જ ફાટતી કેમ છાતડી;
મુજ જતો નથી કેમ પ્રાણિયો, અધિક જીવી શો લાભ જાણિયો. ૬૭
વિલપિ એ રીતે વીર ત્યાં રડે, ઉભય આંખથી આંસુડાં પડે;
પુરજનો રડે દુઃખ જોઈને, નવ રહ્યું દિલે ધૈર્ય કોઈને. ૬૮
સકળ શોકના સિંધુમાં પડ્યા, અતિ ઉચાટ તો ચિત્તમાં ચડ્યા;
પણ ઉપાય તો કાંઈ ના સુજે,અધર ફર્ફડે અંગ તો ધ્રુજે. ૬૯
વીરવધૂ રુએ ત્યાં સુવાસિની, મૂરતિ સાંભરે સુખ રાશિની;
અધિક આંખથી આંસુઓ ઝરે, વિરહની મુખે વાણી ઉચ્ચરે. ૭૦

**અથ સુવાસિનીકૃત વિલાપ : રાગ વણઝારાનો :**

અમને તજી તમે ક્યાં ગયા પ્રાણ પ્યારા રે,
આવા કઠણ થયા છો કેમ દિયરજી મારા રે;
આવી રીતે દુઃખ આપિયું પ્રાણ૦
દયાવંતને ન ઘટે એમ દિયરજી૦ ૭૧
મૂર્તિ તમારી માધુરી પ્રાણ૦
વાલાં લાગે મીઠાં મુખ વેણ દિયરજી૦
પળ એક પણ કેમ વીસરે પ્રાણ૦
રૂડાં નેહભરેલાં નેણ દિયરજી૦ ૭૨
અરુણ વરણ બે ચરણ છે પ્રાણ૦



[1] ૧.પથારી



ચિત્ત ચોરે ચટકતી ચાલ દિયરજી૦
ચરણ વિષે સોળ ચિહ્ન છે પ્રાણ૦
હું તો નિરખીને થાતી નિહાલ દિયરજી૦ ૭૩
ઉભય ઉરુ કદળી સમા પ્રાણ૦
ધરે શંકર જેહનું ધ્યાન દિયરજી૦
સિંહના સરખી કેડ છે પ્રાણ૦
નાભી બ્રહ્માનું જન્મસ્થાન દિયરજી૦ ૭૪
પોયણીપત્ર શું પેટ છે પ્રાણ૦
જેમાં બ્રહ્માંડ રહે છે અનેક દિયરજી૦
સુંદર છાતી વિશાળ છે પ્રાણ૦
એમાં શ્રીવત્સ ચિહ્ન છે એક દિયરજી૦ ૭૫
લાંબા ભલા ભુજ દંડ છે પ્રાણ૦
નખપંક્તિ મનોહર લાલ દિયરજી૦
હોઠ રાતા રળિયામણા પ્રાણ૦
શોભે ગોરા રુપાળા ગાલ દિયરજી૦ ૭૬
દાંત દાડમનાં બીજ છે પ્રાણ૦
શુકના જેવું નમણું નાક દિયરજી૦
લોચન પદ્મની પાંખડી પ્રાણ૦
એની શોભા તો કહીયે અથાગ દિયરજી૦ ૭૭
ભ્રકુટી ભમરની પાંખ છે પ્રાણ૦
સારું શોભે છે ભાલ વિશાલ દિયરજી૦
તિલક કેસર કેરું કર્યું પ્રાણ૦

વચ્ચે કંકુનો ચાંદલો લાલ દિયરજી૦ ૭૮
વામ કરણમાં ચિહ્ન છે પ્રાણ૦
હું તો જીવતી તેને જોઇ દિયરજી૦
જીવનદોરી માહરી પ્રાણ૦
તે તો નાંખી ખરેખરી ખોઇ દિયરજી૦ ૭૯
આંહી ફરી ક્યારે આવશો પ્રાણ૦
ક્યારે દર્શન દેશો દયાળ દિયરજી૦
આગ ઓલાશે ઉર તણી પ્રાણ૦
જ્યારે પેખીશ જન પ્રતિપાળ દિયરજી૦ ૮૦
આ જગમાં ધિક જીવવું પ્રાણ૦
દીનબંધુ થકી થઇ દૂર દિયરજી૦
જીવન જો નહિ આવશો પ્રાણ૦
જશે જીવ જરુરા જરુર દિયરજી૦ ૮૧
ધામ મને ખાવા ધાય છે પ્રાણ૦
ભાસે શેહેર ભયંકર રાન દિયરજી૦
ભોજન તો ભાવે નહીં પ્રાણ૦
મને ગમતાં નથી ગીતગાન દિયરજી૦ ૮૨
રસકસ વિષ સરખા થયા પ્રાણ૦
ભાસે શૂળી સમો સંસાર દિયરજી૦
આવો મને સુખ આપવા પ્રાણ૦
મારા આતમાના આધાર દિયરજી૦ ૮૩
જીવન મુખ જોયા વિના પ્રાણ૦





મારે પળ એક જુગ જેવી જાય દિયરજી૦
મળવા રહ્યું મન ટમટમી પ્રાણ૦
જીવ આકુળ વ્યાકુળ થાય દિયરજી૦ ૮૪
આ દુઃખ સહન થતું નથી પ્રાણ૦
હું તો ઇચ્છું છું દેહનો અંત દિયરજી૦
જીવની વાત જાણો તમે પ્રાણ૦
વળી છોજી દિલે દયાવંત દિયરજી૦ ૮૫
આવો હરિ એકવાર તો પ્રાણ૦
ઝાઝી ઓલાવો વિરહની ઝાળ દિયરજી૦
વળતી વિચરજો વન વિષે પ્રાણ૦
વાલા વિશ્વવિહારીલાલ દિયરજી૦ ૮૬

**વસંતતિલકાવૃત્ત :**

કીધો વિલાપ અતિ તે સુણી કષ્ટ થાય,
જેથી કઠોર પણ પત્થર ફાટી જાય;
તે સાંભળી દશ દીશે દિગપાળ ડોલ્યા,
ત્યાં ત્રાહિત્રાહિ મુખથી સુર સર્વ બોલ્યા. ૮૭
જાણ્યું જરૂર સતીનો ઝટ જીવ જાશે,
કાં તો પ્રલે વિરહપાવકથી જ થાશે;
ચિંતા વિષે જન પડ્યા વળી સર્વ દેવ,
આવ્યા તહાં સુર કપીશ્વર તર્તખેવ. ૮૮
તેણે કહેલી હરિની મુખવાત કીધી,
દેખી દુઃખી સ્વજન ધીરજ ખૂબ દીધી;

જૈ ગુજરાત રચશે હરિ ધામ જ્યારે,
તેડાવશે સ્વજનને નિજપાસ ત્યારે. ૮૯
જેવી પ્રભુની મરજી સ્વજને રહેવું,
જો દુઃખ સુખ ઉપજે સહુ તે સહેવું;
કંકાસ ક્લેશ કરતાં અતિ કષ્ટ થાય,
રાજી રહે ત્રિકમ તેમ રહો સદાય. ૯૦
શ્રીશામ કેરું ધરશો ઉર ધ્યાન જ્યારે,
દેશે સદૈવ તમને હરિ દર્શ ત્યારે;
ચિંતા તજી મન પ્રસન્ન સદા રહેજો,
શ્યામે મને મુખ કહ્યું જઈને કહેજો. ૯૧
તીર્થો પવિત્ર કરવા વનમાં ગયા છે,
સ્નેહી સગાં ઉપર શ્રીહરિની દયા છે;
કાર્યો અનેક કરવા હરિ જન્મિયા છે,
તેથી સનેહ તજી શામ સિધાવિયા છે. ૯૨
તે સાંભળી સ્વજન ધીરજ ચિત્ત ધારી,
મેલી ઉદાસી મનની મનથી વિસારી;
ઈચ્છા હરિની ઉરમાં સમજી લઈને,
છાનાં રહ્યાં સ્વજન સ્વસ્થ સહુ થઈને. ૯૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી હનુમત ત્યાંથી તે ઘડીમાં, તરત ગયા હનુમાનની ગઢીમાં;
સ્વજન સકળ સર્વદા હરિને, સ્મરણ કરે છબી ધ્યાનમાં ધરીને. ૯૪

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે***





***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રી હરિવનગતે સંબંધિજનવિલાપકરણનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥***

**પૂર્વછાયો :**

હે નરપતિ હું હવે કહું, હરિના વિચરણની વાત;
ચાલ્યા પ્રભુ વટ વૃક્ષથી, થયું પ્રગટ જ્યારે પ્રભાત. ૧

**ચોપાઈ :**

જ્યારે વિચર્યા વને મહારાજ, ત્યારે હરખિયો સુરનો સમાજ;
પ્રભુ તીર્થોને પાવન કરશે, સઉ અસુર તણો મદ હરશે. ૨
વેદધર્મનો કરશે પ્રકાશ, થશે દેવોનાં સંકટ નાશ;
સર્વ દુષ્ટનો કરશે સંહાર, ભૂમિકેરો ઉતારશે ભાર. ૩
પ્રભુ ચાલ્યા જ્યાં કરવા પ્રવાસ, સર્વે અસુરને ઉપજિયો ત્રાસ;
થઈ પૃથવી તો મનમાં પ્રસન્ન, મને પદ રજે કરશે પાવન. ૪
તીર્થ લાગ્યાં હરખ મન ધરવા, પ્રભુ આવશે પાવન કરવા;
મન નિશ્ચે કરે શેષનાગ, મારાં પ્રગટિયાં પૂરણ ભાગ્ય. ૫
જે મેં પૃથ્વી ધારી છે શીશ, તેના ઉપર ફરશે મુનીશ;
પૃથ્વી કરશે ચરણરજરૂપ, સદા તે શિર ધરીશ અનૂપ. ૬
વસે નભમાં જે સૂરજ ચંદ, એને ઉપજ્યો વિશેષ આનંદ;
પ્રભુ પોઢતા મંદિરમાંય, ત્યારે નવ થતાં દર્શન ત્યાંય. ૭
વન વિચરશે વસ્તિને ત્યાગી, તેથી દર્શનની આડ ભાંગી;
હવે સાંભળો નૃપ ચિત્ત ધારી, ચાલ્યા જાય છે વનમાં મુરારી. ૮
જવા ઈચ્છા હિમાચળ ભણી, વાટ લીધી ઉત્તર દિશ તણી;
જે જે મારગે શ્યામ પધારે, રસ્તો તે આવી પવન સુધારે. ૯

વળી મેઘ કરે છંટકાવ, ભલો પ્રભુપદમાં ધરી ભાવ;
વળી મંદ સુગંધ ને શીત, એવો વાયુ વહે હરિ હીત. ૧૦
જ્યારે સૂરજનો તાપ તપે છે, શિર છાયા ત્યાં મેઘ કરે છે;
જ્યારે વાદળાં નભમાં છવાય, ત્યારે દર્શન રવિને ન થાય. ૧૧
શોષે મેઘનું જીવન ભાનુ, તે તો વેર તે કારણ માનુ;
પશુ પક્ષી વસે છે જે વનમાં, દેખી હરિને તે હરખે છે મનમાં. ૧૨
મૂર્તિ માવની છે ચિત્તચોર, જુએ સૌ જેમ ચંદ્ર ચકોર;
કોઇ પ્રાણી સમાધિમાં જાય, હરિધામ દેખી હરખાય. ૧૩
કોઇ પામે પૂરવભવ જ્ઞાન, કોઇ તો ધરે મૂર્તિનું ધ્યાન;
પોત પોતા તણી ભાષામાંય, પશુ પક્ષી હરિગુણ ગાય. ૧૪
ડોલે પવનથી ઝાડની ડાળી, જાણે નાચે છે નાથને ભાળી;
નાની ડાળખી પવને ફરે છે, જાણે કૃષ્ણને ચમર કરે છે. ૧૫
પત્ર પુષ્પ કે ફળ પડે આવી, જાણે પ્રભુજીને પૂજા ચડાવી;
પક્ષી ઉચરે મધુર સ્વર એમ, પૂજા મંત્ર ભણે વિપ્ર જેમ. ૧૬
કરે મોર ત્યાં મોટો ઉચ્ચાર, જેમ બોલે મુખે છડીદાર;
વનવાસીને તે ચેતાવે છે, નિઘા[1] રાખો નિહાળો કહે છે. ૧૭
લીલાં ઘાસ દિસે મનહરણાં, જાણે પાથર્યા હોય પાથરણાં;
નભે મેઘે અખાડો મચાવ્યો, જાણે ઈન્દ્ર તે દર્શને આવ્યો. ૧૮
તાણ્યું ઈન્દ્રે ધનુષ્ય આકાશ, જાણે તજીયો અસુરનો ત્રાસ;
હવે હરિની સહાયતા જાણી, રહ્યો અસુર ઉપર ચાપ તાણી. ૧૯
કરે વિજળી બહુ સળકારા, જાણે ખડગ તણા ચળકારા;
ગાજે વ્યોમ વિષે વરસાદ, જાણે નોબતનો એ તો નાદ. ૨૦



૧.દષ્ટિ, નજર



હરિને શિર વરસે છે મેહ, અભિષેક કરે છે શું એહ;
ચાલ્યા નાના પ્રવાહ તે ત્યાંય, મળ્યું હરિચરણોદક માંય. ૨૧
તે તો જઇ મળિયા સરિતાને, જેમ પુત્ર કમાઇ દે માને;
સતીને મળે જો વસ્તુ સારી, તે તો સ્વામીને સોંપે વિચારી. ૨૨
તેમ નદી ચરણોદક લૈને, સોંપે સાગરને સર્વ જઇને;
નીચી ભૂમિકા જ્યાં જ્યાં જણાય,જળ ત્યાં ત્યાં જઇને ભરાય. ૨૩
જેમ નમ્રતા જેહ ધરે છે, તેમાં સદ્‌ગુણ જઇને ઠરે છે;
અભ્રવૃંદ[1] આવે અને જાય, જેમ દર્શને સુર સમુદાય. ૨૪
કળા પૂરીને મોર નાચે છે, જાણે મુગટ થવાને ઇચ્છે છે;
ઘણા દાદુરના શબ્દ થાય, જાણે હરિજન હરિગુણ ગાય. ૨૫
ઈન્દ્રગોપ[2] નજર બહુ આવે, જાણે સુર મણિ લાલે વધાવે;
પ્રભુ ખેપી પાપી બળી જાય, તેમ સર્વે જવાસા સુકાય. ૨૬
ધરા ઉપર ધૂળ ન ભાસે, જેમ પ્રભુ પરસે અઘ નાસે;
જળ નવ રહે ખંડિત સરમાં, જેમ ગુણ ન રહે ખળ નરમાં. ૨૭
જળ થાય મેલું મહિસંગ, જાણે સંગનો લાગ્યો છે રંગ;
શોભે ધાન્ય અંકુર શુભપેર, જાણે લક્ષ્મીની એ તો લહેર. ૨૮
બહુ ઉપજ્યા દિસે જીવજંત, ધર્યા દેહ શું મુક્ત અનંત;
પુણ્યશાળી ન હોય જો પ્રાણી, કેમ દર્શન દે પદ્મપાણી. ૨૯
બ્રહ્મા ભવ જેહ દર્શન ચહાય, પૂરા પુણ્ય વિના ક્યાંથી થાય;
જ્યારે ચાલ્યા પ્રભુ જુગ જામ, ત્યારે આવ્યું ત્યાં તો એક ગામ. ૩૦

**પૂર્વછાયો :**

પાણી પીવા પ્રભુજી ગયા, પાસે સરોવર તીર;



૧.વાદળા ૨.ગોકળગાય

ગામની નારી અનેક મળી, ભરતી હતી ત્યાં નીર. ૩૧
ત્યાંથી તટ એકાંત જૈ, ગળી લીધું જળ તતકાળ;
શાલગ્રામને તે ધરી, પછી પીધું દીનદયાળ. ૩૨

**ચોપાઈ :**

ત્યાં તો આવી ચડી એક નારી, તેણે દીઠા બટુક બ્રહ્મચારી;
રુડી મૂર્તિ મનોહર જોઇ, ઘણીવાર રહી ચિત્ત પ્રોઇ. ૩૩
પછી જૈ કહી બીજીને વાત, એક અરચજ છે સાક્ષાત;
ચાલો નિરખો બટુક બ્રહ્માચારી, છબી તેની ત્રિલોકથી ન્યારી. ૩૪
એવું સાંભળીને સહુ બાઇ, બેડાં મૂકી તે જોવાને ધાઈ;
રાંક સોનું તે લૂંટવા જાય, તેમ સર્વ ઉતાવળી ધાય. ૩૫
કોઇ દોડતી ભોંય પડે છે, ઉઠી તરત ફરીને દોડે છે;
જઇ નિરખિયા તે બ્રહ્મચારી, દેખી વિસ્મિત થઇ સૌ નારી. ૩૬
છબી અદ્‌ભુત છે એમ જાણી, વનિતા એક ઉચ્ચરી વાણી;
આતો છે કોઇ રાજકુમાર, કાં તો દેવ તણો અવતાર. ૩૭
જેહ માત આવો પુત્ર પામી, તેના ભાગ્ય વિષે નહીં ખામી;
પૂરાં પુણ્ય કર્યા હોય જ્યારે, આવો પુત્ર તો પામીયે ત્યારે. ૩૮
ત્યારે બોલી બીજી એક બાઇ, ક્યાંથી આવ્યો હશે એહ ભાઈ?
કાં તો ક્યાંઇ જતાં ભૂલો પડિયો, તેથી આ ઠેકાણે આવી ચડિયો. ૩૯
પડે છે મારા મન માંહિ ભ્રાંત, માતા કરતી હશે કલપાંત;
આવું રત્ન તે ખોવાયું જેનું, ઘરે ધીરજ મન કેમ તેનું ? ૪૦
ત્રીજી બાઇ બોલી મર્મ એવો, આનો વેષ છે જોગીના જેવો;
કોઇ જોગિયે કરવાને ચેલો, ભૂતિ નાંખી હશે ભ્રમાવેલો. ૪૧





પછી ત્યાંથી હશે લાગ ફાવ્યો, ત્યારે નાસીને આ ગામ આવ્યો;
ત્યારે બોલી વળી એક નારી, એને પૂછિયે વાત વિચારી. ૪૨
એવો અંતરમાં મર્મ ધારી, કહ્યું બોલો બાળા બ્રહ્મચારી;
કહો તમને કેણે ભરમાવ્યા? કહો ક્યાં થકી આ ગામ આવ્યા ? ૪૩
તમે વાસ વસો કિયે ગામ ? કહો શું છે તમોતણું નામ ?
તમે જનમિયા તે કઇ જાત ? કહો કોણ છે માત ને તાત ? ૪૪
કેમ દેશનો ત્યાગ કર્યો છે ? કેમ જોગીનો વેષ ધર્યો છે ?
હજુ ઉમ્મર છે છોટી છેક, ક્યાંથી આવ્યા તમે એકાએક ? ૪૫
કોઇ ધૂતારે દેખાડી માયા, કે શું માતપિતાથી રિસાયા?
કે શું ભાભીએ મેણલું માર્યુ ? તેથી હેત સગાનું ઉતાર્યુ. ૪૬
અતિ કોમળ દિસે છે અંગ, કેમ શોધ્યો ન કોઈનો સંગ ?
નથી કેમ પગરખાં પગમાં, કેમ ચાલી શક્યા જ મારગમાં ? ૪૭
ચાલો ગામમાં બાળક બાવા, દેશું માખણ રોટલો ખાવા;
દિસે દુધિયા દાંત તમારા, તમે છો પરણ્યા કે કુંવારા ? ૪૮
પુરાં વસ્ત્ર નથી તમ પાસે, કેમ નીસર્યા ભર ચોમાસે ?
જ્યારે ચોમાસું જગતમાં થાય, ત્યારે જન પરગામ ન જાય. ૪૯
જાય વેપારી પરદેશ જેહ, આવે ઘેર ચોમાસે તો એહ;
રાજા જીતવા જાય વિદેશ, વસે ચોમાસે આવી સ્વદેશ. ૫૦
જોગી પણ જ્યારે ચાતુરમાસ, વસે એક સ્થળે સ્થિર વાસ;
પંખી માળો રચી સ્થિર થાય, દુર દેશ ચોમાસે ન જાય. ૫૧
તમે નિસર્યા ઉતાવળા આમ, એવું શું છે ઉતાવળું કામ ?
સાચે સાચી કહો વાત અમને, નહિ તો જવા નહિ દૈયે તમને. ૫૨

પત્ર લખશું તમારા સગાને, તેથી આવશે તે તેડવાને;
એવાં ઉચાર્યા વચન અનેક, આપ્યો હરિએ ન ઉત્તર એક. ૫૩
ત્યારે એક કહે સુણો બાઇ, કાં તો બાળ ગયો ગભરાઇ;
કાં તો ભૂતિથી મન છે ભ્રમાતું, તેથી બોલી નથી જ શકાતું. ૫૪
એક પ્રમદા પકડવા ધાય, ત્યારે જીવન વેગળા જાય;
નથી ગમતો નારીતન ગંધ, નથી ગમતો બોલ્યાનો સંબંધ. ૫૫
નથી ગમતું જ વસ્તિમાં વસવું, નથી ગમતું કોઇ સાથે હસવું;
ચાલ્યા ચપળ ગતી બ્રહ્મચારી, તેને પકડી શકી નહિ નારી. ૫૬
જ્યારે દીઠા નહીં અવિનાશ, વળી પાછી થઇને નિરાશ;
પણ મૂર્તિ વશી મનમાંય, તે તો કદીયે ન વીસરી જાય. ૫૭
સદ્‌ગુણ તેના સાંભરે જ્યારે, સ્નેહ ઊપજે અંતરે ત્યારે;
એવી રીત્યે જ્યાં જ્યાં હરિ જાય, કોટિ જીવનાં કલ્યાણ થાય. ૫૮
જેના મનમાં વસે પ્રભુ આપ, તેનાં પળમાં પ્રલય થાય પાપ;
અંતકાળે જો સાંભરી આવે, એ તો અક્ષરધામ સિધાવે. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર વિચરી તહાંથી દૂર, રજનિ રહ્યા વનમાં જઇ જરૂર;
અસુર અધિક આવતા વિલોકી, દિગપતિ દેવ કરે સદૈવ ચોકી. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવનવિચરણે વર્ષાવર્ણનનામા દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**ઉપજાતિવૃત્ત :**

હે ભૂપતિ શ્રીહરિ છે સુજાણ, પ્રભાતમાં ઊઠી કરે પ્રયાણ;





કદાપિ માગે જનપાસ ભિક્ષા, કદાપિ દે છે વળી સારી શિક્ષા. ૧
આહાર ક્યારે ફળનો કરે છે, ક્યારેક તો પેટ જળે ભરે છે;
કરે પ્રભુજી દિવસે પ્રવાસ, વસે નિશાયે વનમાં જ વાસ. ૨
એવી રીતે તે વિચર્યા વિદેશ, ઉલંઘિયાં ગામ પુરો વિશેષ;
વીત્યા ઘણા વાસર એમ જ્યારે, તે નૈમિષારણ્ય ગયા જ ત્યારે. ૩
કાલિંદિ ગંગાતટ ભાગ એહ, ગણાય છે પૃથ્વી પવિત્ર જેહ;
જ્યાં નિર્મળી ધેનુમતિ નદી છે, નિવાસ ત્યાં સૌ સુરસાથ ઇચ્છે. ૪
મુનિ તણા આશ્રમ ત્યાં અનેક, મળ્યા મુનિ સૌ ગણિ ઈષ્ટ એક;
લેતાં સગાં દર્શનસુખ જેહ, દીધું મુનીને લઇ ત્યાંથી તેહ. ૫
સર્વે મુનિને મન ધૈર્ય દીધું, વિજોગનું કષ્ટ વિનાશ કીધુ;
કરી તહાં વાસર ચાર વાસ, પછી પધાર્યા કરવા પ્રવાસ. ૬
આવ્યું જતાં શ્રીપુરનામ ગામ, આદિત્ય અસ્તંગત એહ ઠામ;
સમીપ દીઠો મઠ એક સારો, ત્યાં ઓટલે આવી કર્યો ઉતારો. ૭
મહાંતજી તે મઠમાં રહે છે, તે આવીને શ્રીહરિને કહે છે;
હે બ્રહ્મચારી મઠ માંહી આવો, કાં તો તમે ગામ વિષે સિધાવો. ૮
આવો જમો ભોજન રૂડીભાતે, સુવો સુખેથી મઠ માંહી રાતે;
ભાસે નિશામાં ભય સિંહ કેરો, તે પ્રાણીનો નાશ કરે ઘણેરો. ૯
કહું દયા અંતર માંહિ આણી, માનો મહારાજ અમારી વાણી;
કહે હરિ કાંઇ ધરૂં ન ત્રાસ, વસ્તિ વિષે તો ન ગમે નિવાસ. ૧૦
ઇચ્છા નથી ભોજનની અમારે, શું કામ છે તો મઠ માંહિ ત્યારે?
આ ઓટલે ઠીક અમે સુવાશે, ભવિષ્યમાં જેહ થવાનું થાશે. ૧૧

**અથ મૃત્યુ વિષે :**

સંતાઇ પેઠે નહિ મોત મુકે, ચુકાવવાથી નહિ મોત ચૂકે;
અનેક દોરા દર્શિ[1] હાથ બાંધે, આયુષ્ય તૂટે નહિ કોઇ સાંધે. ૧૨
રાજા જુઓ વૈદ્ય અનેક રાખે, આરોગ્ય થાવા બહુ ચીજ ચાખે;
જીવાડવા જત્ન ઘણા કરે છે, તે તો ઘણા બાળપણે મરે છે. ૧૩
મૂર્ખા જનો મોત થકી ડરે છે, તે શું ડર્યાથી કદી ઊગરે છે ?
મોડું વહેલું મરવાનું જાણે, તો તે મુઆનો ભય શીદ આણે. ૧૪
જ્યાં મોત આવી ગ્રહશે જરૂર, જવા નહીં દે ડગ એક દૂર;
ત્યારે વિચારી દઢ ચિત્ત થાવું, જ્યારે મળે તત્ક્ષણ ઊઠી જાવું. ૧૫
વાટે મળે કે કદી નીર ઘાટે, નહીં મુઝાવું મન મોત માટે;
તૈયાર થૈ નિત્ય જને રહેવું, ખમો ઘડી એમ નહીં કહેવું. ૧૬
આત્મા કદીયે મરતો નથી જ, સદા શરીરે ઠરતો નથી જ;
જ્ઞાની મુઆથી ડરતો નથી જ, તે હર્ષ શોકે કરતો નથી જ. ૧૭
જેને મરીને હરિધામ જાવું, તો શીદ શોકાતુર ચિત્ત થાવું;
જેને નથી નિશ્ચય ત્યાં જવાનો, તેને સદા શોક ઘણો થવાનો. ૧૮
એવું સુણીને ઉચર્યો મહાંત, વૃદ્ધો તણાં છે વચનો અભ્રાંત[2];
મેરૂ ડગે કે રવિ રાહ ચૂકે, મહીશ જોગી હઠ તો ન મૂકે. ૧૯
મહાંત સૂતો મઠમાં જઈને, તે દ્વારનાં જોડ કમાડ દઈને;
પડી નિશા ને પુરદ્વાર વાશી, સૂતા સહુ તે પૂરના નિવાસી. ૨૦
ગયા નિશાના જુગ જામ[3] જ્યારે, આવ્યો પ્રભુ આગળ સિંહ ત્યારે;
પાડે બહુ ત્રાડ પ્રમત્ત[4] તેહ, જાગ્યા મહાંતાદિક લોક જેહ. ૨૧
જાણ્યું મરાયો લઘુ બ્રહ્માચારી, જોયું ઉઘાડી અતિ ઊંચી બારી;



૧.દોરા-ધાગા ૨.ભ્રમ વિનાના ૩.બે પહોર-રાત્રિના બાર ૪.છકી ગયેલો, ગાંડો



દીઠો પ્રભુ આગળ સિંહ બેઠો, ત્યારે થયો કાંઇક જીવ હેઠો. ૨૨
ઊંચે રહી ધીરજ ઊર ધારી, જુએ તમાસો ચિત્તમાં વિચારી;
જોયું પ્રભુએ નિજદષ્ટિ સાંધી, તે સિંહને તો થઇ ત્યાં સમાધી. ૨૩
અપૂર્વ આશ્ચર્ય નિહાળી એવું, ન સાંભળેલું નવ દીઠું જેવું;
મહાંત ને શિષ્ય કરે વિચાર, આ તે હશે શંકર કે મુરાર. ૨૪
સમર્થ આ તો અતિશે જણાય, આવી ક્રિયા માણસથી ન થાય;
અરણ્યનો સિંહ દિસે અજાણ્યો, તે કેમ આ બાળકથી લજાણો? ૨૫
વીતી નિશાને પ્રગટ્યું પ્રભાત, જાગ્યાં પશું પક્ષી મનુષ્યજાત;
દૂરે રહીને જન સિંહ દેખે, આશ્ચર્ય મોટું ઉર માંહિ લેખે. ૨૬
વાણી વદે છે જન સર્વ એમ, આ વર્ણીને છે વશ સિંહ કેમ ?
તો સિંહ જેવો જુલમી જણાય, મનુષ્ય તો વશ્ય અવશ્ય થાય. ૨૭
બીજો કહે પશ્ચિમ દેશ જ્યાં છે, કાઠી તણો ત્રાસ ઘણો જ ત્યાં છે;
જો વર્ણી આ સોરઠ દેશ જાય, જરૂર કાઠીજન વશ્ય થાય. ૨૮
જે લોકની સંપત્તિ લૂંટી લે છે, જેનો બધી ભૂમિ વિષે જ ભે છે;
છે ક્રૂર તે વાઘ થકી વિશેષ, હત્યા કરે પાપ ગણે ન લેશ. ૨૯
ગાયો હરે છે દ્વિજકેરી જ્યારે, દોડવતાં માર અપાર મારે;
તેનાથી ધ્રુજી રહી આખી ધર્તી, કરી શકે શું નૃપ ચક્રવર્તી. ૩૦

**પૂર્વછાયો :**

એવી રીતે જન જોઇને, કહે આ તો અપૂર્વ છે વાત;
ઇશ્વરનો અવતાર છે, એહ જોગી નહિ જનતાત. ૩૧

**ચોપાઈ :**

પછી ત્યાંથી ચાલ્યા મહારાજ, નદીને તટ નાવાને કાજ;

સિંહ શ્રીહરિ પાછળ જાય, જેમ ગોવાળ પાછળ ગાય. ૩૨
કહે સિંહને શ્રીઅવિનાશી, જાઓ વનમાં તમે વનવાસી;
પછી સિંહ ચાલ્યો ગયો વનમાં, ચાલી વાત તે તો પુર જનમાં. ૩૩
ત્યારે દર્શન કરવાને કાજ, ચાલ્યો પુરમાંથી જનનો સમાજ;
કહે લોક કરીને પ્રણામ, રહો નાથ અમારે જ ગામ. ૩૪
ત્યાં તો આવ્યા બાવો મઠધારી, ઘણે આગ્રહે વિનતિ ઉચ્ચારી;
ચાલો સોંપીશ હું મઠ તમને, શેર અન્ન જ આપજો અમને. ૩૫
લક્ષ દ્રવ્યની તો છે પેદાશ, વળી છે બહુ દાસી ને દાસ;
થાઓ સર્વેના માલિક તમે, દાન પુન્ય કરો જેમ ગમે. ૩૬
સુણી બોલિયા શ્રીહરિ ત્યારે, નથી વૈભવ જોતો અમારે;
અમે તો જશુ તીર્થમાં ફરવા, સારા સંતનો સત્સંગ કરવા. ૩૭
ઉપજે જેને સાચો વૈરાગ, તે તો રાજ્યનો પણ કરે ત્યાગ;
પ્રભુચરણને ચિત્ત ચહાય, તે તો લક્ષ્મીથી નવ લલચાય. ૩૮

**સાચા વૈરાગ્ય વિષે : ઉપજાતિવૃત્ત :**

સંસાર છોડી જન ભેખ ધારે, તે તો દિસે છે ત્રિવિધ પ્રકારે;
ભાખું હવે સાંભળ ભેદ ભાઇ, ક્રોધે સુબોધે કરજે મુંઝાઇ. ૩૯
સંસાર છોડે કરી જેહ ક્રોધ, તે ત્યાગી થૈને કરશે વિરોધ;
સત્સંગકેરો મહિમા ન જાણે, નિમિત્ત અલ્પે અતિ ક્રોધ આણે. ૪૦
સૂજે નહી ઉદ્યમ દેવું થાય, મુંઝાઇ જોગી થઇ માંગી ખાય;
તે તેહના લક્ષણથી જણાશે, પદાર્થ કે સ્વાદ સદા ચહાશે. ૪૧
સંસાર તો સર્વ અસાર જાણી, જ્ઞાની તજે તેહ વિરાગ આણી;
જો અંતરેથી ઉલટી કરાય, તે પાછું ખાવા ચિત્ત શું ચહાય. ૪૨





સદ્યોગી સૌને નમતો રહે છે, તે શ્રીહરિને ગમતો રહે છે;
દશેન્દ્રિયોને દમતો રહે છે, માનાપમાનો ખમતો રહે છે. ૪૩
જે જોગી ઈંદ્રાસન તુચ્છ જાણે, તે દ્રવ્યઈચ્છા ઉર કેમ આણે;
સ્વાત્મા થકી ભિન્ન શરીર ધારે, ઈચ્છે નહીં દૈહિક સુખ ક્યારે. ૪૪
એવું કહી શ્રીહરિ તો સિધાવ્યા, જોતાં જનોની નજરે ન આવ્યા;
આશ્ચર્ય પામ્યા પુરના નિવાસી, વિજોગથી સર્વ થયા ઉદાસી. ૪૫
ઉલંઘી મોટું વન વાટકેરું, ક્ષુધાદિ સંકષ્ટ સહી ઘણેરું;
વીતી ગયા વાસર કૈંક જ્યારે, ગયા હરદ્વાર દયાળુ ત્યારે. ૪૬
જ્યાં ગુપ્તગંગા પ્રભુ ત્યાં પધાર્યા, જ્યોતિર્મઠે જૈ જન કૈંક તાર્યા;
શ્રીપુરથી સંચરી મેઘશામ, રહ્યા જઈને બદરીશ ધામ. ૪૭

**પ્રમિતાક્ષારાવૃત્ત :**

બદરીશ પાસ નદી ગંગ વહે, સુરલોકવાસી પણ ચિત્ત ચહે;
તનના ઉતાપ વળી પાપ હરે, જળથી પવિત્ર પળ માંહિ કરે. ૪૮
બહુ લોકસંઘ સજી જાય તહાં, જપવાથી થાય જપ સિદ્ધિ જહાં;
તટમાં તપસ્વિ જન વાસ કરે, હઠજોગ સાધી હરિધ્યાન ધરે. ૪૯
વળી વેદપાઠી ઋષિ વેદ ભણે, ઘરબાર છોડી રહી વર્ણિપણે;
ઋષિ કોઇ ગંગતટ યજ્ઞ કરે, ઉર સ્વર્ગવાસતણી આશ ધરે. ૫૦
હરખ્યા સમસ્ત હરિને નિરખી, સરિતા વિશેષ સહુથી હરખી;
કહી ધન્યધન્ય સુત ધર્મ તણા, સતકાર કીધ મળી સર્વ ઘણા. ૫૧
ધનહીન હોય ધન જેમ જડે, હરખાય રંકજન રાજ વડે;
ઉર સર્વને જ મુદ એમ થયો, કવિથી કદાપિ નવ જાય કહ્યો. ૫૨
અજ ઈશ નીશદિન ધ્યાન ધરે, મળવાની આશ મન માંહિ કરે;

કદી કલ્પ કોટિપણ જાય વહી, હરિમૂર્તિ તોય દરશાય નહી. ૫૩
કરુણાનિધાન કરુણા કરીને, મળિયા સુદેહ નરનો ધરીને;
જનજન્મ ધન્ય સુર સર્વ ગણે, સદભાગ્ય ભૂરિ સુરભૂપ ભણે. ૫૪
પ્રભુ નાહિ ગંગજળ પાન કર્યું, સરિતાનું સર્વ મળ શામ હર્યુ;
પ્રભુ ધન્યધન્ય સરિતા ઉચરી, મુજને પવિત્ર અતિ આજ કરી. ૫૫

**પૂર્વછાયો :**

નિર્મળ નારદકુંડ છે, તપ્તકુંડ તહાં છે એક;
ઉર્વશિસંગમ છે વળી, એવાં એવાં છે તીર્થ અનેક. ૫૬

**ચોપાઈ :**

શિલા એક છે નારદી નામ, વૈનતેયી[1] બીજી તેહ ઠામ;
ત્રીજી વારાહી નામ વિશુદ્ધ, નારસિંહી ચોથી જાણે બુદ્ધ. ૫૭
નરનારાયણી શિલા જે છે, તે તો પાંચમી ગણતાં ગણે છે;
શિલા પાંચે તે તીર્થ પ્રમાણો, વળી ત્યાં અગ્નિતીર્થ છે જાણો. ૫૮
તીર્થ ત્યાં છે કપાલમોચન, તૈમિંગિલ બીજું તીર્થ પાવન;
ઈન્દ્રપદ તીર્થ છે એક સારું, માનસોદ્ભવ તીર્થ ઉચારું. ૫૯
કામતીર્થ તથા વસુધાર, પંચધારા છે તીરથ સાર;
તીર્થ સોમકુંડાયન જાણું, દ્વાદશાદિત્ય તીર્થ વખાણું. ૬૦
ચતુઃશ્રોત આદિક ઘણાં એહ, પ્રભુએ કર્યા પાવન તેહ;
શાંતમૂર્તિ છે શ્રીભગવાન, તપ્તકુંડે કર્યું જ્યારે સ્નાન. ૬૧
તપ્તકુંડને તો ટાઢો પાડ્યો, અગ્નિતીર્થનો તાપ મટાડ્યો;
શિલા પાંચ કઠણ હતી જેહ, પદ સ્પરશે મૃદુલ થઈ તેહ. ૬૨



૧.ગરૂડના સંબંધવાળી



**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર બદરીશ પાસ જૈને, નમી કર જોડી પ્રસન્નચિત્ત થૈને;
નિજજન મનને અભીત કીધાં, નિરભય વાક્ય વળી સુણાવી દીધાં. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-બદરીકેદારગમનનામા તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**પૂર્વછાયો :**

મંદિર બદરીનાથનું, તહાં આસન કરીને અકાંત;
ધ્યાનમુદ્રાએ ધર્મસુત, બેઠા શરીર મન કરી શાંત. ૧

**ચોપાઈ :**

એવે અવસરે બદરીનાથે, પૂરા હેતથી પોતાને હાથે;
ધર્મપુત્રનું પૂજન કીધું, ધૂપ દીપ ને નૈવેદ્ય દીધું. ૨
પછી આરતી હરિની ઉતારી, સ્તુતિ સ્નેહસહિત ઉચ્ચારી;
અહો અક્ષરપતિ મહારાજ, ધર્યું તન ધર્મસ્થાપન કાજ. ૩
ભરતભૂમિમાં સઘળે ફરશો, સર્વે તીરથ પાવન કરશો;
સારો ઉદ્ધવનો સંપ્રદાય, પ્રસરાવશો પૃથવીમાંય. ૪
તજે અષ્ટ પ્રકારે જે નારી, એવા કરશો સાધુ બ્રહ્મચારી;
તમે પશ્ચિમ દેશ વિચરશો, મોટાં મંદિર સુંદર કરશો. ૫
ભરતખંડમાં આજ ઠેકાણે, મારી મૂર્તિ તે કોઈક જાણે;
માટે ગુજરાત મધ્યે વિચારી, પધરાવશો મૂર્તિ અમારી. ૬
વળી લક્ષ્મીનારાયણ આદિ, પધરાવશો કૃષ્ણરાધાદિ;
એવાં વચન કરીને ઉચાર, થયા અંતરધાન તે ઠાર. ૭

**ઉપજાતિવૃત્તિ :**

એવે સમે ત્યાં વળી વિપ્ર એક, આવી સુવાક્યો ઉચર્યો અનેક;
ઉદાસી આત્મા અતિશે જ એનો, દુઃખે દિસે દુર્બલ દેહ તેનો. ૮
આંખેથી આંસુ અતિશે વહે છે, કષ્ટે ભરેલાં કથનો કહે છે;
એવું વિલોકી પ્રભુ એમ પૂછે, રે કોણ તું છે તુજ દુઃખ શું છે ? ૯
તે વિપ્ર બોલ્યો કરીને પ્રમાણ, હે સ્વામી ! મારું સતયુગ નામ;
મારા સમાનો નથી ધર્મ આજ, હું દુઃખી છું તે થકી રાજરાજ. ૧૦
ધર્મ પ્રવર્તાવનને જ કાજ, તમે ધર્યો છે પ્રભુ દેહ આજ;
આશા કરું કિંકર હું તમારો, સ્થાપો પ્રભુજી શુભ ધર્મ મારો. ૧૧
મારે સમે સૌ તપ સાધુ કરતા, વને વસીને તવ ધ્યાન ધરતા;
તે ધર્મ સ્થાપો વર એ જ માગું, પ્રભુ તમોને લળી પાય લાગું. ૧૨
સુણી પ્રભુએ દિલ ધારી લીધું, તે યુગને ત્યાં વરદાન દીધું;
સ્થાપીશ હું સાંપ્રત ધર્મ તારો, ત્રણે યુગોથી પણ તેહ ન્યારો. ૧૩
કરીશ હું સાધુ તપસ્વી કેવા, આ કાળમાં ક્યાંઇ જડે ન એવા;
માધુકરી ભીખ જમે જ માગી, ગોળા જળે મિશ્રિત સ્વાદ ત્યાગી. ૧૪
વસે નિશાયે વનમાં જ વાસ, દિલે સદા વિશ્વ થકી ઉદાસ;
ઉપોષણે[1] દેહ દમે વિશેષ, ઇચ્છે નહી દૈહિક સુખ લેશ. ૧૫
રાજી થયો તે જુગ સાંભળીને, ગયો પ્રભુને ચરણે ઢળીને;
ત્યાં આવિયો તે પછી ક્ષત્રિ કોઇ, કરે મુખે ખૂબ વિલાપ રોઇ. ૧૬
કહે પ્રભુ હે નર કોણ તું છે ? કરે ઘણું રોદન કષ્ટ શું છે ?
સુણો કહું હે હરિ સર્વવેત્તા, જાણો મને તો જુગ નામ ત્રેતા. ૧૭
મારે સમે સૌ જન યજ્ઞ કર્તા, તેથી સુરો સંકટ સર્વ હર્તા;



૧.ઉપવાસ



હે નાથ ભૂમાં મુજ ધર્મ સ્થાપો, એવું મને તો વરદાન આપો. ૧૮
કહે હરિ યજ્ઞ ઘણા કરીશ, હું ધર્મ તારો અતિ આચરીશ;
જ્યાં ભક્તવાળો બહુ ભૂમિભાગ, વિશેષ થાશે તહિં વિષ્ણુયાગ. ૧૯
એવું પ્રભુયે વરદાન આપ્યું, ત્રેતાતણું સંકટ સર્વ કાપ્યું;
ત્યાં વૈશ્ય રૂપે નર એક આવ્યો, પોકાર સંકષ્ટ તણો સુણાવ્યો. ૨૦
તેને વળી શ્રીહરિ એમ પૂછે, શું કષ્ટ છે ને નર કોણ તું છે ?
ત્યારે કહે દ્વાપર નામ મારું, ઇચ્છું સદા હું શરણું તમારું. ૨૧
મારા સમામાં તજી અન્ય ચર્ચા, સૌ લોક કર્તા સુરમૂર્તિ[1] અર્ચા;
સદ્ધર્મ સાથે શુભ ભક્તિ માર્ગ, હતો હણી તેહ કર્યો કુમાર્ગ. ૨૨
આ કાળમાં ભક્તિપથે જનારા, તે ધર્મથી ભ્રષ્ટ દિસે થનારા;
કહું અધર્મી તણી ભક્તિ કેવી, નદી નિહાળી જળહીન જેવી. ૨૩
મારા સમાનો શુભ માર્ગ જેહ, તમે ચલાવો જનમધ્ય તેહ;
મોટાં રુડાં મંદિર તો રચાવો, તેમાં સુરોની મૂરતિ સ્થપાવો. ૨૪
ઉપાસના માર્ગ અમૂલ્ય સ્થાપો, હે નાથ એવું વરદાન આપો;
કહે પ્રભુ તું સુણ બોલ મારો, સ્થાપીશ હું ભૂતળ ધર્મ તારો. ૨૫
મોટાં રુડાં મંદિર તો રચાવું, ઘણે પ્રકારે પ્રતિમા પૂજાવું;
ઉપાસના માર્ગ અમૂલ્ય એહ, સ્થાપીશ સદ્ધર્મ સમેત તેહ. ૨૬
એવું હરિનું વરદાન લીધું, તેણે પછી ત્યાંથી પ્રયાણ કીધું;
એવે સમે ત્યાં નર ભીલ્લ આવ્યો, શોકાતુરે શોક ઘણો જણાવ્યો. ૨૭
કહે હરિ તું વદ નામ તારું, શું કષ્ટ છે તે વદ તો વિચારું;
હે નાથ જાણો કલિકાલ હુંય, તમારી આજ્ઞા વશવર્તિ છુંય. ૨૮
સુરાસુરો સૌ રચનાર આપ, સૌથી તમારો પરમ પ્રતાપ;



૧.દેવોની મૂર્તિ

તમારી ઈચ્છા વીણ વિશ્વમાંઇ, કોઇ થકી થૈજ શકે ન કાંઇ. ૨૯
તમારી શક્તિ પ્રભુ કાળ માયા, સૌના નિયંતા હરિ વિશ્વરાયા;
સૌની તમે છે મરજાદ બાંધી, ચાલે સહુ તેમજ દષ્ટિ સાંધી. ૩૦
મર્યાદ બાંધી દિન ને નિશાની, મર્યાદ બાંધી ઋતુઓ બધાની;
મર્યાદ બાંધી જુગ ચાર કેરી, તમે નિભાવો નિજશક્તિ પ્રેરી. ૩૧
બીજા જુગોનાં બહુ વર્ષ કીધાં, મને પૂરાં પંચ લખે ન દીધાં;
તેમાં હરો છો વળી જોર મારું, આ કષ્ટ ક્યાં જૈ હરિ હું ઉચારું? ૩૨
મારે સમે જ્ઞાન વિરાગ જાય, કુસંપ ને ક્લેશ વિશેષ થાય;
હે નાથ જો ભૂતળ ધર્મ સ્થાપો, મને તમે આશ્રય ક્યાંઇ આપો. ૩૩
કુસંપ ને કલેશ કુમાર મારા, છે પ્રાણથી બે મુજ પૂર્ણ પ્યારા;
કહો બિચારા જઇ ક્યાં રહેશે, જ્યારે જનો જ્ઞાન વિરાગ લેશે. ૩૪
જાણે જહાં માયિક વસ્તુ ફોક, માનાપમાને નહિ હર્ષ શોક;
જ્યાં નિત્ય સંતોષ વસે વિશેષ, કુસંપ કે ક્લેશ રહે ન લેશ. ૩૫
કહે હરિ ધર્મ રુડો ધરીશ, શિક્ષાની પત્રી શુભ હું રચીશ;
જે લોક તે પત્રીપ્રમાણ ચાલે, તારે જવું ત્યાં નહિ કોઇ કાળે. ૩૬
કરે જ ઉલ્લંઘન વાક્ય મારું, ત્યાં વાસજે સર્વ કુટુંબ તારું;
થયો સૂણીને કળિકાળ રાજી, ગયો તહાંથી નિજ સૈન્ય સાજી. ૩૭
જે ભૂખના દુઃખથી ભેખ ધારે, તે સ્વાદને માન ચહે વધારે;
એવા તણાં છે બહુ ઝુંડ જ્યાંય, ગયો પછી તે કળિકાળ ત્યાંય. ૩૮
લડે મરીને બહુ માન માટે, કુસંપ રાખે તુછ વસ્તુ સાટે;
પરસ્પરે વાંસ ઘસાઇ જેમ, બળી મરે ભેખ મુવા જ તેમ. ૩૯
હતા અધર્મી વળી જ્યાં નરેશ, વશ્યા જઇ તત્ર કુસંપ કલેશ;





જેવો દિસે વહ્નિ વિનાશકારી, તેવા જ તે બે કળિપુત્ર ભારી. ૪૦
રજા કળીને પ્રભુયેજ દીધી, પોતાની ઈચ્છા પરિપૂર્ણ કીધી;
કેદાર નામે બદરીશ જ્યાંય, કૃષ્ણે કર્યું એવું ચરિત્ર ત્યાંય. ૪૧

**ચોપાઈ :**

થોડા દિન રહી ધર્મકુમાર, પછી ત્યાંથી કર્યો છે વિહાર;
પ્રૌઢ વનમાં કરીને પ્રવાસ, પહોંચ્યા પર્વત કાળાની પાસ. ૪૨
ચાલ્યા તેની તળાટી મોઝાર, ત્રણ દિન નવ પામ્યા આહાર;
ફળ જળ પણ ન મળ્યું છેક, આવી ચોથે દિવસ નદી એક. ૪૩
સ્નાનાદિક કરીને જળ પીધું, મોટા વડતળે આસન કીધું;
ત્યાંજ રાત રહ્યા ભગવાન, આવી ચોકી કરે હનુમાન. ૪૪
જોજો અચરજ એક વિશાળ, કીડી કુંજરની રખવાળ;
વડે રહેતો ભેરવ વિકરાળ, કોટિ ભૂત તણો તે ભૂપાળ. ૪૫
રાતે કૃષ્ણને પીડવા આવ્યો, હનુમાને તે મારી નસાવ્યો;
વીતી રાત દિવસ થયો જ્યારે, હનુમાન લાવ્યા ફળ ત્યારે. ૪૬
નિત્યકર્મ કરી જમ્યા નાથ, પ્રસાદી આપી હનુમંત હાથ;
પછી હનુમંતને હરિરાય, કર્યા અવધ્યપુરીમાં વિદાય. ૪૭
પછી ચાલીયા શ્રીઅવિનાશ, પડે રજની ત્યાં કરતા નિવાસ;
એમ દિન કેટલાક વિતાવ્યા, ત્યારે શ્વેતગિરિ પાસે આવ્યા. ૪૮
જોજો હરિનાં મનુષ્યચરિત્ર, પાપી પણ થાય સુણતાં પવિત્ર;
દિશા સાંધીને ચાલતા નાથ, નહિ રસ્તો કે નહિ કોઇ સાથ. ૪૯
આડા વિકટ ત્યાં પર્વત આવ્યા, જોતાં રસ્તો જડ્યો નહિ જાવા;
એવે ટાણે સૂરજ થયો અસ્ત, પેઠાં માળામાં પક્ષી સમસ્ત. ૫૦

હિમાચળ નરનું રૂપ ધારી, સ્તુતિ કૃષ્ણની આવી ઉચ્ચારી;
અહો ઈશ્વર અંતરજામી, તમે છો સચરાચર સ્વામી. ૫૧
તમે વ્યાપક સર્વ પ્રદેશ, નથી તમથી અજાણ્યું તો લેશ;
ભૂત ભવિષ્યને વર્તમાન, ત્રણે કાળનું તમને છે જ્ઞાન. ૫૨
તમે મારગે સૌને ચડાવો, ભૂલેલાને તમે ઠામ લાવો;
મળે તમને તે મોક્ષે સિધાવે, તમને કોણ માર્ગ બતાવે. ૫૩
જનહિત નરનાટક ધારી, નરચરિત્ર કરો છો મુરારી;
એમ કહી એક રસ્તો બતાવ્યો, ભાળી ભગવાનને મન ભાવ્યો. ૫૪
ગુફામાંથી આવે ગંગા સામી, તેના સન્મુખ ચાલવું સ્વામી;
જ્યારે પામશો પર્વત પાર, ત્યારે આવશે મારગ સાર. ૫૫
એમ કહી થયો અંતરધાન, નદી સામા ચાલ્યા ભગવાન;
ફોડી પર્વત આવે પ્રવાહ, જોર આંગળી તૂટ અથાહ. ૫૬
સામે પુરે ચાલ્યા ઘનશામ, જ્યારે જામિની ગઈ એક જામ;
ત્યારે પામીયા પર્વત પાર, હૃદ ઊંડો આવ્યો એહ ઠામ. ૫૭
જેમાં છે બહુ મગરની જાત, તેને કાંઠે રહ્યા હરિ રાત;
પ્રભુ જાગિયા જ્યારે પ્રભાત, કરી નિત્યક્રિયા ભલી ભાત. ૫૮
હૃદકાંઠે મેવાનાં છે વૃક્ષ, ફળ લાગ્યાં તેને ઘણાં લક્ષ;
કર્યો હરિએ તહાં ફળાહાર, પછી ચાલિયા થૈને તૈયાર. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુ હિમગિરિમાં કરે પ્રવાસ, વનચરનો ન ધરે તથાપિ ત્રાસ;
વય લઘુ પણ કામ કીધ ભારી, સુણ નૃપ તેહ ચરિત્ર સ્નેહ ધારી. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે***





***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-શ્વેતગિરિપારમહાહૃદગમનનામા ચતુર્થો વિશ્રામઃ ॥૪॥***

**પૂર્વછાયો :**

ભૂપ અભેસિંહ સાંભળો, કહું હરિ ચરિત્રની વાત;
મહાપ્રભુ મહાહૃદ થકી, પછી ચાલ્યા ઉઠીને પ્રભાત. ૧

**ચોપાઈ :**

હૃદકાંઠે ચાલ્યા દિનરાત, મળી ત્યારે જોગીની જમાત;
શત પાંચ દિગંબરે[૧] દિસે, ગુરુ એક મોટો તેહ વિષે. ૨
તેણે સાધેલો જોગ કહાવે, સર્વ શિષ્યોને જોગ સધાવે;
એક શિષ્યે કહી એવી વાત, ગુરુ સિદ્ધ છે આ સાક્ષાત. ૩
એણે સિદ્ધ કર્યો હઠજોગ,માટે નવ નડે કાળ કે રોગ;
જ્યારે કાળ લેવા તેને આવે, બ્રહ્મરંધ્રે તે પ્રાણ ચડાવે. ૪
તેથી કાળ ન ફાવે લગાર, થયાં જોગીને વર્ષ હજાર;
મળ્યા જોગીને શ્રીઘનશામ, પાંચ દિવસ ઠર્યા તેહ ઠામ. ૫
એક દિવસ તે બોલ્યા જોગીશ, ગામ છે અહિંથી કોશ વીશ;
ત્યાંનો રાજા મહાસિદ્ધ જે છે, મોટો શિષ્ય અમારો જ એ છે. ૬
હઠજોગ તો સાધ્યો છે એણે, નથી રાખી કચાશ જ તેણે;
ક્રિયા જે જે કરું છું હું અત્ર, તે તો જાણે રાજા રહ્યો તત્ર. ૭
ક્રિયા જે જે કરે છે તે રાય, અહિં બેઠાં મને તે દેખાય;
મળ્યા આપણે બે સાક્ષાત, તે તો રાજાએ જાણી છે વાત. ૮
માટે નિર્ખવા મૂર્તિ તમારી, નૃપ આવે છે સજી અસવારી;
ત્યારે પૂછે પોતે હરિરાય, તમે કોણ ને વિચરો છો કયાંય ? ૯



૧.દિશારૂપી વસ્ત્ર, નગ્ન

સિદ્ધ બોલ્યો ત્યારે શિર નામી, તમે જાણો છો અંતરજામી;
તોય પૂછો છો નરતનું ધારી, માટે હું કહું વાત અમારી. ૧૦
આ છે હિમગિરિ તટનો પ્રદેશ, કોઇ જનનો ન થાય પ્રવેશ;
આંહિં આવ્યા'તા અર્જુન આપે, તે તો પૂરણ કૃષ્ણ પ્રતાપે. ૧૧
થોડાં છે અહિં નગરને ગામ, વસે વસ્તી પવિત્ર તમામ;
યોગભ્રષ્ટ હોય જન જેહ, આંહિં જન્મ ધરે આવી તેહ. ૧૨
અહિં જોગ સાધી સિદ્ધ થાય, શ્વેતદ્વીપ આદિકમાં જાય;
દુરવાસાના શિષ્ય અનેક, યોગભ્રષ્ટ રહ્યા અમે છેક. ૧૩
તેથી આંહિ ધર્યા અવતાર, અમે સાધીએ યોગ આ ઠાર;
દીધું છે ઋષિએ વરદાન, મળ્યા તેથી તમે ભગવાન. ૧૪
હવે પામીએ અક્ષરધામ, કરો એવું તમે ઘનશામ;
એમ કરતાં થઇ થોડી વાર, ત્યાં તો આવ્યો રાજા તેહ ઠાર. ૧૫
તેણે નખશિખ હરિને નિહાળ્યા, સોળ ચિહ્ન તે ચરણમાં ભાળ્યાં;
દીઠું છાતીમાં શ્રીવત્સ ચિહ્ન, એમ મૂર્તિ જોઇ અવિછિન્ન[1]. ૧૬
ગુરુશિષ્યે કરીને વિચાર, જાણ્યા પુરુષોત્તમ નિરધાર;
કીધી પૂજા ઘણી પ્રેમ ધારી, સ્તુતિ સ્નેહસમેત ઉચ્ચારી. ૧૭
દીક્ષા વૈષ્ણવી વર્ણીએ દીધી, તે તો સમજીને સૌ જને લીધી;
કહે કૃષ્ણ સુણો જન સર્વ, હઠજોગનો ધરશો ન ગર્વ. ૧૮
પ્રાણ રૂંધી સમાધિમાં જાય, હઠજોગ તેને કહેવાય;
પ્રાણ રુંધ્યા વિના ધરી ધ્યાન, જન પ્રેમી પ્રેમાતૂરવાન. ૧૯
હરિમૂર્તિ સમાધિમાં દેખે, રાજજોગ તેને મુનિ લેખે;
એ તો ઉત્તમ જોગ છે જાણો, હઠજોગથી અધિક વખાણો. ૨૦



૧.અત્રુટિત, અવિભક્ત



વળી વર્ણીએ વાણી ઉચારી, ધરો ધ્યાનમાં મૂર્તિ અમારી;
થોડાં વર્ષમાં તન પરહરશો, સતસંગમાં અવતાર ધરશો. ૨૧
થશો કોઇ ગૃહસ્થ કે ત્યાગી, મારા ચરણ વિષે અનુરાગી;
પછી પામશો અક્ષરધામ, થશો સૌ તમે પૂરણકામ. ૨૨
સુણી હરખ્યા જોગી અને રાય, પછી ભૂપ બોલ્યો નમી પાય;
મારા નગરમાં નાથ પધારો, વસ્તી સર્વનો હર્ષ વધારો. ૨૩
સુણી એવું બોલ્યા ઘનશામ, મારે કરવાનાં છે ઘણાં કામ;
જ્યાં ત્યાં એમ રોકાઉં હું જ્યારે, કામ સર્વ પુરાં થાય ક્યારે ? ૨૪
એમ કહી હરિ ત્યાંથી સિધાવ્યા, જતાં કોઇની નજરે ન આવ્યા;
થયા સર્વ વિજોગે ઉદાસી, પણ ઇચ્છા પ્રભુની તપાસી. ૨૫
ધરીને ઉર મૂર્તિનું ધ્યાન, ગયા પોતપોતાતણે સ્થાન;
હરિ ચાલ્યા ગિરિ વન જોતા, પુલહાશ્રમમાં આવી પો'તા. ૨૬
નદી ગંડકી ચક્રઆકાર, ના'યા ત્યાં જઇ જગતઆધાર;
મુક્તનાથનું દર્શન કીધું, પછી તપ કરવા વ્રત લીધું. ૨૭
દીધું છે યુગને વરદાન, ભારે તપ આચર્યુ ભગવાન;
ત્યારે ત્યાંના નિવાસિયો જેહ, તપ કરવા લાગ્યા સહુ તેહ. ૨૮
સતયુગનો ધરમ એમ ધાર્યો, તપનો ઘણો મહિમા વધાર્યો;
તપે રીઝિયા સૂરજ દેવ, આવ્યા પ્રત્યક્ષ ત્યાં તતખેવ. ૨૯
સ્તુતિ ધર્મકુંવર તણી કરી, નિજધામ ગયા રવિ ફરી;
પછી ચાલિયા ત્યાંથી દયાળ, ત્યાં તો આવિયો દેશ નેપાળ. ૩૦
વ્યાપ્યો ત્યાં કળિકાળ જણાય, ગુરુ ધૂર્ત ને સ્વારથી રાય;
આવ્યું ત્યાં એક સુંદર ગામ, રાજા રાજ્ય કરે તેહ ઠામ. ૩૧

**ઉપજાતિવૃત્ત :**

જોગી જતીને નૃપ અન્ન દે છે, સુવર્ણસિદ્ધિ મળવા ચહે છે;
સદાવ્રતે કોઈક સિદ્ધ આવે, સુવર્ણસિદ્ધિ મુજને બતાવે. ૩૨
તે ભૂપ ભોળા મનનો જણાય, ઘણા ધુતારા ધન ધૂતિ જાય;
તે ભૂપતિનો ગુરુ એક જે છે, તે ભોંયરામાં વનમાં વસે છે. ૩૩
આસો શુદી પૂનમ દિન ચાર, ત્યારે જ તે તો નિસરે બહાર;
ત્યાં તેહનાં દર્શન તો કરાય, મેળો ઘણો તેથી તહાં ભરાય. ૩૪
મેળા તણા વાસર વીતિ જાય, તે ભોંયરામાં ગુરુજી સમાય;
એવી રીત્યે વર્ષ દશેક વીત્યાં, તે સિદ્ધની કીર્તિ ઘણી વધી ત્યાં. ૩૫
ભૂપાળ તો ભાવ વિશેષ રાખે, પૂજી સદા પાવડી અન્ન ચાખે;
સંતોષ તો તેથી નહીં જણાય, સિદ્ધો બીજાની પણ શોધ થાય. ૩૬
જે એક જોગી નૃપપાસ છેય, તે તીર્થવાસીતણી સુદ્ધ લેય;
જો કોઈ સિદ્ધાઈ કરી જણાવે, તો જોગી તે જૈ નૃપને સુણાવે. ૩૭
તેણે દિઠા શ્રીહરિ બ્રહ્મચારી, મૂર્તિ અલૌકિક પ્રમોદકારી;
આપ્યું ભલું ભોજન પાન લાવી, તે ભૂપને વાત જઈ સુણાવી. ૩૮
છે બાળજોગી પણ શ્રેષ્ઠ જાણું, વિશેષ શી વાત કહી વખાણું;
મળો તમે આણી ઉમંગ ઊર, સુવર્ણસિદ્ધિ મળશે જરૂર. ૩૯
તે ભૂપતિયે પ્રભુપાસ આવી, પ્રણામ કીધો શિરને નમાવી;
કહ્યું પ્રભુને મુજ કષ્ટ કાપો, સુવર્ણસિદ્ધિ મુજને જ આપો. ૪૦

**ઉપજાતિવૃત્ત : ધૂર્ત જોગી વિષે :**

કહે હરિ સાંભળ હે નરેશ! લોભી જનોને નહિ બુદ્ધિ લેશ;
અત્યંત લોભી જન જ્યાં વસાય, ત્યાં ધૂર્તનું પેટ પુરું ભરાય. ૪૧





સુવર્ણસિદ્ધિ નહિ પ્રાણિયોમાં, એ તો કહી વાત કહાણિયોમાં;
નહીં કળીમાં નજરે જણાય, તથાપિ ભોળા જન ભોળવાય. ૪૨
સુવર્ણસિદ્ધિ કરનાર જોગી, દિસે ભિખારી નહિ ભવ્ય ભોગી;
ધનાર્થ પોતે પરદેશ ધાય, તથાપિ ભોળા જન ભોળવાય. ૪૩
સુવર્ણસિદ્ધિ કરી કોઈ ઠામ, કર્યું નહીં કાંચનકેરું ધામ;
સુણ્યા ઘણા જે ધન ધૂતિ જાય, તથાપિ ભોળા જન ભોળવાય. ૪૪
શ્રીમંતને ધૂર્ત જઈ કહે છે, આ ભોંયરે સાપ વડો રહે છે;
ત્યાં દ્રવ્ય છે તે તમને અપાવું, ભોળાય ભોળા સુણી વેણ આવું. ૪૫
કોઈ કહે હું નથી અન્ન ખાતો, કોઈ કહે હું નથી શૌચ જાતો;
કોઈ કહે વાત ભવિષ્ય જાણું, ભોળા જનોનું ઠગી જાય નાણું. ૪૬
કોઈ કહે હું ધન પુત્ર આપું, કોઈ કહે મારણમંત્ર જાપું;
એવા થકી કાંઈ નથી થવાનું, તે કામ તો છે ધન ધૂતવાનું. ૪૭
કોઈ કરે છે તપ ઈશ્વરાર્થે, કોઈ કરે ધાન્ય તથા ધનાર્થે;
કોઈ ચહે છે દધિ દુગ્ધપાન, કોઈ ચહે છે જનમધ્ય માન. ૪૮
જે સદ્‌ગુરૂ તે શુભ જ્ઞાન આપે, ભવાબ્ધિનાં સંકટ સર્વ કાપે;
જે પુત્ર કે સંપત આપનારા, ન સાધુ જાણો જન તે ઠગારા. ૪૯
ઈત્યાદિ કૃષ્ણે કહી વાત સારી, સુણી ધરાધીશ લીધી વિચારી;
જીવેશમાયા તણું જ્ઞાન જેહ, દીધું પ્રભુયે શ્રુતિતત્ત્વ તેહ. ૫૦
રાજા તણો ભાવ દીઠો અપાર, રહ્યા હરિ ત્યાં પછી પક્ષ ચાર;
એકાદશી આશ્વિન શુકલ આવી, વાર્તા નૃપે શ્રીહરિને સુણાવી. ૫૧
રાજા કહે છે ગુરુજી અમારા, છે ભોંયરામાં નિસરે ન બારા;
આસો શુદી પૂનમ દિન ચાર,ત્યારે જ તે દર્શન આપનાર. ૫૨

ન વસ્ત્ર ધારે નહિ ખાન પાન, છે ભોંયરામાં શબની સમાન;
જે વાસરે ત્યાં થકી નીસરે છે, ત્યારે ફળાહાર સદા કરે છે. ૫૩
તે પૂનમે ત્યાં જ ભરાય મેળો, ઘણો થશે ત્યાં જનસંઘ ભેળો;
કહે પ્રભુ તે તજી ખાન પાન, જીવ્યાતણું કારણ જાણ માન. ૫૪
જો તેહ ટાણે જન ત્યાં ન જાય, તો માન તેનું અતિ ભંગ થાય;
જો માન આધાર હશે જિવ્યાનો, તો જીવ તેનો તનથી જવાનો. ૫૫
ભૂપે પરીક્ષા કરવા વિચારી, જવા ન દીધાં નર કોઇ નારી;
તે ભોંયરાથી નિસર્યો બહાર, દીઠાં નહીં માણસ તેહ ઠાર. ૫૬
જોગી થયો તેથકી માનભંગ, છુટી ગયું તત્ક્ષણ તેનું અંગ;
જ્યારે નરેશે બધી વાત જાણી, વર્ણીશમાં પૂર્ણ પ્રતીતિ આણી. ૫૭
તેને જ સર્વોપરિ શ્રેષ્ઠ જાણ્યા, શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ નૃપે પ્રમાણ્યા;
શ્રીકૃષ્ણનો આશ્રય એક કીધો, બીજો બધો મારગ છોડી દીધો. ૫૮
ત્યાંથી મહારાજ પછી સિધાવ્યા, બુટોલનામે પુરપાસ આવ્યા;
ત્યાંનો મહાદત્ત મહીંદ્ર જેહ, રાખ્યા હરિને સજીને સનેહ. ૫૯
તે ભૂપકેરી ભગિની ઉદાર, છે તેનું મૈયા શુભ નામ ધાર;
તેણે સજી સ્નેહસમેત સેવા, શ્રીકૃષ્ણ સર્વોપરિ જાણી એવા. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નરપતિ ભગિની સુપ્રશ્ન કીધા, સુણી હરિ મર્મ જવાબ સર્વ દીધા;
સુણી સુણી ઉપદેશ કૃષ્ણકેરા, જન હરિભક્ત થયા તહાં ઘણેરા. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ બુટોલનગરપ્રાપ્તનામા પંચમો વિશ્રામઃ ॥૫॥***





**પૂર્વછાયો :**

ભૂપ સુણો અભેસિંહજી, ચાલ્યા બુટોલથી બળવંત;
આવિયું એક અરણ્ય ત્યા, જેનો જોતાં જડે નહિ અંત. ૧

**ચોપાઈ :**

ચાલ્યા તે વનમાં અવિનાશ, જનજાતિનો જ્યાં નહિ વાસ;
વસે મૃગલાં ને સસલાં શિયાળ, વસે વાઘ વરુ વિકરાળ. ૨
વસે અજગર અરણા પાડા, વસે વાનર કેરા અખાડા;
વસે હાથી હજારો હજાર, પશુ વનચરનો નહિ પાર. ૩
ક્યાંઇ ઝાડી દિસે ચારે પાસ, તેમાં ન પડે રવિનો પ્રકાશ;
આવે ક્ષારભૂમિ વળી કયાંય, નહિ ઝાડ કે તૃણ પણ ત્યાંય. ૪
ઊંચા ડુંગર ક્યાંઇક દિસે, કયાંઇ કોતર ઊંડાં અતિશે;
ક્યાંઇ ભૂત ને પ્રેત ભમે છે, ક્યાંઇ રાક્ષસ રણમાં રમે છે. ૫

**શિખરિણીવૃત્ત : ઉલ્લેખાલંકાર :**

જટાધારી જાણી પરવતસુતાવાહન[૧] નમ્યા,
નિહાળીને વજ્ર પ્રભુપદ ગજોને મન ગમ્યા;
ધનુર્ધારી ધારી નિરખી કપિ ભાલૂ ખુશી થયા,
દીઠો હસ્તે દંડો મહિષ યમ જાણી નમી ગયા. ૬

**ચોપાઈ :**

તપે જ્યારે સૂરજનો તાપ, ત્યારે અવની તપે છે અમાપ;
શશી શીતળ ચિહ્ન છે પગમાં, તેથી પગ ન તપે જ મારગમાં. ૭
એમ ચાલતાં તે વનમાય, કૈક વીતિ ગયા દિન ત્યાંય;
દીઠો ત્યાં વટવૃક્ષ નિરોગી, હતા ત્યાં એક ગોપાળજોગી. ૮



૧.સિંહ

તે તો અષ્ટાંગજોગને સાધી, પ્રભુ સમરે સજીને સમાધી;
તેને હરિએ કહ્યું ધરી નેહ, કરો ત્યાગ આ ભૌતિક દેહ. ૯
નિજજ્ઞાન આપી ઘનશામ, પછી મોકલ્યા અક્ષરધામ;
પંચરત્નનો ગોટકો જેહ, હતો ગોપાળજોગીનો તેહ. ૧૦
દેહ તજતાં પ્રભુને તે દીધો, હેત જાણીને હરિએ તે લીધો;
અંતે તે ગુટકો મુનિનાથે, સોપ્યોં મુક્તાનંદજીને હાથે. ૧૧
વળી તે સ્વામીયે પણ નેટ, રઘુવીરજીને કર્યો ભેટ;
કહે વર્ણી સુણો નરરાજ, તે છે વરતાલમાં હજી આજ. ૧૨
લખ્યો છે તેમાં ગીતાનો સાર, નિજ અક્ષરે જગતઆધાર;
કરી ગોપાળજોગીનું કામ, પછી ત્યાંથી ચાલ્યા ઘનશામ. ૧૩
ગયા પૂર્વદિશા માંહિ પોતે, વીત્યા વાસર બહુ વન જોતે;
આવ્યું તીરથ આદિવરાહ, એથી આનંદ ઉપજ્યો અથાહ. ૧૪
ત્રણ વાસર તે સ્થળ ઠરી, તેહ તીર્થને પાવન કરી;
ત્યાંથી ચાલિયા પૂર્વદિશામાં, જઇ ના'યા તે મોદી ગંગામાં. ૧૫
ત્યાંથી ઊતર્યા બેસી ઝોલામા, પછી ચાલિયા પૂર્વ દિશામાં;
કેટલાક દિવસ વાટે થયા, પૂખરા શહેરમાં ત્યારે ગયા. ૧૬
એ તો કહેવાય ઉત્તરકાશી, વસે જ્યાં બહુ વિદ્યા અભ્યાસી;
સેતીગંગા વહે છે ત્યાં સારી, તેમાં ના'યા જઇ બ્રહ્મચારી. ૧૭
જોઇ વિદ્યાની શાળાઓ ઘણી, રીત ભાત દીઠી તેહ તણી;
હતા વેદપાઠી સાક્ષાત, તેને વેદ તણી પૂછી વાત. ૧૮
કોઇ જ્યોતિષ પિંગલ જાણે, પ્રશ્ન પૂછિયા તેહ પ્રમાણે;
શબ્દશાસ્ત્ર જાણે કોઇ ન્યાય, તેને તેવું પૂછે હરિરાય. ૧૯





જાણે સર્વવિદ્યા તણો સાર, લોક અચરજ પામ્યા અપાર;
લોકો પૂછે છે વર્ણીનું નામ, વર્ણી નામ કહે ઘનશામ. ૨૦
કરે વાત સરવ નરનારી, એક આવ્યા બટુક બ્રહ્મચારી;
એની ઉમ્મર છોટી છે છેક, પણ જાણે છે શાસ્ત્ર અનેક. ૨૧

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વિદ્યા વેદ તણી ઘણી ભણી ભલી પ્રત્યક્ષ બ્રહ્મા દિસે,
વિદ્યા ખાણ પુરાણ જાણ સરવે શું વ્યાસ પોતે હશે;
દીસે દેવગુરૂ જ એ જ સઘળી વિદ્યા તણા ધામ છે,
શંભુ સત્ય સુયોગશાસ્ત્ર વિષયે વર્ણી ઘનશ્યામ છે. ૨૨

**ઉપજાતિવૃત્ત :**

શિવાલયે કૃષ્ણ કર્યો નિવાસ, આવ્યો તહાં પંડિત એક પાસ;
શ્રીશ્યામને શંકર ચિત્ત લાવી, સુકાવ્ય એકે સ્તુતિ સંભળાવી. ૨૩

**દ્વિઅર્થી :**

જટા તથા ચંદ્રક ચારુ ધારી, કામારિ યોગાષ્ટકસિદ્ધકારી;
સદા દિસે છે વૃષ આપ સાથ, નમું નમું શ્રીનિલકંઠ નાથ. ૨૪

**ચોપાઇ :**

સ્તુતિ સાંભળીને મહારાજ, કર્યું તેના કલ્યાણનું કાજ;
પછી પૂરવ દિશામાં સિધાવ્યા, ગંગા નારાયણી તટ આવ્યા. ૨૫
વળી વાટ પૂરવ દીશે લીધી, ભૂરી ગંગાની જૈ ભેટ કીધી;
ત્યાંથી ત્રિશૂલી ગંગાયે ગયા, દેખી તીર્થદેવો રાજી થયા. ૨૬
એમ તીર્થો વિષે કરી સ્નાન, ચાલ્યા આગળ શ્રીભગવાન;
મળી ખાખીની રસ્તે જમાત, તેના ભેળા ચાલ્યા નરભ્રાત. ૨૭

જતાં સાંભળી ત્યાં એવી પેર, આંહિ આડું આવે એક શહેર;
ત્યાંના ભૂપનું પેટ પીડાય, તે તો નવ મટે કરતાં ઉપાય. ૨૮
કોઇ આવી ચડે ભેખધારી, તેની સેવા સજે ઘણી સારી;
પછી કહે છે કરી સનમાન, વસે ભેખમાં શ્રીભગવાન. ૨૯
માટે રોગ મટાડો આ મારો, કાં તો બંધીખાનામાં પધારો;
પૂર્યા કેદમાં પાંચસે બાવા, નથી દેતો તે તેઓને જાવા. ૩૦
એવું સાંભળીને સઉ ખાખી, બોલ્યા ભૂપતિનો ભય રાખી;
એવા શહેર વિષે શીદ જૈયે ? મોત શા માટે માગીને લૈયે ? ૩૧
આશા જીવ્યાની હોય જરૂર, તો તે શહેર તજી દૈયે દૂર;
હતો ઉપરી જમાતનો જેહ, ઘનશામશું રાખતો સ્નેહ. ૩૨
વૃષલાલનાં લક્ષણ જોઇ, તે તો જાણતો છે સિદ્ધ કોઇ;
માટે પૂછી શ્રીહરિને વાત, ત્યારે બોલ્યા પ્રભુ સાક્ષાત. ૩૩

**ત્યાગીના ધર્મ વિષે : ઉપજાતિવૃત્ત :**

જે મોત જાણી ડરી જાય યોગી, જોગી નહીં ભૂતળ તેહ ભોગી;
જે દેહને તો તૃણતુલ્ય જાણે, તે મોતનો ત્રાસ ઉરે ન આણે. ૩૪
દુઃખે ડરે તો ઘર શીદ છાંડે, જોગી મરે તો નહિ રાંડ રાંડે;
જેને મરીને હરિધામ જાવું, તેને નહીં મોત થકી મુંઝાવું. ૩૫
જ્યાં ખાન ને પાન મળે વિશેષ, જોગી રહે જો જઇ તે પ્રદેશ;
તો વાસના તેની નથી જવાની, અંતે વળી મુક્તિ નથી થવાની. ૩૬
સંસાર છોડ્યો તપ કાજ જેણે, ન ઇચ્છવું દૈહિક સુખ તેણે;
વસ્તુ હરે કે અપમાન થાય, જોગી તણી કીંમત ત્યાં જણાય. ૩૭
રામા[1] તથા દ્રવ્ય રસાસવાદ, તેથી ભૂંડો માન વડો વિષાદ[2];



૧.સ્ત્રી ૨.આપદા



માને ઘણા પંડિત પ્રૌઢ માર્યા, જોગી જનોને વનમાં વિદાર્યા. ૩૮
જો આપણું ત્યાં અપમાન થાશે, તો આપણું શું જર[1] જોખમાશે;
જો આપણા તે તનને તજાવે, તથાપિ આત્મા નહી હાથ આવે. ૩૯
માટે સિધો મારગ શીદ મેલો, ચાલો તહાં ત્રાસ નથી રહેલો;
થવાનું જે નિર્મિત તેજ થાશે, જવાનું તે જત્ન કરેય જાશે. ૪૦

**પૂર્વછાયો :**

સાંભળી વાત શ્રીહરિ તણી, મન હિંમત આણી મહાંત;
શામને જાણ્યા સમર્થ છે, તેથી ભાસી નહી મનભ્રાંત. ૪૧
સર્વ જમાત તે સંચરી, જ્યાં છે સુંદર શહેર વિશાળ;
વાટે મળે જન તે કહે, કેમ આવ્યો તમારો કાળ. ૪૨
કેદ કર્યા છે કૈકને, કેદ કરશે તમને રાય;
મોતના મુખમાં જાઓ છો, તેનું કારણ શું કહેવાય ? ૪૩
એવું સુણી સૌ ખાખિયો, રાખે મહાંતનો વિશ્વાસ;
મહાંત રાખે હરિ તણો, તેથી તેને ન લાગ્યો ત્રાસ. ૪૪
શહેરમાં તે સૌ ગયા, રાયે જાણ્યું જે આવી જમાત;
સારો ઉતારો આપિયો, દીધાં ભોજન તે ભલી ભાત. ૪૫
રાયે છડીદાર મોકલ્યો, મુખ્ય ખાખીને તેડવા કાજ;
પછી ગયા દરબારમાં, મળી મહાંત ને મહારાજ. ૪૬
આસન આપ્યાં બેસવા, ભૂપ નમ્યો કરી સનમાન;
પછી કહ્યું કર જોડીને, હોય ભેખ વિષે ભગવાન. ૪૭
માટે દરદ મારું હરો, નહિ હરો તો કેદ કરીશ;
પુર્યા છે બહુ ભેખધારિયો, અંતે સર્વના પ્રાણ હરીશ. ૪૮



૧.ધન

સુણી બોલ્યા ઘનશામજી, રાય હઠ ન કરીએ એમ;
નિયમ બાંધ્યા ઈશ્વરે,તે કહો મટાડે કેમ? ૪૯

**કર્મફળ વિષે : ઉપજાતિવૃત્ત :**

જે કર્મ તો પૂર્વભવે કર્યું છે, પ્રારબ્ધ તે આ તનનું ઠર્યુ છે;
અભક્ત કે ભક્ત ભલે ગણાય, કર્મ પ્રમાણે સુખ દુઃખ થાય. ૫૦
ભક્તિ કર્યે કષ્ટ હરિ ઘટાડે, શૂળી લખી સોય વડે મટાડે;
હઠે કરી જે પ્રભુપાસ માંગે, તેનું કદી કષ્ટ પ્રભુ ન ભાંગે. ૫૧
ત્રાગું કર્યાથી નહિ તેહ આવે, ડરે નહીં તે જન જો ડરાવે;
પોતે મરે કે પરને વિદારે, હરિ ન તેથી દુઃખથી ઉગારે. ૫૨
જો આત્મહત્યા કરી કાંઈ માંગે, કે સંતને સંકટ દેણ લાગે;
તેથી હરિ સંકટ જો હરે જ, કરે જનો સર્વ ઉપાય એ જ. ૫૩
હરિ સમીપે છરી કંઠ ઘાલે, હરિ કદાપી નહિ હાથ ઝાલે;
નથી બીતો તે કદી બીવરાવ્યે, નથી બીતો તે અપકીર્તિ આવ્યે. ૫૪
તથાપિ જે હું કહું તે પ્રમાણો, સ્વતંત્ર છે ઈશ્વર એમ જાણો;
કરે કર્યાનું ન કર્યાનું કામ, સ્વેચ્છા થકી તે કદી કોઇ ઠામ. ૫૫
એવું કહીને જળ ત્યાં મગાવ્યુ, સ્પર્શે પ્રસાદી કરી પીવરાવ્યું;
રાજાતણું કષ્ટ ગયું કપાઇ, તે વર્ણીની જાણી ઘણી વડાઇ. ૫૬
તેડ્યા હતા વૈદ્ય વિદેશી દેશી, રહ્યા હતા સર્વ ઉદાસી બેસી;
વિપ્રે અનુષ્ઠાન કર્યા વિશેષ, કોઇ થકી રોગ ટળ્યો ન લેશ.
જોગી જતીથી ન મટ્યો જ જેહ, કૃષ્ણે મટાડ્યો ઝટ રોગ તેહ; ૫૭
રાજા સ્વચિત્તે અતિ હર્ષ લાવ્યો, જાણે નવે હું અવતાર આવ્યો.
જીવ્યાની આશા ન હતી જ લેશ, એવો હતો રોગ વડો વિશેષ; ૫૮





તે રોગ કૃષ્ણે પળમાં નિવાર્યો, રાયે મહિમા અતિ ચિત્ત ધાર્યો. ૫૯
રાજા કહે બોલ નહી ઉથાપું, માગો મુખે તે ધન આદિ આપું;
દીધું તમે જીવન વર્ણિરાય, તેનો નહી મેં બદલો વળાય. ૬૦
બોલ્યા વિચારી વર્ણીન્દ્ર ત્યારે, ધનાદિ કાંઇ ન ખપે અમારે;
જે કેદ કીધા બહુ ભેખધારી, છોડી મૂકો એ જ રુચી અમારી. ૬૧
એવું સુણી ભૂપ પ્રસન્ન થૈને, છોડી મુક્યા ભેખ સુમાન દૈને;
પૂજા કરી વર્ણી મહાંત કેરી, વળી ઉચારી વિનતિ ઘણેરી. ૬૨
ભૂપાળને શ્રીહરિ શિષ્ય કીધો, સુજ્ઞાન દૈ વૈષ્ણવમંત્ર દીધો;
રાયે કહ્યું આંહિ કરો નિવાસ, કહે પ્રભુજી કરશું પ્રવાસ. ૬૩
રાજા કહે છો સુકુમાર દેહ, તે માટ આપું સુખપાલ એહ;
વર્ણી કહે મેં વ્રત લીધું આવું, જે તીર્થજાત્રા પગ ચાલી જાવું. ૬૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી હરિવર ગુપ્ત ત્યાંથી ચાલ્યા, વન નગ[૧] વાટ વિષે વળી મહાલ્યા;
બહુ દિન ગત બંગદેશ આવ્યો, સિરપુર માંહિ મુકામ જૈ ઠરાવ્યો. ૬૫

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-બંગદેશે સિરપુરગમનનામા ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥***

**પૂર્વછાયો :**

શ્રીહરિ રહી સિરપુર વિષે, મતવાદીનું હર્યુ અભિમાન;
સિદ્ધવલ્લભ ભૂપાળને, તહાં આપ્યું પોતાનું જ્ઞાન. ૧

**ચોપાઈ :**

નદીતટ કર્યું આસન જઈને, બેઠા ધ્યાન ધરી સ્વસ્થ થૈને;



૧.પર્વત

નદીમાં આવ્યું પાણીનું પુર, તોય આસન નવ કર્યું દૂર. ૨
જન જાણે તે તો બુડી ગયા, પણ શ્રીહરિ અવિચળ રહ્યા;
હતો સેવક ગોપાળદાસ, ટાળ્યો તેહનો અભિચારત્રાસ. ૩
ગજ કાળપુરુષનું દાન, એક વિપ્રે લીધું તેહ સ્થાન;
હરિશરણે તે બ્રાહ્મણ આવ્યો, તેને પાપથી કૃષ્ણે મુકાવ્યો. ૪
રહ્યા ત્યાં હરિ ચાતુરમાસ, પછી ત્યાં થકી કીધો પ્રવાસ;
કેટલાએક સિદ્ધ ઉમંગે, ચાલ્યા શ્રીઘનશામને સંગે. ૫
આવી પર્વત વન તણી ઝાડી, રહે તેમાં અઘોરી અનાડી;
તે તો માણસને ખાઇ જાય, પણ કૃષ્ણને દેખી પળાય[1]. ૬
પછી જઇ પરશુરામકુંડ, ના'યા નાથ ને સિદ્ધનું ઝુંડ;
ત્યાંથી પૂર્વના વનમાં સિધાવ્યા, દેવી કામાક્ષી છે તહાં આવ્યા. ૭
તેની પાસે વસે એક ગામ, તેના બાગમાં કીધો વિરામ;
ગામમાં એક વિપ્ર છે વામી, સર્વ જાદુગરોનો તે સ્વામી. ૮
કૈક જોગી જતીને હરાવ્યા, કૈક પંડિત દ્વિજને ડરાવ્યા;
તેનું નામ પ્રસિદ્ધ પિબેક, જેણે જીતેલા સિદ્ધ અનેક. ૯
તેને શ્રીહરિએ જીતી લીધો, પછી શિષ્ય પોતા તણો કીધો;
સર્વે સિદ્ધને વીદાય કરી, ત્યાંથી એકલા ચાલિયા હરી. ૧૦
નામે નવલખો પર્વત જેહ, હરિએ દીઠો દૂરથી તેહ;
જેમાં કળિયુગ ન કરે પ્રવેશ, એવો એ છે પવિત્ર પ્રદેશ. ૧૧
જેમાં જોગી વસે નવ લક્ષ, કરે ફળ જળ પત્રનો ભક્ષ;
તપ જ્ઞાન ને વૈરાગ્યવંત, સત્યવાદી સદાચારી સંત. ૧૨
સદા અષ્ટાંગજોગને સાધે, એક ઈષ્ટ શ્રીહરિને આરાધે;



૧.વશમાં આવી જવું, પળાઇ જવું



જ્ઞાનયજ્ઞ કરે સદાકાળ, એમ વીતિયો કાળ વિશાળ. ૧૩
કદી દર્શન હરિનું ન પામ્યા, તોય તપથી ન તેહ વિરામ્યા;
ધૂણી સળગે ત્યાં નવ લાખ લેખે, દિવ્યદષ્ટિવાળા જન દેખે. ૧૪
જોગી સર્વે એવું મન ધારે, મળશે પ્રભુ આવીને ક્યારે;
એવામાં થઇ આકાશવાણી, લેજો સર્વે સિદ્ધો તમે જાણી. ૧૫
પુરુષોત્તમ શ્રીપ્રભુ જે છે, સદા અક્ષરધામે વસે છે;
તેણે ધાર્યો ભૂતળ અવતાર, થયા ભક્તિધરમના કુમાર. ૧૬
તે તો વર્ણી તણો વેષ ધારી, અહિં આવે છે દેવ મુરારી;
એવું સાંભળી સૌ સિદ્ધ હરખ્યા, ત્યાં તો દૂરથી કૃષ્ણને નિરખ્યા. ૧૭
ઉર ઉપજ્યો પ્રેમ અપાર, થયા નવ લક્ષ મળવા તૈયાર;
સૌનો દેખીને પ્રેમ અનૂપ, ધાર્યા હરિએ ત્યાં નવ લાખ રૂપ. ૧૮
એક કાળે તે સર્વને મળિયા, સિદ્ધ સૌના મનોરથ ફળિયા;
થઇ એકરૂપે મહારાજા, એક આસને આવી બિરાજ્યા. ૧૯
મનમોહન મૂર્તિ રૂપાળી, સિદ્ધ સર્વ રહ્યા સામું ભાળી;
દીઠું મૂર્તિમાં અદભૂત તેજ, કોટિ સૂર્યશશી સમ એ જ. ૨૦
તેજ વ્યાપિયું બ્રહ્માંડ પાર, ગયું અક્ષરધામ મોઝાર;
સિદ્ધ સર્વ સમાધિસ્થ થઇ, જુએ અક્ષરધામમાં જઇ. ૨૧
સિંહાસન ઉપરે એહ ઠામ, તેજોમય નિરખ્યા ઘનશામ;
સ્તુતિ મુક્ત અનંત ઉચારે, સેવે શક્તિ હજારો હજારે. ૨૨
કોટિ અજ હરિ હર થઇ દીન, સેવે શ્યામને થઇ આધીન;
ચારે વેદ ત્યાં મૂરતિમાન, કરે શ્રીહરિના ગુણગાન. ૨૩
સિદ્ધે જોયું સમાધિથી જાગી, દીઠા સન્મુખ શામ સુહાગી;

અતિ આનંદ અંતરે ધારી, સ્તુતિ બે કર જોડી ઉચારી. ૨૪

**અષ્ટપદી : જલધરસુંદર મદનમનોહરઃ એ રાગ છે**

જય જગકારણ ભવજળતારણ નરકનિવારણ પરમપતી,
મુનિગણનાયક જનસુખદાયક સ્વજનસહાયક અકળગતી;
શિરસિ જટાધર હરિણત્વચાધર[૧] સકળકળાધર અસુર અરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૨૫
શ્રુતિપથમંડન કુપથવિખંડન દુર્જનદંડન દિવ્ય સદા,
જનસુખકારક દુરિતવિદારક[૨] ભવજળતારક પરમ મુદા;
જય કમળાયન[૩] સકળસુખાયન થાય પળાયન પાપ ડરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૨૬
જય કરુણાકર વદનસુધાકર[૪] ભુવનપ્રભાકર[૫] ભીતિહરા,
નિજજન અંતર વાસ નિરંતર શ્યામ સ્વતંતર ધર્મધરા;
સદગુણમંદર[૬] મુક્તપુરંદર[૭] સુખનિધિ સુંદર મૂર્તિ ધરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૨૭
જય વૃષબાળક પ્રિયજનપાળક પાપપ્રજાળક આપ પ્રભુ,
જય હરિનામક અવિચળ ધામક વિશ્વ નિયામક વરદ વિભુ;
જય જનવલ્લભ સ્વેચ્છિત સુર્લભ દર્શનદુર્લભ યજ્ઞ કરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૨૮
તવ કરુણાધન શ્રેષ્ઠસુસાધન અચળ અબાધન શાંતિ તણું,
જય તપરક્ષક જળફળભક્ષક લે સુખદક્ષક દેખી ઘણું;
મુનિમન ભાવન જનમનધાવન[૮] કૃતિમહિપાવન[૯] વન વિચરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૨૯



૧.મૃગચર્મ ધારનારા ૨.ખોટી રીતોને નાશ કરનારા ૩.કમળ પર આસનવાળા ૪.ચંદ્ર સમાન મુખવાળા ૫.ત્રિલોકીમાં પ્રકાશ કરનારા ૬.સદ્‌ગુણોનો પર્વત ૭.ઈન્દ્રને મુક્ત કરનારા ૮.માણસોના મનને શુદ્ધ કરનાર ૯.પૃથ્વીને પાવન કરનાર



શેષસુરેશ્વર ચંદ્રદિનેશ્વર દેવમહેશ્વર નિત્ય ભજે,
દોષવિદારણ પ્રભુ તવ કારણ નૃપ હયવારણ - રાજ્ય તજે;
વૃત્તિ અખંડિત તવ પદમંડિત એ જ સુપંડિત ભૂ ઉપરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૩૦
હે ગરુડાસન કરી ખળશાસન કળિબળનાશન કાર્ય કરો,
પૂર્ણપ્રભાનિધિ વેદઋચાનિધિ હે કરુણાનિધિ કષ્ટ હરો;
પ્રભુધરણીધર અમિત મતિધર સંતત શ્રીધર સિદ્ધિ વરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૩૧
શુભમતિ સર્જન કુમતિ વિસર્જન ખળજન તર્જનકારી[૧] તમે,
હે વૃષનંદન કષ્ટનિકંદન તવ પદવંદનકારી અમે;
જય જગકારક ગિરિવરધારક અધમઉધારક ખ્યાતિ ખરી,
જય જગદીશ્વર મુક્તમુનીશ્વર ધૃતવરણીશ્વર વેષ હરી. ૩૨

**દોહા :**

વાર વાર વર માગીએ, સ્તુતિ ઉચ્ચરી આ ઠામ;
અખંડ અંતરમાં રહો, આ છબિ સુંદરશામ. ૩૩
તે સુણતાં ત્યાં તો થયા, પ્રસન્ન શ્રીભગવાન;
સૌ સિદ્ધોને આપિયું, મનવાંછિત વરદાન. ૩૪
વળી તે પર્વત ઉપરે, દીઠા કુંડ અનેક;
પ્રભુએ સ્પર્શ કરી કર્યા, પાવન તે પ્રત્યેક. ૩૫
ઉષ્ણોદક કે શીત જળ, કોઇ વિષે દેખાય;
કોઇ કુંડથી ઉછળતા, પાવક પવન જણાય. ૩૬
તે દેખી ત્યાંથી પછી, ચાલ્યા સુંદરશામ;



૧.તિરસ્કાર કરનાર, તરછોડનાર

જોયો તેની તળેટીમાં, કુંડ બાલવા નામ. ૩૭
પાવક પાણી પવનનો, સમુહ દીઠો ત્યાંય;
તે તીર્થે ત્રણ દિન રહ્યા, થઇ રાજી મનમાંય. ૩૮
પ્રભુજી ત્યાંથી પરવર્યા, પવિત્ર પાવક[1] દીશ;
ગંગાસાગર સંગમે, જૈ પહોંચ્યા જગદીશ. ૩૯
વાલમ ત્યાં ત્રણ દિન વસી, વળતી કર્યો વિહાર;
કપિલ મુનીને જૈ મળ્યા, કપિલાશ્રમ મોઝાર. ૪૦
પ્રેમ સહિત પૂજા કરી, કપિલ મુનિએ ત્યાંય;
જોયું સ્થળ એકાંતનું, રીઝયા હરિ મનમાંય. ૪૧
પ્રભુ બેઠા પદ્માસને, સ્વાત્માનું ધરી ધ્યાન;
સમાધિમાં ગત સપ્ત દિન, ભૂલ્યા જગનું ભાન. ૪૨
દેવો દિલ ચિંતા કરે, બેઠા હરિ ધરી ધ્યાન;
ક્યારે કરશે નાશ તે, કળિયુગનું તોફાન. ૪૩
વામી ને કામી તણો, અધરમ વધ્યો અપાર;
અસુર તણા ઉતપાતનો, ભૂમિ સહે નહિ ભાર. ૪૪
ભાર સહે નહિ શેષ પણ, શ્વાસે નિસરે ઝાળ;
વારેવારે વિશ્વમાં, તેથી પડે દુકાળ. ૪૫
થાય પાપના ભારથી, વારવાર ભૂકંપ;
રાજા કે રૈયત તણા, જીવમાં ન મળે જંપ. ૪૬
અધર્મ દેખીને કરે, વૃષ્ટિ અલ્પ વરસાદ;
ગોરસમાંથી રસ ગયો, ગયો અન્નથી સ્વાદ. ૪૭
પાષંડી ગુરુ શિષ્ય સૌ, કરે વ્યસન વ્યભિચાર;



૧.અગ્નિ ખૂણામાં



સત્ય ગયું સંતાઇને, વધ્યું અસત્ય અપાર. ૪૮
એ પાપે અકળાઇને, કરવાને પોકાર;
આવી અવની હરિ કને, ધારી ધેનુ આકાર. ૪૯
દીઠા હરિને ધ્યાનમાં, ત્યારે થઇ ઉદાસ;
કષ્ટ કહ્યું પોતાતણું, કપિલ મુનિની પાસ. ૫૦
સંકટ ભૂનું સાંભળ્યું, કપિલ મુનિએ કાન;
કરી સ્તુતિ કર જોડીને, જગાડવા ભગવાન. ૫૧

**વસંતતિલકાવૃત્ત :**

હે ધર્મલાલ જનપાળ કૃપાળ જાગો,
ભૂમિ તણો વિષમ ભારઅપાર ભાંગો;
આચારભ્રષ્ટ કુળભ્રષ્ટ જનો થયા છે,
વૈરાગ્ય જ્ઞાન વસુધાતળથી ગયા છે. ૫૨
થાપો સુધર્મ અઘકર્મ અધર્મ ટાળી,
દ્યો જ્ઞાનદાન ભગવાન દયાથી ભાળી;
લીધો તમે જનમ છે પ્રભુ એ જ કાજ,
બેઠા સમાધિ કરી કેમ નચિંત આજ? ૫૩
મોટા કહે ઘડી પછી કૃત જે થવાનું,
તે કામને વરસ તો સહજે જવાનું;
આપ્યો અગસ્ત અવધિ હજી છે અધૂરો,
મોટાની એક ઘડી તે જુગ થાય પૂરો. ૫૪
પીડાય સંત વળી સર્વ સુરો પિડાય,
પૃથ્વી પીડાય મુખથી અતિદુ:ખ ગાય;

પાષંડી પુજી નરકે જનજૂથ જાય,
ક્યારે પ્રભૂજી પછીથી કરશો સહાય. ૫૫
જો શેષનાગ અતિભાર થકી મુંઝાશે,
તો પૃથ્વી ત્યાગ કરશે જગનાશ થાશે;
કેની સહાય કરશો કરુણાનિધાન?
બેઠા અહીં અચળ થૈ ધરી આપ ધ્યાન. ૫૬
સુકાય કર્ષણે[1] પછી જળવૃષ્ટિ થાય,
પ્રાણાંત થાય પછી ઓસડના ઉપાય;
જેવે સમે જરુર તે સમયે ન આવે,
તે વસ્તુ વ્યર્થ ગત વિશ્વ વિષે કહાવે. ૫૭
ઈત્યાદિ વાક્ય સુણીને જગદીશ જાગ્યા,
વાણી મુખે ઉચરવા તતકાળ લાગ્યા;
હું તીર્થભૂમિ વિચરી મનમાં ધરીશ,
ભૂમિ તણો અધિક ભાર હવે હરીશ. ૫૮
હું જાણું છું જ પુરુષોત્તમપુરી જ્યાં છે,
પાષંડમંડન તણાં અતિ ઝૂંડ ત્યાં છે;
તેઓ વિષે કલહ પ્રેરિશ હું જ જ્યારે,
અન્યોન્ય એથી લડીને મરશે જ ત્યારે. ૫૯
ઈત્યાદિ વાક્ય કહી ધીરજ ખૂબ દીધી,
પૃથ્વી પ્રસન્ન કરી ત્યાંથી વિદાય કીધી;
રાજી થયા હૃદયમાં સુર નાગ સર્વ,
જાણ્યું દિવાળીસમ ઉત્તમ આજ પર્વ. ૬૦



૧.મોલ, કણસલું



**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કપિલમુનિ સમીપ એક માસ, નટવર નાથ રહ્યા કરી નિવાસ;
અતિ સુખ મુનિને પ્રભુજી આપ્યું, બહુ દિનકેરું વિજોગ કષ્ટ કાપ્યું. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-કપિલાશ્રમગમનનામા સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**પૂર્વછાયો :**

હે નરપતિ સુણ સ્નેહથી, જેથી ઉપજે અંતર જ્ઞાન;
જન જિજ્ઞાસાનંદનું, એક કહું ભલું આખ્યાન. ૧
પછી કપિલાશ્રમ થકી, જ્યારે ચાલિયા સુંદરશામ;
ઝાડીમાંથી નીસર્યા, ત્યાં તો આવ્યું વળી એક ગામ. ૨

**ચોપાઈ :**

રહે તે ગામમાં બે વેરાગી, એક સંજોગીને એક ત્યાગી;
તેમાં ત્યાગીનું મંદિર જાણી, જઇ ઊતર્યા ત્યાં પદ્મપાણિ. ૩
હતો જેહ મહાંત તે ઠામ, તેણે નિર્ખિયા શ્રીઘનશામ;
જોઇ મૂર્તિ મનોહર સારી, જાણ્યું જે કોઇ છે અવતારી. ૪
માટે સ્નેહથી વિનય કરીને, રાખ્યા પોતાની પાસ હરીને;
બીજો વેરાગી જે ઘરબારી, તેને પુત્રિયો બેય કુંવારી. ૫
તુલસીકૃત રામચરિત્ર, કરે અભ્યાસ તેનો પવિત્ર;
નિત્ય ત્યાગીને મંદિર આવે, તેને મોટો મહાંત ભણાવે. ૬
એમાં આવે જે દુર્ઘટ અર્થ, નહિ જાણવા બાવો સમર્થ;
તેથી ઉલટો અરથ સમઝાવે, ત્યારે કૃષ્ણને ઉર દયા આવે. ૭

પછી આજ્ઞા બાવા તણી માંગી, શુદ્ધ અર્થ કરી શંકા ભાંગી;
જઇ બાઇયો માબાપ પાસ, સર્વ વાત કરી તે પ્રકાશ. ૮
એક આવ્યા બાળા બ્રહ્મચારી, દિસે દેવ તણા અવતારી;
તે તો છે સર્વ શાસ્ત્ર સુજાણ, એનાં શાં ઘણાં કરીયે વખાણ. ૯
અર્થ રામકથાના બતાવ્યા, સુણી મહાંતને મન ભાવ્યા;
એવું સાંભળીને તેનો બાપ, ગયો તેડવા કૃષ્ણને આપ. ૧૦
ઘણી વિનતિ કરી પગે લાગી, વળી આજ્ઞા મહાંતની માગી;
નિજમંદિરે કૃષ્ણને લાવ્યો, કરી વિપ્રે ત્યાં થાળ ધરાવ્યો. ૧૧
પુત્ર બાવાનો જયરામદાસ, તેને સોંપ્યો મહાપ્રભુ પાસ;
કહ્યું હે પ્રભુ કરુણા લાવો, મારા પુત્રને શાસ્ત્ર ભણાવો. ૧૨
કાંઇ દિવસ વસ્યા હરિ વાસ, વિદ્યા ભણતો તે જયરામદાસ;
એક અવસરે રજની મોઝાર, પ્રભુ દેખાડ્યું તેજ અપાર. ૧૩
પુત્ર પુત્રિયો માત પિતાય, તેજ દેખીને વિસ્મિત થાય;
તેમાં મૂર્તિ દીઠી હરિ તણી, કોટિ સૂર્યથી શોભિત ઘણી. ૧૪
ઘણું તેજ જે પ્રથમ જણાયું, તે તો મૂર્તિમાં સર્વે સમાયું;
પ્રભુનો દેખી પૂર્ણ પ્રતાપ, જાણ્યા એ જ શ્રીકૃષ્ણ છે આપ. ૧૫
તેથી નિત્યપ્રત્યે ધરી પ્રીત, પૂજે પ્રત્યક્ષ ઇષ્ટની રીત;
જમાડીને રસોઇ રસાળ, પછી ઠાકોરને ધરે થાળ. ૧૬
ગામ પાસે સરોવર એક, તેમાં ઊપજે કમળ અનેક;
એક જયરામદાસનો મિત્ર, નામ કૃષ્ણતંબોળી પવિત્ર. ૧૭
બંને નિત્ય સરોવરે જઇ, આવે અધિક કમળ-ફળ લઇ;
લાવી શ્રીહરિ આગળ ધરે, પ્રભુ ભાવથી ભક્ષણ કરે. ૧૮





**પૂર્વછાયો :**

એક સમે ઘનશ્યામજી, એમ ઉચર્યા ધરીને ઉમંગ;
કમળ કાકડી કારણે, અમે આવશું ત્યાં તમ સંગ. ૧૯
ત્રણે મળીને ત્યાં ગયા, મહા મોટું સરોવર જ્યાંય;
ફરવા લાગ્યા નીરમાં, એક ત્રાપા ઉપર ચડી ત્યાંય. ૨૦
શોભે કેવા હરિ તે સમે, જેમ ક્ષીરોદધી[1] મોઝાર;
શેષ ઉપર આસન કર્યું, અજ હર સમીપ ઉદાર. ૨૧
કમળકાકડી કોડથી, લઇ લઇ જમે જગવંદ;
વિનોદ કરતા વિધવિધે, અતિ ઉર ધરે આનંદ. ૨૨
સામો તટ બહુ દૂર છે, અતિ અગમ્ય છે વળી એહ;
શ્રીહરિએ તે તટ ભણી, સદ્ય ત્રાપો ચલાવ્યો તેહ. ૨૩
પાછા વળો હવે મહાપ્રભુ, એમ મુખે કહે બે મિત્ર;
વાત ન માની વીઠલે, એક કરવા દિવ્ય ચરિત્ર. ૨૪
શ્રીહરિએ શું ધાર્યુ છે, તેનો જન શું જાણે મર્મ;
બ્રહ્માદિક નવ કળિ શકે, એવું અકળ કૃષ્ણનું કર્મ. ૨૫
ત્રાપો તે સામે તટ ગયો, ત્યાં ઉતરિયા ત્રણ વીર;
ચાલો વિચરિયે વન વિષે, એમ બોલ્યા શામશરીર. ૨૬
મિત્ર કહે હે મહાપ્રભુ! ત્યાં છે ભારી ભયંકર રાન[2];
રીંછ ને વાઘ વરુ વસે, જન જાય નહિ તેહ સ્થાન. ૨૭
તે સુણીને કહે શ્રીહરિ, તમે તજોને મનથી ત્રાસ;
આપણને તે શું કરે ? જેઓ વસે સદા વનવાસ. ૨૮



૧.ક્ષીર સમુદ્રમાં(દૂધનો દરિયો) ૨.જંગલ

**ઉપજાતિવૃત્ત :**

શરીર જોરે ન ગણો સમર્થ, બુદ્ધિ વિનાનું બળ સર્વ વ્યર્થ;
જો સિંહ સર્પો કપિ રીંછ હાથી, નાચે બિચારા જનના કહ્યાથી. ૨૯
બળિષ્ટ ઝાઝું બળ જો કરે છે, તો એકના પ્રાણ કદી હરે છે;
જો બુદ્ધિ પ્રેરે જન બુદ્ધિમાન, ઉજાડી દે ઈન્દ્રપુરી સમાન. ૩૦
એવું સુણીને મળી મિત્ર ચાલ્યા, અઘોર વાટે વનમાં મહાલ્યા;
નિશ્ચિંત ચાલે મૃગરાજ જેમ, ત્રણે ફરે છે વનમધ્ય તેમ. ૩૧
ત્યાં એક જોરાવર રીંછ જોઇ, તે બે જણે ધીરજ દીધી ખોઇ;
પોકાર કીધો ચિત્ત માંહિ ચેતિ, હે કૃષ્ણ હે માધવ હે સખેતિ. ૩૨
આવી પડ્યું સંકટ આજ ભારી, સહાયતા શ્યામ કરો અમારી;
ફેડો[1] પ્રભુ ફોગટની ફજેતી, હે કૃષ્ણ હે માધવ હે સખેતિ. ૩૩
સદા કરો ભક્ત તણી સહાય, કળા તમારી ન કદી કળાય;
વેદો કહે વર્ણન નેતિ નેતિ, હે કૃષ્ણ હે માધવ હે સખેતિ. ૩૪
તજી તમોને પરને ભજે છે, તે કાચ લે કાંચનને તજે છે;
ન તેલ પામે પિલવાથી રેતી, હે કૃષ્ણ હે માધવ હે સખેતિ. ૩૫
આ રીંછ તો જીવ જરૂર લેશે, ઝાડે ચડ્યાથી નહિ છોડી દેશે;
નથી હવે ધીરજતા રહેતી, હે કૃષ્ણ હે માધવ હે સખેતિ. ૩૬
કહે હરિ ધીરજ ચિત્ત ધારો, વિશ્વાસ રાખો ઉરમાં અમારો;
તે રીંછ છે દૈવિક દેહધારી, નથી જનોને કદી કષ્ટકારી. ૩૭
પછી પ્રભુએ કર જ્યાં હલાવ્યો,તે રીંછ તેથી હરિપાસ આવ્યો;
ઉભો રહ્યો આગળ છેક[2] આવી, આંસુની ધારા દ્રગથી ચલાવી. ૩૮
જ્યાં સામસામી શુભ દૃષ્ટિ સાંધી, પરસ્પરે પ્રીતિ વિશેષ વાધી;



૧.નાશ કરો, દૂર કરો ૨.સાવ નજીક



દયા ધરી એમ કહ્યું દયાળે, થશે તમારું શુભ અલ્પ કાળે. ૩૯
આજ્ઞા હરિયે કહી એમ દીધી, રીંછે સુણીને વનવાટ લીધી;
મિત્રો ત્રણે તે પુર મધ્ય આવ્યા, સૌને દિલે શ્રીઘનશામ ભાવ્યા. ૪૦
પૂરી વિષે વાત થઈ પ્રકાશ, તે વાત ચાલી પુર આસપાસ;
વ્યાપી રહે સૂર્ય પ્રકાશ જેમ, તે વાત સર્વત્ર જણાઇ તેમ. ૪૧
વધ્યો પ્રભુનો મહિમા વધારે, આવે જનો દર્શનકાજ દ્વારે;
ત્યાં એક ટાણે જયરામદાસ, પૂછે નમીને ઘનશામ પાસ. ૪૨
કહો હતો કોણ સુરીંછ એહ ? શાથી જણાયો દિલગીર તેહ?
કહે હરિ જે રીંછ જાંબુવાન, તે મિત્ર તેનો સદબુદ્ધિમાન. ૪૩
કૃષ્ણાવતારે મુજને મળેલો, તથાપિ સૌ સંશય ના ટળેલો;
પછીથી પામ્યો પરિતાપ ભારી, ન ઓળખ્યા મેં હરિ દેહધારી. ૪૪
આકાશવાણી થઇ તેહ કાળ, થશે પ્રભુજી વૃષભક્તિબાળ;
તેનાં વળી દર્શન તું કરીશ, તેને પ્રતાપે ભવને તરીશ. ૪૫
હવે તજીને તનુ રીંછ તેહ, લેશે રુડે ઘેર મનુષ્ય દેહ;
ભલી રીતે તે મુજ ભક્ત થૈને, અંતે રહેશે મુજ ધામ જઇને. ૪૬

**વસંતતિલકાવૃત્ત :**

વર્ણી કહે અભયસિંહ સુણો નરેશ,
વૈરાગ્યવંત જગથી હરિ છે હમેશ;
આ સ્નેહપાશ તજીને વિચરું વિદેશ,
એવું વિચારી નિશિમાં નિસર્યા જનેશ. ૪૭

**ચોપાઈ :**

રાતે છાના ઊઠ્યા હરિરાય, પૂછ્યા વગર થયા તે વિદાયઃ

પુરુષોત્તમપુરી મન ધારી, ચાલ્યા મારગે દેવ મુરારી. ૪૮
જન જાગ્યા પ્રભાતમાં જ્યારે, ઘનશ્યામ દીઠા નહિ ત્યારે;
પત્તો લાગ્યો ન કરતાં તપાસ, ત્યારે ઉર થયાં સર્વે ઉદાસ. ૪૯
જેમ સર્વસ્વ કોઇનું જાય, તેનું અંતર અતિ અકળાય;
થયા દિલગિર જયરામદાસ, માત તાત તેનાં ઘરે ત્રાસ. ૫૦
જેમ ચિંતામણી પ્રાપ્ત થાય, પછી ખોવાથી ખેદ પમાય;
હરિ વિચર્યે અયોધ્યાનિવાસી, જેમ દિલમાં થયાં'તાં ઉદાસી. ૫૧
તેમ વિરહ વ્યાકુળ જન સહુ, ગુણ સમરી રુદન કરે બહુ;
ત્યારે જયરામદાસની માય, પાણી ન પીએ અન્ન ન ખાય. ૫૨
કહે શોધવા હરિને સિધાવો, હોય જ્યાં ત્યાંથી તેડીને લાવો;
ગયા બહુ જન ગોતવા કાજ, ક્યાંઇ ન મળ્યા શ્રીમહારાજ. ૫૩
બોલ્યો બાવો મહાંત તે ત્યારે, હરિ પ્રથમ આવ્યા હતા જ્યારે;
અમે પૂછ્યું હતું શિર નામી, ક્યાંથી આવ્યા ને ક્યાં જશો સ્વામી? ૫૪
ત્યારે બોલ્યા હતા ઘનશામ, જાશું પુરુષોત્તમ પુરી ધામ;
માટે તે દિશે કરશો તપાસ, ત્યારે મળશે નક્કી અવિનાશ. ૫૫
પછી જયરામદાસની માત, કહે પુત્રને પ્રેમથી વાત;
પુરુષોત્તમ પુરી ભણી જાઓ, ખર્ચી આપું તે વાટમાં ખાઓ. ૫૬
આજ્ઞા માતની મસ્તક ધરી, ચાલ્યો પુત્ર તે શોધવા હરિ;
એક ગામમાં સાંભળી વાત, હરિ આંહિ રહ્યા હતા રાત. ૫૭
વીશ વાસર કીધો પ્રવાસ, ત્યારે ભેટિયા શ્રીઅવિનાશ;
કર જોડીને વિનતિ ઉચારી, કહ્યું પાછા વળો સુખકારી. ૫૮
મારાં માતપિતા રોઇ મરે, ઇચ્છા આપને મળવાની ધરે;





ઘણો શોધ કર્યો અમે સ્વામી, આજ મળ્યા છો અંતરજામી. ૫૯
સુણી બોલિયા શ્રીઘનશામ, ચાલો પુરુષોત્તમપુરી ધામ;
જઇને જાત્રા જરૂર ત્યાં કરીએ, બીજી વાત બધી પરહરિયે. ૬૦
છોજી દૈવી તમે સાક્ષાત, માટે તમને કહું એક વાત;
ઝાઝો સંબંધિયોમાં સનેહ, નવ રાખવો અવિચળ એહ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી હરિ મુખકેરી વાત એહ, સમીપ રહ્યો જયરામદાસ તેહ;
નિજજન ગણી નાથ એમ ધાર્યું, નિજપ્રભુતાઇ જણાવવા વિચાર્યું. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિજયરામદાસ-પુરુષોત્તમપુરીપ્રતિગમનનામા અષ્ટમો વિશ્રામઃ ॥૮॥***

**ચોપાઇ :**

બ્રહ્મચારી કહે સુણ ભૂપ, કહું હરિનાં ચરિત્ર અનૂપ;
જાણ્યો મુક્ત છે જયરામદાસ, અંતે રાખવો છે તેને પાસ. ૧
એહ દ્વારાયે જીવ અપાર, તારવાનો છે હરિનો વિચાર;
નિજમહિમા જણાવાને માટે, રાખ્યો શ્રીહરિએ સાથે વાટે. ૨
ચાલ્યા કૃષ્ણને જયરામદાસ, તીર્થભૂમિમાં કરતા પ્રવાસ;
એક ઝાડી માંહિ દીઠો કૂપ, તેનું નીર વખાણ્યું અનૂપ. ૩
જયરામને કહે નરવીર, ભરો એહ અવાડીમાં નીર;
પછી ભરિયું અવાડીમાં પાણી, બોળ્યો હરિએ ચરણ દયા આણી. ૪
આવ્યાં સસલાં હરણ ને શિયાળ, આવ્યાં વાઘ ને સિંહના બાળ;
પાણી સૌએ મળી સાથે પીધું, જાતિવૈર વિસારી જ દીધું. ૫

જુએ શ્રીહરિને દષ્ટિ સાંધી, સર્વે પ્રાણીને થઇ ત્યાં સમાધી;
સૌને જગાડીને અવિનાશી, કહે જાઓ ચાલ્યાં વનવાસી. ૬
ગયાં પ્રાણી ચાલી ચારે પાસે, જોયું નજરે તે જયરામદાસે;
દીઠો શ્યામનો મહિમા અપાર, તેથી નિશ્ચે થયો નિરધાર. ૭
તોય માત પિતા વૃદ્ધ જાણી, તેની સેવા વિષે પ્રીત આણી;
જાણ્યું તેઓ જશે મોક્ષ જ્યારે, સ્વામી સંગે રહીશ હું ત્યારે. ૮
ત્યાંથી ચાલિયા પોતે બે મિત્ર, શિવમંદિર આવ્યું પવિત્ર;
ત્યાં છે ધર્મશાળા અને ઝાડી, તોય ત્યાં રહી રાત્રી વિતાડી. ૯
ઈચ્છા જયરામદાસને આવી, તેથી હરિએ સમાધિ કરાવી;
એને દેખાડ્યું અક્ષરધામ, પૂજે પ્રભુજીને મુક્ત તમામ. ૧૦
મળી મૂરતિ પોતાને જેહ, દીઠી અક્ષરધામમાં તેહ;
બ્રહ્મા વિષ્ણુ ને શંભુ અપાર, ઊભા સ્તવન કરે છે ઉચ્ચાર. ૧૧
પછી જાગ્યા સમાધિથી જ્યારે, કર્યા દંડપ્રણામ તે ત્યારે;
સ્તુતિ હાથ જોડીને ઉચ્ચારી, તમે અક્ષરાતીત મુરારી. ૧૨
મને આજ કૃતારથ કીધો, મારો સંશય સૌ હરી લીધો;
પછી ત્યાંથી વિચરિયા બે વીર, ગયા મોટી ખાડીતણે તીર. ૧૩
જયરામને કહે જગદેવ, નાવે ભાડું કરો તતખેવ;
ગયો જયરામ ભાડું તે કરવા, લાગ્યું ખાડીનું પાણી ઊતરવા. ૧૪

**પૂર્વછાયો :**

વાર લાગી જયરામને, એક નાવે બેઠા ઘનશામ;
નાવ બધાં ઊપડી ગયાં, જયરામ રહ્યો તેહ ઠામ. ૧૫





**વસ્તુના મૂલ્ય વિષે : ઉપજાતિવૃત્ત :**

સુણો અભેસિંહ નરેશ એહ, પસ્તાય પૂરો જયરામ તેહ;
હું કેમ ભાડું ખરચું વિશેષ,એવું ગણ્યાથી ઉપજ્યો કલેશ. ૧૬
વિશેષ કે કિંચિત મૂલ્ય થાય, સમા પ્રમાણે સમજો સદાય;
જે વસ્તુકેરો ખપ જેહ ટાણે, તે વસ્તુનું મૂલ મળ્યા પ્રમાણે. ૧૭
ગંગાકિનારે જળનું ન મૂલ્ય, ખારાં રણોમાં પણ તે અમૂલ્ય;
જ્યાં પ્રાણ જાતાં જળ કોઇ પાય, સહસ્ત્ર મ્હોરો પણ સ્વલ્પ[1] ત્યાંય. ૧૮
જેને ન જેનો ખપ હોય જ્યારે, અમૂલ્ય વસ્તુ પણ વ્યર્થ ત્યારે;
હાથી મળે એક ટકે કદાપી, ગરીબ લૈને શું કરે તથાપી. ૧૯
નાવે જનારા જન જેમ લાગે, નાવિક ન્યૂનાધિક ભાડું માગે;
જાણ્યું નહીં તે જયરામદાસે, તેથી રહ્યો સાગરતીર પાસે. ૨૦

**ચોપાઈ :**

નાવે બેસીને નાથ સિધાવ્યા, પુરુષોત્તમપુરીમાં આવ્યા;
ઈન્દ્રદ્યુમ્ન સરોવર નામ, કર્યો ત્યાં જઇને વિશરામ. ૨૧
પુરુષોત્તમ પ્રભુ કહેવાય, પુરુષોત્તમપુરીમાં રહ્યાય;
પુરુષોત્તમ હોય તે જાણે, પુરુષોત્તમ વીણ ન પિછાણે. ૨૨
વિત્યા વાસર ત્રણ ચાર જ્યારે, આવ્યો જયરામદાસ તે ત્યારે;
રહ્યો સેવામાં શ્રીહરિપાસ, કર્યો ત્યાં દશ માસ નિવાસ. ૨૩
પુરુષોત્તમપુરી મોઝાર, આવી અસુર રહેલા અપાર;
દિસે સર્વ વેરાગીને રૂપે, તેનો નાશ કર્યો જગભૂપે. ૨૪
એવી બુદ્ધિ પ્રભુજીએ આપી, લડી મૂઆ પરસ્પર પાપી;
એક અવસરે જયરામદાસ, બેઠા મહાપ્રભુજીને પાસ. ૨૫



૧.થોડું

કહે જયરામને હરિ આપ, મુનિ સુવ્રત ભૂપ પ્રતાપ;
તેનો સંવાદ આ ઠાર થાશે, મારા ચરિત્રનો ગ્રંથ રચાશે. ૨૬
પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા, એક રાજાના રાજમાં આવ્યા;
પ્રભુ સાથે છે જયરામદાસ, ગયા એક મોટા વડ પાસ. ૨૭
ઘણા વેરાગી ત્યાં ઊતરેલા, દીઠા પ્રભુપર દ્વેષે ભરેલા;
ગયા હરિ નૃપના બાગમાંય, પૂછી માળીને ઊતર્યા ત્યાંય. ૨૮
મહાજોગી જાણી સાક્ષાત, કહી માળીએ ભૂપને વાત;
રાજા આવિયો દર્શન કાજે, તેને વાત કહી મહારાજે. ૨૯

**દૈવી આસુરી જીવ વિષે : રથોદ્ધતાવૃત્ત :**

હે નૃપાળ સુણ ચિત્ત તું ધરી, બે પ્રકાર જન દૈવી આસુરી;
તે તણાં અલપ લક્ષણો કહું, ઓળખાય નિજલક્ષણે સહુ. ૩૦
દૈવી જીવ દિલમાં દયા ધરે, ક્રૂરકર્મ કદી તે નહીં કરે;
જન્મથી જ શુભ લક્ષણો દિસે, પાપબુદ્ધિ નહિ લેશ તે વિષે. ૩૧
દોષ દેખી દિલમાં સદા ડરે, ધર્મ કર્મ નિજ ચિત્તમાં ધરે;
તે કદાપિ રહી દુષ્ટ સંગમાં, રંગી થાય નહિ દુષ્ટ રંગમાં. ૩૨
ક્રોધ લોભ નહિ ઝાઝી કામના, તે તજે ન કદી શાસ્ત્ર આમના[1];
પુણ્યવાન મનમાં પવિત્રતા, સાધુસંગ અતિ નિત્ય મિત્રતા. ૩૩
જેમ જાય ધ્રુવ મત્સ ધ્રુભણી, દૈવિ ચાય દિલ સત્યતા ઘણી;
દુઃખી થાય પરદુઃખ દેખતાં, નાશી જાય લવ પાપ પેખતાં. ૩૪
લાજ શર્મ અતિ લોકની ધરે, માન પામી અભિમાન ના કરે;
હોય શ્રેષ્ઠ પણ સર્વને નમે, નિત્ય કર્મ પરમાર્થનું ગમે. ૩૫
સૌખ્ય સાજ પરલોકનો સજે, ભાવ રાખી ભગવાનને ભજે;



૧.આજ્ઞા



ક્લેશ વૈર વ્યસનાદિથી ડરે, સર્વ કાળ મન શાંતતા ધરે. ૩૬
કષ્ટકાળ ઉર ધૈર્ય આદરે, દોષ દેખી પરના ક્ષમા કરે;
ગંભિરાઇ ગુણ હોય જેહને, દૈવી જીવ કહિયે જ તેહને. ૩૭
જીવ હોય જગમધ્ય આસુરી, રાજી થાય પરનું બુરું કરી;
કામ ક્રોધ મદ લોભ માનમાં, થૈ નિમગ્ન ખુશી ખાન પાનમાં. ૩૮
લેશમાત્ર દિલમાં નહીં દયા, લાજ શર્મ નહિ મિત્રતા મયા;
સ્વાર્થકાજ પરપ્રાણને હરે, ધર્મકર્મ પણ દંભથી ધરે. ૩૯
આસુરી કદી વસે સુસંગમાં, તોય હોય ખળતાઇ અંગમાં;
જેમ તામ્રઘટ હેમથી રસે, અંત તામ્રપણું ખુલું તે થશે. ૪૦
વ્યાળ[1] વાઘ વરુ તુલ્ય આસુરી, તે તણી બહુ જ રીત છે બુરી;
તે કૃતઘ્નિ ગુણ દોષ ના ગણે, પાળનાર પતિને ખીજ્યો હણે. ૪૧
હે નરેશ ઉપદેશ આ ધરી, જાણજોજી જન દૈવી આસુરી;
દૈવીસંગ પ્રભુપાસ માંગજો, આસુરી જન કુસંગ ત્યાગજો. ૪૨
એમ વાત કહીને વળી કહી, આત્મજ્ઞાન પરમાત્મની સહી;
જ્ઞાનવાત હરિની ઘણી ગમે, નિત્ય ભૂપ પ્રભુને પગે નમે. ૪૩

**ચોપાઇ :**

કહે વર્ણી અભેસિંહ ભૂપ, કથા એક કહું છું અનૂપ;
કીધું અદભુત હરિયે ચરિત્ર, સુણો વર્ણન તેનું પવિત્ર. ૪૪
વડે ઊતર્યા વેરાગી જેહ, તેમાં એક મહાંત છે તેહ;
ઘણા રાખતો શાલગરામ, તેની પૂજા કરે તેહ ઠામ. ૪૫
એક અવસરે આવ્યો નરેશ, દીઠા શાલગ્રામ વિશેષ;
કરી વિનતિ શાલગ્રામ માગ્યા, સુણી મહાંત ના કેવા લાગ્યા. ૪૬



૧.સાપ

ગયો રાજા નિરાશ તે કાળે, એવી વાત સુણી વૃષલાલે;
કહે જયરામદાસને શ્યામ, માગો જઇ તમે શાલગરામ. ૪૭
સુણી જયરામદાસ સિધાવ્યો, વડા વેરાગી આગળ આવ્યો;
કર જોડી કરીને પ્રણામ, એક માગીયા શાલગરામ. ૪૮
કરી ક્રોધને તેણે ના પાડી, વળી ત્યાં થકી મૂક્યો ઉઠાડી;
પ્રભુ આગળ જઇ કહી વાત, પછી જ્યારે ગઇ મધ્ય રાત. ૪૯
એવી ઇચ્છા કરી ઘનશામ, તેથી તે સર્વ શાલગ્રામ;
વડ આગળથી ઝટ ઊડ્યા, નદી ગંડકીમાં જઇ બૂડ્યા. ૫૦
પછી જાગ્યા વેરાગિયો જ્યારે, નવ દીઠા શાલગ્રામ ત્યારે;
જાણ્યું રાજાએ ચોરી કરાવી, લીધા શાલગ્રામ ચોરાવી. ૫૧

**પૂર્વછાયો :**

રાજા તથા રૈયત ઘણી, કરે શ્રીહરિનો સતસંગ;
દેખી શ્રીહરિની સમર્થતા, થયા આશ્રિત ધરીને ઉમંગ. ૫૨
તેહ થકી શ્રીહરિ તણો, કરે વેરાગી દ્વેષ અપાર;
રાતે હરિને મારવા, મળી આવ્યા તે જુગલ હજાર. ૫૩
ઓટા ઉપર જે બાગમાં, પોઢ્યા હતા શ્રીધર્મકુમાર;
પથરા ફેંક્યા પાપીએ, તેનો ગંજ થયો તે ઠામ. ૫૪
પાપી થાકી પાછા ગયા, રહ્યા કુશળ શ્રીજગદીશ;
જાણી તે વાત પ્રભાતમાં, ચડી રાય રૈયતને રીસ. ૫૫
વેરાગી અતિ ઉનમત્ત છે, ઘણાં શસ્ત્ર અસ્ત્ર ધરનાર;
શાલગરામને કારણે, ચાલ્યા લૂંટવા નૃપ દરબાર. ૫૬
જુદ્ધ થશે એમ જાણીને, કર્યું પ્રભુએ ત્યાંથી પ્રયાણ;





વેરાગી બેય હજારનો, વાળ્યો નૃપસેનાએ ઘાણ. ૫૭
શ્રીહરિને જયરામ તે, ગયા ઉભાંગડે[૧] વનમાંય;
જળ તરસ લાગી ઘણી,જયરામદાસને ત્યાંય. ૫૮
ઝાડ ઉપર ચડી જોઇયુ, એક દીઠું સરોવર દૂર;
પાણી લેવાને પરવર્યો, જયરામદાસ જરૂર. ૫૯
સર્પ અનેક સરોવરે, જોઇ પાછો વળ્યો જયરામ;
જળસરપમાં વિષ નહિ, એમ બાલ્યા શ્રીઘનશામ. ૬૦
જેષ્ટિકાએ કરી વેગળા, જળ ભરી લાવ્યો જઇ તેહ;
પાન કર્યું પુરુષોત્તમે, અતિભાવ જાણીને એહ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી ગતિ કરી કોશ પાંચ જ્યારે, નજર પડ્યું શુભ ગામ એક ત્યારે;
જઇ તહી રજની નિવાસ કીધો, વળી જયરામજીને સુબોધ દીધો. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ પુરુષોત્તમપુરીપ્રાન્તવિચરણનામા નવમો વિશ્રામઃ ॥૯॥***

**ઉપજાતિવૃત્ત :**

કહે અભેસિંહ અહો મુનીશ, કહો કથા સ્નેહ ધરી સુણીશ;
તમારી વાણી અતિ મિષ્ટ લાગે, ઇચ્છા સુણ્યાની ઉપજે અથાગે. ૧
વર્ણી કહે ભૂપતિ ધન્ય ધન્ય, ભક્તિ તમારી નિરખી અનન્ય;
શ્રદ્ધા ઘણી કૃષ્ણકથા સુણ્યાની, સુરીતિ દીઠી વળી તે પુછ્યાની. ૨

**શ્રવણભક્તિ વિષે :**

કથા સુણે તે કહી આદિ ભક્તિ, તેથી વધે છે નવધાની વિક્તિ;



૧.ઘાટુ, અઘોર

હતા જનો જે જગમાં કુકર્મી, કથા સુણ્યાથી જ થયા સુધર્મી. ૩
શરીરનો મેલ જળેથી જાય, કથા સુણ્યાથી મન શુદ્ધ થાય;
હરિકથા જે ન સુણે જ કાન, તેને હરિનું નવ થાય જ્ઞાન. ૪
દીઠી અમે ઉત્તમ એક દેવી, તેની દિસે રીત નવાઈ જેવી;
આહાર તે કાન વડે કરે છે, તો પુષ્ટિ પામે નહિ તો મરે છે. ૫
અન્ને યથા જીવ થકી જીવાય, ભક્તિતણું જીવન છે કથાય;
જે અન્ન છોડે નહિ તેની આશ, કથા તજે ભક્તિ થશે વિનાશ. ૬
પ્રાણી પિયે છે પ્રતિદિન પાણી, તોયે અરૂચી ઉપજી ન જાણી;
કથા સુણે એક જ વારવાર, ન ભક્ત પામે અરુચી લગાર. ૭
સમીપ આવે મરવાનું જ્યારે, ધીમે ધીમે અન્ન તજાય ત્યારે;
સત્સંગમાંથી પડવાનું થાય, ધીમે ધીમે કૃષ્ણકથા તજાય. ૮
જેને કથાકેરું અજીર્ણ થાશે, કથા સુણ્યાની રુચી ઊઠી જાશે;
આળસ્ય આવે સુણતાં લગાર, તો જાણવું અંગ થયો વિકાર. ૯
શ્રીમુખ વાક્યામૃતમાં[૧] કહ્યું છે, તે વાક્ય મારી સ્મૃતિમાં રહ્યું છે;
જેને કથા અંતરમાં ન ભાવે, નહીં જ તેમાં ગુણ શ્રેષ્ઠ આવે. ૧૦
સત્સંગનો કૃષ્ણકથા જ પાયો, જો તે કદાપી નબળો જણાયો;
સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી વહેલી. ૧૧
આહારનો ભાવ જણાય જેને, થશે શરીરે અતિ પુષ્ટિ એને;
ભાસે કથા ઊપર તીવ્ર ભાવ, સત્સંગનો અંગ થશે ચડાવ. ૧૨
કથા વિષે જો રુચી છે તમારી, તેથી કહે છે મનવૃત્તિ મારી;
સત્સંગમધ્યે અતિ શ્રેષ્ઠ થાશો, ભક્તો વિષે મુખ્ય તમે મનાશો. ૧૩



૧.વચનામૃત (ગ.અં.૨૪)



**ચોપાઈ :**

સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, કહું જયરામદાસની વાત;
સગાં સંબંધિમાં તેને સ્નેહ, તલભાર તૂટ્યો નહિ તેહ. ૧૪
દીધો હરિએ ઘણો ઉપદેશ, તોય ઓછો થયો નહીં લેશ;
વારેવારે કહે પ્રભુપાસ, મારે ગામ ચાલો અવિનાશ. ૧૫
કરો ત્યાં જ નિવાસ સદાય, મારા સંબંધિ તમને ચહાય;
મને મોકલ્યો છે એમ કહી, પાછો આવજે કૃષ્ણને લહી. ૧૬
સુણી બોલિયા શ્રીપરમેશ, મારે કરવાં છે તીર્થ વિશેષ;
વળી છે ઘણાં કરવાનાં કામ, નહીં આવું તમારે હું ગામ. ૧૭
જવું હોય તો પાછા જ જાઓ, જ્યારે જગતથી ઉદાસી થાઓ;
ઉર ઊપજે સત્ય વૈરાગ, ત્યારે કરજો સંબંધિનો ત્યાગ. ૧૮
પછી આવજો પશ્ચિમ દેશ, પાસે રાખીશ તમને હંમેશ;
ઉર રાખજો એવો વિચાર, નથી દેહ તણો નિરધાર. ૧૯
સગાં સંબંધિ સાથે જે સ્નેહ, દઢ માયાનો પાશ છે તેહ;
અતિ દુઃખદાયક છે અંતે, માટે સદ્ય તજ્યો છે તે સંતે. ૨૦
એમ કહી જયરામ વળાવ્યો, પાછો પુરુષોત્તમપુરી આવ્યો;
આવ્યો તાવ ત્યાં કર્મસંજોગ, થયો શીતળાનો વળી રોગ. ૨૧
એથી આંખે દરદ થયું એને, કહે કષ્ટની વાત તે કેને;
ઘણી પીડા પામ્યો ઘણા માસ, થયું અંતર ત્યારે ઉદાસ. ૨૨
નિજદેહ જાણ્યો નાશવંત, ઘડે ઘાટ અંતરમાં અનંત;
જાણે જો હવે સાજો હું થાઉં, પાછો ઘેર ફરી નહિં જાઉં. ૨૩
પંડ્યે પશ્ચિમદેશ જઈશ, સ્વામી કેરી સેવામાં રહીશ;

મને હરિએ કહી ઘણી વાણી, પણ મુજને તે તો ન મનાણી. ૨૪
સગાં સંબધિમાં જીવ જોડ્યો, તેથી શ્રીહરિનો સંગ છોડ્યો;
જાણ્યું હમણાં હું ઘેર રહીશ, પછી શ્રીહરિપાસ જઇશ. ૨૫
ક્ષણભંગુર દેહ ન જાણ્યો, તેથી એવો વિચાર મેં આણ્યો;
એમ કરતાં સાજો થયો જ્યારે, ચાલ્યો પશ્ચિમ દેશમાં ત્યારે. ૨૬
હતા લોજમાં સુંદરશામ, મળ્યો ત્યાં જઇ તે જયરામ;
તેને શામે પૂછ્યા સમાચાર, કહી વાત કરી વિસતાર. ૨૭
વળી હેતે બોલ્યો જોડી હાથ, તમે મુજને કહ્યું ઘણું નાથ;
પણ મુજથી ન વાત મનાણી, હવે વાત જથારથ જાણી. ૨૮
ક્ષણભંગુર જાણીયો દેહ, સગાં સંબંધિથી તજ્યો સ્નેહ;
તેથી આવિયો છું તમપાસ, સદા સેવામાં રહેવાની આશ. ૨૯
એવી વાત સુણી ભગવાન, વળી જાણ્યું છે વૈરાગ્યવાન;
તેથી સાધુ કર્યા ઘનશામે, ધર્યું જીજ્ઞાસાનંદજી નામે. ૩૦
ધન્ય ધન્ય તેનાં માત તાત, જેને સમજાણી પ્રગટની વાત;
વળી ઉપજ્યો ખરો વૈરાગ, તેથી કીધો સંસારનો ત્યાગ. ૩૧

**પૂર્વછાયો :**

જે જીજ્ઞાસાનંદનું, આ ઉચરશે આખ્યાન;
તેના ઉપર રાજી થશે, ભક્તિતનુજ શ્રીભગવાન. ૩૨
વર્ણવ્યું ત્રણ વિશ્રામથી, એમાં ઊંડો છે મર્મ અપાર;
સુણી મનન મન જે કરે, તે તો સમજે સાર અસાર. ૩૩
આ સંસાર અસારથી, એને ઉપજશે વૈરાગ;
પ્રીતિ થશે પ્રભુને પદે, અને ભલું ગણાશે ભાગ્ય. ૩૪





અંતે તે અક્ષરધામમાં, જઇ પામશે સુખ અપાર;
જન્મમરણની વેદના, તેને નહીં નડે કોઇ વાર. ૩૫

**આપત્તિમાં ઈશ્વર સાંભરવા વિષે : ઉપજાતિવૃત્ત :**

આવી પડે આપતકાળ જ્યારે, આવે ઉરે શ્રીહરિનામ ત્યારે;
તે કારણે જે પરમાર્થ પ્રીછે, તે ભક્ત તો આપતકાળ ઇચ્છે. ૩૬
જ્યારે ઘણું દૈહિક દુઃખ થાય, અસત્ય સંસાર તદા જણાય;
સર્વે પ્રકારે સુખ હોય જ્યારે, અત્યંત ભક્તિ નવ થાય ત્યારે. ૩૭
ભક્તો ભલા દૈહિક દુઃખ દેખે, ત્યારે કૃપા શ્રીહરિકેરી લેખે;
ચાહે નહીં માયિક સુખ ચિત્ત, બ્રહ્માંડ ને પિંડ વિષે ન પ્રીત. ૩૮
આખ્યાન આ જે સમજુ સુણે છે, તે એટલો સાર વિચારી લે છે;
સંસાર મિથ્યા હરિભક્તિ સાચી, કાયા મટોડી ઘટ જેવી કાચી. ૩૯
માટે પ્રભુની કરી લેવી ભક્તિ, સંસારથી રાખી સદા વિરક્તિ;
જેને ન આવે ઉર એવું જ્ઞાન, મનુષ્ય તે પક્ષી પશુસમાન. ૪૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

લલિત[૧] અમૃતકેરી આ લહેરી, કહી સુકથા જીગનાસુનંદકેરી;
જનમન મળહારી જાણી લેશે, ગતિ અતિ દિવ્ય દયાળુ દેવ દેશે. ૪૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે જીજ્ઞાસાનંદ-આખ્યાનકથનનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, રતાબસિયાનું કહું આખ્યાન;
જે સુણતાં સમજાય છે, કેવા સમરથ શ્રીભગવાન. ૧



૧.સુંદર

ધર્મતનુજ નરતન ધરી, વન વિચરતા વિખ્યાત;
આદિકુરમ જ્યાં તીર્થ છે, ત્યાં આવ્યા પ્રભુ સાક્ષાત. ૨

**ચોપાઈ :**

ત્યાંથી માનસપુર ગયા લાલ, સત્રધર્મા છે ત્યાંનો ભૂપાળ;
તેની ઊપર ઉર દયા લાવી, તેને સદ્ય સમાધિ કરાવી. ૩
એને દેખાડ્યું અક્ષરધામ, કર્યો આશ્રિત સુંદરશામ;
નૃપદ્વારે વળી તેહ ઠાર, કર્યો અસુર ઘણાનો સંહાર. ૪
ગયા શ્રીહરિ તૈલંગદેશ, કર્યો ત્રિપદીપુરમાં પ્રવેશ;
ત્યાં તો હળ ને મુશળ ધરનાર, દીઠી બાલાજીની છબી સાર. ૫
તેનાં આદરે દર્શન કરી, વેંકટાદ્રિ વિષે ગયા હરી;
વળી ત્યાં થકી વાલો વિચરતા, એક ઝાડી વિષે ગયા ફરતા. ૬
તેમાં ભૂલા પડ્યા ભયહારી, કર્યું મનુષ્યચરિત્ર મુરારી;
આવી ભૂમિ ભયંકર છેક, સુતો દીઠો ત્યાં રાક્ષસ એક. ૭
તેના મસ્તકમાં લાત મારી, ત્યારે ઉભો થયો તે ખુંખારી;
હતો ક્રોધી વિરોધી તે ઘણો, પદસ્પર્શ થયો પ્રભુ તણો. ૮
વળી હરિની ઈચ્છા બળવાન, પૂર્વભવનું થયું તેને જ્ઞાન;
પુરુષોત્તમ પ્રભુને પિછાણ્યા, જગદીશ્વર સાક્ષાત્ જાણ્યા. ૯
કર્યો પ્રેમથી દંડપ્રણામ, સ્તુતિ ઉચ્ચારી ઉચ્ચર્યો આમ;
કૃપાનાથ તમે કૃપા કરી, મને આવી મળ્યા આજ હરી. ૧૦
સ્વામી છો સર્વજ્ઞ સુજાણ, તોય આપું મારી ઓળખાણ;
પૂર્વજન્મે હતો હું નરેશ, પ્રીતે પાળતો તૈલંગદેશ. ૧૧
એવે અવસરે બે દ્વિજ લડિયા, ન્યાય લેવા રાજદ્વાર ચડિયા;





તેમાં એકનું જયદેવ નામ, કન્યા કુંવારી તેહને ધામ. ૧૨
બીજો નામે મુકુંદદેવ સારો, તેને એકજ પુત્ર કુંવારો;
શિશુપણમાંહિ સગપણ કીધું, વાગદાન તે જયદેવે દીધું. ૧૩
વિત્યાં પાંચ વરસ પછી જ્યારે, શીળી નીકળી વરને ત્યારે;
એ તો આંખે થયો અંધ એથી, જયદેવને નવ ગમ્યો તેથી. ૧૪
ત્યારે તે સાથ સગપણ તોડી, બીજા સાથે સગાઇ તે જોડી;
પિતા વરનો મુકુંદદેવ જેહ, આવ્યો રાજસભા મધ્ય એહ. ૧૫
મુજપાસ માગ્યો એણે ન્યાય, સુત માટે તે માગી કન્યાય;
કહે કેમ મુકાય સગાઇ ? ખાધા બહુ દિન મેવા મીઠાઇ. ૧૬
અમે ભૂષણ વસન ચડાવ્યાં, કરી જીર્ણ પાછાં મોકલાવ્યાં;
અહો છો તમે નૃપ ધર્મરાય, એવો અન્યાય તે કેમ થાય ? ૧૭
એવું સુણીને મુનિ કૃતમાત્ર[1], જોયાં વિચારી બહુ ધર્મશાસ્ત્ર;
એમાં તો એવી વાત જણાઇ, કરી હોય કન્યાની સગાઇ. ૧૮
પછી જો વર અપંગ થાય, તો તે કન્યા તેને ન દેવાય;
વસ્ત્ર ભૂષણ જીરણ જેવાં, હોય તે તેને પાછાં જ દેવાં. ૧૯
એવી રીતે કર્યો અમે ન્યાય, ત્યારે બોલિયો વરનો પિતાય;
ધર્મશાસ્ત્રની વાત શું ધારો ? કુળાચાર છે એવો અમારો. ૨૦
કોઇ રીતે સગાઇ ન છૂટે, વર નાશ પામે તો જ તૂટે;
શાસ્ત્રાચાર થકી કુળાચાર, બળવાન છે વિશ્વ મોઝાર. ૨૧
એવી તેણે કરી તકરાર, મને તો ગમ્યો શાસ્ત્રઆચાર;
તેથી તેવો હુકમ મેં કીધો, વરતાતે મને શાપ દીધો. ૨૨
બન્ને વિપ્ર પવિત્ર તે એવા, સમરથ વર કે શાપ દેવા;



૧.ઋષિએ કરેલા બધા શાસ્ત્રો

વરતાત કહે નવ માસે, નૃપ તું મોટો રાક્ષસ થાશે. ૨૩
એવી વાણી સુણી શાપ તણી, મેં તો જોયું કન્યાપિતા ભણી;
ત્યારે તેણે તે વિચારી લીધું, દયા આણીને વરદાન દીધું. ૨૪
તને મળશે પ્રગટ ભગવાન, ત્યારે થાશે પૂરવભવ જ્ઞાન;
તજાવીને તે રાક્ષસ દેહ, ગતિ ઉત્તમ આપશે એહ. ૨૫
નવ માસે મટી ભલો ભૂપ, થયો હું પછી રાક્ષસરૂપ;
ઘણા રાક્ષસને રાક્ષસી, રહ્યાં મારા તાબા માંહિ વસી. ૨૬

**ઉપજાતિવૃત્ત :**

બે માણસો મધ્ય લડાઇ થાય, બન્ને જણા તે નૃપપાસ જાય;
તે થાય જેના ગમતા પ્રમાણે, તે ભૂપનો ન્યાય ભલો વખાણે. ૨૭
ધાર્યા થકી જો ઉલટું જ થાય, એ તો કહે આજ થયો ન ન્યાય;
બન્ને જણાના મન માંહિ ભાવે, એવો કદી ન્યાય બની ન આવે. ૨૮
જે રાય અન્યાય કદી કરે છે, અંતે જઇ તે નરકે ઠરે છે;
જે પક્ષ કે પાત કરે નરેશ, તે ઉપરે કોપ કરે મહેશ. ૨૯

**ચોપાઈ :**

એવો સમય આવ્યો પ્રભુ મારે, પામ્યો રાક્ષસનો દેહ ત્યારે;
વળી બીજું સંકટ આવી પડિયું, તે તો નિશ્ચે મને ઘણું નડિયું. ૩૦
એક રાક્ષસ નામ વૈતાળ, સર્વે રાક્ષસનો તે ભૂપાળ;
તેણે મેળવી રાક્ષસ નાત, ગયા સર્વ ત્યાં રાક્ષસ જાત. ૩૧
મુજ પાસે હતા ઘણા જેહ, ગયા રાક્ષસ રાક્ષસી તેહ;
રહ્યો હું એકલો મુજ વનમાં, ત્યાં તો ભૂખ લાગી મારા તનમાં. ૩૨
વિપ્રપુત્ર ચતુરભુજ નામ, જતો હતો તે જાત્રાને કામ;





કાંચીપુરીએ જવાનું છે મનમાં, જતાં ભૂલો પડ્યો મારા વનમાં. ૩૩
તેને પકડ્યો મેં કરવા આહાર, ત્યારે તેણે કર્યો ત્યાં ઉચ્ચાર;
મારી ભગિની કુંવારી છે બેય, કન્યાદાન દેવાં તેનાં છેય. ૩૪
કાંચીપુરમાં મોટા જન પાસે, હું તો જાઉં છું દ્રવ્યની આશે;
મારી બેહેનો જોશે ઘેર વાટ, નહીં જાઉં તો કરશે ઉચાટ. ૩૫
મારા માતા પિતા વૃદ્ધ છેક, પાળનાર તેને હું છું એક;
મને મારીશ તો થશે પાપ, તને લાગશે માહરો શાપ. ૩૬
પડ્યો અજગરસમ તું રહીશ, પંડે પીડા ઘણી જ પામીશ;
એવાં વચન કહ્યા તેણે લક્ષ, તોય કીધો મેં તેહનો ભક્ષ. ૩૭
તેથી પામ્યો પીડા હું તો ભારી, થઇ અજગરસમ સ્થિતિ મારી;
તમે મુજને મળ્યા મહારાજ, અતિ કીધો અનુરાગ આજ. ૩૮
હવે રાક્ષસદેહ છોડાવો, ગતિ ઉત્તમ મુજને અપાવો;
એવું સાંભળીને ઘનશામ, તેનો દેહ તજાવ્યો તે ઠામ. ૩૯
કહ્યું જા હવે સોરઠમાંય, જેતપુર છે વાળાનું જ્યાંય;
કાઠી બશિયાના કુળ મોઝાર, ધરજે જઇને અવતાર. ૪૦
રતો નામ તારું કહેવાશે, તને મારો સમાગમ થાશે;
મારી ભક્તિ કરી તેહ ઠામ, પછી પામીશ અક્ષરધામ. ૪૧
કહે વર્ણી સુણો અવનીશ, બોલ્યા વેણ જે જે જગદીશ;
બની વાત તે એ જ પ્રમાણે, સતસંગી સરવ જન જાણે. ૪૨
ભલો ભક્ત થયો રતો બશિયો, સદા શ્યામસમીપે તે વશિયો;
પૂર્વભવનું હતું તેને જ્ઞાન, વાત કરતો થઇ સાવધાન. ૪૩
એનાં લક્ષણ એવાં જણાય, પૂર્વભવનો તે ભક્ત મનાય;

કરી ઉત્તમ ભક્તિનું કામ, અંતે પામ્યો તે અક્ષરધામ. ૪૪

**પૂર્વસંસ્કાર વિષે : ઉપજાતિવૃત્ત :**

ત્રણ પ્રકારે હરિભક્ત જાણો, મુક્તો તથા યોગચ્યુત પ્રમાણો;
સંસ્કાર પૂર્વે શુભ કાંઇ થાય, સાધુ તણી વાત સુણી મનાય. ૪૫
જે મુક્ત મોટા નરદેહ ધારી, સંસારથી રીત સમગ્ર ન્યારી;
અખંડ મૂર્તિ પ્રભુકેરી દેખે, દેહાદિ વસ્તુ તૃણતુલ્ય લેખે. ૪૬
સત્સંગ પામે જન જોગભ્રષ્ટ, ગણે નહીં તે કદિ કાયકષ્ટ;
મંડ્યો રહે તે હરિભક્તિ માંહી, કરે ન આસ્થા સ્થળ અન્ય ક્યાંહી. ૪૭
જે સ્વલ્પ સંસ્કાર તણે પ્રતાપે, સત્સંગ સેવે થઇ ભક્ત આપે;
મંડ્યો રહે ઉત્તમ ભક્ત થાય, કુસંગ પામે જડ મૂળ જાય. ૪૮
સંસ્કાર જો પૂર્વ તણો ન હોય, સત્સંગી સારો નવ થાય કોય;
ઊંડી ન પેસે ઉર માંહિ વાત, જાતિ વિના જેમ પડે ન ભાત. ૪૯
મળે હરિ કે હરિના મળેલા, સત્સંગી જે તેહ થકી થયેલા;
તેઓ તણાં ઉત્તમ અંગ જેવાં, પરંપરા અંગ ન હોય એવાં. ૫૦

**ચોપાઈ :**

કહે વર્ણી અહો સુણ રાય, રતા બશિયાનું આખ્યાન આંય;
કોઇ શીખે સુણે કે જો ગાશે, પ્રાપ્ત ચારે પદારથ થાશે. ૫૧
ઘણા રાજી થશે ઘનશામ, અંતે આપશે અક્ષરધામ;
મોટા ભક્ત તણો મહીમાય, પ્રીતે સુણતાં પવિત્ર થવાય. ૫૨
દીધું રાક્ષસને જ્ઞાનદાન, એવા સમરથ શ્રી ભગવાન;
તેની ભક્તિ કરે નહિ જેહ, મોટો મૂરખ માણસ તેહ. ૫૩





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃષસુત હરિ છે કૃપાળુ કેવા, અવર ન કોય દયાળુ દેવ એવા;
અગણિત અઘ ટાળી મોક્ષ આપે, કરી નિજદાસ અનેક કષ્ટ કાપે. ૫૪

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર - અભયસિંહનૃપસંવાદે રતાબશિયાખ્યાન-કથનનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥***

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણ ભૂપ, કથા પાવન પરમ અનૂપ;
વેંકટાદ્રિનું વન છે વિશાળ, તેમાં વિચરે છે દીનદયાળ. ૧
મળ્યો સાધુ ત્યાં સેવકરામ, તેની સાથે ચાલ્યા ઘનશ્યામ;
ભાગવત તો ભણ્યો હતો એહ, પછી રસ્તે માંદો પડ્યો તેહ. ૨
સેવા શ્રીહરિએ કરી એવી, બીજો કોઇ કરે નહીં તેવી;
પછી જાણ્યો તે કૃતઘ્ની[1] જ્યારે, તેનો ત્યાગ કર્યો હરિ ત્યારે. ૩

**કૃતિઘ્ની વિષે : ઉપજાતિવૃત્ત :**

કૃતઘ્નિને તો ગુણ જે કરાય, તે સર્વ તેનો શ્રમ વ્યર્થ જાય;
કૃતઘ્નિ તો ગુણ કશો ન જાણે, અંતે વળી તે ઉર દ્વેષ આણે. ૪
જો ભક્તનો વેષ ધરે તથાપિ, કૃતઘ્નિ જેવો નહિ કોઇ પાપી;
કૃતઘ્નિ લેશે જળ અન્ન જેનું, અંતે બગાડે અતિ કામ તેનું. ૫
કૃતઘ્નિનું દીલ દિસે દગાળું, કૃતિઘ્નનું મોં કરીયેજ કાળું;
કૃતઘ્નિ જેવો જન જે જણાય, તો સંગ તેનો તજીયે સદાય. ૬
જે અન્નદાતાની અકીર્તિ ગાશે, કલ્યાણ તેનું કદીયે ન થાશે;
કરે કૃતઘ્નિ તપ જાપ જેહ, તીર્થાદિ યાત્રા સઉ વ્યર્થ તેહ. ૭



૧.અપકારી, નિમકહરામ

કૃતઘ્નિ જો સેવકરામ જાણ્યો, તો પાપી પૂરો પ્રભુએ પ્રમાણ્યો;
એવો કૃતઘ્ની જન જેહ થાશે, જરૂર તેથી હરિ દૂર જાશે. ૮

**ચોપાઈ :**

કહે વર્ણી સુણો મહિપાળ, ગયા કાંચીપુરીમાં કૃપાળ;
ત્યાંથી શ્રીરંગક્ષેત્રમાં ગયા, માસ બે ત્યાં થઇ સ્થિર રહ્યા. ૯
ગયા ત્યાં થકી શ્રીભગવાન, સેતુબંધ રામેશ્વર સ્થાન;
માસ બે ત્યાં રહી મહારાજ, ગયા જ્યાં વિષ્ણુ સુંદરરાજ. ૧૦
પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા, ઘોર વન એકમાં વળી આવ્યાં;
તેમાં ચાલ્યા પ્રભુ દિન ચાર, જળ ફળ નવ પામ્યા લગાર. ૧૧
પાંચમે દિન વિચરતાં પાવ, એક આવિયું છોટું તળાવ;
સ્નાનાદિક કર્યું ત્યાં ઘનશ્યામ, સંધ્યા કરી પૂજ્યા શાલગ્રામ. ૧૨
પરબોળિયાની ફળી ચાર, શેકીને કર્યો તેનો આહાર;
રાત એક પ્રહર ગઇ જ્યારે, ચાલ્યા ત્યાં થકી શ્રીહરિ ત્યારે. ૧૩
છઠ્ઠે દિવસ થયો મધ્યાન, વડ વનમાં દીઠો તેહ સ્થાન;
એક કૂપમાંથી જળ લીધું, નાહીને નિત્યનું કર્મ કીધું. ૧૪
એક પત્રમાં શાલગરામ, બેસાર્યા નવરાવાને કામ;
જળ નાખ્યું ભરીને કઠારી[1], તે તો શોષી ગયા બધું વારી. ૧૫
વળી નીર નાખ્યું ઘણું જેમ, શોષ્યું શાળગરામે તે તેમ;
ત્યારે વિચારિયું ઘનશામે, ઘણું જળ પીધું શાલગરામે. ૧૬
એવી તરસ લાગી તેને જ્યારે, હશે લાગી ક્ષુધા પણ ત્યારે;
નથી નૈવેદ્ય કાંઇયે ધરવા, લાગ્યા એમ વિચાર તે કરવા. ૧૭
એવે અવસરે આવ્યા મહેશ, અંગે કાપડી[2]નો ધરી વેશ;



૧.લાકડાનું પાત્ર ૨.સંન્યાસી



બેઠા નંદી ઉપર સિદ્ધનાથ, સતી પારવતી હતાં સાથ. ૧૮

**દોહરો :**

વિષધર[1]સુત[2] છે ભાલમાં, કંઠે વિષધર[3] વાસ;
વિષધર[4] આવ્યા વન વિષે, વિષધર[5]સમ તનું પાસ. ૧૯

**ચોપાઈ :**

શિવે મીઠું ને સાથવો ધર્યો, હરિકૃષ્ણે અંગીકાર કર્યો;
તે તો શાળગરામને ધરી, હેતે સહિત જમ્યા પોતે હરી. ૨૦
કહે ભૂપ અહો વરણીશ, આવ્યા શા કારણે ઉમાઇશ?
તેનું કારણ કહી સમજાવો, મારો સંશય તે તો તજાવો. ૨૧
કહે વર્ણી સુણો ચિત્ત ધરી, હતા જ્યારે છપૈયામાં હરિ;
માતા ભક્તિ પ્રભુને લઇને, નારાયણસર નાયાં જઇને. ૨૨
બ્રહ્મા વિષ્ણુ ને શંકર દેવ, ત્યાં તો આવ્યા હતા તતખેવ;
કથા તે કહી છે તમપાસ, પછી શંભુ ગયા કૈલાસ. ૨૩
દીઠી મૂર્તિ તે ધ્યાનમાં લાવી, દ્રઢ બેઠા શંભુ સમાધિ ચડાવી;
લાગી લગની પ્રભુપદ ભારી, ઘણે કાળે જાગ્યા ત્રિપુરારી. ૨૪
એવે આવ્યા નારદમુનિ રાય, વંદ્યા ભવને ભવાનીના પાય;
શિવે પૂછ્યા સમાચાર જ્યારે, મુનિ નારદ બોલિયા ત્યારે. ૨૫
મૃત્યુલોક જઇને હું આવ્યો, એક સારા સમાચાર લાવ્યો;
જે છે અક્ષરધામના વાસી, પુરુષોત્તમ પરમ પ્રકાશી. ૨૬
સર્વ અવતારના અવતારી, જેનાં દર્શન દુર્લભ ભારી;
તેણે ભૂમિનો હરવાને ભાર, ધર્મઘેર ધર્યો અવતાર. ૨૭
ધરી વર્ણીનો વેષ તે તનમાં, ફરે દક્ષિણ દેશના વનમાં;



૧.સમુદ્ર ૨.ચંદ્ર ૩.નાગ,સર્પ ૪.શંકર, શિવ ૫.નિલકંઠવર્ણી

તેનાં દર્શનનો લાભ લઇ, અહીં આવ્યો કૃતારથ થઇ. ૨૮
સુણી વાત બોલ્યા ત્રિપુરારી, અમે નિરખ્યા છે ભવભયહારી;
ના'તાં દીઠા નારાયણસરમાં, ધરી મૂર્તિ મેં એ જ અંતરમાં. ૨૯
ગયા છે હરિ તીર્થમાં ફરવા, હવે જૈશ ત્યાં દરશન કરવા;
સુણી બોલ્યાં પારવતી રાણી, મારી વિનતિ સુણો શૂલપાણી[1]. ૩૦
વ્રત યજ્ઞ કે તીર્થ આચરવું, સાથે પત્નિને રાખીને કરવું;
સર્વ શાસ્ત્રમાં લખિયું છે એમ, પાળતા નથી તમે તે કેમ ? ૩૧
નારાયણસર દર્શન કાજ, ગયો જે સમે સુરનો સમાજ;
ત્યારે સાથે ન લઇ ગયા અમને, તેમ કરવું તે નવ ઘટે તમને. ૩૨
એકવાર હરિનો પ્રસાદ, મને મુકી તમે કર્યો સ્વાદ;
ત્યારે કલહ થયો તો અતિશે, કથા તેહ પુરાણમાં દિસે. ૩૩
આવ્યા અક્ષરધામના ધામી, જેનાં દર્શન દુર્લભ સ્વામી;
મને મેલી જો એકલા જાશો, પ્રાણનાથ પછી પસતાશો. ૩૪
માટે રાખો મને નિજસંગ, મને દર્શનનો છે ઉમંગ;
સુણી શંકર સમજ્યા તે મનમાં, આવ્યા પારવતી સુધાં વનમાં. ૩૫
કૃપાનાથનું દર્શન કરિયું, ત્યારે શૈલસુતા મન ઠરિયું;
કરી પૂરી ઉમાકેરી આશ, ગયા શંકરદેવ કૈલાસ. ૩૬
કહે વર્ણી તમે પૂછ્યું જેહ, શિવ આવ્યાનું કારણ એહ;
સંભળાવ્યું તને સાક્ષાત, હવે શ્રીહરિની કહું વાત. ૩૭

**પૂર્વછાયો :**

વાલમ વિચર્યા ત્યાં થકી, આવ્યો ઝાડી તણો કાંઇ પાર;
ગામ રહ્યું ગાઉ[2] ચ્યાર ત્યાં, મોટા સિદ્ધ દીઠા તે ઠાર. ૩૮



૧.ત્રિશુલ જેના હાથમાં છે એવા શંકર ૨.એક ગાઉ=૩ કી.મી.



દૂધાધારી એક છે, અન્ન ફળ ન કરે આહાર;
બાવો દિશાયે જાય નહિ, નવ રહે વસ્તી મોઝાર. ૩૯
તેથી તેની માનતા, બહુ વિસ્તરી દેશ વિદેશ;
રાજા તથા રઇયત ઘણી, આવે દર્શન કાજ હમેશ. ૪૦
ભેટ ધરે જન ભાવથી, બાવા આગળ ધન કે ધાન;
શિષ્ય કહે એથી પાળીએ, અમે ચકલિયો ને શ્વાન. ૪૧
બાવે મુનિવ્રત મુખ ધર્યું, નવ બોલે કદીયે બોલ;
શિષ્ય તેના સાત આઠ તે, એવું કહી વધારે તોલ. ૪૨
કપટ કોઇ ન કળી શકે, ઘણા ભોળા જન ભોળવાય;
ઉપજ તેને તે થકી, નિત્ય શત રુપૈયા થાય. ૪૩
વડતળે ખણી ખોતરી, કરી રાખ્યું ભોંયરું એક;
અન્ન આદિક એમાં ભરે, વળી અવર વસ્તુ અનેક. ૪૪
ઢાંકણું ઢાંકીને કરે, પછી એહ ઉપર આસન;
બાવા આગળ કશુંયે નથી, જોઇ એમ કહે સૌ જન. ૪૫

**ચોપાઇ :**

બ્રહ્મચારી કહે સુણ ભૂપ, કહું વર્ણવી બાવાનું રૂપ;
સાથે છે સાત આઠક ચેલા, રહે ગાંજાને કેફે છકેલા. ૪૬
ધૂણી સળગતી રાખે અખંડ, મહાકુકર્મનો એ જ કુંડ;
મોટો ચીપીયો પાવડી રાખે, ચિત્તે કાળી રોટી અભિલાખે. ૪૭
પાળે કુતરાં પાંચ કે સાત, વધે સ્નેહ તે જેમ સ્વજાત;
પડી ત્યાં રહે ગાંજાની થેલી, વળી ત્યાં દિસે ચલમો ભરેલી. ૪૮
ગાંજો ભાંગ્ય પીયે અને પાય, ઘણા વિપ્ર આવી વટલાય;

રાતી આંખો બાવાની જણાય, બળીને કંઠ ઘોઘરો થાય. ૪૯
ઘણા ધૂમ્રના ગોટા ઉડે છે, જાણે વાદળાં મેઘનાં એ છે;
સારૂં માણસ ત્યાં જાય જેહ, નાકે વસ્ત્ર આડું ધરે તેહ. ૫૦
દિસે ઢોંગી તણો કેવો ઢંગ, ચોળી અધમણ રાખોડી અંગ;
માથે દેખાય છે જટા મોટી, વાળ સાંધી વધારેલી ખોટી. ૫૧
વાળે કોપીન નગ્ન જણાય, તોય નિર્લજ તે ન લજાય;
આવે નારિયો દર્શને જયારે, ઘણી સિદ્ધાઇ દાખવે ત્યારે. ૫૨
માઇ માઇ કહી દેછે માન, હૈયે કામના હોળીસમાન;
દોરા ચીઠી ઘણી કરી આપે, કોઇને તો ચેલી કરી થાપે. ૫૩
બાવો કોઇને આપે ભભૂત, કહે આથી થાશે તારે પૂત;
કહે પુરુષને મંત્ર હું જાપું, તારી નારીને વશ કરી આપું. ૫૪
આપે કોઇને તો જડીબૂટી, લે છે એમ ઠગી ધન લૂંટી;
કહે કોઇને કીમીયો જાણું, એમ કહીને ઠગી લે છે નાણું. ૫૫
જ્યારે હોય ઘણી સ્ત્રીજાત, કહે કામરુદેશની વાત;
અમે કામરુદેશ ગયા'તા, ખટ માસ ત્યાં જઇને રહ્યા'તા. ૫૬
સ્ત્રિયારાજ છે ત્યાં તો સદાય, જોતાં પુરુષ ન કોઇ જણાય;
શ્વેત બગલો જો બેઠો દેખાય, જાણી પુરુષને નારિયો ધાય. ૫૭
ઉડી જાય તે બગલો આકાશ, વળે નારિયો થઇને નિરાશ;
નર કોઇ કદી હાથ આવે, તેને દિવસે તો બળદ બનાવે. ૫૮
એવી ગપ્પો ચલાવે વિશેષ, તેમાં સાચું નહી લવલેશ;
એકટંગીયા દેશની વાત, ભાખે ભોળાની આગળ ભ્રાત. ૫૯
ભક્તમાળની વાત સુણાવે, સાધુનો મહિમા સમઝાવે;





તન મન ધન સાધૂને દૈયે,માઇ ત્યારે કૃતારથ થઇયે. ૬૦
કહે સિદ્ધાઇ ગુરુની અપાર, થયાં વર્ષ ગુરુને હજાર;
શત વર્ષ સેવ્યો ગિરનાર, સેવ્યો આબુ વરસ શત ચાર. ૬૧
શતવર્ષ હિમાળામાં ફરિયા, બીજાં વર્ષોમાં તીર્થે વિચરિયા;
હતો આ ઠામ સાગર જ્યારે, ગુરુ આવ્યા હતા અહિં ત્યારે. ૬૨

**ઉપજાતિવૃત્ત :**

શિષ્ય વધારે ગુરુની વડાઇ, કુચાલ ઢાંકી ગુણગાન ગાઇ;
તે પાપનો કુંભ ભરાય જ્યારે, પડે ઉઘાડી બધી વાત ત્યારે. ૬૩
એકાંત બેશી શિરવસ્ત્ર છાઇ, બેસે ગુરુજી બહુ ધ્યાનમાંઇ;
તે ઘાટ કેવા મનમાં ઘડે છે, અંતે ઉઘાડું સઘળું પડે છે. ૬૪
સ્વભાવથી સજ્જન સર્વ ભાસે, તેની પરીક્ષા તપવાથી થાશે;
ભાસે ભલું પીતળ હેમ જેવું, તાપે તપે તો ન રહે જ તેવું. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નહિ કદી જળપૂર મધ્ય ધાવું, નહિ કદી બુદ્ધિ છતાંય મૂર્ખ થાવું;
નહિ ઠગ ગુરુથી કદી ઠગાવું, નહિ વિષનેય પિયૂષ જાણી ખાવું. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ખળગુરુ-ગુણકથનનામા દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, હવે કહું હરિની વાત;
દૂધાધારી વડતળે છે, રહ્યા હરી ત્યાં રાત. ૧
જ્યારે ત્યાં હરિ આવિયા, ત્યારે આદિત્ય પામ્યો અસ્ત;

જાઓ સાધુરામ ગામમાં, એમ બોલ્યા બાવા સમસ્ત. ૨
ડરઘણો અહીં વાઘનો, વળી ભાસે ભયંકર ભૂત;
રાતે અહીં તો રહીં શકે, કોઇ જોગી વડા અવધૂત. ૩
હરિ કહે નહિ જાઉં હું, ગામ છે અહીંથી ગાઉ ચાર;
રહો ભલે બાવે કહ્યું, જાણી બાળક તન સુકુમાર. ૪

**ચોપાઈ :**

સુતા શ્રીહરિ આસને જ્યારે, બાવે જાણ્યું તે ઊંઘ્યા છે ત્યારે;
ભોંયરામાંથી સામાન લાવી, સારી રીતે રસોઇ બનાવી. ૫
તેના શિષ્ય બીજા જણ ચાર, વેષ વિપ્ર તણો ધરનાર;
દિવસે તો રહે છે તે દૂર, રાતે આવે બાવાની હજૂર. ૬
ગામમાંથી જણસ લાવી દે છે, બાવો રાતે હિસાબ પૂછે છે;
બેઠા જમવાને તે સહું જ્યારે, બાળ વર્ણીને બોલાવ્યા ત્યારે. ૭
પણ પાપીના હાથનું અન્ન, લેવા નાથ ન થયા પ્રસન્ન;
તેથી જમવાની ના કહી દીધી, બાવે તાણ ઝાઝી નવ કીધી. ૮
બાવા જમતાં કરે બહુ વાત, સુતા સાંભળે હરિ સાક્ષાત;
કહે રોટી તો ખાની સક્કરસેં, ઔર દુનિયા તો ખાની મક્કરસેં.[1] ૯
સીધા ચાલે તે તો ન પોસાય, વાંકી આંગળિયે ઘી ચટાય;
કળિજુગના છે લોક કઠોર, ઢોંગ વગર ન દે એક બોર. ૧૦
ચંદ્ર બીજનો વાંકો જણાય, તેથી માન પામે ને પૂજાય;
બાવા ઊઠ્યા કરીને આહાર, ગયા ગામ વિષે જણ ચાર. ૧૧
એક શેઠને ઘેર ગયા તે, પાડ્યું ખાતર અરધી રાતે;
જે જે માલ મતા હાથ આવી, ભોંયરામાં ભરી તે તો લાવી. ૧૨



૧.છળ કપટ, ફેલ



ચિત્તે હરિએ વિચાર્યું ત્યાં એવું, આવા પાપીની પાસે ન રેવું;
પછી રાત રહી ઘડી ચાર, કર્યો ત્યાં થકી હરિએ વિહાર. ૧૩
પડ્યું ખાતર રાજાએ જાણ્યું, ત્યારે અંતરમાં એમ આણ્યું;
જેના રાજ વિષે ચોરી થાય,તે તો રાજા ઘણો જ નિંદાય. ૧૪
કહે ચોકીવાળાને ભૂપાળ, લાવી આપો તેનો બધો માલ;
થશે નહિ તો તમારો જ દંડ, પીડા ભોગવશો તમે પંડ. ૧૫
પછી પગિયે પગેરું ચલાવ્યું, તે તો બાવાની આગળ આવ્યું;
ભલો ડાયો હતો કારભારી, ઉપડાવી બાવાની પથારી. ૧૬
જટા તેની ખેંચાવી ત્યાં જ્યારે, સાંધે સાંધા છૂટા પડ્યા ત્યારે;
ભોંયરાથી મળ્યો બધો માલ, બાંધ્યો બાવાને ત્યાં હાલહાલ. ૧૭
બેડી પગમાં વળી પહેરાવી, પૂર્યા કેદખાના માંહિ લાવી;
દૂધાધારીનું કપટ જણાણું, ભોંયરેથી મળ્યું ઘણું નાણું. ૧૮
કારભારી તે લૈ ગયો ત્યાંય, ભર્યું ભૂપના ભંડારમાંય;
કરી અરજી મળી મહાજન, એક વિનતી સુણો હે રાજન. ૧૯
બધો ચોરીનો માલ મળ્યો છે, વળી બાવાને દંડ કર્યો છે;
અમે કહિયે છૈયે કર જોડી, હવે મૂકો બાવાજીને છોડી. ૨૦
મહાજનતણું રાખવા માન, કહ્યું છોડશું તે બંધીવાન;
ગયા મહાજન તે સર્વ જ્યારે, રાયે હુકમ કર્યો એમ ત્યારે. ૨૧
દૂધાધારીની મુંડ મુંડાવો, તેને માથે ચુનો ચોપડાવો;
એક ભાગની મુંડવી ડાઢી, બીજા ભાગ તણી મૂછ કાઢી. ૨૨
નાંખો ખાસડાંની ગળે માળા, મુખસહિત કરો ગાલ કાળા;
મુખે અવળે ગધાડે ચડાવો, તેનું પૂંછડું કર પકડાવો. ૨૩

ઢોલ એની પાછળ વગડાવો, આખી નગરી વિષે ફેરવાવો;
કાઢી મૂકો દક્ષિણ દરવાજે, આવું કરતાં બીજા જન લાજે. ૨૪
એવો હુકમ સુણી અનુચર, લાવ્યા જઈને તરત એક ખર;
વેષ બાવાનો વરવો બનાવ્યો, તેને અવળે ગધાડે ચડાવ્યો. ૨૫
બાવા આગળ ઢોલ બજાવે, જોવા ટોળે ટોળાં જન આવે;
ઘણાં બાળક કાંકરા મારે, મહુડી મહુડી તે ઉચારે. ૨૬
એવું વચન કહે કોઈ નારી, એણે ધૂતી લીધી મુડી મારી;
મારા પીટ્યા તારો છેડો વાળું, ભલે કીધું તારું મુખ કાળું. ૨૭
બાવો મુખ થકી બડબડે આમ, કેસી બુદ્ધિ ભઈ મેરે રામ;
પૂરો મનમાં કરે પસતાવો, જાણ્યું નહિ દિન આવશે આવો. ૨૮
પછી કાઢી મૂક્યો પુર બહાર, થઈ તેની ફજેતી અપાર;
જેઓ બાવાના શિષ્ય થયા'તા, બધા તે તો ફરે શરમાતા. ૨૯

**અસંત સંત વિષે : ઉપજાતિવૃત્ત :**

જે ઢોંગ ધારી જન ધૂતિ ખાશે, અંતે ફજેતી અતિ તેની થાશે;
તેનાં ફળો ભોગવશે જરૂર, આ લોકમાં કે જમની હજુર. ૩૦
જેણે તજી અષ્ટ પ્રકાર નારી, જેણે તજ્યાં છે વ્યસનો વિચારી;
ન દ્રવ્ય રાખે નહિ ગાળ ભાખે, એવા ગુરૂ સેવન શાસ્ત્ર દાખે. ૩૧
અસંત ને સંત સમાન જાણે, તે તો જનો જાણ પશુ પ્રમાણે;
વિવેકની દૃષ્ટિ વિનાશ થાય, તે લોક એવા ઠગથી ઠગાય. ૩૨
સારું નઠારું સમજૂજ જાણે, શ્રીકારે[1] વસ્તુ પરખી વખાણે;
અજ્ઞાનીને તો સઘળું સમાન, શ્રીકાર કે હોય વિકારવાન[2]. ૩૩
શાસ્ત્રો વિષે સંત અસંત કેરાં, લખ્યાં દિસે લક્ષણ તો ઘણેરાં;



૧.શ્રેષ્ઠ ૨.નુકશાનકારક



તથાપિ તે દીપક હાથ લૈને, પડે કુવામાં જડબુદ્ધિ જઈને. ૩૪
સાધુ તણાં લક્ષણ હોય કેવાં, તે સાંભળીને દિલ ધારી લેવાં;
વૈરાગ્ય સાચા થકી સાધુ થાય, તેના થકી સાધુપણું પળાય. ૩૫
વૈરાગ્ય સાચો ઉર હોય જેને, કદી રજોગુણ ગમે ન તેને;
ત્યાગી ઝિણાં વસ્ત્ર ધરે ન અંગે, ધરે ન રંગેલ વિચિત્ર રંગે. ૩૬
દીવો વસે ફાનસ મધ્ય જ્યારે, દેખાય બાહાર પ્રકાશ ત્યારે;
જો કામના અંતરમાં વસે છે, દેહે રજોગુણ તદા દિસે છે. ૩૭
પૂજા વિષે વસ્તર મૂલ્યવાળું, રાખે નહીં રેશમનું રુપાળું;
જે રાખશે શોભિત વસ્તુ પાસે, તો વાસના તેહ વિષે જડાશે. ૩૮
આજ્ઞા કરી છે હરિ આપ એમ, સાધુ રહે આર્ષભ[1] વિપ્ર જેમ;
કલ્યાણ કાજે જન સાધુ થાય, આજ્ઞા પ્રમાણે વરતે સદાય. ૩૯
વૈરાગીને તો તપશા ગમે છે, તે એકવારે દિનમાં જમે છે;
જે ભૂખના દુઃખથી સાધુ થાય, તે પુષ્ટ થાવા બહુ વાર ખાય. ૪૦
શરીરને સાધુ અસત્ય જાણે, ઈચ્છા ઘણાં ઔષધની ન આણે;
દૈહિક દુઃખે દુઃખિયા ન થાય, તે સાધુ સાચા શ્રુતિશાસ્ત્ર ગાય. ૪૧
શરીર સાજું નિજનું નકી છે, તો અંતરે વાહનને ન ઈચ્છે;
જો ચા'ય સંસારિક સુખ ત્યાગી, સંસાર શા માટ તજ્યો અભાગી? ૪૨
સ્ત્રી પુત્ર ત્યાગી વિતરાગિ થાય, ચેલા વિષે વૃત્તિ પછી જડાય;
મમત્વ રાખે મનમાં ધરીને, તો શું કર્યું તે ભગવાં કરીને? ૪૩
ત્યાગી થયો ને ઘરબાર છોડ્યું, શરીર સુખે વળી ચિત્ત જોડ્યું;
ગમ્યું ન તીર્થે ઘર તો લજાડ્યું, બન્ને પ્રકારે નિજનું બગાડ્યું. ૪૪
જતી થયા વિશ્વ અસત્ય જાણી, દેહાંત શ્રદ્ધા નહિ તે રખાણી;



૧.ૠષભદેવ ભગવાનના પુત્ર જડભરત

ધીમે ધીમે વસ્ત્ર ધર્યા રુપાળાં, રાખ્યાં ગૃહસ્થો સમ પેટી તાળાં. ૪૫
અતીત તો વિશ્વવ્યતીત થૈને, વસ્યા હતા તે વનવાસ જઈને;
ધીમે ધીમે ત્યાગીપણું ગયું છે, ગૃહસ્થ માથે ભગવું રહ્યું છે. ૪૬
માયા મહાપાપ લગાડનારી, ધીમે ધીમે ધર્મ બગાડનારી;
જોગી જને જાગ્રત થૈ રહેવું, ચેતાય તો અંતર ચેતી લેવું. ૪૭
કહે ગુરુ વિકૃત વેષ ધારો, સભા વિના લોકગૃહે પધારો;
ભિક્ષા સભા કારણથી જ જાય, આજ્ઞા ન લોપે હરિની કદાય. ૪૮
દૈવી તથા આસુરી જીવ જાતી, જો હોય તે બે સરખી જણાતી;
સત્સંગમાં જો કદી તે રહે છે, જાતિ સ્વભાવે ગુણને ગ્રહે છે. ૪૯

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

આંબા આંબલિ લીંબડા સરગવા સીતાફળ શેલડી,
દ્રાક્ષા દાડમ કોઠ કૌચ કદળી વૃક્ષો તથા વેલડી;
સર્વે એક જ પૃથ્વીનું જળ પિયે સર્વે સમીપે રહે,
જેવો જાતિસ્વભાવ હોય જગમાં તેવા ગુણો તે લહે. ૫૦

**શિખરિણીવૃત્ત :**

સતી થાવા ચાલી પછિથી પતિ સાથે નવ બળે,
શૂરો સંગ્રામે જૈ અધિક ડર દેખી ઘર વળે;
તજીને સંસાર પ્રથમ પછી દેહે સુખ ચહે,
ત્રણેને ધિક્કાર ક્ષિતિતળ મનુષ્યો સુર કહે. ૫૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુગુરુ કુગુરુના ગુણો વિચારી, નૃપ તુજ પાસ કહ્યા સુપાત્ર ધારી;
કુગુરુ કપટી એમ જાણી લેજો, સુગુરુ તણા સતસંગમાં રહેજો. ૫૨





*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કુગુરુસુગુરુ-ગુણકથનનામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, રુડી કથા સુણાવું કાન;
વન વિચરતા આવિયા, ભૂતપુરી વિષે ભગવાન. ૧
ત્યાં બે દિવસ વસી પછી, ગયા ક્ષેત્ર કુમારિકા માંય;
પછી પામ્યા પદ્મનાભને, ગયા ત્યાંથી જનાર્દન જ્યાંય. ૨

**ચોપાઈ :**

ગયા આદિકેશવ જગદીશ, હતો ત્યાં સુમતિ અવનીશ;
તેને દેખાડ્યો આપ પ્રતાપ, કર્યો શિષ્ય થયો નિષ્પાપ. ૩
મળયાચળમાં ગયા માવ, દીઠો અદ્ભૂત ત્યાંનો દેખાવ;
પછી ઝાડી વિલોકી વિશાળ, ગયા જ્યાં વિષ્ણુ સાક્ષિગોપાળ. ૪
કરી ત્યાં પાંચ દિવસ નિવાસ, કિષ્કિંધા ગયા શ્રીઅવિનાશ;
પંપાસરને પામ્યા પછી હરી, પછી પંઢરપુર ગતિ કરી. ૫
ચંદ્રભાગા નદી ત્યાં વહે છે, દેવ વિઠ્ઠલનાથ રહે છે;
દૈવી જીવને કરવાને દાસ, મહારાજ રહ્યા ત્યાં બે માસ. ૬
વળી ત્યાં થકી લાગ્યા વિચરવા, ઘણા જીવનાં કલ્યાણ કરવા;
રુડી ઈચ્છા ધરી અતિ ઉર, પ્રભુ ચાલિયા બુરાનપુર. ૭
આવ્યું પ્રથમ જનાબાદ ગામ, એક વિપ્ર મળ્યો તેહ ઠામ;
ઘેર તેડી ગયો તતખેવ, દહીં-સાકર ત્યાં જમ્યા દેવ. ૮
આવ્યા તાપીએ શામશરીર, દિસે બુરાનપુર સામે તીર;

જોયો દક્ષિણતટ તાપી કેરો, દિસે શોભીત સરસ ઘણેરો. ૯
નદી મૌનાંનો સંગમ જ્યાં છે, સ્નાન કરવાનો મહિમા ત્યાં છે;
હતો દિવસ એકાદશી તણો, મેળો તેથી ભરાયેલો ઘણો. ૧૦
ના'વા આવેલા બહુ નરનારી, સૌએ નિરખિયા હરિ સુખકારી;
કર્યું સ્નાન ત્યાં ધર્મકિશોર, અતિ મૂર્તિ દિસે ચિત્તચોર. ૧૧
શિવાશાહ ને શેઠ ગોવિંદ, તેણે નિરખ્યા હરિ સુખકંદ;
જેમ લોહ ચમકભણી જાય, તેમ તેઓની વૃત્તિ તણાય. ૧૨
જેમ ચંદ્રને દેખે ચકોર, જેમ મેઘધ્વનિ સુણે મોર;
તેમ તેઓનું ચિત્ત તણાણું, તેથી માહાત્મ્ય મનમાં જણાણું. ૧૩
તેથી પ્રગટ પ્રભુને પિછાણ્યા, જોગીરાજને જગદીશ જાણ્યા;
પછી વિનતિ કરી બહુપેર, ઘનશામને લૈ જવા ઘેર. ૧૪
અનુકંપા કરો પ્રભુ આજ, મારે ઘેર આવો મહારાજ;
તાપી ઊતરીને તતકાળ, તેને ઘેર પધાર્યા દયાળ. ૧૫
વિપ્ર બાપુ તથા ભગવાન, રામકૃષ્ણ ત્રીજા ગુણવાન;
શેઠે મિત્ર પવિત્ર તે જોઇ, તેની પાસે કરાવી રસોઇ. ૧૬
જમ્યા શ્રીહરિ ત્યાં સાક્ષાત, કરી જ્ઞાનવિજ્ઞાનની વાત;
પ્રેમ દેખી પ્રેમી જન પાસ, કર્યો ત્યાં હરિ રજની નિવાસ. ૧૭
બીજે દિવસ વળી ભગવાન, રાજઘાટે જઇ કર્યું સ્નાન;
દૈવી જીવ તે આશ્રિત થયા, પ્રભુ ત્યાંથી માલેગામ ગયા. ૧૮
ગામથી દિશા પશ્ચિમ માંય, સારું એક શિવાલય ત્યાંય;
પાંચ રાત્રિ રહ્યા ત્યાંજ વાસ, નદી મોસમ ગંગા છે પાસ. ૧૯
તેમાં સ્નાન કર્યું ઘનશામે, તેથી તીર્થ થયું તેહ ઠામે;





કહે વર્ણી સુણો તમે રાય, ગંગા મોસમ ધન્ય ગણાય. ૨૦

**ઉપજાતિવૃત્ત :**

જેને જળે શ્રીજગદીશ નાયા, તેના ગુણો ગ્રંથ વિષે ગવાયા;
એ તો થઇ આજ પવિત્ર અંગા, તે ધન્ય છે મોસમ નામ ગંગા. ૨૧
ભલે નદી હોય અથાહ મોટી, ન તીર્થ તો છેક ગણાય છોટી;
પ્રભુપ્રતાપે થઇ જે ઉતંગા, તે ધન્ય છે મોસમ નામ ગંગા. ૨૨
માહાત્મ્ય જાણી જન જેહ ના'શે, જરૂર તેનું મન શુદ્ધ થાશે;
કીર્તિ થઇ ભૂતળમાં અભંગા, તે ધન્ય છે મોસમ નામ ગંગા. ૨૩
જેને થયો શ્રીહરિનો પ્રસંગ, એથી વહે છે ધરીને ઉમંગ;
પવિત્ર તેના તનના તરંગા, તે ધન્ય છે મોસમ નામ ગંગા. ૨૪

**ચોપાઇ :**

ત્યાંથી વેગળે અધ ગાઉ ઠામ, નદી બીજી છે ગિરના નામ;
એક દિવસ પ્રભુ તહાં જઇ, ના'યા તેથી તે પાવન થઇ. ૨૫
માલેગામથી પ્રભુ પરવરિયા, દંડકારણ્ય વનમાં વિચરિયા;
આવ્યા નાશિકપુર ભગવાન, કર્યું ગોદાવરી માંહિ સ્નાન. ૨૬
ત્ર્યંબકેશ્વર દર્શન કરી, આવ્યા સુરત બંદર હરી;
અખાડો નિરવાણનો જ્યાં છે, ગોડિયા તણું મંદિર ત્યાં છે. ૨૭
તેને ઓટલે ઊતર્યા જઇને, ત્રણ દિવસ રહ્યા થિર થૈને;
નિત્ય પૂછે મહાંતની પાસે, રાજભોગ થયા છે કે થાશે. ૨૮
કહે ઉત્તર મહાંત કાકા, આજ તો થયા કોરા કડાકા;
ત્રણ લાંઘણ એમ કરાવી, ચોથે દિવસે માલણ આવી. ૨૯
તેણે આપિયું હરિને અન્ન, રાંધી ભાવે કર્યું ત્યાં ભોજન;

ચાલ્યા ત્યાં થકી શ્રીહરિ જ્યારે, આવ્યા અશ્વિનીકુમાર આરે. ૩૦
હતું તાપીમાં નીર અત્યંત, તોય તેમાં ચાલ્યા ભગવંત;
તેમાં પડતાં લોકે બહુ વાર્યા, પાણી ઊપર તોય પધાર્યા. ૩૧
જળ ઉપર રહે પદ્મ જેમ, ચાલ્યા નીર ઉપર હરિ તેમ;
લોક દેખીને વિસ્મિત થાય, પ્રભુ પાછળ તો ન જવાય. ૩૨
એમ સંચર્યા શામશરીર, નાથ આવિયા નર્મદા તીર;
ત્યાંથી નાવમાં બેસી વિચરિયા, અશ્વમેધને આરે ઉતરિયા. ૩૩
ભૃગુ ટેકરીએ રહ્યા રાત, વાલો જાણે ભવિષ્યની વાત;
અહીં મંદિર સુંદર થાશે, મારું ધામ તે મોટું બંધાશે. ૩૪
કર્યો બે દિન ત્યાં વિશ્રામ, ગયા ત્યાંથી પિંપળિયે ગામ;
એક ક્ષત્રી હતો શૂરવીર, નામ ગુલાબસિંહ સુધીર. ૩૫
તેણે મૂર્તિ મનોહર ભાળી, તેથી જાણિયા શ્રીવનમાળી;
ત્યારે તેડી જવા નિજ ઘેર, કરી વિનતિ તેણે બહુ પેર. ૩૬
ઘેર નવ ગયા ધર્મકુમાર, ગયા તેના ખળામાં તે વાર;
શીધું લઈને રસોઇ કરી, એક ઝાડતળે જમ્યા હરી. ૩૭
ત્યાંથી તવરે ગયા ભગવાન, કર્યું નર્મદામાં વળી સ્નાન;
શુકલ તીરથમાં ત્યાંથી ગયા, બાવાપ્યારાને ઘાટ તે રહ્યા. ૩૮
ગયા ત્યાંથી પ્રભુજી અંબાળી, અનસૂયા ભલી દેવી ભાળી;
અંબાળીમાં મુમુક્ષુ છે એક, રાજબાઇ વિશેષ વિવેક. ૩૯
તેને દર્શન દેવાને કાજ, ઘેર ચાલી ગયા મહારાજ;
પાટીદાર જે કેશવદાસ, આજ જેનો શિણોરમાં વાસ. ૪૦
અંબાળીમાં રહેતા તે વાર, રાજબાઇ તેની ઘરનાર;





તેણે મૂર્તિ મનોહર ભાળી, તેથી જાણ્યા જે છે વનમાળી. ૪૧
પ્રભુને દૂધ પાયું સુપ્રીતે, કહ્યું પાઇશ રોજ આ રીતે;
મહારાજ વસો અહીં વાસ, સુણી એવું બોલ્યા અવિનાશ. ૪૨
અનસૂયામાં જૈને રહીશ, પય પીવાને રોજ આવીશ;
કહી એમ મહાપ્રભુ ગયા, અનસૂયા સ્થાને જઇ રહ્યા. ૪૩
નિત્ય નર્મદામાં કરે સ્નાન, અંબાળીમાં કરે પયપાન;
એમ સાત દિવસ કર્યો વાસ, સંચર્યા પછી શ્રીઅવિનાશ. ૪૪
જોયું જૈ પછી વ્યાસનું સ્થાન, સામે પાર છે શુક ગુણવાન;
એવી રીતે નરમદા તીર, કર્યા તીરથ શામશરીર. ૪૫
ગયા ચાણોદ થૈને કન્યાળી, જઈને ત્યાંથી ડભોઇ નિહાળી;
વાઘનાથ મહાદેવ માંય, રાતવાસો રહ્યા હરિ ત્યાંય. ૪૬
વિચર્યા વળી ત્યાંથી વસાઇ, ગયા વટપત્તને સુખદાઇ;
ચૌટા વચ્ચે છે માંડવી જ્યાંય, રાત વાસો રહ્યા હરિ ત્યાંય. ૪૭
દિસે મૂર્તિ મનોહર સારી, જોવા અધિક મળે નરનારી;
કહે કોઇ છે રાજકુમાર, કહે કોઇ અમર અવતાર. ૪૮
કહે કોઇ છે હરિ સાક્ષાત, કરે એમ પરસ્પર વાત;
વળી કોઇ કહે મુખ એમ, કહું છું મને ભાસે છે જેમ. ૪૯
પુરનાથની નજરે જો આવે, નકી દરબારમાં પધરાવે;
સારી રીતે કરે સનમાન, માગે દેવ જાણી વરદાન. ૫૦
વળી કોઇ કહે પ્રભુપાસ, કરો આ નગરીમાં નિવાસ;
ત્યારે ઉત્તર આપે છે હરી, કોઇ અવસરે આવશું ફરી. ૫૧
તમે રાખો છો ભાવ જો સારો, થશે સુફળ મનોરથ તમારો;

એવાં મર્મનાં વચન ઉચ્ચારી, પછી ત્યાંથી ચાલ્યા ગિરિધારી. ૫૨
મહી નદીએ આવ્યા મહારાજ, કરી સ્નાન કર્યું નિત્યકાજ;
રુડો દેખી નદીતટ ઠામ, કર્યો બે ઘડી ત્યાં વિશરામ. ૫૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ઉદિત અધિક ભાગ્ય તે નદીનાં, પદજુગ પામી પવિત્ર જે હરીનાં;
ગુણ ગણિ ગણિ શું કહું જ ગાઇ, સુરસરિતા[1] સમતુલ્ય તે ગણાઇ. ૫૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-મહીનદીપ્રાપ્તનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પૂર્વછાયો :**

કહે અચિત્યાનંદજી, સુણો ભૂપતિ થૈ સાવધાન;
ભક્ત સુકશીયાભાઇનું, એક કહું ભલું આખ્યાન. ૧

**ચોપાઈ :**

ચરોતરમાં છે નાવલી ગામ, લાલદાસ રહે તેહ ઠામ;
નાતે લેઉવા તે પાટીદાર, કરે ખેતી ને ઘીનો વેપાર. ૨
ઘૃત કુંપી ભરીને વિશેષ, કર્યો વાંકળ પ્રાંત પ્રવેશ;
તેથી લાભ ઘણેરો તે લાવ્યા, મહી ઊતરી ઉત્તરે આવ્યા. ૩
મહીતટમાં પરમ પાવન, ભાઠામાં છે બાવળ તણું વન;
ઈચ્છા થઈ લાલદાસને ત્યાંહી, બ્રહ્મભોજ્ય કરાવું હું આંહી. ૪
આસપાસના વિપ્ર બોલાવી, રુડી રીતે રસોઇ કરાવી;
થયું ભોજનનું ટાણું જ્યારે, એક જોગ બન્યો ભલો ત્યારે. ૫
જેમ સોનાની રજ શોધનાર, પામે સોનાનો મેરૂ તે ઠાર;



[1] ૧.ગંગા



જેમ ઇચ્છે પદારથ કાંઇ, કલ્પવૃક્ષ તેને મળે ત્યાંઇ. ૬
પુણ્ય અલ્પનો આદર કીધો, પણ લાભ અલભ્ય તે લીધો;
જે છે અક્ષરધામના વાસી, પુરુષોત્તમ પરમ પ્રકાશી. ૭
જેને અર્થે જોગી જોગ સાધે, ઉમાઇશ તે જેને આરાધે;
મહી ઊતરીને મુનિવેષે, આવ્યા શ્રીહરિ એ જ પ્રદેશે. ૮
લાલદાસે દીઠા બ્રહ્મચારી, કર જોડીને વિનંતિ ઉચ્ચારી;
કરો ભોજન વરણીરાય, મારું દ્રવ્ય સુફળ ત્યારે થાય. ૯
એવું વચન સુણી ઉર લીધું, બ્રહ્માચારીએ ભોજન કીધું;
કરી ઇચ્છા એવી હરિરાય, એને પુત્ર પવિત્ર તે થાય. ૧૦
મારી ભક્તિ ભલી કરનાર, આખા કુળનો કરે ઉદ્ધાર;
એવી ઇચ્છા કરી ધર્મલાલ, પછી વીતી ગયો કાંઇ કાળ. ૧૧
લાલદાસના ઘર મોઝાર, એક મુક્તે લીધો અવતાર;
પાડ્યું નામ તે કશિયાભાઇ, વધે પ્રતિદિન બુદ્ધિ સવાઇ. ૧૨
સોળ વર્ષ થયાં તેને જ્યારે, સંગ વેદાંતિનો થયો ત્યારે;
થયા અદ્વૈતમત માનનાર, જાણે ઇશ્વરને નિરાકાર. ૧૩
પરમેશ્વર જે કહેવાય, જીવરૂપે તે એ જ જણાય;
એવી વિપરીત બુદ્ધિ તે થઇ, સત્યવાતની સમઝણ્ય ગઇ. ૧૪
જો જો સંગતણું બળ કેવું, મુક્તજનને ભમાવે જ એવું;
માટે કદીયે કુસંગ ન કરવો, સમઝણનો ગરવ પરહરવો. ૧૫

**ઉપજાતિવૃત્ત :**

કુસંગીનો સજ્જન કોઇ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઊજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળસંગ તોય. ૧૬

પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય. ૧૭
કુસંગીસંગે સુજનો પિડાય, તે સંગનો દોષ સદા ગણાય;
લોહી પીને માંકડ નાશી જાય, તે સંગથી માર પલંગ ખાય. ૧૮
સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તે રૂપ તેનું બદલાઇ જાય;
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જઇને પ્રગટે ખટાશ. ૧૯
કૃપાત્રને સંગ સુપાત્ર જાય, કૃપાત્રમાં તો ગણતાં ગણાય;
જો અંધમાં દેખક એક હોય, તે અંધટોળી જ ગણાય તોય. ૨૦
ચોખાતણું છે નરજાતિ નામ, જો દાળમાં જઇ કરશે વિરામ;
તો તેહનું સૌ પુરુષત્વ જાશે, ખરેખરી તો ખિચડી ગણાશે. ૨૧
કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મી તણો ધર્મ રહે ન લેશ;
જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારીસંગે રમિયા જુગાર. ૨૨

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વારિ વારિદ[૧] એકથી વરસિયું જે છીપમાં જૈ પડ્યું,
તેનું મોતી થયું થઇ શરકરા જે શેલડીમાં ચડ્યું;
પેઠું વાંસ વિષે થયું કપુર તે સર્પાસ્ય[૨] ઝેરી થયું,
જેવો સંગ જણાય તેવું જગમાં જે નીર જ્યાં જ્યાં ગયું. ૨૩

**ચોપાઈ :**

કર્યો શુષ્ક વેદાંતિનો સંગ, ચડ્યો તેથી તેને તેવો રંગ;
ભલા તે પછી કશિયાભાઇ, થયા હરિજન તે કહું ગાઇ. ૨૪
એક અવસરે ભગવદાનંદ, ફરતા હતા લઇ મુનિવૃંદ;
આવ્યા નાવલી ગામમાં જ્યારે, કશિયાભાઇ જૈ મળ્યા ત્યારે. ૨૫



૧.વાદળ ૨.સાપના મુખે



પોતે અદ્વૈતનો પક્ષ ધારી, સાધુ સાથે કર્યો વાદ ભારી;
એક દિવસ ને રજની એક, પ્રશ્ન ઉત્તર કીધા અનેક. ૨૬
ઘણા દિનનો ચડેલો જે મેલ, એ તો ઊતરવો મુશકેલ;
મેલ સંશયરૂપી તે જેહ, કાઢનાર મળ્યા ગુરુ તેહ. ૨૭

**ઈશ્વર જીવરૂપે થાય નહીં તે વિષે : ઉપજાતિવૃત્ત :**

સ્વામી કહે હે સમજો સુજાણ, વિચારીને વાત કરો પ્રમાણ;
અછેદ્ય છે ઈશ્વર એક જેહ, જીવસ્વરૂપે નવ થાય તેહ. ૨૮
જો થાય તે ગર્દભ ઘૂડ શ્વાન, અજ્ઞાન આદીક વિકારવાન;
તો કેમ તેને કહિયે સમર્થ, એ તો દિસે છે અતિવાદ વ્યર્થ. ૨૯
ઈચ્છાથી જો રૂપ અનેક ધારે, સર્વજ્ઞતા તોય તજે ન ક્યારે;
જો નાટકી નારી બને કદાપિ, ભૂલે નહીં પુરુષતા તથાપિ. ૩૦
સ્વતંત્ર છે ઈશ્વર એક સ્વામી, જીવો બિચારા પરતંત્રગામી;
સર્વજ્ઞ સર્વેશ્વર છે સદાય, અલ્પજ્ઞ જીવો પ્રભુ કેમ થાય. ૩૧
વિજ્ઞાન પામી પ્રભુ જો થવાય, તેનાથી તો સૃષ્ટિ નવી સૃજાય;
હું ભૂપ છું નિશ્ચય એમ જાણે, પ્રજા ન તેને નૃપતિ પ્રમાણે. ૩૨
પાષાણને પારસ જો મનાય, તેના થકી કાંચન કેમ થાય;
જો જીવને ઈશ્વરરૂપ જાણે, ઐશ્વર્ય એવું પણ ક્યાંથી આણે. ૩૩
હું છું પ્રભુ લે મન એમ માની, તેને કદાપિ કહિયે ન જ્ઞાની;
હું દાસ છું ને પ્રભુ દેવ મારો, સુજાણ તો એમ જ જાણનારો. ૩૪
છે જીવ બ્રહ્માંશ શ્રુતી કહે છે, તેમાં ઊંડો અર્થ ખરો રહે છે;
રાજા તણો હાથ પ્રધાન જેમ, છે બ્રહ્મનો અંશ જ જીવ એમ. ૩૫
અંતે જીવો બ્રહ્મ વિષે સમાય, તે વાત સાચી શ્રુતિ એમ ગાય;

જળે સમાયા જળજંતુ જેમ, તે બ્રહ્મમાં લીન થશે જ તેમ. ૩૬
જો નીરમાં ક્ષીર મળ્યું જણાય, તથાપિ તે એક કદી ન થાય;
આત્મા તથા જે પરમાત્મ છેય, મળ્યા દિસે તો પણ ભિન્ન બેય. ૩૭
આ દેહમાં જે સુખ દુઃખ ભોગી, તે જીવ છે ઈશ સદા અરોગી;
આત્મા વિષે અંતરયામિરૂપ, પ્રકાશદાતા પ્રભુ છે અનૂપ. ૩૮
નિરાકૃતિ ને સરવત્ર હોય, તેનું પ્રતિબિંબ કહે ન કોય;
અછેદ્ય આદીક ગુણોથી એવું, છે જીવનું રૂપ પરાત્મ જેવું. ૩૯
પોતે ગુરુ ને વળી શિષ્ય પોતે, એવું કરે મૂર્ખ ગણાય તો તે;
શિક્ષા વદે સ્વપ્રતિબિંબ પાસે, ગાંડો હશે બાળક કાં ગણાશે. ૪૦

**ચોપાઈ :**

એવી વાત સુણીને અપાર, કશિયાભાઇ સમજીયા સાર;
પોતે છે મુક્તનો અવતાર, ચિત્તે આવિયો સત્ય વિચાર. ૪૧
સાચી સાધુની વાત મનાણી, ધર્યા નિયમ ને મુકિયું પાણી;
ભલા ભક્ત થયા તે અનન્ય, એને વાત ગમે નહિ અન્ય. ૪૨
મણિ કાદવમાં લપટાય, ગયે કાદવ ચળકિત થાય;
રવિ ઢંકાય વાદળાં પાસ, જાય વાદળું પ્રગટે પ્રકાશ. ૪૩
પરવતભાઇ કહિયે જેવા, કશિયાભાઇ પણ થયા તેવા;
નિત્યાનંદ ને ગોપાળાનંદ, શુકાનંદ ગુણાતીતાનંદ. ૪૪
આચારજજી રઘુવીર જેહ, કૃપાપાત્ર ગણે સર્વ તેહ;
માંદા સાધુઓની કરે સેવા, ઘૃત આદિક આવે તે દેવા. ૪૫
સેવો પાપડ કે વસ્તુ સારી, તે તો સાધુને આપે સંભારી;
નવું દ્રવ્ય તે જે જે કમાય, ઘરખર્ચે તેમાંથી કરાય. ૪૬





કરકસર કરીને ઉગારે, સતસંગમાં ખર્ચવું ધારે;
નિજ દેવ આચારજ સંત, એને અર્થે તે ખર્ચે અત્યંત. ૪૭
રઘુવીરજીને તો તેડાવ્યા, ઘણીવાર ઘેરે પધરાવ્યા;
સદ્ગુરુને મંડળ સહિત, પધરાવ્યા પુરી ધરી પ્રીત. ૪૮
જોગ પર્વણીનો વળી જોઇ, ઘણી સંતને દીધી રસોઇ;
દંડવત હરિભક્તને કરે, મહિમા મોટો મનમાં ઘરે. ૪૯
દંડવત કરતાં કોઇ વારે, રાતે છાના કરે જઇ ત્યારે;
હરિમંદિરમાં ઝાડું કાઢે, નિત્ય ના'ય જઇ જળ ટાઢે. ૫૦
સેવા ભક્તિ કરે ભલી કેવી, એ તો જાણીએ અમરીષ જેવી;
એની ભક્તિ તો ઉત્તમ લાગે, એવી ભક્તિ મોટા મુનિ માગે. ૫૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સનક જનક કીધી ભક્તિ જેવી, કરી કશિયાજી ભલીજ ભક્તિ એવી;
મુનિજન પણ વિશ્વમાં વખાણે, હરિજન સર્વ જથાર્થ વાત જાણે. ૫૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે નાવલીગ્રામનિવાસી-કશિયાભાઈપ્રતિ ભગવદાનંદસ્વામી અદ્વૈતમતખંડન - કરણનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, સુણો અંતર ધરીને ઉમંગ;
વળી કહું એક વારતા, શુદ્ધ જાણી કથાનો પ્રસંગ. ૧

**ચોપાઈ :**

થયો વિક્રમ વસુધાધીશ, વીત્યાં વર્ષ તો શત[૧] ઓગણીશ;



૧.સંવત્ ૧૯૧૬

પછી સોળમી સાલ ગણાઇ, માસ ચૈત્ર આવ્યો સુખદાઇ. ૨
કશિયાભાઇયે કરી પ્રીત, રઘુવીર તેડ્યા રુડી રીત;
જાણ્યો ભક્તનો ભાવ તે ઠામ, આચારજ ગયા નાવલી ગામ. ૩
ભાઇ સદ્‌ગુરુ આતમાનંદ, શુકમુનિ ગુણાતીતાનંદ;
અદ્‌ભુતાનંદ આનંદાનંદ, અક્ષરાનંદ પવિત્રાનંદ. ૪
વર્ણી નારાયણાનંદ નામ, હતો હું પણ સાથે તે ઠામ;
હતાં સંતનાં મંડળ ઘણાં, વૃંદ પાળા ને હરિજન તણાં. ૫
સૌની સેવા ઘણો સ્નેહ ધરી, કશિયાભાઇએ બહુ કરી;
એક અવસરે પ્રભાતમાંય, કથાવાર્તા થતી હતી ત્યાંય. ૬
એક ચોપડી કીર્તનકેરી, જેમાં રેશમી પાટી ઘણેરી;
લઇ બેઠા હતા સાધુ કોઇ, આતમાનંદ સ્વામીએ જોઇ. ૭
ત્યારે બોલ્યા ઊંચો સ્વર તાણી, સુણો સદ્‌ગુરુ સૌ મુજ વાણી;
સર્વ છૈયે શ્રીજીના મળેલા, ધર્મ શ્રીજીમુખે સાંભળેલા. ૮
દત્તપુત્ર પ્રભુ તણા જેહ, બિરાજે છે આ પ્રત્યક્ષ તેહ;
તેમ છતાં રજોગુણ લેશ, કરે ત્યાગીમંડળમાં પ્રવેશ. ૯
એ તો અતિ અઘટિત કહેવાય, ઘટે સંત તણો મહિમાય;
રવિ કિરણો છતાં અંધકાર, જ્યારે વ્યાપે તે મુલક મોઝાર. ૧૦
ત્યારે કિરણોનો શો મહિમાય, એમ બોલશે લોક બધાય;
સંતે માયાને કીધી ખુવાર, વેર વાળવા તે છે તૈયાર. ૧૧
કળિજુગ રહ્યો લાગ તપાસે, ફાવશે તો તે બળવાન થાશે;
સતસંગમાં કરશે પ્રવેશ, માટે ચેતતા રહેવું હંમેશ. ૧૨
એક અવસરે સાધુમાં કોઇ, ઓઢવા લાગ્યા છત્રિયો જોઇ;





ત્યારે ગોપાળસ્વામીએ આવી, સૌની છત્રિયો ત્યાગ કરાવી. ૧૩
એમ રેશમી પાટી તે આજ, જુઓ રાખે છે સંતસમાજ;
એ છે ત્યાગીને ત્યાગવા જેવી, આજ ન ઘટે પ્રવૃત્તિ તો એવી. ૧૪
જ્યારે આપણ છતાં જ આમ, રજોગુણ કરશે આવી ઠામ;
ત્યારે આગળ શી ગતિ થાશે, નકી ત્યાગીનો ધર્મ લોપાશે. ૧૫
સુણી બોલ્યા ગુણાતીતાનંદ, સત્ય વાત કહો છો મુનીંદ્ર;
આપે રાખશું ગફલત લેશ, નકી કળિયુગ કરશે પ્રવેશ. ૧૬
માટે ટાળી દેવો થતો રોગ, જેથી વધવાનો પામે ન જોગ;
રઘુવીરજીએ સુણી વાત, પ્રભુપુત્ર બોલ્યા સાક્ષાત. ૧૭
સર્વ સાધુની ચોપડી લાવો, પાટી રેશમની ઉખેળાવો;
સુણી સંતે પાટી તજી છેક, મોટો ઢગલો થયો તેનો એક. ૧૮
આચારજજીએ આજ્ઞા કીધી, બધી પાટી બળાવી તે દીધી;
ધન્ય ધન્ય તે સંત વિરાગી, ધન્ય આચારજજી બડભાગી. ૧૯
એમ ધર્મનું રક્ષણ કરે, સંત હરિજન આગન્યા ધરે;
ગુરુ શિષ્યનો છે એ જ ધર્મ, હોય સમજુ તે સમઝે છે મર્મ. ૨૦

**આચાર્યના અંકુશ વિષે : ઉપજાતિવૃત્તિ :**

જો ધર્મ આચારજજી રખાવે, અધર્મનું જોર કદી ન ફાવે;
આજ્ઞા તજી શિષ્ય સ્વતંત્ર થાય, તેના થકી ધર્મ નહીં પળાય. ૨૧
જેનો નહીં કોઇ તપાસનાર, બગાડ તે વસ્તુ તણો થનાર;
રાજા વિના ઊજડ દેશ થાય, જનો લુટારા જરે[1] લુટી જાય. ૨૨
જો નાવને નાંગળ નોય ભાઇ, તો સિંધુમાં નાવ જશે તણાઇ;
દોરી તુટે જાય પતંગ જેમ, ગુરૂ વિનાના જન જાતિ તેમ. ૨૩



૧.ધન

માયિક છે આ મનઇન્દ્રિ જેહ, માયા વિષે જાય તણાઇ તેહ;
અંકુશ આચારજનો ન હોય, તો ધર્મનો પંથ નભે ન કોય. ૨૪
શાસ્ત્રો તથા સદ્ગુરુ હોય જેહ, અંકુશ આચારજ શીશ એહ;
સ્વતંત્ર તો કોઈ સમે ન થાવું, સિદ્ધાંત આ સત્ય કહી બતાવું. ૨૫
અનેક નેવાં વળીયો અનેક, આધાર એનો પણ મોભ એક;
આચાર્યથી તેમજ સંપ્રદાય, ટોયા[1] વિના તેતર ખેત્ર ખાય. ૨૬
રાજા વડે સૈન્ય સદા નભે છે, સેના વડે રાયપણું રહે છે;
એ રીતે આચારજ સંપ્રદાય, નભે મળી ધર્મ ભલો પળાય. ૨૭

**ચોપાઈ :**

એમ નાવલી ગામમાં આવી, ત્યાગી પાસેથી પાટી તજાવી;
વાત પ્રખ્યાત થઈ સહુ ઠામ, રહ્યું નાવલીનું પણ નામ. ૨૮
ધન્ય ધન્ય તે કશિયાભાઇ, જેની ભક્તિ ભલી વખણાઇ;
ધન્ય ધન્ય એનો અવતાર, ધન્ય માત પિતા પરિવાર. ૨૯
એનો અંત સમો આવ્યો જ્યારે, રઘુવીરજીને તેડ્યા ત્યારે;
તેને સર્વસ્વ અર્પણ કરી કીધું, સ્ત્રીને અર્થે થોડું રાખી લીધું. ૩૦
અંતે તેડવાને હરિ આવ્યા, સાથે મુક્તનાં મંડળ લાવ્યા;
કૈક લોકની દૃષ્ટિએ થયા, એવી રીતે તે ધામમાં ગયા. ૩૧
હેતબા તેની નારીનું નામ, સતસંગી ને સદ્ગુણધામ;
એણે પણ કર્યું એ જ પ્રમાણે, તે તો જગતમાં જન બહુ જાણે. ૩૨
જીવીકા જેટલું જ સંઘર્યું, બીજું સર્વસ્વ અર્પણ કર્યું;
હતાં ઘરમાં ઘરાણાં જેહ, ભક્તિમાતાને અર્પિયાં એહ. ૩૩
દંપતિ જ્યારે ધામ પધાર્યા, થયાં ઉત્તર કારજ સારાં;



૧.ખેતર,વાડીની રખેવાળી કરનાર



લાવ આ લોકમાં પણ લીધો, અંતે અક્ષરમાં વાસ કીધો. ૩૪
ભક્તિ એવી તો ઉત્તમ કીધી, થઇ સતસંગ માંહી પ્રસિદ્ધી;
એવા ભક્તનું આખ્યાન ગાય, એનું અંતર નિર્મળ થાય. ૩૫
આવાં આવાં સુણે જે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન;
તનશુદ્ધિ તો તીરથ સ્નાને, મનશુદ્ધિ આવાં આખ્યાને. ૩૬
એવા થાય હરિજન જેહ, તેનો સુફળ થયો નરદેહ;
સુણી બોલ્યા અભેસિંહ ભૂપ, કશિયાભાઇ ભક્ત અનૂપ. ૩૭
પરમેશ્વરને પાય લાગું, એવું ભક્તપણું ભલું માગું;
જેહ અક્ષરના હોય મુક્ત, એ જ થાય એવા ભલા ભક્ત. ૩૮
અહો બ્રહ્મચારી મહારાજ, આપે કીધી કૃપા ઘણી આજ;
આવાં સાંભળતાં આખ્યાન, નથી તૃપ્ત થતા મુજ કાન. ૩૯
સુધાસરખી છે આપની વાણી, પીયે તે તો અમર થાય પ્રાણી;
અનુકંપા ઘણી ઉર લાવો, વળી કૃષ્ણકથા સંભળાવો. ૪૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મુનિમુખથકી જે સુધા શ્રવે છે, મહિપતિ પ્રેમ કરી કરી પિયે છે;
બહુ જન સુણી શુદ્ધ બુદ્ધિ થાશે, પરઉપકાર અપાર તે ગણાશે. ૪૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે નાવલીગ્રામનિવાસી કશિયાભાઈગૃહે રઘુવીરાચાર્યકૌશેય[1]પટ્ટિકાદહનનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, કહું કૃષ્ણકથા સુખકંદ;



૧.રેશમી પાટી

જે સુણતાં જન જાતિના, ટળે જન્મ મરણના ફંદ. ૧

**ચોપાઈ :**

લાલદાસનું કલ્યાણ કરી, મહીકાંઠેથી ચાલિયા હરિ;
આવ્યા બામણગામની પાસ, ઊભા ભાગોળમાં અવિનાશ. ૨
વિપ્ર ખોડો પંડ્યો કહેવાય, ગામમાંથી આવી ચડ્યા ત્યાંય;
તેણે ભાળ્યા તપસ્વી તે ભારી, પદ વંદીને વિનતિ ઉચારી. ૩
મારે ઘેર ચાલો મહારાજ, મારા પૂરો મનોરથ આજ;
એવું સાંભળી દેવના દેવ, તેને ઘેર ગયા તતખેવ. ૪
પંડ્યે પાટ ઉપર પધરાવ્યા, પછી નીર ઉને નવરાવ્યા;
હેતે પૂજીને હાર ચડાવ્યો, ભાવે ભોજનથાળ ધરાવ્યો. ૫
રોટલો અને મઠની દાળ, જમ્યા ભાવથી જનપ્રતિપાળ;
કોટિ જજ્ઞ તણું ફળ આપ્યું, જન્મમરણનું સંકટ કાપ્યું. ૬
ત્યાંથી સંચર્યા શ્રીઘનશામ, આવ્યા ગુણનિધિ આણંદગામ;
ત્યાંથી નાથ ગયા છે ડાકોર, દીઠા ડાકોરના તે ઠાકોર. ૭
કરી રણછોડરાયની ભેટ, ત્યાંથી નાથ ગયા ઉમરેઠ;
જાગનાથની જગ્યા છે જ્યાંય, રાતવાસો રહ્યા હરિ ત્યાંય. ૮
શિવદર્શને સાયંકાળ, આવ્યા વિપ્ર ત્યાં બે ખેડાવાળ;
એક તો દવે નરભેરામ, બીજા ઠાકર તે રૂપરામ. ૯
પ્રેમે શંકરને પગે લાગે, ભગવાનને મળવાનું માગે;
દીઠા તેઓએ શ્રીઘનશામ, મનવૃત્તિ તણાણી તે ઠામ. ૧૦
જેમ લોહ ચમકભણી ચળે, સરીતા તો સાગર ભણી વળે;
તેમ જીવ જે દૈવી જણાય, પ્રભુમાં તેનું ચિત્ત તણાય. ૧૧





બન્ને બ્રાહ્મણોએ તેહ ઠામ, પ્રેમે કીધો પ્રભુને પ્રણામ;
ફળાહાર મંગાવીને દીધો, કૃપાનાથે અંગીકાર કીધો. ૧૨
બીજે દિવસ તજી તેહ સ્થાન, આવ્યા ભાળજ શ્રીભગવાન;
વળી ત્યાંથી આવ્યા વરતાલે, પ્રભુ બેઠા તળાવની પાળે. ૧૩
પગી જોબને તે જોગી જાણી, પદ વંદી કહી એમ વાણી;
આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ. ૧૪
સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા;
અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે. ૧૫
પછી જઇ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન;
દેવકરણ પગી તણે ઘેર, પોઢ્યા એકાંતની જાણી પેર. ૧૬
બ્રહ્મચારી કહે સુણ ભૂપ,કથા એટલી પરમ અનૂપ;
પગી જોબન મુખસાક્ષાત, એ તો સાંભળેલી છે મેં ભ્રાત. ૧૭
મારા અંતરમાં સ્મૃતિ રહી, તેથી મેં તમને આજ કહી;
ચાલ્યા ત્યાંથકી ધૈર્યનિધાન,ગયા બોચાસણે બળવાન. ૧૮
જોઇ ત્યાંના તળાવની પાળ, એક બાવાની જગ્યા વિશાળ;
પ્રભુ ઊતર્યા જઇ તેહ ઠામ, પ્રેમે બાવાએ કીધો પ્રણામ. ૧૯
પાટીદાર રુડા કાનદાસ, બોચાસણ માંહી તેનો નિવાસ;
તેણે તે દિવસે રુડી પેર, સર્વ વિપ્ર જમાડિયા ઘેર. ૨૦
દેવા નોતરું બાવાની પાસ, સુત મોકલ્યો જે કાશીદાસ;
તેણે બાવાજીને નોતરીને, વળી નોતરું દીધું હરીને. ૨૧
તેને ઘેર તે બાવાની સાથ, ગયા જમવા મુનિજનનાથ;
બાવો જઇ ફળીયા માંહિ બેઠા, ઘર ઓસરી આગળ હેઠા. ૨૨

કાશીદાસની મા નાનીબાઇ, દૈવી જીવ તે દિલની ડાઇ;
તેણે શ્રીહરિની છબી દીઠી, મનડામાં લાગી બહુ મીઠી. ૨૩
તેણે મુક્ત મોટા કોઇ ધાર્યા, તેથી ઓશરી માંહી બેસાર્યા;
પીરસાવી રસોઇ મંગાવી, લાડુ બે પીરસ્યા દ્વિજે લાવી. ૨૪
ભલાં પિરસિયાં દાળ ભાત, ઘણાં શાક જુદી જુદી જાત;
ભગવાને ભર્યા બેજ ગ્રાસ, પછી ઊઠવાની કરી આશ. ૨૫
કાશીદાસ તણી કાકી જેહ, ગાય દોતી હતી તહાં તેહ;
તેની સામું જોયું હરિ જ્યારે, કાશીદાસની માતાએ ત્યારે. ૨૬
પીરસાવ્યું પ્રભુજીને દૂધ, જમ્યા ભાત ને દૂધ તે શુદ્ધ;
જમીને ગયા હરિ સાક્ષાત, રહ્યા બાવાની જગ્યામાં રાત. ૨૭
ભાનુ ઉગતાં ભવભયહારી, ગયા દેવાણ દેવ મુરારી;
નાનીબાઇ તણી કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૨૮

**પૂર્વછાયો :**

નિર્મળ મન નાનીબાઇનું, તેમાં શ્રીહરિ છબી સાક્ષાત;
નિશ્ચળ થઇને ઠરી રહી, જેમ પડે પટોળે[1] ભાત્ય. ૨૯

**ચોપાઇ :**

રટના તો રહી આખી રાત, જાણે પ્રગટશે ક્યારે પ્રભાત;
જોગીરાજને ઘેર તેડાવું, ફરી ભોજન ભારે કરાવું. ૩૦
વારેવારે જઇ ઘર બહાર, જુવે તારામંડળનો આકાર;
બાકી જામિની ઝાઝી જણાય, જઇ સજ્યા ઉપર સુઇ જાય. ૩૧
પણ નેણમાં નિદ્રા ન થાય, અતિ અંતરમાં અકળાય;



૧.રેશમી કાપડ



થઇ જામિની તો જુગ જેવી, મોટી કદીયે દીઠી નહિ એવી. ૩૨
વળી અંતરમાં એમ આણે, રાત મોટી હતી રાસ ટાણે;
એમ આજ વિધાતાએ આવી, ખટ માસની રાત ઠરાવી. ૩૩
એવું ધારી નાખે તે નિશ્વાસ, જાણે ક્યારે વિતે ખટ માસ;
એવામાં સુણ્યો કુર્કટરાગ, એથી આનંદ ઉપજ્યો અથાગ. ૩૪
કાશીદાસને જાણે બોલાવું, જોગીદાસને જમવાનું કહાવું;
વળી ઉરમાં વિચારે છે એમ, બાળો જોગી જગાડીયે કેમ. ૩૫
એમ કરતાં સમો થયો પ્રાપ્ત, કાશીદાસ પ્રત્યે કહે માત;
પુત્ર જાઓ તે જોગીની પાસ, કહો જમવાનું આપણે વાસ. ૩૬
કાશીદાસ સુણીને સિધાવ્યા, એ તો બાવાની જગ્યામાં આવ્યા;
જોગીરાજ ગયા એવું જાણી, એની આંખમાં આવિયાં પાણી. ૩૭
નાનીબાઇને નવ રહી ધીર, ગયાં તેહ તળાવને તીર;
એણે પણ સાંભળી એવી વાત, ગયા જોગી ઊઠીને પ્રભાત. ૩૮
જ્યાંજ્યાં હરિએ ભરેલાં છે ડગલાં, પડ્યાં પાતળી રેતીમાં પગલાં;
સોળે ચિહ્ન દીઠાં સુખકારી, તેથી જાણિયા દેવ મુરારી. ૩૯
ખૂબ ખોળ ચારે દીશ કરી, નવ જાણ્યું જે ક્યાં ગયા હરી;
નાનીબાઇ થયાં તે નિરાશ, આવ્યા આંસુને નાખે નિશ્વાસ. ૪૦
કાશીદાસ કહે હે માત! ધરો ધૈર્ય રહો રળિયાત;
કૃપાનાથે જો કૃપા છે કરી, તો તે આવીને મળશે ફરી. ૪૧
રાખે આપણને હરિ જેમ, રાજી થૈને રહેવું જ તેમ;
રાખે કોઇ સમે તો હજૂર, વળી કોઇ સમે કરે દૂર. ૪૨
તોય મનમાં કદી ન મૂંઝાવું, રાખે તેમ સદા રાજી થાવું;

એવામાં થઇ આકાશવાણી, મળશે ફરી સારંગપાણી. ૪૩
એવું સાંભળી ધીરજ ધારી, દિલમાંથી ઉદાસી વિસારી;
ઉરમાં અતિ આનંદ લાવ્યાં, માતા પુત્ર મળી ઘેર આવ્યાં. ૪૪
કથા કૃષ્ણની કહું હવે ધારી, ગયા દેવાણ દેવ મુરારી;
રાજા બાદરસિંહજી જ્યાંય, ગયા શ્રીહરિ દરબારમાંય. ૪૫
બોલ્યા ભૂપ પ્રત્યે મહારાજ, કેણે આપ્યું છે તમને રાજ;
સુણી ભૂપે કર્યો ત્યાં ઉચ્ચાર, મને રાજ્ય તમે આપનાર. ૪૬
સુણી હેતે બોલ્યા પછી હરિ, રાજ્ય કરજો પ્રભુ થકી ડરી;
સુણી ભૂપ કહે બહુ સારું, શિર ધારીશ વચન તમારું. ૪૭
નાથે આપ્યું તેને નિજજ્ઞાન, કર્યું ભોજન ત્યાં ભગવાન;
અનુકંપા કરી અવિનાશ, કર્યો ત્યાં એક રાત નિવાસ. ૪૮
વીતી રાત ને પ્રગટ્યું પ્રભાત, પ્રભુ ત્યાંથી પધાર્યા ખંભાત;
હરિદાસનો જ્યાં છે અખાડો, રહ્યા ત્યાં હરિ રાત દહાડો. ૪૯
હરિદાસ એવું વ્રત ધરે, કોઇ આપે તો ભોજન કરે;
હતો તે દિન તો ઉપવાસ,આપનાર મળ્યો નહિ દાસ. ૫૦
અન્ન જાચ્યું જઇ મહારાજે, કહ્યું કોરા કડાકા છે આજે;
સુણી બોલિયા શ્રીઅવિનાશ, અમે પણ કરશું ઉપવાસ. ૫૧
નારેસર છે સરોવર નામ, નાહ્યા ત્યાં જઇ સુંદરશામ;
ત્યાંથી નગરે ગયા મુનિનાથ, ભેટ્યા બ્રહ્માની મૂરતી સાથ. ૫૨
ગયા બુધેજ તે બળવાન, કર્યું ત્યાંના તળાવમાં સ્નાન;
એક દૈવી જને ત્યાં તો આવી, ઘૌંનો પોક આપ્યો તાજો લાવી. ૫૩
સંધ્યા પૂજા આદિક ક્રિયા કરિ, ઘણે હેતે જમ્યા પોતે હરિ;





જળ કાઢી કુવામાંથી પીધું, પછી ગામને પાવન કીધું. ૫૪
ગયાં સંવત શતક અઢારે, પંચાવનની હુતાશની જ્યારે;
ગયા બુધેજમાં બહુનામી, જે છે અક્ષરધામના ધામી. ૫૫
હતા રાઠોડ ત્યાં ખોડાભાઇ, ગયા તેહના દરબારમાંઇ;
બેઠા લખતા હતા તે તો નામુ, પૂછ્યું શામે જોઇ તેના સામું. ૫૬
સદાવ્રત અહીં ક્યાંથી મળે છે, કહ્યું જાઓ સામે ઘેર દે છે;
એવું સાંભળીને શુભપેર, ગયા નાથ તેને સામે ઘેર. ૫૭
જાચ્યું અન્ન તહાં અવિનાશી, ત્યારે બોલી ત્યાં રળિયાત દાસી;
હું છું કામમાં ધીરજ ધરો, હમણાં અહિંયા ફેરા ફરો. ૫૮
સાત ફેરા ફર્યા ત્યારે હરિ, એમ ઓશરી પાવન કરી;
કડું લોઢાનું લટકતું ભાળી, ઝાલી ઊભા રહ્યા વનમાળી. ૫૯
ત્યારે દાસીએ દીધી જુવાર, નવ જાણ્યા જગતકરતાર;
કહે કૃષ્ણ અમે આ શું કરીએ ? સિધું આપો રસોઇ આદરીએ. ૬૦
ત્યારે દાસી તે લાગી કહેવા, ઘણા આવે જોગી તમ જેવા;
સિધાં સૌને પૂરાં કેમ થાય ? અપાતું હોય એ જ અપાય. ૬૧
કહે કૃષ્ણ છે જોગી અનેક, અમો જેવા છૈયે અમે એક;
સુણી દાસી લાગી સમજાવા, બીજા આવે છે બહુબહુ બાવા. ૬૨
ઉંચા તમથી ને તમ થકી જાડા,જેવા પાળેલા ઉન્મત પાડા;
મોટામોટા તે ચીપિયાવાળા, માથા ઉપર મોટી જટાળા. ૬૩
કોટે બાંધે મોટામોટા પારા, રોજ પાશેર ગાંજો પિનારા;
આખે અંગે ભભૂત લગાવે, નાના બાળકને બિવરાવે. ૬૪
એવો વેષ દિસે વિકરાળ, મોટાં ટીલાં કરેલાં કપાળ;

વાંઝિયાને તે છોકરાં આપે, દોરા ચીઠી કરી દુઃખ કાપે. ૬૫
જોગી આવે છે અવધૂત એવા, તમે જોગી નથી એહ જેવા;
લેવી હોય તો લ્યો તે જુવાર, નહિ તો જાઓ અહીંથી બાહાર. ૬૬
એવી દાસીની સાંભળી વાણી, પાંચ દાણા જમ્યા પદ્મપાણી;
કુવાકાંઠે ગયા ગામ બાહાર, પાણી પીધું હતું જેહ ઠાર. ૬૭
શમી[૧] ઝાડ ઉપર પારેવાં, બોલતાં હતાં જાચકે[૨] જેવાં;
માવે જાણ્યું માગે છે આહાર, તેથી તેઓને નાખી જુવાર. ૬૮
ભાવે સાંભળો તમે ભૂપાળ, હરિકૃષ્ણ છે એવા કૃપાળ;
સૌના અંતરની ગતિ જાણે, દુઃખી દેખી દયા દિલ આણે. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અવગુણ ઉર જીવના ન આણે, હરિગુણ એહ મુનીશ્વરો વખાણે;
જન ગુણ લવ શ્રેષ્ઠ માનિ લે છે, કરી કરુણા અવિનાશી સુખ દે છે. ૭૦

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીંદ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબુધેજગ્રામ-પ્રાપ્તનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, ચાલ્યા બુધેજથી બળવંત;
ગામ ગોરાડ ગયા હરિ, જેનો અંત ન પામે અનંત. ૧

**ચોપાઈ :**

ગામથી દિશા દક્ષિણમાંય, એક સારું તળાવ છે ત્યાંય;
હતો પીપળો પણ તેહ ઠામ, બેઠા તે તળે સુંદરશામ. ૨
એક કોળી તે બીજલ નામ, કોસ હાંકી રહ્યો તેહ ઠામ;



૧.ખીજડો ૨.માંગણ, ભીખારી



પાણી થોડું તે કુવા મોઝાર, હતું ઊંડું તે હાથ અઢાર. ૩
તેનું કારણ જાણવું એવું, હતું વર્ષ દુકાળના જેવું;
ઘનશામ ગયા કૂપતીર, એવે ટાંણે ઊંચુ આવ્યું નીર. ૪
લીધું નાથે કમંડલું ભરી, દીઠું બીજલે દષ્ટિએ કરી;
નીર ભરતી હતી ઘણી નારી, દીઠું તેણે ઉંચુ ચડ્યું વારી. ૫
પાણી પીને ચાલ્યા પરમેશ, ચાલી ગામામાં વાત વિશેષ;
કહે કોઇ આવ્યા ભગવાન, કહે કોઇ છે શંભુ સમાન. ૬
સુણી સૌ જન અચરજ પામે, એ જ વાત કરે ઠામોઠામે;
પણ આસુરી જન જેહ જાણે, જંત્ર મંત્ર કે જાદુ પ્રમાણે. ૭
દૈવી તો ધરે દર્શન આશ, પટેલ શામજી ને પ્રભુદાસ;
ક્ષત્રિ કાંધોજી પણ ત્યાં આવ્યા, પ્રભુ પાછળ પંથે સિધાવ્યા. ૮
સામે ગામથી ભરવાડ આવ્યો, તેને ત્રણે મળીને બોલાવ્યો;
કહ્યું તપસી મળ્યા તને કોઇ, સુણી બોલ્યો તે સન્મુખ જોઇ. ૯
એક તપસી અધર ચાલ્યો જાય, તેને તમથી નહીં પહોચાય;
સુણી સર્વે નિરાશ તે થયા, પાછા ગામ પોતાતણે ગયા. ૧૦
પ્રભુ પાદર પાસ નિકળ્યા, અદેસીંહ ગરાશિયા મળ્યા;
કહ્યું તેણે હે તપસીરાજ! ચાલો ગામમાંહી રહો આજ. ૧૧
નથી રહેવું હરિ કહે રાત, રસ્તો ધોળેરાનો કહો ભ્રાત;
કહે વરણી સુણો તમે રાય, લીલા નાથની કેમ કળાંય. ૧૨

**ઉપજાતિવૃત્ત :**

કોઈ સમે અદ્‌ભુતતા જણાવે, કોઈ સમે માનવ ભાવ લાવે;
સર્વજ્ઞતા કોઈ સમે જણાય, ક્યારે પૂછી પંથ પ્રવીણ થાય. ૧૩

જે કૃષ્ણકેરા ભ્રકુટી વિલાસે, અનેક વિશ્વો ઉપજે વિનાશે;
ક્યારેક તે માણસથી ડરે છે, એવી ક્રિયા માનવની કરે છે. ૧૪

**ચોપાઈ :**

અદેસીંહ બોલ્યા તેહ ઠામ, જજો આંહિ થકી રુણી ગામ;
ત્યાંથી તો વડગામ વિચરજો, શીકોતરતણે આરે ઊતરજો. ૧૫
એમ થૈને ધોળેરે સિધાવો, સીધો રસ્તો મેં સારો બતાવ્યો;
એ જ રસ્તે ચાલ્યા ઘનશામ, રુણી મૂકી આવ્યું વડગામ. ૧૬
જોયો ત્યાંના તળાવનો આરો, બેઠા ત્યાં વડ દેખીને સારો;
એક કાનજી કૂવો છે પાસે, પાણી મીઠું તેનું ભલું ભાસે. ૧૭
જળ લેવા ગયા જગદીશ, હતી નારી ત્યાં વીશ પચીશ;
તેણે શ્રીહરિની છબી ભાળી, નવ રસમય મૂર્તિ નિહાળી. ૧૮
દીઠા કોઈએ રૂપ શૃંગાર, કોટિ કામનો મદ હરનાર;
હાસ્યરૂપે દીઠા કોઈયે હરિ, હસાવે છે હરિ હાસ્ય કરી. ૧૯
જેમ ગોપકુમારીનાં ચીર, ચોરી લીધાં હતાં બળવીર;
તેમ દોરડું કાં તો ઈંઢાણી, લઈ નાસે છે સારંગપાણી. ૨૦
કહે કામનિયો તેહ કાળ, આ છે કોણ અડપલો બાળ;
કહે કોઈ જુવો એની હાંસી, જાણે હોય શું મોહની ફાંસી. ૨૧
દીઠા કોઈએ કરુણારૂપ, અતિ કોમળ ગાત્ર અનૂપ;
કહે એક સુણો સૌ નારી, આની કાયા છે કોમળ સારી. ૨૨
પણ પગ માંહિ નથી મોજડિયો, આ તે બાળ ક્યાંથી આવિ ચડિયો;
ખુંચતા હશે કાંકરા પાય, મારા દિલમાં દયા ઘણી થાય. ૨૩
વળી કોઈક બાઈ કહે છે, રુદ્રરૂપ આ કોઈ દિસે છે;





એની આંખ્યો દિસે અતિ રાતી, જાણે હોય શું ક્રોધે તપાતી. ૨૪
જેમ કંસને મારવા કાજ, ક્રોધ કીધો હતો વ્રજરાજ;
એવો કીધો છે ક્રોધ અપાર, જાણે ટાળશે ભૂમિનો ભાર. ૨૫
બીજી બાઈ બોલી કૂપતીર, દિસે બાળક આ શૂરવીર;
એના હૈયામાં છે ઘણી હામ, જાણે કરશે મોટાંમોટાં કામ. ૨૬
વળી બોલી તહાં એક નારી, આ તો ભાસે ભયંકર ભારી;
નરસિંહ જેવો વિકરાળ, આ તે શું હશે કાળનો કાળ ? ૨૭
નારી એકે ત્યાં કર્યો ઉચ્ચાર, આ તો દિસે છે રાજકુમાર;
પણ કોપિન ને મૃગછાળ, કેમ શોભે એને જટાજાળ ? ૨૮
તેથી ભાસે છે બીભત્સ રૂપ, તોયે અંતરે લાગે અનૂપ;
એકે અદ્‌ભુત રૂપ નિહાળ્યું, પ્રતિરોમમાં બ્રહ્માંડ ભાળ્યું. ૨૯
અહોહો બાઈ આ શું દેખાય ? એમ ઉચ્ચારી મૂર્છિત થાય;
રસ શાંતરૂપે કોઈ દેખે, સનકાદિક સાક્ષાત લેખે. ૩૦
એમ નવ રસમય છબી દીઠી, મનડામાં લાગી ઘણી મીઠી;
એટલામાં અદર્શ તે થયા, નવ જાણ્યું જે ક્યાં જોગી ગયા. ૩૧
તીર્થ ધનકા છે ખાડીને તીર, ગયા ત્યાં શુભ શામશરીર;
તીર્થ પર્વણીનું હતું ટાણું, ઘણું માનવીવૃંદ ભરાણું. ૩૨
ઘણે વર્ષે તે પર્વણી થાય, ત્યારે પાણી પાછું હઠી જાય;
દીસે સ્થાપિત શંભુ અનેક, પાસે પાણીનો કુંડ પ્રત્યેક. ૩૩
એવા તીર્થને પાવન કરી, મીઠા પાણી માટે ચાલ્યા હરી;
ત્યાંથી ઉત્તરમાં એક ઠામ, રામસર છે તળાવડી નામ. ૩૪
ત્યાંના કૂપમાંથી જળ લીધું, ધરી દેવને તે પછી પીધું;

ચાલ્યા ત્યાંથી શિકોતર આરે, કાંઠો થોડે છેટે રહ્યો જ્યારે. ૩૫
ત્યાં તો સામો મળ્યો લાખો કોળી, તેને પાસે હતી એક ઝોળી;
તેને પૂછે પ્રભુ કોણ તું છે ? તારી ઝોળી વિષે વળી શું છે ? ૩૬
ત્યારે બોલ્યો તે મન કરી સ્વચ્છ, હું છું કોળી છે ઝોળીમાં મચ્છ;
એવું સુણીને કહે હરિરાય, કોળી શુદ્રમાં શ્રેષ્ઠ ગણાય. ૩૭
કોળી તો કૈક ભક્ત થયા છે, તેના દિલમાં વિશેષ દયા છે;
કેમ આટલાં મત્સ તેં માર્યા ? ક્યાં તું છુટીશ કર્મ તે તારાં ? ૩૮
આવા માર્યા તેં જીવ અનેક, લેશે વેર તે પ્રાણી પ્રત્યેક;
અકેરાકેર[1] તેં કેમ કીધો ? ડર ઈશ્વરનો તજી દીધો. ૩૯
પ્રભુ પૂછશે તુજને જ્યારે, તું શો ઉત્તર આપીશ ત્યારે ?
સૌને માથે નકી મરવાનું, નથી આંહી સદા ઠરવાનું. ૪૦
એવાં વેણ ઘણાં સંભળાવ્યાં, સુણી આસું તેની આંખે આવ્યાં;
કંપી ત્રાસથી થરથર કાયા, બોલ્યો વંદી અહો જોગીરાયા! ૪૧
આજ દેશમાં છે દુષ્કાળ, અન્ન મોંઘું છે દીનદયાળ;
તેથી કર્મ હું આવું કરુ છું, જેમ તેમ આ પેટ ભરું છું. ૪૨
કહો પાપથી છુટું હું કેમ ? કરું જેમ તમે કહો તેમ;
સુણી બોલિયા વિશ્વઆધાર, કરે છે જેઓ અન્ન આહાર. ૪૩
તેને ઈશ્વર અન્ન પૂરે છે, વિપ્ર વણિક ક્યાં ભૂખે મરે છે ?
એમ કહી શુભ ધર્મ સુણાવ્યા, પછી નિયમ તેને ધરાવ્યા. ૪૪
મત્સને અડક્યા હરિ જ્યારે, થયા સર્વ સજીવન ત્યારે;
નદીનીરમાં મત્સ નંખાવ્યા, કોળી પાસેથી તરત તજાવ્યાં. ૪૫
દીધું કોળીને ત્યાં વરદાન, તને મળશે સદા અન્ન પાન;



૧.કાળો કેર, ગજબ



પછી કોળી કહે મહારાજ, વડગામ રહો રાત આજ. ૪૬
થવા આવ્યો હવે સંધ્યાકાળ, રસ્તો વસમો છે દીનદયાળ;
પૂર્વમાંથી મહી નદી આવે, સાભ્ર ઉત્તરમાંથી સુહાવે. ૪૭
અહીં બન્ને સમુદ્રમાં ભળે, તેથી રસ્તો જવા નવ મળે;
વાંસ જેટલું છે ઊંડું વારી, ઊતરી ન શકે નરનારી. ૪૮
જળ છે ગાઉ અધ જેટલામાં, ઘણું કઠણ જવું એટલામાં;
સામે પાર જઇ આઘે જાય, ત્યાં તો જાળ્યોની ઝાડી જણાય. ૪૯
વડા વાઘ તે માંહી વસે છે, ધોળેરા સુધી ઉઝડ એ છે;
રાત જાશે ઘણી મહારાજ, મારે ઘેર રહો પ્રભુ આજ. ૫૦
સુણી બોલિયા શ્રીઘનશામ, મોટી નદિયો દિઠી બહુ ઠામ;
એહ ઉતરીને અમે આવ્યા, નવ ડરિયે નદીના ડરાવ્યા. ૫૧
કેવી રીતે ઊતરિયે અમે, જોવું હોય તો ત્યાં ચાલો તમે;
એમ કહીને તેને લઇ સાથ, શિકોતરને આરે ગયા નાથ. ૫૨
ત્યાં તો ભરતી આવી હતી ભારી, તિથિ પૂનમની હતી સારી;
રવિ આથમ્યો પશ્ચિમ પાસે, થયો ચંદ્રનો ઉદય આકાશે. ૫૩
ઘણાં ઘૂઘવે નદિયોનાં નીર, છૂટે ધીરજવાનની ધીર;
મોજા આવે છે જોર કરીને, જાણે સ્પર્શવા ઈચ્છે હરીને. ૫૪
બોલે દાદુર ત્યાં ચારે પાસ, બોલે તમરાં ધરે જન ત્રાસ;
મારે મગર જળમાં ઉછાળા, કોણ જઇ શકે હિંમતવાળા. ૫૫
કોળી ભક્ત કહે કૃપાનાથ, મારે ઘેર ચાલો મુજસાથ;
કાલે ભરતી આ ઊતરી જાશે, ત્યારે સામે કાંઠે ઉતરાશે. ૫૬
કાં તો રસ્તે બીજે મુનિનાથ, ધોળેરા સુધી આવીશ સાથ;

બોલ્યા એવું સુણીને અચ્યુત, પરમેશ્વર વશ પંચ ભૂત. ૫૭
હોય ઈશ્વરની જો સહાય, પંચ ભૂત થકી તે શું થાય ?
રાખે ઈશ્વર જો સાજા સારા, શું કરે વરુ વાઘ બિચારા. ૫૮
કહે ભક્ત જશો જેહ વાર, શાથી જાણું જે ઊતર્યા પાર?
સુણી શામ બોલ્યા ખુશી થૈને, વસ્ત્ર વીંજીશ[1] હું પાર જઇને. ૫૯
તેથી જાણજો પાર ઉતરિયા, એમ કહી વૃષલાલ વિચરિયા;
જળ ઉપર તે ચાલ્યા જાય, કાંડા સુધી જ ચરણ બોળાય. ૬૦
વસ્ત્ર વીંજીયું જઇ સામે પાર, ભક્તે જાણ્યા જગત કરતાર;
કોળી ભક્ત ગયો વડગામ, કરી વાત પ્રકાશ તે ઠામ. ૬૧
ક્ષત્રિજીભાઇ ભીમજી જેહ, ત્રીજા બારોટ મૂળજી તેહ;
વાત પ્રથમ કહી તેની પાસ, પછી થૈ તે પ્રજામાં પ્રકાશ. ૬૨
અતિ અદ્‌ભુત વાત વિચારી, પામ્યાં અચરજ સૌ નરનારી;
ચાલ્યા ધોળેરે શ્રીઘનશામ, પુરુષોત્તમ પૂરણકામ. ૬૩
દિસે જાળ્યોની અદભુત ઝાડી, તેમાં વાઘ રહ્યા બહુ ત્રાડી;
તજી ત્રાસ ચાલ્યા તેહ સ્થાન, ગયા ભડિયાદમાં ભગવાન. ૬૪
વ્યાસ ગોવિંદરામને ઘેર, દૂધ થુલી જમ્યા રુડીપેર;
ચાલ્યા ત્યાંથી હરિ સાક્ષાત્, ગયા ધોળેરે પ્રગટે પ્રભાત. ૬૫
ખાંડેશ્વર મહાદેવમાં ગયા, દૈવી પુરુષ કોઇ ભેળા થયા;
જેની જાતિ ક્ષત્રિ કહેવાય, તે તો તેડી ગયા ચોરામાંય. ૬૬
અતિ અંતરમાં હેત આવ્યું, પ્રભુજીને ત્યાં ટીમણ કરાવ્યું;
દૈવી જીવોએ દર્શન કીધું, નરદેહ તણું ફળ લીધું. ૬૭



૧.હવામાં ઘુમાવવું



**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન તણી એમ સૂધ લીધી, ધવળપુરી પ્રભુએ પવિત્ર કીધી;
ઉપરથકી જણાય કામ એક, અકળિત કૃત્ય બીજાં કરે અનેક. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિસાભ્રતટે અદ્‌ભૂત ચરિત્રકરણ-ધોળેરાબંદરપ્રાપ્તનામા અષ્ટદસો વિશ્રામઃ ॥૧૮॥***

**પૂર્વછાયો :**

ધોળેરા થકી ધર્મસુત, ચાલી ગયા ગોરાસે ગામ;
પશ્ચિમ તીર તળાવને, ખોડિયાર દેવી જે ઠામ. ૧

**ચોપાઈ :**

રહે ત્યાં સેવાગર ગોસાંઇ, દિસે દૈવીપણું દિલમાંઇ;
પ્રભુ ત્યાં રહ્યા રજની નિવાસ, જમ્યા રાંધીને રોટલો છાશ. ૨
ગયા ત્યાં થકી વાગડ ગામ, હતો એક કુંભાર તે ઠામ;
રાણો બાવળવો જ વિખ્યાત, તેને ઘેર રહ્યા હરિ રાત. ૩
ઘણી મૃત્તિકા ત્યાં પડી હતી, સૂતા તે ઉપરે પ્રાણપતિ;
કુંભકારે તો ગોદડું દીધું, પણ તે ધર્મપુત્રે ન લીધું. ૪
બીજે દિવસ ઊઠી બળવાન, ભીમનાથ ગયા ભગવાન;
નીલકા નદીમાં કર્યું સ્નાન, કરી નિત્ય ક્રિયા તેહ સ્થાન. ૫
ભીમનાથનાં દર્શન કરી, સદાવ્રત લઇને જમ્યા હરી;
ગયા પોલાર પર અવિનાશ, જેઠા બનાણી કણબીને વાસ. ૬
તેજ દિવસ તેની માતાનું, હતું ખર્ચ જનોને જમ્યાનું;
જોગીરાજને તપશી જાણી, આપી ઉત્તમ સુખડી આણી. ૭

ગયા લૈને તળાવને તીર, કાઢ્યું ત્યાંના કુવામાંથી નીર;
ખીજડા તળે આસન કીધું, જમ્યા સુખડી ને જળ પીધું. ૮
પછી બાકી પ્રસાદીનું પાણી, નાંખ્યું તે કૂપમાં કૃપા આણી;
પુરવાસી કરે જળપાન, થાય નિર્મળ બુદ્ધિ નિદાન. ૯
તે કુવાને પ્રસાદીનો જાણી, મહિમા મોટો મનમાં આણી;
સુત ત્રીકમ ને શા ઝવેર, તેણે બંધાવ્યો છે રુડીપેર. ૧૦
બરવાળે ગયા ગિરધારી, દીઠી દેરી નદીતટ સારી;
ગામ કુંડળ જ્યાંથી જવાય, રહ્યા તે દેરીમાં મુનિરાય. ૧૧
રુડી રીતે રહી એક રાત, પ્રભુ ઉઠીને ચાલ્યા પ્રભાત;
વળા[1] ગામ ગયા વનમાળી, નાથે પ્રાચીન જગ્યા નિહાળી. ૧૨
ત્યાંથી શામ શિહોર પધારી, બ્રહ્મકુંડે ગયા બ્રહ્મચારી;
નરનારીની ગડબડ ભાળી, માટે નાયા નહીં વનમાળી. ૧૩
ત્યાંથી દક્ષિણે ગૌતમકુંડ, પછી ત્યાં ગયા બાલમુકુંદ;
સ્નાન સંધ્યા કરી તેહ સ્થાન, ગયા પૂર્વ દિશે ભગવાન. ૧૪
ગૌત્તમેશ્વર પૂજન કીધું, ત્યાંના વર્ણીએ ભોજન દીધું;
રહ્યા ત્યાં જ પ્રભુ એક રાત, ગયા ભાવનગર પરભાત. ૧૫
ભક્ત દેવજીની ધર્મશાળા, રહ્યા ત્યાં જઈ દીનદયાળા;
ત્યાંના બાવાજીએ કરી સેવા, અન્ન પાણી અને દીધા મેવા. ૧૬
દીધો બાવાજીને ઉપદેશ, તેથી જાણ્યા તેણે પરમેશ;
બાવે તો વિનતિ કરી ઘણી, તમે થાઓ આ જગ્યાના ધણી. ૧૭
ધર્મપુત્રે તો તેની ના પાડી, પણ ત્યાં ત્રણ રાત વિતાડી;
ગયા કુકડ ત્યાંથી કૃપાળ, હતા ભગવાનસિંહ ભૂપાળ. ૧૮



૧. વલ્લભીપુર



ખોજા જીવો ઠકર કામદાર, બેઠાં બંન્ને તે ડેલી મોઝાર;
ઊભા ત્યાં જઈ શ્રીઘનશામ, પૂછ્યું નરપતિએ નામ ઠામ. ૧૯
કહે હરિ ફરતા અમે છૈયે, અનિર્દેશ[1] વિષે અમે રહિયે;
જન્મકર્મથી નામ અનંત, ગણતાં કોઈ પામે ન અંત. ૨૦
ગણતાં બહુ જુગ વહી જાય, મુજથી પણ તે ન ગણાય;
એટલું કહીને હરિ ગયા, કારભારી તે વિચારી રહ્યા. ૨૧
હતો મંત્રી મહામતિમાન, તેણે જાણિયા જોગી મહાન;
તેથી અંતરમાં ગુણ આણી, વદ્યા ભૂપની આગળ વાણી. ૨૨

**ઉપજાતિવૃત્ત :**

તે જોગી મોટા જન કોઈ હોય, મોટા વિના એમ કહે ન કોય;
કર્યો ન તેનો સતકાર જેહ, ખોયો ખરો લાભ અલભ્ય તેહ. ૨૩
કહે ગૃહસ્થાશ્રમ શાસ્ત્ર એવું, અતિથિને અન્ન સદૈવ દેવું;
કદી મહાપુરુષ કોઈ આવે, તો જન્મ મૃત્યુ થકી તે મુકાવે. ૨૪
જો વિપ્ર કે કોઈક ભેખધારી, અન્નાર્થી આવે વળી જે ભિખારી;
ગૃહસ્થને ઘેર નિરાશી જાય, સમર્થને તો અતિપાપ થાય. ૨૫
જો સર્વને અન્ન નહીં અપાય, તથાપિ રાખે દિલમાં દયાય;
જે દિલથી તો સતકાર દે છે, ગૃહસ્થનો ઉત્તમ ધર્મ એ છે. ૨૬

**ચોપાઈ :**

મોટો તપસી નિરાશી તે ગયો, એ તો અઘટિત અન્યાય થયો;
એમ મંત્રીએ વાણી ઉચ્ચારી, રાયે સાંભળી ઉરમાં ઉતારી. ૨૭
જાણ બેય ગયા નદીતીર, આંબા હેઠે હતા મુનિ ધીર;
ભૂપ પ્રણમીને ઉચર્યા વચન, જોગીરાજ જમો મુજ અન્ન. ૨૮



૧.નિર્દેશ નહિ તે અક્ષરધામ

કરો જો મુજ અન્ન આહાર, મારો થાય સુફળ અવતાર;
આપ્યું એમ કહી અન્ન આણી, જમ્યા રાંધીને સારંગપાણી. ૨૯
વનમાળીએ કીધો વિચાર, આ છે ઉત્તમ ભક્ત થનાર;
જમીને આપી પ્રસાદી શેષ, જમ્યા મંત્રીને જમીયા નરેશ. ૩૦
ત્યાંથી વિચર્યા પછી વૃષલાલ, ગયા ગામમાં મંત્રી ભૂપાળ;
ધન્ય ધન્ય એવા કામદાર, કહ્યો ભૂપને સત્ય વિચાર. ૩૧

**પ્રધાનના ગુણ વિશે : ઉપજાતિવૃત્ત :**

આ લોકનું ને પરલોક કેરું, નરેશનું હીત ચહે ઘણેરું;
આપે સુબુદ્ધિ નૃપને નિદાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૨
અનીતિ માર્ગે નરનાથ જાય, જુક્તિથી તેનો અટકાવ થાય;
નૌકા ગતિ જેમ કરે સુકાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૩
જનાન[1]ખાને બહુધા ન જાય, દાસી તણી દોસ્તી દિલે ન ચા'યઃ
પરસ્ત્રી જાણે જનિતા સમાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૪
પોતા તણો અર્થ કદી વિસારે, રાજાતણું શ્રેય સદૈવ ધારે;
જાણે બધાં નીતિ તણાં વિધાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૫
સદા ખુશી રાજ સુધારવામાં, રાજી નહીં વૈર વધારવામાં;
કરે નહીં માદકકેરું પાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૬
કદી ન લે લોકની લાંચ લેશ, કરે નહીં પાપપથે પ્રવેશ;
ધરે નહીં અંતર સ્વાભિમાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૭
જો ભૂપતિની અપકીર્તિ થાય, સુમંત્રી તે તો દિલમાં દઝાય;
સદૈવ રાજાપર પ્રેમવાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૮
આલસ્ય દિસે નહિ લેશ અંગ, કરે નહીં જે કદીયે કુસંગ;



૧.રાણીવાસ, અંતઃપુર



વધારવા કોશ[1] સદૈવ તાન, તે ધન્ય પૃથ્વીપતિના પ્રધાન. ૩૯

**ચોપાઇ :**

જીવો ઠક્કર એવા પ્રધાન, જેણે આપ્યું નરેશને જ્ઞાન;
પેટે અન્ન પ્રસાદીનું ગયું, બીજબળ તેનું અદભુત થયું. ૪૦
હતો ભૂપને પ્રથમ કુસંગ, ચડ્યો ભારે કુસંગનો રંગ;
પછી પુણ્ય પ્રગટ થયું જ્યારે, ભારે ભક્ત થયા તેહ ત્યારે. ૪૧
સૂકી અવની ઉનાળે તો ભાસે, ઊગે અંકુર અધિક ચોમાસે;
કાળ પુણ્ય ઉદય તણો આવે, ત્યારે તેહને સતસંગ ભાવે. ૪૨
તેમ ભગવાનસિંહ ભૂપાળ, જ્યારે પામ્યા પુણ્યોદય કાળ;
ત્યારે શ્રેષ્ઠ થયા સતસંગી, પામ્યા ભક્તિ પ્રભુની અભંગી. ૪૩
સુણી બોલ્યા અભેસિંહ ભૂપ, અહો વર્ણિજી પરમ અનૂપ;
કેમ ભગવાનસિંહને અંગ, ચડ્યો હતો કુસંગનો રંગ ? ૪૪
વળી ભક્તિ પામ્યા કેમ એવી ? એ તો વાત છે અચરજ જેવી;
કથાનો છે પ્રસંગ આ સ્થાન, માટે એનું કહો આખ્યાન. ૪૫
એ તો સાંભળવાને અત્યારે, થઇ આતુરતા ઉર મારે;
કરુણાનિધિ કરુણા લાવો, સ્નેહે તેહ કથા સંભાળાવો. ૪૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી વરણી કહે સુણો સુરાય, કહું ભગવાનજીસિંહની કથાય;
સુણી જનમન પ્રેમભક્તિ પામે, સુધરમ જીવ વિષે વિશેષ જામે. ૪૭

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકુર્કટગ્રામ-પ્રાપ્તનામા અકોનવિંશતિતમો વિશ્રામઃ ॥૧૯॥***



૧.ધનનો ભંડાર, તીજોરી

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહજી, તમે સુણો થઈ સાવધાન;
ભૂપતિ ભગવાનસિંહનું, એક ઉત્તમ કહું આખ્યાન. ૧

**ચોપાઈ :**

ભૂપ ભગવાનસિંહજી જેહ, ગામ કૂકડના ધણી તેહ;
ક્ષત્રિ ગોહેલ કુળના ગણાય, બુદ્ધિમાન તે જોતાં જણાય. ૨
પણ ઈશ્વરનું નહીં જ્ઞાન, રહે સંસારમાં સાવધાન;
એક ચારણ મળિયો તેને, વેર શ્રીહરિ ઉપર એને. ૩
મહા અસુર તણો અવતાર, પણ વાણીથી મન હરનાર;
આડું અવળું એણે સમજાવ્યું, વૈર શ્રીહરિ સાથે ઠરાવ્યું. ૪
હરિને નિત્ય પ્રાતઃકાળ, દેતો ચારણ તે શત ગાળ;
ભૂપ સાંભળતો કરી હાસ, જમે તે પછી બેસી બે પાસ. ૫
પીયે હોકા ને ખાય અફીણ, બેય એમ થયા મતિહીણ;
આપે ચારણને તે પગાર, હરિનો ડર ન ધરે લગાર. ૬
એક અવસરે રાતને ટાણે, ભૂપ સુતેલો શયન ઠેકાણે;
કાંઈ સ્વપ્ન ને કાંઈક જાગ્યો, ત્યાં તો દેખાવ અદ્‌ભુત લાગ્યો. ૭
દીઠા સુંદર શ્રીઘનશ્યામ, વસ્ત્ર ભૂષણ અંગે તમામ;
સોટી હાથમાં લીધી છે સ્વામી, મહીનાથના સામી ઉગામી. ૮
કૃષ્ણ બોલ્યા કરી ઘણો ક્રોધ, કેમ રાખો છો અમશું વિરોધ ?
તમારું શું બગાડ્યું છે અમે ? ગાળો કેમ ભંડાવો છો તમે ? ૯
દૂત જમના કહો તો દેખાડું, જમપુર કહો તો પહોંચાડું;
અમ ઉપર રાખે જે વેર, પામે પીડા તે તો ઘણી પેર. ૧૦





દેવરાવશો જો હવે ગાળ, નકી જાણજો આવિયો કાળ;
સુણી ઉપજ્યો ભૂપને ત્રાસ, કાયા કંપે ને નાંખે નિશ્વાસ. ૧૧
પદ વંદી બોલ્યા તેહ સ્થાન, ભૂલ્યો ભૂલ્યો હું હે ભગવાન !
જાણ્યા તમને મેં ઈશ્વર આજ, વાંક માફ કરો મહારાજ. ૧૨
કહો જેમ હું તેમ કરીશ, આજ્ઞા આપની શીશ ધરીશ;
કહે શામ હુકમ ધારો મારો, વર્તમાન નિયમ તમે ધારો. ૧૩
મદ્ય માંસ અને ચોરી જારી, સદા તે તજો સમજી વિચારી;
આપ્યાં એમ કહી વર્તમાન, થયા શ્રીહરિ અંતરધાન. ૧૪
વીતી રાત ઊગ્યો રવિ જ્યારે, આવ્યો ચારણ ઊઠીને ત્યારે;
હરિને તેણે ગાળો ઉચ્ચારી, ત્યારે ભૂપતિયે રાખ્યો વારી. ૧૫
કહ્યું રાત્રી તણું ત્યાં વૃત્તાંત, ભૂપે ચારણની ભાંગી ભ્રાંત;
સર્વ વાત તે જુઠી ઠરાવા, લાગ્યો ચારણ બહુ સમજાવા. ૧૬
પણ ચારણને ઉપદેશે, સતસંગ તજ્યો ન નરેશે;
જમ્યા હતા પ્રસાદી જરૂર, એના ઉદય થયા અંકુર. ૧૭
કહે ચારણને અવનીશ, જો તું સ્વામીની નિંદા કરીશ;
કાઢી મુકીશ તો નક્કી તને, સતસંગ થયો હવે મને. ૧૮

**ઉપજાતિવૃત્ત :**

શુનીતણું[૧] જોર જણાય જેવું, કુસંગતીનું બળ હોય એવું;
કચાશ દેખે બળ ત્યાં કરે છે, ખરા થકી તો દિલમાં ડરે છે. ૧૯
હૈયા વિષે હિંમત જો ધરાય, શ્રીજી કરે તેની સદા સહાય;
જો શ્યામનો આશ્રય છોડી જાય, કુસંગતિ તો કરડી જ ખાય. ૨૦



૧.કુતરી

**ચોપાઈ :**

ભાળ્યો ભૂપનો નિશ્ચય ભારી, ત્યારે ચારણ બોલ્યો વિચારી;
તમે નિયમ ધર્યા સ્વામી પાસ, ત્યારે હું પણ સ્વામીનો દાસ. ૨૧
ચાલો ગઢપુર આપણે જૈયે, પદ પરસીને પાવન થૈયે;
બન્ને અશ્વે થયા અસવાર, ગયા તે ગઢપુર મોઝાર. ૨૨
જીવો ઠક્કર નિજ કામદાર, સગા તેના તે પુર મોઝાર;
લાધો ઠક્કર નામ છે જેનું, ઊતર્યા ઘર પૂછીને તેનું. ૨૩
અશ્વ બાંધીને એને આવાસ,ગયા બે જણ શ્રીહરિપાસ;
પદ વંદી બેઠા ગુણવાન, આપ્યું મોહને આદર માન. ૨૪
બન્ને જણની પરીક્ષા લેવા, જણાયા હરિ માણસ જેવા;
દિવ્યભાવ ન કાંઇ જણાવ્યો, તેથી બંન્નેને સંશય આવ્યો. ૨૫
ગયા લાધા ઠકકરને ઘેર, પછી ચાલવાની કરી પેર;
લાધો ઠક્કર બોલિયા એમ, ચાલવાનું તરત થાય કેમ? ૨૬
રજા શ્રીહરિની લઇ આવો, પછી ઘેર સુખેથી સિધાવો;
આપ આવ્યા છો દર્શન કરવા, સર્વ સંશયને પરહરવા. ૨૭
રાજી થૈને રહો તમે રાત, સુણો સદ્‌ગુરુઓ તણી વાત;
મહારાજની મૂર્તિ નિહાળો, પૂછી પ્રશ્ન ને સંશય ટાળો. ૨૮
સુણી સાંજે ચાલ્યા રજા લેવા, ભૂપ ઘાટ ઘડે મન એવા;
હવે જાઉં ત્યારે મુનિનાથ, ઝાલે જો જમણો મુજ હાથ. ૨૯
અહીં બેસો કહીને બેસારે, તેને સાચા પ્રભુ ગણું ત્યારે;
કહે ચારણ વાત વિચારો, વળી કાંઇ એવું બીજું ધારો. ૩૦
એક વાનું કદી બની જાય, બીજું થાય તો સત્ય ગણાય;





કહે ભૂપ આપે મને હાર, તો હું જાણું તે જગ કરતાર. ૩૧
વદ્યો ચારણ તે સમે વાચા, ત્રીજું ધારો તે થાય તો સાચા;
ત્યારે ભૂપે ધારી ત્રીજી વાત, રહો જો કહે બે ત્રણ રાત. ૩૨
એ જ રીતના શબ્દ ઉચ્ચારે, માનું હું પરમેશ્વર ત્યારે;
એવું ધારી સભા માંહિ ગયા, દીનબંધુએ દિલ ધરી દયા. ૩૩
એના અંતરની વાત જાણી, હાથ જમણો ઝાલ્યો તેનો તાણી;
અહીં બેસો કહીને બેસાર્યા, તેથી કાંઇક સમરથ ધાર્યા. ૩૪
હરિ પાસે હતો નહીં હાર, ચિત્તે ચારણે કીધો વિચાર;
હાર અપાશે ક્યાં થકી આણી, માટે વ્યર્થ થશે નૃપવાણી. ૩૫
હાર હરિએ નરેશને દીધો, કોણ જાણે તે ક્યાં થકી લીધો;
જોયા બેય ચમત્કાર એવા, તેથી જાણ્યા તે ઈશ્વર જેવા. ૩૬
રજા માગી જવા તણી જયારે, મુખે બોલ્યા મહાપ્રભુ ત્યારે;
રહો રાય હજી ત્રણ રાત, સુણો સંતના મુખ તણી વાત. ૩૭
મનના સર્વ સંશય ટાળો, પાકી નિશ્ચયની ગાંઠ વાળો;
સુણી ભગવાનસિંહ ઉચરિયા, મારા અંતરમાં આપ ઠરિયા. ૩૮
તમે સર્વોપરી સરવેશ, પુરુષોત્તમ શ્રીપરમેશ;
સર્વ અવતારના અવતારી, કોટિ બ્રહ્માંડ રચના તમારી. ૩૯
એવી અંતરમાં ગાંઠ વાળી, હવે નહિ ટળે કોઇની ટાળી;
મનના થયા સંકલ્પ સિદ્ધ, નથી બાકી રહ્યા કોઇ વિધ. ૪૦
વર્તમાન નિયમ મને આપો, નાથ હાથ મારે શિર થાપો;
કહે હરિ હરિભક્ત છો તમે, વર્તમાન ધરાવ્યાં છે અમે. ૪૧
સુણી રાજા કહે હે શામ! સાચી વાત છે તે સુખધામ;

સ્વપનામાં દીધાં વર્તમાન, આજ પ્રત્યક્ષ ઘો ભગવાન. ૪૨
જેથી આપને આશરે થાઉં, નિત્ય ગુણ તમારા હું ગાઉં;
સુણી સ્વામીએ નિયમ ધરાવ્યા, શ્રેષ્ઠ ભક્ત પોતાના ઠરાવ્યા. ૪૩
બોલ્યા ભક્તિતનુજ ભગવાન, કાંઇ માગો મુખે વરદાન;
સુણી ભૂપ કહે હે સ્વામી ! મારે સંસારસુખ નથી ખામી. ૪૪
તમે પુરુષોત્તમ પરમેશ, તેમાં સંશય થાય ન લેશ;
એ જ માગું મુખે વરદાન, ભક્ત જાણી આપો ભગવાન. ૪૫
માગો માગો બીજું વળી કાંઇ, એમ શામ બોલ્યા સુખદાઇ;
મને નિશ્ચે તમારો ન જાય, એ જ માગ્યું બીજી વાર રાય. ૪૬
માગો કૃષ્ણે કહ્યું ત્રીજી વાર, તોય એ જ કર્યો ત્યાં ઉચ્ચાર;
સુણી બોલિયા ઈશના ઈશ, ધન્ય ધન્ય તમે ધરણીશ. ૪૭
મુક્તાનંદ ભણી મુખ કરી, વળી હેતથી બોલિયા હરી;
અમે માગો કહ્યું ત્રણ વાર, ભૂપે એમ જ માગ્યું આ ઠાર. ૪૮
માટે છે એ તો પ્રહ્‌લાદ જેવા, મારા ભક્ત અનન્ય તે એવા;
ધ્રુવની પેરે અવિચળ સ્થાન, નવ માગ્યું એવું વરદાન. ૪૯
એક અવિચળ નિષ્ઠા જ માગી, માટે ધન્ય તે ભક્ત સુભાગી;
એની ભક્તિ ભલી વખણાશે, એનું આખ્યાન ગ્રંથે લખાશે. ૫૦
વળી ભૂપ કહે પ્રેમ આણી, વરદાતા સુણો મારી વાણી;
મારો તાત હતા ભોળા જન, હતું મૃગયાનું તેને વ્યસન. ૫૧
પુણ્ય આજ સમૈયાનું એને, આપું તો મળે સદ્‌ગતિ તેને;
સુણી બોલિયા શામ સુરંગી[1], તમે જ્યારે થયા સતસંગી. ૫૨
ગયા ત્યારથી તાત તમારો, જહાં છે બ્રહ્મમોલ અમારો;



૧.રમુજી, રંગીલું



જોવા હોય તો તમને દેખાડું, સમાધિમાં તહાં પહોંચાડું. ૫૩
અવનીશ કહે અવિનાશ, મને આપનો છે વિશ્વાસ;
માટે માનુ છું હું સત્ય વાત, દિવ્ય ધામ ગયા મુજ તાત. ૫૪
બોલ્યો ચારણ જોડીને હાથ, મને આપો નિયમ મુનિનાથ;
સુણી એવું કહે હરિરાય, વર્તમાન તમે ન પળાય. ૫૫
જુદી રીતનો જીવ તમારો, ગમે આશ્રય કેમ અમારો;
આવા જોગમાં આવ્યા છો તમે, ફળ ઉદય થશે કોઇ સમે. ૫૬
વદે વર્ણી અચિંત્યાનંદ, સુણો ભૂપ ચતુર જનચંદ;
ભક્ત ભગવાનસિંહ જે કહ્યા, એ તો ઉત્તમ હરિજન થયા. ૫૭
રાખી બાળમુકુંદની સેવા, પાળે આચાર ઉત્તમ એવા;
સતસંગી ભલો દ્વિજ જોઇ, તેની પાસે કરાવે રસોઇ. ૫૮
ધરી નૈવેદ્ય તે પછી જમે, બીજા કોઇનું રાંધ્યું ન ગમે;
તજી ડુંગળી હોકો અફીણ, ભલે નિંદા કરે મતિહીણ. ૫૯
તજી ભૂપપણાનું તે માન, ગાય પ્રગટ તણા ગુણગાન;
સારી સાધુ તણી સેવા કરે, નિજમાથે ચરણરજ ધરે. ૬૦
એવા જનનું સુણે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન;
સારા તીર્થતણું ફળ જે છે, સુણે આખ્યાન તો ફળ તે છે. ૬૧

**દોહરો :**

કુકડપતિ ભગવાનને, ભેટ્યા શ્રીભગવાન;
ધામ મળ્યું ભગવાનનું, કર્યા કપડે[1] ભગવાન. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ઉર ધરી હરિનું સદા સ્વરૂપ, ભજન કરે ભગવાનસિંહ ભૂપ;



૧.શુદ્ધ, મહાન

કહી મુદ ધરી તેહની કથાય, હરિજન રાજી થશે સુણી સદાય. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર - અભયસિંહનૃપસંવાદે કુર્કટગ્રામાધિપતિ ભગવાનસિંહાખ્યાન કથનનામા વિંશતિતમો વિશ્રામઃ ॥૨૦॥*

**પૂર્વછાયો :**

કુકડગામથી ચાલિયા, ગયા દિયોર ગામ દયાળ;
જઈને ચોરામાં ઊતર્યા, જન જોવા મળ્યાં વૃદ્ધ બાળ. ૧

**ઉપજાતિવૃત્ત :**

પ્રભુ તહાં પથ્થર જોઈ બેઠા, બેઠા બીજા ત્યાં બહુ લોક હેઠા;
દયાનિધિએ ઉપદેશ દીધો, શ્રોતાજનોએ સુણી સર્વ લીધો. ૨
સંસાર આ સ્વપ્નસમાન જાણો, પાપો તથા પુણ્ય ખરાં પ્રમાણો;
આ લોકમાં ઈશ્વરભક્તિ સાચી, તેના વિના વાત સમસ્ત કાચી. ૩
સ્વપ્ના વિષે દ્રવ્ય મળ્યું જુવે છે, તે જાય તો છાતી કુટી રુવે છે;
જાગ્યા પછી દ્રવ્ય નથી જણાતું, છાતી કુટ્યાનું નથી દુઃખ જાતું. ૪
સંસારકેરું સુખ સત્ય જાણી, કરે સુખાર્થે બહુ પાપ પ્રાણી;
તે સુખ સ્વપ્નાવત નાશ થાય, જે કર્મ કીધાં નહિ તેહ જાય. ૫
માટે કદી પાપ કરો ન કોઈ, મુવા મરે છે જન તેહ જોઈ;
કરો સદા ઈશ્વરભક્તિ ભાવે, ભવાબ્ધિનો જેથકી પાર આવે. ૬

**ચોપાઈ :**

વાત સાંભળીને શુભ પેર, જનો ચાલ્યા ગયા નિજ ઘેર;
ભાવસારની ભામિની એક, જેના ઉરમાં વિશેષ વિવેક. ૭
તેનો બાળક મુળજી નામ, બન્ને ઊભાં હતાં એહ ઠામ;





કર્યો બાઈયે ચિતમાં વિચાર, તપસી રહ્યા છે નિરાહાર. ૮
પૂછે ભોજનનું નહીં કોઈ, આણી આપું હું એને રસોઈ;
લેવા તપસીને વિનંતિ કરી, લાવી આપ્યું બેડું જળ ભરી. ૯
પ્રીતે પોતાના પુત્રને સંગે, શીધું મોકલ્યું અધિક ઉમંગે;
જમ્યા રાંધીને ઈશ અનાદી, આપી એહને શિષ્ટ પ્રસાદી. ૧૦
અવશેષ પ્રસાદી તે લઈ, માતા પુત્ર જમ્યાં ઘેર જઈ;
પુત્ર પાસે સાંજે કે'વરાવ્યું, જોગી પોઢો પલંગ હું લાવું. ૧૧

**ત્યાગીના ધર્મ વિષે : ઉપજાતિવૃત્ત :**

કહે મહારાજ સુણો સુભક્ત, સંસારથી હોય સદા વિરક્ત;
ઈચ્છે ન સંસારિક સુખ અંગે, પોઢે નહીં કષ્ટ વિના પલંગે. ૧૨
માંદા થયાનો મિષ ઉર આણી, પોઢે પલંગે જન ત્યાગી જાણી;
ઠગે જનોને પ્રભુ શું ઠગાશે ? જોગી થયાનું ફળ વ્યર્થ જાશે. ૧૩
અસંત એ તો નહિ સત્ય સંત, આવે ન એને ભવદુઃખ અંત;
સેવા સજે એની સુસંત જાણી, ન પુણ્ય પામે પસ્તાય પ્રાણી. ૧૪
જોગી થઈને ભરતાદિ જેમ, વર્ત્યા સદા જે વરતે ન તેમ;
ગૃહસ્થને જોગ્ય પદાર્થ અર્થ, જો તેહ ઈચ્છે વ્રત તેનું વ્યર્થ. ૧૫
સંસારકેરું સુખ સર્વ છોડ્યું, તેવાં સુખોમાં વળી ચિત્ત જોડ્યું;
માનાપમાને સુખ દુઃખ થાય, તો ત્યાગી સાચો નહિ તે ગણાય. ૧૬
જો વૃદ્ધ કે આતુર તે ન હોય, બેસે જેતી[૧] વાહનમાં ન કોય;
કાયા કરી કૃષ્ણ પ્રસન્ન કાજ, ધરે નહીં તે લવ લોકલાજ. ૧૭

**ચોપાઈ :**

કહ્યા શ્રીજીએ ત્યાગીના ધર્મ, જન સમજુ તે સમજી લે મર્મ;



૧.ત્યાગી

કહે ભૂપ અહો ધર્મવાન, કહો મૂળજીનું આખ્યાન. ૧૮
જમ્યા હરિની પ્રસાદી તે જેહ, કેવા ભક્ત થયા પછી તેહ;
એ તો સાંભળવાને ચહું છું, કહો વર્ણીજી વિનંતિ કરું છું. ૧૯
બોલ્યા એવું સુણી બ્રહ્મચારી, ધરણીશ સુણો મન ધારી;
થયા મૂળજી જ્યારે જુવાન, દીધું સંતે તેને જ્ઞાનદાન. ૨૦
થયું ભક્તપણું અતિ ભારી, ધન્ય ધન્ય કહે નરનારી;
સારી વસ્તુ જે જે મળી આવે, જઇને સ્વામીને ભેટ ધરાવે. ૨૧
મૂળજીને મળે હરિ જ્યારે, ત્યારે શ્રીમુખે એમ ઉચ્ચારે;
મુક્ત અક્ષરધામના આ છે, અમસંગે ત્યાંથી જ આવ્યા છે. ૨૨
સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, કહું મૂળજી ભક્તની વાત;
એક અવસરે મૂળજીભાઇ, ચાલ્યા ગઢપુર ચિત્ત ચહાઇ. ૨૩
દીઠો રસ્તામાં આંબો રસાળ, ધણી તેનો હતો રખવાળ;
રુપામોર એને એક દીધી, મોંઘામાં મોંઘી કેરીઓ લીધી. ૨૪
પ્રભુપાસે જઇ તેણે નેટ[1],કરી ભાવથી કેરીઓ ભેટ;
દાદાખાચર આદિક જેહ, લાગ્યા કેરી વખાણવા તેહ. ૨૫
ભાવ મૂળજી ભક્તનો ભાળી, બહુ મનમાં રીઝ્યા વનમાળી;
કહે મૂળજીને મહારાજ, મુખે માગો તે આપું હું આજ. ૨૬
કર જોડીને મૂળજી કહે, જહાં સુધી આ કેરીઓ રહે;
જમો નિત્ય તે જનપ્રતિપાળ, એ જ માગું છું દીનદયાળ. ૨૭
આપ્યું એ જ વચન ધરી ટેક, જમ્યા નિત્ય કેરી એની એક;
જમતાં રસ તેનો વખાણે, રસ ભક્તના ભાવમાં જાણે. ૨૮
બોર શબરીનાં સ્વાદિષ્ટ જેવાં, માન્યાં મૂળજીનાં ફળ એવાં;



૧.મક્કમપણે, દ્રઢ નિશ્ચય



ભલી લાગી વિદૂરની ભાજી, એમ કેરી જમી થયા રાજી. ૨૯
સ્વાદ ભક્તના ભાવમાં જાણે, વિના ભાવ ન સ્વાદ વખાણે;
આખી સૃષ્ટિ તણા સ્રજનારા, એ જ આંબાનાં ફળ રચનારા. ૩૦
એવી વસ્તુ નથી વિશ્વમાંઇ, જેની શ્રીહરિ જાણે નવાઇ;
દેવા ભક્તને આનંદ ભારી, કોઇ વસ્તુ વખાણે મુરારી. ૩૧

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ ધરીને સ્નેહ;
મૂળજી ભક્તની ભાવના, વળી કહું વરણવી તેહ. ૩૨

**ચોપાઈ :**

ગામ દીયોરમાં વણનારા, વણે બોરીના[1] ચોફાળ સારા;
દીઠો મૂળજીએ ભલો જ્યારે, ધાર્યું અંતરમાં એમ ત્યારે. ૩૩
સારો ચોફાળ એક વણાવું, છેડે સોનાના તાર મૂકાવું;
પછી ગઢપુર જઇ રુડી રીતે, મારા ઈષ્ટને ઓઢાડું પ્રીતે. ૩૪
કેવું શોભશે વસ્ત્ર રૂપાળું, ઘણા નેહથી મૂર્તિ નિહાળું;
રાખું અંતર માંહી ઉતારી, કોઇ કાળે ન મેલું વિસારી. ૩૫
એવો અંતરમાં ભાવ આણ્યો, પછી સારો જે વણકર જાણ્યો;
તેને જઇને કહ્યું તતકાળ, વણી આપો સરસ ચોફાળ. ૩૬
જેવી જાણો તમે ચતુરાઇ, એવી કારીગરી કરો ભાઇ;
સૂત્ર સારામાં સારુ વાવરજો, છેડા કંચન કસબના[2] કરજો. ૩૭
કશી ખામી ન રાખશો લેશ, મૂલ માગ્યાથી દઇશ વિશેષ;
મહારાજા અધિરાજ જે છે, તેને ભેટ કર્યા સારુ તે છે. ૩૮
મને મળશે ઈનામ અથાગ, મળશે તને તેમાંથી ભાગ;



૧.એક જાતનું કાપડ ૨.જરી ભરેલ કાપડ

તે તો ખાતાં કદી નહીં ખૂટે, કોઇ ચોર લૂંટારા ન લૂંટે. ૩૯
એમ કહીને મરમ સમઝાવ્યો, બહુ સારો ચોફાળ વણાવ્યો;
ગયા ગઢપુર દર્શન કાજ, જહાં રાજે રાજાઅધિરાજ. ૪૦
હતો દિવસ સમૈયાનો સારો, મળ્યા હરિજન સંત હજારો;
સભામાં બેઠાં સુંદર શામ, ગયા મૂળજી ભક્ત તે ઠામ. ૪૧
હરિની કરી પૂજા ઉમંગે, પછી ચોફાળ ઓઢાડ્યો અંગે;
પછી આરતી પોતે ઉતારી, છબી અંતરમાં લીધી ધારી. ૪૨
સ્તુતિ ગદગદ સ્વરથી ઉચ્ચરે, આંસુ પ્રેમના આંખથી ખરે;
ભાવ મૂળજી ભક્તનો ભાળી, રહ્યા હરિજન સંતનિહાળી. ૪૩
સભામાં બેઠા રાણાને રાય, જોઇ ચોફાળ વિસ્મિત થાય;
કહે ચોફાળ કેણે બનાવ્યો ? કે શું સ્વર્ગપુરી થકી આવ્યો. ૪૪
મૃત્યુલોક સમસ્ત મોઝાર, આવો કોઇ નથી કરનાર;
આની આગળ શાલ દુશાલા, વખાણે તે કહેવાય કાલા. ૪૫
એમ ઉચ્ચરે સૌ નરનારી, રીઝ્યા ભક્ત ઉપર ભયહારી;
તેથી દેખાડ્યું દિવ્યસ્વરૂપ, કોટિ સૂર્યશશીથી અનૂપ. ૪૬
હતી ચોફાળે ચોકડી જ્યાં જ્યાં, કોટિ સૂર્ય શશી દીઠા ત્યાં ત્યાં;
તેજ શીતળ ને સુખકારી, જુવે મૂળજી તે ધારી ધારી. ૪૭
રહે અક્ષરધામમાં જેમ, દીઠી મૂર્તિ તે તેજમાં તેમ;
એવું બે ઘડીસુધી જણાવ્યું, પછી તો હતું તેવું દેખાયું. ૪૮
ધર્મસુત નરનાટક ધારી, કરે દિવ્યચરિત્ર મુરારી;
ભક્ત મૂળજીને ભગવાન, દીધું દિવ્ય તે દર્શનદાન. ૪૯
એવા ભક્ત રહે જેહ જાગ્યા, ધન્ય ધન્ય તે ભૂમિનાં ભાગ્ય;





ધન્ય માતાપિતા પરિવાર, ધન્ય કુળ જ્યાં ધર્યો અવતાર. ૫૦
કહે વર્ણી સુણો રાજન, કહ્યું મૂળજીનું આખ્યાન;
સંભળાવે સુણે જન જેહ, પામે ચારે પદારથ તેહ. ૫૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ હરિજનની સુણે કથાય, ધરી તનુ ધન્ય બીજા બધા વૃથાય;
મુનિજન પણ તે કથા સુણે છે, અવસર ધન્ય અમૂલ્ય તે ગણે છે. ૫૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દિયોગરગ્રામનિવાસી ભાવસાર મૂળજી ભક્ત આખ્યાનકથનનામા એકવિંશતિતમો વિશ્રામઃ ॥૨૧॥***

**પૂર્વછાયો :**

દીનદયાળ દિયોરથી, ચાલી ગયા લાકડીયે ગામ;
ચૌટાવચે ત્યાં ચાલિયા, હસતે મુખે ઘનશામ. ૧
ઠક્કર ખોજા પ્રેમજી, હાટે બેઠા હતા તે વાર;
ઘાસની ગૂંથેલી સાદડી, પાથરી હતી ઘણી સાર. ૨
હે નૃપ ઓળખો એહને, કારભારી શ્રીહરિના જાણ;
લાધો ઠક્કર ગઢપુર તણા, ભાઇ પ્રેમજી તેના પ્રમાણ. ૩
તેને હસીને કોઇયે કહ્યું, આપો જોગીને સાદડી એહ;
પ્રેમજી કહે મહાજોગી જો, કોઈ મળે તો આપું તેહ. ૪
હસીને બોલ્યા શ્રીહરિ, જોગી જોઇ વળો સહુ ઠાર;
અમ જેવા જોગી નહિ મળે, કોટિ બ્રહ્માંડની મોઝાર. ૫
એમ કહી હસી ચાલિયા, હરિ ગયા નાને ગોપનાથ;

જળ ચડાવી શંભુને, ગયા પીપરલે મુનિનાથ. ૬
ત્યાં એક દ્વિજ તીર્થવાસીને, નિત્ય આપતો હતો આમાન્ન[1];
તેને જઇ હરિએ કહ્યું, આપો અમને તો સિદ્ધાન્ન[2]. ૭
ત્યારે તે દ્વિજની નારીયે, કર્યો રોટલો હરિને કાજ;
પછી તેમાં ઘી પૂરીને, કહ્યું જમો તમે મહારાજ. ૮

**ચોપાઈ :**

બેઠા જમવાને જીવન જ્યારે, મુખકમળ વિકાશિયું ત્યારે;
નર નારીયે નેહે નિહાળ્યું, આખું બ્રહ્માંડ તે મધ્ય ભાળ્યું. ૯
દીઠી નદિયો ને સાગર સાત, દીઠો પર્વત મેરુ પ્રખ્યાત;
સાતે પાતાળ પણ દીઠાં એમાં, દીઠાં કૈલાસ વૈકુંઠ તેમાં. ૧૦
દીઠા સૂર્ય શશી ગ્રહ તારા, દીઠા મેઘ વૃષ્ટિ કરનારા;
દીઠા થાવર જંગમ પ્રાણી, દીઠાં વન નગ[3] પૃથ્વી અજાણી. ૧૧
એવી રચના નિહાળી અપાર, પામ્યાં અચરજ તે નરનાર;
કર્યું ઉરમાં એવું અનુમાન, નરદેહ ધર્યો ભગવાન. ૧૨
કરી વિનતિ રહેવા બે માસ, તોય ત્યાં કર્યો બે દિન વાસ;
ગયા ત્યાંથી તળાજે ગામ, નાહ્યા શેત્રુંજીમાં ઘનશામ. ૧૩
એક બાવાની જગ્યા નિહાળી, ઊતર્યા જઇ ત્યાં વનમાળી;
એક વાણિયે એ સ્થળ આવી, સીધું શામને આપિયું લાવી. ૧૪
જમ્યા રાંધીને શ્રીજગદીશ, દૈવી જાણીને દીધી આશીષ;
ગગો શેઠ થયા સુત તેના, સદ્‌ગુણ શા વખાણિયે એના. ૧૫
હરિભક્ત થયા અતિ ભારી, જાણે સૌ હરિજન નરનારી;
ચાલ્યા રાત રહીને મુરારી, ગોપનાથ ગયા ગિરધારી. ૧૬



૧.કાચુ અન્ન ૨.રાંધેલુ અન્ન ૩.પર્વત



શિવમંદિરે કીધો ઉતારો, હતો ત્યાંનો મહાંત તે સારો;
તેણે સેવા સારી રીતે કરી, રાંધ્યું વિપ્રે જમ્યા તહાં હરી. ૧૭
રાખ્યા પ્રેમ કરી પાંચ રાત, નાહ્યા સિંધુમાં હરિ સાક્ષાત;
નીર ખારા મીઠાના છે કુંડ, નાહ્યા તે વિષે બાલમુકુંદ. ૧૮
એમ તીરથ પાવન કરી, ઝાંઝમેર ગયા પછી હરી;
કરી વિપ્રને ઘેર આહાર, ત્યાંથી કૃષ્ણ ગયા કળસાર. ૧૯
રહ્યા રાત ત્યાં જગજીવન, પણ કોઇએ આપ્યું ન અન્ન;
સુવા દીધા ન નિર્દય થઇ, શામ સૂતા ખળા માંહી જઇ. ૨૦
કતપર ગયા ઊઠી સવારે, લીધો મહુવાનો મારગ ત્યારે;
નદી માળણ ત્યાં જતાં આવી, ભક્તિપુત્રતણે મન ભાવી. ૨૧
શામે ત્યાં જ કર્યું સ્નાનાદિક, આવ્યો મહુવેથી એક વણિક;
નામ શેઠ પીતાંબર એહ, દશા શ્રીમાળી શ્રાવક તેહ. ૨૨
મહુવામાં એનું ઘરબાર, અધવારું[1] હતું કળસાર;
ગાડું એક વસાણાનું[2] ભરી, આવ્યો માળણ નદી ઊતરી. ૨૩
તેણે મોટા તપસ્વી તે દીઠા, લાગ્યા અંતરમાં અતિ મીઠાં;
પ્રેમે પદજુગ વંદન કરી, ભેટ ટોપરાં સાકર ધરી. ૨૪
ધરી ઠાકોરને ફળાહાર, જમ્યા તે પછી જગ કરતાર;
શ્યામે શિષ્ટ પ્રસાદી તે દીધી, સ્નેહે શેઠ પીતાંબરે લીધી. ૨૫
કહે કૃષ્ણ રહો કિયે ગામે ? કહો જાઓ છો તમે શા કામે ?
સુણી શેઠે કર્યો ત્યાં ઉચ્ચાર, મારું છે મહુવે ઘરબાર. ૨૬
હું છું દુર્બળ દીનદયાળ, રહી કળસારે કાઢું છું કાળ;
આવ્યો હતો વસાણું હું ભરવા, કળસારમાં વેપાર કરવા. ૨૭



૧. ભાડા કરવા, અર્ધા ભાગે ભાગીદારી રાખવી ૨.ગાંધીની દુકાને મળતી ચીજવસ્તુઓ

સુણી બોલિયા જગજીવન, મહુવામાં રહો મહાજન;
જશે દુર્બળતા તે તમારી, મારું વેણ લેજો શિર ધારી. ૨૮

**કુગ્રામમાં ન વસવા વિષે : ઉપજાતિવૃત્ત :**

જે ગામમાં લોક વસે ઉદાર, વેપાર ધંધા વળી જ્યાં અપાર;
તહાં રહેવું સુખ જો ચહીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૨૯
જે ગ્રામમાં નિર્દય લોક હોય, સુણે નહીં કૃષ્ણ કથા જ કોય;
તહાં વસ્યાથી કદિ કષ્ટ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૩૦
જે ગામમાં પુષ્કળ હોય પાણી, પાળે પ્રજા ભૂપતિ પ્રેમ આણી;
વિચારીને વાસ તહાં વસીજે, કુગ્રામાં વાસ કદી ન કીજે. ૩૧
જ્યાં આપણા વેરી વિશેષ હોય, સગો નહીં કે નહીં મિત્ર કોય;
તો તે તજીને જવું ગામ બીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૩૨
જે ગ્રામમાં વૈદ્ય વસે ન કોય, વિદ્યાની શાળા પણ જ્યાં ન હોય;
તહાં રહીને સુખ શું લહીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૩૩
જડે ન જયાં સજ્જનનો પ્રસંગ, જહાં રહ્યાથી નિજધર્મ ભંગ;
વસ્યા થકી જ્યાં વ્યસની બનીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૩૪
જ્યાં આપણો ઊદ્યમ તો ન થાય, કરે ન કો સંકટમાં સહાય;
નાણું છતાં જ્યાં નહિ વસ્તુ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે. ૩૫
કુગ્રામમાં વાસ કુપાત્રસેવા, કુટુંબમાં ક્લેશ કુમિત્ર એવા;
પત્નિ કુભાર્યા જડી હોય જેને, પ્રત્યેક પાંચે પરિતાપ તેને. ૩૬

**ચોપાઈ :**

બોલ્યા શેઠ પીતાંબર વેણ, શીર ધારીશ આપનું કેણ;
મહુવામાં હવેથી વસીશ, કાંઇ વેપાર સારો કરીશ. ૩૭





શેઠ એમ કહીને સિધાવ્યા, મહુવામાં મહાપ્રભુ આવ્યા;
અભેસિંહ બોલ્યા મુદ આણી, અહો વર્ણી સુણો મુજ વાણી. ૩૮
શેઠે આપ્યો પ્રભુને આહાર, એના પુણ્ય તણો નહિ પાર;
પુણ્ય પ્રકટ થયું હોય જેહ, મહારાજ કહો મને તેહ. ૩૯
બોલ્યા વર્ણી થઇ રળિયાત, સુણો ભૂપ અભેસિંહ વાત;
રાખ્યો શ્રીહરિનો વિશ્વાસ, મહુવામાં કર્યો શેઠે વાસ. ૪૦
તેથી દુર્બળતા થઇ દૂર, પામ્યા ધાન્ય ને ધન ભરપૂર;
આપ્યો શ્રીહરિને ફળાહાર, તેનું પ્રગટિયું પુણ્ય અપાર. ૪૧
પુણ્યશાળી પામ્યા ત્રણ પુત્ર, સતસંગી થયું ઘરસૂત્ર;
પુત્ર એકનું નરસિંહ નામ, બીજા દામજી સદ્ધર્મધામ. ૪૨
ત્રીજા તે તો જેઠોભાઇ જાણું, હવે વાત વિશેષ વખાણું;
સદ્‌ગુરુ પરમાનંદ જેહ, મળ્યા દામજી શેઠને તેહ. ૪૩
સાર ધર્મ તણો ઉર ધર્યો, જૈન મત તજી સતસંગ કર્યો;
ખીમો શેઠ મામો મન ભાવ્યો, તેને પણ સતસંગ કરાવ્યો. ૪૪
સુત મામા તણો ફુલચંદ, ફેડ્યો[1] તેનો અજ્ઞાનનો ફંદ;
સગાંવાલાં કર્યા સતસંગી, બીજા પણ કર્યા ભક્ત અભંગી. ૪૫
નાતીલાએ ઉપદ્રવ કર્યો, તેનો ડર દિલમાં નવ ધર્યો;
આવ્યું ચોમાસું ઉત્તમ જ્યારે, વસ્યા વરતાલમાં શેઠ ત્યારે. ૪૬
એક દિન મહુવા બંદરથી, લખ્યો પત્ર સગાઓએ ઘરથી;
તજ્યાં સગાં તજ્યાં માતતાત, કેમ વરતાલમાં વસ્યા ભ્રાત? ૪૭
એવો કાગળ વાંચિયો જ્યારે, શેઠે ઉત્તર લખિયો ત્યારે;
તે હું ભૂપતિ તમને સુણાવું, અચરજ મનમાં ઉપજાવું. ૪૮



૧.દૂર કરવું, નિકાલ કરવું

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

લક્ષ્મીનાથ પિતા રમા જનનિ છે માશી ગણું ગોમતી,
ભ્રાતા વાયુકુમાર પુત્ર શિવનો એ છે સહાયી અતી;
પુત્રી પુત્ર દુહિત્રે[1] નિત્ય નિયમો ભાર્યા સદા સંગ છે,
છે વૃત્તાલયમાં કુટુંબ સઘળું આનંદ ઉત્તંગ છે. ૪૯

**ચોપાઈ :**

લખ્યો ઉત્તર તે એવી રીતે, વરતાલ વિષે વસે પ્રીતે;
દામાશેઠે ધર્યો એવો ધર્મ, સારો સમજીને શાસ્ત્રનો મર્મ. ૫૦
શેઠ પીતાંબરે કરી પ્યાર, આપ્યો કૃષ્ણને ફળ આહાર;
તેનું પુણ્ય ઉદય થયું એવું, કોટી જજ્ઞતણું ફળ જેવું. ૫૧
કોઈ ભાવ ભલો ઉર ધરે, તુળસીપત્ર અર્પણ કરે;
તોય તેને કરે છે નિહાલ, એવા છે હરિ દીનદયાળ. ૫૨
જ્યારે સોનાની લંકા લૂંટાય, ત્યારે ઊંઘ અભાગીને થાય;
નિધિ અમૃતનો ઉભરાય, તોય તરસ્યો અભાગિયો જાય. ૫૩
તેમ હરિએ કરી લીલાલેર, કર્યું કલ્યાણ તો ટકે શેર;
તોય લેવા ન આવે અભાગી, ન જુવે મોહનિદ્રાથી જાગી. ૫૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કરી અતિ કરુણા કૃપાનિધાન, નરતનુ ધારી દીધું સુદર્શ દાન;
પણ જન અતિ જેહ પુણ્યશાળી, નમન કરે પ્રભુને પ્રતાપી ભાળી. ૫૫

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિમહુવાબંદર-પ્રાપ્તિનામા દ્વાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૨॥***



૧.દિકરીનો દિકરો



**દોહા :**

કર જોડી નરપતિ કહે, અહો અચિંત્યાનંદ;
કહો કથા હરિકૃષ્ણની, સુણી ટળે દુઃખદ્વન્દ્વ. ૧
કહે અચિંત્યાનંદજી, ધન્ય ધન્ય ધરણીશ;
શ્રવણ ભક્તિ ભલિ ભાળીને, આપું શુભ આશીષ. ૨
આઠ ભુજા ને આઠ પદ, ખટ મુખ લોચન બાર;[1]
તુજ મનમાં ત્રણ મૂર્તિ તે, સદા વસો કરી પ્યાર. ૩
એક સહસ્ત્ર ને ઉભય મુખ, ષટ કર ને પદ ચાર;[2]
તે તમારી રક્ષા કરે, પૂચ્છ એક ધરનાર. ૪

**ચોપાઈ :**

સુણો ભૂપ અભેસિંહભાઈ, કહું કૃષ્ણકથા સુખદાઈ;
મહુવામાં ગયા મહારાજ, કૈક જીવનાં કલ્યાણ કાજ. ૫
તહાં લક્ષ્મીનારાયણ કેરું, એક મંદિર સારું ઘણેરું;
હનુમાનની દેરી છે જ્યાંય, દીઠું આંબલીનું ઝાડ ત્યાંય. ૬
કર્યું ઓટલે ત્યાં જ આસન, વસ્યા ત્રણ દિન પ્રાણજીવન;
બાવે એક દિવસ દીધું સીધું, બીજે દિન એક વાણિયે દીધું. ૭
બાવા ફુલવણકેરી જગ્યાથી, ત્રીજે દિવસ મળ્યું સીધું ત્યાંથી;
નદી માળણને તટ સારો, તલગાજરડાનો છે આરો. ૮
કોઠો બાવાનો છે તેહ સ્થાન, નાહ્યા બે દિન ત્યાં ભગવાન;
નદી માળણ પાવન કરી, જોગસાધન ત્યાં કર્યું હરી. ૯
મવાબંદરને મહારાજે, તીર્થરૂપ કર્યું જનકાજે;
ગામ ડોળિયે જૈ હરિ ખમ્યા, વિપ્ર વિઠ્ઠલને ઘેર જમ્યા. ૧૦



૧.ધર્મ-ભક્તિ-વાસુદેવ ૨.શેષ શય્યામાં પોઢેલા લક્ષ્મી ને નારાયણ

ગામ પટવે ગયા ત્યાંથી માવ, ત્યાં છે પૂર્વમાં એક તળાવ;
તેને પૂર્વતટે વિના વાડ્ય, રુડું એક રોહણનું[1] છે ઝાડ. ૧૧
થોડીવાર બેસી તેહ ઠામ, ગયા ગુણનિધિ ચાંચવે ગામ;
ત્યાંથી પૂર્વે તળાવ છે ત્યાંનું, પૂર્વતટ તરુ છે રુખડાનું[2]. ૧૨
બેઠા બે ઘડી ત્યાં બળવંત, પછી ત્યાંથી ચાલ્યા ભગવંત;
ગામ ડુંગરે ત્યાં થકી આવ્યા, પિપાવાવ્યે તહાંથી સિધાવ્યા. ૧૩
પિપા ભક્ત તણી જ જગ્યાથી, લીધું શામે સદાવ્રત ત્યાંથી;
જમીને ગયા વાવેરે ગામ, શિવમંદિર દીઠું તે ઠામ. ૧૪
તેના ધાબા ઉપર બેય રાત, રહ્યા શામસુંદર સાક્ષાત;
ત્યાંથી રાજુલે થઈ વડગામ, એ જ ગામથી ઉત્તર ઠામ. ૧૫
એક મશીદ છે તેની પાસ, રાતવાસો રહ્યા અવિનાશ;
રામપર વિચર્યા વનમાળી, ગામથી પૂર્વ ખીજડો ભાળી. ૧૬
બેઠા બે ઘડી ત્યાં કરી દયા, પછી ગામથી પશ્ચિમે ગયા;
વે'તો વારીનો વોકળો દીઠો, લાગ્યો મોહનને મન મીઠો. ૧૭
ઉંઘમતિયો છે એહનું નામ, તેમાં સ્નાન કર્યું ઘનશામ;
ગયા ગામમાં થઈને લેરી, દૂર ચાંચુડા શિવની દેરી. ૧૮
નદી ધાતરવડી વહે છે, ઝાડ તમરતણું એક જે છે;
આત્માનંદ સ્વામીને તે ઠાર, કર્યો હતો ઉત્તરસંસ્કાર. ૧૯
સર્વ જાણે છે અંતરજામી, જગ્યા જોયામાં રાખી ન ખામી;
નદી ઊતરીને તેહ ઠામ, ગયા કૃષ્ણજી કોવૈયે ગામ. ૨૦
ત્યાં છે સાગરતટ રુચિર,આદિવરાહજીનું મંદિર;
ત્યાંના દેવનાં દર્શન કરી, રાતવાસો રહ્યા તહાં હરી. ૨૧



૧.એક પ્રકારનું ઝાડ ૨.ગોરખ આંબલી (તેના ફળનો લોટ કરી ખટાશ તરીકે વપરાય છે)



ગાંગડાગામે વડ હેઠ જઈ, પાણી પીધું કુવામાંથી લઈ;
સામતેજ જઈ રહ્યા રાત, શામકુંડે નાહ્યા સાક્ષાત. ૨૨
ગયા શીમર ઊઠી સવારે, એ જ ગામને દક્ષિણ દ્વારે;
સૂર્યકુંડે નાહ્યા સાક્ષાત, ધર્મશાળા વિષે રહ્યા રાત. ૨૩
એક આવ્યો વણિક તે સ્થાન, દિસે લોભ તે મૂરતિમાન;
અંગે ફાટેલ વસ્ત્ર ધરેલાં, ઘણાં મેલાં ને જુવો ભરેલાં. ૨૪

**લોભી વિષે : ઉપજાતિવૃત્ત :**

લોભી પુરું પેટ ભરી ન ખાય, લોભી થકી પુણ્ય નહીં કરાય;
માંદો પડ્યાથી કદી જીવ જાય, પૈસો નહી ઓસડનો અપાય. ૨૫
લોભી કને જો બહુ દ્રવ્ય હોય, ફરે જ થૈને અતિ રાંક તોય;
ચિંતા ધરે તે નિજમૃત્યુ કાળે, રખે ચિતામાં બહુ કાષ્ઠ બાળે. ૨૬
લોભી ન જાણે મન પુણ્ય પાપ, જાણે મહિમા ધનનો અમાપ;
માંખી તણો સંગ્રહ જેમ જાય, લોભી તણું દ્રવ્ય પછી લૂંટાય. ૨૭
લોભી ન રાખે દિલમાં દયાય, તે ક્રોધી કામી સરખો ગણાય;
છે પાપનું મૂળ સદૈવ લોભ, છે છાપરું ધારક જેમ મોભ. ૨૮
લોભી તણું દ્રવ્ય કુમાર્ગ જાય, ચૌરાગ્નિ[1] કે ભૂપ કચેરી ખાય;
માતા પિતાને નહિ લોભી પાળે, લોભી પ્રજાનું પણ પેટ બાળે. ૨૯
જોગી જતીને જન લોભી સેવે, જાણે મને તે જડી બુટ્ટી દેવે;
જ્યાં લોભીયા લોક વસે ઘણાય, ત્યાં ધૂર્તકેરું ગુજરાન થાય. ૩૦

**ચોપાઈ :**

મહાલોભી તે એવો વણીક, તેણે જાણ્યું જે જોગી છે ઠીક;
સોળે ચિહ્ન નિહાળ્યાં છે પગમાં, તેથી જાણ્યું આવા નથી જગમાં. ૩૧



૧.ચોર કે અગ્નિ

માટે સેવા કરું સારી રીતે, તો તે રીઝશે મુજપર પ્રીતે;
સારું સારું કરાવું ભોજન, તો તે આપશે પુષ્કળ ધન. ૩૨
જોગીને જઇ વંદન કીધું, પછી જમવાનું નોતરું દીધું;
ઉર દ્રવ્યની ઇચ્છા છે એને, બીજો અર્થ કશો નથી તેને. ૩૩
સર્વ જાણે છે શામ સુજાણ, પણ કરવું છે તેનું કલ્યાણ;
માટે જમવાનું નૌતરું માન્યું, મન રાજી થયું વાણિયાનું. ૩૪
વિપ્ર પાસે રસોઇ કરાવી, દૂધપાક ને પુરી બનાવી;
બહુ સ્વાદિષ્ટ શાક કરાવ્યાં, ભાતભાતનાં ભજીયાં તળાવ્યાં. ૩૫
બેઠા જમવાને શ્રીહરિ જ્યારે, બેઠો વાણિયો વેગળો ત્યારે;
જમી આસને જઇ રહ્યા રાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત. ૩૬
ચાલ્યો વાણિયો સાથે વળાવા, ઇચ્છા અંતરે શ્રીમંત થાવા;
એક ગાઉ સુધી સાથે ગયો, ધાર્યો સ્વારથ સિદ્ધ ન થયો. ૩૭
વળો પાછા કહ્યું હરિ જ્યારે, બોલ્યો વાણિયો વાણી તે વારે;
કૃપાનાથ કૃપા ઊર ધરો, મને સર્વથી શ્રીમંત કરો. ૩૮
મુજને અગણિત ધન આપો, દયાળુ મુજ દારિદ્ર કાપો;
મોટા જાણી કરી છે મેં સેવા, નથી જોગી બીજા તમ જેવા. ૩૯
સુણી બોલિયા સુંદરશામ, તને આપું હું અવિચળ ધામ;
આપું વૈકુંઠ ગોલોકવાસ, સુખ આપું તને અવિનાશ. ૪૦
ધનમાં તો નથી કશો માલ, ધન લૈને શું થૈશ નિહાલ;
સુણી બોલિયો વાણીયો વાણી, મને દ્રવ્ય આપો દયા આણી. ૪૧
બીજી વાત કશી નવ જાણું, આપો નાથ મને ઘણું નાણું;
દ્રવ્યતુલ્ય બીજું નવ્ય મળે, દ્રવ્યે મુનિવરનાં મન ચળે. ૪૨





**દ્રવ્ય વિષે : ઉપજાતિવૃત્ત :**

નાણા થકી યજ્ઞ ઘણા કરાય, નાણા વડે સ્વર્ગ વિષે જવાય;
નાણા થકી સંકટ તો ટળે છે, નાણા વડે વસ્તુ બધી મળે છે. ૪૩
મદત્વ કેવું કનકે રહે છે, જો ધતુરાનું પણ નામ તે છે;
આશ્ચર્ય મોટું અતિ એક એ છે, નામ પ્રમાણે મદ તે કરે છે. ૪૪
ન કોઇનો કિંકર કોઇ જાણો, પૈસા તણા કિંકર સૌ પ્રમાણો;
ગરીબ શ્રીમંત જનો જણાય, એવી સ્થિતિ સૌ ધનથી ગણાય. ૪૫
જેને ઘણું દ્રવ્ય કુલીન એહ, ડાહ્યા તથા સર્વ ગુણજ્ઞ તેહ;
તેને જ સૌ કો નમવા ધસે છે, સર્વે ગુણો કાંચનમાં વસે છે. ૪૬
બનેવી કો નિર્ધનનો ન થાય, સાળો થવાને ધનિનો ચહાય;
જો ગાંડું ઘેલું ધનવંત બોલે, સર્વે વખાણે શ્રુતિવાક્ય તોલે. ૪૭
પુત્રો સખા પત્નિ તથા પિતા છે, આ લોકમાં સૌ ધનના સગા છે;
પૈસા વડે છે જનની વડાઇ, ભાખે મુખે સૌ જન ભાઇભાઇ. ૪૮
વિદેશ જાશે જન દ્રવ્ય માટે, માથું કપાવે વળી વિત્ત માટે;
ઊંડે સમુદ્રે જઇને પડે છે, જાણે અહિં મોતિ મને જડે છે. ૪૯
પૈસો પ્રભુતા જગમાં ધરે છે, જૈ જંગલે મંગળ તે કરે છે;
પૈસા વસે પુષ્કળ જેની પાસ, દેખાય તેના જન સર્વ દાસ. ૫૦
વિદ્યા તણી તો ન રસોઇ થાય, ગુણો તણાં શું બચકાં ભરાય?
કીર્તિ સુણી ભૂખ કદી ન જાય, સર્વોપરી તો ધન છે સદાય. ૫૧
જો માનતા દેવ તણી કરે છે, રોગાદિ પીડા જનની હરે છે;
દેવો રીઝે છે બહુ દ્રવ્યદાને, છે દ્રવ્ય તો દુર્લભ દેવતાને. ૫૨
વિના પગે જે જગમધ્ય ચાલે, વિના કરે ઇચ્છિત લાવી આલે;

નિર્જીવ છે તોય બલિષ્ઠ જે છે, આ વિશ્વનું જીવન દ્રવ્ય એ છે. ૫૩
જો લક્ષ્મી દાતા કદી લાત મારે, લાગે નહીં દુઃખ દિલે લગારે;
મારી ભૃગુયે હરિને જ લાત, ન કોપ કીધો ગણી લક્ષ્મીતાત. ૫૪

**વસંતતિલકાવૃત્ત :**

લક્ષ્મી વિના જગતમાં જન હોય જ્યારે,
બોલાવશે જન બધા મુખથી તુંકારે;
જે કાનુડો વ્રજ વિષે મહી ચોરી ખાય,
લક્ષ્મી મળ્યા થકી થયા રણછોડરાય. ૫૫

**અથ ધનનિષેધ વિષે : ઉપજાતિવૃત્ત :**

કહે હરિ દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને ક્લેશ વધારનારું;
જો દ્રવ્યનો કાંઇ રહ્યો ન પાર, તો ધર્મરાજા રમિયા જુગાર. ૫૬
લડાવી મારે ધન ભાઇભાઇ, લડાવી મારે સસરા જમાઇ;
અધર્મ અન્યાય અનેક થાય, જો દ્રવ્યમાં દોષ ઘણા જણાય. ૫૭
જ્યાં દ્રવ્ય છે ત્યાં રિપુ હોય ઝાઝા, જૂના મટે તો વળી થાય તાજા;
જે માનવી નો ન સરે જ અર્થ, નિંદા કરે મુકી કલંક વ્યર્થ. ૫૮
ઘણું શરીરે મધ ચોપડાય, મંકોડી માંખી કરડી જ ખાય;
શ્રીમતને તેમજ દુઃખ છેક, સ્વાર્થી મળીને કરડે અનેક. ૫૯
જો દ્રવ્યમધ્યે સુખશાંતિ હોય, તો તુચ્છ જાણી ન તજે જ કોય;
ભર્તૃહરી આદિ નૃપો થયા છે, તે દ્રવ્ય ત્યાગી વનમાં ગયા છે. ૬૦
સંભાળ વિશ્વંભર સૌની લે છે, તે અન્ન વસ્ત્રો પરિપૂર્ણ દે છે;
કોઇ થકી ઝાઝું નહીં ખવાય, શ્રીમંત સ્વાદુ જમી રોગી થાય. ૬૧
પેદા કર્યામાં શ્રમ છે અપાર, તે સાચવ્યામાં ભય છે હજાર;





કદી મળેલું ધન નાશ થાય, મૃત્યુસમું સંકટ તો જણાય. ૬૨
જે કોય અંતે ધન મૂકી જાય, જેને મળે તે જન રાજી થાય;
શ્રીમંત ચિંતા દિનરાત રાખે, રખે મને કોઇક મારી નાખે. ૬૩
જેને હશે વૈભવ જો વિશેષ, તેને દિલે થાય વિશેષ ક્લેશ;
શ્રીમંતને ઊંઘ સુખે ન આવે, તે દ્રવ્યઇચ્છા જન મૂર્ખ લાવે. ૬૪
જો પંથ ચાલે સવળે રમા[1] છે, જો ઊલટે માર દિસે સદા છે;
તે માટ લક્ષ્મી તણી આશ છોડો, પ્રીતિ પ્રભુના પદ માંહિ જોડો. ૬૫

**ચોપાઈ :**

સુણી બોલિયો વાણિયો વાણી, દ્રવ્ય આપો મને દયા આણી;
મોટા જાણી જમાડ્યા મેં તમને, કરો નાથ અનુગ્રહ અમને. ૬૬
બોલ્યા સુંદરશામ વચન, બહુ છે ધન માંહી બંધન;
તોય છે અતિ ઇચ્છા તમારી, માટે સાંભળો વાણી અમારી. ૬૭
દ્રવ્ય જેટલું જોગ્ય જણાશે, તેટલું તમને પ્રાપ્ત થાશે;
એવી આશીષ સાંભળી લઇને, ગયો વણિક તે રાજી થઇને. ૬૮

**દોહરા :**

વાટે જાતાં વાણિયો, કરી વિચાર વિશેષ;
આપે લાગ્યો આપવા, નિજ મનને ઉપદેશ. ૬૯
ભલો જ્ઞાનરસકુંભ છે, શ્રીપ્રભુપદતળપાસ;
તેહ વિષે તું માનીલે, મનવા ભલો નિવાસ. ૭૦


**કલશપ્રબંધ :**

લોભ ન કરવા નરજનમ, નિરધન વા ધનપાસ;
માની જ્ઞાનરસ કુંભમાં, મનવા ભલો નિવાસ. ૭૧



૧.લક્ષ્મી

**कलशप्रबंध**




**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અઘટિત ઘટિતાદિ પાત્ર જાણે, વિભવ[1] કરે પ્રભુ પ્રાપ્ત તે પ્રમાણે;
નિજજન હિતકારી તે હરિ છે, સુખ કરવા જ સદૈવ આપ ઇચ્છે. ૭૨

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શીમરગ્રામ નિવાસી - લોભિવણિજાખ્યાનકથનનામા ત્રયોવિંશતિતમો વિશ્રામઃ ॥૨૩॥*

**પૂર્વછાયો :**

શિમરગામથી સંચરી, ગયા શ્રીહરિ તુળસીશામ;
ત્યાં થકી ગુપ્તપ્રયાગ જૈ, કુંડ ઉત્તરે કીધો વિરામ. ૧

**ચોપાઈ :**

ભલી રાયણતળે શિલા ભાળી, કર્યું આસન શ્રીવનમાળી;
જન જે નિજ આગળ આવે, તેને શાસ્ત્રની વાત સુણાવે. ૨



૧.મોક્ષ, કલ્યાણ



નિત્ય કુંડ વિષે કરે સ્નાન, તીર્થ પાવન કરવાનું તાન;
વિપ્ર ત્યાં તો હતો એક સારો, દેલવાડા વિષે વસનારો. ૩
હતો નાતે તે નાગર ગોર, ભનોપાઠક દ્વિજ શિરમોર;
નિત્યપ્રત્યે પ્રભુ તેને ઘેર, જમી આવે જઇ રુડીપેર. ૪
તેણે પૂછ્યું તમારું શું નામ ? ભાવિ નામ કહ્યું તેહ ઠામ;
મારું નામ છે સહજાનંદ, સુણી ઉપજ્યો અધિક આનંદ. ૫
શેષશાયી મંદિર બ્રહ્મચારી, જમાડે હરિને સાધુ ધારી;
તેનું નામ છે નૃસિંહાનંદ, તેની આગળ બોલ્યા મુકુંદ. ૬
તીર્થ જગ્યા ને કુંડ છે સારો, જોગ સાધવા જોગ્ય કિનારો;
સુણી બોલ્યા વળી બ્રહ્મચારી, તીર્થ જગ્યા તો છે ઘણી સારી. ૭
પણ જળ નથી રે'તું ઊનાળે, આપ જેવા જો કરુણાથી ભાળે;
કુંડે નીર રહે બારે માસ, સુણી બોલિયા શ્રીઅવિનાશ. ૮
હવે રહેશે ઘણાકાળ પાણી, થઇ સુફળ તે શામની વાણી;
એવી રીતે રહ્યા દોઢ માસ, કીધો આપ પ્રતાપ પ્રકાશ. ૯
ત્યાંથી ઉને ગયા નરવીર, ત્રણ દિવસ વસ્યા સરતીર;
પુરથી વળી પશ્ચિમમાંય, સારી વાવ્ય દીઠી એક ત્યાંય. ૧૦
તેમાં જૈ હરિએ કર્યું સ્નાન, વળી પ્રીતે કર્યું જળપાન;
હંસરાજ ને શેઠ ગણેશ, પ્રીતે સેવ્યા તેણે પરમેશ. ૧૧
તેનો દેખીને પૂરણ પ્યાર, શામે સેવા કરી અંગિકાર;
ત્યાંના લોકોને ચમતકાર, દેખાડ્યો હરિએ એહ વાર. ૧૨
કોઇયે વિરાટરૂપ નિહાળ્યું, કોઇયે રૂપ ચતુર્ભુજ ભાળ્યું;
ધાર્યા કોઇયે પ્રગટ મુરારી, કહે કોઇ પુરુષ અવતારી. ૧૩

પ્રભાતે ઊઠી મારગે ચડ્યા, ખોળતાં જનોને નવ જડ્યા;
ગામ ડોળાહે વાલો વિચરિયા, ભરવાડને ઘેર ઉતરિયા. ૧૪
સીધું આપ્યું તથાપિ ન લીધું, દુધ ગાયનું પ્રેમથી પીધું;
ગુરુ ભરવાડનો એક બાવો, એ જ ભરવાડને ઘેર આવ્યો. ૧૫
રાતે બાવો ને શ્રીઅવિનાશ, સૂતા એક સ્થળે પાસપાસ;
કહ્યું બાવે સ્વભાવે હે રામ, દીધો હોંકારો શ્રીઘનશ્યામ. ૧૬
એ જ રીતે બીજી ત્રીજી વાર, દીધો હોંકારો ધર્મકુમાર;
કહે બાવો તમે છો શું રામ ? કેમ હોંકારો દ્યો છો આ ઠામ ? ૧૭
કહે કૃષ્ણ બાવા સુણી લૈયે,નકી જાણો અમે રામ છૈયે;
પછી રામરૂપે ભગવાન, દીધું બાવાને દર્શનદાન. ૧૮
બાવે રામ જથારથ જાણ્યા, હરિકૃષ્ણને હેતે વખાણ્યા;
ત્યાંથી છાંના ચાલ્યા ઘનશામ, ગયા ગોવિંદ લોઢવે ગામ. ૧૯
નાતે ચારણ ત્યાં લખુબાઇ, તેને ઘેર રહ્યા સુખદાઇ;
લખુબાઇ છે સમાધિનિષ્ઠા, જ્ઞાન વૈરાગ્યમાં તે વરિષ્ઠા. ૨૦
મત અદ્વૈતને માનનારી, જાણે ઈશ્વરને નિરાકારી;
સાધુઓને સદાવ્રત દેતી, તપની પરીક્ષા કરી લેતી. ૨૧
તેણે મોટા તપસ્વી તે જાણ્યા, સનકાદિક તુલ્ય પ્રમાણ્યા;
તેથી રાખ્યા પોતાતણે ઘેર, સ્નેહે સેવા સજે સારીપેર. ૨૨
વિઠ્ઠલાનંદ ને બાલાનંદ, બ્રહ્મચારી હતા નિર્દ્વંદ્વ;
તેની પાસે રસોઇ કરાવે, મહારાજને થાળ ધરાવે. ૨૩
ઘેર ભેંસો તણું [1]ખાડું હતું, નિત્ય નિત્ય ઘણું દૂધ થતું;
દૂધની તર સાકર સાથ, જમતા નિત્ય ત્યાં મુનિનાથ. ૨૪



૧.ટોળુ, સમુહ



ઘણો ભાવ ભાળી અવિનાશ, ત્રણ માસ રહ્યા ત્યાં નિવાસ;
ત્યાંથી પ્રાચીયે નાવાને કાજ, કોઇ દિવસ જતા મહારાજ. ૨૫
સર્વ જાણે હરિ સાક્ષાત, તોય પૂછી તે બાઇને વાત;
ભક્તિદીક્ષા તમે ક્યાંથી ધારી ? કહો કોણ છે આ બ્રહ્મચારી? ૨૬
કહે બાઇ ગુરુ તો અમારા, આતમાનંદજી હતા સારા;
આવ્યા આ ગામમાં તેહ જ્યારે, ઘણા શિષ્ય તેના થયા ત્યારે. ૨૭
વિપ્ર વિઠ્ઠલ અહીં રહેનારો, તેનો શિષ્ય થયો ઘણો સારો;
થયો તે દ્વિજનારીનો [1]કાળ, મુકિયો ત્રણ માસનો બાળ. ૨૮
આત્માનંદને વિઠ્ઠલે પૂછ્યું, બાળ દેખીને દાઝી મરું છું;
મળતું નથી ધવરાવનારું, એને કેમ કરીને ઉગારું ? ૨૯
સુણી કહે આત્માનંદસ્વામી, ધવરાવ તું આનંદ પામી;
જહાંસુધી તે બાળક ધાવે, સ્તન તારા વિષે દૂધ આવે. ૩૦
એવું દીધું એને વરદાન, ધવરાવે તે માતસમાન;
જ્યારે બાળકે ધાવણ મૂક્યું, સ્તનમાંથી ત્યારે દૂધ સૂક્યું. ૩૧
દશ વર્ષનો સુત થયો જ્યારે, ગુરુને કહ્યું વિઠ્ઠલે ત્યારે;
દયાવંત દયા દિલ ધારી, અમો બેને કરો બ્રહ્મચારી. ૩૨
સુણી ગુરુજીએ કરુણા કીધી, દીક્ષા તે જણ બેયને દીધી;
વિઠ્ઠલાનંદ ને બાલાનંદ, એવાં નામ ધર્યા સુખકંદ. ૩૩
તેઓને ગુરુએ કહ્યું એવું, લખુબાઇની પાસે રહેવું;
વળી ગુરુએ મને કહી વાણી, આ બે રાખજો આપના જાણી. ૩૪
સદાવ્રત વિઠ્ઠલાનંદ દેશે, ભેંશો ચારવા બીજો રહેશે;
કહે બાઇ અહો તપ ધારી! બેય છે એ જ આ બ્રહ્મચારી. ૩૫



૧.મૃત્યુ થયું

આત્માનંદસ્વામી છે જેહ, અમે માનિયે ઈશ્વર તેહ;
તેને ભજીયે છૈયે ભાવ આણી, દાતા કલ્યાણના એ જ જાણી. ૩૬
બીજી વાત કહું એક વળી, તમે સ્નેહથી લેજો સાંભળી;
મોટા સંત રામાનંદનામ, ગયા શ્રીરંગક્ષેત્રને ઠામ. ૩૭
રામાનુજ થકી દીક્ષા લીધી, પાછી સોરઠમાં ગતિ કીધી;
આત્માનંદ સાથે વાદ ધર્યો, વાદ અદ્વૈત ખંડન કર્યો. ૩૮
સ્વામીએ શિષ્ય સૌને બોલાવી, સારી રીતે કહ્યું સમઝાવી;
રામાનંદસ્વામી કહે જેમ, સર્વે જન તમે વર્તજો તેમ. ૩૯
એની સમઝણ છે ઘણી સારી, માટે જાણજો જનહિતકારી;
એમ કહી આત્માનંદ તેહ, જઈ રામપરે તજ્યો દેહ. ૪૦
તેના શિષ્ય સરવ જે રહ્યા, રામાનંદ તણા શિષ્ય થયા;
મત માને વિશિષ્ટાદ્વૈત, નવ માને કદી તે અદ્વૈત. ૪૧
પણ હું અને આ બ્રહ્મચારી, ત્રણ જણ તો રહ્યાં ટેક ધારી;
આત્માનંદને ઈશ્વર ગણિયે, મત અદ્વૈત તે ભલો ભણિયે. ૪૨
રામાનંદે તો આગ્રહ કર્યો, અમે શબ્દશ્રવણ નવ ધર્યો;
તેણે અમને કર્યા છે વિમુખ, તેનું અમને નથી કાંઈ દુઃખ. ૪૩
અહીંના હરિજન નરનારી, તે તો માને છે વાત અમારી;
સંપ્રદાય ગાદીપતિ જેવી, મને માને છે સૌ જન તેવી. ૪૪
ધર્મપુત્ર છે અંતરજામી, તોય વાત પૂછી લીધી સ્વામી;
કરુણાનિધિ કરુણા કરી, લખુબાઈ પ્રત્યે કહે હરી. ૪૫
સત્ય માનો વિશિષ્ટાદ્વૈત, મત સત્ય નથી જ અદ્વૈત;
વ્યાસસૂત્ર તથા જે વેદાંત, સંભળાવી તેની ભાંગી ભ્રાંત. ૪૬





ત્રણ જણને કર્યા નિજમતનાં, કાઢ્યાં ખોદીને મૂળ અસતનાં;
લખુબાઈને કહે ભગવાન, તમે માગો મુખે વરદાન. ૪૭
કહે બાઈ સુણો તપધામ, મારો પુત્ર જે છે વીરો નામ;
સુત તે અને ભેંશો છે જેહ, સદાકાળ સુખી રહે તેહ. ૪૮
સુણી ભાખે મુખે ભગવંત, તે તો માગ્યું તમે નાશવંત;
વરદાન બીજું મુખે માગો, પશુપુત્રની વાસના ત્યાગો. ૪૯
લખુબાઈ વળી એમ કહે, આ અખંડ સદાવ્રત રહે;
એ જ માગું છું હું વરદાન, આપો એટલું કરુણાનિધાન. ૫૦
સુણી બોલિયા ત્યારે શ્રીહરિ, નાશવંત માગ્યું તમે ફરી;
માગો એવું જે નાશ ન થાય, રહે અક્ષય કાળ સદાય. ૫૧
માગ્યો બાઈએ શ્રીપ્રભુપાસ, અંતે અક્ષરધામમાં વાસ;
વરદાન પછી એ જ આપ્યું, કષ્ટ જન્મમરણતણું કાપ્યું. ૫૨
કહે વર્ણી સુણો વસુધેશ, લખુની કહું વાત વિશેષ;
રામાનંદને હરિ મળ્યા જ્યારે, કર્યો હરિએ પ્રયત્ન તો ત્યારે. ૫૩
લખુને સતસંગમાં લેવા, જુઓ કૃષ્ણ કૃપાળુ છે કેવા;
પણ માને નહીં લખુબાઈ,સમાધિ તણા ગર્વે ભરાઈ. ૫૪
કહે શિષ્ય થવાથી લજાઉં, રામાનંદની શિષ્ય ન થાઉં;
રામાનંદ રહ્યા સાક્ષાત, તેણે માની ન ત્યાં સુધી વાત. ૫૫
પણ શ્રીહરિને અનુસરી, અંતે અક્ષરધામ વિચરી;
જ્યારે જીવમાં મમત ભરાય, સત્ય વાત ન ત્યારે મનાય. ૫૬
હવે કૃષ્ણ તણી કહું વાત, લોઢવાથી ચાલ્યા જગતાત;
પુર પાટણ નામ પ્રભાસ, ત્રણ રાત્રી કર્યો ત્યાં નિવાસ. ૫૭

નદી હીરણ ને સરસ્વતી, મળે ત્રીજી તહાં મધવતી;
તેથી નામ ત્રિવેણી ગણાય, નાહ્યા તે વિષે ત્રિભુવનરાય. ૫૮
વળી સાગરને તટ જઇ, જમ્યા ત્યાંથી સદાવ્રત લઇ;
પુર પાટણથી પૂર્વ ઠામ, એક ભલકા તળાવડી નામ. ૫૯
ત્યાં છે પીપળાનું ઝાડ જેહ, જહાં કૃષ્ણે તજ્યો હતો દેહ;
કૃષ્ણ સૂતા હતા જેવી રીતે, તેમ શામ સૂતા તહાં પ્રીતે. ૬૦
આવ્યો ત્યાં એક બ્રાહ્મણ કોઇ, બોલ્યો ચરણ વિષે ચિહ્ન જોઇ;
તમે કૃષ્ણ દિસો છોજી આપ, માટે મુજને કરો નિષ્પાપ. ૬૧
કૃષ્ણરૂપે જ દર્શન આપો, મારા મન તણો સંશય કાપો;
સુણી કરુણા કરી મુનિભૂપે, દીધું દર્શન કૃષ્ણસ્વરૂપે. ૬૨
એહ બ્રાહ્મણનું કરી કાજ, આવ્યા પાટણમાં મહારાજ;
એમ પુનીત કરી તેહ સ્થાન, ગયા ભંડુરિયે ભગવાન. ૬૩
ઊતર્યા ત્યાં લુહારને ઘેર, તેણે સેવા કરી સારી પેર;
પછી માળિયે થઇ મહારાજ, શેરગઢ રહ્યા નિજ જનકાજ. ૬૪
શીમાશીને ચોરે રહી નીશ, જૂનેગઢ ગયા શ્રીજગદીશ;
રૈવતાચળ નજરે નિહાળ્યો, પદસ્પર્શે તેનો મળ ટાળ્યો. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગિરિવર પર પાવ ધારી દીધો, ગિરિ ગિરનાર પવિત્ર આપ કીધો;
પ્રભુપદ પ્રણમ્યાં સુતીર્થ દેવો, અવસર જાણી લીધો અમુલ્ય એવો. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ રૈવતાચળ-પ્રાપ્તનામા ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥***





**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, કરું કૃષ્ણકથા ઉચ્ચાર;
પાવન કરવા તીર્થને, ગિરિધારી ગયા ગિરનાર. ૧

**ચોપાઇ :**

ભલી રીતે પ્રથમ ભગવાન, કર્યું કુંડ દામોદરે સ્નાન;
પછી રેવતીકુંડમાં નાહ્યા, કુંડ પાવન કરવા ચહાયા. ૨
દામોદરજીને મંદિર જઇ, કર્યા દર્શન હર્ષિત થઇ;
ત્યાંના પૂજારીએ કરી સેવા, જાણી હરિને મહાજોગી જેવા. ૩
કહ્યું આંહિ રહો તમે રાત, સુણી બોલ્યા હરિ સાક્ષાત;
આજ તો એવી ઇચ્છા છે મનમાં, વસવું નિશાએ જઇ વનમાં. ૪
ત્યારે પૂજારી કહે પ્રભુપાસ, વનમાં બહુ વાઘનો ત્રાસ;
ઘણા આંહિ અઘોરી ફરેછે, તે તો જન તણો ભક્ષ કરે છે. ૫
વળી બોલિયા વિશ્વઆધાર, કોઇ અમને નથી હણનાર;
એમ ઉચ્ચરી ત્યાંથી સિધાવ્યા, મુચકુંદની જગ્યાયે આવ્યા. ૬
વળી ત્યાં થકી પશ્ચિમ પાસ, વસ્યા દેરી વિષે રાત વાસ;
રાત અરધી જતાં વાઘ આવ્યો, પ્રભુમાં તેણે પ્રેમ ઠરાવ્યો. ૭
પ્રભુપાસે રહ્યો આખી રાત, જન જોવા મળ્યા પરભાત;
વાઘ જોઇ રહે હરિ સામે, જન જોઇને અચરજ પામે. ૮
પછી શ્રીહરિએ સાન કરી, ગયો વનમાં પ્રદક્ષિણા ફરી;
દામોદરજીના પુજારી જેહ, તેણે દીઠો ચમતકાર તેહ. ૯
પ્રભુપદ જઇ કીધો પ્રણામ, તેડી ગયા દામોદરધામ;
રાખ્યા ત્યાં હરિને ત્રણ રાત, ભાવે સેવા કરી ભલી ભાત. ૧૦

તેને દેવ દામોદરરૂપે, દીધું દર્શન વૃષકુળભૂપે;
પછી ત્યાં થકી વીદાય થયા, ભગવાન ભવેશ્વરે ગયા. ૧૧
પછી વાવ્ય ચડાની છે જ્યાંય, ગયા તે સમે ત્રીકમ ત્યાંય;
ત્યાંથી આવ્યો ગિરિનો ચડાવ, દીઠો ડુંગરકેરો દેખાવ. ૧૨

**ઉપજાતિવૃત્ત :**

જ્યારે હતો શ્રાવણ શુદ્ધ માસ, પ્રભુ પધાર્યા ગિરનાર પાસ;
શોભા બની તે અતિ શી વખાણું, અપૂર્વ એ ઉત્તમ જોગ જાણું. ૧૩
ગિરિ દિસે છે ઘનશામ[૧] જેવો, આવ્યો ચડી ત્યાં ઘનશામ[૨] એવો;
ભલા પધાર્યા ઘનશામ[૩] ભૂપ, ત્રણે વિરાજે ઘનશામરૂપ. ૧૪

**વૈતાલીયવૃત્ત :**

ગિરિયે ઘનની ઘટા ધરી, વિલસે જેમ શિરે જટા ધરી;
સુરચાપ[૪] તહાં પસારિયું, જટિલે જેમ ત્રિપુંડ ધારિયું. ૧૫
ગિરિમાં વનવૃક્ષ છે ઘણાં, શુભશું રોમ દિસે ગિરિ તણાં;
હરખ્યો હરિને મળી ઘણું, તન રોમાંચ થયું ગિરી તણું. ૧૬
જળનાં ઝરણાં ઘણાં ઝરે, કવિ તેની શુભ કલ્પના કરે;
ગિરિ છે અતિશે ઉમંગમાં, ઊપજ્યો સ્વેદ[૫] વિશેષ અંગમાં. ૧૭
શિખરે ચડી મોર ઉચ્ચરે, સુણી એવી કવિ કલ્પના કરે;
પ્રભુને અતિ ચિત્ત પ્યારથી, ગિરિ શું આદર દે ઉચારથી. ૧૮
ફળ ફુલ ફળ્યાં અને ફૂલ્યાં, તરુવલ્લી પર તે રહ્યાં ઝુલ્યાં;
ગિરિયે તરુને મિષે કરી, હરિને શું ભલી ભેટ તે ધરી. ૧૯
શિખરે ઘન ગર્જના કરે, અવલોકી કવિ ઉપમા ધરે;
ગણિને અતિ હર્ષની ઘડી, વજડાવે ગિરિ નોબતો વડી. ૨૦



૧.શ્યામ રંગ ૨.વાદળા(કાળા) ૩.નિલકંઠવર્ણી ૪.ઇન્દ્રધનુષ્ય ૫.પરસેવો



ચળકે ચપળા[૧] દિશો દિશે, અસિધારા[૨] ગિરિરાજની હશે;
ખગ દાદુર શબ્દ ઉચ્ચરે, ગિરિસેના જયકાર શું કરે. ૨૧
ઘન ડંબરતુલ્ય ત્યાં વળી, હરિને શીશ ઝુકી સુવાદળી;
ત્રિવિધિ ગતિ વાયુ સંચરે, પ્રભુને શું ગિરિ પંખવો કરે. ૨૨

**રથોદ્ધતાવૃત્ત :**

રૈવતાખ્ય ગિરિ શૈલરાજ[૩] છે, જ્યાં વિશેષ સુરનો સમાજ છે;
કૃષ્ણદર્શ તણી ચાહના કરી, શું વસેલ અહિ શંભુનો ગિરી[૪]. ૨૩
ધાતુ રત્ન તણી ખૂબ ખાણ છે, પેખિ પૂર્ણ નિધિયો પ્રમાણ છે;
જ્યાં હતા જદુકુળેશ સંચર્યા, ત્યાં વિશેષ વૃષપુત્ર વિચર્યા. ૨૪
જ્યાં વસે વળી અપાર જોગિયો, ભાળિ શૈલ હરખાય ભોગિયો;
જ્યાં વનસ્પતિ અઢાર ભાર છે, સિંહ વાઘ વરુઓ અપાર છે. ૨૫
છે ઘણીક તરુઓ તણી ઘટા,જેવી હોય શુભ શંભુની જટા;
ગૌમુખી સુસરિતા શિરે રહે, જાણિયે પ્રગટ જાહ્નવી વહે. ૨૬
વીટિયો અધિક વાદળે કરી, શું વિભૂતિ તન શંકરે ધરી;
ચંદ્ર હોય શિખરે જ જે સમે, ભાલ ચંદ્રસમ ભાળતાં ગમે. ૨૭
હસ્તિ[૫]તુલ્ય દરસાય પૂનમે, ઘંટ સૂર્યશશિ સાંજને સમે;
દેખી દેવગજ[૬] ક્ષોભ પામિયો, તેથી ભૂમિ તજી સ્વર્ગમાં ગિયો. ૨૮
શૈલ શીશ બહુ છે લિલોતરી, લીલી ઝૂલ શુભ શું ગજે ધરી;
હસ્તિ શીશ ચડનાર ભૂપતિ, તેમ શૈલ શિર સંતના પતિ. ૨૯
શ્યામરંગ ગિરિનો જણાય છે, દેખી એમ અનુમાન થાય છે;
કૃષ્ણ કીર્તિ લખવા ગિરીમિષે, પૂંજ કાજળ તણો કર્યો હશે. ૩૦



૧.વિજળી ૨.તરવારની ધાર ૩.હિમાલય ૪.એક પ્રકારના સન્યાસી ૫.હાથી ૬.ઇન્દ્રનો ઐરાવત હાથી

**ચોપાઈ :**

એવો દેખાવ ગિરિનો નિહાળી, રુદે રાજી થયા વનમાળી;
ગિરિ ઉપર ચડ્યા અવિનાશ, ગયા ગૌમુખી ગંગાની પાસ. ૩૧
તહાં રહેતા હતા બહુ બાવા, તેણે હરિને દીધું નહીં નાવા;
દીધું દર્શન વામન થઇ, ત્યારે સર્વે પગે લાગ્યા જઇ. ૩૨
વળી ગંગા વિષે નવરાવ્યા, ચર્ચિ ચંદન હાર ચડાવ્યા;
રહો આંહિ એવા બોલ કહ્યા, પણ શ્રીહરિ ત્યાં નવ રહ્યા. ૩૩
દત્તાત્રી તણી જગ્યા છે જ્યાંય, ગયા શ્રીહરિ ત્યાં થકી ત્યાંય;
એક તપશી દીઠો તેહ ઠાર, તપ કરતાં વિત્યાં વર્ષ બાર. ૩૪
તેને એમ કહ્યું હરિરાય, કહો શી છે તમારે ઇચ્છાય ?
સુણી બોલ્યો તપસ્વી તે ત્યારે, ઇચ્છા એક જ છે ઉર મારે. ૩૫
દત્તાત્રી તણાં દર્શન થાય, નથી બીજી ઇચ્છા ઉરમાંય;
સુણી કરુણા કરી જગભૂપે, દીધું દર્શન દત્તાત્રીરૂપે. ૩૬
નિજરૂપનો નિશ્ચે કરાવ્યો, તેને જન્મ મરણથી મુકાવ્યો;
ગિરિ ઊપર થકી ઊતરી, જૂનાગઢમાં પધાર્યા શ્રીહરી. ૩૭
ગયા નાથ ગોધા વાવ જ્યાં છે, ધર્મદાસ તણી જગ્યા ત્યાં છે;
થતું ત્યાં હતું બ્રહ્મ ભોજન, બેઠા ત્યાં જઇ જગજીવન. ૩૮
ત્યાંથી અન્ન મળ્યું નહિ જ્યારે, હાટકેશ્વરમાં ગયા ત્યારે;
આવ્યો નાગર દર્શન કાજ, તેણે દીઠા તપસ્વીરાજ. ૩૯
જાણ્યા જોગીને વિદ્વાન જેવા, પૂછ્યા પ્રશ્ન પરીક્ષા તે લેવા;
દશ પ્રશ્નના ઉત્તર બેજ, ઉભી પંક્તિ કરી લખ્યા એ જ. ૪૦





**શાર્દૂલવિક્રીડિતવૃત્ત : બહિર્લાપિકા :**

| | |
|---|---|
| ગિ | રા |
| ર | મા |
| ના | નુ |
| ર | જ |

જોયો શૈલ કિયો ભલા ગુરુ કિયા બ્રહ્માસુતા[૧] સિંધુજા[૨],
કેવું સિંધુસમીપ હોય સર તે ઝીણી કહો ભૂમિજા[૩];
શું નાણું તનને નવીન અરથે કેના પછી દૌ ધરી,
શંભુ શત્રુ સુકંઠી કોણ સુણીને બે પંક્તિ ઊભી કરી. ૪૧

**ચોપાઈ :**

જોઇ ઉત્તર અચરજ પામી, કર્યું વંદન નિજશિર નામી;
અતિ પ્રેમ વધ્યો એને ઉર, જાણ્યું છે મહાપુરુષ જરુર. ૪૨
તેના મુખથી સુણ્યો ઉપદેશ, થયો ધર્મનો મનમાં પ્રવેશ;
ઘેર જૈ શીરોપુરી કરાવી, હેતે હરિને જમાડીયા લાવી. ૪૩
તેને રાત્રિ વિષે મુનિભૂપે, દીધું દર્શન શંકરરૂપે;
હાટકેશ્વરમાં રહ્યા રાત, ભૂતનાથે પધાર્યા પ્રભાત. ૪૪
કર્યું દર્શન શંભુનું ભાવે, પીધું જળ જઇ ખેંગાર વાવે;
ગયા ત્યાં થકી વણથળી ગામ, સૂર્યકુંડે નાહ્યા ઘનશ્યામ. ૪૫
જમ્યા ત્યાંથી સદાવ્રત લઇ, રાત વાસો રહ્યા રાજી થઇ;
ગઇ રાત ને ઊગ્યો દિનેશ, પીપળાંણે ગયા પરમેશ. ૪૬
ઉનેવાળ જે નરસી મહેતા, પીપળાણામાં તે તો રહેતા;
તેને ઘેર ગયા હરિ જ્યારે, પૂજા કરતા હતા મે'તો ત્યારે. ૪૭
કરતા હતા પાઠ ગીતાનો, આંગણે હતો પુત્ર પોતાનો;
નામ કલ્યાણજી કહેવાય, માંગી ભિક્ષા તહાં હરિરાય. ૪૮
કહે કલ્યાણજી તેહ વાર, નથી ઘરમાં રસોઇ તૈયાર;
આવો બેસો રસોઇ કરાવું, ભલું ભોજન તમને ધરાવું. ૪૯



૧.સરસ્વતી (ગિરા) ૨.લક્ષ્મી (રમા) ૩.રજ

કહે કૃષ્ણ ખોટી નહિં થાઉં, તીર્થ કરવા ઉતાવાળો જાઉં;
વિપ્રપુત્ર બોલ્યો તેહ ઠામ, બાવા હોય કલ્યાણનું કામ. ૫૦
બીજે તીર્થ જવાનું ન ધારો, લોજમાં મહારાજ પધારો;
રામાનંદસ્વામી તણા ચેલા, મુક્તાનંદજી ત્યાં છે રહેલા. ૫૧
તેની પાસે પચાસ છે સંત, મહાવૈરાગી ને જ્ઞાનવંત;
જેને હોય કલ્યાણની આશ, તેને જાવું એવા સંતપાસ. ૫૨
સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, એવામાં બની અદ્ભુત વાત;
મે'તા નરસિંહ તો તેહ ઠામ, પૂજતા હતા શાળગરામ. ૫૩
ઘણું પ્રગટિયું તેમાંથી તેજ, થયું લીન હરિ વિષે એ જ;
એવું અચરજ દેખી નિદાન, એ તો ભૂલ્યા શરીરનું ભાન. ૫૪
ચાલી નીસર્યા સારંગપાણિ, વાત તે મે'તા નરસિંહે જાણી;
ત્યારે પુત્ર પ્રત્યે બોલ્યા એમ, મોટા જોગી જાવા દીધા કેમ ? ૫૫
પછી પાછળ જઇ ભલીપેર, તેડી લાવ્યા પ્રભુ નિજ ઘેર;
કહ્યું બેસો રસોઇ કરાવું, ભલા ભાવથી થાળ ધરાવું. ૫૬
કહે કૃષ્ણ ન વાર લગાડો, હોય તૈયાર તે જ જમાડો;
તહાં દૂધ જુવારનું ધાન, જમ્યા ભાવથી શ્રી ભગવાન. ૫૭
ત્યાં તો હરિએ ચતુર્ભુજરૂપ, દીધું દર્શન તેને અનૂપ;
પ્રેમે મહેતાએ પ્રણામ કીધો, નિજભાગ્ય ઉદય ગણી લીધો. ૫૮
રામાનંદે કહ્યું હતું જેહ, ત્યારે મહેતાએ સંભાર્યુ તેહ;
હું છું ઉદ્ધવનો અવતાર, પ્રભુ છે પછીથી આવનાર. ૫૯
આવ્યા એ જ પ્રભુ સાક્ષાત, એવી અંતરમાં ધારી વાત;
ગિરનારમાં આકાશવાણી, સાંભળી હતી તે સ્મૃતિ આણી. ૬૦





વાણી સુફળ થઇ તે આજ, મારે ઘેર આવ્યા મહારાજ;
કરુણા મુજ ઉપર કીધી, મારી શ્રીહરિએ સાર લીધી. ૬૧

**પૂર્વછાયો :**

ભૂપ કહે વરણીન્દ્રજી, કથા કહો એ તો મુજ પાસ;
ક્યારે અને કેવી રીતે, વાણી થઇ હતી આકાશ ? ૬૨

**ચોપાઇ :**

બ્રહ્મચારી કહે સુણો ભ્રાત, મે'તા નરસિંહની કહું વાત;
હતા પૂર્વના મુક્ત તે ભારી, ભાવ ભગવાન ઉપર ધારી. ૬૩
ટેક બાળપણા થકી ધારે, ભગવાનને મળવું છે મારે;
એમ કરતાં વરસ કાંઇ ગયાં, પ્રભુનાં દર્શન નવ થયાં. ૬૪
ત્યારે ત્યાગ કરી ઘરબાર, ચાલ્યા શોધવા વિશ્વ આધાર;
જાણ્યું ગિરનાર ઉપર જાઉં, કોઇ જોગીનો સેવક થાઉં. ૬૫
હોય ભેખ વિષે ભગવાન, ત્યાં હું પામીશ દર્શનદાન;
જો હું દર્શન નહિ પામીશ, તો આ દેહનો ત્યાગ કરીશ. ૬૬
એવું ધારી ગયા ગિરનાર, જોયા સિદ્ધ ને જોગી અપાર;
પરમેશ્વર તો નવ મળિયા, તેથી તાપ હૃદયના ન ટળિયા. ૬૭
પિંડ પાડવા કીધો વિચાર, વાણી આકાશ થૈ ત્રણ વાર;
મે'તા ચિંતા તજો સર્વપેર, હરિ આવશે તમારે ઘેર. ૬૮
ત્રણ્ય વાર સુણ્યો શબ્દ જ્યારે, આવ્યો અંતરે વિશ્વાસ ત્યારે;
એ જ માટે અહો ભૂમિપાળ, દીધું દર્શન દીનદયાળ. ૬૯
પ્રભુ મળવા કરે શ્રમ ઘણો, શ્રમ વ્યર્થ ન થાય તે તણો;
એવો છે શ્રીહરિનો ઠરાવ,જુવે અંતરનો શુદ્ધ ભાવ. ૭૦

જમીને વિચર્યા સુખરાશી, ગામ આખાભણી અવિનાશી;
મે'તો ચાલ્યા વળાવવા માટે, જતાં દીઠો ચમત્કાર વાટે. ૭૧
દીઠા હરિ પુરુષોત્તમરૂપ, કરે સ્તુતિ બ્રહ્માંડોના ભૂપ;
ત્યાં તો દીઠા દશે અવતાર, થયા લીન શ્રીહરિ મોઝાર. ૭૨
એથી ઊપજ્યો આનંદ ભારી, જાણ્યા અવતારના અવતારી;
કરી આજ્ઞા તે શામ સુજાણે,મે'તો પાછા ગયા પીપળાણે. ૭૩
આખા ગામે ગયા ગિરધારી, જેનું ધ્યાન ધરે ત્રિપુરારી;
વેદ નેતિ નેતિ ઉચરે છે, પ્રભુ તે ભૂમિમાં વિચરે છે. ૭૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

દ્વિજવર નરસિંહ જે મહેતા, પ્રગટ ઉપાસનકારી બ્રહ્મવેત્તા;
કહી અતિ શુભ તેની આ કથાય, સુણી નરનારી પવિત્ર સદ્ય થાય. ૭૫

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે પીપળાણાગ્રામે શ્રીહરિ-વિપ્રનરસિંહમહેતામિલનનામા પંચવિંશો વિશ્રામઃ ॥૨૫॥***

**પૂર્વછાયો :**

અનુપ આખા ગામ છે, તેને પાદર પૂરવ દીશ;
આંબલિયોનાં ઝાડ છે, બેઠા બે ઘડી ત્યાં મુનિઈશ. ૧

**ચોપાઈ :**

ત્યાંથી મઢડે ગયા મહારાજ, જેઠામેરનું કરવાને કાજ;
જેઠામેર ઉપર કરી મેર, ઘનશામ રહ્યા તેને ઘેર. ૨
તેણે સેવા સજી ઘણી સારી, પાળે નિષ્કામવ્રત નરનારી;
સૂતા રાત્રીમાં શ્રીઘનશામ, જેઠામેરે જોયું તેહ ઠામ. ૩





બ્રહ્મા શંભુને ઈન્દ્ર અપાર, આવેલા વંદવા તેહ વાર;
રમા રાધા આદિ ઘણી શક્તિ, સજે ભાવ ધરી ભલી ભક્તિ. ૪
કોઈ તો થાળ ધરે છે લાવી, કોઈ આરતી ઉતારે આવી;
કોઈ તો ગુણગાન કરે છે, કોઈ સ્નેહે સ્તુતિ ઉચ્ચરે છે. ૫
જેઠોમેર અને તેની નારી, નિરખે મૂરતી ચિત્ત ધારી;
ત્યારે બ્રહ્માએ વેણ ઉચાર્યા, ધન્ય માત ને તાત તમારાં. ૬
ઘણા જન્મ કર્યું તપ જેહ, આજ આવી મળ્યું ફળ એહ;
ધન્ય ધન્ય તમે નર નારી, ભલાં કીધાં તમે તપ ભારી. ૭
અભેસિંહ કહે મુનિરાય, મને એતો સુણાવો કથાય;
જેઠોમેર તથા તેની નારી, તેણે તપ શું કર્યું એવું ભારી ? ૮
જેથી બ્રહ્માએ તેને વખાણ્યાં, અતિ ઉત્તમ સર્વથી જાણ્યાં;
કહે વર્ણી સુણો ધરણીશ, જેઠામેરની વાત કહીશ. ૯
શ્રીજીમહારાજ મુખ એ વાત, મેં તો સાંભળી છે સાક્ષાત;
તમ આગળ તે હું ઉચારું, શ્રોતામાં સર્વોપરી હું ધારું. ૧૦
કૃતયુગ[૧] થકી તે નરનાર, ધર્યા ભૂતળ બહુ અવતાર;
પતિ પત્નિ થયાં બધે ઠામ, વ્રત પાળ્યું સદા નિષ્કામ. ૧૧
આજ કળિયુગમાં પણ એમ, પાળ્યું નિષ્કામ તો વ્રત તેમ;
બાળ જોબન કે વૃદ્ધજાતે, બ્રહ્મચર્ય પાળ્યું ભલી ભાતે. ૧૨
નરનારી રહ્યા ઊર્ધ્વરેતા, રહે કોઈ વડા બ્રહ્મવેત્તા;
એ જ પુણ્ય ઉદય થયું જ્યારે, મળ્યા પ્રગટ પ્રભુ તેને ત્યારે. ૧૩

**નિષ્કામવિષે : વસંતવિલકાવૃત્ત :**

લીધા તપસ્વી બહુધા જગમધ્ય જોઈ,



૧.સત્યુગ

નિષ્કામતુલ્ય તપ તો ન ગણાય કોઇ;
જો બ્રહ્મચર્ય વ્રત કોઇ અખંડ પાળે,
તો પાપ પૂર્વ ભવનાં સઘળાં પ્રજાળે. ૧૪
કામે તપસ્વી જનને તપમાંથી પાડ્યા,
જોગીશ[1]ને તરત જોગ થકી જગાડ્યા;
બ્રહ્માદિને પણ ઘણાક ફજેત કીધા,
કામે મહેશ સરખાય હરાવી દીધા. ૧૫
રાજ્યાદિ છોડી કરવો વનમાં નિવાસ,
કે અન્ન છોડી કરવા ઉપવાસ માસ;
તે તો કદાપિ જન કોઇ થકી કરાય,
સંકલ્પ કામસુખનો ન તજ્યો તજાય. ૧૬
સંગ્રામમાં જઇ કદી મરવું સહેલું,
દીઠી ઘણીક સતિ જે તનને દહેલું;
આકાશ માપવિણ છે કદિ તે મપાય,
સંકલ્પ કામસુખનો ન તજ્યો તજાય. ૧૭
વેદાદિશાસ્ત્ર ભણીને વિદ્વાન થાય,
જીતે વિદેશ વિચરી સઘળી સભાય;
કાવ્યાદિ ચોજ[2]તણી તે ચતુરાઇ જાણે,
હૈયે અનંગ[3] જીતવા નહિ હામ આણે. ૧૮
જે કામથી સુર નરો મુનિશ્રેષ્ઠ હાર્યા,
ગર્વિષ્ઠના ગરવ તે સરવે ઉતાર્યા;
તે કામને વશ કરે જગમાં રહી જે,



૧.યોગીઓમાં શ્રેષ્ઠ ૨.ચમત્કારપૂર્ણ ઉક્તિવાળા ૩.અંતઃશત્રુ કામ, કામદેવ



સાક્ષાત્ એ જ જન ઈશ્વર તો કહીજે. ૧૯
સાધી સમાધિ તજીને સઘળી ઉપાધિ,
આરાધિ ઈષ્ટ તનની તજી સર્વ વ્યાધિ;
આકાશમધ્ય વિચરે દવ[1] માંહિ પેસે,
દિસે બળિષ્ટ પણ કામથી હારી બેસે. ૨૦
જ્ઞાની બની અધિક જ્ઞાન જીભે કહે છે,
તે કામથી બહુબહુ બળતા રહે છે;
જેને વિશેષ પુરુષોત્તમની કૃપાય,
તેના થકી જ રતિના પતિને જિતાય. ૨૧

**ચોપાઈ :**

એવો કામ બળિષ્ઠ છે જેહ, જેઠામેરે જીત્યો હતો તેહ;
તેને પુણ્યે પ્રભુ મળ્યા આવી, તમે પૂછી તે વાત સુણાવી. ૨૨
જેઠાભક્ત તણું કરી કાજ, માંગરોળ ગયા મહારાજ;
દિશા પશ્ચિમમાં ડોસાવાવ્ય, કર્યો આસનનો ત્યાં ઠરાવ. ૨૩
આવ્યો ત્યાં એક વૈશ્યકુમાર,નામ ગોવરધન નિરધાર;
પાસે બેસીને કીધો પ્રણામ, ઘણી વાતો કરી ઘનશામ. ૨૪
પ્રભુને મોટા પુરુષ પ્રમાણી, બોલ્યો વાણિયો તે મુખ વાણી;
જમો તો ચોખી સુખડી લાવું, ગામમાં જઇને ઝટ આવું. ૨૫
ભાવ ભાળીને હા કહી જ્યારે, જઇ લાવ્યો તે સુખડી ત્યારે;
ભગવાન જમ્યા ભલી ભાત, પછી પૂછી તે બાળને વાત. ૨૬
આવી ક્યાંથી તેં સુખડી આણી, સુણી બોલ્યો તે વાણિયો વાણી;
મારી ફઇનું ખરચ છે આજ, ત્યાંથી લાવ્યો છું હે મહારાજ. ૨૭



૧.અગ્નિ

હતી પૂતળી નામે તે સારી, કહો ક્યાં હશે તે ફઇ મારી ?
કહે હરિ જમહાથ ચડી છે, કુંભીપાકમાં જઇને પડી છે. ૨૮
સુણી બોલ્યો ગોવર્ધન એમ, પડે એ તો નરકમાં કેમ ?
રામાનંદજી છે પ્રભુ જેહ, તેનાં ભક્ત એકાંતિક એહ. ૨૯
પ્રભુ ભજતાં નરકમાં જાય, એવી વાત તે કેમ મનાય ?
સુણી બોલ્યા મુખે મુનિરાજ, જોવી હોય તો દેખાડું આજ. ૩૦
તેણે જોવાની ઇચ્છા જણાવી, ત્યારે શામે સમાધિ કરાવી;
જોયા કુંડ નરક તણા જઇને, કુંભીપાકમાં દીઠી ફઇને. ૩૧
ફઈએ ગોવર્ધનને જોઇ, કાલાંવાલાં કર્યા બહુ રોઇ;
કાઢ્યકાઢ્ય અરે ભાઈ મને, દયા આવતી હોય જો તને. ૩૨
કાઢી કુંડમાંથી તેને જ્યારે, જમના દૂત આવિયા ત્યારે;
માર્યો ગોવરધનને માર, નાખી બાઈને કુંડ મોઝાર. ૩૩
જમદૂત કહે ક્રોધ આણી, પાછો જા મૃત્યુલોકના પ્રાણી;
ધર્મને નવ પૂછ્યું લગાર, કેમ બાઈને કાઢી બહાર ? ૩૪
પછી વાણિયે દેહમાં આવી, મહારાજને વાત સુણાવી;
વળી વિનતિ કરી શિર નામી, મારી ફઇને મુકાવોને સ્વામી. ૩૫
ભગવાન મળ્યા મને તમે, મારી ફઇ કેમ ત્યાં દુઃખ ખમે;
સુણી ઉચર્યા વિશ્વઆધાર, તમે કાઢો જઇ બીજીવાર. ૩૬
બોલ્યો બાળક હે અચ્યૂત ! મને મારે ત્યાં તો જમદૂત;
કહે કૃષ્ણ ફરીથી જો જાશો, મારા વચનથી બલવાન થાશો. ૩૭
જમદૂતથી કરજો લડાઇ, મુક્ત આવીને થાશે સહાયી;
પછી તે તો સમાધિમાં ગયો, ફૈને કાઢવા તતપર થયો. ૩૮





જમનો દૂત એક ત્યાં આવ્યો, તેણે ગોવર્ધનને ડરાવ્યો;
ત્યારે કાયા ધરી અદભૂત, દેખી નાઠો તે તો જમદૂત. ૩૯

**પૂર્વછાયો :**

દૂતે જઇ જમરાયને, કહ્યા સર્વવિધિ સમાચાર;
ક્રોધ કરી જમપતિ કહે, જમ જાઓ મળીને હજાર. ૪૦

**ચોપાઈ :**

સુણી સજ્જ થયા જમદૂત, ભારે રૂપ ધર્યા અદ્ભુત;
આવતા તે ગોવરધને ભાળ્યા, દિસે કાજળ તુલ્ય તે કાળા. ૪૧
ઊંચા ઊંચા તે પર્વત જેવા, ભાળી લાગે ભયંકર એવા;
મુખ શૈલગુફા અનુમાન, દાંત શૈલના શિખર સમાન. ૪૨
મુખે માણસનાં શબ ચાવે, તેને દિલમાં દયા નવ આવે;
નાખ્યાં કોટમાં બહુ આંતરડાં, લાલ લોચન લાગે છે કરડાં. ૪૩
માથાં જન તણાં કરમાં ઉછાળે, ભલો ખેલ દડાજેવો ભાળે;
લીધાં ખપ્પર લોહી ભરેલાં, દિસે શોણિત પાન કરેલાં. ૪૪
કંઠે કોઈને માથાની માળા, નીસરે કોઇને મુખ જ્વાળા;
હાથ જાણીએ સર્પની ફેણ, અસ્ત્ર શસ્ત્ર ધર્યા દુઃખદેણ. ૪૫
ધર્યા ગુપ્તિ ગદા ને ત્રિશૂળ, ધર્યા લોહના દંડ પ્રથૂળ[1];
ધર્યા ભારી ભયંકર ભાલા, કરે ક્રોધે ભયંકર ચાળા. ૪૬
તરવાર છરા અને છરી, માંસ તોડવા સાણસી ધરી;
લીધી કોઇએ હાથમાં ફરશી, જનનું લોહી પીવાને તરશી. ૪૭
આવે ઉચ્ચરતા ખાઉં ખાઉં, લોહી પીને કહે છે ધરાઉં;
પ્રલેકાળનાં વાદળાં જેવાં, તન દિસે છે દોડતાં તેવાં. ૪૮



૧.જાડા મજબૂત

કોઇ સિંહમુખો જમદૂત, કોઇ રીંછમુખો અદભૂત;
કોઇનું મુખ તો જેવું શ્વાન, મુખે કોઇ માંજાર સમાન. ૪૯
કોઇ ઘુડમુખા તે જણાય, કોઇ ગર્દભમૂખો[1] ગણાય;
કોઇ ઊંટમુખો વળી એમાં, કોઇ મર્કટમુખ પણ તેમાં. ૫૦
આવ્યા ગોવરધનને પકડવા,લાગ્યા જોર કરી બહુ લડવા;
ત્યારે ગોવરધન તણો દેહ, થયો ગોવરધનસમ[2] એહ. ૫૧
પગે પીલીને કૈકને માર્યા, ઢીંકા પાટુએ કૈને સંહાર્યા;
જમદૂતનાં લૈ હથિયાર, માર્યા કૈકને તો તેહ ઠાર. ૫૨
કરે હોંકારા ગોવરધન, જાણે ભાંગશે ચૌદેભુવન;
હરિ આગળ છે તેનો દેહ, લાગ્યો હોંકારા કરવા તેહ. ૫૩
હાથ વીંઝે ને પાવ પછાડે, સિંહ કેસરીની પેઠે ત્રાડે;
લોકો દેખીને અચરજ આણે, સાચો મર્મ તો શ્રીહરિ જાણે. ૫૪
જમ નાઠા તે પામીને ત્રાસ, કહી વાત તે ધર્મની પાસ;
યમરાજા ચડ્યા ક્રોધ ધારી, કરી પાડા ઉપર અસવારી. ૫૫
લોહદંડ લીધો લીધો પાશ, ચૌદ કોટિ લીધા સાથે દાસ;
મોટા સિંહ પાડે ત્રાડ જેવી, જમરાય પાડે ત્રાડ એવી. ૫૬
ભારે ફોજ આવી ચડી જ્યારે, ડર પામ્યો ગોવરધન ત્યારે;
સ્નેહે સંભાર્યા શ્રીઅવિનાશી, આવ્યા મુક્ત અક્ષરના નિવાસી. ૫૭
જમરાજ દેખી ડર પામ્યો, હાથ જોડી ઉભો રહ્યો સામો;
કહે મુક્તપ્રત્યે જમરાય, કેમ એને કરો છો સહાય ? ૫૮
મહાપાપિણી નારી છે જેહ, તેને લૈ જવા આવ્યો છે એહ;
એને દંડ ઓછો રહી જાય, કુંભીપાકથી કેમ કઢાય ? ૫૯



૧.ગધેડાના જેવા મોઢાવાળો ૨.ગોરર્ધન પર્વત



ત્યારે મુક્ત કહે સુણો રાય, પ્રભુ પ્રગટ્યા છે ભૂતળમાંય;
તેની આજ્ઞાથી આવ્યો છે એહ, તમથી અટકાય ન તેહ. ૬૦
ધર્મરાયે પછી સ્તુતિ કીધી,તેની ફૈબાને લઇ જવા દીધી;
ગયા મુક્ત પોતાતણે સ્થાન, આવ્યાં બે જણ જ્યાં ભગવાન. ૬૧
કહે બાઇને સુંદરશામ, તમે જૈ બદ્રિકાશ્રમ ધામ;
થોડા કાળ સુધી તપ કરશો, પછી સત્સંગમાં દેહ ધરશો. ૬૨
અંતે પામશો અક્ષરધામ, એમ કહી મોકલી તેહ ઠામ;
સમાધિથી ગોવરધન જાગ્યો, કરી વાત ને સંશય ભાગ્યો. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અકળ ચરિત્ર એમ કૃષ્ણકેરાં, ગણી ન શકાય સુણેલ છે ઘણેરાં;
હરિજન હિત આ કથા ઉચારી, પરમ પવિત્ર તથા પવિત્રકારી. ૬૪

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર - અભયસિંહનૃપસંવાદે શ્રીમાંગરોળનિવાસી ભક્તગોવર્ધનાખ્યાનકથનનામા ષડવિંશતિતમો વિશ્રામઃ ॥૨૬॥***

**પૂર્વછાયો :**

વણિક ગોવરધન કહે, સુણો શ્રીપુરુષોત્તમ આપ;
ફઇ મારી હરિજન છતાં, એવું મોટું કરેલ શું પાપ ? ૧

**ચોપાઈ :**

તેને ઈશ્વરનું હતું જ્ઞાન, નિત્ય ધરતી પ્રભુતણું ધ્યાન;
નામ મંત્ર તણો જપ કરતી,વ્રત વિવિધ પ્રકાર આચરતી. ૨
ઘણાં તીર્થનું સેવન કીધું, મોટા સંતને ભોજન દીધું;
કર્યા પુણ્ય તેણે ઘણાં એમ, કુંભીપાક વિષે પડી કેમ ? ૩

સુણી બોલ્યા હરિ સાક્ષાત, તેના પાપ તણી કહું વાત;
ઘરમાદા તણું ધન જેહ, હતા પાસા[1] સોના તણા તેહ. ૪
રામાનંદસ્વમીએ વિચારી, એહ બાઇને સોંપ્યા સંભારી;
તેને વીતી ગયા ઘણા માસ, પાસા સ્વામીએ માગ્યા તે પાસ. ૫
ત્યારે બોલી વચન તે બાઇ, નથી મારી પાસે ધન કાંઇ;
સોનું પાછું આપ્યું છે મેં તમને, ખાલી કરશો ફજેત ન અમને. ૬
દીધો સ્વામીએ બહુ ઉપદેશ, તોય માન્યું નહિ લવલેશ;
એવું કાંચન છે મહાપાપી, બુદ્ધિ જનની બગાડે કદાપી. ૭
ઘરબાર તજી વન જાય, તોય ધનથી કદી લલચાય;
હરિભક્તપણું ભલું ધરે, તન મન ધન અર્પણ કરે. ૮
તેને પણ ધનધર્મથી પાડે, કુંભીપાકનાં દુઃખ દેખાડે;
ગુરુનું સોનું ઓળવ્યું[2] એણે, કુંભીપાક વિષે પડી તેણે. ૯
ભક્તિપુત્ર કહે ભગવાન, સુણો ગોવરધન ગુણવાન;
કહું પાપ તણા બે પ્રકાર, ધર્મશાસ્ત્ર તણે અનુસાર. ૧૦
ઉપપાતક જે પાપ છોટાં, મહાપાતક જે પાપ મોટાં;
માંસભક્ષક ને ગૌઘાત, ઉપપાતકમાં છે તે ભ્રાત. ૧૧
મહાપાતક પાંચ ગણાય, મદ્યપાન ને બ્રહ્મહત્યાય;
ત્રીજું ગુરુપત્ની સંગ કરે, ચોથું હેમ ગુરુતણું હરે. ૧૨
એવાનો અતિ સંગી છે જેહ, પાંચમો મહાપાપી છે તેહ;
લખ્યું છે જે મિતાક્ષરા માંહી, તે હું તમને સુણાવું છું આંહી. ૧૩
ગાયો સોને હાથે હણે જ્યારે, મહાપાપી તો તે થાય ત્યારે;
મહાપાપ કરે એકવાર, ગાયો સો વધતુલ્ય થનાર. ૧૪



૧.ચોરસ કટકા ૨.ખોટી રીતે લઇ લેવું, પચાવી પાડવું



ગુરુનું ધન હરવામાં એવું, મહાપાતક છે જુવો કેવું;
ગુરુનું કાંઇ કામ કરાય, તેમાં છાની દલાલી ખવાય. ૧૫
કાંઇ વસ્તુ ગુરુ તણી ચોરે, પકડે તેને જમદૂત જોરે;
ગુરુને રહી બાગબગીચે, તેનાં ફળ ફૂલ ચોરીને વેચે. ૧૬
ગુરુ સાથે કરે જે ઠગાઇ, તેનું પાપ ભયંકર ભાઇ;
ત્યાગી સાધુની થાપણ રાખે, તેને રૌરવ નરકમાં નાંખે. ૧૭
વસ્તુ ત્યાગીને જે વેચી આપે, નાણું તેમાં થકી કાંઇ કાપે;
એહ ત્યાગી ને એહ ગૃહસ્થ, લાગે બેયને પાપ સમસ્ત. ૧૮
પાપનાશ થવા નિજકેરાં, દેછે દેવને દ્રવ્ય ઘણેરાં;
એમાંથી અણ હકનું જે ખાય, પાપ દેનારનું તેને જાય. ૧૯
દેવમંદિરમાં ચોરી કરે, કુંભીપાકમાં તેહને ધરે;
દેવમંદિરનો માલ જેહ, છાનો આપી દે કોઇને તેહ. ૨૦
કામ ચોરીનું તે કહેવાય, કરનાર તે નરકમાં જાય;
ગુરુ મોકલે જો પરદેશ, વાટ ખરચી આપીને વિશેષ. ૨૧
જુઠું ખર્ચ લખી ધન રાખે, મહાપાપી મુનિ તેને ભાખે;
વસ્તુ ખાવાની ચોરીને ખાય, તોય ચોરી કરી કહેવાય. ૨૨
માળા ફેરવે ને ધ્યાન ધરે, દેવ સાથે ઠગાઇ જો કરે;
એનું કેમ થાશે જ કલ્યાણ, નથી અંતરજામી અજાણ. ૨૩
કરે એકાદશી ઉપવાસ, વસે તીર્થ વિષે જઇ વાસ;
કોટી કોટી કરે જો ઉપાય, ગુરુદ્રોહનો દોષ ન જાય. ૨૪
તારી ફૈયે કર્યું કામ એવું, કોટી જન્મે મટે નહિ જેવું;
કુંભીપાકમાં તે થકી ગઇ, તેને છોડાવી તેં આજ જઇ. ૨૫

**ગુરુનું ધન ચોરનાર વિષે : ઉપજાતિવૃત્ત :**

કહે સુગોવર્ધનને કૃપાળુ, જે દ્રવ્ય ચોરે ગુરુદેવવાળું;
સુણો કહું છું વળી પાપ એનું,નથી નથી વારણ કાંઇ તેનું. ૨૬
સ્ત્રી બ્રહ્મહત્યા કદી જો કરાય, વ્રતો કર્યાથી કદી તે છૂટાય;
જો ચોરી કીધી ગુરુદેવતાની, નથી ક્રિયા તે અઘ[૧] છૂટવાની. ૨૭
વૈરાગ્ય પામી ઘર છોડી દીધું, પછી ગુરૂનું ધન ચોરી લીધું;
ધિક્કાર તેને શ્રુતિયો કહેશે, મુવા પછી તે ગતિ કેવી લેશે. ૨૮
શૂરો જઇને રણમાંથી નાસે, સતી ચિતાનો દવ દેખી ત્રાસે;
ત્યાગી થઈને નહિ ત્યાગ પાળે, તે શું જીવે છે મુખ આપ કાળે. ૨૯
અન્યત્ર ઠામે અઘ જે મળે છે,તે તો ગુરૂસેવનથી ટળે છે;
જો લેશમાત્રે ગરુદ્રોહ થાય, તે પાપ ટાળ્યાથી નહીં ટળાય. ૩૦
સંસાર છોડે દુઃખ પામવાથી, તે થાય ત્યાગી સુખની સ્પૃહાથી;
તે તો ગુરૂના ધનને તકાવે[૨], છોડે નહિ જો કદી હાથ આવે. ૩૧
જો કોઇ ચોરી ગુરુદ્રવ્ય ખાશે, જરૂર તે તો નરકે જ જાશે;
અનંત કોટિ જુગ વીતિ જાય, તથાપિ તેનો છુટકો ન થાય. ૩૨
ગુરૂની ચોરી કરી સાંભળીને, મુખે ધરે છે જમ આંગળીને;
પાતાળ પૃથ્વી નથી કેમ જાતી, આવી ક્રિયા કેમ હશે ખમાતી ! ૩૩
પૃથ્વી તણો ભાર ગણે ન શેષ, મેરૂ તણો તો ન ગણે જ લેશ;
ગુરૂની ચોરી કરનાર પાપી, તેનો નહીં ભાર સહે તથાપી. ૩૪
ચોરી ગુરૂની કરી હોય જેણે, માતા પિતાની હણી લાજ તેણે;
જે વંશમાં તે જનમ્યો જણાય, તે વંશને લાંછન તો ગણાય. ૩૫
એવા તણો જે કરશે પ્રસંગ, અશુદ્ધ થાશે બહુ તેનું અંગ;



૧.પાપ ૨.નજરે ચડે, તાકવું



પાપી તણા સંગથી પાપ લાગે, દવ પ્રસંગે દવ જેમ જાગે. ૩૬
ન સંગ કીજે વ્યભિચારી કોય, ન સંગ કીજે જન ચોર હોય;
ન સંગ કીજે કદી નાસ્તિકોનો, પ્રસંગ કીજે જન આસ્તિકોનો. ૩૭

**વસંતતિલકાવૃત્ત :**

જો હોય સત્ય ઉર આસ્તિકતા લગારે,
તો ધર્મદ્રવ્ય હરતાં બહુ બીક ધારે;
ધર્મિ જણાય પણ નાસ્તિક હોય જેહ,
ધર્માર્થનું ધન કદી હરનાર તેહ. ૩૮
ધર્માર્થનું ધન હળાહળ ઝેર જેવું,
તે ચોરીને સમઝુએ કદીયે ન લેવું;
તે દ્રવ્ય તો સકળ સૌખ્ય વિનાશકારી,
કલ્પાંત કોટિ લગી દાયક દુઃખ ભારી. ૩૯
જો ખાઇ જાય જન કોઇ અપક્વ પારો,
તે તો જરૂર તનમાં કદી ફૂટનારો;
તે તુલ્ય છે ગુરુ તણું ધન એમ ધારો,
જે ચોરી ખાય જન તે દુઃખિયો થનારો. ૪૦
ત્યાગી થઇ ગુરુ તણું ધન ચોરી ખાય,
એ આસુરી જન સમો જગમાં જણાય;
કાં તો મહા અસુરનો જન એ જ અંશ,
બૂડાવવા અવતર્યો નિજતાતવંશ. ૪૧
જે ત્યાગી હોય ગુરુનું ધન ચોરનારો,
તેથી ગૃહસ્થ ગણિયે હરિભક્ત સારો;

ધર્માર્થકાજ અરપે ધન તે કમાઇ,
ત્યાગી થયો પણ ગયો મૂળમાંથી ભાઇ. ૪૨
ચોરી તથા જગતમાં વ્યભિચાર જે છે,
ભૂંડાં મહા કરમ તો અતિ એ જ બે છે;
જેણે કરી જનમીને કદિ ચોરી જારી,
તે તો ગયો નરતનૂ ધરી વ્યર્થ હારી. ૪૩
નિર્લજ્જ એ જ જન લોક વિષે જણાય,
તે જીવતો મૃતકતુલ્ય સદા ગણાય;
આ લોકમાં અપજશે મુખ શામ થાય,
અંતે જઇ નરકમાં અતિ માર ખાય. ૪૪
જ્યારે પ્રવૃત કળિકાળ વિશેષ થાશે,
ત્યારે અસાધુ પુરુષો જગમાં જણાશે;
જો પુણ્ય જાણી જન ભોજન પાન દેશે,
તેમાંથી સાધુ ઘૃત સાકર ચોરી લેશે. ૪૫
મિષ્ટાન્ન ખાઇ મનમાં નહિ તે ધરાય,
લાડુ જલેબી દળ આદિક ચોરી જાય;
તે ગુપ્ત રાખી વળતે દિન છાનું ખાશે,
એવા અસાધુ કળિકાળ વિષે જણાશે. ૪૬
ચેલા વિચારી કરવા ગુરુએ સદાય,
વૈરાગ્ય સત્ય ઉરમાં જનને જણાય;
જાણ્યા વિના ગુણ ગુરૂ કરી શિષ્ય લેશે,
તો તે કદાપિ ગુરુને પણ ઝેર દેશે. ૪૭





ચોર્યું ન હોય ગુરુનું ધન જો કદાપી,
મિથ્યાપવાદ ધરશે જન તેહ પાપી;
આ લોકમાં પ્રભુ તણો પણ ચોર એ છે,
નિર્દોષના ઉપર જે જન દોષ દે છે. ૪૮
એવી વિશેષ હરિએ શુભ વાત કીધી,
ગોવર્ધને સુણી બધી મન ધારી લીધી;
તેને અનન્ય હરિએ નિજભક્ત કીધો,
પ્રીતેથી લોજપુરનો પછી પંથ લીધો. ૪૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ નૃપ હરિ છે સમર્થ એવા, નથીનથી કોઇ સમર્થ કૃષ્ણ જેવા;
અતિ અઘ કરનાર કોઇ હોય,પલક વિષે જ કરે પવિત્ર તોય. ૫૦

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે તૃતીયકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે માંગરોળનિવાસીભક્ત - ગોવર્ધનાખ્યાનકથનનામા સપ્તવિંશતિતમો વિશ્રામઃ ॥૨૭॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે વનવિહારનામા તૃતીયકલશઃ સંપૂર્ણઃ ॥૩॥**

